

# કહે કલાપૂર્ણસૂરિ - ૩




- પં. મુક્તિચન્દ્રવિજય ગણિ
- પં. મુનિચન્દ્રવિજય ગણિ



અધ્યાત્મયોગી
भक्ति है
मार्ग मुक्ति
તાર હો તાર પ્રભુ....!

# ૂજ્ય આચાર્યદેવશ્રીનું સાહિત્ય



# કહે કલાપૂર્ણસૂરિ - ૩

(અધ્યાત્મયોગી પૂ. આચાર્યશ્રીની સાધનાપૂત વાણી)

(અષા. વ. ૩, ૧૯-૭-૨૦૦૦, બુધવારથી
ભા.વ. ૪, ૧૭-૯-૨૦૦૦, રવિવાર સુધી, પાલિતાણા)

● વાચના ●

પૂ.આ.શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

● આલંબન ●

પૂજ્યશ્રીના ગુરુ-મંદિરની પ્રતિષ્ઠા,
વિ.સં. ૨૦૬૨, મહા વદ ૬, તા. ૧૯-૦૨-૨૦૦૬, રવિવાર, શંખેશ્વર

● પ્રેરણા ●

પૂ.આ.શ્રી વિજયકલાપ્રભસૂરીશ્વરજી મ.સા.
પૂ.પં.શ્રી કલ્પતરુવિજયજી ગણિ

● અવતરણ-સંપાદન ●

પં. મુક્તિચન્દ્રવિજય ગણિ, પં. મુનિચન્દ્રવિજય ગણિ

● પ્રકાશન ●

શ્રી કલાપૂર્ણસૂરિ સાધના સ્મારક ટ્રસ્ટ
આગમ મંદિરની પાછળ, પોસ્ટ શંખેશ્વર, જિ. પાટણ (ઉ.ગુ), પીન : ૩૮૪ ૨૪૬.
શ્રી શાન્તિ જિન આરાધક મંડલ
મનફરા, (શાન્તિનિકેતન), જી. કચ્છ, તા. ભચાઊ, પીન : ૩૭૦ ૧૪૦.

○ પુસ્તક :

# કહે કલાપૂર્ણસૂરિ-૩

(પૂ. આચાર્યશ્રીની સાધનાપૂત વાણી)
પ્રથમ આવૃત્તિ : ઈ.સ. ૨૦૦૦, વિ.સં. ૨૦૫૬
દ્વિતીય આવૃત્તિ : ઈ.સ. ૨૦૦૬, વિ.સં. ૨૦૬૨

○ અવતરણ-સંપાદન :

**પં. મુક્તિચન્દ્રવિજય ગણિ**
**પં. મુનિચન્દ્રવિજય ગણિ**

○ મૂલ્ય : રૂ. ૧૨૦/-

○ નકલ : ૧૦૦૦

○ સંપર્ક સૂત્ર :

- **ટીકુ આર. સાવલા**
  **POPULAR PLASTIC HOUSE**
  39, D. N. Road, Sitaram Building, 'B' Block, Near Crowford Market,
  **MUMBAI** - 400 001. • **Ph. : (022) 23436369, 23436807, 23441141**
  **Mobile : 9821406972**
- **SHANTILAL / CHAMPAK B. DEDHIA**
  20, Pankaj 'A', Plot No. 171, L.B.S. Marg, Ghatkopar (W),
  **MUMBAI** - 400 086. • **Ph. : (022) 25101990**
- **CHANDRAKANT J. VORA** : Phool Wadi, Bhachau, Kutch (Guj.).
  **Ph. : (02837) 223405**

○ મુદ્રક :

*Tejas Printers*

403, Vimal Vihar Apartment, 22, Saraswati Society, Nr. Jain Merchant Society, Paldi, **AHMEDABAD** - 380 007. • **Ph. : (079) 26601045**

# પુનઃ પ્રકાશન પ્રસંગે...

*સુવિદ્યાંજન-સ્પર્શથી આંખ જ્યારે,*
*અવિદ્યાનું અંધારું ભારે વિદારે;*
*જુએ તે ક્ષણે યોગીઓ ધ્યાન - તેજે,*
*નિજાત્મા વિષે શ્રીપરાત્મા સહેજે*

- જ્ઞાનસાર ૧૪/૮
ગૂર્જર - પદ્યાનુવાદ

જ્ઞાનસારમાં આ રીતે આવતા વર્ણન મુજબ જ પૂજ્યશ્રીનું જીવન હતું, એ સૌ કોઈ સુપેરે જાણે છે. એ મહાયોગી પોતાના હૃદયમાં ભગવાનને જોતા હતા, જ્યારે લોકો તેમનામાં ભગવાનને જોતા હતા.

આવા સિદ્ધયોગીની વાણી સાંભળવા - વાંચવા લોકો આતુર હોય તે સ્વાભાવિક છે.

પૂજ્યશ્રીની હાજરીમાં જ 'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તકના ચારેય ભાગો બહાર પડી ગયા હતા, જિજ્ઞાસુ આરાધક લોકો દ્વારા અપ્રતિમ પ્રશંસા પણ પામેલા હતા. છેલ્લા ઘણા સમયથી આરાધકો તરફથી આ પુસ્તકની માંગણી હતી, પણ નકલો ખલાસ થઈ જતાં અમે એ માંગણી સંતોષી શકતા ન હતા. પહેલા ભાગની ત્રણ-ત્રણ આવૃત્તિ બહાર પડવા છતાં લોકોની માંગણી ચાલુ જ હતી. પછીના ત્રણ ભાગો તો બહુ જ દુર્લભ બની ગયા હતા. કારણ કે તેની એક જ આવૃત્તિ બહાર પડેલી હતી.

શંખેશ્વર તીર્થે વિ.સં. ૨૦૬૨, મહા વદ ૬, તા. ૧૯-૦૨-૨૦૦૬ના પૂજ્યશ્રીના ગુરુ-મંદિરની પ્રતિષ્ઠાના પાવન પ્રસંગને લક્ષમાં લઈને પ્રસ્તુત પુસ્તકના ચારેય ભાગો હિન્દી તથા ગુજરાતીમાં એક સાથે બહાર પાડવામાં આવી રહ્યા છે, તે ખૂબ જ આનંદપ્રદ ઘટના છે.

આ ગ્રંથના પુનઃ પ્રકાશન માટે મુખ્ય પ્રેરક પરમ શાસન પ્રભાવક, વર્તમાન સમુદાય-નાયક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપ્રભસૂરીશ્વરજી મ.સા., વિદ્વદ્વર્ય પૂ. પંન્યાસપ્રવરશ્રી કલ્પતરુવિજયજી ગણિવર તથા પ્રવક્તા પૂ. પંન્યાસપ્રવરશ્રી કીર્તિચંદ્રવિજયજી ગણિવર આદિને અમે વંદન કરીએ છીએ.

આ ગ્રંથના ખૂબ જ ચીવટ અને ખંતપૂર્વક અવતરણ-સંપાદન તથા પુનઃ સંપાદન કરનારા પૂ. પંન્યાસજી શ્રી મુક્તિચંદ્રવિજયજી ગણિવર તથા પૂ. પંન્યાસજીશ્રી મુનિચંદ્ર-વિજયજી ગણિવરનો અમે ખૂબ-ખૂબ આભાર માનીએ છીએ.

આ ગ્રંથમાં આર્થિક સહયોગ આપનારા મહાનુભાવોને અમે હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

દિવંગત પૂ. મુનિવર્યશ્રી મુક્તાનંદવિજયજીનો પણ આમાં અપૂર્વ સહયોગ રહ્યો છે, જેને યાદ કરતાં અમે ગદ્ગદ્ બની રહ્યા છીએ.

હિન્દી પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર ફલોદી ચાતુર્માસ સમિતિ તથા ફલોદી નિવાસી (હાલ, ચેન્નઈ) કવરલાલ ચેરિટેબલ ટ્રસ્ટ તથા ચેન્નઈના અન્ય દાતાઓને વિશેષતઃ અભિનંદન આપીએ છીએ.

શ્રીયુત ધનજી ગેલા ગાલા પરિવાર (લાકડીઆ) દ્વારા નિર્મિત ગુરુ-મંદિરની પ્રતિષ્ઠાના પાવન પ્રસંગને લક્ષમાં રાખીને પ્રકાશિત થતા આ ગ્રંથ-રત્નોને વાચકોના કર-કમળમાં મૂકતાં અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ.

અત્યંત શીઘ્રતાથી ચીવટપૂર્વક ચારેય ભાગોને હિન્દી-ગુજરાતીમાં છાપી આપનાર તેજસ પ્રિન્ટર્સવાળા તેજસ હસમુખભાઈ શાહ (અમદાવાદ)ને પણ શી રીતે ભૂલી શકાય ?

**- પ્રકાશકો**

પૂજ્યશ્રીની વાણી
જિજ્ઞાસુ વર્ગમાં વધુને વધુ
પ્રસાર પામે, એવી ભાવનાપૂર્વક
પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન કરતાં
આનંદ અનુભવીએ છીએ.

લિ.
**શ્રી કચ્છ વાગડ સાત ચોવીશી જૈન સમાજ**
**સંચાલિત**
**વેલજી દામજી ભણશાલી યાત્રિક ભુવન,**
**પાલીતાણા.**

# સહયોગીઓને ધન્યવાદ

- ☆ હેમાંજલિ ટ્રસ્ટ
  સુરેન્દ્રનગર ........................................................ ૧૨૫
- ☆ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી આરાધના ભવન
  શ્રી વાગડ વી.ઓ.શ્વે.મૂ.પૂ. જૈન સંઘ,
  ગોરેગામ, મુંબઈ. ........................................................ ૧૨૫
- ☆ ભરૂડિયા જૈન સંઘ
  ભરૂડિયા, કચ્છ-વાગડ ........................................................ ૧૨૫
- ☆ નવજીવન જૈન શ્વે.મૂ.પૂ. સંઘ
  મુંબઈ-૮ ........................................................ ૧૨૫
- ☆ શ્રી વાગડ વી.ઓ.શ્વે.મૂ.પૂ. જૈન સંઘ
  અંધેરી (વેસ્ટ), મુંબઈ ........................................................ ૧૨૫

# પ્રકાશકીય

અનંતાનંત સિદ્ધોની પુણ્ય ધરા પાલીતાણા ખાતે કચ્છ-વાગડ-દેશોદ્ધારક, પરમ શ્રદ્ધેય અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા., મધુરભાષી નૂતન આચાર્ય શ્રીમદ્ વિજય કલાપ્રભસૂરીશ્વરજી મ.સા., વિદ્વદ્વર્ય પૂજ્ય પં.શ્રી કલ્પતરુવિજયજી, પ્રવક્તા પૂ.પં.શ્રી કીર્તિચંદ્રવિજયજી, પૂ. ગણિવર્યશ્રી (હાલ પંન્યાસજીશ્રી) મુક્તિચન્દ્રવિજયજી, પૂ. ગણિવર્યશ્રી પૂર્ણચન્દ્રવિજયજી, પૂ. ગણિવર્યશ્રી મુનિચન્દ્રવિજયજી, પૂ. મુનિશ્રી કુમુદચન્દ્રવિજયજી, પૂ. મુનિશ્રી કીર્તિરત્નવિજયજી, પૂ. મુનિશ્રી તીર્થભદ્રવિજયજી, પૂ. મુનિશ્રી હેમચન્દ્રવિજયજી, પૂ. મુનિશ્રી વિમલપ્રભવિજયજી આદિ ૩૦ જેટલા પૂ. સાધુ ભગવંતો તથા ૪૨૯ જેટલા (લગભગ સંપૂર્ણ વાગડ સમુદાય. માત્ર ૪૦ જેટલા સાધ્વીજી ભગવંત પાલીતાણાથી બહાર ચાતુર્માસ હતા.) સાધ્વીજી ભગવંતોનું વીસ વર્ષ પછી વાગડ વીસા ઓસવાળ જૈન સંઘ તથા સાત ચોવીશી જૈન સમાજ બન્ને તરફથી અવિસ્મરણીય ચાતુર્માસ થયું.

ચાતુર્માસ દરમ્યાન ૧૮ પૂજ્ય સાધુ ભગવંત તથા ૯૮ પૂજ્ય સાધ્વીજી ભગવંતોને બૃહદ્ યોગોદ્વહન, માસક્ષમણ આદિ તપશ્ચર્યાઓ, (અલગ પેજ ઉપર તપસ્વીઓની સૂચિ આપી છે.) જીવદયા આદિના ફંડો, પરમાત્મ-ભક્તિપ્રેરક વાચના-પ્રવચનો, રવિવારીય સામૂહિક પ્રવચનો, જિન-ભક્તિ મહોત્સવો, ઉપધાન આદિ અનેકવિધ સુકૃતોની શ્રેણિ સર્જાઈ. ચાતુર્માસ પછી પણ ૯૯ યાત્રા, ૧૫ દીક્ષાઓ (બાબુભાઈ, હીરેન, પૃથ્વીરાજ, ચિરાગ તથા મણિબેન, કલ્પના, કંચન, ચારુમતિ, શાન્તા, વિલાસ, ચન્દ્રિકા, લતા, શાન્તા, મંજુલા, ભારતી) તથા ત્રણ પદવી (પૂજ્ય ગણિશ્રી મુક્તિચન્દ્રવિજયજીને પંન્યાસ-પદ, પૂ. તીર્થભદ્રવિજયજી તથા પૂ. વિમલપ્રભવિજયજીને ગણિ પદ) વગેરે પ્રસંગો શાલીનતાથી ઊજવાયા.

આ બધામાં સૌ જિજ્ઞાસુ આરાધકોને સૌથી વધુ આકર્ષણ હતું : અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યશ્રીની વાચનાઓનું.

પૂજ્યશ્રીનો મનગમતો વિષય છે : ભક્તિ. આ ચાતુર્માસ દરમ્યાન નમુત્થુણં સૂત્ર પરની પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિકૃત લલિત-વિસ્તરા નામની ટીકા પર વાચનાઓ ચાલી. લલિત વિસ્તરા એટલે જૈન-દર્શનનું ભક્તિ - શાસ્ત્ર જ સમજી લો.

લલિત-વિસ્તરા જેવો ભક્તિપ્રધાન ગ્રન્થ હોય, પૂજ્યશ્રી જેવા વાચના-દાતા હોય, પાલીતાણા જેવું ક્ષેત્ર હોય, પ્રભુ-પ્રેમી સાધુ-સાધ્વીજી જેવા શ્રોતા હોય, પછી બાકી શું રહે ?

આ વાચનાઓમાં પૂજ્યશ્રી પૂરેપૂરા ખીલ્યા હતા.

વાચનાઓની આ વૃષ્ટિમાં ભીંજાઈને અનેક આત્માઓએ પરમ પ્રસન્નતા અનુભવી.

વધુ આનંદની વાત તો એ છે કે આ વૃષ્ટિ તાત્કાલિક અવતરણ દ્વારા નોટ રૂપ ડેમમાં સંગૃહીત પણ થતી રહી.

અમારા જ ગામના રત્ન પૂજ્ય પંન્યાસજીશ્રી મુક્તિચન્દ્રવિજયજી ગણિવર તથા પૂજ્ય ગણિવર્યશ્રી મુનિચન્દ્રવિજયજી દ્વારા આ વાચનાઓનું અવતરણ થયું છે, તે ઘણા જ આનંદની વાત છે.

આ પુસ્તકની ઝડપથી પ્રેસકોપી કરી આપનારા પૂ. સાધ્વીજી કુમુદશ્રીજીના શિષ્યા પૂ.સા. કલ્પજ્ઞાશ્રીજીના શિષ્યા પૂ.સા. કલ્પનંદિતાશ્રીજીનું અમે કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરીએ છીએ.

પુસ્તકના આ કાર્યમાં આર્થિક સહયોગ આપનાર પણ અભિનંદનને પાત્ર છે.

પૂજ્ય બંધુ-યુગલ દ્વારા અવતરણ કરાયેલા અન્ય ત્રણ પુસ્તક (કહે, કલાપૂર્ણસૂરિ-૧, કહ્યું, કલાપૂર્ણસૂરિએ-૨, કહે, કલાપૂર્ણસૂરિ-૩) ની જેમ આ પુસ્તક (કહે, કલાપૂર્ણસૂરિ-૪) પણ જિજ્ઞાસુઓ અવશ્ય આવકારશે તેવી શ્રદ્ધા રાખીએ છીએ.

આ પુસ્તક વાંચીને પ્રભાવિત થયેલા વાચકોના પત્રોથી અમારા

ઉત્સાહમાં નિરંતર વધારો થતો રહે છે. કેટલાક જિજ્ઞાસુ ગૃહસ્થો તો આ પુસ્તક વાંચીને નવા પુસ્તક માટે પોતાના તરફથી અગાઉથી અનુદાન આપવા માટે તત્પરતા ધરાવે છે, તે આ પુસ્તકની લોકપ્રિયતા અને હૃદયસ્પર્શિતા કહે છે.

## ભૂકંપ - ગ્રસ્ત અમારું ગામ

વિ.સં. ૨૦૫૭, મહા સુ. ૨, શુક્રવાર, તા. ૨૬-૧-૨૦૦૧ની સવારનો ૮.૪૬ નો સમય કચ્છ - ગુજરાત માટે ગોઝારો નીકળ્યો. માત્ર અઢી-ત્રણ મિનિટોમાં જ સેંકડો ગામો ધરાશાયી બની ગયા, હજારો લોકો કાટમાળની નીચે દબાઈને 'બચાવો, બચાવો, કાઢો'ની ચીસો પાડવા માંડ્યા, બીજા હજારોને તો ચીસો પાડવાનો પણ અવસર ન મળ્યો. વજનદાર છત, પત્થરાઓ વગેરે નીચે તે જ ક્ષણે ચગદાઈ ગયા ને મૃત્યુને ભેટ્યા.

૮.૧ રિક્ટર સ્કેલના આવા ભયંકર ભૂકંપથી આખું વિશ્વ હચમચી ઊઠ્યું. (ભારતીય ભૂસ્તરશાસ્ત્રીઓ પ્રમાણે આ ભૂકંપ ૬.૯ રિક્ટર સ્કેલનો હતો, જ્યારે અમેરિકન ભૂસ્તરશાસ્ત્રીઓ તેને ૭.૯ કે ૮.૧ નો કહેતા હતા. ભારતીય ભૂસ્તરશાસ્ત્રીઓએ તેનું કેન્દ્રબિંદુ કચ્છ - ભુજથી ઉત્તરમાં લોડાઈ-ધ્રંગ પાસે કહ્યું છે જ્યારે અમેરિકન ભૂસ્તરશાસ્ત્રીઓએ સ્વયં શોધીને કચ્છના ભચાઊ તાલુકામાં બંધડી-મનફરા-ચોબારી પાસે ક્યાંક કેન્દ્રબિંદુ હોવાનું કહ્યું છે. નુકશાની જોવામાં આવે તો અમેરિકન ભૂસ્તરશાસ્ત્રીઓ સાચા લાગે.)

ભૂકંપનું કેન્દ્રબિંદુ અમારા ગામ મનફરાની પાસે જ હોવાથી અનેક ગામોની સાથે અમારું ગામ સંપૂર્ણ ધ્વસ્ત થઈ ગયું, જે તસ્વીર જોવાથી ખ્યાલ આવશે.

ભચાઊ, અંજાર, રાપર અને ભુજ આ ચાર નગરો સહિત ચારેય તાલુકાઓમાં ભારે ખુવારી થઈ. હજારો માણસો જીવતા દટાયા. પેલા

બેફામ કવિએ કહ્યું છે : 'જીવનનો રસ્તો માત્ર ઘરથી કબર સુધીનો છે.' પણ અહીં તો ઘર જ કબર બની ગયા હતા. જે છત અને છાપરાએ અત્યાર સુધી રક્ષણ આપ્યું હતું તે જ અત્યારે ભક્ષણ કરનારા બન્યા હતા. 'જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી' કલાપીની આ પંક્તિ કેટલી યથાર્થ છે ?

અનેક ગામો સાથે અમારું મનફરા ગામ પણ ધરાશાયી બન્યું. દેરાસર, ઉપાશ્રય આદિ ધર્મસ્થાનો સહિત લગભગ તમામ મકાનો જમીનદોસ્ત બન્યા. અમારું ગામ વિક્રમની ૧૭મી સદીના પ્રારંભમાં જ (વિ.સં. ૧૬૦૬) વસેલું છે. ત્યારની ઊભેલી ગામ વચ્ચેની જાગીર (લગભગ સાડા ચારસો વર્ષ જૂની આ મજબૂત જાગીરને જોઈ કોઈ નિષ્ણાત ઈજનેરે કહેલું : હજુ ઓછામાં ઓછા બસો વર્ષ સુધી આ જાગીરને કોઈ જ વાંધો નહિ આવે.) પણ પૂર્ણતયા ધ્વસ્ત થઈ.

ગામની શોભારૂપ દેવવિમાન જેવું રૂપાળું ૩૪ વર્ષ જુનું તીર્થ જેવું દેરાસર પણ પત્થરોના ઢગલારૂપે ફેરવાઈ ગયું. મનફરાના ૪૫૦ વર્ષના ઈતિહાસમાં ગામનો પૂરેપૂરો સફાયો પહેલી જ વખત થયો. જો કે ધરતીકંપનો પ્રદેશ હોવાથી કચ્છમાં અવારનવાર ધરતીકંપો આવતા રહે છે. આવો જ મોટો ધરતીકંપ ઈ.સ. ૧૮૧૯, ૧૬મી જૂનના દિવસે આવેલ, જેના કારણે સિંધુ નદીના વહેણ કચ્છમાં આવતા કાયમ માટે બંધ થઈ ગયા. કચ્છ કાયમ માટે વેરાન થઈ ગયું. 'કચ્છડો બારે માસ'ની ઉક્તિ માત્ર લોકજીભે જ રહી. વાસ્તવિકતા તદ્દન વિપરીત બની ગઈ. એ ધરતીકંપથી પશ્ચિમ કચ્છમાં વધારે નુકશાન થયું હશે, પૂર્વ કચ્છ (વાગડ) બચી ગયું હશે, એમ ૪૫૦ વર્ષ જૂની જાગીર અને ૮૦૦ વર્ષ જૂના ભદ્રેશ્વરના જિનાલયને જોતાં લાગે છે. એ પહેલાં વિ.સં. ૧૨૫૬માં ભયંકર ભૂકંપ આવેલો. જેના કારણે નારાયણ સરોવરનું મીઠું પાણી ખારૂં થઈ ગયેલું, એમ ઈતિહાસવેત્તાઓ કહે છે.

હજાર વર્ષમાં બે-ત્રણ વાર આવતા આવા ભૂકંપથી પહેલા કરતાં પણ અત્યારે તારાજી ખૂબ જ થઈ છે. કારણ કે બહુમાળી મકાનોની

રચના પછી આવો મોટો ભૂકંપ ભારતમાં કદાચ પહેલીવાર આવ્યો છે.

કચ્છ પછી વિશ્વભરમાં ઈન્ડોનેશિયા, ચીન, જાપાન, અફઘાનિસ્તાન, અમેરિકા, આસામ આદિ સ્થળોએ શ્રેણિબદ્ધ થયેલા ભૂકંપના આંચકાઓએ વિશ્વભરના લોકોને ભૂકંપ અંગે વિચારતા કરી દીધા છે.

દોઢ બે હજારની વસતીવાળા નાનકડા મનફરા ગામમાં ભૂકંપથી માર્યા ગયેલા ૧૯૦ જણમાં ૬૦ તો જૈનો હતા. ઘાયલ થયેલા તો જુદા.

બે-પાંચ હજાર વર્ષ પહેલાના જૂના મંદિરો કેમ આજે જોવા મળતા નથી ? નદીઓ કેમ લુપ્ત બની જાય છે ? નગરો કેમ ધ્વસ્ત બની જાય છે ? નદીઓના વહેણ કેમ બદલાઈ જાય છે ? લોકો કેમ સ્થળાંતર કરી જાય છે ? 'મોંએ જો ડેરો' જેવા ટીંબા કેમ બને છે ? - એવા ઘણા પ્રશ્નોનો જવાબ આવા ધરતીકંપો છે.

માણસ માટે મોટો ગણાતો આ ભૂકંપ કુદરતમાટે સાવ નાનકડું તણખલા જેવું કાર્ય પણ હોય ! કુદરતમાં તો આવા ફેરફારો આવ્યા જ કરે.

ધાર્મિક દષ્ટિએ વિચારીએ તો આમાંથી અનિત્યતાનો બોધપાઠ મળે. મમતાના તાણા-વાણા તોડવાનો અવસર મળે. અને ઘરમાંથી મને બહાર કાઢનાર તું કોણ ? એવું કહેનારા માણસને ભૂકંપનો એક જ આંચકો બહાર કાઢી મૂકે છે, આ ઓછી વાત છે ?

મમતાને દૂર કરવા માટે, અનિત્યતાને આત્મસાત્ કરવા માટે આનાથી વધુ બીજો કયો પ્રસંગ હોઈ શકે ?

સમગ્ર વિશ્વને એક તંતુએ જોડી દેવામાં નિમિત્ત બનનાર આવો બીજો પ્રસંગ કયો હોઈ શકે ?

ભૂકંપ પછી ગુજરાત-ભારત સહિત સમગ્ર વિશ્વમાંથી જે સહાયતાનો ધોધ વહ્યો તે જણાવે છે કે - આજે પણ માણસાઈ મરી પરવારી નથી. આજે પણ માણસના હૃદયમાં કરુણા ધબકે છે.

દુકાળ, વાવાઝોડું અને ભૂકંપના પ્રહારોથી જર્જરિત થઈ જવાને

બદલે ખુમારી પૂર્વક ચાલતી કચ્છી પ્રજાને જોઈને કોઈને પણ લાગે : આવી ખુમારી હશે તો ખુવાર થયેલું કચ્છ થોડા જ સમયમાં બેઠું થઈ જશે.

કચ્છી માડુ આ ખુવારીને ખુમારીમાં, આ અભિશાપને આશીર્વાદમાં બદલાવી શકે, એવું સત્ત્વ ધરાવતો ટટ્ટાર ઊભો છે.

'નવસર્જન પહેલા વિધ્વંસ પણ ક્યારેક જરૂરી હોય છે.' એવું કોઈકે કહેલું છે, તે યાદ રાખવા જેવું છે.

શારીરિક, આર્થિક, ધાર્મિક, સામાજિક - બધી જ દૃષ્ટિએ ખુવાર થયેલા માણસને અત્યારે બેઠો કરવાની જરૂર છે. એના હૃદયમાં ભગવાન અને જીવન પ્રત્યે ભક્તિ અને કૃતજ્ઞતા પેદા કરવાની જરૂર છે. માનસિક રીતે ભાંગી પડેલા માણસના સંતપ્ત હૃદયમાં આવા પુસ્તકો જરૂર આશ્વાસનનું અમૃત સિંચશે.

# પાલિતાણા ચાતુર્માસની તપશ્ચર્યા

**● ૫૧ ઉપવાસ :**

૧. સાધ્વીજી શ્રી હેમકીર્તિશ્રીજી મ.
૨. પુનશીભાઈ મેકણ સાવલા (મનફરા)

**● ૩૬ ઉપવાસ :**

૧. સાધ્વીજી શ્રી હંસધ્વનિશ્રીજી મ.
૨. સાધ્વીજી શ્રી ઈન્દ્રવંદિતાશ્રીજી મ.
૩. સાધ્વીજી શ્રી નિર્મલદર્શનાશ્રીજી મ.
૪. સાધ્વીજી શ્રી અભયરત્નાશ્રીજી મ.
૫. સાધ્વીજી શ્રી અર્હદ્‌રત્નાશ્રીજી મ.
૬. સાધ્વીજી શ્રી પુણ્યરાશિશ્રીજી મ.

**● માસક્ષમણ (૩૦ ઉપવાસ) :**

૧. મુનિશ્રી અમિતયશવિજયજી મ.
૨. સાધ્વીજી શ્રી દિવ્યરત્નાશ્રીજી મ.
૩. સાધ્વીજી શ્રી ચારુભક્તિશ્રીજી મ.
૪. સાધ્વીજી શ્રી શ્રેયજ્ઞાશ્રીજી મ.
૫. સાધ્વીજી શ્રી સંવેગપ્રજ્ઞાશ્રીજી મ.
૬. સાધ્વીજી શ્રી સુરભિગુણાશ્રીજી મ.
૭. સાધ્વીજી શ્રી ભવ્યગિરાશ્રીજી મ.
૮. સાધ્વીજી શ્રી ચારુસ્તુતિશ્રીજી મ.
૯. સાધ્વીજી શ્રી વિરતિકૃપાશ્રીજી મ.
૧૦. સાધ્વીજી શ્રી વિરાંગપ્રિયાશ્રીજી મ.
૧૧. સાધ્વીજી શ્રી જિનકરુણાશ્રીજી મ.
૧૨. સાધ્વીજી શ્રી જયકૃપાશ્રીજી મ.
૧૩. સાધ્વીજી શ્રી ચારુક્ષમાશ્રીજી મ.
૧૪. સાધ્વીજી શ્રી ચારુપ્રસન્નાશ્રીજી મ.
૧૫. સાધ્વીજી શ્રી અમીઝરણાશ્રીજી મ.

૧૬. સાધ્વીજી શ્રી શાસનરસાશ્રીજી મ.
૧૭. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજીના શિષ્યા
૧૮. સાધ્વીજી શ્રી વિનયનિધિશ્રીજી મ.
૧૯. સાધ્વીજી શ્રી પ્રશાન્તશીલાશ્રીજી મ.
૨૦. કાંતિલાલજી હજારીમલજી (મદ્રાસ)
૨૧. હીરાચંદજી ચુનીલાલ
૨૨. વેલજી ભચુ ચરલા (આધોઈ)
૨૩. લીલાબેન બૈદ (મદ્રાસ)
૨૪. બીજલબેન જયંતિલાલ (અમદાવાદ)
૨૫. ચંપાબેન ધીરજલાલ દોશી
૨૬. રતનબેન જસવંતરાય
૨૭. વિમલાબેન છગનલાલ (બેંગ્લોર)
૨૮. ભાવનાબેન ઘમંડીમલજી (ડીસા)
૨૯. શાંતાબેન ઠાકરશી ડુંગાણી (બકુત્રા)

- **૧૭ ઉપવાસ :**

૧. સાધ્વીજી શ્રી ભક્તિપૂર્ણાશ્રીજી મ.

- **૧૬ ઉપવાસ :**

૧. મુનિશ્રી અજિતવીર્યવિજયજી મ.

- **ભદ્ર તપ :**

૧. સાધ્વીજી શ્રી પુષ્પદંતાશ્રીજી મ.
૨. સાધ્વીજી શ્રી સૌમ્યપૂર્ણાશ્રીજી મ.
૩. સાધ્વીજી શ્રી સ્મિતપૂર્ણાશ્રીજી મ.

- **સિદ્ધિ તપ :**

૧. સાધ્વીજી શ્રી ચારુવિનીતાશ્રીજી મ.
૨. સાધ્વીજી શ્રી મુક્તિનિલયાશ્રીજી મ.
૩. સાધ્વીજી શ્રી હિતવર્ધનાશ્રીજી મ.

- **ચત્તારિ અટ્ઠ :**

૧. સાધ્વીજી શ્રી પ્રિયદર્શનાશ્રીજી મ.

# યહ અવસર બાર બાર આય

*- પૂજ્ય આચાર્યશ્રી જિનચન્દ્રસાગરસૂરિજી મ.સા.*
*- પૂજ્ય આચાર્યશ્રી હેમચન્દ્રસાગરસૂરિજી મ.સા.*

અધ્યાત્મલક્ષી
પૂ. આચાર્યદેવ શ્રી કલાપૂર્ણસૂરિ મ. પ્રતિ
આમેય પહેલેથી આકર્ષણ હતું જ. કારણ
પરમ તારક પૂજ્ય ગુરુદેવશ્રી
(પં. શ્રી અભયસાગરજી મ.) ના
તેઓશ્રી ખૂબ જ નિકટના સંબંધી સાધક
અને નવકાર મહામંત્રના પરમ આસક
ઉપાસક અને ચાહક !
આથી; આ ચોમાસું પાલીતાણા ખાતે સુનિશ્ચિત થયું.
ત્યારથી જ આનંદ અને ગલગલી શરૂ થઈ ગઈ હતી
અને આજે તો એ આનંદ હૃદયના ચારે કિનારે લહેરાઈ રહ્યો છે.
કેમકે,
વિગત ચોમાસામાં પૂજ્યશ્રીનું ખૂબ જ સારું નૈકટ્ય માણ્યું...
જીવનમાં સર્વ પ્રથમવાર જ
પૂજ્યશ્રીનો સંપર્ક થયો, પણ સજ્જડ થયો.
જ્યારે-જ્યારે પણ પૂજ્યશ્રીની વાચનામાં ગયો
મારા પરમ તારક પૂજ્ય ગુરુદેવશ્રીના સ્મરણમાં
નિમગ્ન બન્યો છું.
પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનમાં ત્રણ તત્ત્વ સ્પષ્ટ રૂપે
નજર - ગોચર બનતાં હતાં.
(૧) શ્રી નવકાર મહામંત્રની સાધના
(૨) સાધુ સામાચારી (વ્યવહાર ધર્મની ચુસ્તતા) ની આરાધના
(૩) જિનભક્તિની ઉપાસના
પૂજ્યશ્રીની નિશ્રામાં ક્યારેય કોઈ સામૂહિક-આયોજન હોય ચાહે તે વ્યાખ્યાનનું,

વાચનાનું કે,
ખાસ બેઠકનું હોય
બાર નવકારની ઉદ્‌ઘોષણા પૂજ્યશ્રી જરૂર કરતા
અને ત્યારે ઉપસ્થિત સહુ મૈત્રીભાવના મંડપ નીચે
બાર નવકાર ગણવા લાગી જતા.
મૈત્રીભાવથી વાસિત હૃદયે ગણાતા આ શ્રી નવકાર
મહામંત્રના પ્રભાવે જ
આખુ ચોમાસું એકતા અને એકસંપિતાભર્યું પસાર થયું,
એવું સપ્રમાણ અનુમાન કરી શકાય છે.
શ્રી નમસ્કાર મહામંત્ર પ્રત્યે પૂજ્યશ્રીનો વિશેષ લગાવ બન્યો રહે છે,
એનું ઉદાહરણ એ છે કે પૂજ્યશ્રીના વાસક્ષેપ માટે
કતારબંધ લાઈન અને જનતાનો જથ્થો ઉભરાતો હોય છે
પણ પૂજ્યશ્રીએ જનરલ નિયમ બનાવી રાખ્યો છે કે,
રોજની પાંચ બાંધી નવકારવાળી ગણે એને જ વાસક્ષેપ નાખવો,
આથી શ્રી નવકારને જપનારો બહુ-મોટો બહોળો વર્ગ
ઉભો થવા પામ્યો છે.
વિશ્વશાંતિ માટે આ કેટલું મોટું પરિબળ ગણી શકાય !
અને શ્રી નમસ્કાર મહામંત્ર વિશે વાચનામાં પણ અવાર-નવાર આલંબન
અને પ્રેરણાત્મક ઉપદેશ ફરમાવતા નિહાળ્યા છે.
સામાચારી વિષે પણ પૂજ્યશ્રીને જ્યારે જ્યારે મોકો મળે
ત્યારે ત્યારે એનો પક્ષપાત કર્યા વિના રહેતા નહીં.
સામાચારી સ્વરૂપ વ્યવહાર ધર્મ ઉપર જ
નિશ્ચય ધર્મ ટકી શકે છે.
આ વાત વારંવાર દહોરાવતા, એટલું જ નહીં,
પ્લાસ્ટિકના ઘડા કે પ્લાસ્ટિકના પાતરા વગેરે દ્વારા
સામાચારીમાં ઘૂસેલી વિકૃતિ પ્રતિ ક્યારેક ભારે કટાક્ષ મારતા પણ સાંભળ્યા છે.
મને બરાબર ખ્યાલ છે કે એક વખત તો
બે હાથમાં બે ઘડા લઈ પાણી લાવવાની વિકૃત પ્રથાને
આક્રમક રીતે વખોડી કાઢી હતી.

એટલું જ નહિ; ઘણાને આ રીતે નહિ વર્તવા પ્રતિજ્ઞા પણ લેવરાવી હતી.
પંચાચારમય સાધુ-સામાચારીને સાચવીને જ
અન્ય પ્રવૃત્તિને મહત્ત્વ આપવા પ્રત્યે પૂજ્યશ્રી વારંવાર પ્રેરિત કરતા હતા.
જિન-ભક્તિ એ તો જાણે
પૂજ્યશ્રીનો જીવન-પર્યાય બની ગયો હોય તેમ લાગે છે.
પરમાત્મ-તત્ત્વ જડની જેમ નર્યું નિષ્ક્રિય તત્ત્વ નથી.
એ વીતરાગ તો છે જ, પણ એની સાથે નિષ્કરુણાળુ છે
એમ નહિ
કરૂણાવંત અને કૃપાવંત પણ એટલા જ છે
અને એથી સરિયામ સક્રિય છે - આ વાતને
પૌનઃપુન્યેન ઘૂંટતા આપણા જીવનની ઘટતી પ્રત્યેક ઘટમાળમાં
પરમાત્માની સક્રિયતા રહેલી છે.
જેમ દીકરાની પ્રત્યેક મુવમેન્ટમાં માની હસ્તક્ષેપતા છે
એમ આપણા જીવનમાં પરમાત્માનું અસ્તિત્વ છે.
નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ રૂપે પરમાત્મા સદા હાજરાહજુર છે.
'નામ ગ્રહંતા આવી મિલે, મન-ભીતર ભગવાન.'
આ પૂજ્યશ્રીનું મનમાનીતું ખાસ સ્લોગન ગણાય.
નામ રૂપે પરમાત્મા આજે પણ હયાત છે.
પરમાત્માનું નામ સ્વયં એક મંત્રતુલ્ય છે.
તમારી કોઈપણ સમસ્યા પરમાત્માના નામથી નિર્મૂળ થઈ શકે છે.
પૂજ્યશ્રીની વાચનામાં પ્રતિદિન આ વાત તો આવે આવે ને આવે જ.
એટલે જે વસ્તુ અમને અમારા પૂજ્ય તારક ગુરુદેવશ્રીના
જીવનમાં સતત અનુભવાતી
એ વાત અહીં પણ મળતી હોવાથી સુપેરે આકર્ષણ થતું.
આ સિવાય પણ પૂજ્યશ્રીની વાચનાના અનેક કેન્દ્રીભૂત તત્ત્વો હતા :
વાચનાના આરંભ બિંદુમાં સ્વયં પરમાત્મા, ગણધર ભગવંતો
અને એમની પરંપરાને
આજ સુધી લાવી મૂકનાર આચાર્યદેવાદિ પૂજ્ય તત્ત્વોનું સ્મરણ
પ્રાતિદૈનિક પાસું રહેતું !
એથી પોતાની વાતનું અનુસંધાન સ્વયં પરમાત્મા છે એ વાત

ડાયરેકટલી કે ઈન્ડાયરેકટલી પુષ્ટ કરતા.
વાચનામાં નવી-નવી અનુપ્રેક્ષાની સ્ફુરણા જ્યારે સ્ફુટ થતી
ત્યારે માન-કષાયનો જરાય આંટો ન જોવા મળે
પ્રભુએ કૃપા કરી મને આમ સુઝાવ્યું,
આમ બતાવ્યું એમ કહી પોતાની જાતને
પરમાત્માથી સતત અનુગૃહીત રૂપે પ્રદર્શિત કરતા.
પૂજ્યશ્રીની વાચનાની સૌથી ધ્યાનાકર્ષક વાત એ જોવા મળતી કે
કોઈ પણ વાત પ્રમાણ વિના ન મૂકે
શ્રી ભગવતીજી, શ્રી પન્નવણાજી, શ્રી જ્ઞાનસાર, શ્રી યોગસાર,
શ્રી અધ્યાત્મસારની કે ભક્તામર, કલ્યાણમંદિરની પંક્તિઓ
આપીને જ સંતોષ માનતા...
આથીય વિશેષ વાત એ રહેતી કે
સંસ્કૃત-પ્રાકૃતના પાઠોને ગુજરાતી ભાષાના સ્તવનાદિમાંથીય
રજુ કર્યા વિના ન રહેતા.
આ માટે શ્રી દેવચંદ્રજી મ., શ્રી આનંદઘનજી મ.,
શ્રી યશોવિજયજી મ.ની
રચનાઓ પૂજ્યશ્રીની ખાસ પસંદગી હતી.
તે સિવાય જે ગ્રંથની વાચના આપે
તે ગ્રંથના રચયિતા તરફ પૂજ્યશ્રી
ભારે બહુમાન અને આદર વારંવાર વ્યક્ત કરતા.
એની પાછળ પૂજ્યશ્રીની માન્યતા કે એથી આપણો
ક્ષયોપશમ વધે છે.
વાચનામાં પૂજ્યશ્રીની દૃષ્ટિ બહુ જ ચકોર રહેતી અને
વાણી પાણીના વહેણ જેવી સરલ અને સરસ વહેતી...
આપણને એમ જ લાગે કે બસ, જાણે વહ્યા જ કરીએ...
વહ્યા જ કરીએ...
પૂજ્યશ્રીની વાચનાને શબ્દસ્થ અને પુસ્તકસ્થ કરવાનું કામ
આત્મીય મિત્રો
પંન્યાસશ્રી મુક્તિચન્દ્રવિજયજી મ.
ગણિશ્રી મુનિચન્દ્રવિજયજી મ.નો ખૂબ ખૂબ આભાર...

ખંતીલા ખંત અને જબ્બર જહેમત માંગી લેતા
આ કામને કરતા બંને મિત્રોને નજરે જોયા છે.
એક પત્રકાર કરતાં પણ વધુ ઝડપથી લખવું
અને પછી તત્કાલ એનું સંમાર્જન અને
પ્રેસકોપી કરાવવી એ
કેટલી સ્ફૂર્તિ, તાજગી અને અપ્રમત્તતાનું કામ છે !
એ તો જોનારને જ ખ્યાલ આવે...
આવા સાહિત્ય પ્રકાશન બદલ બંને મિત્રો
ધન્યવાદાર્હ છે !
એમ જણાવવા પૂર્વક હું એક દોઢ ડાહ્યાની અદાથી
તે બંનેને વણમાંગી ભલામણ કરવાની કુચેષ્ટા કરવાનું
ટાળી નથી શકતો કે
પુસ્તકનું નામ
'કહે છે કલાપૂર્ણસૂરિ'ના બદલે
'વહે છે કલાપૂર્ણસૂરિ' વધુ સંગત લાગત.
કહેવા અને વહેવા વચ્ચે બહુ અન્તર છે.
કહેવામાં તન્મયતા / નિમગ્નતા જરૂરી નથી,
વહેવામાં બંને અનિવાર્ય છે.
પૂજ્યશ્રીની વાચનામાં કહેણ કરતાં વહેણનો અનુભવ વિશેષ છે.
કાશ ! મારી ભલામણ સફળ થાય !
મને આમુખ લખવાની તક આપી ત્યારે હું
આનંદિત બન્યો.
આથી મારું વાચના-શ્રવણ સાનુબન્ધ બન્યું...
એ ઉપકાર કર્યો ગણિબન્ધુઓએ...
અન્તે ઉપકૃત બનીને હું એટલું જ જણાવીશ... કે
યહ અવસર બાર બાર આય !

## 'પ્રીતમ છબિ નૈનન બસી...'

પૂજ્યપાદ, અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબને સાંભળતી વખતે સાંભળવાનું ઓછું, જોવાનું વધું થતું હોય છે... 'પરમાત્મા આ રહ્યા', કહેતી વખતે તેમનો હાથ હવામાં અદ્ધર તોળાય છે ત્યારે જોવામાંય મીઠી મૂંઝવણ એ થતી હોય છે કે તમે એમની એ અંગભંગિમાને જુઓ, મુખ પર રેલાતા સ્મિતને જુઓ કે બે નયનોને જુઓ, આંખોને ક્યાં કેન્દ્રિત કરવી ?

સદ્‌ગુરુના નયનો... જ્યાં ઝળકે છે પરમાત્મા પ્રત્યેનો ઊંડો સમાદર. રહીમ યાદ આવે : 'પ્રીતમ છબિ નૈનન બસી, પર છબિ કહાં સમાય ?' પૂરી આંખોમાં પરમાત્મા જ છવાઈ ગયા છે. ત્યાં બીજું શું રહી શકે ? બીજાની છબી શી રીતે પ્રગટી શકે ?

અને સદ્‌ગુરુની આ મોહક અંગભંગિમા. હવામાં લહેરાતો ઝૂલતો હાથ. ઈશારામાં પેક કરીને સદ્‌ગુરુ પરમચેતનાનું રહસ્ય નથી પકડાવતા શું ?

અને આ નિર્મળ સ્મિતઃ કવચિત્ મુસ્કાન, ક્યારેક મુક્ત હાસ્ય... પરમાત્માને મેળવ્યાની રસમસ્તી ઉભરી આવી છે આ સ્મિતરૂપે.

અને એટલે જ ભાવક મૂંઝાય છે કે એ પોતાની આંખોને કેન્દ્રિત ક્યાં કરે ?

જો કે, ખ્યાલ છે કે સદ્‌ગુરુનું પૂરું અસ્તિત્વ જ દ્વાર છે : જ્યાંથી પરમાત્મા જોડે સંપર્ક થઈ શકે.

ગુરુચેતના દ્વારા પરમચેતનાનો સ્પર્શ.

સદ્‌ગુરુ છે દ્વાર... વાતાયન... બારી...

એક બારણાની કે એક બારીની ઓળખ શું હોઈ શકે ? સીસમનું કે સેવનનું લાકડું વપરાયું હોય તે બારી, આવી કોઈ વ્યાખ્યા ન હોઈ શકે. છતની નીચે અને ભીંતોની વચ્ચે આપણે હોઈએ ત્યારે અસીમ અવકાશ જોડે જેનાથી સંબદ્ધ થવાય તે બારી... સદ્‌ગુરુ આપણા માટે એક માત્ર બારી છે પરમચેતના જોડે સંબદ્ધ બનવાની : નયનો દ્વારા, અંગભંગિમા દ્વારા, સ્મિત દ્વારા, ઉપનિષદ્ દ્વારા.

• • • • •

'લલિત વિસ્તરા' જેવો ભક્તિની પ્રબળતમ ઉંચાઈનો ગ્રન્થ હોય અને તેની એક-એક પંક્તિને અનુભવી જનાર મહાપુરુષ એને ખોલતા હોય ત્યારે ભાવકોને તો ઓચ્છવ-ઓચ્છવ થઈ જાય.

પણ પહેલા કહ્યું તેમ, સાહેબજીને 'જોવા' જતાં 'સાંભળવાનું' ચૂકી ગયેલાઓ માટે અને આ ભક્તિપર્વને ચૂકી ગયેલાઓ માટે છે પ્રસ્તુત પુસ્તક. પુસ્તકને પાને પાને, કહો કે તેના એક એક ફકરે છે પરમપ્રિયની મઝાની વાતો. એક ગંગા વહી રહી છે. ને તમે એને કાંઠે બેસી તેના મધુર જળને આસ્વાદી રહ્યા છો. એક અનુભવ. તમે આચાર્ય ભગવંતની આંગળી પકડી પ્રભુની દિશા તરફ જઈ રહ્યા છો તેવું લાગે... અનુભવઃ જે તમને પૂરા પૂરા ભરી દે. વાંચવાનો ક્રમ આવો રહેશે : ૨-૪ ફકરાં કે એકાદું પાનું વંચાયું. હવે આંખો બંધ છે. તમે એ શબ્દોવડે તમારી જાતને ભરાઈ જતી, બદલાઈ જતી અનુભવો છો. અહીં વાંચવાનું થોડું થશે, અનુભવવાનું ઘણું થશે.

કવિ મનોજ ખંડેરિયાની કાવ્ય પંક્તિઓ આપણે ગણગણતાં હોઈશું : 'મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા, તારે મુલક જાવા.' નહિતર તો માત્ર આપણા ચરણો પર ભરોસો રાખી ચાલીએ તો જુગોના જુગો વીતે અને પ્રભુનો પ્રદેશ એટલો જ દૂર હોય.

પ્રભુના પ્રદેશ ભણી લઈ જતા સશક્ત શબ્દોથી સભર પુસ્તક તમારા હાથમાં છે. હવે તમે છો અને એ પુસ્તક છે. વચ્ચેથી હું વિદાય લઉં. તમે વહો આ શબ્દોમાં. ડૂબો.

- ***આચાર્ય યશોવિજયસૂરિ***

*આ. શ્રી ૐકારસૂરિ આરાધના ભવન,*
*વાવપંથક વાડી, દશા પોરવાડ સોસાયટી, અમદાવાદ.*
*પોષ સુદિ પાંચમ, વિ. ૨૦૫૭*

# સંપાદકીય

મૃત્યુ પછી તો ઘણાંય મહાન બની જતા હોય છે કે દંતકથારૂપ બની જતા હોય છે, પણ કેટલીક વ્યક્તિઓ તો જીવતે જીવ જ દંતકથારૂપ બની જતી હોય છે, જગ બત્રીસીએ ગવાતી હોય છે.

માનવજાત એટલી અભિમાની છે કે તે કોઈ વિદ્યમાન વ્યક્તિના ગુણો જોઈ શકતી નથી. કદાચ ગુણ જોવાઈ જાય તો કદર કરી શકતી નથી. હા, મૃત્યુ પછી જરૂર કદર કરશે, ગુણાનુવાદ પણ જરૂર કરશે, પણ જીવિત વ્યક્તિની નહિ. માણસના બે કામ છે : જીવિતની નિંદા કરવાની ને મૃતની પ્રશંસા કરવાની. **'मरणान्तानि वैराणि'** (વેર મૃત્યુ સુધી જ રહે છે.) એટલે જ કહેવાયું હશે !

પણ, આમાં અપવાદ છે : અધ્યાત્મયોગી પૂજ્ય ગુરુદેવ આચાર્યશ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ. જેઓ સ્વવિદ્યમાનતામાં જ દંતકથારૂપ બની ગયા છે, લોકો દ્વારા અપૂર્વ પૂજ્યતા પામેલા છે.

પ્રવચન-પ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મહારાજે પૂજ્યશ્રી માટે સુરત-નવસારી વગેરે સ્થળોએ કહેલું આજે પણ મનમાં ગુંજ્યા કરે છે :

'પૂજ્યશ્રીમાં પાત્રતા-વૈભવ, પુણ્ય વૈભવ અને પ્રજ્ઞા વૈભવ આ ત્રણેયનો ઉત્કૃષ્ટરૂપે સુભગ સમન્વય થયેલો છે, જે ક્યારેક જ કોઈક જ વ્યક્તિમાં જોવા મળતી વિરલ ઘટના છે.

આપણી કમનસીબી છે કે વિદ્યમાન વ્યક્તિની આપણે કદર કરી શકતા નથી. સમકાલીન વ્યક્તિની કદર બહુ જ ઓછી જોવા મળતી હોય છે. ઉત્કૃષ્ટ શુદ્ધિ અને ઉત્કૃષ્ટ પુણ્યના સ્વામી આવા મહાપુરુષ આપણી વચ્ચે બેઠા છે, તે આપણું અહોભાગ્ય છે.'

પ્રવચન-પ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિજયહેમરત્નસૂરીશ્વરજી મહારાજે થાણા, મુલુન્ડ વગેરે સ્થળોએ કહેલું : 'વક્તૃત્વ, વિદ્વત્તા આદિ શક્તિના કારણે માનવ-મેદની એકઠી થતી હોય, એવી વ્યક્તિઓ ઘણી જોઈ, પણ વિશિષ્ટ પ્રકારની વક્તૃત્વ શક્તિ વિના એક માત્ર પ્રભુ-ભક્તિના પ્રભાવથી લોકોમાં છવાઈ જનાર આ જ વિભૂતિ જોવા મળી.

જેમના દર્શન માટે લોકો ત્રણ-ત્રણ, ચાર-ચાર કલાક સુધી લાઈનમાં રહે એવું પહેલીવાર જોવા મળ્યું.'

પ્રવચન-પ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિજય યશોવર્મસૂરીશ્વરજી મહારાજે સુરતમાં કહેલું : 'પૂજ્યશ્રીની ભક્તિનો જોટો જડવો મુશ્કેલ છે.'

શ્રેણિકભાઈ (આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ) પોતાના વક્તવ્યોમાં ઘણી વખત કહેતા હોય છે : 'મને જૈન ધર્મમાં પ્રવેશ કરાવનાર આ પૂજ્યશ્રી છે. પૂજ્યશ્રીની નિશ્રામાં પ્રથમ જ વખત (વિ.સં.૨૦૩૯) મેં સંવત્સરી પ્રતિક્રમણ કર્યું. પૂજ્યશ્રી પાસે નવ તત્ત્વ આદિના પાઠ શીખવા મળ્યા, એ મારા જીવનની ધન્યતમ પળો હતી.'

આવા તો અનેક અવતરણો આપી શકાય, જે આપવા અહીં શક્ય નથી.

નિર્મળ અને નિષ્કપટ હૃદયથી થયેલી ભગવાનની ભક્તિનો શું પ્રભાવ હોઈ શકે ? એનું ઉત્તમ ઉદાહરણ પૂજ્યશ્રી છે. પૂજ્યશ્રી ખરા અર્થમાં પરમાત્માના પરમ ભક્ત છે, જેમની ચેતના નિરંતર પરમ-ચેતનાને મળવા તલસી રહી છે, જેમના ઉપયોગમાં નિરંતર (ઊંઘમાં પણ) પ્રભુ રમી રહ્યા છે, જેઓ સર્વત્ર પ્રભુને જોઈ રહ્યા છે.

આનંદઘનજી, યશોવિજયજી, દેવચન્દ્રજી કે ચિદાનંદજી વગેરે પ્રભુ-ભક્ત મહાત્માઓને તો આપણે જોયા નથી, પણ આ પ્રભુ-ભક્ત મહાત્મા તો આજે આપણી વચ્ચે છે, એ આપણું ઓછું પુણ્ય નથી.

પ્રભુ-ભક્ત કેવો હોય ? તેના લક્ષણો ગીતામાં સુંદર રીતે બતાવ્યા છે. સર્વ જીવોનો અદ્વેષી, મિત્ર અને સૌ પર કરૂણાશીલ, નિર્મમ, નિરહંકાર, સુખ-દુઃખમાં સમાન વૃત્તિવાળો, લોકો જેનાથી કંટાળે નહિ તથા જે લોકોથી કંટાળે નહિ તેવો, હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી રહિત, નિરપેક્ષ, પવિત્ર, દક્ષ, ઉદાસીન (ગમા-અણગમાથી પર રહેનાર), વ્યથા-રહિત, સર્વ આરંભનો પરિત્યાગ કરનાર, રાજી કે નારાજ નહિ થનાર, શોક કે ઈચ્છા નહિ કરનાર, શુભ-અશુભ કર્મોનો ત્યાગી, મિત્ર કે શત્રુ, માન કે અપમાન, ઠંડી કે ગરમી તથા સુખ-દુઃખમાં સમાન વૃત્તિ રાખનાર, સંગ-રહિત, નિંદા કે સ્તુતિમાં સમાન વૃત્તિ ધારણ કરનાર, મૌન, ગમે તે પદાર્થથી સન્તુષ્ટ, ઘર-રહિત, સ્થિર બુદ્ધિવાળો અને ભક્તિમાન્ માણસ મને (શ્રી કૃષ્ણને) ખૂબ જ ગમે છે.

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः, सम-सुख-दुःखः क्षमी ॥ १४ ॥
यस्मान्नोद्विजते लोको, लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैः मुक्तो यः स च मे प्रियः ॥ १५ ॥

अनपेक्षः शुचिर्दक्षः उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥ १६ ॥
यो न हृष्यति न द्वेष्टि, न शोचति न काङ्क्षति ।
शुभाऽशुभपरित्यागी, भक्तिमान् यः स मे प्रियः ॥ १७ ॥
समः शत्रौ च मित्रे च, तथा मानाऽपमानयोः ।
शीतोष्ण-सुख-दुःखेषु समः सङ्गविवर्जितः ॥ १८ ॥
तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिः भक्तिमान् मे प्रियो नरः ॥ १९ ॥
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥ २० ॥

- गीता, अध्याय - १२

ભક્તના પ્રાયઃ આ બધા જ લક્ષણો પૂજ્યશ્રીમાં આપણને ઘટતા દેખાશે.

આવા પ્રભુ-ભક્તના શ્રીમુખે નીકળેલા ઉદ્ગારો કેટલા મહત્ત્વપૂર્ણ હશે ! તે અગાઉ પ્રકાશિત થયેલ ત્રણ પુસ્તકોના અભિપ્રાયોથી ખ્યાલ આવે છે.

આ પુસ્તક અંગે આમુખ લખી આપનાર પ્રવચન-પ્રભાવક, યોગ-માર્ગના રસિક પૂજ્ય આચાર્યશ્રી યશોવિજયસૂરિજી મહારાજ, પ્રવચન-પ્રભાવક બંધુબેલડી પૂજ્ય આચાર્યશ્રી જિનચન્દ્રસાગરસૂરિજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી હેમચન્દ્રસાગરસૂરિજી મહારાજ દ્વારા અમે અનુગૃહીત થયા છીએ.

આ ત્રણેય પ્રકાશનો અંગે સ્વારસ્યપૂર્વક મૂલ્યવાન માર્ગદર્શન આપનાર વિદ્વદ્વર્ય પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી કલ્પતરુવિજયજી ગણિવરના અમે ૠણી છીએ.

આ અવતરણ-સંપાદનના કાર્યમાં ક્યાંય પૂજ્યશ્રીના આશય-વિરુદ્ધ આલેખન થયું હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડં યાચીએ છીએ.

અન્ય ત્રણ પુસ્તકોની જેમ આ પુસ્તકને પણ જિજ્ઞાસુ વાચકો ઉમળકાભેર વધાવી લેશે તેવી શ્રદ્ધા રાખીએ છીએ.

***- પંન્યાસ મુક્તિચન્દ્રવિજય ગણિ***
***- ગણિ મુનિચન્દ્રવિજય***


# રવિવારીય સામુદાયિક પ્રવચન – પાલીતાણા.










દીક્ષાદિન માગસર સુદ – ૫
તા. ૧ – ૧૨ – ૨૦૦૦, શુક્રવાર
પાલીતાણા.

# પંન્યાસ – ગણિ – પદ – પ્રદાન તથા ૧૪ દીક્ષા – પ્રસંગ









मनफरा - (कच्छ - वागड़) जिनालय



भूकंप के बाद पूर्णरुप से ध्वस्त उसी जिनालय की तस्वीर।



ऐसे सैंकड़ो गांव, मंदिर आदि कच्छ - गुजरात में ध्वस्त हो गये है ।
भूकंप : दि. 26-1-2001, माघ सुद-२, शुक्रवार, सुबह : 8-45

# કંઈક વધુ

વિ.સં. ૨૦૫૭, મહા સુદ બીજની સવારે શંખેશ્વર મહાતીર્થે અમે અષ્ટક પ્રકરણનો પાઠ પૂરો કરી ઊભા થયા ને થોડી જ વારમાં આખો ઉપાશ્રય ડોલવા માંડ્યો. અમે તરત જ નીચેના મેદાનમાં આવી ગયા.

લગભગ અઢી મિનિટ સુધી ચાલેલા આ ભૂકંપ વખતે અમે ચારેબાજુ બધું ડોલતું જોઈ રહ્યા. ધરતીની ભયંકર ઘરઘરાટી સાંભળી રહ્યા. અમારી પાસે એકઠા થયેલા લોકો શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ધૂન બોલાવવા માંડ્યા.

ભૂકંપ શાન્ત થયો ને પછી ધીરે-ધીરે ખબર પડતી ગઈ કે આ ભૂકંપે તો કચ્છ-વાગડમાં ભયંકર તબાહી સર્જી છે ને આખા ગુજરાતને ડોલાવી મૂક્યું છે. જુદા-જુદા ગામના ૨૦૦ જેટલા જિનાલયો ધ્વસ્ત થઈ ગયા છે, અનેક લોકો મૃત્યુ પામ્યા છે, અનેક ઘાયલ થયા છે ને લાખો લોકો બેઘર બન્યા છે.

બધી રીતે બેહાલ થયેલા માનવને જો ખરેખર કોઈનો સહારો હોય તો એકમાત્ર ભાવિત થયેલા જિન-વચનોનો છે.

સકલ શ્રીસંઘના પરમ શ્રદ્ધેય પૂજ્ય આચાર્યશ્રીનું હૃદય જિન-વચનથી અત્યંત ભાવિત થયેલું છે. ભક્તિથી ભાવિત થયેલા હૃદયમાંથી નીકળતા શબ્દો સન્તપ્ત હૃદયને અમૃતના ફુવારા સમાન બનશે, એવી આશા સાથે.


***- પં. મુક્તિચન્દ્રવિજય***


***- ગણિ મુનિચન્દ્રવિજય***

*આગમ મંદિર જૈન ઉપાશ્રય,*

*શંખેશ્વર તીર્થ, જિ. પાટણ, પીન : ૩૮૪ ૨૪૬.*

*ફા.સુ.૧૧, ૬-૩-૨૦૦૧, મંગળવાર, વિ.સં.૨૦૫૭*





મોક્ષની સાથે જોડી આપે તે યોગ

- હરિભદ્રસૂરિ

પાલીતાણા
ખીમઈબેન ધર્મશાળા,
ચંપાબેન ચાંપશી હૉલ,
અષાઢ વદ-૩,
૧૯-૭-૨૦૦૦, બુધવાર

ગ્રન્થ : લલિતવિસ્તરા

प्रणम्य भुवनालोकं,
महावीरं जिनोत्तमम् ।
चैत्यवंदन - सूत्रस्य,
व्याख्येयमभिधीयते ॥

◆ આજે જે લલિત વિસ્તરા ગ્રન્થનો પ્રારંભ થઈ રહ્યો છે, તેના કર્તા શ્રી હરિભદ્રસૂરિજી છે, જેમને અન્ય દર્શનીઓ પણ યોગાચાર્ય તરીકે ઓળખે છે. એમણે જો કલમ ન ઉપાડી હોત તો યોગથી આપણે અજાણ હોત.

'યોગ કે ધ્યાન જૈનોનો વિષય નથી.' એવા અન્યોના આક્ષેપોનો એમણે સચોટ જવાબ આપ્યો છે. જૈન પરંપરામાં યોગ કઈ રીતે વણાયેલો છે,

તે એમણે જણાવ્યું.

ધ્યાન અને સમાધિના સૂચક યોગ [મન, વચન, કાયાનો સૂચક યોગ શબ્દ નહિ] શબ્દની એમણે વ્યાખ્યા કરી :

**''मुक्खेण जोग्रणाओ जोगो सव्वोवि धम्मवावारो।''**

– યોગશતક.

આપણા ચાલતા અનુષ્ઠાનો મહાન યોગ છે, કારણ કે એ મોક્ષ સાથે જોડી આપે છે. 'મોક્ષની સાથે જોડી આપે તે યોગ...' આવી યોગની વ્યાખ્યાથી જૈનેતરો પણ ચકિત થઈ જાય. આ વ્યાખ્યાનો કોણ ઈન્કાર કરી શકે ?

પતંજલિની વ્યાખ્યા ['**योगश्चित्तवृत्ति-निरोधः**] માં શુભવૃત્તિનો પણ નિરોધ થઈ ગયો છે, માટે દોષ છે.

◆ કોઈપણ શક્તિનો પરિમિત ઉપયોગ થવો જોઈએ, શક્તિઓ વેડફાય નહિ. આજે ઘણા એવા વક્તાઓ છે, જેઓ યુવાનીમાં ખૂબ જ જુસ્સાપૂર્વક બોલેલા. વૃદ્ધાવસ્થા આવતાં પસ્તાય છે. યોગ આપણને સન્તુલિત જીવન શીખવે છે.

◆ ધ્યાન કરવાની ચીજ નથી, ધ્યાન માટેની ભૂમિકા ઉત્પન્ન કરવાની છે. ભૂમિકા તૈયાર થઈ જશે તો ધ્યાન સહજ રીતે પેદા થઈ જશે. ધ્યાન માટે અલગ પ્રયત્ન કરવાની બહુ જરૂર નથી. માત્ર તમે ભૂમિકા બનાવો, ચિત્તને આરિસા જેવું બનાવો. પ્રભુ–ચન્દ્ર સ્વયં ચમકશે.

◆ ચૈત્યવંદન મહાન યોગ છે, જેમાં સર્વ યોગો રહેલા છે. આથી જ સંસ્કૃત આદિ શીખવતાં પહેલા ચૈત્યવંદનાદિ ભાષ્યો શીખવવામાં આવે છે.

જેઓ આ શીખ્યા વિના જ ન્યાયાદિના અભ્યાસમાં પડ્યા તેઓમાંના કેટલાક પેલા મૂર્ખ નૈયાયિક જેવા બન્યા કે જે આધારતાને આધેયતાને તપાસવા ઘીનું વાસણ જ ઊંધું કરી દે છે !

◆ હંસ અને પરમહંસ નામના શિષ્ય –મુનિના અકાળ મૃત્યુથી વિચલિત થયેલા તેમને [હરિભદ્રસૂરિજીને] કોઈએ કહ્યું : તમે શિષ્યોની વાત મૂકી દો. ગ્રન્થોનું સર્જન કરો. તમારી અંદર એ શક્તિ છે તો એને પ્રગટ કરો. એના દ્વારા મહાન ઉપકાર થશે. પછી તેઓ ગ્રન્થ

– સર્જન પાછળ એવા મંડી પડ્યા કે જીંદગીના અંત સુધી પાછું વાળીને જોયું નહિ, ૧૪૪૪ ગ્રન્થો બનાવીને જ રહ્યા.

પૂ. હરિભદ્રસૂરિજીની ભાષા ખૂબ જ સંક્ષિપ્ત છે. સંક્ષેપરુચિવાળા જીવોને તે ખૂબ ગમશે. એમના સંક્ષિપ્ત વાક્યો ખૂબ જ ગંભીર હોય છે : કોઈપણ સૂત્રના ઐદંપર્ય– અર્થ સુધી તેમની પ્રજ્ઞા પહોંચતી હતી.

◆ કાળ હીયમાન છે. બુદ્ધિ – બળ આદિ ઘટતા દેખાય છે. ૨૫ વર્ષ પહેલા ઘી, અનાજ આદિમાં જે મીઠાશ હતી તે આજે છે ? તે બળ આજે છે ? આવા પડતા કાળને ખ્યાલમાં રાખીને જ મહાપુરુષોએ સરળ કૃતિઓ બનાવી છે.

હરિભદ્રસૂરિજીની પણ ટીકા અઘરી પડવા મંડી ત્યારે શ્રી મુનિચન્દ્રસૂરિજી જેવાએ તેના પર પંજિકા બનાવેલી છે.

આ ગ્રન્થકારો પર બહુમાન ધારણ કરજો. બહુમાન હશે તો જ એમની કૃતિનું રહસ્ય સમજાશે.

◆ લલિતવિસ્તરા ગ્રન્થ સૌ પ્રથમ બેડામાં પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી મ. પાસે હતા ત્યારે વ્યાખ્યાનમાં વાંચ્યો. ખૂબ જ આનંદ આવ્યો. ત્યાર પછી ચારથી પાંચ વાર વાંચ્યો. પછી તો ચૈત્યવંદન જલ્દી પૂરું ન થાય, એવો આનંદ આવે. કારણ કે એના અર્થો યાદ આવે.

સ્થાન [મુદ્રા] યોગ બહુ કઠણ નથી, થોડો પ્રયત્ન કરશો એટલે એની પ્રેક્ટીસ થઈ જશે, પણ મનનો ઉપયોગ સૂત્રમાં રહે, સૂત્રથી વાચ્ય ભગવાનમાં રહે, તે મહત્ત્વની વાત છે.

મનને ભગવાનમાં જોડવું આ જ મોટી વાત છે.

તમે તમારી મેળે ગુણોની પ્રાપ્તિ કરી શકો નહિ, તમારે પ્રભુ સાથે અનુસંધાન કરવું જ પડે, પ્રભુ અનંત ગુણોના સાગર છે. એમની સાથે અનુસંધાન થતાં જ એમના ગુણો આપણામાં આવવા માંડે છે. **ઈલેક્ટ્રીક આપણા શરીરમાં પ્રવેશ કરતાં જ કેવો ઝાટકો લાગે છે ? જો એની મારક શક્તિ કામ કરી શકતી હોય તો ભગવાનની તારક શક્તિ કેમ કામ ન કરે ?** પણ ભગવાન સાથે આપણે સંબંધ જોડ્યો નથી એટલે જ ભગવાનનો મહિમા સમજ્યા નથી.

આ ભગવાન તો દાદા છે, કરુણાના સાગર છે. પિતા તો હજુ

થપ્પડ પણ મારે, પણ દાદા તો પૌત્રને ખોળે જ બેસાડે. આપણે અહીં આદિનાથ ભગવાનને દાદા જ કહીએ છીએ ને ?

◆ આવા ભગવાનની આશાતના સંસાર બનાવી આપે પણ ભક્તિ સંસારથી પાર કરી દે.

◆ આવા ભગવાનને યાદ કર્યા વિના, એમનું ચૈત્યવંદન કર્યા વિના તમે પચ્ચક્ખાણ પણ પારી શક્તા નથી, વાપરી શક્તા નથી, એ ભગવાનનો મહિમા કેટલો ? પણ આપણે કદી આ સમજવા તૈયાર નથી.

◆ હું તો ત્યાં સુધી કહીશ : આ સંસાર તરવા માટે ભાવિત કરેલો એક શ્લોક જ કાફી છે. ક્યારેક તો વૃદ્ધાવસ્થા આપણા સૌની આવવાની જ. ક્યારેક તો આ બધું ભૂલાઈ જ જવાનું. ત્યારે ભાવિત કરેલો આવો એક શ્લોક જ કામ આવશે.

આ અર્થમાં જ ઉપા. યશોવિજયજીએ કહ્યું :

**निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहु : ।**

◆ તમે ચૈત્યવંદન તો કરો જ છો, પચ્ચક્ખાણ પારો જ છો, પ્રતિક્રમણાદિ ક્રિયા કરો જ છો. ગોઠવણ જ એવી છે કે કરવું જ પડે. હવે એ ક્રિયામાં ઉપયોગ જોડો તો તમારું જાય શું ? સમય તો આમેય જવાનો જ છે. માત્ર તમારો ઉપયોગ ત્યાં જોડવાની જરૂર છે. શા માટે આપણે મનને ત્યાં નથી જોડતા ? બહુ તકલીફ પડે છે ? હા..., ત્યાં મનને તકલીફ પડતી હોય છે. ત્યાં માનસિક વીર્યની જરૂર પડે છે. શારીરિક વીર્યની જેમ માનસિક વીર્ય પણ જોઈએ. તો જ સૂત્રાદિમાં મન લગાવી શકીએ. **શારીરિક વ્યાયામમાં શારીરિક તકલીફ પડે છે તેમ માનસિક વ્યાયામમાં પણ અલગ પ્રકારની તકલીફ પડતી હોય છે.**

◆ સિદ્ધર્ષિ ગણિ બૌદ્ધ દર્શનનો અભ્યાસ કરવા ગયેલા. ત્યાં જઈ ચલચિત્તવાળા બન્યા.

આજે પણ આવું બને છે ને ? વિપશ્યનાની ૧૧ દિવસની શિબિર કરીને આત્માનુભૂતિ થઈ ગયાનો દાવો કરનારા ઓછા નથી. આવા ઘણા લોકો આત્માનુભૂતિના ભ્રમમાં પૂજાદિ સર્વ છોડી માર્ગભ્રષ્ટ બનતા હોય છે.

◆ **સિદ્ધર્ષિને બુદ્ધ મહાકારુણિક લાગ્યા. અરિહંત માત્ર વીતરાગ લાગ્યા. આજે પણ ઘણાને ભગવાનની વીતરાગતાનો ખ્યાલ છે, પણ કારુણિકતાનો ખ્યાલ નથી.**

ઘણા કહે છે : ઈશુખ્રિસ્ત દયાળુ છે. એ સર્વના પાપોનો નાશ કરી આપે છે.

આ વાત સાવ ખોટી નથી, પણ કઈ રીતે પાપો નાશ થાય છે, તે તેઓ સમજતા નથી.

આપણે પણ માનીએ છીએ :

**'एसो पंच नमुक्कारो सव्वपावप्पणासणो'**

હિન્દુઓ પણ માને છે :

**सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।**

**अहं त्वा सर्व पापेभ्यो, मोक्षयिष्यामि मा शुच ः।।** –ગીતા

ભગવાનની શક્તિ આ પાપનો ક્ષય કરે છે, એમ સૌ પ્રથમ સ્વીકારવું પડશે, માત્ર આપણી શક્તિ નહિ.

૨૧-૨૧ વખત સુધી બૌદ્ધદર્શન તરફ ખેંચાઈ જનાર સિદ્ધર્ષિને જૈન દર્શનમાં સ્થિર કરનાર આ લલિત - વિસ્તરા છે. એમણે પોતે જ ઉપમિતિમાં કહ્યું છે :

**नमोऽस्तु हरिभद्राय, तस्मै प्रवरसूरये ।**

**मदर्थं निर्मिता येन, वृत्तिर्ललित विस्तरा ।।**

આ લલિત-વિસ્તરા પર પંજિકા રચનાર શ્રી મુનિચન્દ્રસૂરિજી છે. મુનિચન્દ્રસૂરિજી એટલે વાદિદેવસૂરિના ગુરુ.

વાદિદેવસૂરિએ દિગંબરાચાર્ય કુમુદચન્દ્રને હરાવ્યા એના જ કારણે ગુજરાતમાં આજે દિગંબરો દેખાતા નથી. આવા મહાવાદી દેવસૂરિને તૈયાર કરનાર મુનિચન્દ્રસૂરિજી કેવા વિદ્વાન હશે ?

ટીકાકાર કહે છે : ગણધર કૃત સૂત્રોના બધા જ અર્થો/બધાજ રહસ્યો ખોલવાની મારી શક્તિ નથી. કારણકે ભગવાનની વાણીમાં તો અનંત અર્થો છૂપાયેલા હોય છે. મોટા જ્ઞાની પણ એ અર્થો ન કહી શકે. કારણ કે વાણી ક્રમબદ્ધ બોલી શકાય છે. આયુષ્ય મર્યાદિત હોય છે.



ૐ

અષાઢ વદ-૪,
૨૦-૭-૨૦૦૦, ગુરુવાર

## સામૂહિક વાચના

[સર્વસમુદાયના પૂજ્યોનું આગમન]

◆ મોહરાજાના આક્રમણોથી દબાયેલા, સંસારમાં રખડતા આપણને કઈ રીતે માર્ગ મળત જો ભગવાને તીર્થની સ્થાપના દ્વારા માર્ગ ન બતાવ્યો હોત ? દવા ન હોત તો રોગીનું શું થાત ? આ શાસન ન હોત તો આપણું શું થાત ? આપણે સૌ રોગી છીએ. આ શાસન એની દવા છે. ધન્વંતરિ વૈદ કરતાં ય ભગવાન મહાન વૈદ છે. કારણ કે આંતર રોગની દવા ધન્વંતરિ વૈદ પાસે પણ નથી. આ ભાવ ઔષધિથી ભાવ આરોગ્ય મળે છે.

ગણધરો આવા જ આરોગ્યની ભગવાન પાસે પ્રાર્થના કરે છે :

''आरुग्ग बोहिलाभं''-લોગસ્સ.

◆ આરીસાની ઈચ્છા હોય કે

આપણું મન સ્વચ્છ બને એટલે
ભગવાનનું પ્રતિબિંબ પડે જ.

**ન હોય પણ તે જો સ્વચ્છ હોય તો પ્રતિબિંબ પડે જ. આપણું મન સ્વચ્છ બને એટલે ભગવાનનું પ્રતિબિંબ પડે જ. ચિત્તને નિર્મળ બનાવો. ભગવાન તમારા ચિત્તમાં પ્રવેશવા ક્યારનાય ઉત્સુક છે.**

◆ આવા શાસનની તથા આવી સિદ્ધગિરિની ભૂમિની સ્પર્શના-ની પ્રાપ્તિ કેટલો મહાપુણ્યોદય છે !

આ તો અનંત સિદ્ધોની ભૂમિ છે. આપણા પર અનંત સિદ્ધો છત્રરૂપે રહેલા છે, જે સતત આપણને ઉપર ખેંચી રહ્યા છે.

ઠંડક મેળવવા માણસ શીતલ છાંયડે, પરબ પાસે આવે તેમ આપણે આ તીર્થસ્થાને આવ્યા છીએ.

અહીં બધા એકઠા થયેલા છીએ તે સૌની એક જ ભાવના છે :

આત્મકલ્યાણકારી સાધના કરવી.

થોડા દિવસ પહેલા સૌ મહાત્માઓએ વિચારેલું : શા માટે સામૂહિક વાચનાનું આયોજન ન ગોઠવાય ? એ કારણે જ આ ગોઠવણ થઈ છે. સંઘની પણ આપણી પાસેથી મોટી અપેક્ષા છે. કોઈની પાસે સંગઠનની શક્તિ હોય કે કોઈ પાસે પ્રવચન – લેખન આદિની શક્તિ હોય તે અહીં લગાડવાની છે, શાસન માટે લગાડવાની છે.

આપણા સૌનું કર્તવ્ય છે : જે મળ્યું છે તે આપણી ભાવિ પેઢીને આપવું. વિનિયોગ વિના ગુણ સાનુબંધ ન બને, ભવાંતરમાં સાથે નહિ ચાલે. – એમ હરિભદ્રસૂરિજીએ કહ્યું છે.

ગૃહસ્થોમાટે વ્યાખ્યાન ચાલુ છે. પણ આપણા [સાધુઓ] માટે શું ? એટલે આ વાચનાનું આયોજન થયું છે.

અહીં ચાતુર્માસ સ્થિત લગભગ બધા મહાત્માઓ એક વિચારવાળા છે. પરસ્પર સહકાર આપે તેવા છે.

સામૂહિક વ્યાખ્યાનનું નક્કી થયું. વિષય ક્યો રાખવો ? તે વાત થઈ ત્યારે મેં કહ્યું : સૌ પ્રથમ મૈત્રી રાખો પછી ભક્તિ.

પણ સૌ પ્રથમ જે કહીએ તે જીવનમાં હોવું જોઈએ. જાણકારી તો વાંચીને પણ મેળવી શકાય, પણ જ્યાં સુધી એ વાંચેલું આપણા જીવનમાં ન ઉતરેલું હોય ત્યાં સુધી કહેલી એ વાતમાં દમ નથી હોતો. માટે એને ભાવિત બનાવો.

ગમે તેટલો મોટો પંડિત પણ ભાવનાઓથી ભાવિત નથી બનતો ત્યાં સુધી મોહના આક્રમણથી બચી નથી શકતો. માટે જ ભાવનાઓને ધર્મવૃક્ષનું મૂળ કહ્યું છે.

આપણે સૌ ત્રીજા આવશ્યકના કાઉસ્સગ્ગમાં જે ગાથા બોલીએ છીએ :

**''सयणासणन्न पाणे चेइअ जइ सिज्ञकाय उच्चारे ।**

**समिइ भावणा गुत्ति, वितहायरणे अ अइआरो ॥''**

જ્ઞાનીઓને આપણી પરમ દયા છે. તેઓ સતત ઈચ્છે છે : આપણે કઈ રીતે નિર્મળ રહીએ ? આ ગાથામાં સમિતિ સાથે ભાવના આવી કે નહિ ?

ભાવના બહુ ઊંડો શબ્દ છે. શાન્ત સુધારસ ગ્રન્થનો પહેલો જ શ્લોક જુઓ. તમને એનો મહિમા સમજાશે.

સર્વોત્તમ સાધક સાધુ છે. એ જો આત્મસાધના નહિ કરે તો બીજો કોણ કરશે ? આ લક્ષ તો હોવું જ જોઈએ.

એ માટે ભાવના જરૂરી છે, એમ લાગે છે ? જે દિવસે ભાવના ન ભાવીએ તે દિવસે ગુનેગાર છીએ,એમ લાગે છે ? ઉપરની ગાથામાં તમે જુઓ છો : ભાવના ન ભાવવાથી અતિચાર લાગે છે. ૨-૩ વર્ષ સુધી પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. પાસે રહેવાનું થયું. ઘણીવાર તેઓ કહેતા : સંપૂર્ણ આગમને સૂત્ર, અર્થ, તદુભયથી ભાવિત બનાવવાની તો તાકાત નથી, પણ એક નવકારને બરાબર પકડી લઉં તોય ઘણું. માટે જ મેં નવકાર પકડ્યો. એમની વાતોથી સમજાયું : આપણે ધૂમધામમાં પડી ગયા. આ મહત્ત્વની વસ્તુ છુટી ગઈ.

મન સ્થિર નહિ રહેવાથી કદાચ ધ્યાન ન થઈ શકે, પણ ભાવના તો ભાવી શકીએને ? જો કે ધ્યાન પણ ધ્યાવવાની ચીજ છે. માટે જ અતિચારમાં આપણે બોલીએ છીએ :

''આર્ત્ત-રૌદ્ર ધ્યાન ધ્યાયા, ધર્મધ્યાન, શુક્લધ્યાન ધ્યાયા નહિ''

**પૂ. ધુરંધરવિજયજી મ. :** વ્યાખ્યાનમાં ધર્મધ્યાન આવી જ ગયું ને?

**પૂજ્યશ્રી :** આવી જાય તો બલિહારી ! એમને નમસ્કાર, પણ આવી જાય છે, એમ તમને લાગે છે ?

ચાર ભાવનામાં પણ મુખ્ય મૈત્રી ભાવના છે. શાસ્ત્રમાં આ ક્યાં આવે છે, એ ન પૂછશો.'ખામેમિ સવ્વજીવે.'' રોજ નથી બોલતા ? આ શાસ્ત્ર નથી ?

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય તરીકે એક છે તેમ જીવાસ્તિકાય પણ એક જ દ્રવ્ય [જીવો અનંતા હોવા છતાંય] છે, - એમ ભગવતીમાં આવ્યું.

અહીં જુઓ..., જીવાસ્તિકાયમાં નિગોદથી માંડી સિદ્ધોના સર્વ જીવોનો સંગ્રહ થયેલ છે.એક પણ જીવ બાકાત નથી.

''જીવાસ્તિકાય અનંત પ્રદેશી છે'' એ વાંચતાં જરા શંકા પડીઃ ક્યાંક અશુદ્ધ નથી ને ? પણ પછી ખ્યાલ આવ્યો : અરે ! આ તો સર્વ જીવોની વાત છે. સર્વ જીવો અનંતા હોય તો તેના પ્રદેશો પણ અનંત જ હોય ને ? જીવાસ્તિકાય દ્રવ્યથી એક, ક્ષેત્રથી લોકવ્યાપી, કાળથી સર્વદા, સદા છે અને રહેશે.

**પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. કહેતા : 'उपयोगो लक्षणम्' એ સ્વરૂપ-દર્શક લક્ષણ છે.'परस्परोपग्रहो जीवानाम्' આ સૂત્ર જીવનું સંબંધ દર્શક લક્ષણ છે. એક બીજા વિના જીવી ન શકીએ તે બતાવનારું આ લક્ષણ છે. તમે બીજાને તમારા જેવા જાણો નહિ, જાણીને એમને રક્ષવા પ્રયત્ન કરો નહિ ત્યાં સુધી મોક્ષ નહિ થાય; ભલે ગમે તેટલું ધ્યાન ધરો. પહેલા હૃદયમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રી જોઈશે.**

◆ હમણા ભગવતી - પાઠ ચાલતો'તો. મહાત્માએ પૂછ્યું : હમણા સામૂહિક વાચના થશે તો શું બોલવું ? તેની ચિંતા નથી ?

મેં કહ્યું : ''આ ભગવાન જેમ બોલાવશે તેમ બોલીશ.''[સામે જ ભગવાનનો ફોટો હતો તે તરફ જોઈને કહ્યું.]

અહંકાર ન આવે માટે ભગવાનને સતત સામે રાખો.

◆ 'ધર્મધ્યાન, શુક્લધ્યાન ન ધ્યાયા' એ અતિચાર ક્યારે લાગે ?

ધર્મધ્યાન, શુક્લધ્યાન ધ્યાવાનું વિધાન હોય ત્યારે જ ને ? આ અતિચારના વાક્યથી પણ નક્કી થાય છે : ધ્યાન દૈનિક ધોરણે હોવું જોઈએ.

◆ "મારે દીક્ષા લેવી છે, પણ પેલાની સાથેનો વેરભાવ હું છોડવાનો નથી." એવું કોઈ કહે તો મહેરબાની કરી તેને દીક્ષા નહિ આપતા. બીજાની સાથે વેર રાખશે તે તમારી સાથે નહિ રાખે ? લાંબો ચાલતો એકપણ જીવ સાથેનો વેરભાવ અનંતાનુબંધી કષાયની સૂચના છે.

દીક્ષા લીધી ત્યારે સામાયિકની પ્રતિજ્ઞા લીધી. સામાયિક એટલે શું ? સર્વ જીવો પ્રત્યે ઉપશમભાવ. એ વિના સામાયિક શી રીતે આવશે ? એ વિના સંયમનું પાલન શક્ય જ નથી. 'સામાયિક' શબ્દ ઘણા વિશિષ્ટ અર્થોથી ભરેલો છે.

શ્રુત-સમ્યક્-ચારિત્ર આ ત્રણેય સામાયિક એક સામાયિક શબ્દથી અભિવ્યક્ત થાય છે.

સામ, સમ્મ અને સમ - આ ત્રણ પ્રકારના સામાયિક આમાં છે.

◆ ભગવાન સાથેની બે પ્રકારની [ઐશ્વર્યોપાસના અને માધુર્યોપાસના] ઉપાસનામાં ભગવાન સાથેનું જોડાણ માધુર્યોપાસનાથી જ થાય છે. **માતા- પિતા - ભાઈ - બંધુ આદિ સર્વ સંબંધોનો આરોપ ભગવાનમાં કરવાથી જ માધુર્યોપાસના જન્મે છે.**

◆ "હું જયણા નહિ રાખું તો મારો જ વધ થશે..." આવો ભાવ રાખીને સર્વ જીવો સાથે એકતા સાધવાની છે.

આચારાંગમાં લખ્યું છે : **'सच्चंसि नाम तुमेव जं हंतव्वंति मन्नसि ।'** 'જેને તું મારે છે તે તું જ છે.' આગળ વધીને સિદ્ધો સાથે પણ એકતા સાધવાની છે. જીવાસ્તિકાય પદાર્થને આ સંદર્ભમાં સમજવાનો છે. માત્ર જાણવા ખાતર જાણવાનો નથી.

છયે જીવનિકાયનું જ્ઞાન ન થાય, તેના પર કરુણા ન ઊપજે, તેની જયણા જીવનમાં ન આવે ત્યાં સુધી સાધુપણું કેવું ? માટે જ તો દશવૈકાલિકના ચાર અધ્યયન [જેમાં ચોથું અધ્યયન છ જીવનિકાય

છે.] ભણવા અનિવાર્ય છે. એ વિના વડીદીક્ષા ન થાય.

**અનંતપ્રદેશી જીવાસ્તિકાયમાં એક પ્રદેશ પણ ઓછો હોય ત્યાં સુધી જીવાસ્તિકાય ન કહેવાય. એક પ્રદેશને પણ પીડા થતી હોય તો તે પોતાની જ પીડા સમજવાની છે.**

**ધુરંધરવિજયજી મ. : "समिइ भावणा गुत्ती"** અહીં વચ્ચે ભાવના કેમ ઘુસી ગઈ ?

**ઉત્તર :** ભાવના વિના ગુપ્તિ આવી નથી શકતી તે જણાવવા આ ક્રમ બતાવ્યો છે.

◆ જયણા વિના મુનિપણું ન હોય. માખી મારવાની ન છુટી શકે તેવી આદતવાળી એક પ્રવ્રજિત વ્યક્તિને ઉત્પ્રવ્રજિત કરવામાં આવેલી. આ ઘટના બનેલી છે.

છ જીવનિકાયની દયા ન હોય તો આપણામાં ને ભીખારીમાં કોઈ ફરક નથી.

"નિર્દય હૃદય છ કાયમાં, જે મુનિ વેષે પ્રવર્તે રે;
ગૃહિ-યતિ લિંગથી બાહિરા, તે નિર્ધન ગતિ વર્તે રે..."

–ઉપા. યશોવિજયજી મ.

◆ કરણનો અર્થ સાધન પણ થાય. વ્યાકરણમાં આવે છેઃ

**साधकतमं करणम्** । એ કરણ અહીં નથી લેવાનું, પરંતુ અહીં કરણ એટલે વીર્યોલ્લાસ. એ વખતે એવો વીર્યોલ્લાસ પ્રગટે કે કર્મના ભૂક્કા નીકળી જાય.

કરણ એટલે સમાધિ. અપૂર્વ ભાવોથી ઉત્પન્ન થયેલી આ દશા વિના કર્મો કપાતા નથી, ગ્રન્થિ ભેદાતી નથી.

◆ સાત પ્રકારના અધ્યાત્મમાં દેવવંદન આદિને પણ અધ્યાત્મ ગણ્યું છે.

અધ્યાત્મ ને ભાવનામાં ફરક શો ? એ જ પદાર્થોને પુનઃ પુનઃ ભાવિત બનાવતાં ભાવના આવે છે. ત્યાર પછી ધ્યાન આવે છે

**चिन्ता - भावनापूर्वकः स्थिराध्यवसायः ध्यानम् ।**

—ધ્યાન વિચાર.

ચિંતામાં - સંપૂર્ણ દ્વાદશાંગી. ચિંતનાત્મક શ્રુતજ્ઞાન.

ભાવનામાં - દર્શન - ચારિત્ર, વૈરાગ્ય. એટલે કે ભાવનાત્મક પંચાચારનું પાલન.

આ બન્ને હોય તો ધ્યાન આવશે જ.

આ બધા પદાર્થો તમારી સમક્ષ મૂક્યા છે. ચિંતન કરજો. ભાવિત કરજો. તમે સૌ મારાથી પણ અધિક શ્રેષ્ઠ વક્તાઓ છો. આ વખતે પધાર્યા છો તેમ ફરી - ફરીને પણ પધારશો.

આચાર્ય શ્રી યશોવિજયસૂરિજી થોડુંક દસ મિનિટ કહેશે.

હું તો ત્યાં સાંભળવા આવી શકું નહિ. આ બહાને મારે સાંભળવાનું બને.

**પૂ. યશોવિજયસૂરિજી :**

ઉપા. યશોવિજયજીએ અધ્યાત્મોપનિષદ્‌માં જીવનને સ્પર્શતી એક વાત કહી છે : **तेनात्मदर्शनाकांक्षी ज्ञानेनान्तर्मुखो भवेत्** ।

સાધુતા એટલે અન્તર્મુખતાનો રાજમાર્ગ.

શ્રુતજ્ઞાન એવું મળ્યું છે જે અન્તર્મુખતા આપે.

◆ ભક્તિયોગાચાર્ય પદ્મવિજયજી મ. કહે છે...

'આશ ધરીને હું પણ આવ્યો, નિજ કર પીઠ થપેટીએ'

પદ્મવિજયજી મ. જેવા આમ કહે ને આપણે વંચિત રહી જઈએ ? પણ પોતાની પસંદગીના ભક્તોને ભગવાન શી રીતે બકાત રાખે ? પ્રભુનો સ્પર્શ અધ્યાત્મ અને ભાવના પછી મળે છે. એ જ દિવસે ભગવાનનો સ્પર્શ મળી ગયો. સાંજે આચારાંગ વાંચતાં આવ્યું : કેટલાક અનાજ્ઞામાં હોય છે, કેટલાક આજ્ઞામાં નિરુત્સાહી હોય છે. પણ હે મુનિ ! તને એવું ન હો.

આ વાંચતાં અશ્રુધારા નીકળી. જાણે ભગવાને મને આ ઉપહાર મોકલ્યો. પછી પ્રભુએ તમાચો પણ માર્યો. આચારાંગમાં આગળ આવ્યું : **अेस अगुत्ते अणाणाए**.....તો તું આજ્ઞા બહાર છે.

ભગવાન આવા દયાળુ છે, જે ક્યારેક પુસ્તક રૂપે કે ક્યારેક અન્ય રૂપે કૃપા વરસાવતા રહે છે. આપણે બડભાગી છીએ કે આવા

[પૂ.કલાપૂર્ણસૂરિજી] મહાપુરુષોની નિશ્રામાં આપણને સાંભળવાનું મળે છે.

સાંભળવા કરતાં મહાપુરુષોના ઓરા સર્કલમાં રહેવું મોટી વાત છે. વાવપથકમાં રહું છું છતાં પૂજ્યશ્રીના ઓરા સર્કલમાં જ રહું છું – એવું મને લાગે છે. કારણકે સાધનાની ઊંચાઈ વધુ તેમ ઓરા સર્કલનું વર્તુળ વિશાળ હોય છે.

પૂ. ધુરંધરવિજયજી મ. : શું તમે એકલા જ રહો છો ?

આપણે બધા જ રહીએ છીએ. માને તેના માટે ઓરા સર્કલ છે. ન માને તે સ્વયં તે સર્કલથી બહાર છે.

## "હું જૈન છું"

*અમેરિકામાં વસતા એ ભાઈને બાળપણમાં જૈનકુળમાં માતાપિતાના સંસ્કાર મળેલા. અમેરિકામાં ભણવા ગયા, કમાયા.*

*એકવાર એવું બન્યું કે તેમની કંપનીના માલિકે કહ્યું કે તમારો હોદ્દો અને વેતન વધારવામાં આવ્યા છે. ભાઈ ખુશ થયા પછી પૂછ્યું કે મારે કામ શું કરવાનું ?*

*"ચરબીમાંથી બનતી દવાઓની ચકાસણી અને નિરીક્ષણ કરવાનું."*

*આ ભાઈએ તરત જ જવાબ આપ્યો કે 'હું આ હોદ્દો લઈ નહીં શકું. હું જૈન છું.'*

*અન્યત્ર નોકરી જવાનું પસંદ કર્યું. ઘરે જઈને પત્નીને વાત કરી. પત્ની કહે : આપણે સાદાઈથી રહીશું. ફિકર ના કરશો. તમે બહુ સારું કર્યું.*

*જૈનકુળ મળ્યાનું નિમિત્ત પણ પાપથી બચાવે છે.*

– સુનંદાબેન વોરા



## ભગવાનની વાણી એટલે ટમટમતા દીવડા !

**અષાઢ વદ-૫,**
**૨૧-૭-૨૦૦૦, શુક્રવાર**

◆ ભગવાનની વાણી આગમોમાં આજે પણ જળવાઈ રહી છે. ભગવાનની વાણી એટલે ટમટમતા દીવડા...! કલિકાલના ઘોર અંધારામાં એના વિના ચાલે એમ નથી.

◆ ભગવાનમાં અચિન્ત્ય શક્તિ છે, તેમ તેમના નામમાં પણ અચિન્ત્ય શક્તિ છે, મૂર્તિમાં પણ છે અને આગમમાં પણ છે.

આગમોમાંની વાણી અત્યંત ઊર્જાથી ભરેલી છે. કારણ કે ભગવાન દ્વારા કહેવાયેલી છે.

ભગવાન પરની અનન્ય શ્રદ્ધાપૂર્વક વાંચીએ તો એમની શક્તિ અનુભવાયા વિના નહિ રહે.

સામાન્ય માણસની વાણી પણ અસર કરે તો ભગવાનની વાણી કેમ ન કરે ?

◆ હરિભદ્રસૂરિજી પ્રારંભમાં જ

પોતાની અશક્તિ જાહેર કરતાં કહે છે : ભગવાનની વાણીના સંપૂર્ણ અર્થો [ગમ, પર્યાય આદિ સહિત] કહેવા હું સમર્થ નથી, પણ જેટલા મને યાદ છે તેટલા કહીશ, જે મારાથી અલ્પબુદ્ધિવાળાને જરૂર કામ આવશે. અધિક બુદ્ધિવાળાને તો મારા જેવાની જરૂર નથી.

◆ આ તો બિનશરતી સાંભળવા મળે છે એટલે આટલા આવો છો. જો સંપૂર્ણ પાઠ પાકો કરવાની શરત હોય તો કેટલા આવો ? જો કે, હું તો માનું છું કે તમારા સૌનો ઉપકાર છે. આ રીતે મને તો ફાયદો જ છે. મારો પાઠ પાકો થશે. બાકી આજે આગમ સાંભળનારા કેટલા ?

◆ પૂર્વાચાર્યો લખતાં પહેલા ઈષ્ટદેવતા, શ્રુતદેવતા આદિને નમસ્કાર કરતા, દુર્જનને પણ યાદ કરતા. રત્નાકરાવતારિકાના મંગલાચરણના શ્લોકમાં દુર્જનોને યાદ કરવાનું કારણ કહેતાં કહે છે : **દુર્જનો તો ઉપકારી છે. એ ન હોય તો ભૂલો કોણ કાઢશે ?**

◆ હરિભદ્રસૂરિજી અહીં બે પ્રયોજન બતાવે છે :

અનંતર અને પરંપર.

(૧) **અનંતર પ્રયોજન :** વક્તાનું પ્રયોજન જીવો પર અનુગ્રહ.
શ્રોતાનું પ્રયોજન અર્થનો બોધ.

આપણું કાર્ય સિદ્ધ થઈ ગયા પછી એમને એમ બેસી રહેવાનું નથી. બીજાને આપવાનું છે.

દુકાનમાં કોઈ ગ્રાહક ન આવે તો વેપારી જાહેરાત આદિ કરે તેમ તમારે ત્યાં કોઈ શ્રોતા ન આવે તો કોઈ પ્રયત્ન ખરો ?

સિદ્ધર્ષિ ગણિએ ઉપમિતિમાં સ્પષ્ટ લખ્યું :

મારા જેવા બેકાર વેપારી પાસે ક્યો ગ્રાહક માલ લેવા આવે ? મારા જેવા પાસે આવનારને પોતાની ઈજ્જત ઓછી થતી લાગે. માટે મેં તો લાકડાની પેટીમાં ઉત્તમ પદાર્થો મૂકી એ પેટી બજાર વચ્ચે મૂકી દીધી છે. જેને જોઈએ તે લઈ જાય.

બીજાને સમજાવતાં "મારું કાંઈ નથી થતું. મારા માટે કાંઈ કરતો નથી." એવો વિચાર આવે તો સમજવું : હજુ સ્વ-પરનો ભેદ ટળ્યો નથી. **અહીં કોણ પર છે ? આપણે બધા એક ડાળના પંખી**

**છીએ. સ્વ-પરના ભેદ ઊભા છે એનો અર્થ એ જ કે આપણી ચેતના હજુ વિશાળ બની નથી.**

એક વખત પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. એ કહેલું : તમે '**उपयोगो लक्षणम्**' પર લખો છો, પણ '**परस्परोपग्रहो जीवानाम्** ।' એના પર લખવાનું કેમ મન નથી થતું ? પરોપકારનો પદાર્થ એમાંથી જ મળશે. અચ્છા, તમારો જન્મ ક્યારે થયો ?

"વિ. સં. ૧૯૮૦માં મારો જન્મ થયો છે." મેં કહ્યું.

"તો તમારો દોષ નથી. કાળ જ એવો છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી તમારો જન્મ થયો છે. તે પછી માણસોમાં સ્વાર્થવૃત્તિ ખૂબ જ વધી ગઈ. તે પહેલા પરોપકાર સહજરૂપે વણાયેલો હતો." પૂ. પં. એ કહ્યું.

નગીનદાસ કરમચંદનો સંઘ કચ્છમાં આવેલો ત્યારે લોકો સામે ચાલીને મફતમાં ઘી, દૂધ, દહીં આદિ આપવા આવેલા.

આજે આવી વૃત્તિ ખરી ? દૂધ તો ઠીક, આજે છાશ પણ કોઈ મફતમાં ન આપે. આજે તો પાણી પણ વેંચાય છે.

◆ (૨) **પરંપર પ્રયોજન :** શ્રોતા અને વક્તા – બન્નેનું પરંપર પ્રયોજન મોક્ષ – પ્રાપ્તિ છે.

**પ્રશ્ન :** ચૈત્યવંદન જ નકામું છે. તમે નમુત્થુણં બોલો, બૂમ બરાડા પાડો એટલે તમારો મોક્ષ થઈ જવાનો ? મોક્ષ આટલો સસ્તો છે ?

**ઉત્તર :** પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયનું કારણ હોવાથી ચૈત્યવંદન નકામું નથી. શુભ અધ્યવસાય સદ્‌ગતિ અને સિદ્ધિગતિનું પરમ કારણ છે

આના દ્વારા ગ્રન્થકાર ચૈત્યવંદનાદિ ક્રિયા શુભભાવપૂર્વક કરવી જોઈએ, એમ જણાવે છે. આપણામાંના કેટલાક ગુરુવંદન કે ચૈત્યવંદન એવી રીતે કરે જાણે વેઠ ઊતારતા હોય. આ રીતે ચૈત્યવંદન સફળ શી રીતે બને ?

શુભ અધ્યવસાયપૂર્વક ચૈત્યવંદન કરવું એટલે કર્મોની છાવણી પર એટમબોમ્બ મૂકવો.

ચૈત્યવંદનથી સૌ પ્રથમ સમ્યગ્દર્શન મળે. સમ્યગ્દર્શન આવતાં જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન બની જાય. ચારિત્ર સમ્યક્ચારિત્ર બની જાય.

દીક્ષા લેતી વખતે રજોહરણના પ્રદાન પહેલા એટલે જ ચૈત્યવંદનાદિ ક્રિયા કરાવવામાં આવે છે.

◆ આવેલું મુહૂર્ત ન સચવાય, ક્યારેક મોડું થઈ જાય તો સમજવું : દીક્ષાર્થીના લલાટે જે સમય લખાયેલો હતો તે આવી પહોંચ્યો છે.

...ક્યારેક ત્રણ નવકાર સંભળાવીને પણ દીક્ષા આપી શકાય.

◆ દીક્ષા વિધિ વખતે ચૈત્યવંદનાદિની શી જરૂર ? એવા પ્રશ્નના જવાબમાં એ જ કહ્યું છે : ચૈત્યવંદનાદિ ક્રિયા શુભ ભાવો ન હોય તો ઉત્પન્ન કરે છે. ઉત્પન્ન થયેલા હોય તો ટકાવે છે.

**પ્રશ્ન :** ચૈત્યવંદનથી શુભ ભાવ થાય જ, એવું કોણે કહ્યું ? ક્યારેક ન પણ થાય. વિનયરત્ન આદિ જેવા કોઈ માયાથી પણ કરે.

**ઉત્તર :** વિધિપૂર્વક ચૈત્યવંદન થાય તો શુભભાવ પેદા થાય જ. વિધિપૂર્વક ચૈત્યવંદન થાય એ માટે તો આ પ્રયાસ છે. જેથી જાણકાર બનીને કપટ-માયા આદિનો ત્યાગ કરે.

**પ્રશ્ન :** કોઈ લબ્ધિ આદિની લાલચથી પણ ચૈત્યવંદન આદિ કરે તો એને શુભભાવ શી રીતે હોય ?

**ઉત્તર :** સૂત્રાનુસાર વિધિપૂર્વક આશંસાદિ દોષ રહિત બની સારી રીતે ચૈત્યવંદન આદિ ક્રિયા કરે તો શુભભાવ થાય. આવું ન કરે, કરવા ઈચ્છે પણ નહિ, તે આ ચૈત્યવંદનનો અધિકારી જ નથી.

**પ્રશ્ન :** તો પછી અધિકારીને જ આ સંભળાવો.

**ઉત્તર :** અમે અધિકારીને જ સંભળાવવા માંગીએ છીએ, અનધિકારીને, અપાત્રને નહિ.

ઘણા એટલા અપાત્ર હોય છે : કંઈક વિધિ સમજાવીએ તો ગુસ્સે થાય ને ક્રિયા જ છોડી દે. એક ભાઈને પ્રતિક્રમણની વિધિ સમજાવી તો પ્રતિક્રમણ કરવાનું જ છોડી દીધુ.

આ અપાત્રતા છે. આવી વ્યક્તિ આ ચૈત્યવંદન સૂત્ર માટે અધિકારી ન કહેવાય.

◆ વળી, એ પણ જોવાનું : જે દેશ કે સર્વ વિરતિ ધર્મ આપીએ છીએ તે પાળવા એ સમર્થ છે ?

ઘણા એવા પણ હોય : મને અભિગ્રહ આપો, પણ પૂછીએ તો કહે નહિ. તો ન અપાય.

જામનગરમાં દેરાસરમાં એક બહેન મને કહે : અભિગ્રહ આપો. મેં પૂછ્યું 'શાનો અભિગ્રહ ?'

'એ ન કહું'

'તો હું એવો ભોળો નથી કે બાધા આપું !' મેં ના પાડી.

કોઈ ખૂન કરવાનો પણ અભિગ્રહ લઈ લે તો ભારે થઈ જાય ને !

◆ શ્રોતાની યોગ્યતા માટે ત્રણ વસ્તુ વિચારવાની :

(૧) **તેના હૃદયમાં બહુમાન છે ?**

ગ્રન્થ – ગ્રન્થકાર પર બહુમાન જરૂરી છે. બહુમાન વગરના વ્યાખ્યાન સાંભળવા આવ્યા હશે તો પણ ભૂલો જ કાઢશે.

પમાડી દેવાની ઘેલછામાં ગમે તેને આપતા નહિ.

(૨) **વિધિ પરતા :** વિધિનો આદર હોવો જોઈએ.

(૩) **ઉચિત વૃત્તિ :** ગૃહસ્થોની આજીવિકા સાધુઓની ગોચરી આદિ ઔચિત્યપૂર્ણ જોઈએ. ઔચિત્યપૂર્ણ ન હોય તો યોગ્યતા ન કહેવાય.

◆ **"પ્રભુ હું મૂઢ છું. હિતાહિત જાણતો નથી. આપની કૃપાથી હિતનો જાણકાર બનું. અહિતથી અટકું. હવે હું આરાધક બનું. ઉચિત પૂર્વકનું સૌ સાથે વર્તન કરું."** — **પંચસૂત્ર.**

◆ ગમે તેવું વર્તન કરીશું તો પણ મોક્ષ મળી જશે, એમ માનો છો ? સૌ પ્રથમ ગુરુ અને ગુરુ જે કહેવાના છે તે શાસ્ત્ર પ્રત્યે બહુમાન જોઈએ. નહિ તો કોઈ ફાયદો નહિ થાય.

અનધિકારીને શીખવવામાં ઘણા નુકશાન થાય તેમ છે. અનધિકારીને વિધિની વાત કરીશું તો ઊંધું પણ પકડી લે : વિધિ થતી જ નથી તો હવે છોડી જ દોને ? એમ માનીને બધું છોડી દેશે.

માટે જ અયોગ્યમાટે જ્ઞાનીઓ કદી પ્રયત્ન કરતા નથી. નહિ

તો જમાલિ કે ગોશાળા જેવાની ભગવાને ઉપેક્ષા ન કરી હોત.

◆ કોઈ પણ સંયોગોમાં ગુરુને છોડવા નહિ, ગુરુ પરનું બહુમાન છોડવું નહિ. જો એ છુટી ગયું તો કોઈ કાળે મોક્ષ નહિ થાય. જો તમે ગુરુને છોડી દેશો તો તમને પણ તમારા શિષ્યો છોડી દેશે. અવ્યવસ્થાની પરંપરામાં તમે નિમિત્ત બનશો.

◆ **મૈત્રી** : બીજાના હિતનો વિચાર.

અહીં સ્વહિતનો વિચાર ન લખ્યું.

પોતાની સુવિધા માટે જેટલો વિચાર આવે તેટલો વિચાર બીજા માટે આવે ત્યારે મૈત્રી જન્મે.

**પ્રમોદ** : બીજાના ગુણોને જોઈ રાજી થવું.

પોતાના ગુણોને જોઈને રાજી ઘણા થયા છીએ. માટે તો મોક્ષ નથી થયો.

**કરુણા** : બીજાના દુઃખ પર અનુકંપા.

પોતાના દુઃખ પર અનુકંપા ઘણી કરી છે. બીજાની ક્યારે કરી ?

**મધ્યસ્થતા** : નિર્ગુણો પ્રત્યે પણ તટસ્થતા, તિરસ્કાર નહિ.

આનો અર્થ એ થયો કે બીજાના વિચારથી જ ધર્મનો જન્મ થાય છે. નિપટ સ્વાર્થવૃત્તિવાળા જીવો ધર્મના આરાધક બની શકતા નથી.

સ્નાન કર્યા પછી ગૃહસ્થોમાં તાજગી આવે તેમ દેરાસરમાં જઈ ચૈત્યવંદન કર્યા પછી તાજગી આવવી જોઈએ, આનંદનો એક ઉલ્લાસ અનુભવાવો જોઈએ.

**ભક્તિમાં ઉલ્લાસ વધે તેમ તેમ આત્માનુભૂતિની શક્તિ વધે.** રોજ-રોજ ઉલ્લાસ વધવો જોઈએ. હવેથી ઉલ્લાસ વધારજો.

*પુસ્તકો મોકલવા બદલ આભાર. ખૂબ જ સુંદર છે.*
*આત્માને ઢંઢોળતા આવા પુસ્તકો બહાર પાડતા રહેજો.*
*આપનું કાર્ય નિર્વિઘ્ને થાય એવી પ્રાર્થના.*
*- આચાર્ય જયશેખરસૂરિ ધારવાડ - હુબલી*



પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મહારાજ

'તારી કૃપાથી જો આંખ મળશે તો હું તારા માર્ગે આવીશ.' - જયમલ્લ

ૐ

**અષાઢ વદ-૬,**
**૨૨-૭-૨૦૦૦, શનિવાર**

(પરમ પૂજ્ય, દાદાશ્રી જીતવિજયજી મ. સા. ની સ્વર્ગતિથિ.)

મોક્ષ એટલે છૂટકારો ! સંસાર એટલે જેલ !! એ જેલમાંથી છોડાવવા તીર્થંકરો તીર્થની સ્થાપના કરે છે. જેલમાંથી છોડાવી આપનાર કરતાં પણ સંસારની જેલમાંથી છોડાવનાર મહાન ઉપકારી છે.. એવું સમજાય તો તીર્થંકર ભગવાન પર અનન્ય ભક્તિ જાગે.

કરુણતા એ છે : **આપણને સંસાર જેલ નથી લાગતો, મહેલ લાગે છે. પોતાની જાત કેદી નથી લાગતી ! જેલ જેલ ન લાગે તો તેમાંથી છુટવાનો પ્રયત્ન શી રીતે થાય ?** ભગવાન આપણને ધીરે ધીરે સમજાવે છે : તમે કેદી છો. કેદમાં રહેલા છો.

આટલું પહેલા સમજાય, પછી

જ કેદમાંથી છુટવા કેદી પ્રયત્ન કરે. આ કેદમાંથી છુટેલા તો ધન્ય છે જ , છુટવા પ્રયત્ન કરનાર પણ ધન્ય છે.

આજે એવા ધન્યપુરુષની વાત કરવી છે.

આજે પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મ.ની ૭૭ મી સ્વર્ગતિથિ છે.

કચ્છ-વાગડના મનોહર મનફરા ગામમાં વિ. સં. ૧૮૯૬, ચૈ. સુદ – ૨ ના શુભ દિવસે માતા અવલબાઈ અને પિતા ઉકાભાઈને ત્યાં જયમલ્લનો જન્મ થયેલો.

નાનપણથી જ માતા-પિતા તરફથી જયમલ્લને ધર્મના સંસ્કારો મળેલા. વાગડમાં મનફરા પ્રસિદ્ધ છે. અહીં પણ ઘણા મહાત્માઓ મનફરાના છે. ૧૨ વર્ષની વયે જયમલ્લને આંખની પીડા શરૂ થઈ ને ૧૬ વર્ષે સંપૂર્ણ અંધાપો આવી ગયો. અંધાપાનું દુઃખ યૌવનમાં જ આવી પડે એ કેટલી કરુણતા ?

જન્મથી જ આંધળાને બહુ દુઃખ ન લાગે, પણ એક વાર દેખતા હોઈએ ને પછી આંધળા થવું પડે ત્યારે દુઃખનો પાર ન હોય ! એ તો અનુભવે તે જ જાણે.

જયમલ્લ જૈન તત્ત્વના જાણકાર હતા, સમજતા હતા : મેં કોઇની પૂર્વ જન્મમાં આંખ ફોડી હશે કે એવા શબ્દો કહ્યા હશે. તે જ કારણે આજે મારી આંખો ચાલી ગઈ છે. મારા કર્યા મારે જ ભોગવવા પડશે.

બધી દવાઓ વ્યર્થ થઈ ત્યારે એમને મનફરામાં બિરાજમાન શાન્તિનાથ ભગવાનનું શરણું પકડ્યું : પ્રભુ ! અનાથનો નાથ તું છે. હવે હું તારા શરણે છું. તારી કૃપાથી જો આંખ મળશે તો હું તારા માર્ગે આવીશ.

સાચે જ ચમત્કાર સર્જાયો. દૃઢ સંકલ્પથી દેખતા થયા. ચમત્કાર ત્યાં નમસ્કાર નહિ, આ નમસ્કાર ત્યાં ચમત્કાર હતો. ચોથા આરામાં તો નમિ રાજર્ષિની દાહ વેદના, અનાથી મુનિની આંખોની વેદના. આ રીતે દૂર થઈ હતી, પણ આ તો પાંચમા આરાની ઘટના છે.

જે શાન્તિનાથ ભગવાન સમક્ષ એમણે પ્રાર્થના કરેલી તે પ્રતિમા

આજે પણ મનફરામાં વિદ્યમાન છે. [તાજેતરમાં વિ.સં. ૨૦૫૭, મહા સુદ-૨ના દિવસે આવેલા ભયંકર ભૂકંપથી આજે આ ગામ સંપૂર્ણ ધ્વસ્ત થઈ ચૂક્યું છે. જિનાલય પણ જમીનદોસ્ત બની ચૂક્યું છે. આજે આ પ્રતિમા મુંબઈ-વેસ્ટ પાર્લાના જિનાલયમાં બિરાજમાન છે. ભૂકંપમાં ધ્વસ્ત થયેલા મનફરા-જિનાલયની તસ્વીર આ પુસ્તકમાં આપવામાં આવી છે.]

પોતાની આ પ્રતિજ્ઞા સફળ કરવા અહીં પાલીતાણા આવીને ચતુર્થ વ્રતની પ્રતિજ્ઞા લીધી.

ત્યાર પછી ગુરુની તપાસ કરતાં-કરતાં ઘણા વર્ષો નીકળી ગયા. આખરે તેમણે પદ્મવિજયજી મહારાજને [પદ્મવિજયજી નામ યતિ-અવસ્થાનું છે. સંવેગી દીક્ષા સ્વીકારી ત્યારે ગુરુ પં. મણિવિજયજીએ પ્રેમવિજયજી નામ આપેલું, પણ મોટી ઉંમરે સંવેગી દીક્ષા લીધી હોવાથી પદ્મવિજયજી નામ જ પ્રચલિત રહ્યું. સંવેગી દીક્ષામાં પોતાના શિષ્ય જીતવિજયજીથી તેઓ ફક્ત એક જ વર્ષ મોટા હતા.] શોધી કાઢ્યા. આડીસર ગામમાં તેમની પાસે વૈ. સુદ-૩ ના [વિ. સં. ૧૯૨૫] દીક્ષા લીધી. ત્યારે ૨૯ વર્ષની ઉંમર હતી. દીક્ષા પ્રસંગે રાયણનું સૂકું વૃક્ષ નવ-પલ્લવિત થયું ને જે કૂવામાંના પાણીથી દીક્ષા પૂર્વેનું સ્નાન કરવામાં આવ્યું તે કૂવાનું પાણી મીઠું થઈ ગયું.

પૂ. પદ્મવિજયજી મ. પ્રખર જ્યોતિર્વેત્તા હતા, નૈમિત્તિક પણ હતા. આવી ઘટનાથી તેમણે જાણી લીધું : આ જયમલ્લ જીતવિજયજી બનીને હવે મહાન પ્રભાવક બનશે.

વિ. સં. ૧૯૩૮, વૈ. સુદ-૧૧ના જો કે ગુરુ પદ્મવિજયજી મ. કાળધર્મ પામ્યા, પણ એમના આશીર્વાદ સદા તેમના પર વરસતા રહ્યા. પછી જીતવિજયજી મહારાજે મારવાડ, મેવાડ, ગુજરાત, કચ્છ આદિ સ્થળોએ વિચરણ કરી ખૂબ જ ધર્મ પ્રભાવના કરી.

અમે ૧૨ વર્ષ પહેલા વાવમાં ચાતુર્માસ હતા. ત્યારે ત્યાંના વૃદ્ધ પુરુષો કહેતા : અહીં દાદા જીતવિજયજી મહારાજે ચાતુર્માસ કર્યું છે. એમણે ચોમાસી ચૌદશના દિવસે કહેલું : તમે અહીં શાંતિથી પ્રતિક્રમણ કરો. વરસાદની ચિંતા નહિ કરો. ખરેખર એવું જ બન્યું.

પ્રતિક્રમણ પૂરું થતાં જ વરસાદ તૂટી પડ્યો. આવા વચનસિદ્ધ પૂજ્યશ્રી હતા.

જો કે, અમે પૂજ્યશ્રીને જોયા નથી, પણ જેમણે જોયેલા તેમની પાસેથી [પૂ. કનકસૂરિજી મ. પાસેથી] એમને ઘણીવાર સાંભળ્યા છે.

જંબૂસ્વામીએ ભગવાન મહાવીરને ભલે જોયા ન્હોતા, પણ સુધર્મા સ્વામી પાસેથી સાંભળ્યા જરૂર હતા. ભગવાન મહાવીર કેવા હતા ? તેનું વર્ણન સૂયગડંગમાં થયેલું છે. [વિ. સં. ૨૦૩૬ પાલીતાણા ચાતુર્માસમાં સૂયગડંગ પર વ્યાખ્યાન આપ્યા હતા]

ફરી – ફરીને કચ્છ આવી આવીને પૂજ્યશ્રીએ કચ્છ – વાગડ-વાસીઓને ધર્મવાસિત કર્યા. ઉજ્જડ રણભૂમિને વૃંદાવનમાં એમણે પલટાવી. એમનો ઉપકાર આજે પણ તમે સૌ યાદ કરો છો ને ?

પણ સમુદાય પ્રત્યે તમારી જવાબદારી યાદ આવે છે ? મારા કુટુંબમાંથી કોઈકને હું આ ઉપકારી ગુરુદેવો પાસે ભણવા મોકલું – એવું યાદ આવે છે ?

સવારે વિષ્ણુ મંદિરે જતા, વાસી ખીચડી ખાતા, આ સમાજને ધર્મ-માર્ગે વાળવા એમણે અથાગ પરિશ્રમ કર્યો છે, તે ભૂલતા નહિ.

તમે તમારા સંતાનોને આ માર્ગે વાળવા પ્રેરણા આપો તો કંઈક અંશે એ ઉપકારોનો બદલો વાળી શકાય.

પૂ.જીતવિજયજી મહારાજ એ યુગમાં સર્વ સમુદાયોના મહાત્માઓ દ્વારા પ્રશંસા પામેલા હતા. એમનો શિષ્ય પરિવાર પૂ. કનકસૂરિજી, પૂ. આણંદશ્રીજી આદિ પણ પ્રશંસા પામેલા હતા.

આવા ઉપકારી પૂજ્યશ્રી આજના દિવસે પલાંસવા મુકામે સિદ્ધોનું ધ્યાન કરતાં વિ. સં. ૧૯૭૯[કચ્છી સંવત્ ૧૯૮૦] માં કાળધર્મ પામ્યા.

◆ વિ. સં. ૨૦૨૭માં ખંભાતનો ખૂબ જ આગ્રહ છતાં પૂ.દેવેન્દ્રસૂરિજીએ આધોઈ ચાતુર્માસની ઈચ્છા દર્શાવેલી. આધોઈને આ રીતે અનેક મોટા ચાતુર્માસ મળ્યા છે. આજે આધોઈ સંઘ તથા વાગડના સંઘો જે કામો કરી રહેલ છે. તેમાં આ ઉપકારી ગુરુજનોનો પ્રભાવ છે.

**માલશી મેઘજી :** તબીયત નબળી હોવા છતાં ઉપકારી

ગુરુજનોના ઉપકારો વર્ણવ્યા વિના રહેવાતું નથી.

અમે ખેડૂત હતા. વહેલી સવારે જમીને ખેતરે જઈ રાત્રે પાછા આવતા. જાડા રોટલા અને છાસ દ્વારા ચલાવીને પૂ. ગુરુ ભગવંતોએ જે ઉપકાર કર્યો છે તે શી રીતે ભૂલાય ? એમના ઉપકારોની હારમાળા યાદ આવતાં આંખો આંસુથી છલકાઈ જાય છે. [આંખોમાં આંસુ]

આ પ્રસંગે મારે પૂજ્યશ્રીને વિનંતી કરવી છે : "ઓ પૂજ્યશ્રી ! આપ કહો છો કે, "તમારા સંતાનો આ શાસનના માર્ગે આવે." પણ હું કહું છું : તેઓ શી રીતે આવી શકે ? આજે ૯૯% સમાજ મુંબઈમાં રહેલો છે ને મુંબઈ આપ પધારતા નથી. અમારી નવી પેઢી આપની પરંપરાના સાધુઓને શી રીતે ઓળખશે ? મારી ખાસ ભાવભરી વિનંતી છે : આપ પરિવાર સહિત મુંબઈ પધારો.

આ પાટ પર મુંબઈથી મળેલા ૨૦-૨૫ સાધુઓ બિરાજમાન હોય, એવું હું જીવતે - જીવ જોવા માંગું છું. બોલવામાં અવિનય થયો હોય તો 'મિચ્છામિ દુક્કડં' માંગું છું.

**ખેતશીભાઈ મેઘજી** : આજે પૂજ્યશ્રીની સ્વર્ગતિથિના અવસરે ઈચ્છીએઃ એમના ગુણો આપણામાં આવે.

ભગવાન પરની પૂ. દાદાશ્રી જીતવિજયજી મ.ની શ્રદ્ધા કેવી ફળી ? તે આપણે વ્યાખ્યાનમાં સાંભળ્યું.

દૃષ્ટિ મળ્યા પછી એમણે સમગ્ર વાગડ સમાજને દૃષ્ટિ આપી એ એમનું મોટું પ્રદાન આપણાથી શી રીતે ભૂલી શકાય ?

—આજે પહેલી જ વાર અહીં આવ્યો છું. ૮૦૦ની ગણતરી હોવા છતાં ૧૪૦૦ જેટલી આરાધકોની સંખ્યા થઈ છે, તેની જવાબદારી પણ છે. આરાધકોના પાસમાટે ઘણી પડાપડી થઈ છે. હજુ પણ ચાલુ છે. તે પૂજ્યશ્રીની નિશ્રા પામવા લોકોને કેટલી તમન્ના છે તે જણાવે છે. પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મ.ને જે રીતે શાંતિનાથ ભગવાન પર શ્રદ્ધા હતી તે રીતે સર્વ આરાધકોને પૂજ્ય આચાર્યશ્રી પર શ્રદ્ધા છે. એમાં અમે કાંઈ પણ નિમિત્તભૂત બનીએ, એ પણ અમારું મોટું સદ્ભાગ્ય છે. કોઈને કાંઈ કટુ-વચન કહેવાયું હોય તો માફી માંગીએ છીએ.

—આવતી કાલે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ સર્વ સમુદાયના

મહાત્માઓનું પ્રવચન સાત ચોવીશી ધર્મશાળામાં થશે.

—આજે તમામ આરાધકો આયંબિલ કરશે, એવી વિનંતી છે. ૧૦૦૦ જેટલા આયંબિલ તો નક્કી છે જ.

**ડુંગરશી શિવજી :** પૂજ્ય ગીતાર્થ ગુરુદેવના મુખે આજે ગુણાનુવાદ સાંભળ્યા. ગુણાનુવાદ ઘણીવાર સાંભળ્યા છે, પણ આજે સાંભળતાં હૃદય ઝણઝણી ઊઠ્યું.

પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મ. પર બોલવા માટે હું ઘણો નાનો પડું.

પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મ. ના ગુરુદેવ પૂ. પદ્મવિજયજી મ. અમારા ભરૂડીયા ગામના સત્રા કુટુંબના હતા. એમના સ્વર્ગવાસને ૧૧૮ વર્ષ થયા. હજુ ભરૂડીયામાં પૂ. પદ્મવિજયજી મ. પછી બીજી કોઈ વ્યક્તિ (સાધુ મ.) આ સમુદાયમાં દીક્ષિત બની હોય તેમ જાણ્યું નથી. પૂજ્ય ગુરુદેવ ! આપ કૃપા વરસાવો અને કંઈક એવું કરો જેથી આ મહેણું ભાંગે.

**હીરજી પ્રેમજી :** અમે ભલે પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મ. ને જોયા નથી, પણ સાંભળ્યા જરૂર છે.

અમે ઓસવાળ ભાઈઓ, માત્ર વિષ્ણુમંદિરોમાં જઈ ટોકરી વગાડવાનું જાણતા ! પણ પૂજ્ય ગુરુદેવની મીઠી નજર પડી અને અમારી અંદર સુષુપ્ત જૈનત્વ જાગી ઊઠ્યું. પૂ. દેવેન્દ્રસૂરિજી, પૂ. કલાપૂર્ણસૂરિજી આદિ મહાત્માઓનો આધોઈ તેમજ– સમગ્ર કચ્છ–વાગડ પર ઘણો જ ઉપકાર છે.

પૂજ્ય આચાર્યશ્રીની પ્રત્યેક આજ્ઞા આધોઈ સંઘે સદા સ્વીકૃત કરી છે, હજુ પણ કરશે, તેવી ખાતરી આપું છું.

**केसरीचंदजी :**

**महापुरुषों का गुणानुवाद जीवन का परम सौभाग्य है ।**

**पूज्य दादाश्री जीतविजयजी म. को जिस प्रकार प्रभु-भक्ति थी, प्रभु पर श्रद्धा थी, वैसी श्रद्धा हमारे हृदय में हो ऐसी प्रार्थना है ।**

નારણભાઈ ત્રેવાડીયા દ્વારા ગુરુ ગુણ ગીત. [આ નારણભાઈ ત્રેવાડીઆ ખૂબ જ સારા પ્રભુ–ભક્ત, ગુરુભક્ત અને કવિ હતા. આધોઈ મુકામે ભૂકંપની દુર્ઘટનામાં તેમનો સ્વર્ગવાસ થયો છે.]

**બપોરે વાચના :**

◆ જેટલું પણ શ્રુતજ્ઞાન આજે બચ્યું છે તે આપણા કલ્યાણ માટે પર્યાપ્ત છે.

પણ આજે તો હાલત એવી છે કે ૪૫ આગમના નામ પણ બરાબર આવડે તોય મોટી વાત ગણાય.

૪૫ આગમમાં વર્ણન તો મળે, પણ એ પ્રમાણેનું જીવન જોવા-વાંચવા મળે ત્યારે ખૂબ જ આનંદ થાય આજે એવું જ એક જીવન [પૂ.શ્રી જીતવિજયજી મ.નું] સવારે આપણને સાંભળવા મળ્યું.

◆ અસંગ-અનુષ્ઠાન મેળવવા આપણે ઉત્સુક છીએ. જલ્દી આત્માનુભવ થઈ જાય તો કેટલું સારું ? પણ **આત્માનુભવ [અસંગ] માટે ભગવાનની આજ્ઞાનું પાલન [વચન યોગ] જોઈએ. ભગવાનની આજ્ઞા તો જ બરાબર પાળી શકાય જો એમના પર હૃદયપૂર્વકની ભક્તિ [ભક્તિયોગ] હોય. ભક્તિ તો જ આવે જો ભગવાન પર હૃદયનો પ્રેમ [પ્રીતિયોગ] હોય.**

શરૂઆત હંમેશા પ્રીતિયોગથી થઈ શકે. પણ આપણે સીધો જ ચોથો માળ [અસંગ યોગ] ચણવા માંગીએ છીએ.

પાયા વિના ઘર બની શકે તો પ્રીતિયોગ વિના અસંગયોગ આવી શકે. લગભગ ૧૫૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા [પૂર્વધરોના નિકટવર્તી] પૂજ્યશ્રી હરિભદ્રસૂરિજીના આ પદાર્થો છે. એમના કેટલાક પદાર્થો આપણને સાવ જ નવા લાગે, આગમમાં ન હોય તેવા લાગે, પણ સમજવું પડશે : એમનો કાળ પૂર્વધરોની નજીકનો હતો, પૂર્વો ભલે વિચ્છિન્ન થઈ ગયા હશે, પણ એમના કંઈક છાંટાઓ રહી ગયા હશે, જે આવા પદાર્થોથી આપણને સમજાય છે.

હરિભદ્રસૂરિજી કહે છે : વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમ વિના આવા સૂત્ર [ચૈત્યવંદન સૂત્ર] પ્રત્યે પ્રેમ ન પ્રગટે, વિધિ તત્પરતા ન આવે, ઔચિત્ય પણ ન આવે.

આ લોક વિરુદ્ધ વર્તન [જુગાર આદિ સાત વ્યસન વગેરે] કરનારો આવા સૂત્ર માટે યોગ્ય ન ગણાય. માથું ઠેકાણે ન હોય તે જ આ લોક - પરલોક વિરુદ્ધ કાર્ય કરે. બુદ્ધિશાળી તો બન્ને લોકમાં હિતકર હોય તેવી જ પ્રવૃત્તિ કરે.

આ લલિત-વિસ્તરા [આ નામનો બૌદ્ધોમાં પણ એક ગ્રન્થ છે.] નો જો તમે બરાબર અભ્યાસ કરો તો તમારું ચૈત્યવંદન મહાન યોગ બન્યા વિના ન જ રહે.

આથી તમારી દરેક પ્રવૃત્તિના કેન્દ્રમાં ભગવાન રહેશે. ભગવાન હોય ત્યાં કષાયો કેવા ? ત્યાં અકલ્યાણ કેવું ?

"એ જિનધ્યાને ક્રોધાદિક જે આસપાસથી અટકે."

–ન્યાયસાગરજી

બખ્તર પહેરેલા યોદ્ધાને શસ્ત્ર ન લાગે, તેમ પ્રભુ-ભક્તિના બખ્તરવાળા ભક્તને મોહના શસ્ત્રો લાગતા નથી.

"વિષય લગનકી અગનિ બુઝાવત, તુમ ગુણ અનુભવ ધારા;
ભઈ મગનતા તુમ ગુણ રસકી, કુણ કંચન કુણ દારા ?

–ઉપા. યશોવિજયજી મ.

◆ ત્રણમાંના દરેકના પાંચ-પાંચ લક્ષણો અહીં બતાવે છેઃ [કુલ ૧૫ લક્ષણો થશે.]

◆ બહુમાનવાળાના પાંચ લક્ષણો :

**(૧) તત્કથાપ્રીતિ**

**(૨) નિંદા-અશ્રવણ**

**(૩) નિંદક પર દયા**

તે તે યોગ્યવાળી વ્યક્તિઓની કથા સાંભળતાં પ્રેમ જાગે, બહુમાન જાગે, તે ઈચ્છાયોગ છે.

**इच्छा तद्वत्कथाप्रीतिः ।**

ભગવાન પર પ્રેમ છે, એમ ક્યારે જાણી શકાય ? એમની નિંદા થતી હોય તો સાંભળી નહિ શકાય. આગળ વધીને નિંદક પર પણ દ્વેષ નહિ આવે, પણ કરુણા આવશે : બિચારો આવી રીતે ભગવાનની આશાતના કરીને ક્યાં જશે ?

**(૪) ચિત્તનો વિન્યાસ :** ચૈત્યવંદનાદિ જે જે ક્રિયા ચાલતી હોય તે તે વખતે ચિત્ત તેમાં જ હોય. ફોન વખતે મન કેવું એકાગ્ર હોય છે ?

**(૫) પરા જિજ્ઞાસા :** પ્રકૃષ્ટ જિજ્ઞાસા

◆ વિધિતત્પરના પાંચ લક્ષણો :

**(૧) ગુરુનો વિનય :**

**(૨) સત્કાળની અપેક્ષા :** જે કાળે જે કરવાનું હોય તે કરવાની અપેક્ષા જરૂરી છે. દા.ત. ત્રિકાળપૂજા. સવારે વાસક્ષેપ પૂજા, બપોરે ચંદન પૂજા, સાંજે આરતિ પૂજા.

**(૩) ઉચિત આસન :**

**(૪) યુક્ત સ્વરતા :** અન્યને વ્યાઘાત ન થાય તેવો અવાજ કાઢવો. દેરાસરમાં વડીલો બેઠેલા હોય ત્યારે મોટે સ્વરે ન બોલાય. આ અવિનય છે. નાના-મોટા કોઈના યોગમાં બાધા ન આવે તે રીતે અવાજ કાઢવો. આને યુક્ત સ્વરતા કહેવાય.

દા.ત. આદિનાથના દરબારમાં ગયા હોઈએ ને બધાની સાથે મેળ જામતો હોય તો સાથે સ્તવનાદિ બોલી શકાય. જો એમ ન થતું હોય તો વિવેક રાખવો.

**(૫) પાઠનો ઉપયોગ :** ચૈત્યવંદન વખતે બોલાતા સૂત્ર વખતે ધ્યાન હોય. એક વખત નહિ, હંમેશ ઉપયોગ હોય.

◆ ઉચિત વૃત્તિના પાંચ લક્ષણો :

**(૧) લોકપ્રિયતા :**

**(૨) અગર્હિત ક્રિયા :** આ લોક-પરલોક વિરુદ્ધ કાર્યો જ ન હોય કે કોઈ નિંદા કરે.

**(૩) સંકટ વખતે ધૈર્ય :**

**(૪) શક્તિ પ્રમાણે ત્યાગ :**

**(૫) લબ્ધ લક્ષતા :** જે ધ્યેય નક્કી કરેલ હોય તે ન મળે ત્યાં સુધી બેસી ન રહે.

આ ૧૫ ગુણો મળતા હોય તેવા અધિકારી જિજ્ઞાસુને આ પાઠ આપવો. નહિ તો દોષ લાગે.

◆ પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. કહેતા : એક નવકાર બરાબર આત્મસાત્ કરીએ તોય ઘણું.

એક નવકાર સૂત્ર, અર્થ, તદુભયથી આત્મસાત્ કરવા દ્વાદશાંગી જોઈશે.

તદુભય એટલે જેવું ભણ્યા છીએ તેવું જીવનમાં ઊતારવું !

જ્ઞાનાચારનો આ ભેદ હોવા છતાં આ ચારિત્રાચાર હોય તેવું લાગે. જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા, ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા– અહીં પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તથા આસેવન શિક્ષાથી જીવન જીવવાની વાત જ આવી છે.

◆ દૂધપાક સારામાં સારો છે, પણ ખાનારની હોજરી જોઈને જ અપાય. તેમ સૂત્ર સારામાં સારા હોય પણ સામેવાળાની યોગ્યતા મુજબ જ અપાય. ટાઈફોઈડવાળાને દૂધપાક ન અપાય તેમ અયોગ્યને સૂત્ર ન અપાય.

અહીં અયોગ્ય પર દ્વેષ નથી, પણ કરુણા જ છે. ટાઈફોઈડવાળા પર દ્વેષ થોડો છે ? એ જો દૂધપાક ખાશે તો એને જ નુકશાન થશે. અયોગ્ય સૂત્ર ભણશે તો સૌ પ્રથમ એને જ નુકશાન થશે.

**◆ કોઈપણ કાર્યમાં સફળતા મેળવવી હોય તો ભગવાનને આગળ કરો. ભગવાન સાક્ષાત્ ન હોય તો ભગવાનનું વચન [શાસ્ત્ર] આગળ કરો. એ જો આગળ છે તો ભગવાન જ આગળ છે, એમ માનજો.**

**ભગવાન જ્યાં આગળ છે ત્યાં સફળતા મળે જ મળે.**

◆ "ચાલે છે તેમ ચાલવા દો ને ! વિધિ–અવિધિની માથાકૂટ મૂકો. બધા કરે તેમ કરો." આવી વૃત્તિ લોકસંજ્ઞા છે. લોકસંજ્ઞા એટલે ગતાનુગતિકતા ! લોકહેરી ! આનો ત્યાગ કર્યા વિના વિધિમાં આદર નહિ કેળવી શકાય.

◆ દુકાનમાં બેસાડતાં પહેલા પુત્રને પિતા અનેક બાજુઓનું જ્ઞાન કરાવે તેમ ગ્રન્થના પ્રારંભ પહેલા યોગ્યતા – અયોગ્યતા આદિની વાતો ગ્રન્થકાર કહે છે.

એક વાત સમજી લો : માર્ગ પર ચાલવું હોય તો શાસ્ત્રાનુસારી વચનો સિવાય બીજો કોઈ ઉપાય નથી.

**પૂજ્ય મુનિ શ્રી ધુરંધરવિજયજી મ. :**

બુદ્ધિ આપણને ભ્રાન્ત કરે છે. બુદ્ધિને એક બાજુએ રાખો. મૃતવત્ જીવો. અહંકારનું મૃત્યુ એજ સાધુનું જીવન ! ગૃહસ્થ મૃત્યુ પછી સફેદ કપડું ઓઢે, તે હંમેશા આપણે ઓઢીએ છીએ.

કાયદાની ભાષામાં આપણું 'સિવિલ ડેથ' થઈ ચૂક્યું છે.

અહંના મૃત્યુ વિના ગુરુ-સમર્પણ ન આવે. એ વિના સાધકતા ન પ્રગટે. સાધકમાટે સદ્ગુરુ એ જ શાસ્ત્ર. કોર્ટમાં જજ બોલે તે જ કાયદો કહેવાય તેમ.

પ્રભુમાં ડૂબેલા સદ્ગુરુ [પૂ. કલાપૂર્ણસૂરિજી] તમને મળ્યા છે, તે તમારું મોટું સૌભાગ્ય છે.

ભગવાનની વાત કરતાં ગદ્ગદ્ બની જાય, પ્રતિપળે ભગવાન જ યાદ આવે, એ જ સદ્ગુરુ છે.

હરિભદ્રસૂરિજી યાકિની મહત્તરાને ક્યાંય નથી ભૂલતા. તેમ પ્રભુભક્ત ઉપકારીને કદી નથી ભૂલતા. ભલે એ ઉપકારી સાવ નાનો હોય.

સંયમ લીધું એટલે પસંદગી છોડી. મને આ ફાવે ન ફાવે એ શબ્દ સાધુ- સાધ્વીના ન હોય. ગમે તેવી પરિસ્થિતિ હશે, હું ગુરુની પ્રત્યેક વાત માથે ચડાવીશ.

એક અજૈન પ્રસંગ કહું :

સૌ પ્રથમ આવેલા સાધકને ગુરુ કહે છે : કચરો કાઢ.

પેલો કચરો કાઢવાનું શરૂ કરે છે. ગુરુ નથી કહેતા ત્યાં સુધી તે કચરો કાઢતો જ રહે છે.

આપણને તો 'સ્વામી સાતા છેજી ?' નો જવાબ ન મળે તોય મોઢું ચડી જાય. ૧૨ વર્ષ સુધી પેલો કચરો કાઢતો રહે છે.

ધૈર્ય વિના ગાંઠ ન છૂટે, માર્ગ ન મળે.

ગુરુએ શું કરવું જોઈએ ? તે નહિ, આપણે શું કરવું ? તે શીખવાનું છે.

ગુરુએ શું કરવાનું ? એવું વિચારનારનું આ શાસનમાં સ્થાન નથી.૧૨ વર્ષે ગુરુએ પૂછ્યું : 'બેટા ! તું શું કરે છે ?'

'કચરો કાઢું છું આપની આજ્ઞા મુજબ !'

'જા, બેટા... ! તારો બધો કચરો નીકળી ગયો.'

પેલાનો અંદરનો બધો જ કચરો નીકળી ગયો. મન શુદ્ધ થઈ ગયું. અહીં ગુરુ આજ્ઞાપૂર્વકની પ્રત્યેક આજ્ઞાઓ નિર્જરાનું કારણ છે.

આપણે વ્યાખ્યાનમાં સ્ટેટસ માનીએ, પણ પાણી લાવવું, કાજો કાઢવો વગેરે સ્ટેટસથી બહારના કાર્યો માનીએ છીએ.

પૂ. પં. ભદ્રંકર વિ. મ. ને ઘણીવાર પૂછતો : આપના પછી અમારું શું ? અમને કોણ માર્ગદર્શન આપશે ? સદ્ગુરુને કઈ રીતે ઓળખવા ? તેઓ કહેતાઃ "જે પોતાના સદ્ગુરુ અને ભગવાનને યાદ કરતાં ગદ્ગદ્ બની જાય તે સદ્ગુરુ છે, એમ માનજો. જ્ઞાન ન જોશો.."

માત્ર અષ્ટપ્રવચન-માતાનું જ્ઞાન ચાલશે, પણ તે પ્રભુમાં ખોવાઈ ગયેલો હોવો જોઈએ. એ વ્યક્તિ બધું જ આપી શકે. માત્ર ગ્રહણ કરનારે ખાલી થવાની જરૂર છે.

◆ પ્રકામ-તીવ્ર, નિકામ-વારંવારની નાની-નાની ઈચ્છાઓ-માંથી મુક્ત થવાનું છે. એ વિના ગુરુ-સમર્પણ નહિ આવે. ઈચ્છા થઈ ત્યાં સમર્પણ ગયું. ઈચ્છા છે ત્યાં ભાવનિદ્રા છે, ઈચ્છાથી તમે દોડો તો પણ ઊંઘતા જ છો. મુનિ સદા જાગતા હોય. ઈચ્છાના કારણે ગુરુની શક્તિની ધારા અટકી જાય.

પેટ્રોલથી મોટર દોડે, તેમ પ્રભુ-શક્તિથી આપણે ધર્મક્રિયા કરી રહ્યા છીએ - એમ માનીએ તો જ સાચો ધર્મ બને.

આપણો ધર્મ સંસાર-હેતુ !

પ્રભુનો ધર્મ મોક્ષ - હેતુ !!

આપણે આપણો ધર્મ માની બેઠા.

**'शिष्यस्य सर्वं गुर्वायत्तम्'।**

**'गुरोः सर्वं परमायत्तम्'।**

પરમ [પ્રભુ]ને આધીન ન હોય તે ગુરુ જ નથી. પ્રભુ ગુરુ વિના સીધા ન જ મળી શકે, એમ પંચસૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે.

ઈચ્છાઓથી નિરાવરણ બને તે જ ગુરુના - અનુગ્રહના પાત્ર બની શકે. મારે કશું કરવું નથી. ગુરુ કહે તે જ કરવું છે. મેં કર્યું માટે તો સંસારમાં ભમ્યો.

પકડે છે પોલીસ, પણ ખરેખર સરકાર પકડે છે.

કરીએ છીએ ધર્મ આપણે, પણ કરાવે છે પ્રભુ.

ગુરુ પ્રભુના માધ્યમ છે.



પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

# બીજાના હિતનો વિચાર તે મૈત્રી

વાગડ સાત ચોવીશી ધર્મશાળા

અષાઢ વદ-૭

૨૩-૭-૨૦૦૦, રવિવાર

સામુદાયિક પ્રવચન,

વિષય : મૈત્રી

પૂજ્ય આચાર્ય શ્રી વિ. કલા-પૂર્ણસૂરિજી :

धर्म-कल्पद्रुमस्यैताः मूलं मैत्र्यादि-भावनाः ।
यैर्न ज्ञाता न चाऽभ्यस्ताः स तेषामतिदुर्लभः ।।

અનંત ગુણોના ભંડાર અનંત કરુણાના સાગર તીર્થંકર ભગવંતોએ જે મુક્તિમાર્ગ બતાવ્યો તેના દ્વારા અનેક આત્માઓ મોક્ષે ગયા. ૭૦૦ સાધુ - ૧૪૦૦ સાધ્વીજીઓ, ગૌતમસ્વામીના ૫૦,૦૦૦ શિષ્યો વગેરે અનેક મોક્ષે ગયા.

પ્રભુની કૃપાથી જ નિગોદથી નીકળીને આપણે અહીં સુધી બરાબર

મધ્યમાં આવ્યા છીએ. હવેનો માર્ગ જ કપરો છે. અત્યાર સુધી પ્રભુ-કૃપા હતી, તેમ હવે પણ પ્રભુ-કૃપાથી જ માર્ગમાં આગળ વધાશે.

◆ લલિત વિસ્તરા વાંચવાથી ખ્યાલ આવશે : તીર્થંકરનો કેટલો મહિમા છે ? આ વાંચવાથી હૃદય પ્રભુને સમર્પિત બનશે.

**આજે તમે જોઈ રહ્યા છો : અનેકાનેક પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો અહીં ઉપસ્થિત છે, જે સૌ સિદ્ધાચલની સ્પર્શના માટે આવેલા છે. સ્વયં ભગવાન આદિનાથ આવતા હોય તો બીજા કેમ ન આવે ?**

**સામુદાયિક રૂપે સૌને ભાવના થઈ કે બધા એકઠા થઈને શા માટે મૈત્રીના તંતુને સદૃઢ ન કરવો ?**

ભગવાન, સંઘ તથા સકલ જીવરાશિનો ઉપકાર માને. કારણ કે એમના પરની કરુણાથી જ તેઓ ભગવાન બન્યા છે.

ભગવાનને ભગવાન બનાવનાર કરુણા છે. એ કરુણા જ એમને સર્વ જીવો પ્રત્યે વિનય કરવા પ્રેરે છે. ભગવાન પણ વિનય ન છોડે તો આપણાથી કેમ છોડાય ?

આજે મૈત્રી ભાવના પર બોલવાનું છે.

મેં કહેલું : પહેલા આપણે જીવીને બતાવીએ. પછી સૌને કહીએ.

મૈત્રીભાવથી ઓતપ્રોત બનેલો આપણો સંઘ કેટલો શોભે ?

આજે વાત્સલ્યભાવ, મૈત્રીભાવ જે મૃતપ્રાયઃ બની ગયો છે, તેને પુનર્જીવિત કરવો પડશે.

ચાર ભાવનાઓનું સ્વરૂપ સ્વયં ભગવાને કહ્યું છે.

ધર્મ જો કલ્પવૃક્ષ છે તો આ ચાર ભાવનાઓ તેના મૂળ છે.

શાસ્ત્રોનું દોહન કરીને તારવેલું માખણ છે - આ ચાર ભાવનાઓ. જેઓ આ જાણતા નથી જેઓ એને જીવનમાં લાવતા નથી તેઓ ધર્મની આશા છોડી દે.

જે ભાવના વિના ધર્મ મૂલ્યહીન ગણાય એ ભાવનાઓનું મહત્ત્વ કેટલું ?

**परहितचिन्ता मैत्री** - બીજાના હિતનો વિચાર તે મૈત્રી.

આપણે માત્ર પોતાનો જ વિચાર કરીએ છીએ. તે જ મોહ છે. આ ધર્મ મોહની ચુંગાલમાંથી સૌ પ્રથમ છોડાવે છે.

ચતુર્વિધ સંઘનો પ્રત્યેક સભ્ય એટલે મોહરાજાની સામે જંગે ચડનારો બહાદૂર યોદ્ધો ! મોહ-પરાજયનું લક્ષ ન હોય તે જૈન નથી.

અનાદિથી ચાર કષાયો આપણામાં કબજો જમાવીને બેઠેલા છે. કષાયથી મુક્તિ ન મળે ત્યાં સુધી સંસારથી મુક્તિ નહિ મળે.

કષાયોથી ભાવના દ્વારા જ મુક્તિ મળી શકશે.

મૈત્રીથી ક્રોધ, પ્રમોદથી માન, કરુણાથી માયા, માધ્યસ્થ્યથી લોભ જીતાય છે. તમે વિચારશો તો બરાબર સમજાઇ જશે.

**મૈત્રી હશે ત્યાં ક્રોધ નહિ રહી શકે, પ્રમોદ હશે ત્યાં માન નહિ રહી શકે, કરુણા હશે ત્યાં માયા નહિ રહી શકે, માધ્યસ્થ્ય ભાવના હશે ત્યાં લોભ નહિ રહી શકે.**

ગયા ગુરુવારે વાચનામાં સૌ આચાર્યભગવંતો અમારે ત્યાં આવેલા ત્યારે મૈત્રીની વાતો નીકળેલી. ત્યારે મૈત્રી માટે શાસ્ત્રાધાર આપ્યો હતો. જીવોના એક - બે - ત્રણ એમ ઘણા ભેદો છે. એક ભેદ કઇ રીતે ? ઉપયોગની અપેક્ષાએ.

ઉપયોગ સર્વમાં છે. ઉપયોગની અપેક્ષાએ સર્વ જીવો એક છે. જીવાસ્તિકાય દ્વારા પણ એકતા સિદ્ધ થશે.

મેં કહેલું : જીવાસ્તિકાય આદિ સમજીને આપણે મૈત્રી ન કેળવી શકીએ તો સાચું સાધુપણું નહિ આવી શકે.

સૌથી પહેલું વ્રત : પ્રાણાતિપાત વિરમણ છે. એ મૈત્રીનું પૂરક જ છે. પ્રશ્ન વ્યાકરણમાં અહિંસાના ૬૦ પર્યાયવાચી શબ્દો છે. જેમાં એક નામ 'શિવા' પણ છે. શિવા એટલે કરુણા. એ જ તીર્થંકરની માતા છે.

"**अहं तित्थयरमाया सिवादेवी**" આ શિવાદેવી તે કરુણાદેવી !

આ પાયો છે. આના પર ચણાયેલી સાધનાની ઇમારત જ મજબૂત બનશે.

હવે અન્ય પૂ. આચાર્ય ભગવંત કહેશે. એમનો અવાજ મોટો

છે. બધા સાંભળી શકશે. બધો સમય હું જ લઈ લઉં – એ ન શોભે. ભલે મારા માટે અર્ધો કલાક રાખ્યો હોય પણ મારે વિચારવું જોઈએ.

**પૂ. આ. શ્રી હેમચન્દ્રસાગરસૂરિજી :** સાહેબજી ! અમે એવા કંજૂસ નથી. આપ હજુ ચલાવો.

**પૂજ્યશ્રી : જે દિવસે કોઈ સાથે કંઈપણ કટુતા થયેલી હોય તે દિવસે સાધનામાં મારું મન ન લાગે. આપણે આપણી સાધના પણ બરાબર કરવી હોય તો પણ સર્વ સાથે મૈત્રી કેળવવી પડશે.**

કોઈને પણ તમે કહેશો : 'તું મારો મિત્ર છે.' એ ચોક્કસ રાજી થશે. જીવો સાથે પહેલા મિત્રતાનો સંબંધ, પછી આત્મતુલ્ય સંબંધ અને પછી એકતાનો સંબંધ કેળવવાનો છે. એથી પણ આગળ વધીને સર્વમાં પરમાત્મદૃષ્ટિ આવશે. સર્વમાં બિરાજમાન પરમાત્મા દેખાશે.

આપણો સંઘ મૈત્રીપૂર્ણ બને, એ જ શુભકામના !

**પૂ. મુનિશ્રી ધુરંધરવિજયજી :** આટલા બધા આચાર્ય ભગવંતોનું એક સાથે દર્શન ઘણા માટે પહેલીવાર હશે. ધન્ય છે આ ક્ષણ જ્યાં આ બધાનું દર્શન થાય છે.

આ જ સમવસરણ છે. અહીં જ ભગવાન છે, એમ અનુભવાશે.

આપણા પરમ સદ્ભાગ્યે પ્રભુના પરમ ભક્ત, આગમોના રહસ્યોના ઉદ્ઘાટક પૂજ્ય આચાર્ય શ્રી વિ. કલાપૂર્ણસૂરિજી મુખ્ય આચાર્ય ભગવંત તરીકે છે.

**પૂજ્ય આચાર્ય ભગવંતના શબ્દો ભલે તમને ન સંભળાયા હોય, પણ એ શબ્દોના તરંગો તો અહીંથી વહ્યા જ છે. તમને એ પવિત્ર શબ્દો સ્પર્શ્યા જ છે. તમને એની અસર પણ થઈ જ છે. તમને સંભળાતું ન હોવા છતાં તમે શાન્તિથી બેઠા રહ્યા તે જ આ વાતનું પ્રતીક છે.**

અહીં પૂ. રામચન્દ્રસૂરિજી, પૂ. સાગરજી, પૂ. ભુવનભાનુસૂરિજી, પૂ. ધર્મસૂરિજી, પૂ. નેમિસૂરિજી, પૂ. ૐકારસૂરિજી, વિમલશાખા, ત્રિસ્તુતિક, અચલગચ્છ આદિ સમુદાયના મહાત્માઓ હાજર છે.

આજે શિષ્યો આગળ બેઠા છે. ગુરુ પાછળ બેઠા છે. જાણે

શિષ્યોની પીઠ થાબડી રહ્યા છે.

પ્રાચીનકાળમાં ચાર જૈન રાજધાનીઓ હતી એવો ઉલ્લેખ મળે છે.

સમ્યક્ત્વ સપ્તતિકા ગ્રન્થના મલ્લવાદીના પ્રબંધમાં લખ્યું છે : પટણા [પાટલીપુત્ર], પૈઠણ [પ્રતિષ્ઠાનપુર], વલભીપુર [વળા], જીર્ણદુર્ગ [જૂનાગઢ] આ ચાર જૈન રાજધાનીઓ હતી, જ્યાં બધા જ ગચ્છના ઉપાશ્રયો હતા.

અત્યારે રાજનગર [અમદાવાદ] અને પાલીતાણા રાજધાની ગણાય. આજે તમે અહીં ઉપસ્થિત છો, તે સૌભાગ્ય માનજો.

કોઈનો અવાજ નાનો હોય તોય ચિંતા નહિ કરતા. દર્શન કરીને સંતોષ માનજો.

બધાને મોટી આશા છે : આટલા આચાર્ય ભગવંત શું કરશે ? અમારે મૈત્રી કરવાની છે, લડવાનું નથી. લડવાનું છે; કર્મ સાથે. ભળવાનું છે; પ્રભુમાં ! આ જ અમારું કર્તવ્ય છે.

શ્રી ભદ્રબાહુસ્વામી નેપાળમાં મહાપ્રાણાયામ ધ્યાન માટે ગયેલા. ૧૨ વર્ષનો દુકાળ પડ્યો. શ્રુત પરંપરા વિચ્છિન્ન થવા લાગી. તમારો ધંધો ચોપડાથી ચાલે તેમ પ્રભુશાસન શ્રુતથી ચાલે. બધાની ફરજ છે : શ્રુત પરંપરા અચ્છિન્ન રાખવી. જેની પાસે જે [શ્રુતજ્ઞાન] હોય તે લેવું. વિદ્યાર્થી બનીને આચાર્ય ભગવંત પણ તેની પાસે જાય.

પાટલીપુત્રમાં શ્રમણસંઘ ભેગો થયો. ૧૧ અંગ મળ્યા, પણ દૃષ્ટિવાદ ન મળી શક્યો. દૃષ્ટિવાદના જ્ઞાતા એકમાત્ર ભદ્રબાહુ સ્વામી નેપાળમાં હતા. બે સાધુ દ્વારા તેમને નિમંત્રણ આપવા છતાં 'જરૂરી ધ્યાનના કારણે હું નહિ આવી શકું.' તેવો જવાબ મળ્યો. ફરી બે મુનિ દ્વારા તેમને પૂછાવ્યું : જે સંઘની આજ્ઞા ભાંગે તેને શું પ્રાયશ્ચિત્ત આવે ?

ભદ્રબાહુસ્વામી ચોંક્યા : હું સંઘનો દાસ છું, જે કહે તે કરવા બંધાયેલો છું.

શ્રમણસંઘના મોવડીના આ શબ્દો છે. તીર્થંકરો પણ'**नमो तित्थस्स**' કહીને જેને નમે તેને ભદ્રબાહુસ્વામી શી રીતે અવગણી

શકે ?

" ત્યાં ન આવી શકું, પણ સાંભળીને યાદ રાખી શકે તેવા બુદ્ધિમાન મુનિઓને મોકલો." હું રોજ ૭ વાચનાઓ આપીશ."

આ છે સંઘની ગરિમા...

**'आयरिय उवज्झाए'** આ સૂત્રની પ્રથમ ગાથામાં આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ, ગણ સાથે જે કષાયો કર્યા હોય તેમ કહ્યું, પણ 'પૂજ્ય' શબ્દનો પ્રયોગ થયો છે સકલ શ્રમણ સંઘ માટે. આગળની ગાથામાં જુઓ, **"सव्वस्स समणसंघस्स भगवओ।" સંઘને 'ભગવાન' શબ્દથી નવાજ્યો છે, ભગવાન શબ્દ પૂજ્યતા-વાચી છે. એવા શ્રમણ સંઘનું મૂલ્ય આંકી ન શકાય.** આ તીર્થની યાત્રા દરરોજ દર્શનરૂપે કરી શકાય. દર રવિવારે આ દર્શન થઈ શકે.

ભેગા થવું એ જ મંગળ ! એ જ શક્તિનો સંચય ! એક બીજા પ્રત્યે સદ્ભાવવાળા મુનિઓ ભેગા બેસે, તેથી એવી મહાશક્તિ ઉત્પન્ન થાય, જેની કલ્પના ન થઈ શકે.

બોલશે તો કોઈ એક જ, પણ તે બધાની વતીથી જ બોલશે. મારી શી તાકાત બોલવાની ? પણ બધાનું પીઠબળ છે ને ?

તમે સૌ ગામ-ગામના ભેગા થયા છો, પણ ક્યાંય ઝગડો થયાનું સાંભળ્યું નથી. થાય પણ ક્યાંથી ? શરૂઆતથી જ શ્રમણસંઘના દર્શનથી મંગળ થયું છે. હવે એ મંગલ દર સાત દિવસે થતું જ રહેવાનું.

◆ ઈશુના ૨૦૦૦ વર્ષ પૂરા થયા છે, હવે મહાવીર સ્વામીના વર્ષો શરૂ થવા જોઈએ, ઈશુના વર્ષો એટલે લડાઈના વર્ષો. હવે લડાઈના નહિ, મૈત્રીના વર્ષો જોઈએ.

અમારા ગુરુદેવ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.ની આ જ ઈચ્છા હતી. ભલે આજે હયાત નથી, પણ એ અદશ્યરૂપે સક્રિય છે જ.

આ સકલ સંઘનું મિલન તેનો પૂરાવો છે.

**પૂજ્ય આચાર્ય શ્રી વિજય જગવલ્લભસૂરિજી :**

**येन ज्ञानप्रदीपेन, निरस्याऽभ्यन्तरं तमः ।**

**ममात्मा निर्मलीचक्रे, तस्मै श्रीगुरवे नमः ।।**

ધર્મચક્રવર્તી પ્રભુ શ્રી મહાવીરદેવના પ્રભાવે આપણે સમતાંગણમાં ઉપસ્થિત થયા છીએ.

સૌને મૈત્રીભાવથી ભાવિત કરવા છે. અંતરાત્મા કહે છે : કોઈને મૈત્રી માટે કહેવાની જરૂર નથી, જાણે મૈત્રી પ્રગટેલી જ છે.

કોઈ પણ ક્ષેત્રમાં મૈત્રી વિના ન ચાલે. સાધુપણામાં પણ મૈત્રી જોઈએ. મિત્રો હશે પણ મૈત્રી ન હોય તો ? **મૈત્રી વગરના મિત્રો નકામા !** પૂજ્ય આચાર્ય ભગવંતની અધ્યક્ષતામાં મૈત્રીનું મંગલ માણતાં આપણો આત્મા સમ્યગ્દર્શનની સ્પર્શના કરતો સદ્ગતિ અને સિદ્ધિગતિ પામે, એજ.

**પૂજ્ય આચાર્ય શ્રી યશોવિજયસૂરિજી :**

આ ચાતુર્માસ અહોભાવની ધારામાં ઝૂમવાનું બની જશે. અજૈન સંત સૂરદાસ કહે છે : સદા અમારી આંખોમાં વર્ષાઋતુ રહો. પ્રભુને જોતાં જ આંખોમાંથી હર્ષાશ્રુના તોરણો બંધાવા જોઈએ. પૂરું ચાતુર્માસ આ રીતે પસાર કરવાનું છે.

◆ મારા ખાસ ત્રણ શબ્દો છે : રૂપ પરમાત્મા, વેષ પરમાત્મા, શબ્દ પરમાત્મા.

**◆ પૂ. યશોવિજયજી એ ગાયું છે :**

ઈતની ભૂમિ પ્રભુ ! તું હી આણ્યો, પરિ પરિ બહુત બઢાવત મામ

હે પ્રભુ ! નિગોદમાંથી ઊંચકીને આપ જ અહીં સુધી લાવ્યા છો. હવે બે – ચાર ગુણઠાણા આગળ વધારી દો તો શો વાંધો છે ?

પુત્ર પૂછે છે : મમ્મી ! મામાનું ઘર કેટલે ?

મમ્મી : 'દીવો બળે એટલે'

ભગવાન કહે છે : હવે મુક્તિનું ઘર ક્યાં દૂર છે ?

જોસેફ મેકવાને એક ઇંગ્લીશ કૃતિનો અનુવાદ કર્યો છે : એક

યાત્રિક ભક્ત રણમાં એકલો જઈ રહ્યો છે.

પ્રવાસમાં એકલા મજા ન આવે.

ઇંગ્લીશમાં લોકો માટે ત્રણ કંપની છે, ચાર ભીડ છે. આપણે ત્યાં એક કંપની છે. બે ભીડ છે.

'પ્રભુ ! મારી સાથે તમે ન આવો ?' પેલા યાત્રિકે ભગવાનને કહ્યું. આપણે કરીએ તેથી પરમ ચેતના આપણી વધુ પ્રતીક્ષા કરી રહી છે. ભગવાન આવવા તૈયાર છે, માત્ર આપણા આમંત્રણની જરૂર છે.

થોડીવારમાં જ તેને બે પડછાયા દેખાયા. પ્રભુ છે, તેમ તેને લાગ્યું. ફરીથી જોયું તો એક જ પડછાયો. તેને લાગ્યું : પ્રભુ જતા રહ્યા લાગે છે. કાનમાં અવાજ આવ્યો : હું દુઃખમાં તને ઊંચકીને ચાલી રહ્યો હતો એટલે એક જ પડછાયો દેખાતો હતો !!

◆ "ભગવન્ ! તમે ભલે મારા ચિત્તને ચોર્યું હોય, પણ હું તો આખાને આખા તમને ચોરીને હૃદયમાં મૂકી દઈશ."

'સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું...'

–પૂ. ઉપા. યશોવિજયજી

"પ્રભુ ! મારા હૃદયમાં શી રીતે આવશો ?"

"તારું હૃદય કમળ જેવું કોમળ બનશે ત્યારે."

ભક્ત અને ભગવાનનો આ સંવાદ છે.

"હૃદય કમલમેં ધ્યાન ધરત હૂઁ."

◆ હવે પ્રભુના શબ્દો સાંભળવા નથી, પીવા છે, અસ્તિત્વમાં સંઘરી લેવા છે.

ચાતક ગમે તેટલું તરસ્યું હોય, નદી આદિનું પાણી ન જ પીએ.

કારણ – ? તેને ગળામાં કાણું હોય છે. એમ પ્રાચીન કવિઓની માન્યતા છે. એ જેમ વર્ષાનું પાણી પીએ તેમ ભક્તે અહીં શબ્દોને પીવાના છે.

**અમે તો વૈખરી વાણીવાળા છીએ. પરાવાણીના સ્વામી પૂ.**

આ. ભગવંત (પૂ. કલાપૂર્ણસૂરિજી) અહીં બિરાજમાન છે.

વ્યાખ્યાન, શબ્દ પરમાત્મા છે.

રૂપ પરમાત્મા તો સર્વે બિરાજમાન પૂ. સાધુ - સાધ્વીજી ભગવાન છે જ. હૃદયને કમળ જેવું બનાવો. પ્રભુ બિરાજમાન થશે.

—x—

પરમ તપસ્વી વર્ધમાન તપની ૧૦૦ ઓળીના આરાધક,

**પૂજ્ય આચાર્ય શ્રી નવરત્નસાગરસૂરિજી :**

ખરેખર ! આજે હું બડભાગી બની ગયો છું. ઈચ્છીએ તો પણ આટલી ત્યાગી-સંયમીઓની સંખ્યા ક્યાં મળે ? આજે એક સાથે બધાના દર્શન થઈ રહ્યા છે; જે શાસનના શણગારરૂપ અણગાર છે. એ પણ આવા ઉત્તમ ક્ષેત્રમાં !

પોતાનો ધંધો આદિ છોડીને આવનાર શ્રાવક - શ્રાવિકા પણ ઉત્તમતાની કોટિએ પહોંચ્યા છે.

સર્વ દુઃખથી મુક્ત કરવાની તાકાત પ્રભુ-શાસનમાં છે. અનંત મૈત્રીના માલિક ભગવાન જગતના સર્વ જીવોને દુઃખમાંથી મુક્ત કરવા કરુણા ભાવના ભાવે છે. જીવ શાસનનો રસીઓ થાય તો જ એ દુઃખ-મુક્ત બની શકે.

મૈત્રી કોને કહેવાય ? હૉટલ કે ગાર્ડનમાં બે - ચાર દોસ્તો ખાઈ-પી આવો તે મૈત્રી કહેવાય ? ત્યાં તો કર્મના ઢગલા જ ખડકાવાના. ત્યાં પુદ્ગલોનો રાગ જ વધવાનો. આત્માના દોષોનું ઉન્મૂલન કરવાની ઈચ્છા હોય ત્યાં મૈત્રીનો જન્મ થાય છે.

**'मा कार्षीत् कोऽपि पापानि.'**

આ મૈત્રી ન હોય ત્યાં ધર્મ નથી જ. હરિભદ્રસૂરિજીનું વચન ટંકશાળી ગણાય, જેને સર્વ ગચ્છના મુનિઓ સ્વીકારે છે. તેઓ કહે છે : ગમે તેટલા ધર્માનુષ્ઠાનો કરો પણ મૈત્રી ન હોય તો બધું જ મીંડું ! ધર્મ તે કહેવાય જ્યાં ભગવાનની આજ્ઞા હોય તથા મૈત્ર્યાદિ ભાવના હોય. અબજોના દાન આપો, બ્રહ્મચર્યનું પાલન કરો પણ મૈત્રી ન હોય તો ધર્મ નથી.

આત્માને પરમાત્મા, જીવને શિવ, નરને નારાયણ, ખુદને ખુદા

બનાવનાર મૈત્રીયુક્ત ધર્મ છે. તાળીઓથી મૈત્રી નહિ આવે.

**સિદ્ધાચલ કહે છે : सीधा चल ! અત્યાર સુધી આપણે વાંકા જ ચાલ્યા છીએ. આત્માનો સ્વભાવ સીધા ચાલવાનો છે, પણ મોહ હોય ત્યાં સીધું ચાલતું નથી. માટે જ કલ્યાણ થતું નથી.**

મેરુ પર્વત નાનો પડે તેટલા ઓઘા કર્યા છતાં કલ્યાણ ન થયું કારણ કે ઊંધા જ ચાલ્યા.

મા+ઊહ=મોહ. જ્યાં સારાસારની વિચારણા ન હોય તે મોહ.

આવી ઉત્તમ ભૂમિમાં મજાના વાતાવરણમાં આવીને આત્માને સરળ બનાવો. તો ચાર મહિનામાં એટલું મળશે કે જેની કલ્પના નહિ હોય.

કોઈને બતાવવા માટે નહિ, પણ આત્મા માટે કરવાનું છે.

—x—

**પૂજ્ય આચાર્ય શ્રી વિજયસિંહસેનસૂરિજી :**

**'मा कार्षीत् कोऽपि पापानि.'**

◆ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી યોગશાસ્ત્રમાં મૈત્રી ભાવના બતાવે છે. મંડપમાં દૃશ્ય જોઈને જ લાગે : મૈત્રી હૃદયમાં ઓતપ્રોત થઈ ગઈ છે.

તીર્થંકરરૂપ સંઘના દર્શન મહાપુણ્યોદયે થાય.

મહાપુણ્યોદયે સર્વ ધર્મસામગ્રી મળી છે. હવે સંકલ્પ કરો : મારે કોઈ પાપ નથી કરવું. '**सव्वपावप्पणासणो**' મારા નમસ્કારથી અનંતાનંત પાપો નષ્ટ થાય છે.

કોઈ પાપ કદાચ થઈ જાય તો પશ્ચાત્તાપ કરો. અઈમુત્તાજી પશ્ચાત્તાપથી કેવળજ્ઞાન પામ્યા છે.

કોઈ દુઃખી ન બનો. સંસાર છે ત્યાં સુધી દુઃખ છે. દુઃખમય સંસારથી મુક્ત બનેલા સિદ્ધો છે.

'**ओं ह्रीं नमो सिद्धाणं**' નો જાપ કરવાથી અનંતા સિદ્ધોને નમસ્કાર થાય છે.

'જગતના સર્વ જીવો સર્વ દુઃખોથી મુક્ત થાઓ.'

જડ રાગ અને જીવ દ્વેષ જ અનાદિકાળથી આપણે કરતા આવ્યા છીએ.

એક સાધકે બ્રહ્માને કહ્યું : "સુખ મળે તેવું કાંઈ આપો."

બ્રહ્માએ કહ્યું : આ બે પોટલા લે. એકમાં તારા જીવનના પાપો છે. બીજામાં તારા પાડોશીના છે. તારુ આગળ અને પાડોશીનું પોટલું પાછળ રાખજે."

...પણ નીચે ઉતરતાં પોટલા આગળ - પાછળ થઈ ગયા.

આ રૂપક પરનું ચિંતન કેટલું પ્રેરક છે ?

**માણસને હંમેશા પાડોશીના જ પાપો દેખાયા કરે છે, પોતાના કદી નથી દેખાતા. પાડોશીનું પોટલું આગળ ને પોતાનું પાછળ થઈ ગયું છે ને ?**

—x—

**પૂજ્ય મુનિ શ્રી ધુરંધરવિજયજી :**

**एक अजैन गांवमें रात को मेरा प्रवचन हुआ । प्रवचन पूरा हुआ तो भी कोई उठा नहीं । ९ से १०, १० से ११, ११ से १२ बज गये ।**

**लोगों ने कहा : "आप नहीं उठेंगे तब तक हम नहीं उठेंगे ।"**

**अजैनों में भी इतना विनय हो तो हम जैनों में कितना विनय होना चाहिए? अब आप में से कोई नहीं उठेंगे ऐसी मेरी अपेक्षा है ।**

**પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્નવિમલસૂરિજી :**

પોતાનું દુઃખ ભૂલી બીજાના સુખનો વિચાર કરવો તે મૈત્રી છે.

પરમાટે જીવે તે જ પરમાત્મા કહેવાય.

આવા મહાન પુરુષો સાથે જો ઋણાનુબંધ બંધાઈ જાય તોય કામ થઈ જાય. ઘોડાને પ્રતિબોધ આપવા મુનિસુવ્રતસ્વામી ભગવાનને આવવું જ પડેલું ને ?

આવા અધ્યાત્મયોગી સદ્ગુરુ પૂજ્ય આચાર્ય ભગવંત [પૂ.કલાપૂર્ણસૂરિજી] સાથે આપણે સંબંધ જોડીશું તો આપણું કામ નહિ થાય ?

"સદ્ગુરુ મેરા સૂરમા કરે શબ્દોંકી ચોટ."

એક પણ જીવ એવો ન હોઈ શકે કે જેમને સદ્ગુરુ વિના માર્ગ મળ્યો હોય. આ ગુરુ ભગવાન રૂપે મળ્યા છે. જીવનમાં એમની પ્રતિષ્ઠા થઈ જાય તો કામ થઈ જાય. મોહ હટાવવા ગુરુ-કૃપા જ જોઈએ.

ચંદનના નંદન-વનની સુગંધ સદા મળ્યા કરો.

ચંદનમાં આંબો લાગે તો તે ચંદનામ્ર કહેવાય. એ કેરીમાં ચંદનની સુગંધ પ્રગટે.

**પુષ્પમાં સુગંધ, મકરંદ,રંગ અને માર્દવ હોય છે.**

**આપણે ભક્તિનો રંગ, મૈત્રીની મૃદુતા, જ્ઞાનનો મકરંદ અને ગુણની સુગંધ મેળવવાની છે.**

**◆ એક સંવાદ :**

"ફૂલ ! તું સુંદર ખીલ્યું છે, પણ સાંજે તું ચગદાઈ જઈશ."

"હે માનવ ! તું પોતે માટીમાં નથી મળવાનો ? હું તો સુગંધ ફેલાવીશ તું શું કરીશ ?"

ફૂલનો આ જવાબ કહે છે : હે માનવ ! તું પણ આ જીવનમાં કંઈક કરતો જા.

સદા આવો માહોલ, આવા ગુરુ અને આવું જ વાતાવરણ મળે, એવી કામના છે.

**અચલગચ્છીય પૂજ્ય ગણિ શ્રી મહોદયસાગરજી :**

મંગલમય વિશ્વમૈત્રીની વાત કરી રહ્યા છીએ ત્યારે વિશ્વમૈત્રીથી ભરેલા બે ગુજરાતી શ્લોકોનું પઠન કરીને પછી મૈત્રી પર બોલીશું.

"સકલ વિશ્વમાં શાન્તિ પ્રગટો, થાઓ સૌ કોઈનું કલ્યાણ;
સર્વ જગતમાં સત્ય પ્રકાશો, દિલમાં પ્રગટો શ્રી ભગવાન.
શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ પામો, જીવો પામો મંગળ માળ;
આત્મિક ઋદ્ધિ સિદ્ધિ પામો, પામો સૌ કોઈ પદ નિર્વાણ."

માંડવગઢના મંત્રી ઝાંઝણ લાખથી પણ અધિક સંખ્યામાં છ 'રી' પાલક સંઘ સાથે સિદ્ધાચલ આવતાં રસ્તામાં કર્ણાવતી [અમદાવાદ] આવ્યા. રાજા સારંગદેવે કહ્યું : 'મુખ્ય યાત્રકોને લઈને

ભોજન માટે પધારો,'

ઝાંઝણ : "રાજન્ ! મારે ત્યાં કોઈ મુખ્ય કે અમુખ્ય નથી. સૌ સાધર્મિક સમાન છે. એકને પણ છોડીને હું આવી શકું તેમ નથી." પાછળથી આખા ગુજરાતને ઝાંઝણે જમાડ્યું.

ભગવાન પણ કહે છે : હે ભાવિક ! તું મારો જાપ તો કરે છે, પણ તે સફળ ક્યારે થાય ? સર્વ સાથે મૈત્રી રાખે તો.

'સવિ જીવ કરૂં," ['ભવિ જીવ કરું નહિ] આમ ભગવાને ભાવના ભાવી છે. એક પણ જીવ બકાત હશે ત્યાં હું નહિ આવી શકું, એમ ભગવાન કહે છે.

'૯૯ સાથે મૈત્રી રાખીશ, પણ એક સાથે તો નહિ જ રાખું,' આવો ભાવ હશે ત્યાં સુધી ભલે ચાતુર્માસ કરો, તપ કરો, ૯૯ યાત્રા કરો, ઉપધાન વગેરે ગમે તેટલું કરો, પણ આત્મકલ્યાણ નહિ થાય.

**અહીંથી ઘેર જઈએ એ પહેલા વેરનું વિસર્જન કરીને જ જઈશું. એમ નક્કી કરજો. 'એક પણ જીવ બકાત રાખ્યો તો ભગવાનની કૃપા નહિ વરસે."**

આવો માહોલ જોઈ અમારા પૂ. ગુરુદેવ [પૂ. આચાર્યશ્રી ગુણસાગરસૂરિજી] યાદ આવે છે. જેમણે કહેલું : "જિનશાસનમાં અનંત શક્તિ રહેલી છે. છતાં શક્તિ પરસ્પર ટકરાવામાં વેડફાઈ રહી છે. સકલ સંઘ એક થતો હોય તો હું મારા ગચ્છની સમાચારી કે તિથિનો આગ્રહ નહિ રાખું."

આવું મૈત્રીભર્યું વાતાવરણ જોઈને સ્વ. પૂજ્યશ્રીનો આત્મા જરૂર પ્રસન્ન બનતો હશે.

**પૂજ્ય આચાર્ય શ્રી વિજયકલાપ્રભસૂરિજી :**

જિનેશ્વર પ્રભુ- કથિત મઝાની વાતો માણી, સ્થિર આસને. સ્થિર ચિત્તે સૌએ આનંદ માણ્યો, એની અનુમોદના. સૌ સાંભળનારને લાખ લાખ ધન્યવાદ ! અમે ગમે તેટલા ભેગા થઈએ, નિમંત્રણ પણ હોય, તમે આવ્યા પણ હો, પણ જો શ્રવણમાં તમારું ચિત્ત એકાગ્ર ન બને તો તમે બબ્બે કલાક બેસી જ ન શકો. માટે જ

તમને સૌને લાખ - લાખ ધન્યવાદ !

બધા જ મહાત્માઓએ જે સુંદર શૈલીમાં મૈત્રીની વાતો કરી, તે સૌના ભાવને આવરી લેતો આ શ્લોક સૌ સાથે બોલજો :

**''शिवमस्तु सर्व जगतः''**

*તત્ત્વની વાત સમજાય છે ત્યારે*

*અમદાવાદમાં તત્ત્વજ્ઞાનના વર્ગો ચાલે. એક બહેન મંડળના સભ્ય હોવાથી વર્ગમાં આવે. બે માસ પછી એકવાર મળવા આવ્યા. ખૂબ રડ્યા. કારણ પૂછતાં કહે કે 'હું અધોગતિમાં જઈશ તેથી રડું છું.'*

*'તને એવું કોણે કહ્યું ?'*

*'તમે'*

*'અરે ! મારી પાસે ક્યાં એવું જ્ઞાન છે કે તને તારી ગતિ શું થશે તે કહું ?'*

*'તમે તત્ત્વના વર્ગમાં કહેલું કે અતિક્રોધ, અસત્ય આદિના પરિણામથી જીવ અધોગતિ પામે છે.'*

*'તું એક કામ કર, હજી આયુષ્ય બંધાયું છે કે નહિ તેની ખબર નથી, પણ તું પ્રભુભક્તિમાં લાગી જા. તે જ (દર્શન પૂજન) તને ઉગારી લેશે.'*

*અને અસત્ય નહિ બોલવાના વિગેરે નિયમ લેવરાવ્યા.*

*એક વરસ પછી તેના પતિ મળવા આવ્યા અને કહે કે બહેન! જીવનમાં, ઘરમાં શાંતિ શાંતિ થઈ છે. આપનો આભાર.*

– સુનંદાબેન વોરા

*પૂજ્યશ્રીએ [આ. શ્રી વિજયકલાપૂર્ણસૂરિજીએ] એકવાર જ્ઞાનસારના શમાષ્ટકના સારરૂપે કહ્યું કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તે જ્ઞાન પ્રગટ થાય ત્યારે તેના પરિપાકરૂપે આત્મા સમતામય બને છે. કારણ કે આત્મા જેવો જ્ઞાનસ્વરૂપ છે તેવો સમતાસ્વરૂપ છે. બંને ગુણો અભેદ બને છે, ત્યારે જીવ સચ્ચિદાનંદ સ્વરૂપે પ્રગટ થાય છે.*

– સુનંદાબેન વોરા



પૂજ્ય પં. મુક્તિવિજયજી મ.સા.

જિનાગમ બોલતા ભગવાન છે.
જિનમૂર્તિ મૌન ભગવાન છે.

ૐ

અષાઢ વદ-૭

૨૩-૭-૨૦૦૦, રવિવાર

◆ આપણી પાસે અત્યારે નથી તીર્થંકરો, નથી ગણધરો કે નથી પૂર્વધરો ! આજે આપણી પાસે બે જ આધાર છે : જિનમૂર્તિ અને જિનાગમ ! જિનાગમ બોલતા તીર્થંકર છે. જિનમૂર્તિ મૌન તીર્થંકર છે. મૂર્તિ પણ ભગવાન છે. '**चउव्विह जिणा**' માં સ્થાપના રૂપે મૂર્તિ પણ ભગવાન છે, એમ ભાષ્યમાં આપણે ભણ્યા જ છીએ.

આવા જિનાગમોનો એક ભાગ આવશ્યક સૂત્રો છે. તેમાંના એક સૂત્ર [નમુત્થુણં] ની ટીકા આ લલિત વિસ્તરા છે.

છ આવશ્યકોમાં પહેલું સામાયિક સાધ્ય છે. સામાયિક દ્વારા સમતા મળે. સમતાના આનંદની ઝલક વિના મોક્ષના આનંદની કલ્પના શી રીતે કરી શકીશું ?

સામાયિકના પરિણામ ઘણા

દુર્લભ છે, પણ નિરાશ નહિ થતા. એને લાવનારા બીજા પાંચ ચઉવિસત્થો આદિ આવશ્યકો છે.

આચારાંગનો અધિકારી કોણ ? શીલાંકાચાર્ય લખે છે : જેણે આવશ્યક સૂત્રો સૂત્ર - અર્થ - તદુભયથી ભાવિત કરેલા છે, જેણે સૂત્રોના જોગ કરી લીધા છે તે [ સાધુ ] આનો અધિકારી છે. તે જ આના રહસ્યો સમજી શકશે.

જેટલા રહસ્યમય શાસ્ત્રો છે તે અધ્યાત્મશાસ્ત્રોમાં આચારાંગ પ્રધાન છે.

◆ કર્મ સુખ આપે તો પણ વિશ્વાસ કરતા નહિ. પુણ્યના ભરોસે પણ રહેવા જેવું નથી. કર્મો ક્યારે દગો આપે તે કહેવાય નહિ.

સાધનાનું પણ અભિમાન કરવાનું નથી. ઉપશમ શ્રેણિએ ચડેલા શ્રુતકેવળી પણ અનંતકાળ માટે નિગોદમાં જઈ શકે છે, ગયા છે.

◆ ચાર જિન [નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવજિન] માં અત્યારે ભાવજિન જ નથી. બાકીના ત્રણની બરાબર આરાધના કરીએ તો ભાવજિન મળશે જ.

◆ અર્થી એટલે માત્ર અભિલાષી નહિ, તીવ્ર અભિલાષી. રોગ મટાડવાની તીવ્ર ઈચ્છા હોય તેવા દર્દીનો જ કેસ વૈદ હાથમાં લે. તેમ તીવ્ર અર્થી જ અહીં અધિકારી ગણાયો છે.

અર્થી તે કહેવાય જે સામેથી શોધતો આવે. આપણે લાખોના ટોળા ભેગા કરીને તેમની વચ્ચે જવાનું નથી. લોકો શોધતા આવે તેમાં અર્થિપણું જણાય.

ગઈકાલે જ આ વાત થવી જોઈતી'તી પણ પાનું પલટાઈ ગયું એટલે વાત રહી ગઈ, પણ કાંઈ વાંધો નહિ. એમાં પણ સારું જ હશે. વધુ છણાવટ થવાની હશે !

આ ચૈત્યવંદન જેને અચિન્ત્ય ચિન્તામણિ લાગે તે સાચો અર્થી છે. હરિભદ્રસૂરિજીને અચિન્ત્ય ચિન્તામણિ લાગેલું, આપણને લાગે છે ?

લાખો ભવોની અંદર એકઠા કરેલા કર્મોથી આવેલા દૌર્ભાગ્ય, દુર્ગતિ આદિને ઊડાવી દેનારુ આ ચૈત્યવંદન છે.

આવું ચૈત્યવંદન હોવા છતાં વિધિ ન જળવાય તો દુષ્પ્રયુક્ત ઔષધની જેમ અકલ્યાણકર બને.

એક જ ચૈત્યવંદન જો લાખો – કરોડો ભવોના કર્મો ઊડાવી દેતું હોય તો તમે [સાધુઓ] તો દરરોજ ૭-૭ ચૈત્યવંદન કરો છો. કેટલા ભાગ્યશાળી ?

ચૈત્યવંદન વિધિપૂર્વક થાય છે ?

**સાધુ સભા :** પ્રયત્ન કરીશું.

**પૂજ્યશ્રી :** ગોચરી આવ્યા પછી 'ખાવાનો પ્રયત્ન કરીશું' એમ જવાબ આપો છો ?

અહીં ઉત્કંઠા હોય, તલસાટ હોય તો વિલંબ થાય જ શી રીતે ?

દવા વિધિપૂર્વક લો તો આરોગ્ય મળે. અવિધિથી લો તો હોય તે પણ આરોગ્ય ચાલ્યું જાય. માટે જ વિધિને અહીં મહત્ત્વ આપ્યું છે.

અંજારમાં યુ.પી.દેઢિયા ડૉક્ટર અમારા પરિચિત હતા. પૂર્વાવસ્થામાં ફરતી હોસ્પિટલ [એટલે કે મોટર લઈને નાના ગામડામાં જવાનું] ચલાવતા.

એક વખત તેમણે પોતાનો અનુભવ એક ભાઈને કહ્યો : એક ભાઈને કહ્યું : દિવસમાં ત્રણવાર પડીકાં લેવા. ત્રણ દિવસ પછી રોગ ન મટતાં પૂછ્યું, ત્યારે તેણે જણાવ્યું : સાહેબ ! તમે કહ્યું' તું ને કે પડીકા લેવા ! મેં પડીકા લીધા, અંદરની ભૂકી ફેંકી દીધી !

ચૈત્યવંદનમાં આપણે આવું નથી કરતા ને ?

પ્રભુની ભક્તિ કરવાનું ભાગ્ય મળે ક્યાંથી ? દેવચન્દ્રજી કહે છે તેમ **અનંત પુણ્ય રાશિ એકઠી થાય ત્યારે પ્રભુ-ભક્તિ કરવાનું મન થાય.**

◆ સંયમમાં નિશ્ચલતા આવશે તો ગુરુના પ્રસાદથી જ આવશે. ભગવાનની ભક્તિથી જ આવશે.

સંયમ તો લીધું પણ હવે આનંદ નથી આવતો. ક્યાં મારા ભોગ લાગ્યા કે દીક્ષા લીધી ? આવું વિચારતા હો તો સાવધાન થઈ

જજો. સંયમથી આનંદ વધે જ; ન વધે તો સમજજો : વિધિમાં ભૂલ થઈ ગઈ છે.

'ગરમ પાણીથી કોઢ થઈ જાય છે.' એવી શંકા એક કુષ્ઠગ્રસ્ત સાધ્વીજીને થયેલી. આવું નથી થતું ને ? બહુ મોટું વિઘ્ન છે આ !

રાજનાંદગાંવમાં હું હતો ત્યારે મારા જ નિકટના મને કહેતા : ''શું કરશો ત્યાં દીક્ષા લઈને ? સાધુઓ તો લડે છે દાંડે-દાંડે... !'' હું કહેતો : 'આપ ભલા તો જગ ભલા'

જગત આવું છે. **સંસારમાં વિઘ્ન આવે તો કોઈ સહાયતા કરવા ન આવે પણ સંયમમાં વિઘ્ન નાખવા બધા જ તૈયાર !**

અવિધિથી કરો કે, વિધિથી કરાતા ધર્માનુષ્ઠાનો તમે રોકો તો તેનો પ્રત્યપાય ખતરનાક છે.

માટે જ વિધિપૂર્વક સૂત્ર આપો. અનધિકારીને ન આપો. ''મેં તો શુભ આશયથી આપ્યું. તેણે ઊંધું વેતર્યું એમાં હું શું કરું ?'' એમ બોલીને તમે છટકી શકો નહિ. તમારી પણ જવાબદારી છે.

અધિકારીને આપવાથી જ ભગવાનની આજ્ઞા આરાધી કહેવાશે, ભગવાનને બહુમાન આપ્યું ગણાશે, લોક સંજ્ઞા છોડી કહેવાશે, ધર્માચાર સેવ્યો ગણાશે.

આ સિવાય હિતકર કોઈ માર્ગ નથી.

લોકો કરે તેમ કરીએ તે ન ચાલે. આ તો લોકસંજ્ઞા થઈ. આનાથી મિથ્યા પરંપરા ઊભી થશે.

ગમે તેવો માણસ તમને કહે : તમારા ઘરમાં નિધાન છે. તો તમે કાંઈ ખોદવા માંડતા નથી, પણ જે 'પિતા કે દાદાનો મિત્ર હોય, વિશ્વાસુ હોય, તે કહે તો જ તમે એવો પ્રયત્ન કરો.

◆ અમદાવાદમાં એકે જરાક ભૂલ કરી એનું પરિણામ એ આવ્યું કે સાધુ-સાધ્વીજીને સોસાયટીમાં રહેવાનું મળવું મુશ્કેલ બની ગયું.

પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. કહેતા : રોડ પર બેસવા કરતાં [કારણ કે તેનાથી શાસનની નિંદા થાય, જે મોટું પાપ છે.] લીલોતરી પર બેસવું સારું !

◆ સવાસો ગાથાના સ્તવનના અર્થોમાં પદ્મવિજયજીએ

લખ્યું : જે આપ્ત પુરુષો છે, શ્રદ્ધેય છે, એનું પ્રત્યેક વચન આગમ છે. આ જ અર્થમાં હરિભદ્રસૂરિજી, યશોવિજયજી જેવા આગમિક પુરુષોના વચનો પણ આગમ છે જ, પણ મારામાટે [પૂ. કલાપૂર્ણસૂરિજી માટે] તો ત્રણ ચોવીશીમાં [પૂ. યશોવિજયજી, પૂ. આનંદઘનજી, પૂ. દેવચન્દ્રજી આ ત્રણની] પણ આગમ છે. મને તો મોટી ઉંમરે વધુ યાદ નથી રહેતું એટલે મારા માટે આ જ આધાર છે, આ જ આગમ છે.

પૂ. દેવચન્દ્રજીના સ્તવનો તો દ્રવ્યાનુયોગ અને ભક્તિનો ખજાનો છે.

◆ તમે વિદ્વાન વકતાઓ છો, લાખોને પહોંચાડનારા છો, એટલે તમારી પાસે વાત કરું છું.

**ઘણા કહે છે : આ વાચનાઓમાં બોલવાનું રહેવા દો. શ્રમ પડશે. પણ હું કહું છું : આ શ્રમ નથી. આ જ શ્રમ ઉતારનારું છે.** હમણાં જ વાચના પૂરી થશે ને વાસક્ષેપવાળાઓની લાઈન લાગશે. વાસક્ષેપ વગેરેમાં સમય જાય તેના કરતાં આમાં સમય જાય તે વધુ સારું છે.

વળી, ચિન્તા શાની ? ધ્યાન રાખનાર ભગવાન બેઠા છે.

**પં. જિનસેન વિ. મ.** : દ્રવ્યાનુયોગની વિચારણા શી રીતે કરવી ?

**પૂજ્યશ્રી** : પૂછ્યું છે તો સંક્ષેપમાં કહી દઉં : શુદ્ધ આત્મદ્રવ્ય એટલે પરમાત્મા! આપણા સંસારી જીવનું અશુદ્ધ દ્રવ્ય છે, કર્મથી ખરડાયેલું છે. પ્રભુનું આલંબન લઈશું તો આપણું આત્મદ્રવ્ય પણ શુદ્ધ બનશે.

પૂ. દેવચન્દ્રજી કહે છે : **મારી શુદ્ધતા નહિ થાય ત્યાં સુધી તારી શુદ્ધતાનું આલંબન હું મૂકવાનો નથી.**

''સકલ સિદ્ધતા તાહરી રે, માહરે કારણ રૂપ.''

જગતસિંહ શેઠે ૩૬૦ માણસોને કરોડપતિ બનાવેલા. જે આવ્યા તેને ક્રોડપતિ બનાવ્યા. ભગવાન આપણને બધાને પોતાના જેવા, ક્રોડપતિથી પણ વધુ બનાવવા માંગે છે. શેઠનો પૈસો ઓછો થાય. અહીં પ્રભુ પાસે કશું ઓછું થતું નથી.



અષાઢ વદ-૮

૨૪-૭-૨૦૦૦, સોમવાર

◆ દુનિયાનું થોડુંક જ્ઞાન મેળવીને ફૂલણજી બની જનારા અમારા જેવાની હાલત શું થાત ? જો આ જિનાગમો અમને ન મળ્યા હોત ?

—આ ઉદ્ગારો શ્રી હરિભદ્રસૂરિજીના છે.

આપણી બુદ્ધિ કૂપમંડૂક જેવી છે. કૂવાનો દેડકો કૂદકો મારીને કહે : શું તમારો સાગર આનાથી પણ મોટો છે ? હોઈ જ ન શકે !

આપણી આવી તુચ્છ બુદ્ધિ છે ! છતાં આશ્ચર્ય તો જુઓ ! તુચ્છ બુદ્ધિનું પણ અભિમાન કેટલું ? આ અભિમાન જ આપણને જિનાગમ સમજવા નથી દેતું. **સ્વબુદ્ધિના અંહકારના ત્યાગ વિના જિનાગમો કદી સમજાતા નથી.**

સ્વ-બુદ્ધિના અહંકારના ત્યાગ વિના
જિનાગમો કદી સમજાતા નથી.

◆ અધ્યાત્મ-તત્ત્વના ઊંડા અભ્યાસી આનંદઘનજીએ પણ ૯ મા

ભગવાનના સ્તવનમાં પૂજાવિધિ બતાવી છે, તે એમ બતાવે છે કે – સાચો અધ્યાત્મ – વેત્તા કદી પ્રભુ–પૂજાની ઉપેક્ષા કરી શકે નહિ. ઉપેક્ષા કરે તે અધ્યાત્મવેત્તા હોઈ શકે નહિ.

આ અધ્યાત્મનું વર્ણન ૧૧મા સ્તવનમાં આવ્યું છે, જેમાં લખે છે : જ્યાં અધ્યાત્મ હોય છે ત્યાં કામનાઓ સમાપ્ત થઈ જાય છે.

'તે કેવલ નિષ્કામી રે.'

**કામનાઓ સમાપ્ત થાય તો જ પોતાના નામ અને રૂપનું પ્રભુમાં વિસર્જન થઈ શકે. તો જ અહંનું અર્હંમાં વિલોપન થઈ શકે.**

ભક્તિ વિના જ્ઞાનની સફળતા નથી. મહાન વિદ્વાન જંબૂ-વિજયજી મ.; જેમનું નામ તમે સાંભળ્યું જ હશે. આગમોના શ્રેષ્ઠ સંપાદક – સંશોધક તરીકે પ્રસિદ્ધ છે. પણ એમનો પ્રભુ – પ્રેમ તો જુઓ.

૨૦ માળા ગણ્યા પહેલા કદી પચ્ચક્ખાણ પારતા નથી.

ભક્તિ યુક્ત જ્ઞાન જ પ્રવર્તક જ્ઞાન બની શકે.

ભક્તિ હીન જ્ઞાન તો કેવળ અહંકાર પોષક અને અહંકાર પ્રદર્શક જ કહેવાય.

◆ "બધા જીવો જાય, પછી જ હું મોક્ષમાં જઈશ. જગતના બધા જ જીવોના પાપો મારામાં સંક્રાન્ત થઈ જાવ." બુદ્ધની આવી કરુણાની વાતોથી જ સિદ્ધર્ષિ અંજાઈ ગયેલા. તેમને થયું હશે : "આપણા ભગવાન તો વીતરાગ છે. આપણને સંસારમાં રખડતા છોડી પોતે મોક્ષમાં ચાલ્યા ગયા. કરુણા તો ખરેખર બુદ્ધની જ !"

આ રીતે વિચારી – વિચારીને ૨૧ વખત બૌદ્ધ ભિક્ષુક બનવાની ઈચ્છા ધરાવનાર સિદ્ધર્ષિ ગણિનું માથું ઠેકાણે લાવનાર આ લલિત વિસ્તરા છે. આ લલિત વિસ્તરા અત્યારે વાચનામાં ચાલે છે.

◆ **પ્રશ્ન** : ચૈત્યવંદન સંપૂર્ણ વિધિપૂર્વક સ્થાન, વર્ણ, અર્થ, આલંબન આદિ સાથેનું કરનારા કેટલા ? એટલે અપવાદ માર્ગે

અવિધિથી ચૈત્યવંદન થાય તો શું વાંધો છે ?

**ઉત્તર :** ભાઈ ! તમે અપવાદ-ઉત્સર્ગના સમ્યગ્ જ્ઞાતા નથી. અપવાદ કોને કહેવાય ? ગમે તેને અપવાદ ન કહેવાય. માર્ગે ચડાવે તે અપવાદ કહેવાય. ઉન્માર્ગ પોષે તેને ન કહેવાય. આ રીતે તો અવિધિની જ પરંપરા ચાલશે. અપવાદ હંમેશા અધિક દોષની નિવૃત્તિ માટે હોય છે. જંગલમાં મુનિ જતા હોય ને તે વખતે દોષિત વાપરવું પડે તે અપવાદ છે. કારણ કે ઉપવાસ તો ઝાઝા ખેંચી શકાય નહિ.

પૂર્વના સત્ત્વશાળી માણસે સેવેલો અને શુભના અનુબંધવાળો અપવાદ હોવો જોઈએ. ગમે તે પ્રવૃત્તિને અપવાદ ન કહી શકાય.

સૂત્રને બાધા આવતી હોય, હિત - અહિતની કે ગુરુ - લાઘવની વિચારણા ન હોય તેને અપવાદ ન કહેવાય. આવો અપવાદ તો ભગવાન અને ભગવાનના શાસનની અપભ્રાજના કરનારો છે.

ક્ષુદ્ર સત્ત્વોએ આચરેલાને અપવાદ ન કહેવાય. નાનકડા ઘાસના તણખલા કે પાંદડાને તરતું જોઈને, એના આલંબને તમે તરી શકો નહિ, તેમ આવા ક્ષુદ્ર અપવાદથી તમે ટકી શકો નહિ.

◆ આ શાસનનું તમે ગાંભીર્ય વિચારો. શાસનનું ગાંભીર્ય તમે લોકોને પણ જણાવો.

આ જ ગ્રન્થમાં આગળ આવશે : અભય, ચક્ષુ, માર્ગ, શરણ કે બોધિ ભગવાન પાસેથી જ મળશે, બીજે કશેથી નહિ જ. આ વાત બરાબર સમજાવશે.

આ ગ્રન્થમાં એક બાજુ ભગવાનની કરુણાને બતાવનારા વિશેષણો આવતા જશે. સાથે - સાથે અન્ય - અન્ય દર્શનીઓના કુમતોનું ખંડન પણ આવતું જશે.

અન્ય દર્શનનું નિરૂપણ એકાંગી હશે, અહીં અનેકાન્ત હશે. આ મોટો ફરક હશે.

◆ જૈન દર્શન એટલું વિશાળ છે કે દુનિયાના સર્વ ધર્મો સમાઈ જાય. એક ઋજુસૂત્રનયમાં બૌદ્ધ દર્શનનો સમાવેશ થઈ ગયો.

આથી જ જૈન દર્શન રાજા છે. સર્વ ધર્મોનો એક પુરુષ બનાવીએ તો મસ્તકના સ્થાને જૈન દર્શન છે. બીજા બધા દર્શનો

હાથ-પગ, પેટ વગેરેના સ્થાને છે. નાસ્તિક દર્શન પણ પેટના સ્થાને છે, એમ આનંદઘનજીએ કહ્યું છે. જૈન દર્શન વિશાળ સાગર છે, જ્યાં સર્વ ધર્મોની નદીઓનો સમાવેશ છે.

જૈનદર્શન માળા છે, જેમાં સર્વ ધર્મો મણકારૂપે ગોઠવાયેલા છે.

પણ યાદ રહે : **સાગરમાં નદી છે, નદીમાં સાગર નથી. માળામાં મણકા છે. મણકામાં માળા નથી. જૈન દર્શનમાં સર્વ ધર્મો છે. સર્વ ધર્મોમાં જૈન દર્શન નથી.**

આવા સ્યાદ્વાદમય જૈન - દર્શનને કોણ પરાસ્ત કરી શકે ?

કાશીમાં એક વાદીને કાશીનો કોઈ વિદ્વાન પરાસ્ત ન કરી શક્યો ત્યારે આપણા ઉપા. શ્રી યશોવિજયજીએ તેને પરાસ્ત કરેલો.

આ જૈન દર્શનનો વિજય હતો.

◆ ક્ષુદ્ર પુરુષોએ આચરેલું અપવાદ તરીકે ન લેવાય. સત્ત્વશાળીઓનું આલંબન લેવાનું છે. વજ્રમુનિને ચલિત કરવા પેલા દેવે અલગ-અલગ રૂપ કરી કેવા પ્રયત્નો કરેલા ? એક પણ દોષ ન લાગવા દીધો આથી પ્રસન્ન થયેલા દેવે તેમને આકાશગામિની તથા વૈક્રિયલબ્ધિની વિદ્યા આપેલી. આવા સત્ત્વશાળી પુરુષોનું આચરણ પ્રમાણ ગણાય. એવાઓના આલંબન લેવાય, ક્ષુદ્રસત્ત્વવાળાઓના નહિ.

◆ વજ્રના અક્ષરે હૃદયની તકતી પર એક પંક્તિ લખી રાખો, જે હું વારંવાર કહું છું :

''પ્રભુ - પદ વળગ્યા તે રહ્યા તાજા;
અળગા અંગ ન સાજા રે.''

જે ગુફામાં સિંહ હોય ત્યાં બીજા ક્ષુદ્ર પ્રાણી આવી શકે ? જ્યાં ભગવાન બિરાજમાન હોય ત્યાં મોહાદિ આવી શકે ?

**ભગવાન મોક્ષે ગયા એટલે એમના અતિશયો વગેરે પણ ગયા, તેમ નહિ માનતા. એમની શક્તિઓ આજે પણ કામ કરે છે; નામરૂપે, તીર્થરૂપે.**

એમના શાસનથી જ તો આપણને આટલું માન મળે છે.

દક્ષિણમાં જોયું: સેંકડો - હજારો માણસો દૂર-દૂરથી દોડતા આવે. આ કોનો પ્રભાવ ? આ પૂજાતિશય ભગવાનનો નહિ તો કોનો ? મારો ? ભગવાનનો આ પ્રભાવ ૨૧ હજાર વર્ષ સુધી આવો જ રહેવાનો છે.

અહીં જ જુઓને ! આટલા ઠાણા છે, છતાં વસ્ત્ર, આહાર, વસતિ અંગે કોઈને તકલીફ પડી ? કોઈને પડી હોય તો કહેજો. આ શાસનનો પ્રભાવ નહિ ?

૨૦ વર્ષ પહેલા અહીં ચાતુર્માસમાં ૨૪૦ સાધ્વીજી હતા. કોઈને કાંઈ કહેવું ન પડે, વસ્ત્ર વગેરેનો ઢગલો સ્વયમેવ થતો જાય. આધોઈ સંઘ, જે મુખ્ય ચાતુર્માસ કરાવનાર હતો, તેને કાંઈ જ લાભ ન મળ્યો.

**◆ તમે જૂઠ ન બોલો તો તમારા વચનમાં વચનસિદ્ધિની લબ્ધિ પ્રગટ થશે. તમે કોઈને પીડા થાય તેવું વર્તન મન - વચન - કાયાથી ન કરો તો ઉપશમની લબ્ધિ પ્રગટ થશે. તમે સંયમનું સુંદર પાલન કરો એટલે અવનવી લબ્ધિઓ ઉત્પન્ન થશે. પણ સાંભળો. આ લબ્ધિઓ તમારી છે, એમ નહિ માનતા, આ ભગવાનનો પ્રભાવ છે, એમ માનજો.**

લોકો કેવી હવા ફેલાવે ? મને અવધિજ્ઞાન થયું છે. એવી વાત કર્ણાટક - આંધ્ર - તામિલનાડુ આદિ પ્રદેશોમાં ખૂબ જ ફેલાઈ. કેટલાય ફોન આદિ આવ્યા. હું કહું છું : આવું કાંઈ થયું નથી.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી** : થયું હોય તો શી ખબર ?

**પૂજ્યશ્રી** : આપણને થાય કે ન થાય, લોકોને પહેલા જ્ઞાન થઈ જાય.

એક દાખલો બતાવું. રાજનાંદગાંવમાં મેં ચતુર્થવ્રત લીધું એટલે લોકોએ અફવા ઊડાવી : આ અક્ષયરાજજી તો દીક્ષા લેવાનો છે. ત્યારે મારા મનમાંય ન્હોતું. દીક્ષાની કોઈ વાત જ ન્હોતી. સંયોગ પણ ન હતા. પણ બે જ વર્ષ પછી દીક્ષાના ભાવ જાગ્યા. હું તે વખતે કહેતો : 'તમારી વાત સાચી પડો.'

અહીં પણ એવું જ થશે ને ? અત્યારે નહિ તો આવતા ભવે.

ક્યારેક તો કેવળજ્ઞાન થશે ને ? આપણને નહિ થાય તો કોને થશે ?

અવધિજ્ઞાન નહિ, અનુભવજ્ઞાન થાય એવી તમન્ના છે, જેને હરિભદ્રસૂરિજીએ સંસ્પર્શ જ્ઞાન કહ્યું છે.

અવધિજ્ઞાનની શું વાત કરો છો ? કેવળજ્ઞાનીના ગ્રંથો કંઠસ્થ હોય તો આપણી પાસે કેવળજ્ઞાન છે. તમે અવધિજ્ઞાનની ક્યાં માંડો છો ?

◆ સકલ કુશલવલ્લી૦ બોલીએ ત્યારે જગચિંતામણિ૦ ચૈત્યવંદન નથી બોલતા. શું કારણ ?

**પૂજ્યશ્રી :** જગચિંતામણિનો ભાવ સકલકુશલવલ્લી૦ માં આવી ગયો. આ જ કારણ છે. તમે વિચારશો એટલે ખ્યાલ આવી જશે. અક્ષરો, અર્થ તરફ લઈ જાય, અભિધાન, અભિધેય તરફ લઈ જાય. આ નિયમ છે. પણ તમે તો જગચિંતામણિ. વગેરેના અક્ષરો એટલા ઝડપથી બોલો છો કે અક્ષરો જ પકડાય નહિ. પછી અર્થ ક્યાંથી પકડાય ?

ગોચરીમાં તમે જે જે નામ ગણાવો તે તે વસ્તુ તમારા પાત્રામાં આવી જાય કે નહિ ?

નામ-નામીનો સંબંધ સમજાય છે ? અહીં જગચિંતામણિ૦ બોલતાં તેવા પ્રકારના ભગવાન આપણા માનસપટમાં કેમ ન આવે ?

ચિંતામણિ તો જડ છે. ભગવાન પરમ ચૈતન્યરૂપ છે. આ મોટો ફરક છે.

આવા ચિંતામણિ પાસે શું માંગશો ?

''સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવન-ગુરુ, જાણું તુજ ગુણગ્રામજી;
બીજું કાંઈ ન માંગુ સ્વામી ! એહિ જ છે મુજ કામજી...''

પૂ. દેવચન્દ્રજી મહારાજની આ પ્રાર્થનામાં શું બાકી રહ્યું ? કેવળજ્ઞાન સુધીનું આવી ગયું.

આ બધું સમજીને જો તમે જગચિંતામણિ બોલશો ત્યારે અપૂર્વ ભાવોલ્લાસ વધશે.

ભગવાન જગન્નાહ – જગતના નાથ છે, તેમ જગતના ગુરુ

પણ છે. જગતના રક્ષક પણ છે. (જગ-રક્ખણ)

**દુર્ગતિ દુર્ભાવથી થાય છે. ભગવાન દુર્ભાવોને રોકીને આપણને દુર્ગતિથી બચાવે છે. આ રીતે ભગવાન જગતના બાંધવ છે. ભગવાન ઠેઠ મોક્ષ સુધી પહોંચાડનાર સાર્થવાહ છે : जग-सत्थवाह !**

**ભગવાનના સંઘમાં એકવાર તમે જોડાઈ જાવ. મોક્ષ સુધીની જવાબદારી ભગવાનની !**

## પૂજ્યશ્રીનું વાત્સલ્ય અને વચન લબ્ધિ

*આ વાત છે; ઈ.સ. ૧૯૮૫ની. એકવાર કોઈ ગૃહસ્થને ત્યાં જૂના પુસ્તકો કાઢવા મૂકેલા. તેમાં તત્ત્વજ્ઞાન પ્રવેશિકા પર નજર ગઈ. બે ત્રણ પાના વાંચ્યાં અને જાણે કોઈ નવું રહસ્ય મળ્યું હોય તેવો ભાવ થયો. ઉપર-નીચેના પાના ફાટી ગયેલા એટલે સમજાયું નહિ કે કોણે રચના કરી છે. તપાસ કરતાં ખબર મળ્યા કે પૂ. આચાર્યશ્રીનું આ તત્ત્વદોહન (કૃતિ) છે. મનમાં થયું કે આ તત્ત્વદોહન તો જૈન માત્રને પ્રાપ્ત કરાવવા જેવું છે.*

*ત્યાં વળી કચ્છની તીર્થ યાત્રાએ જવાનું થયું. સાંજે માંડવી પહોચ્યા. ખબર મળ્યા કે આચાર્યશ્રી પધાર્યા છે. સાંજ પડી હતી. તેથી તપાસ કરી તો કોઈ ભાઈએ કહ્યું કે સાંજ પડી છે. પૂજ્યશ્રી હવે મળશે નહીં.*

*મેં કહ્યું કે પૂછો કોઈ બહેન અમદાવાદથી આવ્યા છે. અને તત્ત્વજ્ઞાન પ્રવેશિકા વિષે વાત કરવી છે. કોઈ પુણ્યોદય હશે, ઘણા જીવોના સદ્ભાગ્ય જોડાયેલા હશે ! અને પૂજ્યશ્રી બહારની ઓસરીમાં આવ્યા. અમે ત્રણ બહેનો હતા. આદરપૂર્વક વંદન કરી બેઠા અને પૂછ્યું.*

*સાહેબજી, તત્ત્વજ્ઞાનપ્રવેશિકા પરદેશ લઈ જવી છે અને જિજ્ઞાસુઓ સુધી તેનું રહસ્ય પહોંચાડવું છે. આપ કંઈ બોધ આપો. પૂજ્યશ્રીએ એક પાઠનું રહસ્ય સમજાવ્યું. પણ ચમત્કૃતિ એ થઈ કે એ પુસ્તક એકવાર વાંચ્યું અને પ્રથમ જ વાર એમાંના રહસ્યો સમજાતા ગયા. આ પૂજ્યશ્રીની વચન લબ્ધિ જ હતી. પછી તો ૫૦૦ પુસ્તિકાઓ મંગાવી. આફ્રિકા, લંડન અને અમેરિકા સુધી પહોંચી. લગભગ બે હજાર જેવા જિજ્ઞાસુઓમાં અભ્યાસ થયો.*

– સુનંદાબેન વોરા



પુસ્તકો પોતાને યોગ્ય વાચકોની
પ્રતીક્ષા કરતા પુસ્તકાલયમાં બેઠા છે.

**અષાઢ વદ-૯**

**૨૫-૭-૨૦૦૦, મંગળવાર**

◆ ગુણો આદિ માટે પુરુષાર્થ કરવા છતાં તે ગૌણ છે, ભગવાનની કૃપા જ મુખ્ય છે. ભગવાનની કૃપાથી જ તે તે ગુણો આવે છે.

**દેવ અને ગુરુની કૃપા ભક્તિને આધીન છે. ગુરુની ઈચ્છા ન હોવા છતાં શિષ્ય ભક્તિ દ્વારા તેમની કૃપા મેળવી શકે છે.** એકલવ્ય આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. દ્રોણાચાર્યની ક્યાં ઈચ્છા હતી ? છતાં એકલવ્ય અર્જુન-થી પણ ચડીયાતો બાણાવળી બની જ ગયોને ?

''પાંદડામાં આ છિદ્રો કોણે કર્યા ? ભસતા કૂતરાને કોણે શાન્ત કર્યો ?'' આ કામ એકલવ્યનું છે એ જાણીને દ્રોણને ભારે આશ્ચર્ય થયેલું. ''દ્રોણ ગુરુની કૃપાથી જ હું આ શીખ્યો છું.'' —એવો જવાબ સાંભળીને તો દ્રોણના આશ્ચર્યની અવધિ ના રહી.

આ હકીકત આપણે જાણીએ છીએ.

ગુરુની તમે સેવા કરતા રહો. ગુરુ કદાચ અલ્પજ્ઞાની હશે તો પણ તમે તેમનાથી પણ અધિક જ્ઞાન મેળવી શકશો. ગૌતમસ્વામીના ૫૦ હજાર શિષ્યો આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ગૌતમસ્વામી પાસે ક્યાં કેવળજ્ઞાન હતું ? છતાં ૫૦ હજાર શિષ્યો પામી જ ગયા ને ?

ગુરુના વિનયથી આવેલું જ્ઞાન અભિમાન પેદા નથી કરતું. જે જ્ઞાનથી અભિમાન થાય તેને જ્ઞાન કહેવાય જ શી રીતે ?

◆ લલિત વિસ્તરા ગ્રન્થ માટેની પાત્રતાના ત્રણ ગુણો ખાસ યાદ રાખજો. એ જ એનો પાયો છે. પાયામાં એ ગુણો નહિ હોય તો લલિતવિસ્તરાનું શ્રવણ તમારો ઉદ્ધાર નહિ કરી શકે.

◆ સંસાર રસીઓ જીવ ધર્મ કરી શકે નહિ. કદાચ કરે તો પોતાના ભૌતિક મનોરથો પૂર્ણ કરવા જ કરશે. ભલે એ શંખેશ્વર જાય, મહુડી જાય કે અહીં આવે, પણ મનમાં સંસાર બેઠો હશે. આવા જીવોને ભવાભિનંદી કહ્યા છે. આવા જીવો ધર્મ માટે અપાત્ર છે.

**જેના કર્મ ક્ષીણ થઈ ગયા હોય,**

**જેના હૃદયમાં શુદ્ધ આશય હોય,**

**જેનો સંસાર પ્રત્યેનો રાગ મંદ પડી ગયો હોય,**

**તેવા જીવો જ આના શ્રવણ માટે યોગ્ય છે.**

ભારે કર્મી, મલિનાશયી, સંસાર રસિક જીવો તો આ માટે બિલકુલ અનધિકારી છે.

આવા અપાત્ર જીવો ભગવનાનની શુદ્ધ દેશના સાંભળી જ ન શકે. **શુદ્ધ ધર્મદેશના એટલે સિંહનાદ ! એ સાંભળતાં જ હરણીયા જેવા સંસારના રસીયા જીવો તો ધ્રુજી જ ઊઠે !** આવા લોકો વિધિની વાત સાંભળતાં જ ચમકી ઊઠે. ધર્મ કરવો જ છોડી દે. આમ કરવું, આમ ન કરવું, આમ બોલવું, આમ ન બોલવું, આમ બેસવું, આમ ન બેસવું, આ બધું શું વળી ? આપણું આમાં કામ નહિ.

ભવાભિનંદીને તમે વિધિ સમજાવવા બેસો તો ઉપર મુજબ

વિચારીને જે કરતા હોય તે ધર્મ પણ છોડી દે.

યોગ્ય જીવો પાસે યોગ્ય પુસ્તક આદિ કે યોગ્ય પ્રવચન આદિ મળતાં નાચી ઊઠે !

◆ **જ્ઞાન ભંડારમાં રહેલા પુસ્તકો નકામા નથી જ. એને યોગ્ય કોઈ ને કોઈ જીવ આ વિશ્વમાં છે જ. યોગ્ય કાળે એ આવી જ પહોંચશે. પુસ્તકો પોતાને યોગ્ય વાચકોની પ્રતીક્ષા કરતા અંદર બેઠેલા છે.**

◆ અપાત્રને શાસ્ત્ર શ્રવણ કરાવવું એટલે ચડતા તાવે દવા આપવી ! એ રીતે દવા આપો તો ઉલ્ટું વધુ નુકશાન થાય !

જેની બુદ્ધિ શાંત બની નથી, જે સતત ઉકળાટ અને વિહ્વળતામાં જીવી રહ્યો છે, એની પાસે આવી વાતો કરવી નકામી છે.

આવા માણસોની પાસે ભગવાનની કૃપા કે કરુણાની વાતો કરશું તોય ઉલ્ટો અર્થ કરશે : બેઠા છે ને ભગવાન ! કરશે એ બધું ! ભગવાન કરુણાના સાગર છે !

પોતે નિષ્ક્રિય થઈને બેસી જશે. એ માટે ભગવાનની કૃપાને આગળ ધરશે !

**ભગવાનની કરુણાની વાત કરવાનો ભગવાનના ભક્ત સિવાય બીજાને અધિકાર નથી.**

◆ પ્રભુ - ભક્ત ભગવાનના મંદિરમાં જઈ નિસીહિપૂર્વક સાંસારિક સર્વ - પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને ત્રણ પ્રદક્ષિણા આપીને, ભૂમિ ત્રણવાર પુંજીને ભગવાનને ગદ્ગદ્ભાવે નમે !

ભક્તિનો પ્રકર્ષ એવો વધે કે હૃદયમાં ભક્તિનો સાગર ઉછળે.

ચન્દ્રને જોઈને સાગર ઉછળે તેમ પ્રભુને જોઈ ભક્તનું હૃદય ઉછળે !! "જિન ગુણ ચન્દ્ર કિરણશું ઊમટ્યો, સહજ સમુદ્ર અથાગ;

મેરે પ્રભુશું પ્રગટ્યો પૂરણ રાગ" —ઉપા. યશોવિજયજી.

ભક્તિના અતિશયથી એવો વેગ આવે કે આંખમાંથી હર્ષના આંસુ આવે! [પણ જોજો, થૂંક લગાડીને કે બીજી કોઈ રીતે આંસુ લાવવાનો દેખાડો નહિ કરતા.]

**આખું શરીર રોમાંચિત થઈ ઊઠે. સાડા ત્રણ કોડ રોમરાજી ભગવાનના નામથી ખડા થઈ જાય : આજે ભગવાનની ભક્તિ**

**કરવાનો અવસર મળ્યો છે. એમના ચરણોમાં રહેવાનું ભાગ્ય મળ્યું છે. કેવી દુર્લભ છે આ ભગવાનના ચરણોની સેવા ? મારા જેવા રાંકને આ મળી ગઈ ? મારા ભાગ્યના શા વર્ણન કરવા ? કેટલાય ભવોના પુણ્ય એકઠા થયા હશે ત્યારે આવા ભગવાન મળ્યા છે.**

માનો કે ન માનો : પૂર્વના અનેકભવોની કમાણી રૂપે જ આવો ભવ અને આવા ભગવાન મળ્યા છે. એ નક્કી વાત છે. આવા ભવની એક પણ ક્ષણ વેડફતા નહિ.

**'समयं गोयम मा पमायए ।'**સૂત્ર સદા યાદ રાખજો.

ચિન્તામણિ, કલ્પવૃક્ષ, ઈન્દ્રત્વ, ચક્રિત્વ કે બીજું કાંઈ પણ મળવું સહેલું છે, પણ પ્રભુની સેવા મળવી મુશ્કેલ છે.

સંસાર એટલે ભયંકર સાગર ! જેમાં મિથ્યાત્વનું પાણી ભરેલું છે. અનેક કદાગ્રહોના મગરમચ્છ વગેરે જલચર જીવો છે. આવા આ સંસારમાં ભગવાન મળે ક્યાંથી ?

આવા દુર્લભ માનવ-ભવનું જીવન પણ કેટલું ચંચળ છે ? ક્ષણવાર પહેલા ખુલી આંખ ક્ષણ પછી બંધ પણ થઈ જાય ! કોને ખબર ? મદ્રાસમાં અમે જોતા : કેટલાય બિચારા હાર્ટ આદિના ઓપરેશનમાટે આવતા. નાના બાળકને પણ હાર્ટના ઓપરેશન ! એમાં પણ જીવન - મરણ વચ્ચે ઝોલા ખાતા માણસો ! જોઈને આયુષ્યની અનિત્યતા યાદ આવે.

મારી રોજની આદત : વાપરતાં પહેલા દેરાસરમાં જઈ ચૈત્યવંદન કરવાની ! એ પહેલા હું વરસીદાનના વરઘોડામાં ગયો. [ભૂજ-વિ.સં.૨૦૪૬] મને ક્યાં ખબર હતી : હવે હું દેરાસરમાં નહિ, હોસ્પિટલમાં હોઈશ ?

હજારો માણસો હતા, પણ કોઈને નહિ, મને જ ગાયના કારણે ધક્કો લાગ્યો. ફ્રેક્ચર થયું. ગોળો તૂટ્યો. હું હોસ્પીટલમાં દાખલ થયો. યાદ રહે : આ ક્ષણ આપણા હાથમાં છે. આવનારી ક્ષણ હાથમાં નથી ! જેટલું થયું તેટલું આપણું ! માટે જ કરવાનું જલ્દી કરી લો.

મદ્રાસમાં પણ જવા જેવી હાલત થઈ ગયેલી. એવી સ્થિતિમાંથી બચાવનાર ભગવાન છે. એમ હું તો માનું છું. **ભગવાનમાં હું માતાનું સ્વરૂપ જોઉં છું. એ પોતાના બાળકને શી**

**રીતે દુઃખી બનવા દે ?**

**ભગવાન પોતાનું સાચું સ્વરૂપ ભક્તને જ બતાવે. ભક્ત સિવાય ભગવાન અને ભક્તિની વાત બીજાને સમજાય જ નહિ. એને તો ઘેલછા કે ગાંડાઈ જ લાગે. ભક્તને સમજવા ભક્ત થવું પડે. જ્ઞાનીને સમજવા જ્ઞાની થવું પડે. ભક્તની ઊંચાઈએ પહોંચ્યા પછી જ ભક્તિની વાત સમજાય.**

ભક્તના હૃદયમાં ભગવાન આવે છે. એ વાત તમને ન સમજાય. માત્ર બકવાસ લાગે. પણ ભક્ત માટે આ સીધી – સાદી વાત છે : ચિત્ત આરીસા જેવું નિર્મળ બન્યું એટલે ભગવાન ચિત્તમાં પ્રતિબિંબિત થયા જ. એમાં નવાઈ શી ?

અભક્ત હૃદયને આ વાત નહિ સમજાય.

❋

### *બુદ્ધિ અને શ્રદ્ધા*

*બુદ્ધિ દાખલા દલીલો કરી સંઘર્ષ ઉભો કરે છે. શ્રદ્ધાવડે આત્મા પરમાત્મામાં ડૂબકી મારે છે, ત્યારે સમાધિ મેળવે છે. બુદ્ધિએ નિર્ણય કરેલું જ્ઞાન કથંચિત્ વ્યવહારમાં સાચું હોઈ શકે. આત્મજ્ઞાન વડે પ્રગટ થતું જ્ઞાન સર્વદા સાચું હોય છે. તેને દાખલા દલીલોવડે કે કોઈ લેબોરેટરીમાં ચકાસણી કરવાની અગત્યતા રહેતી નથી. કારણ કે એ સર્વજ્ઞના સ્રોતમાંથી પ્રગટ થયેલું છે.*

### *અનુભવ-જ્ઞાન*

*ઘણા શાસ્ત્રોના પારંગત પંડિતોને જે અનુભવ જ્ઞાન નથી હોતું તે સાચા ભક્તમાં હોય છે. કારણ કે અનુભવ જ્ઞાનમાં કેવળ બુદ્ધિ પ્રવેશ કરવા અસમર્થ છે. પરમાત્મમય બનેલી બુદ્ધિ જેને પ્રજ્ઞા કહીએ છીએ તે અનુભવ જ્ઞાન બને છે. એ પ્રજ્ઞાવડે આત્મા જણાય છે.*



અષાઢ વદ-૧૦

ૐ

સાત ચોવીશી ધર્મશાળા,

૨૬-૭-૨૦૦૦, બુધવાર

જો શક્તિ મુજને મળે,
આપું સૌને સુખ

**સામુદાયિક 'અરિહંત પદ' જાપ**

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :**

પૂજ્ય આચાર્ય શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી બરાબર સમય પર પધારી ચૂક્યા છે. મંત્ર-ગ્રહણનો સમય થઈ ગયો છે.

ચલો, સૌ સાથે બોલીએ :

જો શક્તિ મુજને મળે,
આપું સૌને સુખ;
કર્મના બંધન ટાળીને,
કાપું સહુના દુઃખ....૧.
મુજને દુઃખ આપે ભલે,
તો પણ ખમું તાસ;
સુખ પીરસવા સર્વને,
છે મારો અભિલાષ....૨.
જગના પ્રાણી માત્રને,
વ્હાલા છે નિજ પ્રાણ;

માટે મન - વચ- કાયથી, સદા કરું તસ ત્રાણ....૩.
આશીર્વાદ મુજને મળો, ભવોભવ એ મુજ ભાવ ;
ત્રસ સ્થાવર જીવો બધા, દુઃખીયા કો નવિ થાવ....૪.
ભવોભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય;
તો શ્રી જિનશાસન વિષે, સ્થાપું જીવ બધાય....૫.

[પૂજ્યશ્રીના વંદન પછી આત્મરક્ષા મંત્ર]

પૂજ્યશ્રી તરફથી સૌને ત્રણવાર નવકાર અપાયો.

પૂ. જિનચન્દ્રસાગરસૂરિજી દ્વારા 'નમો અરિહંતાણં' ૧૦૮ વાર બોલાવાયું.

**પૂ. મુનિશ્રી ધુરંધરવિજયજી મ.** : સમવસરણમાં અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત ભગવાન બેઠા છે, એવા ભાવપૂર્વક સૌ એક કલાક સુધી 'નમો અરિહંતાણં' નો જાપ કરે.

*પૂ. પંન્યાસ શ્રી કીર્તિચંદ્રવિજયજી મહારાજ દ્વારા આપશ્રીજીના સંપાદિત પુસ્તકો 'કહે, કલાપૂર્ણસૂરિ'' અને ''કહ્યું કલાપૂર્ણસૂરિએ'' બંન્ને મળ્યા છે.*

*બંને પુસ્તકોમાં વાચનાઓનો સુંદર સંગ્રહ કરેલ છે. ખરેખર ! અનુભવની ખાણી એવી સૂરિ ''કલાપૂર્ણ'' ની વાણી છે. ભક્તિયોગ- પરમાત્મા પ્રત્યેની અનન્ય શ્રદ્ધાના પ્રતીકો પુસ્તકમાં ઠેર-ઠેર નિહાળવા મળે છે.*

*પૂજ્ય આચાર્યદેવેશશ્રીજીએ ઉચ્ચ પ્રકારની સાધના જીવનમાં આત્મસાત્ કરેલ છે. આપ પૂજ્યોએ પણ પૂજ્યશ્રીની વાણીને અનેક ભાવિકો સુધી પહોંચાડવા પુસ્તક દ્વારા સુંદર પ્રયાસ કરેલ છે.*

*-સાધ્વી શ્રી ચંદનબાલાશ્રી* અમદાવાદ



શોક, દીનતા વગેરેના કારણે ઘણીવાર
આંસુ પડેલા છે. ભક્તિના કારણે
ક્યારેય આંસુ પડ્યા છે ?

ૐ

અષાઢ વદ-૧૦

૨૬-૭-૨૦૦૦, બુધવાર

◆ જિનાગમનું કોઈ પણ સૂત્ર અનંત અર્થથી ભરેલું હોય. વાત મગજમાં નથી બેસતી. બરાબરને ? ઘણાને નથી બેસતી. પંજાબમાં વ્યાખ્યાન આપી રહેલા સમયસુંદરજી-ની આ વાતમાં ત્યાંના શ્રોતાઓને વિશ્વાસ ન બેઠો ત્યારે તેમણે બીજે દિવસે એક જ વાક્યના આઠ લાખ અર્થો કરી બતાવ્યા. આજે પણ એ ગ્રન્થ [અષ્ટલક્ષી] વિદ્યમાન છે. **'राजानो ददते सौख्यम् ।'** આ વાક્યના એ ગ્રન્થમાં આઠ લાખ અર્થ છે.

સામાન્ય વાક્યના પણ આઠ લાખ અર્થ થાય તો ભગવાનની વાણીના અનંત અર્થ કેમ ન થઈ શકે.

ગંભીર અર્થોથી ભરેલા આવા જિનાગમો મળતાં કેટલો આનંદ થવો જોઈએ ?

'નમસ્કાર – સ્વાધ્યાય' નામના

પુસ્તકમાં '**नमो अरिहंताणं**' ના ૧૦૮ અર્થ કરેલા છે. વાંચી જોજો.

◆ ચૈત્યવંદન સાત વાર રોજ કરીએ જ છીએ, પણ અહીં લખેલા ભાવો હૃદયમાં જાગે છે ? હું કહું છું : મને આવા ભાવો નથી જાગતા. શ્રી હરિભદ્રસૂરિજી અજૈન કુળમાં જન્મેલા હતા છતાં એમને આવા ભાવો થતા હતા.

આથી જ એમણે લખ્યું : **ચૈત્યવંદન કરતાં આંખમાંથી હર્ષના આંસુ ન પડે તો સમજજો : હજુ મારી ભક્તિ અધૂરી છે. શોક, દીનતા વગેરેના કારણે ઘણીવાર આંસુ પડેલા છે. ભક્તિના કારણે ક્યારેય આંસુ પડ્યા છે ? ભગવાન પ્રત્યે ગાઢ પ્રેમ હોય તો જ આવું બની શકે.**

હરિભદ્રસૂરિજીને દીક્ષા લેવી ન્હોતી, છતાં લેવાઈ ગઈ. ગુરુએ યોગ્યતા જોઈ તેમને દીક્ષા આપી. છતાં તેમને પ્રભુ પ્રત્યે અપૂર્વ પ્રીતિ જાગે અને આપણે પ્રભુ-પ્રેમથી લાખો જોજન દૂર હોઈએ, એ કેવું ?

◆ મન પ્રસન્ન ન હોય ત્યારે મહેરબાની કરી મંદિરે નહિ જતા. નહિ તો ગુરુ સમક્ષ જેમ તેમ બોલી નાખો છો, તેમ ક્યારેક ભગવાન સમક્ષ પણ બોલી નાખશો.

પ્રસન્ન ચિત્ત વિના પ્રભુ-ભક્તિ નહિ થાય. સાથે - સાથે એ પણ સમજી લો : પ્રભુ ભક્તિ વિના ચિત્ત-પ્રસન્નતા પણ નહિ મળે.

પ્રશ્ન થશે : ચિત્ત પ્રસન્ન હોય તો ભક્તિ થઈ શકે કે ભક્તિ કરીએ તો ચિત્ત પ્રસન્ન બને ?

બન્ને પરસ્પર સાપેક્ષ છે. સામાન્ય રીતે ચિત્ત પ્રસન્ન હોય ત્યારે જ પ્રભુ-ભક્તિ કરવાથી ચિત્ત વિશેષ પ્રસન્ન બને છે. અત્યંત કલુષિત મન પ્રભુ-ભક્તિમાં એકાકાર નથી બનતું.

ગૃહસ્થો માટે એટલે જ દ્રવ્યપૂજા જરૂરી છે. અનેક આરંભ સમારંભ ધંધા-ધાપાથી ચિત્ત વ્યગ્ર બનેલું હોય. દ્રવ્ય પૂજા કરતાં કરતાં મન કંઈક નિર્મળ બને. પછી ચૈત્યવંદનમાં મન લાગે. આથી જ આનંદઘનજીએ ૯ મા સ્તવનમાં દ્રવ્ય-પૂજાની વાત કરી હશે ને ?

ચૈત્યવંદન કરતાં સ્વાધ્યાય બગડે છે, એમ કદી નહિ માનતા.

સ્વાધ્યાય દ્વારા આખરે આ જ કરવાનું છે. સમય બગડતો નથી, પણ સફળ થાય છે, એમ માનજો.

ચૈત્યવંદન કરતી વખતે અન્ય સર્વ કર્તવ્યનો ત્યાગ જોઈએ. ગૃહસ્થોએ ધંધા આદિના વિચારો નહિ કરવાના. સાધુઓએ વસતિ વગેરેના વિચારો નહિ કરવાના. મન સંપૂર્ણ ભગવાનમાં લીન જોઈએ.

શ્રી હરિભદ્રસૂરિજી લખે છે : **'न च अतः परं कृत्यमस्ति ।'** આનાથી [ચૈત્યવંદનથી] ચડે તેવું બીજું કોઈ કાર્ય વિશ્વમાં નથી.

ગૃહસ્થોને પ્રધાનમંત્રીની સીટ મળી જાય તો કેટલા રાજી થાય ? એથી પણ વધુ આનંદ અહીં થવો જોઈએ. **સત્તાના સિંહાસન પર બેસવાના આનંદ કરતાં પ્રભુ-ચરણમાં બેસવાનો આનંદ ચડીયાતો છે.** આથી જ ભક્ત, ચક્રવર્તી થવાનું નહિ ઈચ્છે, પણ પ્રભુ - સેવક થવાનું ઈચ્છશે.

સંસારની સેવા ઘણી કરી. હવે પ્રભુની સેવા કરવાની છે.

હમણા આણંદજી કલ્યાણજી પેઢીના બધાજ કર્મચારીઓ [પૂજારીઓ] વગેરે આવેલા ત્યારે મેં કહેલું : કોઈ મોટા શેઠીયાઓને પણ ન મળે એવું મહત્ત્વનું કાર્ય [આજીવિકા માટેનો ધંધો] તમને મળ્યું છે. મહાપુણ્યોદય માનીને આ પ્રભુ-પૂજા આદિના કાર્યો કરજો.

તેમણે કહેલું : ગુરુદેવ ! હવે અમે આવું [હડતાળ પર ઉતરવાનું] કદી નહિ કરીએ.

◆ કોઈ ભવમાં સાથ ન છોડે એવા મિત્ર, દોસ્ત, બંધુ કે સગા ભગવાનને છોડીને અન્ય કોઈ છે ?

માટે જ આનંદઘનજી કહે છે :

'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત.'

અહીં ચેતના જ પોતાના ચેતનને કહે છે : હવે તો બસ મારા એક જ પતિ છે : પરમાત્મા ! મને હવે બીજા કોઈ કંત ન જોઈએ. કારણ કે આ પરમાત્માનો જ સાથ એવો છે કે જે કદી છૂટે નહિ.

આવો પ્રેમ જાગે તો ભક્તિ જાગ્યા વિના ન રહે.

બધાનું મૂળ પ્રભુ-પ્રેમ છે. પ્રીતિયોગનો વિકાસ જ ભક્તિયોગ છે. તેનો વિકાસ વચન અને તેનો વિકાસ અસંગ યોગ છે. ભક્તિ,

વચન અને અસંગમાં પ્રેમ નથી, એવું નહિ માનતા. ક્રમશઃ પ્રેમ ત્યાં વધતો જ જાય છે.

ભગવાન જેવો પ્રેમ બીજે ક્યાંય ન હોય તે પ્રીતિયોગ છે. ધન, શરીર, મકાન, કીર્તિ, શિષ્ય આદિ સર્વ પદાર્થોથી ચડી જાય તેવો પ્રેમ પ્રભુ પ્રત્યે જોઈએ. જો બીજે પ્રેમ હશે તો ભગવાન નહિ આવે. ભગવાન કદાચ વિચારતા હશે : ભક્તને હજુ ભટકવું છે. ભટકવા દો. થાકીને આવે ત્યારે વાત !

આપણે બન્ને બાજુ પ્રેમ રાખીએ છીએ. દૂધ અને દહીંમાં, સંસારમાં ને ભગવાનમાં પ્રેમ રાખીએ છીએ. આ રીતે ભગવાન ન મળે.

હું આટલું કહું છું છતાં તમને પ્રભુ-પ્રેમ પ્રગટતો ન હોય તો જવાબદારી મારી નહિ. ન કહું તો જવાબદારી મારી, પણ કહ્યા પછી પણ તમારામાં પરિવર્તન ન આવે તો હું શું કરી શકું ? જમાલિ-ગોશાળા માટે ભગવાન પણ શું કરી શક્યા હતા ?

◆ અમારા ફલોદીમાં વીંછી ઘણા ! એમાંય અમારું ઘર એટલે વીંછીઓનું જ ઘર ! રોજ મારા પિતાજી ડોલમાં ૧૦-૧૫ વીંછી એકઠા કરીને જંગલમાં મૂકી આવે. એક વખત બનિયન ઉતારીને હું સ્થંડિલ ગયેલો. જઈને આવ્યા પછી બનિયન પહેર્યું ને મને કાંટા જેવું લાગ્યું. જોયું તો મોટો વીંછી ! સંભાળીને બહાર મૂક્યો. ૨૯ વર્ષમાં મને કદી વીંછી કરડ્યો નથી.

આ જીવદયાનો પ્રભાવ છે. આપણું અંતઃકરણ જીવોની દયાથી ભરેલું હોય તો કોણ શું કરી શકે ?

◆ મારી આટલી વાત તો માનો : ચૈત્યવંદન તો શાન્તિથી કરો. હું ઘણાને પૂછું : ચૈત્યવંદનમાં કેટલો સમય કાઢ્યો ? માત્ર ૧૦-૧૫ મિનિટ ?

**આડી-અવળી પ્રવૃત્તિમાં તો આપણો ઘણો સમય જાય છે, પણ ચૈત્યવંદન જેવી મહત્ત્વની ચીજ માટે આપણને સમય નથી !** ખરેખર તો ચૈત્યવંદન આપણને મહત્ત્વનું નહિ લાગતું હોય.

કદાચ એમ હોય : જીંદગી ઘણી લાંબી લાગતી હશે. મારા જેવા વૃદ્ધ માટે જરૂરી હશે, તમને - યુવાનોને જરૂરી નહિ લાગતું

હોય ! અથવા તો સ્વર્ગ કે મોક્ષ નિશ્ચિત હશે ! નહિ તો આટલો પ્રમાદ શાનો હોય ?

હસવાની જરૂર નથી. તમે બધા વિચારો છો : મહારાજ બીજાને કહે છે, મને નહિ. 'મને જ કહે છે' એવું લાગે ત્યારે જ પરિવર્તન શક્ય બને.

નાના હતા ત્યારે માતાને કેટલી તકલીફ આપેલી ? રમવામાં એવા મશગુલ રહેતા કે જમવા જાય જે બીજા. મા પરાણે ઘસડી લાવતી ને જમાડતી તે યાદ છે ને ?

**શ્રી હરિભદ્રસૂરિજી અહીં મા બનીને આવે છે, ને કહે છે : બાળકો ! સમજો. ઘણું રમ્યા. હવે મહત્ત્વનું કાર્ય કરી લો. આનાથી વધુ મહત્ત્વનું બીજું કોઈ કાર્ય નથી. 'न चाऽतः परं कृत्यमस्ति ।'**

◆ ચૈત્યવંદનને, ભક્તિને ગૌણ કરીને ધ્યાન, કાઉસ્સગ્ગ કરી જુઓ. ને ભક્તિને મુખ્ય કરીને ધ્યાન કાઉસ્સગ્ગ કરી જુઓ. બંનેમાં ફરક હશે. ભક્તિ વિના ધ્યાન કાઉસ્સગ્ગ સફળ ન જ બને.

ધ્યાન કોનું કરવાનું ? કાઉસ્સગ્ગ કોનો કરવાનો ? લોગસ્સ [ચઉવિસત્થો] માં ભક્તિ જ છે ને ?

સમ્યક્ સામાયિક ભક્તિ સ્વરૂપ છે.

ચારિત્ર સામાયિક ધ્યાન સ્વરૂપ છે.

ગુરુ, શાસ્ત્ર, ભગવાન કે ભગવાનના ઉપદેશ વગેરે વિના સીધું જ સામાયિક મળી જતું હોત તો બાકીના પાંચ આવશ્યકો ભગવાને બતાવ્યા જ ન હોત. સામાયિક પ્રાપ્તવ્ય છે, એ ખરું, પણ એ મળશે ભગવાન અને ગુરુની ભક્તિ દ્વારા જ.

**"મને ભક્તિ દ્વારા જ મળ્યું છે. તમને પણ એ દ્વારા જ મળશે." એમ ભગવાન સ્વયં જીવન દ્વારા કહે છે.**

ભગવાને પોતે પૂર્વના ત્રીજા ભવમાં ભક્તિ દ્વારા જ મેળવ્યું છે.

ધૂમધામથી કે ભાષણબાજીથી તીર્થ નહિ ટકે, સામાયિકભાવથી ટકશે.

મોહરાજા તમારા મોટા દાંડાથી નહિ ડરે, તમારી અંદર થયેલા

શુદ્ધાત્માના સંસ્પર્શથી ડરશો, એ બરાબર વિચારજો.

હવે તો હરિભદ્રસૂરિજીની વાત માનશોને ? 'આ ચૈત્યવંદનથી અધિક કોઈ શ્રેષ્ઠ કૃત્ય નથી.' એ વાત સ્વીકારશોને ?

દેરાસરમાં તમારી આંખોને ભગવાનની આંખોમાં જોડી દો. તમારું મન પ્રતિમામાં જોડી દો.

**આંખો પ્રભુની આંખોમાં જોડાશે તો તારક ધ્યાન થશે.**

**પ્રતિમામાં મન જોડાશે તો રૂપસ્થ ધ્યાન થશે.** માટે જ અહીં લખ્યું : "**भुवनगुरौ विनिवेशितनयनमानसः** ।"

◆ ચૈત્યવંદન વખતે સૂત્રો અસ્ખલિત આદિ ગુણોપૂર્વક બોલવાના છે. તેના અર્થોનું અનુસ્મરણ પણ ત્યારે થવું જોઈએ. અહીં અનુસ્મરણ એટલા માટે લખ્યું કે બોલતાં-બોલતાં પાછળ-પાછળ ભગવાનનું તેવું-તેવું સ્વરૂપ યાદ આવતું જાય. અનુ એટલે પાછળ.

આઠ સંપદા [વિશ્રામ સ્થાન] પૂર્વક નમુત્થુણં બોલવાનું છે.

'નમુત્થુણં'માં ૩૨ આલાવા છે. અન્ય આચાર્યો '**वियट्टछउमाणं**' સહિત ૩૩ આલાવા માને છે.

આ ભક્તિયોગ છે. ભક્તિયોગ વિના બધું શુષ્ક અને નિષ્ફળ છે. ભક્તિ એટલે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર વગેરે વ્યર્થ છે, એ તો જાણો છો ને ? જો સમ્યગ્દર્શન પેદા ન થયું તો આપણામાં ને અભવ્યમાં કોઈ બહુ ફરક નથી. બાકી આ સ્થાને તો અભવ્યની જેમ આપણે પણ અનંતીવાર આવી ગયા છીએ, પણ બીજ ન્હોતું પડ્યું માટે બધા પ્રયત્નો નકામા ગયા. સમકિત બીજ છે.

આ તો તમને મળેલું જ છે. ગૃહસ્થપણામાં જ મળેલું છે. હું તો માત્ર યાદ કરાવું છું : ભૂલાઈ ગયું નથી ને ?


*'કહ્યું કલાપૂર્ણસૂરિએ' નું બહુમૂલ્ય નજરાણું હમણાં જ હાથમાં આવ્યું.*

*પૂજ્યશ્રીની આ વાચના-પ્રસાદી અનેક આત્માઓને સુલભ કરી આપવાના તમે આદરેલા સમ્યક્ પ્રયાસ બદલ તમને ખૂબ ખૂબ ધન્યવાદ.....*

**-આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ**



ભક્તિનો અતિશય પ્રગટાવવો હોય તો
લલિતવિસ્તરા એક વાર જરૂર વાંચજો.

ૐ

અષાઢ વદ-૧૧

૨૭-૭-૨૦૦૦, ગુરુવાર

[સામૂહિક વાચના. સર્વ સમુદાયના પૂજ્યોનું આગમન]

◆ અભિમાની ઈન્દ્રભૂતિ ગૌતમના અભિમાનનું ઝેર હરી લઈને તેમનામાં વિનયનું અમૃત ભરનાર ભગવાન મહાવીરદેવની કરુણા-શક્તિનું શું વર્ણન કરવું ?

◆ ઈન્દ્રભૂતિની સાથે તેમના ૫૦૦ શિષ્યો પણ સાથે જ દીક્ષિત બની ગયા. તેમનો પોતાના ગુરુ પ્રત્યે સમર્પિત ભાવ કેવો હશે ?

◆ પરમાત્મ - ગુણગાન મંગલરૂપ છે. એ ગુણ-ગાનમાં ઉપસર્ગો દૂર કરવાની અને ચિત્તને પ્રસન્ન બનાવવાની શક્તિ છે.

◆ પ્રીતિ આદિ ચારેય અનુષ્ઠાનમાં ઉત્તરોત્તર પ્રભુ-પ્રેમ બલવત્તર થયેલો જણાશે. પ્રેમ વધતો જશે તેમ તેમ પ્રીતિ જ ભક્તિમાં

બદલાઈ જશે. ભક્તિ જ આજ્ઞા-પાલનમાં પરિવર્તિત થશે ને આજ્ઞા-પાલન [વચન] જ અસંગમાં રૂપાંતર પામશે.

અસંગયોગ પ્રભુ-પ્રેમની પરાકાષ્ઠા છે. કારણ કે ત્યાં પ્રભુ સાથે એકતા થઈ ગઈ છે.

પ્રભુ પ્રત્યેના બહુમાનથી જ ઈન્દ્રભૂતિ આદિ ગણધરો પ્રભુ પાસેથી મેળવી શક્યા હતા.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** ઉપાદાન કારણ પણ તૈયાર જોઈએ ને ?

**પૂજ્યશ્રી :** ઉપાદાન કારણને પણ તૈયાર કરનાર પ્રભુ છે. ઈન્દ્રભૂતિ ઉપાદાન રૂપે વિદ્યમાન હતા જ. ભગવાન ન મળ્યા ત્યાં સુધી તેમનું ઉપાદાન કેમ તૈયાર ન થયું ? માટી પડી છે. કુંભાર વિના જ કેમ ઘડો બની જતો નથી ?

**આપણે મોઢેથી શરણાગતિ બોલીએ છીએ, પણ બધું આપણી પાસે રાખીને. મન - વચન - કાયા જ નહિ, આત્માનું પણ પ્રભુને સમર્પણ કરવાનું છે. તમે બધું પ્રભુને સોંપી જુઓ. શું મળે છે ? તે જુઓ.**

**ઈન્દ્રભૂતિએ એ કરી જોયું ને પામી ગયા.**

◆ આગમિક દૃષ્ટિએ ધ્યાનના ભેદો બતાવનાર ધ્યાન-વિચાર ઉત્તમ ગ્રન્થ છે, જેમાં બધા ધ્યાનના ભેદો આવી ગયા.

દિવસમાં સાતવાર ચૈત્યવંદન અને ૪ વાર સ્વાધ્યાય પ્રકૃષ્ટ ધ્યાનયોગ છે. ચૈત્યવંદનથી ભક્તિ અને સ્વાધ્યાયથી સ્થિરતા મળે. બન્ને મળીને પ્રભુ સાથે જોડી આપે. આવું હોવા છતાં એમાં ઉલ્લાસ ન જાગે તેનું કારણ મિથ્યાત્વ મોહનીય છે. મોહરાજા શાનો ઈચ્છે કે કોઈ જીવ પામી જાય ?

**◆ ભક્તિનો અતિશય પ્રગટાવવો હોય તો લલિતવિસ્તરા એકવાર જરૂર વાંચજો. હું મારા અનુભવથી કહું છું. એના દ્વારા વિશ્વાસ થશે : ભગવાનની શક્તિ કાર્ય કરી રહી છે.**

ઉદાર-ધનવાન દાન આપતો રહે છે, તેમ અરિહંતો પોતાના ગુણોનું દાન સતત કરતા જ રહે છે. તેઓ જ સિદ્ધો, આચાર્યો,

ઉપાધ્યાયો અને સાધુઓ તૈયાર કરતા રહે છે.

ભક્તિ યોગનો વિકાસ થશે તો જ બીજા ગુણો આવી શકશે. એના વિના એકેય ગુણ નહિ આવે. હવે શક્ય હોય તો સામુદાયિક વ્યાખ્યાનમાં આગલા રવિવારે પ્રભુ-ભક્તિ, પછીના રવિવારે ગુરુ-ભક્તિ અને પછી સંઘ-ભક્તિ પર વ્યાખ્યાન રાખજો. [આ પ્રમાણે જ સામુદાયિક વ્યાખ્યાનો રહ્યા હતા.-સં.]

કોઈપણ અનુષ્ઠાનની સફળતાનો આધાર પ્રભુ-પ્રેમ છે. ભગવાનની પ્રીતિ નિષ્કામ જોઈએ, આનંદઘનજીના શબ્દોમાં કહીએ તો નિરુપાધિક જોઈએ.

ભગવાનનો પ્રેમ જેમ જેમ વધતો જાય, તેમ તેમ આપણે તેવા બનતા જઈએ. "ઉત્તમ સંગે રે, ઉત્તમતા વધે."

**પૂ.આ.શ્રી નવરત્નસાગરસૂરિજી** : જ્ઞાન કરતાં ભક્તિયોગ ચડે ?

**પૂજ્યશ્રી** : ભકિત વિના જ્ઞાન અહંકાર કરશે. સારું વ્યાખ્યાન આપ્યું, સારી સ્તુતિ બોલ્યા કે કાંઈપણ સારું કર્યું તે અભિમાનનું કારણ બની જશે. જ્ઞાનની ના નથી પણ સરખામણીમાં ભક્તિ પહેલા. કોઈનું પણ વર્ણન ચાલતું હોય ત્યારે બીજું ગૌણ સમજવું. પણ એનો અર્થ એ નથી કે એની તદ્દન ઉપેક્ષા કરવી.

**પૂ.આ.શ્રી નવરત્નસાગરસૂરિજી** : ભગવાનની સર્વજ્ઞતાએ જ ઈન્દ્રભૂતિને આકર્ષિત કરેલાને ?

**પૂજ્યશ્રી** : એની ના નથી, પણ ભગવાનમાં રહેલા બીજા ગુણો, ગુણો પર જાગેલો પ્રેમ, એ પણ કારણ ખરૂંને ?

◆ ભગવાન ચાર રૂપે છે; નામ-સ્થાપનાદિ રૂપે. ઉપાસના કરીને, ભાવરૂપે હૃદયમાં ભગવાનને પ્રગટાવવાના છે.

શ્રી જ્ઞાનવિમલસૂરિજી કહે છે :

"નામે તું જગમાં રહ્યો, સ્થાપના પણ તિમહી;
દ્રવ્યે ભવમાંહિ વસે, પણ ન કલે કિમહી,
ભાવપણે સવિ એક જિન, ત્રિભુવનમેં ત્રિકાલે,"

આપણે માનીએ છીએ કે ભગવાન મોક્ષમાં ગયા, પણ આ

મહાપુરુષ આપણને સાન્ત્વના આપતાં કહે છે : ભગવાન નામાદિરૂપે અહીં જ છે. ચિન્તા શું કરો છો ?

તપાગચ્છના આદ્ય મહાત્મા આચાર્ય શ્રી જગચ્ચન્દ્રસૂરિજીના શિષ્ય શાસનને સમર્પિત આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી પણ સ્વ-રચિત ચૈત્યવંદન ભાષ્યમાં કહે છે : "**नाम जिणा जिणनामा**"

**પૂ. આ. શ્રી નવરત્નસાગરસૂરિજી** : સમવસરણમાં દેશના આપે ત્યારે જ ભાવ ભગવાન કહેવાય ?

**પૂજ્યશ્રી** : એવંભૂત નયની અપેક્ષાએ આ વાત છે. બાકી આપણે તો ચ્યવનથી જ પ્રભુને પ્રભુરૂપે માનીએ જ છીએને ? ચ્યવનથી જ શા માટે ? તીર્થંકર નામકર્મની નિકાચના પહેલા પણ તેમને ભગવાન માની શકાય.

શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ ગઈ ચોવીશીમાં ઘડાયેલી. આવતી ચોવીશીમાં થનાર પદ્મનાભ અને અમમસ્વામીની મૂર્તિઓ પણ અત્યારે પૂજાય જ છે ને ?

◆ નામની આરાધના નામ-મન્ત્ર દ્વારા કરવાની છે.

સ્થાપનાની આરાધના પ્રતિમા દ્વારા કરવાની છે.

ગઈકાલે મેં એક શ્લોક આપેલો તે યાદ છે ને ?

"**मन्त्रमूर्तिं समादाय, देवदेवः स्वयं जिनः ।**
**सर्वज्ञः सर्वगः शान्तः सोऽयं साक्षाद् व्यवस्थितः ।।**"

"પ્રભુ-મૂર્તિમાં છે શું પડ્યું ? છે માત્ર એ તો પત્થરો,
પ્રભુ-નામમાં છે શું પડ્યું ? છે માત્ર એ તો અક્ષરો;
એવું કહો ના સજ્જનો ! સાક્ષાત્ આ ભગવાન છે,
નિજ-નામ-મૂર્તિનું રૂપ લઈ પોતે જ અહીં આસીન છે."

આપણા જેવા છદ્મસ્થોને તો નામ અને સ્થાપના જ દેખાય. બાકીના બે [દ્રવ્ય અને ભાવ] ભગવાન તો હૃદયમાં પ્રગટાવવાના છે.

વાતચીતમાં પણ આપણે શું બોલીએ છીએ ? મંદિરમાં કઈ મૂર્તિ છે ? તેમ નહિ, ક્યા ભગવાન છે ? તેમ પૂછીએ છીએ ? મૂર્તિનું તો જયપુરના મૂર્તિ - મહોલ્લામાં પૂછીએ છીએ.

નામ-સ્થાપના રૂપે ભગવાન જાણી શકાય, દ્રવ્ય તીર્થંકર ન જાણી શકાય. ભગવાન કહે ને સુલસા આદિને જાણી શકાય તે વાત જુદી છે. બાકી આપણે અજ્ઞાની ક્યાંથી જાણી શકવાના ? માટે તો સંઘ ભક્તિનો આટલો મહિમા છે. આ જ સંઘમાંથી તીર્થંકર આદિ થવાના ને ? હજુ અનંતા તીર્થંકરો અહીંથી જ થવાના ને ?

હું તો કહું છું : અહીં બેઠેલા આ સમૂહમાં પણ દ્રવ્ય તીર્થંકર કેમ ન હોય ?

◆ **'आया सामाइए'** એવો પાઠ મળે જ છે. છતાં માત્ર સામાયિક જ આવશ્યક તરીકે નથી બતાવ્યું, તેને પ્રાપ્ત કરવા બીજા પાંચ આવશ્યકો બતાવ્યા છે. સામાયિક રૂપી સાધ્યને સિદ્ધ કરવા બીજા પાંચ સાધન છે.

દેવ પાસેથી દર્શન.

ગુરુ પાસેથી જ્ઞાન.

ધર્મ પાસેથી ચારિત્ર મળે.

આ દેવાદિ ત્રણેય ક્રમશઃ છયે આવશ્યકોમાં દેખાય છે ને ?

સામાયિકના પરિણામ ચઉવિસત્થો દ્વારા જ પ્રગટે, પ્રભુના આલંબને જ પ્રગટે. માટે સામાયિક પછી ચઉવિસત્થો આવશ્યક છે. માટે દીક્ષા આપતી વખતે સીધો જ ઓઘો નહિ આપતાં તે પહેલા દેવવંદન કરાવીએ છીએ.

ભક્તિ જેટલી દૃઢ તેટલું સમ્યગ્દર્શન જલ્દી મળે. મળેલું હોય તો ભક્તિથી વધુ નિર્મળ બને.

ગઈકાલે સામૂહિક જાપ કર્યો તે પ્રભુ ભક્તિ જ છે.

આ પદસ્થ ધ્યાન છે.

પદસ્થ ધ્યાનમાં પ્રભુ-નામ.

રૂપસ્થ ધ્યાનમાં પ્રભુ-મૂર્તિ.

પિંડસ્થ ધ્યાનમાં પ્રભુની અવસ્થાઓ,

રૂપાતીત ધ્યાનમાં પ્રભુની સિદ્ધાવસ્થા ધ્યાવવાની છે.

◆ ભાવતીર્થંકર પણ બે પ્રકારે છે.

એક તો સાક્ષાત્ ભગવાન સ્વયં.

બીજો ભગવાનના ઉપયોગમાં રહેલો આપણો આત્મા.

◆ પ્રભુ નામં જપતા રહીએ તેમ તેમ પ્રભુનું સાન્નિધ્ય અનુભવાશે.

નામ ગ્રહંતા આવી મિલે, મન ભીતર ભગવાન.

નામ સાથે એકાગ્ર બનવાથી પ્રભુ સામીપ્ય જૈનેતર મીરાં, રામકૃષ્ણ કે નરસૈંયાને અનુભવાયું છે. પ્રભુ-નામ સિવાય તેમને ક્યો આધાર હતો ?

**પ્રભુના હજારો નામ છે. કોઈપણ નામે પ્રભુને જપો. પ્રભુ હાજર થઈ જશે.**

**પૂ.આ.શ્રી હેમચન્દ્રસાગરસૂરિજી** : એ કઈ રીતે ? એમની માન્યતા તાત્ત્વિક શી રીતે કહેવાય ?

**પૂજ્યશ્રી** : આપણે સંપૂર્ણ નથી પકડવાનું. થોડુંક જ લેવાનું છે. જુઓ કલ્યાણમંદિરમાં : **त्वामेव वीततमसं०**

પ્રભુ ! તેઓ ભલે હરિહર રૂપે ભજે, પણ વસ્તુતઃ તને જ ભજે છે. શંખ સફેદ જ હોય, પણ કોઈ નેત્રરોગીને પીળા વગેરે રંગનો દેખાય, તેથી શું થઈ ગયું ? શંખ થોડો પીળો થવાનો છે ?

આખું શક્રસ્તવ વાંચો. બુદ્ધ, મહાદેવ, શંકર, બ્રહ્મા, વિષ્ણુ વગેરેના નામો પ્રભુના જ નામો છે.

આગળ વધીને કહું તો દુનિયાના બધા જ સુવાક્યો, બધું જ સુસાહિત્ય ભગવાનનું જ છે. અહીંથી જ ઊડેલા છાંટા છે,

◆ પ્રભુ - નામથી જીભ અને

સ્થાપનાથી આંખ નિર્મળ બને.

◆ આપણે ભલે ભગવાનને કહીએ : હું પતિત છું, પાપી છું, પણ ભગવાન આપણને તેવા નથી માનતા, તેઓ તો પૂર્ણરૂપે જ જુએ છે,

દોષ લેવા હશે તે દોષ જોશે.
ગુણ લેવા હશે તે ગુણ જોશે.

**દુર્યોધન અને યુધિષ્ઠિરનું પ્રસિદ્ધ દૃષ્ટાંત ખ્યાલ છે ને ? દુર્યોધનને કોઈ સારો ન દેખાયો. યુધિષ્ઠિરને કોઈ ખરાબ ન દેખાયો. દુર્યોધનની આંખે વિશ્વને જોઈશું કે યુધિષ્ઠિરની આંખે ?**

દુર્યોધન જેવી દ્રષ્ટિવાળા તો પ્રભુમાંથી પણ દોષો શોધી કાઢશે. ગોશાળો કહેતો : હું સાથે હતો ત્યારે ભગવાન સારા હતા. હવે ઠઠારો વધી ગયો છે. દેવ – દેવીઓનો કેટલો પરિવાર સાથે સાથે રાખે છે ? વીતરાગ ભગવાનને આ વળી આડંબર શાનો ?

૩૬૩ પાખંડીઓ પ્રભુ પાસે જાય, પણ દુર્યોધનની આંખ લઈને જ જાય. આથી જ તેઓ પ્રભુ પાસેથી કશું મેળવી શકે નહિ.

◆ જો સંઘમાં જાગૃતિ લાવવી હોય, કંઈક કલ્યાણ કરવું હોય તો એક કામ કરજો. હું એટલે જ અહીં સૂત્રાત્મક બોલી રહ્યો છું. તમે વિદ્વાન વકતાઓ છો. હજારોને આ વાત પહોંચાડશો, એવો વિશ્વાસ છે.

સૌ પ્રથમ હૃદયને મૈત્રી અને ભક્તિથી ભાવિત બનાવજો. પછી સકલ સંઘમાં આ વાતનો પ્રચાર કરજો.

◆ પ્રભુ-નામાદિનું આલંબન આપણે લઈએ, પવિત્રતાનો સંચાર ભગવાન કરશે.

પાણીનો સ્વભાવ છે : સફાઈ કરવાનો.

પ્રભુનો સ્વભાવ છે : પવિત્રતા ફેલાવવાનો.

[પૂજ્યશ્રીના ગયા પછી]

**પૂ. મુનિશ્રી ધુરંધરવિજયજી મ.**

◆ પૂજ્યશ્રીએ મઝાની વાતો કરી. કોઈને કદાચ નહિ પણ સંભળાઈ હોય. પ્રભુ સાથે એકતા સાધનારના અશ્રાવ્ય શબ્દો પણ અસર કરે જ. અશ્રાવ્ય ધ્વનિના તરંગોનો પણ પ્રભાવ હોય છે. મારા ગુરુદેવ પૂ. પં. ભદ્રંકર વિ. મ. તથા પૂજ્યશ્રીનો મુખ્યસૂર આ જ છે : આટલા વર્ષોની સાધના પછી પણ આટલા હતાશ શા માટે ? જાતને હલકી નજરે શા માટે જોવી ? એનું કારણ પ્રભુના ધર્મ સાથે સંબંધ થયો નથી. ક્રિયા કરીએ છીએ. એ દ્વારા ધર્મ પામવાનો છે. પણ ગર્વ છે : હું ધર્મ કરું છું. ધર્મ હું શું કરું? પ્રભુ

કરાવે છે.

ધર્મ આપણાથી ઉત્પન્ન ન થાય. માટે જ ધર્મ પ્રભુનો, આપણો નહિ. આપણો ધર્મ નહિ, પ્રભુનો ધર્મ કલ્યાણ કરે.

આ વાત સમજવાની છે.

તૃપ્તિ મળે તે આપણી ક્રિયાનું ફળ કે અન્નનું ફળ ? સ્પષ્ટ વાત છે : અનાજનું ફળ છે. હાથ-મોંની ક્રિયાનો નહિ. તરસ છિપાવવાનો સ્વભાવ પાણીનો છે, આપણી ક્રિયાનો નહિ.

ક્રિયા આપણી પણ કર્તૃત્વ પાણી આદિનો.

ક્રિયા આપણી પણ ધર્મ પ્રભુનો.

ક્રિયા આપણે કરીએ પણ ધર્મ પ્રભુ આપે.

જ્યાં સુધી આપણી પ્રધાનતા છે ત્યાં સુધી ધર્મ ન મળે. પ્રભુની પ્રધાનતા પછી જ ધર્મ મળે.

મૂર્તિ ઘડનાર આપણે, પણ પછી પરમતત્ત્વનું ફળ પ્રભુ તરફથી છે. મૂર્તિ ઘડી શકાય, પ્રભુ નહિ.

**ઘણી બધી ક્રિયા દ્વારા ઘણું ફળ મેળવવા માંગીએ છીએ પણ જ્યાં સુધી પ્રભુને મુખ્યતા નહિ આપીએ ત્યાં સુધી બધી ક્રિયા અહંકાર જ પોષે. અહંકારનું ચરમ ફળ હતાશા છે.**

આ અહંકાર જ તોડવાનો છે. માટે જ નવકારમાં નમો પ્રથમ છે. 'હે પ્રભુ ! તમે જ છો, હું નહિ' એનો સ્વીકાર 'નમો'માં છે.

પ્રભુ તરફથી ધર્મ આવી રહ્યો છે. હું ધર્મ ઉત્પન્ન કરું છું - એમ ખ્યાલમાં નથી રાખવાનું.

**ગણિ પૂર્ણચન્દ્રવિજયજી મ. :** સાધુ-જીવનમાં હતાશા હોય ?

**ઉત્તર :** માત્ર વેષ-ક્રિયા હોય તો હોય. સાચા સાધુને હતાશા ન હોય.

કોઈપણ ભક્ત કવિએ પ્રભુની ભાટાઈ નથી કરી, પણ હૃદયના ભાવ જણાવ્યા છે.

◆ ''તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે.....''

—પૂ. ઉપા. યશોવિજયજી મ.

**પગ મારા, ગતિ તારી.**

**હાથ મારા, સ્પંદન તારું.**

**નાક મારું, શ્વાસ તું.**

**જીભ મારી, સ્વાદ તું.**

**નાક મારું, ગંધ તું.**

**શુભ તું, અશુભ હું.**

આ સ્વીકાર નહિ કરો ત્યાં સુધી તમારો ધર્મ તમને મળે નહિ, ફળે નહિ. એમનો સ્વીકાર કરો તો જ ધર્મ મળે અને ફળે.

જ્યારે 'હું' મરી જાય, ત્યારે જ શુદ્ધ ધર્મ આવે. નહિ તો નહિ. અશુદ્ધ ધર્મ સંસારનું કારણ. પ્રભુનો ધર્મ મોક્ષનું કારણ. સંસાર ઊભો થાય ત્યાં દુઃખ – હતાશા હોય જ. દૈનિક ક્રિયા એટલે જ કરવાની છે.

પૂજ્યશ્રી એટલે જ આ બધું કહે છે.

◆ ભક્તિ દ્વારા પ્રભુને અને મૈત્રી દ્વારા પ્રભુના [સર્વજીવો] છે તેમને સ્વીકારો. ભગવાનના [જીવો] ને ન સ્વીકારીએ તે પણ ન ચાલે. પરિણીતા સ્ત્રી પતિને જ સ્વીકારે, બીજાને ન સ્વીકારે તે ન ચાલે.

પ્રભુએ જેમને સ્વ-સ્વરૂપે જોયા તે જીવોનો સ્વીકાર ન કરો તો ન ચાલે. જ્યારે ધર્મ હોય છે ત્યારે તું [પ્રભુ] જ હોય છે.

◆ પ્રભુ ક્યાં નથી ? નામાદિરૂપે સર્વત્ર છે. એક પણ આકાશપ્રદેશ એવો નથી જ્યાં અનંતા દ્રવ્ય અરિહંતો ન હોય. નિગોદમાં રહેલા અનંતા જીવો અરિહંતો થવાના જ છે. બધા જ બાજુમાં છે. તમે જ્યારે તે સ્વરૂપે સ્વીકારો ત્યારે તે કાર્યકારી બને છે. મૂર્તિને ભગવાન રૂપે સ્વીકારો ત્યારે તે કાર્યકારી બને છે તેમ. ચારે બાજુ અરિહંતોની વચ્ચે આપણે છીએ.

તમારા ગુણોની વૃદ્ધિ કરવી તે ભગવાનનો સ્વભાવ છે. કમળ-વિકાસનો સ્વભાવ જેમ સૂર્યનો છે.

શરીર, ઉપકરણ તમારા પણ શક્તિ એમની [પ્રભુની.]

જેની શક્તિ હોય તેમણે જ કાર્ય કર્યું કહેવાય.

મુંબઈ તમે ગયા, પણ તમે ગયા કે ગાડી ? મુખ્ય કોણ ? ગાડી કે તમે ? ગાડીના સ્થાને પ્રભુને તમે જુઓ !

ગાડીમાં જ બેઠા તે બધાને મોક્ષે લઈ જવાની જવાબદારી ભગવાનની છે.

આ જ શરણાગતિ છે. કાંઈપણ સારું થાય એટલે તરત જ 'મેં કર્યું' ભાવ આવી જાય.

'તેં શું કર્યું ?' તારા માધ્યમથી ભગવાને કર્યું.

**તું શું દર્શન કરવાનો ? ભગવાન જ ભગવાનને જુએ છે. આપણી અંદર રહેલા પ્રભુ જ પ્રભુને જુએ છે.**

પૂજા પણ પ્રભુની પ્રભુ જ કરે છે. અશુદ્ધ ચેતના પ્રભુની પૂજા ન કરી શકે. રાજા ભિખારીને ખોળામાં બેસાડશે ?

◆ તમે તમારી જાતને અશુદ્ધ કરો છો, અશુદ્ધ માનો છો. કર્તૃત્વભાવના કારણે આપણે અશુદ્ધ બનીએ છીએ, પ્રભુ અશુદ્ધ નથી બનતા.

માત્ર બોલવા ખાતર નહિ, પણ હૃદયથી આ સ્વીકારવાનું છે.

**પૂ. આચાર્ય ભગવંત તો સ્પષ્ટ કહે છે : હું શું બોલવાનો ? ભગવાન બોલાવે છે. ગાડીની શી શક્તિ ? ચલાવનાર ડ્રાઈવર છે.**

**ધર્મની સ્ખલનાઓ આપણી; ધર્મ પ્રભુનો !**

**શુદ્ધધર્મનો પ્રારંભ કરાવવા માટે જ આ ઉંમરે પૂજ્યશ્રી આટલો શ્રમ લે છે. આજે પૂજ્યશ્રીનો અવાજ મોટો હતો, કારણ ? ભગવાન બોલતા હતા.**

ગુરુ ભગવદ્રૂપ બને ત્યારે જ ગુરુ બને. પ્રભુ એમનામાં આવે તો જ શુદ્ધ ધર્મ બતાવી શકે. નહિ તો **अहो रूपमहो ध्वनिः** જેવો તાલ થાય.

ગુરુ - શિષ્ય બન્ને પરસ્પર પ્રશંસા કર્યા કરે.

ચિત્તની પ્રસન્નતા ઊભરાય તે પ્રભુની પધરામણી થઈ તેનું ચિહ્ન છે. આ જ અનુભવ કર્તૃત્વભાવ હરે છે.



**અષાઢ વદ-૧૨**

**૨૮-૭-૨૦૦૦, શુક્રવાર**

◆ સાક્ષાત્ તીર્થંકર મળ્યા હોય તેવો આનંદ જિનાગમ વાંચતાં થાય છે, જિન-મૂર્તિના દર્શન કરતાં થાય છે. કારણ કે જિનાગમ અને જિન-મૂર્તિ ભગવાનના જ રૂપો છે.

ભગવાનના સમવસરણમાં પણ ત્રણ બિંબો મૂર્તિના જ છે. ત્યાં સમવસરણમાં બેઠેલા લોકો મૂર્તિ નહિ, ભગવાન રૂપે જ તેને જુએ છે.

◆ નામ જિનની સ્તવના લોગસ્સ દ્વારા ગણધરોએ સૌ પ્રથમ કરી છે. **'अभिथुआ'** એટલે સામે રહેલા ભગવાનને સ્તવ્યા !

'જય વીયરાય !' 'હે ભગવન્ ! તું જય પામ' આમ ત્યારે જ બોલી શકાય, જ્યારે ભગવાન સામે છે, એમ લાગતું હોય.

◆ પુક્ખવરદી૦ આમ તો શ્રુતસ્તવ છે, છતાં પહેલી ગાથામાં શ્રુતની નહિ,

**ભગવાનને બોલાવો. બધા ગુણો આવશે.**

**ભગવાનને ભૂલો. બધા ગુણો ભાગી જશે.**

અઢીદ્વીપમાં રહેલા ભગવાનની સ્તુતિ કરી છે તે એ જણાવે છે : શ્રુત અને ભગવાન જુદા નથી.

શ્રુત એટલે જ ભગવાન.

શ્રુતને આગળ કર્યું એટલે ભગવાનને જ આગળ કર્યા કહેવાય.

**शास्त्रे पुरस्कृते तस्माद्०**

પં. વીરવિજયજી મ. કહે છે :

'જિનવર જિનાગમ એકરૂપે, સેવંતા ન પડો ભવકૂપે.'

આ પંક્તિ તો સૌને યાદ છે ને ?

આ બધું તમે માત્ર સાંભળો છો કે યાદ રાખીને ઊતારો છો ? દુકાનમાં આવી ખાલી માલ જોઈ જનારા ગ્રાહકો તમને પસંદ પડે ?

બીજું કાંઈ નહિ તો શ્રદ્ધા તો વધે છે ને ? શ્રદ્ધા વધે તો પણ પ્રયાસ સફળ છે.

◆ આ લલિત વિસ્તરામાં અદ્‌ભુત ભાવો ભરેલા છે. દિવસમાં સાત વખત તો નમુત્થુણં૦ બોલીએ જ છીએ. આ વાંચીશું તો બોલતાં અહોભાવ ખૂબ જ વધશે.

આ નમુત્થુણં૦માં ૯ સંપદાઓ છે. સંપદાઓનો અર્થ માત્ર વિશ્રામ સ્થાન નથી, પણ ભગવાનની પરોપકાર આદિ સંપદાઓને બતાવનાર પણ છે.

**◆ ગમે તેની સ્તુતિ ન કરાય. દોષી – પાપીની સ્તુતિ કરશો તો તેના દોષોની/પાપોની અનુમોદના થઈ જશે. જગતમાં સર્વોત્કૃષ્ટ ગુણી એકમાત્ર ભગવાન છે. એમની અહીં સ્તુતિ છે.**

સ્તુતિ કરનાર ગણધરો જાણે છે : અમે તો દોષોના ઢગલાથી ભરેલા હતા. અમારા દોષોને દૂર કરી ગુણો પ્રગટાવનાર ભગવાન છે. એ ભગવાનનો ઉપકાર શી રીતે ભૂલાય ?

"પ્રભુ – ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માય રે,"

—ઉપા. યશોવિજયજી મ.

ભગવાને સર્વગુણોનો સંગ્રહ ને દોષોનું નિરસન કર્યું છે.

"ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ"

આપણે એ માર્ગે ચાલવાનું છે.

દોષ દૂર કરતા જાવ એટલે ગુણો પ્રગટ પોતાની મેળે થઈ જશે.

ક્રોધ દૂર કરો એટલે ક્ષમા હાજર !

માન દૂર કરો એટલે નમ્રતા હાજર !

પ્રયત્ન દોષોને હટાવવા કરવાનો છે, ગુણો તો અંદર પડેલા જ છે. દોષોનો પડદો હટશે એટલે ગુણો પોતાની મેળે પ્રગટશે.

ક્રોધાવેશ વખતે ક્ષમા નથી હોતી એવું નહિ, એ અંદર દબાયેલી બેઠી હોય છે. એટલે લાગે છે : જાણે ક્ષમા છે જ નહિ !

ખરેખર ક્ષમા ન હોય એવું કદી હોતું જ નથી. ક્ષમાદિ તો આપણા સ્વભાવરૂપ છે. એ ન હોય એવું બને જ શી રીતે ?

**ભગવાનને બોલાવો. બધા ગુણો આવશે.**

**ભગવાનને ભૂલો. બધા ગુણો ભાગી જશે.**

**મારો તો આ અનુભવ છે. ભગવાન જાય એટલે બધું જ જાય. પછી ભગવાનને મનાવવા પડે, વિનવણી કરવી પડે :**

"આજ મારા પ્રભુજી ! સામું જુઓને ! રૂઠડા બાલ મનાવો રે !"

આ વાત હરિભદ્રસૂરિજી આપણામાં ઠસાવવા માંગે છે.

સિંહપણું ઓળખી ગયેલા સિંહને બકરા કે ભરવાડ ન ડરાવી શકે તેમ પોતાનું પરમાત્મત્વ ઓળખી ગયેલા આત્માને મોહ આદિ ડરાવી શકે નહિ.

◆ **'गुरुत्वं स्वस्य नोदेति.'**

ગુરુત્વ ક્યારે પ્રગટે ? ક્ષપક શ્રેણિમાં. ગુરુત્વ એટલે પરમાત્મત્વ ! અંદરનું પરમ તત્ત્વ પ્રગટે પછી ગુરુની જરૂર નહિ. ત્યાં સુધી ગુરુ જરૂરી !

ક્ષપક શ્રેણિ વખતે એટલી ભયંકર ધ્યાનની આગ હોય છે કે વિશ્વભરના જીવોના કર્મો તેમાં નાખવામાં આવે તો બધા બળી જાય. પણ એવું થઈ શકતું નથી.

◆ દીવો પોતાનો પ્રકાશ બીજા દીવાને આપી શકે તેમ જ્ઞાનાદિ ગુણો બીજાને આપી શકાય. ગુણો તમે બીજાને આપશો તો ઘટશે નહિ. લોનથી આપનારની રકમ ઘટે નહિ ને લેનાર કમાઈ લે, એવું બને છે ને ? ત્યાં કદાચ એવું ન પણ બને, પરંતુ અહીં તો બને જ બને. દેનારનું ઘટે નહિ. લેનાર સમૃદ્ધ થયા વિના રહે નહિ.

**ગુણનું માત્ર બહુમાન કરતા રહો. ગુણોનું આગમન સ્વયમેવ ચાલુ થઈ જશે. ગુણો મેળવવાનો આ જ મુખ્ય ઉપાય છે.**

(૧) **नमुत्थुणं अरिहंताणं.** આ બે સ્તોતવ્ય સંપદા છે.

(૨) **आइग.** આદિ ત્રણ, સાધારણ-અસાધારણ હેતુ સંપદા.

(૩) **पुरिसुत्त.** આદિ ચાર, અસાધારણ હેતુ સંપદા.

(૪) **लोगुत्त.** આદિ પાંચ, સામાન્ય ઉપયોગ સંપદા.

(૫) **अभयदयाणं.** આદિ પાંચ, ઉપયોગ સંપદાની કરણ સંપદા.

(૬) **धम्मदयाणं.** આદિ પાંચ, વિશેષોપયોગ સંપદા. [ઉપયોગ એટલે ઉપકાર]

(૭) **अप्पडि.** સ્વરૂપ સંપદા.

(૮) **जिणाणं.** આદિ ચાર આત્મતુલ્ય પરફલકર્તૃત્વ સંપદા.

(૯) **सव्वन्नूणं.** આદિ ત્રણ અભયસંપદા.

◆ શિષ્ય કહે : આપના પસાયથી હું પામ્યો.

ગુરુ કહે : **आयरिय संतियं** — મારું નહિ, આ તો આચાર્ય ભગવંતનું છે.

ગણધરો કહે : બધું ભગવાનનું છે. અમને ભગવાન દ્વારા જ મળ્યું છે.

◆ પ્રભુએ ધર્મ પર સંપૂર્ણ કબજો જમાવ્યો છે.

તમારે ધર્મ પામવો હોય તો ભગવાન પાસે જવું જ પડે. બીજે ક્યાંયથી ન જ મળી શકે. માટે જ ડગલે- પગલે 'દેવ-ગુરુ પસાય' આપણે ત્યાં બોલાય છે. આ બોલવા ખાતર નથી, વાસ્તવિકતા છે.

વિષયોથી નિવૃત્તિ, તત્ત્વની ચિંતા કે સહજ અવસ્થામાં સ્થિતિ – આ બધું ગુરુની કૃપા વિના મળી શકતું નથી, એ તમે જાણો છો ને ? ગુરુના માધ્યમથી અહીં ભગવાન જ આપે છે.

'शुद्धात्मद्रव्यमेवाऽहं' એમ બોલીને શુદ્ધ આત્મદ્રવ્ય પકડી લઈએ. હવે ગુરુ કે કોઈની જરૂર શી ? એમ માનીને દેવ-ગુરુને છોડી નહિ દેતા. જ્ઞાનનો અવળો અર્થ નહિ કરતા.

નિંદા-સ્તુતિ. તૃણ-મણિ, વંદક-નિંદક, આગળ વધીને મોક્ષ કે સંસાર—બન્ને પર સમભાવ રહે તે સમતા છે. આવી સમતા ભગવાનની કૃપા વિના ન મળે.

કવિ ધનપાલ કહે છે :

''જ્યાં આપની ભક્તિ ન મળે તેવી મુક્તિ મારે નથી જોઈતી''

અહીં મુક્તિની ઉપેક્ષા નથી, પણ ભક્તિ પરનો દૃઢ વિશ્વાસ છે. ભક્તિ હશે તો મુક્તિ ક્યાં જશે ?

ગૌતમસ્વામી આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. એમણે ભક્તિ ખાતર કેવલજ્ઞાન જતું કરેલું. શી જરૂર છે કેવળજ્ઞાનની ? ભગવાનનું કેવળજ્ઞાન મારું જ કેવળજ્ઞાન છે ને ? આવો ઉચ્ચ સમર્પણ ભાવ એમનો હતો. આથી જ તેઓ ઉચ્ચ ગુરુ બની શક્યા, પોતાનામાં ન હોવા છતાં સર્વ શિષ્યોને કેવળજ્ઞાન આપી શક્યા.

**◆ ભગવાનની ભક્તિ હશે તો બધા જ ગુણો આવી જશે. ક્યો એવો પદાર્થ છે જે ભક્તિથી ન મળે ? એ તો કહો.**

**સર્વ આત્મસંપત્તિઓનું મૂળ જિનનો અનુરાગ છે. એ થઈ જાય તો કામ થઈ જાય.**

**બીજા પદાર્થો કરતાં વિશેષ અનુરાગ ભગવાન પર થઈ ગયો છે ને ?**

**'सर्व-सम्पदां मूलं जायते जिनानुरागः ।'**

આ મારું નહિ, સિદ્ધસેન દિવાકરસૂરિજીનું વાક્ય છે.

ભગવાન માત્ર ઉપદેશ નથી આપતા, બધી જાતની સંભાળ લે છે.

તમારું કામ છે : માત્ર રથમાં બેસવાનું ! બાકી બધી જવાબદારી ભગવાનની !

ચાલશે ઘોડા, ચલાવશે સારથિ ! તમારે માત્ર એક જ કામ કરવાનું : બેસવાનું ! બહુ સહેલું નથી લાગતું ? સહેલું છે છતાં

અઘરૂં છે. કારણકે અહીં સંપૂર્ણ-સમર્પણભાવ હોવો જોઈએ, જે ખૂબ જ કઠણ છે.

ભગવાન પ્રત્યે સમર્પણ-ભાવ કેળવવો એટલે એમના રથમાં બેસી જવું. ભગવાન આપણા જીવન-રથના સારથિ બનશે.

ભગવાનને કહી દો :

**"यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।**

**तावन्मयि शरण्यत्वं, मा मुञ्च शरणं श्रिते ॥"**

હે ભગવન્ ! તમારા પ્રભાવથી ઉત્પન્ન થયેલું પરમપદ જ્યાં સુધી હું ન પામું ત્યાં સુધી શરણે રહેલા મારા વિષે શરણ્યપણું છોડતા નહિ.

કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રીની આવી પ્રાર્થના આપણા હૃદયની પ્રાર્થના શા માટે ન બને ?

ભગવાનની એક જ શરત છે : તમે બરાબર બેસી રહેજો. રથમાંથી ઊતરી નહિ જતા. ઊતરી જશો તો હું શું કરી શકું ? તમે રથને વળગી રહેશો તો પહોંચી જશો. રથ છોડી દેશો તો સંસારમાં ચગદાઈ જશો.

"પ્રભુ-પદ વળગ્યા, તે રહ્યા, તાજા;

અળગા અંગ ન સાજા રે"

પ્રભુ ! આપ હો છો ત્યારે મારા મન-ગૃહની શોભા વધે છે. આપ જાવ છો ત્યારે મનનું ઘર વેરાન બને છે. પ્રભુ ! હવે આપ કાયમ અહીં જ રહેજો. આપના આગમને મારું ઘર શોભાથી ઝળહળી ઊઠશે. મારું મન વૈકુંઠ બની જશે.

ભગવાનને મહેમાન રૂપે રાખો ત્યાં સુધી હજુ ખસેડી શકાય, પણ પ્રતિષ્ઠા થયા પછી ?

**ભગવાનને હૃદયમાં મહેમાન રૂપે જ નહિ પધરાવતા, પ્રતિષ્ઠા જ કરી દેજો.**

**બાહ્ય મંદિરમાં ભગવાનના પ્રવેશ-પ્રતિષ્ઠા ઈત્યાદિ મન-મંદિરમાં ભગવાનના પ્રવેશ-પ્રતિષ્ઠાદિ કરવાના છે, એના સૂચક છે.**

જ્યાં સુધી એ ન થાય ત્યાં સુધી મંદિરમાં રોજ-રોજ જવાનું છે.

◆ ભગવાનની વિશેષતા છે : સ્વ સેવકને જીવનભર સેવક ન જ રાખે. પોતાના જેવા બનાવે જ બનાવે. તમે તમારી સંપત્તિ તમારા પુત્રને જ આપો. ભગવાન પોતાની સંપત્તિ પોતાના બધા જ ભક્તોને આપે. ભગવાનમાટે જગતના સર્વ જીવો પુત્રો છે.

પોતાના સમાન બનાવવાની શક્તિ ભગવાનમાં છે. ભગવાનનો એ સ્વભાવ છે.

❋

*तत्र भवता प्रेषितं पुस्तकं ''કહ્યું કલાપૂર્ણસૂરિએ'' इति समधिगतं । समवगतश्च तत्रगतं तत्त्वं किञ्चित् । भवतः पुस्तक-सम्पादन-पद्धतिरतीव रमणीयतरा ।*

*पुस्तक-पठनावसरे संविदितानुभूति-रेताद्दशी यत् तत्रश्रीमतां श्रीमतां पूज्य प्रवराणां कलापूर्णसूरीश्वराणां सन्निकटस्थान एव उपविश्य यथा श्रूयते साक्षात् रूपेण वाचना/प्रवचनं वा एताद्दग्वैलक्षण्यमनुभूय प्रमुदितं आस्माकीनं अन्तश्चेतः ।*

*एतत्सम्पादन-कार्य-कौशल्येन भवद्भ्यां प्रकृष्टपुण्यकर्म समुपार्जितम् ।*

*एतदर्थं धन्यवादार्हौ भवन्तौ ।*

*पुस्तक-प्रेषण-कार्येण भवद्भ्यामावाम् निश्चितरूपेणोपकृतौ । पुनः स्मरणीयौ आवामिति-*

**-जिनचन्द्रसागरसूरिः,**
**-हेमचंद्रसागरसूरिश्च**
*पालीताणा*



અષાઢ વદ-૧૩

૨૯-૭-૨૦૦૦, શનિવાર

મારું નામ 'કલાપૂર્ણ' છે, પણ હું ક્યાં કલાપૂર્ણ છું ?

ભગવાનના નિર્વાણ પછી તેમના વતી તેમનું કામ ધર્મ કરે છે. આદિનાથ ભગવાનનું તો ૮૪ લાખ પૂર્વ વર્ષનું જ આયુષ્ય ! તેમાંય દીક્ષા પર્યાય તો માત્ર એક જ લાખ પૂર્વ ! પણ, એમણે સ્થાપેલા તીર્થનું આયુષ્ય ૫૦ લાખ ક્રોડ સાગરોપમ ! ત્યાં સુધી તીર્થ સતત ઉપકાર કરતું જ રહે. ભગવાનનું નામ તો એનાથી પણ વધુ સમય સુધી ઉપકાર કરતું રહે.

ભગવાનના વિશેષ નામ [આદિનાથ] બદલાયા કરે, પણ સામાન્ય નામ [અરિહંત] નથી બદલાતું.

**नामाकृतिद्रव्यभावैः** એ શ્લોકમાં સામાન્ય અરિહંતોની સ્તુતિ છે, વિશેષની નહિ.

ભગવાન આદિનાથથી માંડીને બધા જ તીર્થંકર અત્યારે સિદ્ધ છે. તો

પછી '**अरिहंते कित्तइस्सं** ।' કેમ લખ્યું ?

અત્યારે પણ તેઓ દ્રવ્ય અરિહંત છે જ. વળી આપણે તેમને અરિહંતરૂપે ધ્યાવાના છે.

◆ ક્ષાયિકભાવના ગુણો સિદ્ધ અવસ્થામાં લુપ્ત નથી થતા, પરાર્થવ્યસનિતા ગુણ પણ સિદ્ધ અવસ્થામાં લુપ્ત નથી થતો, અત્યારે પણ તે ગુણ સક્રિય છે, એમ માનવું રહ્યું.

◆ પૂ. હરિભદ્રસૂરિજીએ ૧૪૪૪ ગ્રંથો શા માટે રચ્યા હશે ? તે યુગમાં ઘણા દૂધમાંથી પોરા કાઢનારા આવું પૂછતા પણ ખરા : આગમમાં બધું છે જ. તમારે નવા પ્રકરણ ગ્રંથો બનાવવાની શી જરૂર છે ? તેઓશ્રીનો જવાબ હતો : તમારી વાત ખરી છે, પણ બધાની પાસેથી એનો અર્ક કાઢવાની શક્તિ નથી હોતી, કેટલાકને ગુરુગમ પણ નથી મળતો, માટે આ રચું છું.

વળી, જે મળ્યું છે તે બીજાને આપવાથી જ સાનુબંધ બની ભવાંતર સહગામી બને છે. આપીએ તે રહે. ન આપીએ તે ન રહે. સિદ્ધિ પછી વિનિયોગ જોઈએ-એમ હરિભદ્રસૂરિજી માનતા હતા.

**◆ ભગવાનના અહીં [લલિતવિસ્તરામાં] સદ્ભૂત વિશેષણો છે. આપણા જેવા નહિ. મારું જ નામ 'કલાપૂર્ણ' છે. પણ હું ક્યાં કલાપૂર્ણ છું ? કલા+અપૂર્ણ=કલાપૂર્ણ છું. કલાપૂર્ણ તો ભગવાન છે. ભગવાનની ભક્તિથી કલાપૂર્ણ બનાશે, એટલો વિશ્વાસ છે.**

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** સત્તાગત તો છે જ.

પણ એ ચાલે નહિને ? ઉધારના પૈસા વ્યવહારમાં ચાલે ? પેલા પાસેથી તમે પૈસા લઈ લેજો, એમ કોઈને કહો તો ચાલે ?

સંગ્રહનય આપણને પૂર્ણ કહે તે ન ચાલે, એવંભૂત કહે તો ચાલે. સંગ્રહનું ઉધાર ખાતું છે. એવંભૂત એકદમ નગદમાં વિશ્વાસ ધરાવે છે. શબ્દનય સુધી પહોંચી જઈએ તોય ઘણું કહેવાય.

◆ કોઈપણ નામ કે પદાર્થ અનંત ધર્મોને બતાવે પણ તે બધા ધર્મો એકી સાથે બોલી શકાય નહિ, એકની મુખ્યતાએ જ બોલાય. તે વખતે બીજા ધર્મો ગૌણ રાખવા પડે.

કાન્તિના લગ્ન વખતે કાન્તિના ગીત ગવાય. મોટાભાઈ શાન્તિના ગીત ન ગવાય. તેથી એ નારાજ પણ ન થાય. તેમ અહીં અન્યને ગૌણ કરી કથચિતવ્યને મુખ્યતાએ કહેવાય. સામે શ્રોતાને જેની જરૂર હોય તે નયને આગળ કરીને ભગવાન દેશના આપે.

**'अर्पिताऽनर्पितसिद्धेः'** – તત્ત્વાર્થ.

આવું ન હોય તો કાંઈ પણ બોલી જ ન શકાય.

એટલે પ્રશ્ન પૂછતાં ખ્યાલ રાખવો કે હું અત્યારે ક્યા નયને આગળ કરીને બોલી રહ્યો છું. જે નયને આગળ કરીને બોલાતું હોય તેનો અર્થ એ નથી કે બીજાનું મહત્ત્વ નથી. તે વખતે બીજા નયો ગૌણ હોય છે.

◆ શાસ્ત્રની વ્યાખ્યા છ રીતે થાય.

સંહિતા, પદ, પદનો અર્થ, પદનો વિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન.

◆ **'नमोऽत्थु'**માં નમઃ પૂજા અર્થમાં છે. દ્રવ્ય-ભાવથી સંકોચ કરવો તે પૂજા છે. કાયા અને વાણીનો સંકોચ તે દ્રવ્યસંકોચ.

મનનો સંકોચ તે ભાવ સંકોચ.

હજારો જગ્યાએ ફરતા મનને એક જ સ્થાને [પ્રભુમાં] કેન્દ્રિત કરી દેવું તે ભાવ સંકોચ છે. દ્રવ્ય સંકોચથી ભાવ સંકોચ કઠણ છે.

મનને સૂત્ર, અર્થ કે આલંબનમાં ક્યાંક જોડી દેવું જોઈએ. એ જો જોડાઈ જાય તો તમારે અલગ ધ્યાનની કોઈ જરૂર નથી.

**રૂપાતીત અવસ્થાનું ભાવન તે અનાલંબન યોગ છે. આપણે એ ચીજ સમજતા નથી એટલે ચૈત્યવંદન ઝટપટ કરી ધ્યાનમાં બેસવા પ્રયત્ન કરીએ છીએ. ચૈત્યવંદન છોડીને બીજું કયું ધ્યાન કરશો ?**

**કાઉસ્સગ્ગમાં ધ્યાન નથી ? 'ઝાણેણં'શબ્દનો અર્થ શું થાય? ચૈત્યવંદનમાં કાઉસ્સગ્ગ નથી આવતો ?**

◆ આગળની ભૂમિકા આવતાં તો અર્થ ચિંતન પૂર્વકનો એક લોગસ્સ પણ કાફી છે. પછી ત્યાં સંખ્યાનો આગ્રહ નથી રહેતો. એ રીતે ઘણો જાપ થયા પછી [અંદર અનાહત નાદ પેદા થયા પછી]

એક નવકાર બસ છે. ત્યાં સંખ્યાનો આગ્રહ નથી રહેતો.

**अपयस्स पयं नत्थि ।** — આચારાંગ

'અશબ્દ આત્માને શબ્દથી પકડી શકાતો નથી.' પણ આ વાત પકડીને હમણાથી જ જાપ છોડી નહિ દેતા.

◆ સામાયિક ધર્મ પુસ્તકમાં —

ઉપયોગની વાત આવે છે. ઉપયોગ અને ધ્યાનમાં કોઈ ફરક નથી. ધ્યાન શું છે ? ઉપયોગ [જાગૃતિ] વગરનું ધ્યાન હોઈ શકે ? ઉપયોગ એટલે જ જાગૃતિ ! ધ્યાન !

સતત ઉપયોગ પૂર્વકનું જીવન એટલે સતત ધ્યાનની ધારા ચાલુ હોય તો દૈનિક પ્રવૃત્તિ કઈ રીતે થઈ શકે ? — એ પ્રશ્નનો પણ ત્યાં સુંદર જવાબ આપ્યો છે. વિષયાંતર થવાથી અહીં વધુ કશું કહેતો નથી.

◆ બીજા વિષયોમાં મનને ન જવા દેવું તે પ્રભુની પૂજા છે, એવું સમજાય છે ? બીજા વિષયોમાં મનને જવા દેવું તે પ્રભુની આશાતના છે, એવું કદી સમજાયું ?

◆ નમુત્થુણંમાં પહેલું જ આવતું '**नमः**' બહુ જ અદ્‌ભુત છે. બધા જ ધ્યાનોનો આમાં સમાવેશ છે.

હું કોણ આપને નમસ્કાર કરનાર ? આપના પ્રભાવથી મને નમસ્કાર કરવાની શક્તિ મળો - એ બતાવવા '**नमोऽस्तु**' લખ્યું. '**नमोऽस्तु**' એટલે નમસ્કાર હો. 'હું નમન કરું છું.' એવું કહેવાની હિંમત નથી ચાલતી.

**પૂ.હેમચન્દ્રસાગરસૂરિજી :** પુરુષાર્થ તદ્દન ગૌણ ?

**પૂજ્યશ્રી :** પુરુષાર્થ તો કરવાનો જ, પણ એને સફળ બનાવવા પ્રભુને પ્રાર્થવાનું છે : પ્રભુ ! એકવાર પણ નમન કરવાનો પુરુષાર્થ સફળ થઈ જાય તો કામ થઈ જાય.

''એકવાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય;
કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય.''

–પૂ. દેવચન્દ્રજી.

પુરુષાર્થ છોડવાનો નથી, પણ વધુ ને વધુ કરવાનો છે, પણ પ્રભુને પ્રાર્થના કરતા રહેવાનું છે : પ્રભુ ! આપના પસાયથી મારો આ પુરુષાર્થ સફળ થાવ.

**'होउ ममं तुह प्पभावओ ।'** – જય વીયરાય.

**'होउ मे एसा सम्मं गरिहा ।'** – પંચસૂત્ર.

ઘણા નથી કહેતા ? : 'ગુરુદેવ ! માસક્ષમણ કરવાની મારામાં શક્તિ નથી. આપની કૃપા જોઈએ.' એનો અર્થ એ નથી કે માસક્ષમણ કરવાનો પુરુષાર્થ છોડી દેવો ! પુરુષાર્થ ચાલુ રાખીને ભગવાન પાસેથી નમ્રભાવે બળ માંગવાનું છે, કૃપાની યાચના કરવાની છે.

◆ વ્યાખ્યાના ૭ અંગો છે.

(૧) જિજ્ઞાસા (૨) ગુરુયોગ (૩) વિધિપરતા (૪) બોધ પરિણતિ (૫) સ્થિરતા (૬) ઉક્તક્રિયા (૭) અલ્પભવતા [અલ્પસંસાર]

(૧) જિજ્ઞાસા : આપણા શબ્દોમાં કહું તો ઝંખના ! તાલાવેલી ! એ હોય તો જ ગુરુ આદિનો યોગ મળે અને આગળનું કામ થાય.

આવી તાલાવેલીના કારણે જ ઘોડાને મુનિસુવ્રતસ્વામીનો ને ઉદાયન રાજાને શ્રી મહાવીરસ્વામીનો યોગ થયેલો, **તમારી ઝંખના પ્રબળ બને ત્યારે ગુરુયોગ થાય જ.**

ઘણીવાર જોયું છે : તમને જે ગ્રન્થ વાંચવાની તીવ્ર ઝંખના થાય, ગુરુને પણ તે જ ગ્રન્થ વંચાવવાની તીવ્ર ઝંખના થાય.

◆ જિજ્ઞાસા સાથે સાધકમાં સ્થિરતા પણ જોઈએ. એ ન હોય તો પુરું ન ભણાય. આર્યરક્ષિતસૂરિજી ભણતા હતા ને ઘરમાંથી વારંવાર તેડું આવ્યું : જન્મ-ભૂમિમાં પધારો.

વજ્રસ્વામીને પૂછ્યું : કેટલું ભણવાનું બાકી છે ?

"બિંદુ ભણ્યો છે; સાગર બાકી છે."

વજ્રસ્વામીના આ જવાબથી અધીર અને અસ્થિર બનેલા આર્યરક્ષિતસૂરિજી જન્મભૂમિ તરફ ચાલતા થયા. એટલે જ સાડા નવપૂર્વથી વધુ તેઓ પછી ભણી શક્યા નહિ.

◆ જેનો સંસાર લાંબો હોય તે આ વાચનાને લાયક નથી. એના જીવન પરથી એની ખબર પડે. સંવેગ-નિર્વેદાદિથી આનો ખ્યાલ આવે.

શ્રોતામાં ભવભ્રમણનો ભય જોઈએ.

નિગોદમાં તો અનંતકાળ કાઢ્યો જ. ત્યાંથી નીકળ્યા પછી પણ અનંતા ભવો કર્યા છે – એવા વિચારોથી વૈરાગ્ય આવતો હોય તેનો અલ્પ સંસાર સમજવો.

તો જ સંસારથી છુટવા તમે પુરુષાર્થ કરો. જે આવો પુરુષાર્થ કરે તેને જ ભગવાનની કૃપા મળે. આવો પુરુષાર્થ કરવાની ઈચ્છા થાય તેમાં પણ ભગવાનની કૃપા સમજવી.

*તમે ઉકાભાઈ પટેલ સાથે મોકલેલી ''કહ્યું કલાપૂર્ણસૂરિએ'' ની બે કોપી પરમ દિવસે રાત્રે મલી છે. સુખસાતામાં હશો. અત્રે પણ દેવ-ગુરુ કૃપાથી સુખસાતા છે. બધાને વંદના-સુખસાતા-પૃચ્છા જણાવશો.*

*ટપાલ જતાં-આવતાં ઘણો સમય લાગે છે. એટલે હવે પત્ર લખો તો હરિદ્વારના સરનામે લખવો. કારતક સુદ પૂનમ સુધી અહીં છીએ. પછી બરફ પડવા લાગશે ત્યારે પોસ્ટ-ઓફિસ પણ બંધ થઈ જશે. ઉત્તર ધ્રુવમાં જેમ છ મહિના દિવસ અને છ મહિના રાત હોય છે તેમ અહીં પણ લગભગ છ મહિના જન-જીવન બંધ પ્રાયઃ રહે છે. પશુ - પક્ષી - માણસો બધા જ અહીંથી નીચે ઉતરી જાય છે. થોડા બે- ચાર યોગીઓ તથા લશ્કરના થોડા માણસો અહીં રહેતા હોય છે.*

*-જંબૂવિજય, બદ્રીનાથ*

*(હિમાલય)*



અષાઢ વદ-૧૪

૩૦-૭-૨૦૦૦, રવિવાર

સાત ચોવીશી ધર્મશાળા મંડપ

નૈં સામુદાયિક પ્રવચન,

વિષય : ભક્તિ

પૂજ્ય આચાર્યશ્રી

વિજયકલાપૂર્ણસૂરિજી :

◆ મહાપુણ્યોદયે આ માનવ-જન્મમાં પ્રભુ-શાસન મળ્યું. સાચી ઓળખ આપનાર ગુરુ મળ્યા, દુઃખ મુક્તિ અને સુખપ્રાપ્તિનો માર્ગ મળ્યો. ઈન્દ્રને પણ ઈર્ષ્યા આવે એવી પ્રાપ્તિ થઈ છે.

સાચો ભક્ત પ્રાર્થે : ઈન્દ્ર - ચક્રી પદ ન જોઈએ. મારે તો પ્રભુ - શાસન જ જોઈએ. તમે ઈન્દ્ર સાથે આ સોદો કરો તો ઈન્દ્ર તૈયાર થઈ જાય ને ઈન્દ્રને તમે મૂર્ખ સમજો. ઈન્દ્ર તમને મૂર્ખ સમજે.

◆ આજે વિષય છે : ભક્તિ !

હું ભલે નબળો છું. મારા ભગવાન
નબળા નથી. મને એ તારશે જ.

શ્રાવકને ભક્તિ બતાવવી ન પડે, વણાયેલી જ હોય.

◆ સંસારમાં કઈ વસ્તુ છે, જે પ્રભુ - ભક્તને ન મળે ?

—આ સિદ્ધસેન દિવાકરસૂરિજીનો શક્રસ્તવમાં ટંકાર છે.

શક્રસ્તવમાં સ્વરૂપ સંપદા બતાવ્યા પછી ઉપકાર સંપદા બતાવી છે. જગતમાં કોઈ પાસે ન હોય તેવી સંપદા ભગવાન પાસે છે. એની શ્રદ્ધા કરીએ તોય કામ થઈ જાય. ૩૪ અતિશયો, ૩૫ વાણી-ગુણો, આઠ-પ્રાતિહાર્યો જોઈને જ વિરોધીઓ પણ ઝાંખા પડી જાય.

પાંડિત્ય બતાવવા નહિ, પણ ઉપકાર કરવા પ્રભુ જગતમાં પધાર્યા છે.

◆ પૂજ્યશ્રી હરિભદ્રસૂરિકૃત લલિતવિસ્તરામાં ભગવાનનો અદ્ભુત મહિમા બતાવ્યો છે. પરાર્થ સંપત્તિથી ભક્તને ખ્યાલ આવે છે : **હું ભલે નબળો છું. મારા ભગવાન નબળા નથી. મને એ તારશે જ.**

એક અનુભવી સંતે કહ્યું : 'નમો અરિહંતાણં' માંથી માત્ર 'નમો' આવી જાય તોય ઘણું ! એકવાર ભાવ નમસ્કાર આવી જાય તોય ઘણું ! એ માટે જ આ દ્રવ્ય નમસ્કારો છે.

નમસ્કાર પૂજા અર્થમાં છે. પૂજા એટલે દ્રવ્ય-ભાવનો સંકોચ. તન, ધન, વચન આદિ પ્રભુના ચરણે ધરવું તે દ્રવ્ય સંકોચ. મનનું અર્પણ કરવું તે ભાવ સંકોચ છે.

પ્રભુના વખાણ કર્યા એટલે ઐશ્વર્યોપાસના થાય, પણ માધુર્યોપાસના કરવી હોય તો પ્રભુ સાથે સંબંધ બાંધવો જોઈશે. એ વિના પ્રભુ સાથે પ્રેમ નહિ પ્રગટે. '**त्वं मे माता पिता नेता**' આ માધુર્યોપાસના છે.

સંસારનો રાગ આગ બનીને બાળે છે.

પ્રભુનો રાગ બાગ બનીને જીવનને અજવાળે છે.

પ્રભુનો રાગ કરવાથી દોષોનો નાશ અને ગુણોનું પ્રકટીકરણ થાય છે.

આ વાત ગણધરોએ જણાવી છે.

છ આવશ્યકો એટલે માત્ર પ્રતિક્રમણ નહિ, પણ સંપૂર્ણજીવન છ આવશ્યકમય હોવું જોઈએ.

ખાવા-પીવાનું ક્યારેક થાય પણ શ્વાસ તો પ્રતિપળ જોઈએ, તેમ પ્રભુ શ્વાસ બનવા જોઈએ. એકેક શ્વાસમાં પ્રભુ યાદ આવવા જોઈએ.

સમય-સમય સો વાર સંભારું ! આવી આપણી સ્થિતિ બનવી જોઈએ.

◆ ઉપમિતિમાં એક દૃષ્ટાંત આવે છે :

એક બાબાજીને ચોરોએ એવો વશ કરેલો કે તેઓ બધી સંપત્તિ લુંટીને ભાગી ગયા તો પણ તેઓને ત્યારે ખબર ન પડી. સગાઓની વાત બાબાજી ન માનેલા.

આપણા આત્માની આવી જ હાલત કર્મોએ કરેલી છે.

ભૂખ્યા, તરસ્યા બાબાજીને હાથમાં ચપ્પણીયું આપી ભીખ માંગતા કર્યા. જેને માન-સન્માન આપીએ છીએ તે વિષય-કષાયો આવા જ ચોરટા છે.

પાંજરામાં પૂરાયેલા બાબાજી જેવા આપણને જોઈને પ્રભુને કરુણા ન આવે ? બિચારો ! ચોરોથી કેવો દબાઈ ગયો છે ?

ગુરુના માધ્યમથી પ્રભુ એને તેનું સ્વરૂપ સમજાવવા માંગે છે, પણ સમજે કોણ ?

"ભૂખ્યાને જિમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી"

◆ છ આવશ્યકમાં પ્રથમ મુખ્ય સામાયિક છે. કારણ કે એ જ સાધ્ય છે. પણ એની પ્રાપ્તિ ચઉવિસત્થો આદિ પાંચથી થાય છે, એ ભૂલતા નહિ.

જે જે સંબંધો તમે દુનિયા સાથે બાંધેલા છે તે તમામ સંબંધો હવે તમે ભગવાન સાથે જોડી દો. ભગવાન સિવાય કશું યાદ ન આવે, એવું વાતાવરણ બનાવો.

પ્રભુ પર પ્રેમ પ્રગટે એ જ બીજાધાન છે.

**આપણે શાબ્દિક શરણ લઈએ છીએ. પણ મને એવું લાગે કે હૃદય શૂન્ય છે. ગૌતમસ્વામીને શરણાગતિ એટલી પ્રિય હતી કે એ માટે કેવળજ્ઞાન જતું કરી દીધું ! છઠ્ઠના પારણે પ્રભુની**

**ગોચરીનો લાભ મળેને ? કેવળજ્ઞાન પછી ગોચરી કોણ જવા દે? પાંચમા આરાના જીવોને એમણે જાણે જીવન દ્વારા ગુરુ-ભક્તિ શીખવી છે.**

'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી.' એ વાત ગૌતમસ્વામીમાં ચરિતાર્થ હતી. આથી જ યશોવિજયજીએ આમ ગાયું છે ને કહ્યું છે : સમગ્ર શાસ્ત્રોનો સાર પ્રભુ-ભક્તિ છે. ભક્તિ પદાર્થને સમ્યગ્ સમજવા માટે લલિતવિસ્તરા જરૂર વાંચજો. પ્રભુ-ઉપકારો કેટલા અગણિત છે. ને આપણે કેવા કૃતઘ્ન છીએ - એ ખ્યાલમાં આવશે. પ્રભુના ગુણો ગાતાં જ દોષો ભાગી જાય છે. ગુણો આવવા લાગે છે.

**આવા પ્રભુ આપણા હૃદયમાં, રગ-રગમાં વસે એવી સાધના કરીએ.**

ભક્તિ વિના મુક્તિ મળી નથી ને કોઈને મળશે પણ નહિ. એ વાત લખી રાખજો. **આખરે જ્ઞાન વગેરે બધું જ પ્રભુ-પ્રેમમાં પર્યવસિત થાય છે. જ્ઞાનયોગ વગેરે દરેક માર્ગો બહારથી જુદા લાગે છે, પણ છેલ્લે પ્રભુ-પ્રેમમાં બધા એક થઈ જાય છે.**

પ્રભુ-ભક્તિને તાત્ત્વિક બનાવવી હોય તો વીતરાગ સ્તોત્ર ખાસ કંઠસ્થ કરજો. તેમાં લખ્યું છે : **भवत्प्रसादेनैवाहं॰**

પ્રભુ ! આપ જ નિગોદમાંથી બહાર કાઢીને અહીં સુધી મને લાવ્યા. હવે આપે જ મુક્તિ સુધી મને પહોંચાડવાનો છે. એવી પ્રાર્થના હેમચન્દ્રસૂરિજી જેવા કરતા હોય તો આપણે કઈ વાડીના મૂળા?

◆ મારા કહેવા માત્રથી સામુદાયિક પ્રવચનના વિષયમાં ભક્તિ વિષે સૌ સમ્મત થયા છે તેનો આનંદ છે. ભક્તિ વિષે બીજા વક્તાઓ તમને સમજાય તેવી ભાષામાં કહેશે.

જૈન સંઘનું ઉજ્જવળ ભાવિ મૈત્રી અને ભક્તિથી જ બનશે- એવો દૃઢ વિશ્વાસ હોવો જોઈએ. જો વિશ્વાસ હશે તો સૌ પ્રથમ એ જીવનમાં ઊતારીશું ને પછી જગતમાં ફેલાવીશું.

**પૂજ્ય હેમચન્દ્રસાગરસૂરિજી :**

**अगर वे सत्य संयम का हृदय में बीज न बोते,**

**सभी संसार-सागर में खाते रहते गोते;**

**न पावन आत्मा होती, न जीवित मंत्र ये होते,**

**कभी का देश मिट जाता, जो ऐसे संत न होते.**

સર્વ પ્રથમ અષાઢ સુદ-૧૧ના દિવસે તળેટીએ સૌ મળ્યા. તે વખતનો માહોલ જોતાં જ દરેક પૂજ્યના હૃદયમાં ભાવ જાગ્યો : દર રવિવારે મંચ પર સાથે શા માટે ન મળીએ ?

પ્રથમ રવિવારે મૈત્રી પર પ્રવચન રહ્યા.

બુધવારે અરિહંતનો જાપ થયો.

આજે ભક્તિ પર છે.

મૈત્રીભાવ સરળ નથી. વચ્ચે મોહ પડ્યો છે. એને ભક્તિ વિના દૂર કરી શકાતો નથી.

મોહ જીવ સાથે મૈત્રી અને જડ પ્રત્યે અનાસક્તિ કેળવવા દેતો નથી.

મૈત્રીભાવને સિદ્ધ કરવા ભક્તિ અનિવાર્ય ગણાઈ છે.

૨૭ મિનિટ સુધી પ્રભુપ્રેમી પૂ. આ.શ્રી કલાપૂર્ણસૂરિજીએ ભક્તિ પર ફરમાવ્યું. પણ સૌને નહિ સંભળાયું હોય. ઘણા સુંદર મુદ્દાઓ ફરમાવ્યા છે. કેવા રહસ્યો ખોલ્યા છે, તે જણાવવા પૂ. ધુરંધર વિ. ને હું વિનંતિ કરીશ.

બીજા ગચ્છાધિપતિ પૂ. સૂર્યોદયસાગરસૂરિજી નાદુરસ્ત તબીયત હોવા છતાં પધાર્યા છે, તે આપણો પુણ્યોદય છે. કેવો સુંદર યોગ બન્યો છે. ઉપર બિરાજમાન બન્ને ગચ્છાધિપતિ અને ધુરંધર વિજયજી પણ પરિવાર સાથે દીક્ષિત બન્યા છે.

બન્ને ગચ્છાધિપતિની ઉંમર ૭૭ છે. ન સંભળાય તોય શાન્તિથી બેસજો.

**પૂ. મુનિ શ્રી ધુરંધરવિજયજી મ. :**

(પૂ. મુનિશ્રી ધુરંધરવિજયજી એ પૂ. કલાપૂર્ણસૂરિજીની વાત સૌને સંભળાય માટે મોટા અવાજે કહી સંભળાવી.)

પ્રભુના પરમ ભક્ત પૂ. આ. કલાપૂર્ણસૂરિજીને જેમણે નથી સાંભળ્યા તેમને પણ ઝરણાની જેમ તેમના શબ્દોના સ્પંદનો તો સ્પર્શ્યા જ છે.

આ મંચ પર પૂજ્યશ્રીએ ભક્તિ વિષય ચર્ચ્યો.

ગયા રવિવારે ચર્ચાયેલી મૈત્રી અહીં સાક્ષાત્ દેખાય છે.

મૈત્રી ભક્તિથી જ સિદ્ધ થાય. નાની-નાની વાતમાં વાડા-ડાયરાઓ બાંધનારા આપણે મૈત્રીને શી રીતે સમજી શકીશું ? એ આદત ભક્તિથી જ જઇ શકે.

પૂજ્યશ્રીએ કહ્યું : ગૌતમસ્વામીએ કેવળજ્ઞાનનો લોભ પણ જતો કર્યો. અઇમુત્તાની વાત તો તમે બધાએ સાંભળી છે ને ?

પ્રભુના પ્રથમ ગણધર ગોચરી જાય ? કેટલી નમ્રતા ?

દ્રવ્યથી ભક્તિ શ્રાવકોના જીવનમાં વણાયેલી છે : શ્રાવકપણાના બદલામાં ઈન્દ્રો પણ ઈન્દ્રત્વ આપી દેવા તૈયાર છે.

ઈન્દ્ર માત્ર અર્ધું તન કે થોડુંક મન જ આપે. તમે તન-મન-ધન બધું આપી શકો. - આ ફરક છે.

અનુપમા દેવી આ સિદ્ધાચલ પર સંઘ સાથે આવ્યાં ત્યારે તેમની ભોપલા નામની દાસીએ ૨૧ લાખના ઘરેણા ચડાવી દીધેલા. પ્રભુને સમર્પિત થયા વિના એમના ગુણો મળી શકતા નથી.

પ્રભુના અનુગ્રહ વિના એકેય ગુણ દાન, શીલ, તપ આદિ કરી શકાય નહિ. મળ્યું છે તેમાંથી પ્રભુનો ભાગ કાઢતા જાવ. એ ભક્તિ કહેવાશે.

૩૦ મિનિટ સુધી જે કહ્યું તેમાંથી હું જો બોલીશ તો ફરી લાંબું થશે. કારણ કે પૂજ્યશ્રીની ભાષા સૂત્રાત્મક છે.

માલ પૂજ્યશ્રીનો છે. તમે ગ્રાહક છો. હું વચ્ચે દલાલ છું. હું પણ કોરો ન રહું. પૂજ્યશ્રીના માલને આપતાં ઊડ્યું તે તમારું. ચોંટ્યું તે અમારું ! આપણું માનીએ છીએ તે પ્રભુને આપો. તો જ સાધનામાં બળ આવશે. દ્રવ્યપૂજા થયેલી હોય તો ભાવપૂજા આવે.

સંક્ષેપમાં એટલું જ પકડવાનું છે : જે મળ્યું છે તે પ્રભુની કૃપાથી જ મળ્યું છે. તે હવે પ્રભુને જ સમર્પણ કરવાનું છે. સમર્પણમાં

નામની કામના પણ ન જોઈએ. પ્રભુ-ભક્તિ દ્વારા શક્તિ પ્રાપ્ત કરી સાચી શાસન-પ્રભાવના કરી શકીએ.

એક બાબાજીની પૂજ્યશ્રીએ વાત કરી તે સાંભળીને ?

ભક્તો ઘણી વખત ગુરુને ઠગી જતા હોય; જો ગુરુ સાવધ ન હોય. ભક્તિ નથી ત્યાં ભીખ છે, ભૂખ છે, ભય છે.

ભક્તિથી ભાગ્ય અને ભોગ પ્રગટે છે, ભીખ અને ભૂખ ચાલી જાય છે. એ ત્યાગમાં પરિણમે છે.

બારાખડીમાં ભક્તિનો ભં શીખવાનો છે.

નજર આપણી માત્ર પ્રભુ તરફ જ રહે તે સાચી ભક્તિ છે.

"**त्वं मे माता पिता॰**" આ શ્લોક રજૂ કરીને પૂજ્યશ્રીએ કહ્યું : પ્રભુ ! તું જ મારું સર્વસ્વ છે.

◆ ગુરુ પોતાના નહિ, પ્રભુના ભક્ત બનાવે.

◆ પૂજ્યશ્રી પણ આ વાતો ભગવાન તરફથી કહે છે, પોતાના તરફથી નહિ. આ રીતે ઋણમુક્તિની પૂજ્યશ્રીએ કોશીશ કરી છે. થોડોક હું માધ્યમ બન્યો તેનો આનંદ છે.

**પૂજ્ય આ. શ્રી સૂર્યોદયસાગરસૂરિજી :**

અરિહંત મંગળમય છે. જૈન શાસનના પાયાનો મંત્ર નમો અરિહંતાણં છે.

નમો અરિહંતાણં સમર્પણ ભાવ છે.

અહીં પહેલા 'નમો' છે. પછી 'અરિહંત' છે. અરિહંતમાં નહિ, 'નમો' માં આપવાની શક્તિ છે.

'નમો' એટલે ભક્તિ ! સમર્પણ !

અરિહંત ત્યારે જ ફળે, જો તમે નમો.

◆ તમે દેરાસરમાં જાવ ને નિસીહિ બોલો. પણ પછી કોણ આવ્યું ને ગયું તે ખ્યાલ રહે તો નિસીહિ કેવી ગણાય ?

કાંસાના વાસણમાં ૨૪ કલાક પાણી ભરો. ખાલી કરો ત્યારે પાણી કેવું ? માટીના વાસણનું પાણી કેવું ઠંડું રહે ? તમારે કેવા થવું છે ? માટીનું વાસણ ભલે તૂટી શકે, પણ અરિહંતનો યોગ મળે તો

અતૂટ બની શકે.

અનાદિના ભવ્યત્વને તથાભવ્યતારૂપે પરિણમાવવું હોય તો ત્રણ વાત કરવી જોઈએ : શરણાગતિ, દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના.

**'धम्मं सरणं पवज्जामि ।'** આ શરણાગતિ છે.

પાપોના પશ્ચાત્તાપ દ્વારા પછી અંતરની શુદ્ધિ કરો. આ દુષ્કૃત-ગર્હા છે.

દુષ્કૃત ગર્હા કરશો તો જગતમાં સર્વ પ્રાણીઓ સરસ લાગશે. ને તેથી સુકૃત અનુમોદના થશે.

પૂજ્ય કલાપૂર્ણસૂરિજીના હૃદયમાં ભાવના છે : બધા અનુયાયીઓ ભગવાનના ભક્ત બની જાય.

ભગવાનની 'સવિ જીવ કરું શાસન - રસી' ની ભાવના સાકાર કરવા આપણે સૌ સાથે મળીને પ્રયત્ન કરીએ.

**પૂજ્ય મુનિ શ્રી ધુરંધરવિજયજી :**

પૂજ્યશ્રી તરફથી સૂચના આવી છે. ઉપદ્રવો શમ્યા નથી, માટે દરેક આરાધકો પોતાના રૂમમાં રોજ નવ સ્મરણોનો ત્રણેય ટાઈમ પાઠ કરે.

પ્રભુ-ભક્ત જે સૂચના કરે તે પ્રભુની સૂચના છે.

જો તે પ્રમાણે કરીએ તો પ્રભુને તેમ કરવાની ફરજ પડે છે.

**પૂ. મુનિ શ્રી ભાગ્યેશવિજયજી :**

શાશ્વત ગિરિરાજની ગોદમાં આટલા સુવિશાળ ચતુર્વિધ સંઘના દર્શન કદાચ જીવનમાં પહેલીવાર ! બોલવાનો પ્રસંગ પણ પહેલીવાર !

◆ એક સંત પાસે એક યુવાન કહે છે :

''કેટલાય વર્ષોથી એક ઝંખના છે : મારે પ્રભુ સાથે મિલન કરવું છે. રસ્તો બતાવો.''

''સામે ઝાડના પાંચ પાન તોડીને લઈ આવ.'' સંતે કહેતાં પેલાએ તેમ કર્યું.

''પાંચે પાંચ પાન ઝાડ પર લગાવીને આવ.''

''ગુરુદેવ ! તોડી શકું, પણ જોડી નહિ શકું !''

જોડવું મુશ્કેલ છે. તોડવું તો સહેલું છે.

તમે સૌ સાથે જોડાવ, માટે જ પ્રથમ મૈત્રી ભાવના છે.

અનંતા જીવો રહી શકે તેવા બે જ સ્થાન છે.

નિગોદ અને નિર્વાણ.

જીવો સાથે અભેદ કરે તે નિર્વાણમાં અને

ભેદ કરે તે નિગોદમાં જાય છે.

દશવૈકાલિક ટીકામાં હરિભદ્રસૂરિજી :

**'साधुत्वं किं नाम ?'**

**'सर्वजीव-स्नेह-परिणामत्वं साधुत्वम् ।'**

સાધુતા એટલે પ્રેમના વર્તુળનો વિસ્તાર, સંકોચ નહિ, પહેલા સાધુ ઘરનો હતો હવે સર્વનો થયો છે.

તમે પણ જેટલા અંશે વિસ્તરો છો, તેટલા અંશે સાધુ છો.

**'समणो इव सावओ हवइ जम्हा ।'**

સામાયિકમાં પ્રેમનું વર્તુળ વિકસે છે.

ચંડકૌશિકના પ્રસંગમાં ભગવાને આ જ વાત બતાવી છે. ચંડકૌશિકને પ્રભુ મળ્યા ને ઉદ્ધાર થઈ ગયો.

એક ભાઈએ પૂછેલું : અમારો ઉદ્ધાર કેમ થતો નથી ?

મેં કહેલું : એક વાત છે : ચંડકૌશિકને ભગવાન ન મળ્યા ત્યાં સુધી બધે જ ઝેર હતું. પણ આપણે જીભમાંથી ઝેર દૂર કદાચ કરીએ છીએ, હૃદયમાં ઝેર રાખી મૂકીએ છીએ.

મૈત્રીનું અમૃત આવતાં હૃદયનું ઝેર નીકળી જાય છે.

ભગવાન ક્યાં જન્મે ? કલ્પસૂત્રમાં લખ્યું છે : તુચ્છ, દરિદ્ર, કૃપણ આદિ કુલમાં પ્રભુનો જન્મ નથી થતો.

તુચ્છ કુલમાં ભગવાનનો જન્મ ન થાય તો

તુચ્છ દિલમાં ભગવાનનું આગમન શી રીતે થાય ?

હૃદયને વિશાળ બનાવો.

લીલું ઝાડ સર્વ પક્ષીઓના આમંત્રણનું કારણ બને છે.

લીલું હૈયું સર્વ જીવોના આશ્રયનું કારણ બને છે.

◆ તુકારામ રસ્તે જતા'તા ને ચણતા કબૂતરો ઊડી ગયા. તુકારામના હૃદયમાં ઘા પડ્યોઃ મારા દ્વારા કેટલું દુઃખ થયું ? કેટલો અંતરાય થયો ? કોઈની ભૂખ તો કદાચ હું ન ભાંગી શકું, પણ કોઈને સુખે ખાવાય ન દઉં ? આવું મારું જીવન ?

તેઓ ત્યાં જ બેસી ગયા, નક્કી કર્યું : જ્યાં સુધી કબૂતર પાછા ન આવે ત્યાં સુધી અન્ન-જળનો ત્યાગ !

તુકારામની સંકલ્પ - શક્તિથી કબૂતરો પાછા આવીને તેમના ખભે બેઠા.

◆ એક બેનના હાથમાંથી વીંટી નીચે પડી ગઈ.

બીજા બેને કહ્યું : બહુ ખોટું થયું.

પેલીએ કહ્યું : બહુ ખોટું નથી થયું, ચોરાઈ હોત તો સારું થાત. કમ સે કમ કો'કના ઉપયોગમાં તો આવત ! ખોવાઈ ગઈ તો કોને કામ આવશે ? યોગી ન બનીએ તો કોઈને ઉપયોગી તો બનીએ !

સૌ પ્રથમ ઘરથી મૈત્રીનો પ્રારંભ કરવો પડશે. ઘરમાં નોકર આદિથી પ્રારંભ કરો. માટે જ કલ્પસૂત્રમાં કૌટુંબિક શબ્દ, નોકરો માટે વાપરવામાં આવ્યો છે.

નોકર તમને ક્યારેય કુટુંબી લાગ્યો ?

પ્લાસ્ટીકના ફૂલ રૂપાળા લાગે, પણ હુંફાળા નહિ.

શ્રીમંત પણ રૂપાળા લાગે, પણ હુંફાળા નહિ.

હુંફાળા બનવા માટે મૈત્રીથી ભાવિત બનવું પડે.

ભક્તિ, મૈત્રી અને શુદ્ધિને જન્મ આપે છે. ભક્તિથી શુદ્ધિ, શુદ્ધિથી સિદ્ધિ મળ્યા વિના ન રહે.

ભક્તિની વ્યાખ્યા : જે રીતે હમણાં પૂજ્યશ્રીએ [પૂજ્ય આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરિજીએ] કહ્યું તેમ પ્રભુને પૂર્ણ સમર્પણ.

I am nothing. હું કાંઈ નથી.

I have nothing. મારી પાસે કાંઈ નથી.

પછી જ પૂર્ણ સમર્પણભાવ આવે.

I am something હતું ત્યાં સુધી ગૌતમ સ્વામી પણ સમર્પણ કરી શક્યા નથી.

◆ એકાગ્રતા નથી તે ખટકે કે અહોભાવ નથી તે ખટકે ?

એકાગ્રતા નથી તે ખટકે છે પણ અહોભાવ નથી તે ખટકતું નથી.

પાણીના બે ગ્લાસ છે. એકમાં પત્થર બીજામાં પતાસું છે.

આપણે પત્થરની જેમ માત્ર મળવું નથી પણ પતાસાની જેમ પ્રભુમાં ભળવું છે. પ્રભુ બધું આપવા તૈયાર છે. આપણા તરફથી માત્ર સમર્પણની જરૂર છે.

**પૂજ્ય મુનિ શ્રી ધુરંધરવિજયજી :**

આજે પરમ શાસનપ્રભાવક પૂ. આ.શ્રી વિજય રામચન્દ્રસૂરિજી-ની સ્વર્ગતિથિ છે. પૂજ્યશ્રીના ગુણાનુવાદ મહારાષ્ટ્ર ભુવનમાં થયા. આવતી કાલે પૂ. સાગરજી મહારાજના ગુણાનુવાદ આગમમંદિરમાં સવારે થશે.

*ગઈ કાલે પુસ્તક "કહે, કલાપૂર્ણસૂરિ" ડૉક્ટર રાકેશ મારફત મળી ગયું છે. હું તે મંગાવવાના પ્રયત્નમાં હતો..... અને આવી ગયું. બહુ આનંદ થયો.*

*પૂર્વે બીજાની મારફત અત્રે આવેલ એ પુસ્તક અત્રે મને મળેલ. અને લગભગ તે હું પૂર્ણપણે વાંચી ગયો છું. ભરપૂર પ્રસન્નતા થઈ છે. સાધુ-સમાચારીની વાતો/અને પૂજ્યશ્રીના મુખેથી વહેતી વાણી ખૂબ અસરકારક બની રહે છે. મને ઘણું ગમ્યું છે. રૂબરૂ મલ્યા તુલ્ય આનંદ થયો છે.*

*આ કાળમાં પૂજ્ય પંન્યાસજી મહારાજ બાદ પૂજ્ય આચાર્ય ભગવંત ખૂબ શ્રદ્ધેય વ્યક્તિ છે.*

*તમો ગણિવરોએ ખૂબ શ્રમ કરીને પુસ્તક તૈયાર કર્યું છે. ધન્યવાદ છે.*

*-મુનિ જયચન્દ્રવિજય, સુરત*



પૂ. આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી

પૂ. સાગરજી મ. માં સાગર જેટલા ગંભીર હતા.

ૐ

**આગમ-મંદિર પ્રાંગણ**

**અષાઢ વદ-૩૦**

**૩૧-૭-૨૦૦૦, સોમવાર**

**પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિજીના ગુણાનુવાદ**

**પૂજ્ય આ.શ્રી સૂર્યોદયસાગરસૂરિજી :**

ગમે તેટલી ગાળો કે પત્થરનો વરસાદ વરસે પણ પૂ. સાગરજીની ધીરતા અને વીરતા ગજબની. એમનું રૂંવાડુંય ન ફરકે. શંખેશ્વરમાં અભય-સાગરજીની દીક્ષા વખતે અમે નજરે જોયું. ઓટલા પર સ્વસ્થતાપૂર્વક બેઠેલા એ પૂજ્યશ્રી આજે પણ મને યાદ આવે છે.

◆ આચાર્ય પદ પછી પણ તેઓ પોતાના માટે આચાર્ય આનંદસાગર-સૂરિજી ન્હોતા લખતા. કારણમાં કહેતા : વ્યવહાર ખાતર આચાર્યપદવી લેવી પડી, પણ ખરેખર મારામાં પાત્રતા નથી. માત્ર બે જ આગમ-મંદિરમાં [પાલીતાણા-સુરત] આચાર્ય આનંદસાગર એમ લખેલું છે. એ પણ

ભાવિના ઈતિહાસકારો ભૂલ ન કરે માટે.

◆ પૂ. સાગરજીમાં સાગર જેટલા ગુણો હતા. બોલનાર ઘણા છે, સમય સીમિત છે, માટે મારું વક્તવ્ય અહીં જ પૂર્ણ કરું છું.

◆ **પૂજ્ય આ. જગવલ્લભસૂરિજીના** શિષ્ય પૂ. મુનિશ્રી **દર્શનવલ્લભવિજયજી :**

**आग लगी आकाशमें, जर-जर पडे अंगार ।**

**यह शासन न होता अगर, जल मरता संसार ।।**

સાગરને ચમચીથી ન ઉલેચી શકાય. પૂ. સાગરજીના ગુણાનુવાદ કરનાર હું કોણ ? ન જોયા છે, ન જાણ્યા છે, પણ એમની કૃતિએ એમને અમર બનાવ્યા છે. તેઓ ભલે વિદ્યમાન નથી પણ તેઓની પ્રતિકૃતિ અને કૃતિ વિદ્યમાન છે.

આગમની સુંદર પરંપરા ચલાવનાર પૂજ્યશ્રી હતા. જેના વિના જીવવાની ગમ ન પડે તે આગમ છે.

પ્રતિકૃતિ કદાચ વિલીન થઈ જશે, પણ આગમ મંદિર રૂપી આ કૃતિ ક્યાં જશે ?

એમના ગુણગાન કરીને ઉઠી જઈએ તે કરતાં એકાદ ગુણ ગ્રહણ કરીએ, અમે આગમનો અભ્યાસ કરીએ, તમે શ્રવણ કરો તે સાચી ભાવાંજલિ કહેવાશે.

◆ **पू. बाल मुनिश्री आगमसागरजी :**

**सारे लोग जानते हैं कि यह तस्वीर किनकी है ?**

[થોડુંક બોલતાં અટકી ગયા, તો પણ લોકો ખુશ થઈ ગયા.]

◆ **પૂજ્ય આ. યશોવિજયસૂરિજી :**

પૂ. સાગરજી જ્ઞાનનો સમુદ્ર હતા જ, ધ્યાનનો પણ સમુદ્ર હતા. દર્શનનો લાભ નથી મળ્યો, પણ તસ્વીરમાં ધ્યાનસ્થ મુદ્રા જોતાં ઝૂકી ગયેલો. સ્વરૂપ રમણતાની અનુભૂતિ દેખાઈ.

દશવૈકાલિકનો એક શ્લોક છે :

**णाणमेगग्ग चित्तो अ ठिओअ ठावइ परं ।**

**सुयाणि अहिज्जित्ता, रओ सुअ-समाहिए ।।**

જ્ઞાનને સ્વરૂપ-રમણતામાં બદલવાનું કાર્ય તેમણે કરી બતાવ્યું. ટીમ-વર્ક માટે વિરાટ કાર્ય કહેવાય તેવું કાર્ય એકલા હાથે શી રીતે કરી શક્યા હશે ?

લાગે છે : ધ્યાનની પૃષ્ઠ ભૂમિ પર પ્રભુના જ્ઞાનને અવતરિત કર્યું હતું. ધ્યાન વિના પ્રભુનું જ્ઞાન ઝીલી નથી શકાતું.

જ્ઞાનવિમલસૂરિજીએ આનંદઘનજી પર સ્તબક લખવાનું નક્કી કર્યું; પણ લાગ્યું : વિવેચના જામતી નથી. તરત જ સમજાયું : આનંદઘનજીની પ્રસાદી ધ્યાન વિના નહિ સમજાય.

સુરતમાં સૂરજમંડન પાર્શ્વનાથનું છ મહિના ધ્યાન કર્યું.

પ્રાર્થના કરી : પ્રભુ ! તું મને બળ આપ

પછી એમણે કલમ ચલાવી. આજે પણ એ ટબો વિદ્યમાન છે.

આને કહેવાય જ્ઞાન માટેની પૃષ્ઠભૂમિકારૂપ ધ્યાન !

છેલ્લા સમયે ૧૫-૧૫ દિવસ સુધી ધ્યાનાવસ્થામાં રહેલા, તે તો ખ્યાલ છે, પણ એમનું આખું જીવન ધ્યાનમય હતું એનો ખ્યાલ છે ? આજે તો જ્ઞાન-ધ્યાનની પરંપરા વિલીન બનવા આવી છે.

પૂ. જ્ઞાનવિમલસૂરિજી કહે છે :

''વીંઝે છે શુદ્ધ મુજ ચેતના...''

મહાવિદેહમાં ભલે જઈ ન શકાય, પણ વિદેહ અવસ્થા પામીને અહીં જ આપણી અંદર મહાવિદેહ પ્રગટ કરી શકાય.

ભક્તિનગરી એ જ પુંડરીકિણીનગરી.

મારો સાહિબો આત્મદેવ તે જ સીમંધરસ્વામી છે.

આવું પૂજ્ય સાગરજીએ પ્રેક્ટીકલ બનાવેલું.

રોજ જ્ઞાન-ધ્યાનમાં ડૂબીને જ એમને સાચી અંજલિ આપી શકાય.

**પૂ. ધુરંધરવિજયજી મ.** : પૂ. કલાપૂર્ણસૂરિજીના પ્રતિનિધિ તરીકે પૂજ્ય ગણિ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી તથા પૂજ્ય ગણિ શ્રી મુનિચન્દ્રવિજયજી બન્ને પાંચ-પાંચ મિનિટ બોલશે.

◆ **પૂ. ગણિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી :**

મંત્ર-મૂર્તિ-આગમ એ ઉત્કૃષ્ટ સાધના પદ્ધતિ છે.

મંત્ર-મૂર્તિ-આગમ દ્વારા પ્રભુનું ભાવમિલન કરી શકીએ.

[પૂ. આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ. પધારતાં વક્તવ્ય અધૂરું રહ્યું.]

**પૂજ્ય આચાર્ય શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી :**

◆ શાસનનાયક ભગવાન મહાવીરદેવના અનુગ્રહથી તીર્થની સ્થાપના થઈ છે ત્યારથી ગણધરોથી લઈને આજ સુધી પરંપરા મળી છે, તેમાંના એકેક મહાપુરુષોને યાદ કરતાં આપણે પવિત્ર બની શકીએ. ભગવાનની જેમ ગુરુને યાદ કરવાથી પણ પવિત્ર બની શકાય.

શાસ્ત્ર કહે છે : '**गुरु-बहुमाणो मोक्खो ।**'

**જીવનમાં ગુરુ બહુમાન જાગે એ જ મોક્ષ. આઠ કર્મોનો ક્ષય થઈને મોક્ષ થશે, ત્યારે ત્યારની વાત. એ પહેલા આવો મોક્ષ પ્રગટાવવાનો છે. ગુરુને ભગવાન તરીકે જોવાના છે. ભગવાનને ઓળખાવનાર ભગવાનથી પણ ચડી જાય. ગુરુ ન હોત તો ભગવાન ક્યાંથી જાણી શકાત ?**

ગુરુ બહુમાનથી મોક્ષ શી રીતે ? મોક્ષ તો કર્મક્ષયથી થાય ? કર્મક્ષયથી થતો મોક્ષ ગુરુ-બહુમાનથી જ મળશે માટે જ ગુરુ બહુમાનને જ મોક્ષ કહ્યો છે. આટલી વાત જાણ્યા પછી ગુરુ પ્રત્યે અપાર બહુમાન ઉત્પન્ન થવું જોઈએ.

ગુરુ-ભક્તિના પ્રભાવથી આપણો આત્મા ભગવાન સાથે જોડાઈ જાય છે.

જે ભગવાન પ્રતિમામાં છે, તે જ ભગવાન ગુરુમાં પણ છે. ન હોય એમ બને જ શી રીતે ?

મુનિરાજના માનસમાં હંસની જેમ સિદ્ધો રમી રહ્યા હોય છે.

સિદ્ધો સિદ્ધશિલામાં ભલે રહ્યા, પણ મુનિ જ્યારે ધ્યાન ધરે ત્યારે તેમના હૃદયમાં પધારે જ.

◆ હમણાં આગમ-મંદિરના દર્શન કરતાં પૂ. સાગરજીના દર્શન નથી થતા ? હૃદયમાં આગમો કોતરાઈ જાય પછી દિવાલ પર

કોતરવાની શી જરૂર ? એમ તમને થતું હશે; પણ જે આગમના સ્પર્શથી લોઢા જેવો મારો આત્મા સુવર્ણ જેવો બન્યો તેનું દર્શન બીજા પણ શા માટે ન કરે ? આગમો કોતરાવવા પાછળ પૂજ્યશ્રીની આવી ભાવના હતી.

◆ **કલિકાલમાં બે જ ભગવાન છે.**

**જિનાગમ : બોલતા ભગવાન.**

**જિનમૂર્તિ : મૌન ભગવાન.**

આગમ પર જેટલો આદર વધશે તે પ્રમાણમાં ભગવાન મળશે.

જે આગમોને ટકાવવા આપણા પૂર્વાચાર્યોએ પ્રાણો પણ આપવા તૈયારી દર્શાવેલી એમને કેટલા ધન્યવાદ આપીએ ?

જેસલમેરમાં તાડપત્રીઓ શા માટે એકઠી થયેલી છે ? કોઈના હુમલા ત્યાં જલ્દી ન આવી પહોંચે માટે.

એ રીતે આગમોની સુરક્ષામાટે પૂ. સાગરજીએ આ આગમ-મંદિર બનાવ્યું.

જીવન આગમમય બનાવીને જીવીએ એ જ પૂ. સાગરજી મ. ને સાચી અંજલિ આપી કહેવાશે.

એ મહાપુરુષોના વિષયમાં જેટલું કહીએ તેટલું ઓછું છે.

એમણે કપડવંજ-પાટણ વગેરે સ્થળોએ બે-ચાર વાર આગમ-વાચનાઓ ગોઠવેલી, તેમાં અમારા પૂ. કનકસૂરિજીએ પણ લાભ લીધેલો.

આગમમાં ભગવાન છે એમ સમજાય તો સ્વાધ્યાય કરતાં પણ ભગવાન યાદ આવે.

ભગવાન જુદા છે જ નહિ, પણ ભક્તની ભૂલના કારણે ભગવાન જુદા લાગે છે.

આગમ પાઠ કરીશું તો ચોક્કસ પૂ. સાગરજીનો આત્મા પ્રસન્ન બનશે.

◆ **પૂ. પં. ભદ્રંકર વિ. મ. ના પ્રશિષ્ય ધુરંધરવિજયજી :**

''જીવંતા જગ જસ નહિ, જસ વિણ કા જીવંત ?

જે જસ લેઈ આતમા, રવિ પહેલા ઊગંત.''

-શ્રીપાળ - રાસ, પૂતળીના મુખે ઉપા. યશોવિજયજી

જીવતાં જસ નહિ, તેનું કોઈ મૂલ્ય નથી. યશ હોય છે તેનું નામ સૂર્યોદયથી પહેલા ગવાય છે.

પૂ. સાગરજી મહારાજે વૃદ્ધોને સમજાવી - સમજાવીને હસ્તલિખિત પ્રતોમાં સચવાયેલા આગમો હતા, તેને બહાર કાઢ્યા.

આ મોટો ઉપકાર છે એમનો.

શાસનમાં આગમ સ્થિર-સુરક્ષિત રહે એવા હેતુથી ત્રણ તબક્કે મોટા પરિવર્તનો થયા છે.

(૧) વીર સં.૯૮૦માં દેવર્દ્ધિગણિએ વલભીપુરમાં શ્રમણ સંમેલન કરી આગમો ગ્રન્થસ્થ કર્યા.

(૨) વિક્રમની નવમી - દસમી સદીમાં શીલાંકાચાર્ય અને કપડવંજમાં સ્વર્ગવાસી થયેલા આચાર્યશ્રી અભયદેવસૂરિજીએ આગમો પર ટીકાઓ લખી. શાસનદેવીથી સંકેત પ્રાપ્ત થયેલો : દુરૂહ આગમો પર ટીકા લખો.

શાસનદેવીએ સૂરિજીને નિઃશંક બનાવવા ઓઢણી આપીને કહેલું : સૌથી પહેલી પ્રત આ ઓઢણી [રત્નજડિત] થી વીંટજો. એના પૈસામાંથી પ્રતો લખાવજો.

એ ઓઢણીને ઘણા પૈસાથી તે વખતના ગુર્જર રાજાએ ખરીદેલી, ને તેની રકમથી એ પ્રતો લખાયેલી.

(૩) ત્રીજો તબક્કો : ૧૦૦ વર્ષ પહેલા હસ્તલિપિ જાણવાની પરંપરા લુપ્ત પ્રાયઃ થઈ. પૈસા ખાતર હસ્ત-પ્રતો વહેંચાવા લાગી.

એક પ્રસંગ તમને કહું : સુરતમાં એક માણસ ગૂઢકો [હસ્તપ્રત] વેંચવા આવ્યો. પેલાએ ૩૫ હજાર રૂપિયા માંગ્યા.

પૂ. સાગરજીએ કહ્યું : ''૩૩ હજાર અપાવી શકું.''

પેલાએ કહ્યું : 'હું જોઉં'.

પછી બે કલાક પછી બોલાવ્યો ને કહ્યું : ૩૫ હજારમાં આપ.

પેલાએ કહ્યું : ''એક અંગ્રેજ ૩૬ આપીને લઈ ગયો.

આ રીતે એટલા ગ્રન્થો બહાર ગયા કે ન પૂછો વાત.

એટલે પૂ. સાગરજી મહારાજે આગમ - સુરક્ષાના નિર્ણયને વેગવંત બનાવ્યો. એ ટાઈમમાં ખૂબ જ વિરોધ થયો : આગમ છપાવાય નહિ. આગમ સાધુ સિવાય કોઈથી જોવાય જ નહિ.

**જેનો વિરોધ થાય એ જ સર્વ સ્વીકૃત થાય. વિરોધ ન થાય તેને બળ જ ન મળે. વિરોધથી જ બળ પૂરું પડે છે.**

એકલા હાથે સટીક ૪૫ આગમો છપાવ્યા. બીજા પણ ઘણા ગ્રન્થો છપાવ્યા. એમની પ્રસ્તાવના મૂળ ગ્રન્થ કરતાં પણ કઠણ હોય. ખાલી પ્રસ્તાવના લખતાં પણ કેટલી વાર લાગી હશે ? બધી પ્રસ્તાવનાઓના સંગ્રહરૂપે એક અલગ પુસ્તક પણ છપાયું છે.

અભયદેવસૂરિજીના ગામમાં જ જન્મેલા આ સૂરિજીએ ટીકા તો ન લખી, પણ પ્રસ્તાવના પણ અદ્ભુત છે. એમના વ્યાખ્યાન પણ અદ્ભુત હતા.

અમારા પૂ. મુક્તિચન્દ્રસૂરિજી કહેતા : **સૂત્રને પહોળું કરવું હોય તો પૂ. રામચન્દ્રસૂરિજીના વ્યાખ્યાન, ઊંડું કરવું હોય તો પૂ. સાગરજીના વ્યાખ્યાન વાંચવા જોઈએ.**

આગમો તો તેઓશ્રીને કંઠસ્થ હતા.

એમના વ્યાખ્યાન તો આગમ તત્ત્વોનો ખજાનો હતો.

હજુ વ્યાખ્યાન - સાહિત્ય અપ્રકાશિત પણ ઘણું છે.

તેઓશ્રી નાનકડી જીંદગીમાં બધું પૂરું કરીને ગયા. ટીમ હોવા છતાં આપણે તે કામ કરી શકતા નથી.

પૂ. પં. ભદ્રંકર વિ.મ.નું સાહિત્ય વાંચું તો થાય : આ શૈલી કોની ? પૂ. રામચન્દ્રસૂરિની તો છે જ નહિ. પૂ. ભુવનભાનુસૂરિજી તો નાના હતા. તો આ પ્રદાન કોનું ?

મારા ગુરુદેવ પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. કહેતા : હું આઠ વર્ષનો હતો ત્યારે મોટા બાપા [ભોગીભાઈએ] પાટણમાં ૧૯૭૩માં પૂ.સાગરજીને વાચનાઓમાટે ૩ વર્ષ રાખેલા. આઠ વર્ષનો હું, રોજ ત્યાં બેઠો રહેતો. તેઓ લેખન-વાંચનમાં રક્ત રહેતા. જ્ઞાનની ઝળહળતી જ્યોત લાગતી.

નિશ્ચિત પૂ. સાગરજીની પાસે બેઠા હતા તેથી જ તેમની અસર એમના સાહિત્યમાં ઝીલાયેલી છે.

◆ **ભૂરાભાઈ પંડિત** [સરસ્વતી પુસ્તક ભંડારવાળા] કહેતા :

શાસનના ચાર સ્તંભ થયા.

૧. મંદિર-જીર્ણોદ્ધાર કરનાર પૂ. નેમિસૂરિજી.

૨. આગમ-જીર્ણોદ્ધાર કરનાર પૂ. સાગરજી મ.

૩. દીક્ષા-જીર્ણોદ્ધાર કરનાર પૂ. પ્રેમસૂરિજી; પૂ. રામચન્દ્રસૂરિજી.

૪. શ્રાવક-જીર્ણોદ્ધાર કરનાર પૂ. વલ્લભસૂરિજી.

આ ચાર શાસન સ્તંભોએ બહુ જ કામ કર્યું છે. પાછળના વારસદારો માત્ર સંભાળે એટલી જ અપેક્ષા નથી, એને આગળ પણ વધારે.

હેમચન્દ્રસાગરસૂરિજીના આચાર્યપદ વખતે મેં લખ્યું : જે પરંપરામાં તમે આવો છો, તે મુજબ ૪૫ આગમોને ધારણ કરીને ભાવાચાર્ય બનજો, એવી અપેક્ષા રાખું છું.

આગમના વારસદારોને કહેવા માંગું છું : જેમ અભયસાગરજીએ સાચવ્યું તેમ સાચવજો.

પૂર્વ પુરુષો પ્રત્યે અમારી પ્રાર્થના કે અમે આગમોના વધુ ગૂઢ અર્થો કાઢી શકીએ.

**પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી :**

થોડીવાર પહેલા નાના મહારાજે આટલી સભામાં ઉદ્બોધન કર્યું તેથી સાનંદ આશ્ચર્ય થાય. અહીં બીજા પણ બાળ મુનિઓ છે.

એક કાળ એવો હતો કે બાળ મુનિઓને દીક્ષા ન્હોતી આપી શકાતી. એવો કાયદો પણ પસાર થવાનો હતો. તે કાળમાં આનો પ્રચંડ વિરોધ કરનારા આ. પૂ. સાગરજી અને પૂ. રામચન્દ્રસૂરિજી મહાપુરુષો હતા ને તે સફળ પણ બન્યો.

અમારા પૂ. ગુરુદેવ ઘણીવાર નામ લેતા, તેમાં બે નામ મુખ્ય હતા : પૂ. સાગરજી અને પૂ. રામચન્દ્રસૂરિજી.

એમના પ્રભાવથી જ આ બાલ મુનિઓને આપણે જોઈ શકીએ

છીએ.

"વિદ્વાન તો નથી પણ વિધવા સાધ્વીજીઓ મળશે." — એમ પૂ. ગુણસાગરસૂરિજી ચાતુર્માસ માટે વિનંતિ કરવા આવતા શ્રાવકોને કહેતા.

૨૦ વર્ષ પહેલા પ્રતિજ્ઞાપૂર્વક ૪૫ આગમોનું અધ્યયન ચાલુ હતું, ત્યારે અમારા પૂ. ગુરુદેવ કહેતા : આજે આગમો મળે છે, તેમાં મુખ્ય ઉપકાર પૂ. સાગરજી મહારાજનો છે.

આજના શુભ દિવસે સંકલ્પ કરીએ : ૪૫ આગમોનું એકવાર તો જરૂર વાંચન કરીશું. શ્રાવકવર્ગ સંકલ્પ કરે : શ્રવણ કરવાનો. બાળકોને ધાર્મિક વિદ્યાપીઠોમાં ભણાવવાનો.

આજે દિગમ્બર સમાજમાં શ્રાવકો જોવા મળે, પણ શ્વેતામ્બરમાં શ્રાવકો વિદ્વાન ન જોવા મળે. વિદ્વાન શ્રાવકો માટેના આગમોમાં વિશેષણો આવે છે : **लद्धट्ठा** આદિ

ગુરુકુળ, શ્રાવિકાશ્રમ, મહેસાણા સંસ્થા વગેરે ઘણા વિદ્યાધામો છે. એમને ઉત્તેજન આપીશું તો જ પૂ. સાગરજી મહારાજને સાચી અંજલિ આપી ગણાશે.

છેલ્લા ૧૫-૧૫ દિવસ સુધી ધ્યાન-દશામાં રહેવું કેટલું અઘરૂં કહેવાય ?

**'झाणज्झयणसंगया'** — પંચસૂત્ર

કાળના પ્રભાવે ધ્યાન-સાધના વિલુપ્તપ્રાયઃ થઈ ગઈ છે. દરેક ક્રિયા ધ્યાનમય હોવા છતાં તેને તે રીતે કરી શકતા નથી. આથી અન્ય શિબિરોમાં જઈ જૈન-શાસનથી વિમુખ થઈ જતા જૈનો જોવા મળે છે.

અહીં ધ્યાનમાર્ગી પૂ. કલાપૂર્ણસૂરિજી, પૂ. યશોવિજયસૂરિજી જેવા જો ૧૦-૧૫ દિવસ સુધી ચાલે તેવી ધ્યાનપદ્ધતિ મૂકશે તો ઘણો આનંદ થશે.

**પૂ. શ્રી હેમચન્દ્રસાગરસૂરિજી :**

**"गुर्वाधीन्यं सुसत्त्वं च, संयमे सुप्रतिष्ठितम् ।**
**महतां लक्षणं तूर्यं, विपुलो ज्ञानवैभवः ॥"**

સવાલ છે : મહાન કોણ ? મહાપુરુષ બનવાના અરમાન બધાના હોય પણ કોણ મહાપુરુષ બની શકે ?

આ શ્લોકમાં ૪ વાત છે :

(૧) ગુરુ - આધીનતા.

(૨) સત્ત્વશીલતા.

(૩) સંયમમાં ચુસ્તતા.

(૪) વિપુલ જ્ઞાનવૈભવ.

પૂ. સાગરજીમાં આ ચારેય હતા. એટલા માટે જ તેઓશ્રી મહાપુરુષ કહી શકાય.

પોતાના ગુરુદેવ પૂ. ઝવેરસાગરજીનો સંયોગ માત્ર ૯ મહિના જ, છતાં ગુરુ-સેવાના માધ્યમે જે કૃપા પ્રાપ્ત કરી તે અદ્ભુત હતી.

કાળધર્મ વખતે પૂ. ઝવેરસાગરજીનો હાથ તેમના મસ્તક પર હતો. ને કહેલું : બેટા ! આગમોનું ધ્યાન રાખજે.

સત્ત્વશીલતા, એમની ઘટનાઓમાં જોવા મળે છે,

ચારિત્રમાં કેટલા ચુસ્ત હતા ? કેટલાય અભિગ્રહો ધરતા, જે પૂર્ણ ન થઈ શકે તેવા હતા. તો પણ તે અભિગ્રહો પૂર્ણ થયા.

વિપુલ જ્ઞાનવૈભવનું વર્ણન તો સાંભળી જ લીધું છે.

એ મહાપુરુષના ગુણાનુવાદથી આપણે ગુણાનુરાગી બનીએ,

એ જ અભ્યર્થના.

*"કહ્યું કલાપૂર્ણસૂરિએ" પુસ્તક મળી ગયેલ છે. જોયું. ખૂબ જ ચિંતનીય - મનનીય સુવાક્યોનો ખજાનો ભરેલ છે.*

*સંકલનકર્તા આપને પણ ખૂબ ખૂબ ધન્યવાદ..... વ્યાખ્યાનમાં ઓછા લોકો આવે, પણ પુસ્તક રૂપે બહાર પડેલા વિચારો હજારો લોકો વાંચે એટલે હજારો લોકો સુધી પૂજ્યશ્રીની પ્રસાદી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યા બદલ ખૂબ ખૂબ અનુમોદના સહ ધન્યવાદ.....*

*- હેમન્તવિજય*



અષાઢ વદ-૩૦

૩૧-૭-૨૦૦૦, સોમવાર

પ્રશ્ન અંદરની જિજ્ઞાસાને જણાવે છે.

◆ જેના હાથે દીક્ષા થઈ હોય તે પોતાની શક્તિ દીક્ષિતમાં સ્થાપિત કરે. ભગવાન જેવા દીક્ષા આપનાર હોય ત્યાં કેટલી શક્તિ પ્રગટે ? ભગવાને આ તીર્થમાં શક્તિ મૂકી છે. આ શક્તિ આજે પણ કાર્યશીલ છે.

**(૧) જિજ્ઞાસા :**

**'भयवं किं तत्तं ?'** ગણધરનો આ પ્રશ્ન અંદરની ઉત્કટ જિજ્ઞાસા જણાવે છે એ જિજ્ઞાસા પણ વિનયપૂર્વક ભગવાન પાસે મૂકી; પ્રદક્ષિણા અને વંદનપૂર્વક.

પ્રશ્ન અંદરની જિજ્ઞાસાને જણાવે છે. જિજ્ઞાસા વિના પ્રશ્ન થઈ શકે નહિ. જિજ્ઞાસા વિના તમે કોઈને જ્ઞાન આપો છો, તે ભૂખ વિના તેને જમાડો છો. ગ્રાહકની માંગણી વિના તમે માલ આપો તો ભાવ ઘટાડવો પડે.

એક પ્રશ્નથી સમાધાન ન થયું

તો ગણધરોએ બીજો અને ત્રીજો પ્રશ્ન પણ પૂછ્યો ને એમાંથી ત્રિપદી મળી. ત્રિપદી ધ્યાનની માતા છે. એમાંથી દ્વાદશાંગીનો જન્મ થયો. ઉત્પત્તિ, વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણ મૂળ બીજ છે, એમાંથી સમગ્ર જ્ઞાનનો જન્મ થાય છે. નાના બીજમાંથી મોટું જંગલ ઉત્પન્ન થાય. મરુદેવી એક હતા, પણ એમની સંતતિ કેટલી ? કેટલો વખત સુધી એ પરંપરા ચાલી ?

**આ ત્રણ પદોમાં ધ્યાનના બીજ છે. એ શબ્દોમાં પ્રાણ પૂરનાર ભગવાન છે. ગ્રહણ કરનાર ગણધરો છે. આથી જ એમને વિશિષ્ટ ધ્યાન લાગે છે ને તેમાંથી દ્વાદશાંગી સર્જાય. એ જ ત્રિપદી હું બોલું ને તમે સાંભળો તો દ્વાદશાંગી ન સર્જાય.**

◆ અહીં લખ્યું છે : **धर्मं प्रति मूलभूता वन्दना ।**

અંતરના ભાવપૂર્વક વંદન ન થાય ત્યાં સુધી ધર્મનો જન્મ ન થાય. મન-વચન-કાયા ત્રણેય નમ્ર બને તો જ ભાવ નમસ્કાર આવે.

◆ **ભૂખ દરેકને લાગે, પણ જિજ્ઞાસા કોઈક વિરલ આત્માને જ જાગે.** 'આનો શો અર્થ થાય ?' એમ જાણવાની ઈચ્છા તે જિજ્ઞાસા છે. જિજ્ઞાસા વિના સમ્યગ્જ્ઞાન નથી. સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ક્રિયા નથી. મિથ્યાત્વીને કદી એ મળી શકતી નથી.

**(૨) વિધિ પરતા :** કોઈ પણ વસ્તુના નિર્માણમાટે વિધિનું જ્ઞાન જોઈએ. ખીચડી બનાવવી હોય તો પણ જ્ઞાન જોઈએ. હાંડલીમાં કેમ રાખવી ? ચોખા+મગ કેટલા નાખવા ? વગેરે જાણ્યાવિના ખીચડી બનાવી શકાય ?

◆ તમે ધીરજ રાખો. ભગવાન અને ભગવાનનું શાસન બધું જ તમને આપવા તૈયાર જ છે. ભગવાન પર અટલ આસ્થા જોઈએ :

'દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ યાચું રે'...

–પૂ. ઉપા.યશોવિજયજી

આ અચલ ધૈર્ય છે. ભગવાન મળ્યા પછી ઉપા. મહારાજ ગાય છે :

''મારે તો બનનારું બન્યું જ છે,
હું તો લોકને વાત શીખાઉં રે.''

''ધન્ય દિન વેળા ધન્ય ઘડી તેહ.''

આ પ્રભુ-મિલનનો આનંદ છે. એ આ પંક્તિઓમાં વ્યક્ત થયો છે.

◆ જ્ઞાનીઓ કહે છે : પળે-પળે શ્વાસે શ્વાસે પ્રભુને સમરો. **પ્રભુને યાદ નથી કરતા ત્યારે ચોક્કસ માનજોઃ મન સંકિલષ્ટ છે. પ્રભુ હોય ને મન સંકિલષ્ટ બને, એ વાતમાં કોઈ માલ નથી.**

'તુમ ન્યારે તબ સબ હી ન્યારા...'

(૩) **ગુરુયોગ :** ભગવાન દૂર તો બધું દૂર, ભગવાન નજીક તો બધું નજીક. આવા ભગવાનને નમો. આ નમોમાં વિનય છે. નવકારમાં પ્રથમ 'નમો' છે પછી અરિહંત છે. નમુત્થુણંમાં પ્રથમ 'નમો' છે. દશવૈકાલિકમાં લખ્યું :

**'आयारस्स मूलं विणओ ।'**

આ બધું વિનય - નમોની મહત્તા બતાવે છે.

ગુરુના વિનય વિના કદી સમ્યગ્ ક્ષયોપશમ ઊઘડતો નથી.

આવા માણસને ભણવાનું મન પણ ન થાય, વિચાર પણ આવા જ આવે : અભણને પણ ચેલા થઈ જતા હોય તો મારે ભણવાની માથાફોડ કરવાની જરૂર શી ? આ અજ્ઞાનના ઘરના વિચારો છે.

જિજ્ઞાસા જગાડવા સૌ પ્રથમ મોહનો ક્ષય જરૂરી છે. એ [ક્ષય] ન થાય તો ક્ષયોપશમ જોઈએ. માટે જ અહીં ''**विशिष्ट - क्षय - क्षयोपशमनिमित्ता इयं[जिज्ञासा] न असम्यग्दृष्टेः भवति** ।'' એમ લખ્યું છે. નહિ તો ક્ષય પછી ક્ષયોપશમ લખવાની જરૂર ન્હોતી.

◆ ગૃહસ્થોને તો ઉપદેશ આપીએ છીએ, પણ આપણે આપણા જ આત્માને ભૂલી જઈએ છીએ. જાનમાં વરરાજા જ ભૂલાઈ ગયા છે.

◆ બોધ આપનારા ગુરુમાં ઓછામાં ઓછા ચાર ગુણો જોઈએ.

(૧) યથાર્થ નામવાળા.

'**तत्त्वं गृणातीति गुरु :** ।' એ વ્યાખ્યા લાગુ પડે તેવા ગુરુ હોવા જોઈએ.

(૨) સ્વ-પર શાસ્ત્રોના જાણકાર.

(૩) પરના હિતમાં તત્પર.

(૪) સામેના આશયને જાણનાર.

ગુરુ કેવળજ્ઞાની થોડા છે : જે બીજાના આશયને જાણી લે ?

કેવળજ્ઞાન ભલે ન હોય, કેવળજ્ઞાનીનો સહારો તો હોય ને ?

ઘણીવાર શ્રોતાઓ મને કહી જતા હોય છે : અમારા મનની જ વાતો આપે કહી દીધી. અમારા મનનું સમાધાન થઈ ગયું.

શિષ્ય ક્યા આશયથી રજા માંગતો હોય ? તે ગુરુ બરાબર સમજી જાય. ભલે એ બોલે નહિ.

**હું પહેલા ખુલાસો કરી દઉં : મારામાં ચારેયમાંથી એકેય ગુણ નથી. તો વ્યાખ્યા કરવા કેમ બેઠા ? એમ તમે પૂછતા હો તો કહી દઉં :**

**પૂ. હરિભદ્રસૂરિજીની ટીકા, પૂ. મુનિચન્દ્રસૂરિજીની પંજિકા, પૂ. ભુવનભાનુસૂરિજીની વ્યાખ્યા સામે છે. એમના પર બહુમાનપૂર્વક બોલું છું. બાકી મારામાં શક્તિ ક્યાં ? મારી ભૂલો માટે તમે સૌ મને માફ કરજો.**

ઉમાસ્વાતિ મહારાજ કહે છે : મેં ભિખારીની જેમ દાણા વીણી-વીણીને બધું ભેગું કર્યું છે. મેં પણ એ જ રીતે ભેગું કર્યું છે.

આપણને ગુરુ જોઈએ ગૌતમસ્વામી જેવા. માટે જ પ્રાપ્ત ગુરુનો વિનય કરતા નથીને ? પણ આપણે જાણતા નથી : ગૌતમસ્વામી જેવા ગુરુના શિષ્ય બનવાની પણ યોગ્યતા જોઈએ ને ? આપણી યોગ્યતા વિચારતા નથી.

વર્તમાનમાં મળેલા ગુરુનું બહુમાન કરશો તો આગામી ભવમાં ગૌતમસ્વામી જેવા ગુરુ મળશે.

યશોવિજયજીને પોતાના ગુરુ નયવિજયજી પર કેટલું બહુમાન? વિનયવિજયજી તો પોતાના ગુરુના નામને [કીર્તિવિજયજી] મંત્ર માનતા.

આવું ગુરુ - બહુમાન હોય તો જ જ્ઞાન આવે.

ગુરુ-બહુમાનથી જ્ઞાન મળ્યું છે માટે જ એ ગુરુનું કહેવાય.

◆ ચાંડાલનો સ્પર્શ વર્જ્ય ગણાય. પ્રભુના ચરણનો સ્પર્શ કરવા પડાપડી થાય તેનું શું કારણ ?

અશુભ સ્પર્શ અશુભ અસર કરે. શુભ સ્પર્શ શુભ. એ વાત આનાથી સમજાય છે.

તાંબાને સુવર્ણ-રસનો સ્પર્શ થતાં તે સોનું થઈ જાય છે, એમ કહેવાય છે. આ સ્પર્શનો પ્રભાવ છે.

પ્રભુનો સ્પર્શ ન મળે ત્યાં સુધી આપણે તાંબું છીએ. ભગવાનનો સ્પર્શ તો વેધક-રસ છે. એનો સ્પર્શ થતાં જ આપણો પામર આત્મા પરમ બની જાય. અપ્રકાશિત દીવો પ્રકાશિત દીવાના સ્પર્શ વિના પ્રકાશિત ન બની શકે તેમ પ્રભુના સ્પર્શ વિના આપણો આત્મા પરમ આત્મા ન બની શકે.

પ્રભુના ગુણો કદાચ ન મેળવી શકો, ન કેળવી શકો, પણ તે ગુણો પ્રત્યે પ્રેમ તો કેળવી શકોને ? પ્રભુના ગુણોનો પ્રેમ એ જ વેધક રસ છે, જે તમને સુવર્ણમંડિત બનાવી દેશે.

**ગુરુમાં પણ ભગવાનની શક્તિ કામ કરી રહી છે. માટે જ તો ગુરુ ચરણ-સ્પર્શનો આટલો મહિમા છે. એ જ્યાં બેઠા હોય તે પાટ, આસન વગેરેને કેવા ભાવપૂર્વક સ્પર્શીએ છીએ ? વાંદણામાં શું છે? અહો કાયં-કાય-સંફાસં દ્વારા ગુરુ-ચરણોની કલ્પના કરીને તેનો ભાવથી સ્પર્શ કરીએ છીએ.**

ભાવપૂર્વક સ્પર્શથી બહુમાન પેદા થાય છે. બહુમાન ગુણો માટેનું પ્રવેશ-દ્વાર છે.

**(૩) વિધિપરતા :**

ગુરુને વંદનની જરૂર નથી, પણ આ વિધિ છે. એ વિના જ્ઞાન ન આવે.

કેટલીક વિધિઓ છે : જેમકે માંડલીમાં બેસવું, સ્થાપનાચાર્ય, વડીલોનો અનુક્રમ, ઉચિતતાપૂર્વક આસનાદિ પાથરવું, વિક્ષેપનો સર્વથા ત્યાગ કરવો. [વાચના આદિનું ફળ મેળવવું હોય તો વિક્ષેપનો ત્યાગ જોઈએ જ, આડા-અવળા પ્રશ્નો, આડી-અવળી દૃષ્ટિ વગેરે વિક્ષેપકારી

પરિબળો છે.] ઉપયોગપૂર્વક સાંભળવું.

આ ગુરુ પાસેથી જ્ઞાન મેળવવાની વિધિ છે. આમ કરશો તો કલ્યાણ થયા વિના રહેશે જ નહિ, એમ શાસ્ત્રકાર ગેરંટી આપે છે.

ઉપાય ઉપેયને આપીને જ જંપે. આ નિયમ છે. દીવો પ્રગટાવો તો પ્રકાશ થાય જ. પાણી પીઓ તો તરસ છીપે જ. વિધિપૂર્વક કરો તો કલ્યાણ થાય જ.

ભગવાનની ભક્તિ કરો તો મંગળ થાય જ, દુર્ગતિનો ભય જાય જ. ભગવાનના ભક્તને દુર્ગતિનો ભય કેવો ? ભક્ત નિશ્ચિંત હોય છે. આપણે આવા નિશ્ચિંત ખરા ?

### *'બહેન' તરીકે સંબોધનની તક*

*અમેરિકામાં વસતો એ યુવાન બાળવયથી પરિચિત. તેથી કાકી કહીને બોલાવે. તેના શહેરમાં પ્રવચન માટે જવાનું થયું. તેના ઘરે ગઈ. ઘરમાં જોયું : મદિરાનો બાર હતો. દેશના વેશ પ્રમાણે વ્યસન સેવન થતું રહ્યું. મેં તેનું બાળપણ યાદ કરાવ્યું. ક્યાં તારા માતાપિતાના સંસ્કાર ? અને ક્યાં આ દુરાચાર ? પછી ધર્મની ઘણી કથાઓ કહી.*

*સાંજે પ્રવચનમાં તેને મારો પરિચય આપવાનો હતો. ત્યારે મેં કહ્યું 'બહેન' કહીને પરિચય આપજે. તેણે પરિચય આપતાં જાહેરમાં કહ્યું કે, 'બહેન' સંબોધનની મને જે તક મળી તે માટે હું આજથી દારૂ પીવાનો ત્યાગ કરું છું.*

*પુણ્યયોગે તેને ધર્મની ભાવનાવાળા ભાઈની મિત્રતા હતી તે વધુ પરિચિત થઈ અને પોતે જ યથાશક્તિ ધર્મભાવનામાં જોડાઈ ગયા.*

– સુનંદાબેન વોરા



પંચાંગી આગમમાંથી એક પણ અંગ
નથી માનતો તે ભગવાનને નથી માનતો.

**શ્રા. સુદ-૨**

**૧-૮-૨૦૦૦, મંગળવાર**

◆ પંચાંગી આગમનું અપમાન તે ભગવાનનું અપમાન છે. આગમ-માંથી કોઈપણ અંગને તમે નથી માનતા એટલે ભગવાનને જ નથી માનતા. એના અંગને છેદો છો એટલે ભગવાનને જ છેદો છો.

"ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ,
વૃત્તિ પરંપર અનુભવ રે;
સમયપુરુષના અંગ કહ્યા એ,
જે છેદે તે દુર્ભવ્ય રે."

—પૂ. આનંદઘનજી.

અનુભવ અને પરંપરા પણ સાથે લઈ લીધા છે. આ છ માંથી એકનું પણ અપમાન એટલે ભગવાનનું અપમાન માનજો.

**ટીકાકાર હરિભદ્રસૂરિજી સ્વયં આગમપુરુષ છે. એમની રચના આગમ-તુલ્ય ગણાય.**

ઉપા. યશોવિજયજી કૃત સવાસો ગાથાના સ્તવન પર પદ્મવિજયજી મહારાજે ટબો લખ્યો છે. તેમાં લખ્યું છે : હરિભદ્રસૂરિના ગ્રંથો પણ આગમ જ ગણાય. એમની વાત જેમે નથી માનતા તો આગમને જ નથી માનતા.

◆ આગમાદિ વાંચવામાં તો નવું નવું આવવાથી હજુએ રસ આવે, પણ દૈનિક કરાતા ચૈત્યવંદનાદિમાં રસ લગભગ નથી આવતો. હરિભદ્રસૂરિજી વખતે પણ કદાચ આવી સ્થિતિ હશે ! એટલે એમને લલિતવિસ્તરા લખવાનું મન થઈ ગયું હશે !

◆ ઉપમિતિ, સમરાઈચ્ચ, વૈરાગ્ય કલ્પલતા આદિ વાંચવાથી પણ વૈરાગ્ય ન જાગે તો સમજવું : આ જીવ દુર્ભવ્ય કે અભવ્ય હશે!

અનંતા ભવો ન કરવા હોય તો આ ભવમાં થોડું સહન કરી લઈએ, થોડી સાધના કરી લઈએ તો કામ થઈ જાય.

વૃદ્ધ મહાત્માઓ પહેલા એટલે જ વૈરાગ્યકારક ગ્રંથો કંઠસ્થ કરાવી પછી વ્યાકરણાદિમાં પ્રવેશ કરાવતા.

◆ **આપણે તો ૫-૫૦ વર્ષમાં વિદાય થઈ જવાના, પણ આ આગમો ટકવાના. હજારો વર્ષો સુધી એના આધારે જ શાસન ચાલવાનું છે. એ આગમોની આપણાથી ઉપેક્ષા ન કરી શકાય. ભાવિ પેઢીની ઉપેક્ષા ન કરી શકાય.**

જૈન શ્રાવક પોતાના સંતાનની ચિંતા કરે : ક્યાંય મારો પુત્ર દુર્ગતિમાં ધકેલાઈ ન જાય. પેલી વાત આપણે ત્યાં આવે છે ને ? કોઈ રીતે ધર્મક્રિયા નહિ કરતા પોતાના પુત્રને ધાર્મિક બનાવવા પેલા પિતાએ ઘરના બારશાખ પર ભગવાનની મૂર્તિ બેસાડી, બારણું નાનું કરાવ્યું.

ભલે એ પુત્ર મરીને માછલું બન્યો, પણ પછી ઠેકાણું પડ્યું ને? ત્યાંથી મરીને આઠમા દેવલોકે ગયો ને ?

શ્રાવક ચિંતા કરે તો આપણે આપણી ભાવિ પેઢીની ચિન્તા નહિ કરવાની ? આ બધી વાત હું કોમળતાથી કરું છું. ઠેકાણું પડશેને ? કે હજુ વધુ કડક ભાષાની જરૂર પડશે ? ''लातों के देव

**बातों से नहीं मानते''** એવું નથીને ?

યુગલિક કાળમાં તો માત્ર હકાર, મકાર, ધિક્કારથી કામ પતી જતું, પણ જેમ કાળ પડતો આવતો ગયો તેમ વધુને વધુ શિક્ષાની જરૂર પડવા લાગી.

**જીવોની વક્રતા-જડતા વધુ તેમ અનુશાસન કઠોર બનતું જાય.**

**(૪) બોધ પરિણતિ :**

◆ બોધ સાચો તે જ કહેવાય જે પરિણામ પામેલો હોય. પરિણામમાં કાંઈ ન હોય તે જ્ઞાન શા કામનું ?

વ્યાવહારિક જ્ઞાન પણ પરિણામ ન પામે તો સફળ બને ?

જ્ઞાનભંડારમાંથી ચોપડા મંગાવ્યા. અહીં સાંભળતી વખતે ખોલ્યા. પછી બંધ કરી દીધા. ત્યાં જઈને ખોલે તે બીજા !

આવું જ્ઞાન કલ્યાણકર બનશે, એમ લાગે છે ? આવું જ્ઞાન મોહના પાંજરામાંથી છુટકારો અપાવી દેશે ? આવું જ્ઞાન ગ્રંથિઓમાંથી છુટકારો અપાવી દેશે ?

૧૪ ગ્રંથિઓ છે. આ ગ્રંથિઓથી છુટે તે જ નિર્ગ્રન્થ. ૧૪ ગ્રન્થિઓ સાંભળી લો. ૯ નોકષાય + ૪ કષાય + મિથ્યાત્વ = આ ૧૪ ગ્રન્થિઓ છે.

આખા ભવચક્રમાં મોહનીયનો ઉપશમ પાંચ જ વાર થઈ શકે છે. ક્ષયોપશમ અસંખ્યવાર થાય. ક્ષય એક જ વાર થાય. ક્ષય થઈ ગયો એટલે ક્ષાયિક સમ્યક્ત્વ મળી ગયું. ક્ષાયિક સમ્યક્ત્વ મળ્યા પછી જાય જ નહિ.

મોહનું જોર ઘટ્યા પછી જ બોધ પરિણામ પામે છે. પછી ત્યાં કુતર્ક નથી હોતા. આવો માણસ જ્યાં ત્યાં જઈ પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરતો નથી. રત્નોને તો ઢાંકીને રખાય. પ્રદર્શન ન કરાય.

કોઈ વાત ચાલતી હોય ને આપણે કંઈક જાણતા હોઈએ ને વગર પૂછ્યે તરત જ બોલી જતા હોઈએ તો સમજવું : આપણું જ્ઞાન પ્રદર્શક છે.

સાચું જ્ઞાન માર્ગાનુસારી હોય.

ઉન્માર્ગે લઈ જાય તે ઊંધું જ્ઞાન. માર્ગાનુસારી જ્ઞાન ભલે થોડું

હોય, પણ ઊંધું તો ન જ હોય. ક્યારેક અજાણતાં કંઈક બોલાઈ જાય અથવા ગેરસમજ આવી જાય પણ તે હઠાગ્રહમાં પરિણમે તેવું ન હોય. દવાથી દૂર થાય તેવા દર્દ જેવું આ અજ્ઞાન હોય છે.

ગૃહસ્થો પાસે ધન સંપત્તિ છે, તેમ આપણી સંપત્તિ જ્ઞાન છે. ધન નાશ પામે. આ સંપત્તિ અખૂટ છે. ધનને ચોર લૂંટે. અહીં તો કોઈ ન લૂટે. કદાચ કોઈ લૂંટે તો પણ અહીં તો ન જ ખૂટે.

ચક્રવર્તીનું સામ્રાજ્ય ટકતું નથી. આખરે છોડવું જ પડે છે. ન છોડે તો નરકે લઈ જાય. આખરે એને અહીં જ સાધુપણાના શરણે આવવું પડે છે. જે ન આવે તે નરકે જાય.

ગૃહસ્થોમાં ધનથી કેટલાકને અભિમાન આવી જાય તેમ સાધુ-પણામાં જ્ઞાનાદિ સંપત્તિથી કેટલાકને અભિમાન આવી જાય. જ્ઞાનનું જ નહિ, બીજી કોઈ પણ લબ્ધિનું અભિમાન કરવા જેવું નથી.

**બીજાના અજ્ઞાન પર હાસ્ય – મજાક કરવાનું મન થાય તો સમજવું : આપણું જ્ઞાન અભિમાનકારી છે.**

આણંદજીભાઈ પંડિતજી ન આવડે તો કહેતા : "સાવ બુદ્ધુ છે, ઢ છે." જો કે તેઓ તો વિદ્યાર્થી પાઠ પાકો કરે માટે કહેતા. આ અભિમાન ન કહેવાય. પણ બીજાનો અપકર્ષ કરવાની બુદ્ધિથી આવા વાક્યો કહેવામાં આવે તેમાં અભિમાન છે.

સાચો જ્ઞાની પોતાની ઋદ્ધિનો ગર્વ ન કરે, બીજા અજ્ઞાનીઓનો ઉપહાસ ન કરે, વ્યર્થ વિવાદ ન કરે, ભોળા લોકોમાં બુદ્ધિ-ભેદ ન કરાવે. સમજુ માણસોને એ પોતાની સમજણ આપે, બીજાને નહિ.

આનું નામ જ પાત્રતા છે.

પૂજ્ય પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ઘણીવાર અમને સૌને પૂછતાઃ તમારે શું બનવું છે ? વક્તા કે પંડિત ? પ્રભાવક કે આરાધક? ગીતાર્થ કે વિદ્વાન ? પછી તેઓ કહેતા : આરાધક – ગીતાર્થ બનજો. જો ગીતાર્થ જવાબ આપ્યો હોય તો તેવા બનજો.

**પૂ. નૂતન આચાર્યશ્રી :** આપે તો પૂછી લીધું હશે ?

**પૂજ્યશ્રી :** મેં તો પહેલેથી જ નક્કી કરી લીધેલું જ હતું. પૂછવાની જરૂર જ ન્હોતી.

હું તેમને વંદન કરતો. મને ના પાડતા. તેઓ કહેતા : તમે આચાર્ય છો. વંદન ન કરાય, પણ હું કહેતો : અત્યારે હું આચાર્ય નથી, વિદ્યાર્થી છું, શિષ્ય છું. તો પણ પાટ પર તો મને જોડે જ બેસાડે. એમની હાજરીમાં હું બોલતો પણ હતો.

ભગવાન જેમ બોલાવે તેમ બોલીશ. કંઈક આડું-અવળું હોય તો પંન્યાસજી મ. જણાવશે, તેમ કરીશ. ચિન્તા શી ? એવા વિચાર સાથે બોલેલો પણ છું.

**(૫) સ્થિરતા :** સાચો જ્ઞાની કદી વિવાદ છેડે નહિ.

તમે જ જુઓ છો : કેટલાયની જીંદગી વાદ-વિવાદમાં જ પૂરી થઈ જતી હોય છે. જેમ કેટલાક ગૃહસ્થો કોર્ટ-કચેરીના લફરામાં જીંદગી પૂરી કરી દે !

સાચો જ્ઞાની ભોળા માણસોની બુદ્ધિમાં ભેદ ન કરે.

યોગ્ય વ્યક્તિને તે પોતાનું જ્ઞાન આપે. આનું નામ જ પાત્રતા છે.

આ પાત્રતા જ ગુણી પુરુષોને માન્ય છે. આ તો મૂર્તિમંત શમશ્રી છે! ભાવ સંપત્તિનું સ્થાન છે !

દ્રવ્ય સંપત્તિ તો ઘણાને મળે. ભાવ સંપત્તિ મળે તે ખરો ભાગ્યશાળી ગણાય.

**જ્ઞાન ભણવું હાથની વાત છે, ગુણો મેળવવા હાથની વાત નથી. ધ્યાન લાગી જવું, સ્થિરતા મેળવવી, હાથની વાત છે ? તમે નક્કી કરો: આજે મારે મન સ્થિર રાખવું છે ને મન ભાગવા માંડશે. માટે જ આનંદઘનજીએ કહ્યું છે :**

''મનડું કિમહી ન બાજે હો કુંથુજિન !''

એમની પણ આવી દશા હોય તો આપણી તો વાત જ ક્યાં?

મનને સ્થિર કરવા પ્રયત્ન કરો - એટલે લાગે : જાણે માંકડ જોઈ લો! પકડવા જાવ એટલે ભાગે !

મનની ચાર અવસ્થા સમજી લો. વિક્ષિપ્ત, યાતાયાત, સુશ્લિષ્ટ અને સુલીન.

શરૂઆતમાં તમે સ્થિરતાનો પ્રયત્ન કરશો એટલે મન વિક્ષિપ્ત થવાનું, ભાગવાનું. આ પ્રથમ અવસ્થા છે.

મનને સ્થિર બનાવવા વર્ષો સુધી સતત સાધના કરવી પડે.

મન મોહને આધીન છે. એટલે એ કૂદાકૂદ કરતું જ રહેવાનું. મનરૂપી આ વાંદરો કૂદાકૂદ ન કરે તો જ નવાઈ.

ધારણા દ્વારા થોડુંક મન સ્થિર બન્યા પછી થોડીક સ્થિરતા આવવા માંડે છે.

પછી બીજી અવસ્થા આવે છે : યાતાયાત !

થોડીકવાર સ્થિર રહે. વળી અસ્થિર થાય.

કોઈક મહાત્માએ જો ધ્યાનમાં સ્થિરતા મેળવી હોય તો સમજવું: વર્ષોની સાધના જ નહિ, કદાચ જન્માંતરની સાધના હશે !

આ બધા પદાર્થો અભ્યાસ વિના ન સમજાય.

*આપ કૃપાલુ દ્વારા મને યાદ કરીને મોકલાવેલ પરમ પૂજ્ય ભગવાન કલાપૂર્ણસૂરિજીના ભાવોને રજુ કરતું પુસ્તક "કહ્યું કલાપૂર્ણસૂરિએ" મળ્યું. ખૂબ ખૂબ આભાર.*

*પુસ્તક મળ્યું, ખૂબ જ આનંદ થયો. પરમાત્મ-સ્વરૂપ પૂજ્યશ્રીના પુસ્તક માટે અલ્પજ્ઞ એવો હું કોઈ પણ અભિપ્રાય આપું એ ભગવાન કલાપૂર્ણસૂરિજીનું અવમૂલ્યન કરનાર બને એવું લાગે છે.*

*જે વાંચતા જ આત્માના ભયાનક આવેશ-આવેગ વગેરે ભાગી જઈ શાંત-પ્રશાંત-ઉપશાંત અવસ્થા(સ્વની) પ્રાપ્ત કરાવે એવું આ શાસ્ત્ર અનેક ભવ્યાત્માને આત્મ-કલ્યાણકારી બનશે જ એ શંકારહિત વાત છે. અસ્તુ.....*

*- **વિમલહંસવિજય,***
*બારડોલી.*



શ્રા. સુદ-૩

૨-૮-૨૦૦૦, બુધવાર

બ્રહ્માંડમાં સર્વત્ર અરિહંતની કરુણા
કામ કરી રહી છે.

◆ સજ્જન કોઈ કેદીને મુક્ત કરવા પ્રયત્ન કરે તેમ મોહની કેદમાંથી છોડાવવા ભગવાને પ્રયત્ન કર્યો.

સમ્યક્ત્વ એટલે કેદમાંથી છુટવાની ઝંખના,

સમ્યક્ત્વમાં પણ અપૂર્વ આનંદ આવતો હોય તો મોક્ષમાં કેટલો આનંદ આવતો હશે ?

સમ્યક્ત્વાદિની પ્રભાવના કરીને ભગવાન સૌને આનંદની પ્રભાવના કરી રહ્યા છે.

આ જ ભગવાનની કરુણા છે, પરાર્થ વ્યસનિતા છે !

'હજાર વર્ષમાં મને મળ્યું તે એકાદ ક્ષણમાં કોઈ [મરુદેવી આદિ] કેમ મેળવી લે ?' એવો ભાવ આપણને આવી શકે, ભગવાનને નહિ.

બ્રહ્માંડમાં સર્વત્ર અરિહંતની કરુણા કામ કરી રહી છે. સિદ્ધોએ

નિગોદમાંથી બહાર કાઢ્યા, એ ખરું, પણ સિદ્ધોને સિદ્ધ બનાવનાર પણ અરિહંત જ છે ને ?

આપણને માન-સન્માન મળે છે તે શું આપણા નામથી મળે છે ? અહીં પ્રત્યક્ષ ભગવાનનો ઉપકાર છે, તેને તો સ્વીકારો. તમે ભગવાનના શાસનમાં ન હો તો તમને કોણ પૂછે ?

◆ આત્મા નિમિત્તવાસી છે. જેની પાસે રહે તેવો બને. આપણો જન્મ કસાઈ વગેરેને ત્યાં થયો હોત તો ? કેવા સંસ્કારો પડત ? માર-કાપના દૃશ્યો આપણને ક્યારેક [અમદાવાદમાં સ્થંડિલ જતાં મરઘા કાપતા જોવા મળતા. નાનપણમાં હૈદ્રાબાદમાં ખુલ્લેઆમ લટકતા પ્રાણીઓના મડદા જોવા મળતા. પણ હું એ માર્ગ જ છોડી દેતો.] જોવા મળે છે તો પણ ક્ષુબ્ધ કરી દે છે. એ દૃશ્યો જેમને રોજ જોવા મળતા હોય તે ધીરે - ધીરે ધીટ્ઠા થઈ જઈ તેવા જ બની જતા હોય છે. આ છે સહવાસની અસર.

◆ આટલું નક્કી કરો : આ જન્મ હવે એળે નથી જવા દેવો. ભલે ઓછું ભણાય, પણ એ ભણેલું ભાવિત થયેલું હશે તો આત્મ-કલ્યાણ થઈને જ રહેશે. **જ્ઞાન બીજાનું કામ આવી શકશે, પણ ભાવિતતા તમારી જ જોઈશે, શ્રદ્ધા તમારી જ જોઈશે.**

◆ **બોધપરિણતિ :**

જ્ઞાન પરિણતિમાં આવ્યા પછી સ્થિરતા જોઈએ. અભિમાન જ્ઞાનને સ્થિર બનવા દેતું નથી. માટે જ સર્વ પ્રથમ જ્ઞાનના અનુત્સેકની વાત કહી. **જ્ઞાન વધતું જાય તેમ અજ્ઞાનનું ભાન થતું રહેવું જોઈએ.** જેમ જેમ ભણતા જઈએ તેમ તેમ પોતાનું અજ્ઞાન દેખાતું જાય તો કદી અભિમાન નહિ આવે.

◆ મને હમણા એક સ્વપ્ન આવેલું : ચારે બાજુ હરિયાળી. ચારે બાજુ નિગોદ ! ક્યાં પગ મૂકવો ? જ્યાં નિગોદ ન્હોતી ત્યાં મેં પગ મૂક્યો.

જયણા અને કરુણા ભાવિત થાય તો જ આવા સ્વપ્ન આવી શકે. સ્વપ્ન તમારી અંદરની પરિણતિને કહે છે.

◆ હમણા કોલેરાના વાયરસ ચાલે છે. કોઈને પણ ઝાડા-ઉલ્ટી થાય એટલે તરત જ હોસ્પીટલમાં દાખલ થઈને બાટલા લઈ

લેવા માંડીએ છીએ, ગોળીઓ લઈએ છીએ, તેમ આત્મા સ્હેજ પણ ભૂલ કરે તો તરત જ સાવધાન થઈને તેની પ્રતિક્રિયા કરવી જોઈએ.

◆ **અત્યારનું જ્ઞાન માત્ર પરલક્ષી છે – એવું મને સતત લાગે છે. વ્યાખ્યાન આદિમાં ઉપયોગી બનશે, એવું માનીને ભણીએ છીએ. આત્મલક્ષથી ભણનારા કેટલા ?**

◆ જીવ શરીરથી અલગ છે એ ખરું, પણ આપણે તેને અલગ જોઈ શક્તા નથી. દૂધ અને પાણી ભેગા હોય, હંસ તેમાંથી દૂધ પી લે. પાણી છોડી દે. આ જ સાચો વિવેક છે.

અત્યારે આપણે ચેતન હોવા છતાં જડ જેવા બની ગયા છીએ, પુદ્ગલના પક્ષમાં બેસી ગયા છીએ. સતત દેહ-ભાવ પોષી રહ્યા છીએ. આપણું ષટ્કારક ચક્ર ઊંધું ફરી રહ્યું છે, જે બાધક થઈ સતત કર્મ-બંધન કરાવતું રહે છે. હવે જો એને સાધક બનાવીએ તો એના દ્વારા જ કર્મ-વિસર્જનનું કામ કરી શકાય.

◆ હમણા ભગવતીમાં નિગોદની અત્યંત સૂક્ષ્મ ચર્ચા ચાલી રહી છે. ગોળા, નિગોદ, જીવ વગેરેની ચર્ચા વાંચતાં થાય : આપણા જ આત્મ-બંધુઓ કેવી દશામાં છે ? આપણે પણ એક દિવસ અહીં જ હતા.

કોઈ સિદ્ધનો ઉપકાર કે એમાંથી આપણે બહાર નીકળ્યા. બહાર નીકળીને ઠેઠ માનવ-ભવ સુધી પહોંચ્યા. પણ અહીં આવ્યા પછી સૌ જીવોનો ઉપકાર લઈ રહ્યા છીએ, પણ પ્રાયઃ કોઈના પર પણ ઉપકાર કરતા નથી. આપણને જીવાડવા માટે પૃથ્વી, પાણી, હવા, વનસ્પતિ આદિના કેટલા જીવો સતત પોતાના પ્રાણોની આહુતિ આપતા રહે છે ? – એ વિષે ક્યારેક તો વિચારો.

◆ જ્ઞાન અને દર્શન બન્ને મળીને જ ચારિત્ર મળે.

''જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ,
જ્ઞાન એકત્વતા ધ્યાનગેહ.''

– પૂ. દેવચન્દ્રજી – અધ્યાત્મ ગીતા

આગમમાં હોય તો જ આવી વ્યાખ્યા પૂ. દેવચન્દ્રજી અહીં લખે. નહિ તો કદી ન લખે. જુઓ, પૂ. ઉપા. યશોવિજયજી કહે છે :

"જ્ઞાનદશા જે આકરી, તે ચરણ વિચારો;"

નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો.

બન્ને એક જ વાતને કહે છે.

**જે રીતે જાણેલું હોય તે રીતે જીવવું તે જ જ્ઞાનની તીક્ષ્ણતા! તે જ ચારિત્ર !**

અહીં ચૈત્યવંદન વિષે તમે શીખો છો. શીખ્યા પછી ચૈત્યવંદન તે મુજબ જ કરો તો તે જ્ઞાન તીક્ષ્ણ બની જાય.

◆ અશુભ વિકલ્પમાં પાપનો આશ્રવ.

શુભ વિકલ્પમાં પુણ્યનો આશ્રવ.

નિર્વિકલ્પ દશામાં સંપૂર્ણ સંવર.

**(૬) ઉક્ત ક્રિયા :**

જે રીતે મુદ્રાદિ માટે લખ્યું તે રીતે શક્તિ પ્રમાણે કરવું તે ઉક્ત ક્રિયા. હું અત્યારે ડાબો પગ ઉંચો નથી કરી શકતો. કારણ કે તેવી શક્તિ નથી. માટે લખ્યું : **'યથાશક્તિઃ'** ।

**આહારના જ્ઞાન માત્રથી ભૂખ ન ભાંગે.**

**દવાની જાણકારી માત્રથી આરોગ્ય ન મળે.**

**ચૈત્યવંદનની જાણકારી માત્રથી સફળતા ન મળે.**

દવા ન લઈને તમે રોગ માટે ફરીયાદ ન કરી શકો. ઉક્તક્રિયા નહિ કરીને તમે ચૈત્યવંદનમાં આનંદ નથી આવતો, તેમ ફરીયાદ ન કરી શકો. પૂર્ણ ફળ જોઈતું હોય તો જાણેલું અમલમાં મૂકવું જ રહ્યું. અહીં કહ્યા મુજબ ચૈત્યવંદન કરશો તો આ જ જન્મમાં તમે ન્યાલ થઈ જશો. અહીં જ આનંદનો અનુભવ થશે.

◆ લોગસ્સ એટલે શું ?

૨૪ ભગવાનની સ્વયં ગણધરો દ્વારા કરાયેલી સ્તુતિ. ગણધરોની ગૃહસ્થપણાની સ્થિતિ આપણે જાણીએ છીએ. ભગવાન મળ્યા પછીની સ્થિતિ પણ આપણે જાણીએ છીએ. તેઓ તો એમ જ માને : અમે સાવ જ લોઢું હતા. ભગવાને અમને સુવર્ણ બનાવ્યા.

તેઓ ભગવાનને કઈ રીતે ભૂલી શકે ?

તેઓ સ્તુતિ દ્વારા આપણને શીખવાડે છે : ભગવાન દ્વારા જ આરોગ્ય, બોધિ, સમાધિ વગેરે મળશે. ભગવાન ન મળ્યા હોત તો કર્મના આ રોગમાંથી થોડાક અંશે પણ મુક્ત બની શક્યા ન હોત.

'હું રોગી છું' એવું ભાન પણ ભગવાન વિના થતું નથી. શરીરનો રોગ ખટકે છે પણ શરીરમાં બેઠેલા આત્માને રોગ છે એનો વિચાર સુદ્ધા નથી આવતો. વિચાર આવે તો ભગવાન પાસે આરોગ્ય માંગવાનું મન થાય ને ?

**"પ્રભુ ! પ્રસન્ન થાઓ અને મને આ ત્રણ પદાર્થો જરૂર આપો : આરોગ્ય, બોધિ અને સમાધિ." આ ત્રણમાં ગણધરોએ પૂરો મોક્ષ માર્ગ માંગી લીધો.**

ગણધરોની આ માંગણી છે.

તમારી માંગણી કઈ ?

ભગવન્ ! એકલો છું. એકાદ ચેલો મળી જાય તો કામ થઈ જાય ! આવું કાંઈ નથી માંગતાને ? ગૃહસ્થોની પોતાના ક્ષેત્રની ઈચ્છાઓ હોય છે. અહીં પણ આવા પ્રકારની ઈચ્છાઓ હોઈ શકે છે. આવી ઈચ્છાઓ હોય તો સમજવું : અહીં આવીને આપણે નવો સંસાર ઊભો કરી રહ્યા છીએ.

◆ નિષ્ણાતના કહ્યા મુજબ ઔષધ ન લો તો રોગ તો ન મટે, પણ ઉલ્ટું રોગ વધશે.

અહીં પણ પ્રત્યપાય સંભવી શકે.

કાલગ્રહણ આદિમાં ગોટા વળી જાય તો કેટલીક વખત ગાંડપણ, વળગાડ આદિ થતા જોવા મળે છે, ગુરુ ભલે કાંઈ ન કરે, પણ આસપાસના દેવો થોડું માફ કરે ?

એક સાધ્વીજીએ "ગરમ પાણીથી કોઢનો રોગ થયો છે." એમ કહ્યું ત્યારે શાસનદેવીએ તેની ખબર લઈ નાખી. પછી સાધ્વીજીએ પોતાની ભૂલ કબૂલી.

ગરમ પાણીથી રોગ આવે કે જાય ? અત્યારે કોલેરાના વાતાવરણમાં તો ડૉક્ટરો ખાસ કરીને ઊકાળેલું પાણી પીવાની સલાહ આપે છે.



પ્રભુ-ભક્ત મૂર્તિ, ગુરુ, તીર્થ અને આગમમાં ભગવાનના દર્શન કરે છે.

શ્રા. સુદ-૪

૩-૮-૨૦૦૦, ગુરુવાર

◆ જેના હાથે આ તીર્થની સ્થાપના થઈ તેમનું સામર્થ્ય અપ્રતિહત અને અચિંત્ય હતું. આજે પણ એ સામર્થ્ય સક્રિય છે. તીર્થની ભક્તિ કરવાથી એ સામર્થ્યનો અનુભવ થાય છે.

પોતાને પૂર્ણ સમર્પિત થઈ જાય તેને, તીર્થ, તીર્થંકર બનાવે છે. દરેક તીર્થંકરો તીર્થ દ્વારા જ તીર્થંકરો બન્યા છે તે એમના નમસ્કાર ['નમો તિત્થસ્સ'] દ્વારા જણાય છે. તીર્થંકરો ભલે નથી મળ્યા, પણ જેમાંથી તીર્થંકરો પેદા થાય છે એ તીર્થ મળ્યું છે, એ ઓછા પુણ્યની વાત નથી.

દિવ્ય નયનવાળા તીર્થંકરો ભલે નથી, પણ એમના શાસનના રાગી જ્ઞાનીઓ મળે જ છે.

''વસ્તુ વિચારે રે દિવ્ય નયનતણો રે,
વિરહ પડ્યો નિરધાર;

તરતમ જોગે રે તરતમ વાસના રે,

વાસિત બોધ આધાર.''   -પૂ. આનંદઘનજી

તીર્થંકર ભગવાનનો પ્રભાવ ગણધરોમાં તો સ્પષ્ટ ઉતરેલો દેખાય જ છે. નહિ તો એમની દેશના પછી ગણધરોની દેશના સાંભળવા કોણ રોકાય ? પણ શ્રોતાને ગણધરોની દેશના ભગવાન જેવી જ લાગે.

અહીં ભગવાનનો પ્રભાવ કામ કરે છે. એ જ પ્રભાવ આજે પણ કામ કરી રહ્યો છે. ગણધરોની સ્થાપના ભગવાને કરી છે તેમ તીર્થની સ્થાપના પણ ભગવાને જ કરી છે ને ?

◆ આગમમાં ઠેર-ઠેર આવતો 'ત્તિબેમિ' શબ્દ કહે છે : હું મારા તરફથી નહિ, ભગવાન તરફથી કહું છું. **'सुअं मे आउसं तेणं भगवया'**મેં ભગવાન પાસેથી આમ સાંભળ્યું છે. જે સાંભળ્યું છે તે તને કહું છું.

**◆ ભગવાન ભલે આજે હયાત નથી, છતાં ગુરુ આજે પણ ધ્યાન દ્વારા મળતી સમાપત્તિના યોગથી ભગવાનના દર્શન કરાવી શકે છે.**

સામાયિક ધર્મ નામના પુસ્તકમાં ભાવ-સ્પર્શ દ્વાર જરૂર વાંચજો. આનાથી આ સમાપત્તિનો પદાર્થ વધુ સ્પષ્ટ બનશે : ગુરુ કઈ રીતે શિષ્યને ભગવાનનો સ્પર્શ કરાવે છે ?

પ્રીતિ થઈ હોય તે વ્યક્તિને જોવાનું મન થાય તે સ્વાભાવિક છે. આનંદઘનજીની ચોવીશીના પ્રથમ સ્તવનમાં પ્રભુની પ્રીતિ બતાવી છે. ચોથા સ્તવનમાં દર્શનની ઝંખના બતાવી છે.

ઝંખના તીવ્ર બને તો જ પ્રભુના દર્શન થાય, પ્રભુના દર્શન કરાવી આપનાર ગુરુ મળે.

આ વાત યાદ કરાવવા જ જાણે ગુરુ તમને દરરોજ જિનાલયે દર્શન કરવા મોકલે છે.

આગળ વધીને સાચો પ્રભુ-ભક્ત મૂર્તિની જેમ, ગુરુમાં, તીર્થમાં અને આગમમાં પણ ભગવાનના દર્શન કરે છે. ભગવાને જેમની સ્થાપના કરી હોય તેમાં તેમના દર્શન કેમ ન થાય ?

**૨૧ હજાર વર્ષ સુધી શાસન ચાલશે, તેમાં આપણી શક્તિ કામ નથી કરતી, ભગવાનની શક્તિ કામ કરી રહી છે, એ સમજાય છે ? તીર્થંકર પ્રભુની અપ્રતિમ શક્તિ હતી માટે જ તો ઈન્દ્રે છેલ્લે થોડીક જ ક્ષણો આયુષ્ય વધારવાની વિનંતિ કરેલીને ? ઈન્દ્ર જાણતા હતા કે ભગવાનની માત્ર દૃષ્ટિ પડી જશે તો પણ આ ક્રૂર ગ્રહ કાંઈ નહિ કરી શકે. ક્ષણવારની દૃષ્ટિમાં પણ આટલી શક્તિ હોય તો તીર્થંકરની સમગ્ર ક્ષણોની શક્તિ કેટલી ? તેનું અનુમાન આપણે કરી શકીએ છીએ. એ શક્તિના પ્રભાવે જ આટલા ઝંઝાવાતો વચ્ચે જૈન શાસન જયવંતું વર્તે છે. મુસ્લીમોના આક્રમણો આવ્યા, મંદિરો, મૂર્તિઓ તૂટ્યા, પુસ્તકો બળ્યા વગેરે ઘણું થયું, છતાં શાસન હજુ ચાલે છે ને ચાલતું જ રહેશે.**

આ ભગવાનની શક્તિ ગુરુના માધ્યમથી આપણે અનુભવી શકીએ. માટે જ કહું છું : ગુરુને કદી છોડતા નહિ. **ગુરુને છોડશો તો ભગવાન છુટી જશે. ભગવાન છુટી જશે તો બધું જ છુટી જશે.**

◆ ભગવાનની સ્તુતિ માત્ર કરવાથી કોઈ માણસ ભગવાન જેવો બની જાય ? એ શી રીતે બને ?

કવિ પોતાના જ પ્રશ્નનો જવાબ આપતાં કહે છે : એમાં શું આશ્ચર્ય છે ? એક શેઠ પણ પોતાના આશ્રિતને પોતાના જેવો શેઠ બનાવી દેતો હોય તો ભગવાન કેમ ન બનાવી શકે ?

સાકર જેવી સાકર પણ પોતાના સંસર્ગમાં આવનાર દરેકને મીઠું બનાવતી હોય, પાણીમાં સાકર નાખો તો તે મીઠું બને, ઘી યુક્ત લોટમાં સાકર ભળે તો તે શીરો બને, માવામાં સાકર ભળે તો તે પેંડા બને, બરફી બને. એક સાકર કેટકેટલા પદાર્થને મધુર બનાવે? સાકરમાં પણ આટલી શક્તિ હોય તો ભગવાનમાં ન હોય ?

◆ યોગસારના પ્રથમ પ્રસ્તાવમાં છેલ્લે પ્રભુના બે વિશેષણો મૂક્યા:

**भविनां भवदम्भोलिः 'स्वतुल्य पदवी-प्रदः'**

સંસારને તોડવામાં વજ્ર જેવા.-નિગ્રહ ગુણ.

પોતાના જેવી પદવી આપનારા.-અનુગ્રહ ગુણ.

**નિગ્રહ ગુણથી ભગવાન તમને શૂન્ય બનાવી દે છે. અનુગ્રહ ગુણથી તમને પૂર્ણ બનાવી દે છે.**

◆ કઈ પીડા વધુ ખતરનાક ? કાંટા, તલવાર વગેરે બાહ્ય પીડા ખતરનાક કે અંદર કષાય આદિની પીડા ખતરનાક ? ઊંડાણથી જોશો તો અંદરની પીડા ખતરનાક જણાશે. અંદરની એ પીડાને હરનારા ભગવાન છે.

**'तुभ्यं नमस्त्रिभुवनार्त्तिहराय नाथ ।'**

ભગવાન ત્રણેય ભુવનની આવી પીડાને હરનારા છે.

–ભક્તામર.

ક્રોધની કેવી પીડાથી ચંડકૌશિક પીડાતો હતો ? આંખોમાં ઝેર ક્યાંથી આવ્યું ? પૂર્વભવમાં ક્રોધના જે ઊંડા સંસ્કારો પાડેલા તેના પ્રભાવે. ક્રોધને ઝેર કહ્યો છે, તે માત્ર ઉપમા જ નથી, પણ આ રીતે વાસ્તવિક પણ છે.

પોતાની દૃષ્ટિમાં રહેલા ઝેરથી તે અન્યને ભસ્મીભૂત કરતો હતો એટલે બીજા જ પીડા પામતા હતા ને તે સ્વયં પીડા - મુક્ત હતો, એમ રખે માનતા ! **કોઈપણ ક્રોધી માણસ બીજાને પીડે છે, તે પહેલા તે જાતને જ પીડે છે. એ મહાન સત્ય સમજી લેજો.**

◆ જૈન ગુરુનું સન્માન જગતમાં સર્વોત્કૃષ્ટપણે થાય છે તે ભગવાનનો પ્રભાવ માનજો. મદ્રાસમાં પ્રતિષ્ઠા પ્રસંગે હજારો અજૈન માણસો દર્શનાર્થે આવતા તે વખતે જણાયું : અજૈનોમાં પણ જૈન સંતો પ્રત્યે કેટલો આદર છે ? ભલે એ લોકો માંસાહારી હતા, પણ હૃદયના સરળ હતા. સાત વ્યસન ખતરનાક છે. એટલી વાત કરીએ ને તેઓ સાતેય વ્યસન છોડવા તૈયાર થઈ જાય. અહીં તમને કંદમૂળ માત્ર છોડાવવું હોય તોય અમારે લોહીના પાણી કરવા પડે ! એક ડૉક્ટરને મેં માંસાહાર છોડવાની વાત કરી ને તેણે તરત જ સ્વીકારી લીધી. કાંઈ વધુ સમજાવવાની જરૂર ન પડી. ફી લેવાની તો વાત જ ક્યાં ?

ઓસવાળો બધા માંસાહારી ક્ષત્રિયો હતા, પણ પાર્શ્વનાથ સંતાનીય પૂ. રત્નપ્રભસૂરિજીના ઉપદેશથી [અંબિકા દેવીની પ્રેરણાથી] માંસાહાર છોડી જૈન બન્યા. આજે પણ બધા ઓસવાળો એ દેવીને [સચ્ચાઈ દેવીને] માને છે.

ઓસીયામાં રાજકુમારને સાપે ડંખ મારેલો. તે વખતે દૈવી

પ્રભાવથી પૂ. રત્નપ્રભસૂરિજીએ તેને નિર્વિષ બનાવેલો. તેના પ્રભાવથી તે વખતે એક લાખ રજપૂતો જૈન બન્યા. [વીર સંવત્ - ૭૦]

તે જ બધા ઓસવાળો બન્યા. ઓસવાળોનો એટલો પ્રભાવ હતો કે જોધપુર આદિ સ્થળે મંત્રી વગેરે પદ પર તેમની જ નિયુક્તિ થતી.

આના દ્વારા મારે ગુરુ તત્ત્વનો મહિમા બતાવવો છે.

આ સાધ્વીજીનો સમૂહ પણ કાંઈ ઓછો ઉપકાર નથી કરતો.

આ. હરિભદ્રસૂરિજી ન હોત તો લલિતવિસ્તરા ક્યાંથી મળત?

યાકિની સાધ્વીજી ન હોત તો હરિભદ્રસૂરિજી ક્યાંથી મળત ?

આ સાધ્વીજીનો ઉપકાર છે.

મુનિચન્દ્રસૂરિજી ન થયા હોત તો એમની પંજિકા વિના લલિત વિસ્તરા શી રીતે બરાબર સમજાત ?

ભુવનભાનુસૂરિજી ન થયા હોય તો પરમ તેજ વિના લલિત વિસ્તરાનું સવિસ્તર વર્ણન શી રીતે જાણી શકાત ?

આ બધા ગુરુ ભગવંતોનો આપણા સૌ પર મહાન ઉપકાર છે.

ગુરુ મોક્ષના અવન્ધ્ય કારણ કહેવાયા છે. વન્ધ્ય એટલે વાંઝિયો. વાંઝિયા આંબામાં ફળ ન લાગે. ગુરુ આવા વન્ધ્ય નહિ, અવન્ધ્ય કારણ છે. અવશ્ય ફળ [કાર્ય] આપે તે અવન્ધ્ય કારણ કહેવાય. માટે જ **'गुरु-बहुमाणो मोक्खो ।'** કહેવાયું છે.

ગુરુ–સમાગમનો પ્રથમ જ પ્રસંગ યાદ કરો. જ્યારે તમને ગુરુએ સમજાવવા પ્રયત્ન કરેલો, તમને નિયમો લેવા સમજાવેલું. હું મારી પોતાની જ વાત કરું. આવા નિયમોથી જ મારો ધર્મમાં પ્રવેશ થયો.

ગુરુએ મીઠા વચનોથી બોલાવીને સમજાવીને બાધા ન આપી હોત તો આજે આ સ્ટેજ પર આપણે પહોંચ્યા હોત ?

કલ્યાણની પરંપરા ગુરુ દ્વારા જ ચાલે.

પુણ્ય ગુરુ - બહુમાન દ્વારા જ વધે.

ગુરુ તમને ભગવાન સાથે જોડી આપે. ભગવાન સાથે જોડાઈ જતાં જ તમારી કલ્યાણ પરંપરા અખંડ બની જાય.

જેટલા તીર્થંકરોએ પૂર્વના ત્રીજા ભવમાં તીર્થંકર નામકર્મની

નિકાચના કરી છે, તે સૌએ ગુરુનું આલંબન લીધું છે.

ભગવાન મહાવીર સ્વામીના સમયમાં જ જુઓને ! નવ જણ તીર્થંકર પદ માટે યોગ્ય ઘોષિત થયા. **જે ગુરુ મળ્યા છે તેની સેવા કરો. એમની યોગ્યતા જોવા પ્રયત્ન ન કરો. એ તમારું કામ નથી. કદાચ યોગ્યતા ઓછી હશે, જ્ઞાન ઓછું હશે તો પણ તમને વાંધો નહિ આવે. તમે એમનાથી વધુ જ્ઞાની અને વધુ યોગ્ય બની શકશો. ઉપા. યશોવિજયજી આનું ઉત્તમ ઉદાહરણ છે.**

ગુરુતત્ત્વ વિનિશ્ચયમાં તો મહાનિશીથનો પાઠ આપીને સ્પષ્ટ લખ્યું : ભગવાનના વિરહમાં ગુરુ જ ભગવાન છે. ગુરુ જ સર્વસ્વ છે.

ગુરુ ચંડરુદ્રાચાર્ય ક્રોધી હતા, છતાં ક્ષમાશીલ શિષ્યે કેવળજ્ઞાન મેળવી લીધું. ગૌતમસ્વામી પાસે કેવળજ્ઞાન ન્હોતું, છતાં ૫૦ હજાર શિષ્યોએ કેવળજ્ઞાન મેળવી લીધું.

આ ગુરુતત્ત્વનો પ્રભાવ છે.

અહીં વ્યક્તિ ગૌણ છે, તત્ત્વ મુખ્ય છે. વ્યક્તિમાં અયોગ્યતા હોય તો પણ કાયમ માટે થોડી રહે ? સોનાના કટોરામાં શરાબ ભરેલી હોય તો પણ સોનું સોનું જ છે. શરાબ કાયમ થોડી રહેવાની છે ? તમારામાં યોગ્યતા હોય તો ગુરુ પાસેથી તમે મેળવી જ લેશો.

સવાલ એ નથી કે ગુરુ કેવા છે ?

સવાલ એ છે કે તમે કેવા છો ? તમારું સમર્પણ કેવું છે ?

◆ વ્યાખ્યાનું સાતમું અંગ છે : અલ્પ ભવ.

લાંબા સંસારવાળો આત્મા આ ગ્રન્થ માટે તદ્દન અયોગ્ય છે. ચરમ પુદ્ગલાવર્તમાં પણ દ્વિર્બંધક, સકૃદ્બંધક કે અપુનર્બંધક જીવ જ આ માટે યોગ્ય છે, બીજા નહિ.

**દરિદ્ર અને દુર્ભાગી માણસને ચિંતામણિ ન મળે તેમ દીર્ઘ સંસારીને આવું ચૈત્યવંદન ન મળે.**

ચૈત્યવંદન તમને મળ્યું તેમાં તમારું કેટલું પુણ્ય છે તે વિચારજો.

હરિભદ્રસૂરિજી કહે છે : આ વાત હું નથી કહેતો, આગમના રહસ્યને જાણનારાઓએ આ વાત કહી છે.

❋



શ્રા. સુદ-૫

૪-૮-૨૦૦૦, શુક્રવાર

ધર્મ ગમે છે એનો અર્થ એ જ થાય : મારે ધર્મ જોઈએ છે.

◆ કોઈક આશંસાથી કરવામાં આવે તો આપણું અનુષ્ઠાન વિષ કે ગરલ બનશે. ગતાનુગતિકથી કરીશું તો અનનુષ્ઠાન બનશે, ભગવાનની આજ્ઞા સામે રાખીને કરીશું તો તદ્ધેતુ અને તન્મય બનીને કરીશું તો અમૃતાનુષ્ઠાન બનશે.

અનુષ્ઠાન તો કરીએ જ છીએ, પણ એ અનુષ્ઠાન કેવું બનાવવું છે? આ અનુષ્ઠાન ઝેર પણ બની શકે, અમૃત પણ બની શકે. આપણે કેવું બનાવવું છે ?

◆ નમુત્થુણંમાં પહેલી સ્તોતવ્ય સંપદા છે. સ્તોતવ્ય અરિહંત છે. અહીં કહ્યું : **નમોऽસ્તુ** । નમસ્કાર હો.

**નમોऽસ્તુ માં પણ રહસ્ય છે. રહસ્યદર્શીઓને જ આ સમજાય છે. નમસ્કાર હજુ થયો નથી, માટે જ હું કહું છું : નમસ્કાર હો! હું તો મૂઢ**

છું, અજ્ઞાન છું. હું કોણ નમસ્કાર કરનાર ? નમસ્કાર કરવાની મારામાં કઈ શક્તિ ?

◆ દ્રવ્યપ્રાણની ચિંતા કરીએ છીએ, પણ ભાવપ્રાણની કોઈ ચિંતા ખરી? દ્રવ્યપ્રાણ પણ આખરે ભાવપ્રાણના કારણે મળ્યા છે, છતાં તે [જ્ઞાન દર્શન આદિ] યાદ ન આવે તે આપણી કરુણતા નહિ?

જેટલી સંભાળ દ્રવ્યપ્રાણની રાખીએ તેટલી જ ભાવપ્રાણોની રાખીએ તો કામ થઈ જાય. મારામાં ભાવપ્રાણ છે. એની ખબર પણ અસંજ્ઞીને ન પડે. માટે જ ધર્મનો સાચો અધિકારી સંજ્ઞી પંચેન્દ્રિય છે.

આ ગ્રન્થો દ્વારા ભાવપ્રાણોની પુષ્ટિ થશે.

◆ ''નમસ્કાર કરું છું, નમસ્કાર કર્યો છે,'' એમ ન કહેતાં 'નમસ્કાર હો' એમ કહ્યું તેનું કારણ સ્વની અસમર્થતા દર્શાવવાનું છે. અસમર્થતા જાણીએ તે જ માંગવાનું મન થાય ને ? પુત્ર પિતા પાસે માંગે. ભક્ત ભગવાન પાસે માંગે.

ભક્તની આટલી જ માંગણી છે : પ્રભુ ! મારો એક જ ભાવ નમસ્કાર થઈ જાય તો કામ થઈ જાય ! માટે જ લખ્યું : **'दुरापो भावनमस्कारः ।'** મનુષ્ય જન્મની જેમ ભાવનમસ્કાર ખૂબ જ દુર્લભ છે.

આત્મામાં બીજાધાન થયું હોય તો જ ભાવ નમસ્કાર આવી શકે.

વિધિપૂર્વક ખેડૂત બીજની વાવણી કરે તો જ તે ફળ પામી શકે. ખેડૂત પહેલા ખેડે પછી વાવે. બીજ ન વાવે તો ઊગે ?

આપણા હૃદયમાં પણ ધર્મ-બીજની વાવણી ન થઈ હોય તો ફળ ન જ મળે. ધર્મીઓની પ્રશંસા તે જ ધર્મ-બીજની વાવણી છે. જીવનમાં ધર્મ ભલે ન હોય પણ તેની પ્રશંસા આવી ગઈ તો સાચો ધર્મ આવશે જ.

ભાવધર્મ હંમેશા પછી જ આવે છે. તે પહેલા તેની પ્રશંસા જ આવે છે. આપણને આજે આ ધર્મ મળ્યો છે, તેનું મૂળ કારણ પૂર્વમાં આપણે તેની પ્રશંસા કરેલી તે છે.

**પ્રશંસા કરવી એટલે તે ચીજ જીવનમાં લાવવાની ઈચ્છા કરવી. ખરેખર તો 'મને ગમે છે.' એનો અર્થ જ એ થાય : 'મને જોઈએ છે.' તમે કોઈ દાગીનાની પ્રશંસા કરો છો એનો અર્થ એ જ થાય કે મારે આવા દાગીના જોઈએ છે. કોઈનો બંગલો તમને ગમે છે, એનો અર્થ એટલો જ કે બંગલો તમને જોઈએ છે. ધર્મ ગમે છે એનો અર્થ એ જ થાય : મારે ધર્મ જોઈએ છે.**

ફળની આશાથી જ બીજ વવાય.

મુક્તિરૂપ ફળની આશાથી જ ધર્મની પ્રશંસા થાય.

અહીં પાલીતાણામાં ચોમાસું કેમ થયું ? પહેલા પાલીતાણામાં ચોમાસું કરવું ગમ્યું. ગમ્યું ન હોત તો થાત નહિ.

આજે તમે કેમ ભણેલા છો ? કારણકે પહેલા તમને ભણવાનું ગમેલું. આજે તમે પૈસાદાર કેમ છો ? કારણ કે પહેલા તમને પૈસા ગમેલા, પૈસાદાર થવું ગમેલું !

જે વસ્તુ ગમવા માંડે તે માટે જબરદસ્ત પુરુષાર્થ થવાનો જ.

ધર્મ ગમવા માંડે પછી સર્વ પ્રથમ તે કઈ રીતે મળે ? તેનું ચિંતન ચાલે. પછી ધર્મ-શ્રવણ થાય. પછી તેનું પાલન આવે. તેના ફળરૂપે દેવ-મનુષ્યરૂપ સદ્ગતિ મળે. આ જ ધર્મ-બીજના અંકૂર, થડ, ડાળ, ફૂલ વગેરે સમજવા.

આ બધા આનુષંગિક ફળ છે. મુખ્ય ફળ તો મોક્ષ જ છે. ખેડૂતને મન મુખ્ય ફળ ધાન્ય છે, ઘાસ નહિ.

ધર્મીને મન મુખ્ય ફળ મોક્ષ છે, સ્વર્ગાદિ નહિ. માટે જ પ્રધાન ફળરૂપ લક્ષ્ય કદી ચૂકાવું ન જોઈએ.

**ધર્મનું ચરમ અને પરમ ફળ કેવળ પરમ-પદ છે, એ કદી ન ભૂલાવું જોઈએ. વિહારોમાં જેમ અમુક ગામ આદિ લક્ષ હોય તો રસ્તામાં ગમે તેટલી વિનંતિઓ થાય, આકર્ષણો આવે છતાં રોકાતા નથી, તેમ અહીં પણ પરમ પદ સિવાય ક્યાંય રોકાવાનું નથી.**

માર્ગ એ માર્ગ જ કહેવાય; ભલે ગમે તેટલું આકર્ષણ હોય. માટે જ શાણો માણસ મંઝિલ પ્રાપ્ત કર્યા સિવાય વચ્ચે ક્યાંય રોકાતો નથી.

આપણી મંઝિલ આત્મઘર છે, પરમ-પદ છે. આ સંસાર તો માર્ગ છે, સ્ટેશન છે. તમારી ભાષામાં કહું તો સાસરું છે. સાસરામાં મહેમાનગતીથી આકર્ષાઈ જઈને તમે વધુ રોકાઈ જવા ચાહો તો શા હાલ થાય ?

**"सासरा सुख वासरा,**

**दो दिनका आसरा;**

**ज्यादा रहेगा वह,**

**खायेगा खासड़ा."**

આ સંસારમાં જો વધુ વખત રહ્યા, બે હજાર સાગરોપમ સુધીમાં મોક્ષે ન ગયા, [કારણકે ત્રસકાયની સ્થિતિ બે હજાર સાગરોપમથી વધુ નથી.] તો આ સંસારમાં ખાસડા જ ખાવાના છે.

આ બધી વાત અહીં સાંભળો છો, પણ મુકામે જતાં જ ભૂલી જાવ છો. બધું ગુરુ પર નાખી દો છો. તમે તમારા જ આત્માની ચિંતા ન કરો તો બીજું કોણ કરવાનું ? મન-વચન-કાયાની ચોકી આપણે નહિ કરીએ તો કોણ કરશે ?

ભગવાન માર્ગ બતાવે,

ગુરુ પ્રેરણા આપે,

પણ ચાલવું તો આપણે જ પડશે ને ? નિમિત્ત કારણ ગમે તેટલું પુષ્ટ હોય પણ ઉપાદાન તૈયાર જ ન હોય તો શું થઈ શકે ?

**ભગવાન તો રાહ જોઈ રહ્યા છે : ક્યારે આ જીવો મારી પાસે આવે. પણ આપણને જ ક્યાં ઉતાવળ છે ?** સમ્યગ્-દર્શન દ્વારા આત્માનુભૂતિની ઝલક મેળવી છે ? ન મેળવી હોય તો નિરાંતે શી રીતે બેસી શકાય ? એકવાર એ ઝલક મેળવી હોય તો સંસાર આકર્ષી શકે ?

મંઝિલ ન મળે ત્યાં સુધી મુસાફર અટકતો નથી.

ધાન્ય ન મળે ત્યાં સુધી ખેડૂત અટકતો નથી.

તો પરમપદ ન મળે ત્યાં સુધી આપણાથી કેમ અટકાય ?

ઘાસથી ખેડૂત સંતોષ ન માને તો ભૌતિકતાથી આપણે શી

રીતે સંતોષ માની શકીએ ?

બીજું કાંઈ નહિ તો ધર્મની સાચી પ્રશંસાથી પ્રારંભ તો કરીએ. કે અહીં જ ગરબડ છે ?

ભાવ નમસ્કાર સમ્યગ્-દર્શન સૂચિત કરે છે. એના પહેલા અપુનર્બંધકાદિમાં પ્રશંસા જોવા મળશે. પ્રશંસા હંમેશા ગુણીની, ધર્મીની થશે. કારણ કે ગુણ કે ધર્મ ગુણી કે ધર્મી સિવાય બીજે ક્યાંય જોવા નહિ મળે.

બીજાના ધર્મની પ્રશંસાનો અર્થ એ થયો કે એ ધર્મ મારામાં પણ આવે એવી ઈચ્છા થઈ. બીજાનું ભોજન સારું લાગ્યું એનો અર્થ એ થયો કે મારે ઘેર રોજ આવું ભોજન બનાવીને ખાવાનું મન થયું.

◆ **નમોઽસ્તુ** । અહીં ઈચ્છાયોગ છે. મારામાં ભાવ નમસ્કાર કરવાની શક્તિ નથી, પણ ઈચ્છા જરૂર છે. મને ક્યારે આવો નમસ્કાર મળે ? આ ઈચ્છાયોગ છે.

ઈચ્છા થઈ એ પણ મોટી વાત છે. ધર્મની ઈચ્છા કરનારને પણ અનુભવીઓ ધન્યવાદ આપે છે.

''ધન્ય તું આતમા જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે.''

—પૂ. આનંદઘનજી.

તને શાન્તિની ચાહના થઈ ? તને આવી પ્રસન્નતા મેળવવાની ઈચ્છા થઈ ? ધન્યવાદ છે તને ! અધન્યને આવી ઈચ્છા પણ થતી નથી.

**તને ખાવાની ઈચ્છા થઈ ? હવે તારો રોગ ગયો. રોગમાં ખાવાની ઈચ્છા થતી નથી. સંસાર-રોગની તીવ્રતામાં ધર્મની ઈચ્છા પણ થતી નથી. વિષય-અભિલાષાનો અતિરેક કદી ધર્મ તરફ ગતિ કરવા દેતો નથી.**

જે ખાવા-પીવામાંથી ઊંચા નથી આવતા તે પશુઓ ધર્મ નહિ કરી શકે. કારણ કે પ્રાથમિક ઈચ્છા જ એમની પૂરી થઈ નથી. વિષય-કષાયની તીવ્રતા જેમનામાં પડેલી છે, તે ધર્મની ઈચ્છા નહિ કરી શકે. કારણ કે હજુ એની ચેતના અંધકારમાં ભટકી રહી છે.

એની ચેતના હજુ ઘણા નિમ્ન સ્તરની છે. એને શિખરની કલ્પના ક્યાંથી આવે ? એને પરમનો પ્રકાશ ક્યાંથી ગમે ? એ તો અંધકારમાં અથડાઈ રહી છે. અંધકારચારી ઘૂવડને પ્રકાશ ન ગમે તેમ ભવાભિનંદીને ધર્મ ન ગમે. આવો માણસ વિષય-કષાયની ડગલે-પગલે પ્રશંસા કર્યા જ કરે.

પોલિસી [માયા] વિના તો ચાલે જ નહિ.

લોભ વિના થોડું કમાઈ શકાય ?

ક્રોધ વગર બીજા પર થોડો કન્ટ્રોલ રહેશે ?

માન વગર તેજ કેવું ?

આ જ એની વિચારધારા ! એને કષાયો ખૂબ જ ગમે. કષાયો ગમવા એટલે જ સંસાર ગમવો. કષાય જ સંસારનું મૂળ છે.

કષાયો ગમતા હોય તો હવે એટલું કરો :

ક્રોધ કરવો હોય તો ક્રોધ પર જ કરો.

અભિમાન આત્મગુણોનો કરો.

માયાની સાથે જ માયા કરો.

જ્ઞાનાદિનો લોભ રાખો.

કામ થઈ જશે.

આ પ્રશસ્ત કષાયો છે.

અપ્રશસ્ત કષાયો પ્રશસ્ત કષાયોથી જ જીતી શકાય.

*"કહે, કલાપૂર્ણસૂરિ" "કહ્યું કલાપૂર્ણસૂરિએ" નામના પુસ્તક મળ્યાં છે. લખાણ ઘણું જ સારું છે. ખૂબ જ ઉપયોગી પુસ્તકો છે. શ્રુતજ્ઞાનની આરાધનામાં આપની અપ્રમત્તતા અનુમોદનીય છે. આપે એમાં ખૂબ જ પ્રયાસ કરેલ છે. શાસન-દેવ આપને આવા કાર્યોમાં ખૂબ ખૂબ શક્તિ આપે. વાંચવામાં સર્વ સમજી શકે તેવા સરળ તત્ત્વદર્શી અને ગમે તેવા આપના પુસ્તકો છે.*

*-મુનિ હિતવર્ધનસાગર,*

*મોટા કાંડાગરા, કચ્છ*



ધર્મ સતત, વિધિપૂર્વક અને
આદરપૂર્વક થતો જોઈએ.

શ્રા. સુદ-૬

૫-૮-૨૦૦૦, શનિવાર

◆ 'મુક્તિના માર્ગમાં પ્રભુ સિવાય કોઈ સહાયક નથી.' એ વાતની દઢ પ્રતીતિ જ પ્રભુ પર અનન્ય પ્રેમભાવ અને ભક્તિભાવ પેદા કરાવે છે.

ભગવાન માત્ર ધર્મનું પ્રતિપાદન કરીને રહી નથી જતા, પણ સાધનાય કરાવે છે. પ્રારંભથી લઈને ઠેઠ શૈલેશીકરણ સુધી ભગવાન સહાયક બને છે.

બીજ ખેતરમાં પોતાની મેળે નથી પડતું, ખેડૂત વાવે છે. ધર્મબીજ પણ આપણામાં ભગવાન દ્વારા પડે છે, એ સમજાય છે ? ચતુર્વિધ સંઘના કોઈ સભ્ય દ્વારા જ ધર્મનું બીજ પડે, આ ચતુર્વિધ સંઘના સ્થાપક ભગવાન છે, એમ તો આપણે સ્વીકારીશુંને ?

અષ્ટ પ્રાતિહાર્યો, ૩૪ વાણી-ગુણો આદિ ધર્મનું જ ફળ છે. ધર્મને

ભગવાને સિદ્ધ કર્યો છે. એવો સિદ્ધ કર્યો છે કે ધર્મ એમને છોડીને ક્યાંય જઈ જ ન શકે.

◆ ધર્મનો પ્રભાવ દેખાય છે ? અત્યારે કોલેરાનું વાતાવરણ થોડો સમય ચાલ્યું.

રાજનાંદગાંવમાં ૧૩ વર્ષનો છોકરો બહાર ફરવા ગયેલો. ગંદી વસ્તીમાં જવાથી કોલેરા લાગુ પડ્યો. તે વખતે કોઈ આવા ઉપચાર હતા નહિ. નિરંતર ઝાડા-ઉલ્ટી થવાથી એ છોકરો મરી ગયો.

એ વખતે કોઈ નિષ્ણાત ડૉ. મળી જાય તો ? અત્યારે આટલા કેસો બન્યા, પણ બધા બચી ગયાને ? આ ડૉક્ટરનો ઉપકાર છે.

ભગવાન પણ આ રીતે આપણા પર સતત ઉપકાર કરતા રહે છે પણ ભગવાનનો ઉપકાર નથી સમજાતો. આ જ તકલીફ છે.

ભગવાનનું આ જ કામ છે : માંદાની માવજત કરવી.

આપણે માંદા છીએ. ભગવાન ધન્વંતરિ વૈદ છે. મુશ્કેલી એ છે કે આપણને આપણી જ માંદગી સમજાતી નથી.

**બધા વક્તાની એ જવાબદારી છે : શ્રોતાઓને ભગવાન અને ધર્મનો ઉપકાર ઠસાવવો. એમના હૃદયમાં અહોભાવ ઊભો કરવો. આટલું થઈ જાય તો બીજું કામ ઘણું સરળ બની રહેશે.**

◆ ધર્મ સતત વિધિપૂર્વક અને આદરપૂર્વક થવો જોઈએ. આવો ધર્મ થતો રહે તો દુરંત સંસારનો પણ અંત આવી શકે.

◆ ખરો સંસાર અંદર છે. જન્મ-મરણાદિ તો બાહ્ય ફળ છે. એને પેદા કરનાર કર્મ છે, સહજમળ છે. મુખ્ય ઘા એના પર પડવો જોઈએ. ડાળી, પાંખડા પર નહિ, મૂળ પર ઘા પડવો જોઈએ.

◆ અહીં પ્રશ્ન થાય : ભાવ નમસ્કાર માટે જ આ ધર્મ છે. તો ભાવ નમસ્કાર જેને મળી ગયો છે એને તો નમસ્કારની જરૂર નથી. એ તો કૃતકૃત્ય થઈ ગયા. કદાચ એ આ પાઠ બોલે તો પણ મૃષાવાદ ગણાશે. જે સિદ્ધ થઈ ગયું છે તેને ફરી સિદ્ધ કરવાની શી જરૂર ?

ઉત્તર : તમે હજુ તત્ત્વનું પરિજ્ઞાન પામ્યા નથી. ભાવનમસ્કારમાં પણ તરતમતા છે જ. ભાવનમસ્કારવાળાને પણ હજુ વધુ ઉત્કર્ષ

પ્રાપ્ત કરવાનો હોય જ છે.

**જે ભૂમિકા પર રહેલા હોઈએ ત્યાં સ્થિર રહીને આગળની ભૂમિકાને મેળવવા પ્રયત્ન કરવો જ જોઈએ. ન કરીએ તો જ્યાં છીએ ત્યાં પણ સ્થિર ન રહી શકીએ. કોઈ પગથીઆમાં વચ્ચે ઊભા રહીને જોઈ લો. ચાલનારા કહેશે : ભાઈ ! તમે વચ્ચે કેમ ઊભા છો ? કાં તો નીચે જાવ. કાં ઉપર. વચ્ચે ન ઊભો. આપણે પણ વચ્ચે ઊભા ન રહી શકીએ. ઉપર જવાનો પ્રયત્ન ન કરીએ ત્યારે પોતાની મેળે નીચે આવી જઈએ.**

આગળની ભૂમિકા મેળવવાની ઈચ્છા ન હોય તો વિદ્યમાન ભૂમિકા પણ ટકી શકે નહિ.

**◆"गुणवद्-बहुमानादे र्नित्यस्मृत्या च सत्क्रिया ।**
**जातं न पातयेद्भावमजातं जनयेदपि ।।"**

—જ્ઞાનસાર

ગુણવંતના બહુમાન આદિથી, નિત્ય સ્મરણથી, શુભક્રિયા, ઉત્પન્ન થયેલા ભાવને જવા ન દે ને ન થયેલા ભાવને પેદા કરે. માટે જ ગુણની વૃદ્ધિ માટે દરરોજ આ ક્રિયા કરવી જોઈએ.

કેટલાય સાધકો ૧૨ – ૫૦ – ૧૦૦ – ૧૦૦૦ લોગસ્સના કાઉસ્સગ્ગ સુધી પહોંચે છે તે આ માટે જ.

હું ઊંચી કક્ષામાં પહોંચી ગયો છું, મારે કોઈ બાહ્ય ક્રિયાદિની જરૂર નથી, એવું માનીને કદી ક્રિયાકાંડનો ત્યાગ નહિ કરતા. એક સમાન ભાવ તો માત્ર કેવળી ભગવાનનો જ રહે છે. આપણે કેવળી ભગવાન બન્યા નથી.

[હાથ લાગતાં ચોપડી પડી ગઈ.]

જોયું ? જરા ધ્યાન ન રાખીએ તો આ ચોપડી કેવી પડી ગઈ? આપણા ભાવો આવા છે. માટે જ સતત સાવધાનીની જરૂર છે.

પ્રારંભમાં ગુરુ તમને પ્રેરણા આપે.

પછી ગુરુ દ્વારા મળેલો વિવેક તમને સતત પ્રેરણા આપતો જ રહે. તમારી અંદર પેદા થયેલો વિવેક જ તમારો ગુરુ બની શકે.

ઉપમિતિમાં આ જ વાત સમજાવી છે : ગુરુની ગેરહાજરીમાં

પેલો ભીખારી વારંવાર ગંદું અનાજ ખાઈ લે છે ત્યારે પેલો વિનવણી કરે છે : ગુરુદેવ ! કાંઈક એવું કરો, કોઈ એવી પરિચારિકા આપો જેથી તે મને ગંદું ખાતા અટકાવે.

ગુરુની તદ્દયા [કરુણા] એ તેને સદ્બુદ્ધિ નામની દાસી આપી, જે એને મલિન અનાજથી અટકાવવા લાગી.

આ જ વિવેક છે.

◆ ''ભગવન્ ! આપ મોક્ષમાં ગયા છો, છતાં નાથ કહેવાઓ છો. યોગ-ક્ષેમ તો કરતા દેખાતા નથી, પછી નાથ શી રીતે ?'' આવો પ્રશ્ન પૂ. દેવચન્દ્રજીએ ૭મા ભગવાનના સ્તવનમાં ઊઠાવ્યો છે.

વીતરાગતા હોય ત્યાં કરુણા શી રીતે હોય ? આવા પ્રશ્નો આપણને ઊઠે, પણ સમજી લો : ભગવાન ચમત્કારના ભંડાર છે. ભગવાનમાં કૃપાલુતા છે તેમ કઠોરતા પણ છે. નિર્ગ્રન્થતા છે તેમ ચક્રવર્તિપણું પણ છે. આવા એક - બે નહિ, અનંતા વિરોધી ધર્મો ભગવાનમાં રહી શકે, એ વાત સ્યાદ્વાદ-જ્ઞાતાઓને સમજાવવી ન પડે. ભગવાન કૃપાળુ છે, જગતના જીવો પર.

ભગવાન કઠોર છે, કર્મો પર.

અલગ-અલગ અપેક્ષાએ પરસ્પર વિરોધી ધર્મો પણ એક વસ્તુમાં ઘટી શકે.

પૂ. આનંદઘનજી મ. નું પેલું ''શીતલ જિનપતિ લલિત ત્રિભંગી'' સ્તવન પરસ્પર વિરોધી ગુણધર્મોને કહેનારું છે.

પૂ. દેવચન્દ્રનો મઝાનો પ્રશ્ન છે : સંરક્ષણ વિના આપ નાથ છો. ધન વિના આપ ઈશ્વર છો, ધનવંત છો. ''સંરક્ષણ વિણ નાથ હો, દ્રવ્ય વિણ ધનવંત હો.''

પાણી વાપરતાં આ પંક્તિ હમણા જ મને યાદ આવી. વારંવાર ઘુંટેલી આ પંક્તિઓ ભૂલાય શી રીતે ? માટે જ વારંવાર કહું છું : આ ત્રણ ચોવીશીઓ ખાસ કંઠસ્થ કરજો.

**અપ્રાપ્ત ગુણોને મેળવી આપનાર અને પ્રાપ્ત ગુણોની રક્ષા કરનાર ભગવાન નાથ છે. આપણામાં ગુણો ન આવતા હોય તો**

**સમજી લેવું : એ ભગવાનને આપણે નાથ તરીકે સ્વીકાર્યા નથી. ભગવાનની રજા વિના એકેય ગુણ આવી શકતો નથી. ભગવાનની ગુણો પર અનન્ય માલિકી છે. મારી આ વાતનું ખંડન કરી જુઓ. મારી મદદે સિદ્ધર્ષિ ગણિનું પેલું વચન આવે છે : એક પણ શુભભાવ ભગવાનની કૃપા વિના મળતો નથી. શુભ ભાવથી જ ગુણ મળે છે. શુભ ભાવ ભગવાનની કૃપાથી મળે છે. માટે જ ગુણો પર ભગવાનની માલિકી છે, એમ કહું છું.**

આજે સવારે વંદન વખતે પચ્ચક્ખાણ ન આપી શક્યો. શંકા હતીઃ આજે કદાચ વાચના નહિ આપી શકું. પણ ભગવાન બેઠા છે ને ? એમણે મને તૈયાર કરી દીધો. હું શી રીતે ભગવાનને ભૂલું ? બહુ જ નાનપણમાં હું પણ ભગવાનને આ રીતે ન્હોતો જાણતો. પણ આજે જાણું છું, પળે-પળે ભગવાન યાદ આવે, એવી ભૂમિકાએ ભગવાને જ પહોંચાડ્યો. એ ભગવાન મારાથી શી રીતે ભૂલાય ?

ગુરુ દ્વારા, પુસ્તક દ્વારા, કોઈ ઘટના દ્વારા કે ગમે તે દ્વારા તમારા જીવનમાં ગુણો આવે તે આખરે ભગવાન દ્વારા જ આવે છે. મુખ્ય ધારા એક જ છે. જ્યાં ક્યાંય પણ વેરાયેલું છે, તે ભગવાનનું જ છે, એટલું માનતા થઈ જાવ તો કામ થઈ જાય.

*"કહે, કલાપૂર્ણસૂરિ" પુસ્તક મળ્યું. પૂજ્યશ્રીના કોહિનૂર હીરા જેવી રત્ન-કર્ણિકાઓને શબ્દોના દોરમાં બાંધી, એક નવલખા હાર જેવી અદ્‌ભુત રચના આપી ખૂબ ખૂબ ઉપકાર ચતુર્વિધ-સંઘ પર કર્યો છે. જીભ બોલે, હૃદય બોલે એવા શબ્દો ઘણી વાર મલ્યા છે, પરંતુ અનુભવ બોલતો હોય એવા તાકાતવર શબ્દો તો ક્યારેક જ મળે છે. એવા શબ્દો પહોંચાડ્યાની કૃતજ્ઞતા હૃદયપૂર્વક વ્યક્ત કરું છું.*

*"કહ્યું કલાપૂર્ણસૂરિએ" પુસ્તક હમણાં ભૂપતભાઈએ આપ્યું છે.*

*આવી શ્રેણિ બહાર પડે અને શબ્દે-શબ્દ સચવાય એવી શુભાભિલાષા.*

*-સંયમબોધિવિજય, ઘાટકોપર, મુંબઈ*



'દેવ-ગુરુ-પસાય' કહેવું એટલે ભગવાન અને ગુરુની શક્તિનો સ્વીકાર કરવો.

*શ્રા. સુદ-૭*

*૬-૮-૨૦૦૦, રવિવાર*

*સાત ચોવીશી મંડપ*

[સામૂહિક શંખેશ્વર અટ્ઠમનો પ્રારંભ-

શત્રુંજય તપનો પ્રારંભ...]

[**'ॐ ह्रीं श्रीं अर्हं शंङ्खेश्वर पार्श्वनाथाय नमः।'** ની પાંચ માળા સામુદાયિક રૂપે બોલાવાઈ.]

**પૂજ્ય આચાર્ય શ્રી વિજય કલાપૂર્ણસૂરિજી :**

◆ પાલીતાણા ચાતુર્માસમાં રહેલો ચતુર્વિધ સંઘ એકઠો થયો છે. નિર્વિઘ્ને આરાધના થાય તે માટે સામૂહિકરૂપે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો જાપ કરી રહ્યા છીએ.

◆ ત્રણેય [ચતુર્વિધ સંઘ, દ્વાદશાંગી, પ્રથમ ગણધર] પ્રકારના તીર્થની સ્થાપના કરનાર તીર્થંકર છે. પ્રથમ ગણધર પણ તીર્થ છે. એટલે

ગુરુત્વની સ્થાપના સ્વયં તીર્થંકર દ્વારા થઈ છે.

ભગવાન ગણધરોના ગુરુ થયા ને ? એટલે જ ભગવાન, ભગવાન પણ છે ને ગુરુ પણ છે.

'સ્થાપના' એટલે પોતાની શક્તિનો ન્યાસ કરવો. અજૈનોમાં શક્તિપાત શબ્દ પ્રસિદ્ધ છે. પાત એટલે પતન. અહીં સ્થાપના શબ્દ છે. ભગવાનની શક્તિની સ્થાપના ચતુર્વિધ સંઘ, દ્વાદશાંગી અને પ્રથમ ગણધરમાં થયેલી છે, એ સમજાય છે ? એક આદિનાથ ભગવાનની આ શક્તિ [તીર્થમાં મૂકેલી શક્તિ] ૫૦ લાખ ક્રોડ સાગરોપમ-અર્ધા ચોથા આરા-સુધી ચાલી.

આ શક્તિ આજે પણ કામ કરે છે માટે જ તો આપણે 'દેવ-ગુરુ પસાય' શબ્દનો પ્રયોગ પુનઃ પુનઃ કરતા હોઈએ છીએ. **'દેવ ગુરુ પસાય' કહેવું એટલે ભગવાન અને ગુરુની શક્તિનો સ્વીકાર કરવો.**

આપણી ઉપાદાન-શક્તિનો ઉઘાડ પુષ્ટ નિમિત્ત ભગવાન દ્વારા જ થઈ શકે, એટલું તો સ્વીકારવું જ પડશે. દેવ-ગુરુની કૃપાથી જ મુક્તિનો માર્ગ મળશે.

અત્યારે ભલે સાક્ષાત્ ભગવાન નથી, પણ નામાદિ ત્રણ તો છે જ. આ વાત ગુરુ દ્વારા જાણવા મળે છે. માટે જ ગુરુની આરાધનાથી મોક્ષ મળે, '**गुरु बहुमाणो मोक्खो** ।' એમ કહેવાયું છે.

**ગુરુ પર ભક્તિ બહુમાનવાળો અવશ્ય મોક્ષે જવાનો. એટલે તે સાધના વગર જ મોક્ષે જાય એમ નહિ માનતા. ગુરુનું બહુમાન એની પાસેથી સાધના કરાવશે જ. એ જ ગુરુ-બહુમાન કહેવાય. ગુરુ બહુમાન કદી નિષ્ક્રિય ન હોય. એ સાધના કરાવે જ.**

◆ પૂ. આનંદઘનજીએ ભગવાનને 'મુક્તિ પરમ-પદ સાથ' કહ્યા છે. પરમ-પદ ન મળે ત્યાં સુધી ભગવાન સાથે રહે છે. ભક્તની જીવન-નૈયા મોહના તોફાનથી ભલે હાલક-ડોલક થાય, પણ ડૂબતી નથી. કારણ કે ભગવાન સાથે છે.

◆ ગુરુ ભક્તિના પ્રભાવથી આ કાળમાં પણ સમાપત્તિ દ્વારા ભગવાનના દર્શન થઈ શકે છે – એમ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં લખ્યું છે.

એની પ્રતીતિ આનંદ દ્વારા થાય. **ભગવાનના દર્શન થતાં જ યોગીના હૃદયમાં આનંદની લહરીઓ પ્રગટે. એ આનંદ જ કહી આપે : ભગવાન મળી ગયા છે.**

સાધનામાં કચાશ છે માટે જ ભગવાનના દર્શન નથી થતા.

◆ ભગવાનના દર્શન કરાવી આપનાર આવા ગુરુ હશે ત્યાં સુધી જૈન શાસનની જાહોજલાલી રહેવાની. આવા ગુરુ પોતાનો નહિ, પણ ભગવાનનો મહિમા લોક-હૃદયમાં પ્રતિષ્ઠિત કરે.

ભક્ત 'મેં કર્યું' એમ નહિ કહે, 'ભગવાનની કૃપાથી થયું' એમ જ કહેશે. 'દેવ-ગુરુ પસાયથી થયું' એમ જ કહેશે. કહેવા ખાતર નહિ, પણ હૃદયથી જ કહેશે. આ જ વસ્તુ અહંકાર-નાશક છે.

યોગશાસ્ત્રના અનુભવ-પ્રકાશ નામના ૧૨મા પ્રકાશમાં લખ્યું છે: ગુરુકૃપાના પ્રભાવથી યોગી એવી સ્થિતિએ પહોંચે છે, જ્યારે તેને મોક્ષની પણ પરવા નથી હોતી, તે '**मोक्षोऽस्तु वा माऽस्तु**' એવું કહી શકે છે.

◆ હું તો આટલી વિશાળ સભાના દરેક સભ્યના હૃદયમાં ભગવાન અને ગુરુ પ્રત્યે હૃદયમાં રહેલું બહુમાન જોઈ રહ્યો છું.

◆ આ સંઘ જયવંત વર્તે છે, જેના પ્રભાવથી સાધુ-સાધ્વી આદિને કદી આહાર-વસ્ત્ર આદિ અંગે ચિંતા કરવાની નથી રહેતી.

જે સંઘ આપણા માટે [સાધુ-સાધ્વીજી માટે] આટલું કરતો હોય તે સંઘ માટે કશુંક કરવાની જવાબદારી અમારી છે.

અમને પણ આ પાટે બેસાડનાર ગુરુ ભગવંત જ છે. જો એમણે અમને ન બેસાડ્યા હોત તો અમે પણ તમારી જેમ રખડતા જ રહ્યા હોત.

**'ગુરુ તો જિન છે, કેવળી છે, ભગવાન છે.' એમ મહાનિશીથમાં વાંચ્યું ત્યારે હું નાચી ઊઠ્યો. ગુરુ તત્ત્વનું કેટલું સન્માન !**

સિદ્ધચક્રમાં ભગવાન માટેના બે જ, પણ ગુરુ માટેના ત્રણ પદો છે.

આમાં ભગવાનનું મહત્ત્વ નથી ઘટતું, ભગવાન ખુદ જ કહે છે: જે ગુરુનું માને છે, તે મારું માને છે.

આવા ગુરુની ભક્તિ કરશો તો મુક્તિ દૂર નથી.

ગુરુની ભક્તિ કદાચ ન થઈ શકે તો પણ આશાતના તો નહિ જ કરતા. ગુરુવંદન ભાષ્ય ભણશો તો ગુરુની આશાતના ખ્યાલમાં આવશે.

**પૂજ્ય આચાર્ય હેમચન્દ્રસાગરસૂરિજી :**

અધ્યાત્મયોગી પૂ. આચાર્યશ્રીએ અત્યારે પ્રવચનમાં ગુરુતત્ત્વની મહત્તા બતાવી.

ઉમાસ્વાતિજીએ સમ્યગ્-દર્શન, સમ્યગ્-જ્ઞાન, સમ્યક્-ચારિત્રમાં મોક્ષમાર્ગ બતાવ્યો છે.

પૂજ્યશ્રીએ તો ટૂંકું - ટચ કહીને મોક્ષનો માર્ગ બતાવી દીધો.

'**गुरु - बहुमाणो मोक्खो** ।' પંચસૂત્રની આ પંક્તિ દ્વારા જણાવી દીધું. ગુરુ વિના કોઈ ભગવાન મેળવી શકે નહિ.

જે ગુરુને માને છે તે જ મને માને છે

જે ગુરુને નથી માનતો તે મને પણ નથી માનતો, એમ સ્વયં ભગવાન કહે છે.

આ સિદ્ધાચલમાં તો આટલા બધા ગુરુપુંગવોના દર્શનથી આપણે સૌ ન્યાલ થઈ ગયા છીએ.

કલ્પસૂત્રમાં લખ્યું છે :'**नयणसहस्सेहिं पेहिज्जमाणे पेहिज्जमाणे** ।'

હજારો આંખોમાંથી જોવાતા ભગવાન.

અહીં પણ હજારો આંખો ધન્ય છે, જે ગુરુ ભગવંતને જોઈ રહી છે.

◆ રોગ-ઉપદ્રવને દૂર કરવા અત્યારે શંખેશ્વર પાર્શ્વનાથનો સામૂહિક જાપ થઈ રહ્યો છે.

નામ લેતાં જ ભગવાન તમારી સામે આવશે. હમણાં જ તમે આંખ બંધ કરો ને હું નામ લઉં : શંખેશ્વર પાર્શ્વનાથ. તમને એ દેખાશેને ?

એટલે જ કહ્યું છે : 'નામ ગ્રહંતા આવી મિલે, મન ભીતર ભગવાન.'

પ્રશ્ન થઈ શકે : અહીં આદિનાથજીની નિશ્રામાં શંખેશ્વર પાર્શ્વનાથજી શા માટે ?

જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવી દેવા. આ કહેવત સાંભળી છે ને ? **વિઘ્ન નિવારણ માટે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ઉત્કૃષ્ટ મનાયા છે.**

સાક્ષાત્ નેમિનાથ ભગવાને સ્વયં પણ જરાના નિવારણ માટે પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિના સ્નાત્ર-જળનો ઉપયોગ કરવાનું કહેલું.

'હું બેઠો છું ને ? ઝુકાવ માથું. તારું કામ સિધ્ધ થઈ જશે.' એમ નેમિનાથ ભગવાને નથી કહ્યું. વિઘ્ન દૂર કરવાની મોનોપોલી માત્ર શંખેશ્વર પાર્શ્વનાથમાં છે.

◆ અર્જુન : *'હે કૃષ્ણ ! તમે ભક્તને શી રીતે સહાય કરો છો ?*

શ્રી કૃષ્ણ : **ये मां यथा प्रपद्यन्ते. तांस्तथैव भजाम्यहम् ।'**

— ગીતા.

'જે રીતે મને જે સ્વીકારે તે રીતે હું તેને સહાય કરું.'

માનવ, દેવ, રાજા કે ભગવાન જે રીતે ભક્ત સ્વીકારે તે રીતે તેને સહાય કરું.

શંખેશ્વર પાર્શ્વનાથજી માટે આપણો એંગલ કેવો ? કે વિશ્વાસ જ નથી ?

ભિખારી અને ઉદ્યોગપતિ બન્ને મંદિરમાં ગયા : બન્નેએ એક સરખી પ્રાર્થના કરી : "પ્રભુ ! હવે તો કામ કરવું જ પડશે. પંદર દિવસથી પ્રાર્થના કરું છું." મંદિરમાંથી નીકળ્યા પછી ભીખારીએ ભીખ માંગવાનું શરૂ કર્યું. ને પેલો ગાડીમાં રવાનો થયો. ભીખારીને પચાસ રૂપિયાની નોટ મળતાં તે રાજીરેડ થઈ ગયો : ખરેખર ભગવાને મારી વાત સાંભળી. પેલા ઉદ્યોગપતિનો માલ, જે કોઈ લેતું ન્હોતું, તેને લેનારો મળી ગયો. રૂપિયા પાંચ લાખનો નફો થયો.

બન્નેની સમાન પ્રાર્થના છતાં એકને ૫૦ રૂ. અને બીજાને પાંચ લાખ મળ્યા. ભેદ ભગવાનનો નથી, પણ ભક્તના મનનો છે.

પ્રભુ એ જ, પણ તમે એમને કયા એંગલથી સ્વીકારો છો, એ

જ મહત્ત્વનું છે.

અત્યારે જાપ પૂરો થાય ને કૃપા વરસે જ એવી શ્રદ્ધા હોવી જોઈએ. પલાંઠી વાળીને કમ્મર સીધી રાખીને બધા બેસી જાવ.

શંખેશ્વર પાર્શ્વનાથનો જાપ કરાવનાર પૂ. નવરત્નસાગરસૂરિજી શંખેશ્વર – પાર્શ્વનાથના ઉત્કૃષ્ટ ભક્ત છે. એમના મુખેથી પ્રભુ-નામ શ્રવણ મળે ક્યાંથી ?

[સામુદાયિક જાપ પુન : શરૂ]

**પૂજ્ય મુનિ શ્રી ધુરંધરવિજયજી :**

પૂ. કલાપૂર્ણસૂરિજી બેઠા છે ત્યાં સુધી કોઈએ ઊઠવાનું નથી. આજ્ઞા-પાલન પૂ. સાધ્વીજી ભગવંતોએ પણ કરવાનું છે.

આ મંત્ર-જાપ માત્ર સાંભળવાનો નથી, બોલવાનો પણ છે. બોલવાથી જ આપણા મુખ આદિ પવિત્ર બનશે.

બધા જ બોલજો. પૂ. આ. શ્રી ની ફરીયાદ છે : હજુ જોઈએ તેવો અવાજ આવતો નથી.

[જાપની વચ્ચે]

**પૂ. નવરત્નસાગરસૂરિજી :** એક પ્રસંગ કહું.

એક કુંભાર ભગવાનનો પૂજારી બની ગયો, કાંઈ આવડે નહિ, છતાં મહાવરાથી સુંદર આંગી બનાવતાં શીખી ગયો. નામ રામજી. શંખેશ્વરનો પૂજારી. તે રોજ મારી પાસે આવે. તેણે એક વખત કહ્યું : પત્નીને ગળામાં ગાંઠો થઈ. મહિને હજાર રૂપિયાની દવા. ક્યાંથી લાવવા રૂપિયા ? ૭૦૦ રૂપિયાનો જ પગાર.

મેં શંખેશ્વર પાર્શ્વનાથજીને પત્ર લખ્યો : 'પ્રભુ ! આપના પર આધાર છે. આપને જે કરવું હોય તે કરજો.'

બીજે જ દિવસે ગાંઠો ગાયબ !

આજે પણ એ રામજી પૂજારી, પત્ની, બાળકો વગેરે વિદ્યમાન છે. આ પ્રત્યક્ષ પ્રભાવી પાર્શ્વનાથ ભગવાનના જાપમાં કોઈ કચાશ રાખશો નહિ.

**પૂજ્ય મુનિશ્રી ધુરંધરવિજયજી :** કેટલીક સૂચનાઓ :

મોટા ભાગના લોકોની "તળેટીએ અષ્ટપ્રકારી પૂજા કરવી જ જોઈએ" એ માન્યતા છે. નિર્માલ્ય ન ઊતરે ત્યાં સુધી પૂજા કરી શકાય નહિ. આજના દૂધ કેવા આવે છે ? તે તમે જાણો છો. પૂજારી ગાયના દૂધથી પક્ષાલ કરી લે તે ઠીક છે. બાકી તમે સૌ કૂવાનું પાણી [ભાતાખાતામાં વાવ છે.] તાંબા-ચાંદી કે સોનાના કળશમાં લઈ અભિષેક કરશો. દૂધથી ઘણા ત્રસ જીવોની વિરાધના થાય છે. અવસરે કૂતરા પણ ચાટી જાય છે.

પ્લાસ્ટીકની આઈટમમાં કોઈપણ પૂજાની સામગ્રી હવે નહિ લઈ જતા. કોઈ બહેરા માજીએ આ ન સાંભળ્યું હોય તો તમે સંભળાવી દેજો.

જલપૂજા પણ નિર્માલ્ય ઊતર્યા પછી જ કરી શકાય. જય તળેટીએ સિક્કા ભંડારમાં નાખી શકાય, પણ ગિરિરાજ પર એ સિક્કા ન ચડાવાય. સોના ચાંદી આદિ ચડાવી શકાય, નૈવેદ્ય - ફળ વગેરે તળેટી પર ન મૂકાય, પાટલા પર જ મૂકાય.

**।। शिवमस्तु सर्व-जगतः ।।**

*"કહ્યું કલાપૂર્ણસૂરિએ" પુસ્તક મળ્યું. ખૂબ જ રસથી ધ્યાનપૂર્વક વાંચું છું. ખૂબ જ આનંદ આવે છે.*

*જીવને જો જાગવું જ હોય તો આપના આ સૂત્રો વાગોળ્યા જ કરવા પડે. આપના આ લખાણ માટે આપને હું શું લખી શકું ? એના માટે મારી પાસે શબ્દો નથી. પરંતુ મને વાંચી ખૂબ જ આનંદ થયો છે.*

*"ગુરુ એને કહેવાય જે શાસ્ત્ર સાથે જોડી આપે". એ આપના કથન મુજબ આપ અમારી આધ્યાત્મિક શાસ્ત્ર-વાંચનની ભૂખ, આવા શાસ્ત્રો મારફત મીટાવતા રહેજો એ જ અભ્યર્થના.....*

*- ઉકાભાઈ ડી. પટેલ, મહુવા*



ॐ

શ્રા. સુદ-૭

૬-૮-૨૦૦૦, રવિવાર

◆ ભક્તિમાં ઉલ્લાસ વધવાથી સમ્યગ્-દર્શન નિર્મળ બને છે. ગ્રન્થિ-ભેદ સુધી પહોંચાડનાર ભક્તિ છે.

◆ ગૃહસ્થપણામાં આપણે સૌ પૂજા કરીને આવ્યા છીએ. હવે નથી કરતા તેનો અર્થ એ નથી કે એ વ્યર્થ છે. કોલેજીયન ભલે કક્કો બારાખડી છોડી દે, પણ બાળક માટે તે જરૂરી છે જ.

◆ આવશ્યક સૂત્ર સાધનાનું મૂળ છે. વિદ્યમાન આગમોમાં સર્વ પ્રથમ આવશ્યક સૂત્ર છે. આ મૂળ આગમ છે. તેના પર નિર્યુક્તિ આદિ પણ બહુ જ છે. આ ચૈત્યવંદન સૂત્ર પણ આવશ્યકની અન્તર્ગત જ છે. આવશ્યક નિર્યુક્તિ, ચૂર્ણિ, ટીકા, વિશેષાવશ્યક ભાષ્ય આદિ આવશ્યક પરનું જ સાહિત્ય છે. આથી જ એની મહત્તા સમજાય છે.

આત્મા વરરાજા છે. મન, વચન, કાયા વગેરે તો જાનૈયા છે.

સામાયિક માત્ર ઉચ્ચારવાથી નહિ આવે. તે માટે ભક્તિ જોઈશે. ચઉવિસત્થો આદિ પાંચ આવશ્યક ભક્તિ-વર્ધક જ છે.

◆ સાધુ-સાધ્વીની એક સેકન્ડ પણ શાની આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં જાય ? એ માટે તો ચાર વાર સ્વાધ્યાય, સાત વાર ચૈત્યવંદન કહ્યા છે. **ચૈત્યવંદન કરવાથી સ્વાધ્યાયમાં પ્રેમ વધે. સ્વાધ્યાય કરવાથી ચૈત્યવંદનમાં પ્રેમ વધે. બન્ને એકબીજાના પૂરક છે, વિરોધી નથી. "જિમ જિમ અરિહા સેવીએ રે, તિમ તિમ પ્રગટે જ્ઞાન સલુણા..." ૪૫ આગમની પૂજામાં આવું એટલા માટે જ લખ્યું કે જ્ઞાન, પ્રભુ-ભક્તિ સાથે સંકળાયેલું છે. જેમ જેમ તમે અરિહંતની આરાધના કરતા જાવ, તેમ તેમ તમારું જ્ઞાન વધતું જાય.**

◆ ભાવનમસ્કાર સિદ્ધ થઈ જવા છતાં નમસ્કાર એટલે કરવાનો છે કે હજુ તેને વધુ નિર્મળ, વધુ પ્રકર્ષવાન બનાવવાનો છે.

"મારા ગુણસ્થાનમાં હજુ જે અપૂર્ણતા છે, તે મટો, મારામાં વધુ નિર્મળતા પ્રગટો" એવા ભાવ સાથે છદ્મસ્થ ગણધરો પણ આ 'નમુત્થુણં' બોલે છે

◆ **'નમઃ'** નો અર્થ પૂજા થાય. પૂજાનો અર્થ દ્રવ્ય-ભાવનો સંકોચ થાય. નિર્યુક્તિના આધારે આ અર્થ કર્યા છે, ઘરના અર્થ નથી.

જૈનેતરોએ પુષ્પ, આમિષ, સ્તોત્ર અને પ્રતિપત્તિ - આમ પૂજાના ચાર પ્રકાર પાડ્યા છે, જે ક્રમશઃ વધુ શ્રેષ્ઠ છે. વીતરાગને પણ પ્રતિપત્તિ પૂજા હોય છે. પ્રતિપત્તિ એટલે આજ્ઞા-પાલન.

દેશવિરતિને ચારેય પ્રકારની પૂજા હોય છે.

સરાગ-સંયમરૂપ સર્વવિરતિને બે પ્રકારની [સ્તોત્ર અને પ્રતિપત્તિ] પૂજા હોય છે. ૧૧-૧૨ અને ૧૩મા ગુણઠાણે માત્ર પ્રતિપત્તિપૂજા હોય છે. પ્રતિપત્તિ એટલે સંપૂર્ણ આજ્ઞાનું પાલન. આજ્ઞાનું જેટલું પાલન ઓછું કરીએ તેટલી પ્રતિપત્તિ પૂજામાં ખામી સમજવી.

◆ પૂ. દેવચન્દ્રજીએ બારમા ભગવાનના સ્તવનમાં કહ્યું છે :

પ્રશસ્ત અને શુદ્ધ એમ બે પ્રકારે ભાવપૂજા [પ્રતિપત્તિ પૂજા] છે.

(૧) પ્રશસ્તપૂજામાં પ્રભુ-ગુણગાન હોય છે. પ્રભુ પ્રત્યેનો વિશિષ્ટ અનુરાગ ભક્તને તેમના ગુણગાન કરવા પ્રેરે છે. પ્રશસ્ત ભાવપૂજાના આરાધનથી વિશુદ્ધ ભાવપૂજાનું સામર્થ્ય પ્રગટે છે.

(૨) શુદ્ધભાવપૂજા : સ્વભાવમાં સંપૂર્ણ રમણતા વખતે મુનિને શુદ્ધ ભાવપૂજા હોય છે.

"જ્ઞાનદશા જે આકરી, તે ચરણ વિચારો;
નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો."

આ દશામાં શુદ્ધ ભાવપૂજા હોય છે.

◆ પતંગને તમે દોરીથી ખેંચીને લાવી શકો, પણ ગુણઠાણું એમ ખેંચવાથી ન લાવી શકો. એ માટે આત્મદ્રવ્યને જાણવું પડે.

"જિહાં લગે આતમદ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું;
તિહાં લગે ગુણઠાણું ભલું, કિમ આવે તાણ્યું..."

–પૂ. ઉપા. યશોવિજયજી મ.

◆ આપણા મન-વચન-કાયા એ તો સાધન માત્ર છે. ભલે એ ભગવાનને ઝૂકે, પણ ખરેખર તો આત્મા ઝૂકે છે. આત્મા ઝૂકે તો જ કામનું ! **મન વગેરે તો પુદ્ગલના બનેલા છે. એને પ્રભુ સાથે શું લેવા દેવા ? એનો ઉપયોગ કરીને આત્માને પ્રભુ-પ્રેમથી રંગી દેવાનો છે. વરરાજા એ છે. મન વગેરે તો જાનૈયા છે.**

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી** : આત્મા અને ચેતનામાં શું ફરક ?

**પૂજ્યશ્રી** : ગુણ અને ગુણીની જેમ કિંચિદ્ ભેદ છે.

આચાર્ય ભગવંત પ્રશ્ન પૂછે તો મારે જવાબ આપવો જ જોઈએ. જિજ્ઞાસા તીવ્ર બને તો જ રોજ આવવાનું મન થાય, હજુ જિજ્ઞાસા ઓછી છે એટલે ક્યારેક જ ટપકી પડો છો.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી** : ચાબખો માર્યો.

**પૂજ્યશ્રી** : દુઃખ લાગ્યું હોય તો 'મિચ્છામિ દુક્કડં.'

અન્ય દર્શનીઓ મીરાં આદિ પામી જાય તો આપણે કેમ ન પામી શકીએ ? પ્રભુ-પ્રાપ્તિનો આનંદ મહાપુરુષોએ છુપાવ્યો નથી.

સંસ્કૃત ન જાણનારા પણ એ આનંદ મેળવી શકે. માટે જ ગુજરાતી કૃતિઓ બનાવી છે. **જ્ઞાન સાથે અહીં કોઈ સંબંધ નથી. ભાષા સાથે લાગે - વળગે નહિ. અભણ પણ પ્રભુ-પ્રેમ પામી શકે. આ માત્ર વિદ્વાનોનો ઈજારો નથી.**

**હું કાંઈ વિદ્વાન નથી. કેટલું ભણ્યો છું તેની મને ખબર છે. પણ જ્યારે જે જરૂરી હોય તે યાદ આવી જાય. પ્રભુ બરાબર આપી દે છે. પ્રભુ બોલાવે તેમ બોલું છું.**

◆ સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં પૂ. દેવચન્દ્રજી કહે છે:

પ્રભુ ! મારા ગુણો ભલે ક્ષયોપશમના છે, પણ તે ભળ્યા છે, આપના ક્ષાયિક ગુણો સાથે. હવે શું બાકી રહે ? બિંદુ સિંધુમાં ભળે. પછી અક્ષય બની જાય તેમ આપણું ક્ષુલ્લક જ્ઞાન, ક્ષુલ્લક ગુણો પ્રભુના ગુણોમાં ભેળવી દઈએ તો વિરાટ બની જાય, અખૂટ બની જાય.

શુદ્ધ સ્વરૂપી પ્રભુમાં આપણી ચેતના ભળી જતાં તેનો આસ્વાદ મળે છે. આ થઈ શુદ્ધ પ્રતિપત્તિ પૂજા.

તમને આ વિષય ગમ્યો ? પ્રશ્ન એટલા માટે પૂછું છું કે તમારી જિજ્ઞાસા જાણી શકું.

અત્યારે નમઃ નું વર્ણન ચાલે છે. નમઃ પૂજા અર્થમાં છે. પૂજા એટલે સંકોચ. આપણે તો દ્રવ્યથી પણ સંકોચ કરતા નથી. 'અમદાવાદી' ખમાસમણું આપીએ છીએ.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** આપ પણ અમદાવાદી જ ને ?

**પૂજ્યશ્રી :** નહિ, હું રાજસ્થાની છું. ગુજરાતી બોલું છું, પણ ગુજરાતી નથી.

પૂજ્ય દેવચન્દ્રજી આદિના પ્રાચીન સ્તવનો અત્યંત ભાવથી ભરેલા છે. એ વારંવાર એટલા માટે બોલવાના છે કે એમના ભાવો આપણને પણ સ્પર્શે. આ બધા કર્તાઓએ ધ્યાન દ્વારા પ્રભુ સાથે અભેદ સાધેલો છે, એ એમની કૃતિઓથી જણાય છે.

◆ પ્રભુ કહે છે : તું તો હજુ મિત્રના ઘરમાં છે. હજુ ક્યાં સ્વ-ઘરમાં આવ્યો છે ? હું તો તને મારા જેવો બનાવવા માંગું છું. ૧૨મા ગુણઠાણા સુધી હજુ મિત્રનું ઘર કહેવાય.

અત્યારે આપણી ચેતના નિમિત્તાલંબી છે. ભગવાન કહે છે : તું એને ઉપાદાનાલંબી બનાવી મારા જેવો શા માટે ન બને ?

જ્યાં સુધી આવી કક્ષા ન મળે ત્યાં સુધી સ્વ-ભૂમિકા પ્રમાણે પૂજા ચાલુ રાખવાની છે.

◆ **પ્રશ્ન** : **'अरिहंताणं'** માં બહુવચન શા માટે ?

**ઉત્તર** : અદ્વૈતવાદનો વ્યવચ્છેદ કરવા માટે. વળી ઘણા અરિહંતોને નમવાથી ઘણું ફળ મળે. ઘણી મૂડીનું ઘણું વ્યાજ મળે તેમ. ''મને ઘણું ફળ મળશે.'' આ જાણ્યા પછી નમસ્કાર કરનારનો ભાવ કેટલો વધે ?

◆ આ ધુરંધરવિજયજી હમણા આવ્યા ને મને હમણા જ એમના ગુરુ મહારાજ પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. નું ચિંતન યાદ આવ્યું :

દ્રવ્યથી વૃદ્ધિ

ગુણથી એકતા

પર્યાયથી તુલ્યતા.

પહેલી નજરે આ વાંચતાં નવું લાગ્યું, પણ પછી વિચારતાં ઘણું ઘણું જાણવા મળ્યું.

હું બધા મુનિઓને, આચાર્યોને કહેવા માંગું છું. આ દ્રવ્યાનુ-યોગનો અભ્યાસ કરવા જેવો છે.

આ સાધુ જીવન મળ્યા પછી શા માટે બકરાની જેમ બેં બેં કર્યા કરવું ? શા માટે સિંહપણું ન જગાવવું ?

સિંહપણું ઓળખવું હોય તો સિંહને [પ્રભુને] ઓળખવો પડશે. એ માટે દ્રવ્યનુયોગ ખાસ જરૂરી છે.

એક કડી કહીને પૂરૂં કરું.''

''જે ઉપાય બહુવિધની રચના, જોગ માયા તે જાણો રે;
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે...''

આનો અર્થ સમજો છો ? ચાલો, કાલે બતાવીશ.

❋



**શ્રા. સુદ-૮**

**૭-૮-૨૦૦૦, સોમવાર**

◆ સર્વોત્કૃષ્ટ ધર્મ સામગ્રી આ ભવમાં આપણને મળેલી છે. ખૂબ - ખૂબ ધન્યવાદ આપીએ પ્રભુને, જેમણે આ સામગ્રી આપી. એમની કૃપા વિના આ સામગ્રી ક્યાં મળવાની હતી ?

એમાં પણ સિદ્ધક્ષેત્ર જેવી ઉત્તમ ભૂમિ મળી ! સાધના માટે આનાથી વધુ શું અનુકૂળતા હોઈ શકે ? અહીં આવીને સાધના નહિ કરીએ તો ક્યાં કરીશું ? અહીં લાગતા દોષો સાધના દ્વારા જ ધોઈ શકાશે.

આવો અવસર ફરી-ફરી નહિ આવે. બીજા સ્થાનોમાં તો મોટા-મોટા સંઘોને સંભાળવાના હોય. અહીં આવી કોઈ જવાબદારી નથી. અહીં તમારો ટાઈમ બગાડનાર કોઈ નથી; જો તમે સાવધ રહો !

◆ **આ ચૈત્યવંદન કોલાહલ નથી, અનુષ્ઠાનોમાં રાજા સમાન આ**

અભિમાન તમને ગુરુ બનવાનું કહે છે.
વિનય શિષ્ય બનવાનું કહે છે.

તો મહાન યોગ છે.

◆ નમસ્કાર ત્રણ પ્રકારે.

(૧) કાયિક : કાયાની સ્થિરતાપૂર્વક.

(૨) વાચિક : શુદ્ધ પાઠના ઉચ્ચારપૂર્વક.

(૩) માનસિક : મનની સ્થિરતાપૂર્વક.

આ નમસ્કાર એવો કેમ ન બનાવીએ જે સંસારથી પાર ઊતારી દે ?

◆ ત્રણ યોગ છે :

ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ.

યોગગ્રન્થોમાં આ ત્રણેય યોગ પ્રસિદ્ધ છે.

ઈચ્છાયોગના બળે જ આગળના બે યોગો મળી શકે છે ને તે તમને કેવળજ્ઞાન સુધી લઈ જાય છે, એમ યોગાચાર્યો કહે છે.

એનો અર્થ એ થયો કે હરિભદ્રસૂરિના યુગમાં આ ત્રણ યોગ વગેરેને જણાવનારા અન્ય ગ્રન્થો, અન્ય આચાર્યો હશે. એમના આધારે જ હરિભદ્રસૂરિજીએ આ ત્રણ યોગ કહ્યા છે, પોતાના તરફથી નહિ.

(૧) ઈચ્છાયોગ – વિકલ ધર્મપ્રવૃત્તિ [વિકલ એટલે અપૂર્ણ]

(૨) શાસ્ત્રયોગ – અવિકલ ધર્મપ્રવૃત્તિ [અવિકલ એટલે સંપૂર્ણ.]

(૩) સામર્થ્ય યોગ – અધિક ધર્મપ્રવૃત્તિ.

અહીં ખૂબ જ સંક્ષેપમાં આ વ્યાખ્યા બતાવી છે. સંક્ષેપમાં બતાવીએ તો વાંચનાર ઉલ્લાસપૂર્વક વાંચી જાય. મોટો ગ્રન્થ હોય તો એની વિશાળતા જોઈને જ વાચક મૂકી દે. તત્ત્વાર્થ સૂત્ર સંક્ષેપનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

'**उपोमास्वातिं संग्रहीतारः।**' એમ હેમચન્દ્રસૂરિજીએ વ્યાકરણમાં નોંધ્યું છે. ઉમાસ્વાતિના સંગ્રહની તોલે બીજો કોઈ ન આવી શકે.

◆ ભદ્રબાહુસ્વામી જેવા કહે છે : હું મધ્યમ વાચનાથી સૂત્રોના અર્થ કહીશ. વિસ્તારથી કહેવાની મારામાં શી શક્તિ ?

૧૪ પૂર્વી પણ આવી નમ્રતા બતાવતા હોય તો આપણું શું ગજું ? આપણે તો એવા કુલણજી છીએ કે એકાદ સારી સ્તુતિ કે સજ્ઝાય બોલીએ ને કોઈ પ્રશંસા કરે તો ફાટીને ધૂમાડો થઈ જઈએ! આ જ જ્ઞાનનું અજીર્ણ છે.

ચંદાવિજ્ઝયમાં કહ્યું છે કે વિનય સ્વયં પણ સાધ્ય છે. વિનય દ્વારા જ્ઞાન સાધ્ય છે, એમ ઘણીવાર સાંભળ્યું પણ વિનય સાધ્ય છે, એવું કદી સાંભળ્યું ? એ [ચંદાવિજ્ઝય] ગ્રન્થ ભારપૂર્વક કહે છે : **ગુરુ બનવાનો નહિ, શિષ્ય બનવાનો પ્રયત્ન કરો. અભિમાન તમને ગુરુ બનવાનું કહે છે, વિનય શિષ્ય બનવાનું કહે છે.**

◆ પૂ.લબ્ધિસૂરિજીના ગુરુ પૂ.કમલસૂરિજી મોટી ઉંમરે પણ સ્વાધ્યાય આદિમાં રમમાણ રહેતા. ગ્રન્થો હાથમાં પડ્યા જ હોય. કોઈ પૂછે તો કહેતા : આ તો મારો સ્વભાવ છે. આ તો શ્વાસ છે. એના વિના શી રીતે જીવાય ? દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે! જ્ઞાન ભણવું એ જ આપણો ધંધો ! ૮૦ વર્ષની વયે પણ આપણે વિદ્યાર્થી જ રહેવાનું છે. વિદ્યાનો અર્થી તે વિદ્યાર્થી !

◆ **પૃથ્વીચન્દ્ર – ગુણસાગર આદિની વાર્તાઓ નાનપણમાં સાંભળતો, ત્યારે મનમાં થતું : આપણેય આવા શીલવાન ક્યારે બનીશું ?**

**નાનપણમાં પૂજામાં 'સંયમ કબહી મિલે સસનેહી પ્યારા.' બોલતાં હૃદય બોલવા લાગતું : હું ક્યારે સંયમ સ્વીકારીશ ?**

**બચપણની આપણી ભાવના જ મોટી ઉંમરે સાકાર બને છે.**

◆ અહીં બેઠેલા મોટા ભાગના બાલદીક્ષિતો છે. નાનપણમાં ઘણું ભણ્યા છે. પણ હું પૂછું છું : હવે કેટલુ કંઠસ્થ છે ? અત્યારે બેઠેલા બાલમુનિઓને ખાસ કહેવું છે : તમે જે કરો તે ભૂલતા નહિ. વેપારી કમાયા પછી મૂડી ખોઈ ન દે, તો આપણાથી જ્ઞાનની મૂડી શી રીતે ખોઈ શકાય ?

બાલ મુનિઓને કહેવાનું કે આ શાસ્ત્રમાં કદાચ કોઈ વાત તમને ન સમજાય તો પણ કંટાળતા નહિ. મનોરથ સેવજો : મોટા થઈને અમે આ બધા ગ્રંથો ભણીશું.

◆ થર્મોમીટરથી તાવની ગરમીની માત્રા જણાય તેમ આ ત્રણ યોગો દ્વારા, આઠ દૃષ્ટિ દ્વારા આપણે ક્યાં છીએ ? તે જણાય. આપણી સાધનાની માત્રા જણાય.

જે સાધના પહેલા કરી હોય તેને છોડીને આગળ નથી વધવાનું, પ્રત્યુત તેને વધુ પુષ્ટ બનાવવાની છે. કોઈ ક્રોડપતિ બની જાય તે શું પૂર્વે કમાયેલા હજારને છોડી દે ? **હજાર જ વધતાં - વધતાં ક્રોડ બને, તેમ પૂર્વની સાધના જ વધતી વધતી પરાકાષ્ઠાએ પહોંચે !**

આપણા પૂર્વાચાર્યો યોગ સાધનામાં એટલા આગળ વધેલા કે સાંભળતાં દંગ થઈ જવાય. ધ્યાન વિચારમાં આવે છે કે પુષ્પભૂતિ નામના આચાર્ય કેટલાય દિવસ સુધી સમાધિમાં રહેતા.

એ આચાર્યે એક શિષ્યને જ સમાધિમાંથી જગાડવાનું રહસ્ય સમજાવેલું. બીજા શિષ્યોને થયું : ક્યાંક આ આપણા આચાર્યને મારી ન નાખે ! બીજા શિષ્યોએ હોહા કરી નાખતાં શિષ્યે અંગૂઠો દબાવીને એ આચાર્યને સમાધિમાંથી બહાર કાઢ્યા. કારણ પૂછતાં આચાર્યને શિષ્યે જણાવ્યું : આ બીજા ગુરુભાઈઓના કારણે આપને વહેલા જગાડ્યા છે. માફ કરશો.

સમાધિ આપણી મોક્ષ યાત્રામાં પ્રચંડ વેગ આપે છે. પાકેલી કેરી ખાવા કીડી પણ જાય ને પક્ષી પણ જાય, બન્નેની પાકેલી કેરી માટે ઈચ્છા છે, પણ વેગ કોનો વધુ ?

◆ ધર્માચરણની સાચી ઈચ્છા એ જ ઈચ્છાયોગ. ઈચ્છાયોગ અવશ્ય શાસ્ત્રયોગમાં લઈ જાય. શાસ્ત્રયોગ સામર્થ્યયોગમાં લઈ જાય. આ જ તેની કસોટી છે.

સૂત્ર અને અર્થો જાણનાર જ્ઞાની ધર્માનુષ્ઠાન કરવા ઈચ્છે છે, પણ પ્રમાદથી અપૂર્ણરૂપે તે કરે છે. આ જ ઈચ્છાયોગ છે.

વિધિ પ્રમાણે થતું નથી [જાણી જોઈને વિધિમાં અનાદર ન થવો જોઈએ.] માટે અનુષ્ઠાનો છોડી દેવા સારા - એમ સમજીને છોડી દેનારા વિચારે. તેઓ ઈચ્છાયોગને જ છોડી દે છે.

**પૂ. મુનિશ્રી ભાગ્યેશવિજયજી** : ગઈકાલની 'જે ઉપાય બહુવિધની રચના' તથા 'દ્રવ્ય-ગુણ-પર્યાય' ની વાત સમજાવવાની

બાકી છે.

**પૂજ્યશ્રી** : યોગ આદિની બીજી બધી જાળમાં જ અટવાઈ નહિ જતા પણ એના અર્ક સુધી પહોંચજો.

તમે તો નાની ઉંમરમાં દીક્ષા લીધી. મેં તો ૩૦ વર્ષની વયે લીધી ને મારે '**रामः रामौ रामाः**' ભણવાનું આવ્યું. મનમાં અધ્યાત્મની તીવ્ર ઈચ્છા, છતાં આ બધું ભણ્યો. કારણ કે હું જાણતો હતો કે પૂર્વાચાર્યોનો પૂરો પરિચય ભાષાકીય જ્ઞાન વિના નહિ થાય.

હું કહેવા માંગું છું : જીવનભર ન્યાય, કાવ્ય અને કોશમાં અટવાઈ નહિ જતા, આ બધા સાધન ગ્રંથો છે, એ ભૂલતા નહિ.

પૂ. જંબૂવિજયજી મ.ને પૂછી જોજો. ન્યાયમાં ખૂબ ઊંડા ઊતર્યા. એમના ગુરુ મહારાજ વારંવાર કહેતા : 'ઘટ-પટ ને ગધેડો-માં જ સમય ન કાઢ. સાધનામાં આગળ વધ. કાગળમાં શું લખે છે ? કાળજામાં લખ. ચતુર્વિધ સંઘના હૃદયમાં કાંઈક ઊતાર.' એમની વાણીથી તેઓ ભક્તિમાર્ગમાં આગળ વધ્યા.

માયા એટલે પ્રપંચ નહિ, વિસ્તાર. એ વિસ્તારના જંગલમાં અટવાઈ નહિ જતા. શુદ્ધ દ્રવ્ય-ગુણ પર્યાયના ધ્યાનથી પ્રભુ સામેથી મોક્ષ આપે છે. અહીં 'પરાણે' શબ્દ આવ્યો છે. તેનો અર્થ જાણો છો ને ?

વીતરાગ સ્તોત્રમાં આવે છે : '**पराणयन्ति**' । એનો અર્થ વિચારજો.

**શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાયનું ધ્યાન તે પક્ષીનો માર્ગ છે.**

**આપણો માર્ગ કીડીનો છે. [જો કે એ પણ હોય તો સારી વાત છે.] કીડીના માર્ગે વિઘ્ન ઘણા છે. રસ્તામાં તો ઘણા ખાડા-ટેકરા આવે, કોઈના પગ નીચે દબાઈ જવાની પણ સંભાવના. ગગન માર્ગમાં આવી કોઈ સંભાવના નથી.**

પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. કહેતા હતા : પંચપરમેષ્ઠિમાં અરિહંત-સિદ્ધ શુદ્ધ આત્મદ્રવ્ય છે. એમને પકડી લો એટલે શુદ્ધ આત્મદ્રવ્ય પકડાઈ જશે.

પંચ પરમેષ્ઠીના અનંત ગુણોમાં આપણા આત્માનો લય થઈ જાય ત્યારે દ્રવ્યથી વૃદ્ધિ થઈ. લોટમાં ઘી-સાકર નાખવાથી વજન વધે તેમ આપણો આત્મા પરમેષ્ઠીના સંગથી પુષ્ટ બને.

લોટ=આપણો આત્મા.

ઘી-સાકર=પંચ પરમેષ્ઠી.

લોટમાં પણ કંઈક તો મીઠાશ છે. આ કાંઈ લીમડાનો ભૂક્કો નથી. આપણો આત્મા પણ જ્ઞાનમય છે, જડ નથી.

ગુણથી એકતા=આત્મા અને પરમેષ્ઠી એકમેક થઈ ગયા. લોટ-સાકર અને ઘી મળી ગયા. હવે અલગ સ્વાદ નહિ આવે. દરેક કણમાં મીઠાશ અનુભવાશે.

પર્યાય [કાર્ય]થી તુલ્યતા. જે કોઈપણ આ માલ ખાશે તેને સમાનરૂપે તૃપ્તિ થશે.

આ વાત આધ્યાત્મિક સંદર્ભમાં ઘટાવી જુઓ એટલે બધું સમજાઈ જશે.

આ પ્રક્રિયા જાણવાથી જાણકારી મળશે, પણ અનુભવ કરવો હોય તો સાધના જ કરવી પડશે.

आचार्य भगवंत के चिंतन का खजाना प्राप्त हुआ । "कहे कलापूर्णसूरि" बेंगलोरवाले भंवरलालजीने आयंबिल करने आते वक्त दिया ।

साहबजी का पुण्य, साधना, चिंतन, भक्ति एवं उनका तेज इतना उच्च कोटी का है कि पूछो ही मत । फिलहाल थोड़ा सा ही चिंतन पढ पाया हूं । उसमें भी इतना आनंद आया कि वर्णन नहीं कर सकता । ऐसे परम योगी पुरुष का आप बहुत उमदा चिंतन का संकलन कर रहे है । एवं आपने भी उनकी छत्र-छाया में अद्‌भुत ज्ञान खजाना प्राप्त किया है । मुझे भी समय समय पर ऐसे खजाने को लूटने का अवसर देते रहे ।

-अशोक जे. संघवी.. बेंगलोर



શ્રા. સુદ-૯

૮-૮-૨૦૦૦, મંગળવાર

ૐ

**અતિચાર એટલે ખર્ચ-ખાતું ! સમજદાર માણસ ખર્ચ ઓછો કરે**

◆ શાસ્ત્ર, અધ્યાત્મ, કર્મ આદિના રહસ્યો ગ્રહણ કરીને આપણા જેવાને ઉપકાર થાય માટે પૂર્વાચાર્યોએ આવા શાસ્ત્રો રચ્યા છે, જે આપણા આત્માના હિતકર બને. લલિત-વિસ્તરા ગ્રંથ તેમાંનો એક છે.

◆ ''**નમોऽસ્તુ**'' માં રહેલો '**અસ્તુ**' શબ્દ એમ બતાવે છે કે હજુ મને ઉત્કૃષ્ટ ભાવ નમસ્કાર મળ્યો નથી. હું એ ભાવનમસ્કારની ઈચ્છા જરૂર ધરાવું છું. ઈચ્છાયોગ આદિના આવા રહસ્યો શ્રી હરિભદ્રસૂરિજીએ અહીં ખોલ્યા છે. ગણધરો પણ જ્યારે આવી નમ્રતા પ્રગટ કરતા હોય ત્યારે ઉત્કૃષ્ટતાનો દાવો કરનાર આપણે કોણ ?

◆ પૂર્વકાળમાં યોગોદ્વહન સતત ચાલતા જ રહેતા. આજે તો યોગોદ્વહન પૂરા થઈ જાય પછી બધું અભરાઈ પર.

મૂળ ઉદ્દેશ ક્યાંય દૂર રહી ગયો છે. ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા વગેરે શબ્દોના અર્થો જાણો તો ખબર પડે : આપણે કેટલા દૂર છીએ ?

ઉદ્દેશ=સૂત્ર પાકું કરવું-સૂત્રનો આત્મા સાથે યોગ કરવો.

સમુદ્દેશ=એ સૂત્રને સ્થિર-પરિચિત બનાવવું.

અનુજ્ઞા=અન્યોને આપવા સમર્થ બનવું.

એક નવકાર પણ આ રીતે કરો તો કામ થઈ જાય. નવકાર પર પૂ.પં.ભદ્રંકરવિજયજી મ.નું સુવિશાળ સાહિત્ય છે. બોલો, વાંચી જશો ? ભાવિત બનાવશો ?

◆ સૂત્ર બોલતાં અર્થની વિચારણા ચાલે છે ? કે ઝટપટ પતાવી દઈએ છીએ ? મારા જેવો પણ ક્યારેક કહી દે : જલ્દી બોલો.

ધીરે-ધીરે સૂત્ર બોલાય તો અર્થમાં ઉપયોગ રહે.

**◆ જ્ઞાન છે, પણ સાથે પ્રમાદ પણ છે, આથી ધારીએ તેવું અનુષ્ઠાન થઈ શકતું નથી. આનું આરાધકને દુઃખ રહે છે. આથી નમ્રતા રહે છે. અભિમાન નથી આવતું. આ જ ઈચ્છાયોગ છે.**

આવો આરાધક બીજા દ્વારા થતી પ્રશંસા સાંભળીને ફૂલાઈ નથી જતો. પોતાની કમજોરી જાણે છે.

◆ સામર્થ્યયોગ એટલે કેવળજ્ઞાનની પૂર્વાવસ્થા. સૂર્યોદય પહેલા જેમ અરૂણોદય થાય તે. કેવળજ્ઞાનની પૂર્વે આ યોગ હોય છે. પણ એ પહેલા ઈચ્છાયોગ જોઈએ.

ઈચ્છાયોગ પાયો છે.

શાસ્ત્રયોગ મધ્યભાગ છે.

સામર્થ્ય યોગ શિખર છે.

◆ અતિચાર એટલે ખર્ચ - ખાતું ! સમજદાર માણસ ખર્ચ ઓછો કરે. કોઈ કરતો હોય તો પણ ન કરવા સમજાવે. કારણ આવક ઓછી ને ખર્ચ વધુ છે. બે-ત્રણ ટકા વ્યાજથી પૈસા લીધેલા છે.

અહીં પણ આપણો ખર્ચ [અતિચાર] વધુ છે. આવક [આરાધના]

ઓછી છે. પરિણામ શું આવે ? તે તમે સમજી શકો છો.

◆ ઘરબાર છોડ્યા પછી, આટલી આરાધનાઓ કર્યા પછી આપણને જે ગુણઠાણું [છઠ્ઠું] મળે તેનું નામ જ્ઞાનીઓએ 'પ્રમત્ત' આપ્યું. આવું નામ ગમે ? પ્રમાદી કોઈ કહે તે ગમે ? ન ગમે તોય શું થાય ? જ્ઞાનીઓએ નામ આપ્યું છે.

જ્ઞાનીઓએ બધું બરાબર જોઈને જ કહ્યું છે.

એટલે કે અહીં સુધી આવ્યા પછી પણ પ્રમાદની પૂરી સંભાવના છે. માટે જ લખ્યું : '**ज्ञानिनोऽपि प्रमादिनः ।**' જ્ઞાની હોવા છતાં પ્રમાદી ! આવાનું વિકલ અનુષ્ઠાન તે ઈચ્છાયોગ.

**◆ બીજાનું સમ્યક્ત્વ બોધિ કહેવાય, તીર્થંકરનું સમ્યક્ત્વ વરબોધિ કહેવાય. શું કારણ ? કદાચ ભગવાનનું ક્ષાયોપશમિક હોય તોય વરબોધિ કહેવાય. બીજાનું ક્ષાયિક હોય તોય બોધિ જ કહેવાય.**

**એનો અર્થ એ થયો કે તીર્થંકરના સમ્યગ્ દર્શનમાં કશુંક વિશેષ હશે ! સર્વ જીવોમાં સ્વનું રૂપ જોતા હશે ! બીજાની પીડાને સૂક્ષ્મપણે સ્વમાં સંવેદતા હશે !**

◆ શાસ્ત્રયોગવાળાની શ્રદ્ધા તીવ્ર હોય છે. પ્રમાદ બિલકુલ નથી હોતો. તીવ્ર શ્રદ્ધાના કારણે બોધ પણ તીવ્ર હોય છે. આથી તેમનું પાલન સંપૂર્ણ હોય છે.

◆ વૃદ્ધાવસ્થામાં સંગમાચાર્ય સ્થિરવાસ રહેલા. એક વખતે તેમનો કોઈ દત્ત નામનો પ્રશિષ્ય આવ્યો. ગોચરી નહિ મળતાં કંટાળેલો જોઈ આચાર્યે તેની સમાધિ માટે એક ઘરે રડતી છોકરીને ચપટી વગાડીને શાંત કરી. આથી ખુશ થયેલા ગૃહસ્થ પાસેથી ગોચરી અપાવી.

શિષ્ય ઉલ્ટી ખોપરીનો હતો. તેણે વિચાર્યું : જોયું ? આટલી વાર મને ફેરવીને હેરાન કરીને હવે ગોચરી અપાવી. પોતે સારી ગોચરી લેવા સ્થાપિત ઘરોમાં ઉપડી ગયા.

પેલો શિષ્ય આખો દિવસ દોષો જ જોયા કરતો. આવા દોષવાળા, એકલવિહારી સાથે ન રહેવાય એમ માનીને અલગ રહ્યો.

રાત્રે શાસનદેવીએ અંધારું કરતાં પેલો ડર્યો ને આચાર્ય ભગવંતને પ્રાર્થના કરવા લાગ્યો. ત્યારે આચાર્ય ભગવંતે આંગળી ઉંચી કરતાં લબ્ધિથી પ્રકાશ રેલાયો.

ત્યારે પેલાએ વિચાર્યું : અરે ! આ આચાર્ય તો અગ્નિકાયનું પણ સેવન કરે છે. હવે હદ થઈ ગઈ. શાસનદેવીથી ન રહેવાયું. પેલા શિષ્યની જોરદાર તર્જના કરી.

તમે જ્યારે તમારા આત્મધર્મમાં સંપૂર્ણ સ્થિત બનો છો ત્યારે આસપાસના દેવો તમારી રક્ષા કરવા આવશે જ.

◆ આજે સમય ઓછો છે. કારણ કે સાધ્વીજી સુગુણાશ્રીજી કાળધર્મ પામ્યા છે, તેમની અગ્નિ સંસ્કાર વિધિ બાકી છે.

તેમણે અમદાવાદમાં જ મોટા ભાગના ચાતુર્માસ કરેલા. ચાતુર્માસ માટે અમે પણ તબીયતના કારણે ના લખેલી, પણ ખૂબ જ ભાવના હોવાથી એમને અનુજ્ઞા આપી. કેન્સરનું દર્દ હોવાથી ગયા, પણ કોઈએ શોક નથી કરવાનો. ખૂબ જ આરાધક હતાં. એમના આત્માને શાંતિ મળે માટે જ આ વાચના રાખી છે.

આજે સવારે જ હું જઈ આવ્યો. મને જોઈને ખૂબ જ પ્રસન્ન થયેલાં. જાગૃત હતાં. પછી ગણિ મુક્તિચન્દ્રવિજયજી પણ જઈ આવેલા.

એમની સમાધિની ખૂબ-ખૂબ અનુમોદના કરીએ છીએ.

[જાહેરાત : આજે પૂ. સાધ્વીજી સુગુણાશ્રીજી મહારાજ કાળધર્મ પામ્યા છે, તેમના અગ્નિ-સંસ્કારની બોલીઓ સાત ચોવીશી ધર્મશાળામાં છે. અહીં વાચના પછી સૌ ગૃહસ્થો ત્યાં પધારે.]


*પૂજ્યશ્રી તો તીર્થંકર-તુલ્ય છે. એમના મોઢામાંથી નીકળેલો શબ્દ પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું હોય તો જ સાંભળવા મળે*

*હું તો દરરોજ વાંકીમાં વાચનામાંથી આવીને કહેતી : દેરાસરમાં ત્રિશલામાતાના લાડકા વર્ધમાનસ્વામી છે જ્યારે ત્રિશલાભવનમાં ખમાદેવીના લાડલા તીર્થંકર-તુલ્ય પૂજ્યશ્રી છે.*

*ત્યારે બધા શબ્દો કદાચ નહિ પણ સાંભળ્યા હોય, પરંતુ આ પુસ્તકમાં રહેલા શબ્દો સાંભળીને એમ જ થાય કે હજુ જાણે વાંચ્યા જ કરીએ.*

*પુસ્તક વાંચ્યા વિના ચેન પણ નથી પડતું.*

*- સા. મુક્તિપ્રિયાશ્રી*



શ્રા. સુદ-૧૦

૯-૮-૨૦૦૦, બુધવાર

ભગવાન જ આપણી સફળતાના સૂત્રધાર છે.

◆ નિક્ષેપ એટલે સ્વરૂપ ! પર્યાય ! તે કદી દ્રવ્યથી ભિન્ન ન હોય. ભગવાનના પર્યાયો ભગવાનથી જુદા ન હોય. માટે જ નામાદિ ચાર ભગવાનથી જુદા ન ગણાય. [દરેક વસ્તુના ચાર નિક્ષેપ થાય જ.]

ભાવ ભગવાનની જેમ નામાદિ પણ પૂજ્ય જ છે.

ભાવ ભગવાન ભલે ન મળ્યા, નામાદિ ત્રણ તો મળ્યા છે ને ? આ જાણીને કેવો ભાવોલ્લાસ વધે? ભાવોલ્લાસથી કર્મ-નિર્જરા વધે. કર્મ-નિર્જરાથી આત્મશુદ્ધિ વધે ને તેથી ચિત્તની પ્રસન્નતા વધે.

**તૃપ્તિ ન થાય ત્યાં સુધી ભોજન કરીએ છીએ. પણ પ્રસન્નતા ન મળે ત્યાં સુધી ધર્માનુષ્ઠાન કરીએ છીએ ખરા ?**

આત્માને પ્રસન્ન-તૃપ્ત બનાવવો

હોય તો ગુણો જોઈએ. પુદ્ગલોથી થતી શારીરિક તૃપ્તિ નશ્વર છે. ગુણથી થતી તૃપ્તિ અવિનશ્વર છે.

આવું જ્ઞાન આત્મા સાથે અવશ્ય જોડી આપે.

નકલી પૈસા પણ હોય, પરંતુ બજારમાં ચાલે ?

નકલી જ્ઞાન પણ હોય પરંતુ સાધનામાં તે જ જ્ઞાન ચાલે જેનાથી દોષ-નિવૃત્તિ અને ગુણની પ્રાપ્તિ થાય.

ગુણથી જ સાચી તૃપ્તિ થાય.

◆ ભગવાનને કહી દો : પ્રભુ ! હું ધૂમાડાથી તૃપ્ત નહિ થાઉં! પેટમાં પડે તો જ તૃપ્તિ-મળે ને ? ભગવન્ ! હવે આપે પ્રત્યક્ષ દર્શન આપવા જ પડશે. "ધૂમાડે ધીજું નહિ સાહિબ, પેટ પડ્યા પતીજે."

◆ સાધક અવસ્થામાં ભગવાને સર્વ જીવો સાથે પ્રેમ સાધ્યો છે. એમનું જીવન કહે છે : જો મોક્ષમાં જવું હોય તો સર્વજીવોને આત્મવત્ ગણવા પડશે. દશવૈકાલિકના ચાર અધ્યયન [ચોથા અધ્યયનમાં છ જીવનિકાયની વાત છે.] વિના વડી દીક્ષા ન અપાય, તેનું આ જ કારણ છે. એ પહેલા આચારાંગના શસ્ત્ર-પરિજ્ઞાના અધ્યયન વિના વડી દીક્ષા ન્હોતી અપાતી.

◆ દશવૈકાલિક મૂળ આગમ છે.

આવશ્યક અને દશવૈકાલિકના તો દરેકના જોગ થયેલા છે. એના પરનું મળતું તમામ સાહિત્ય વાંચો તો પણ ન્યાલ થઈ જાવ. નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા વગેરે કેટલું વિશાળ સાહિત્ય છે !

એમાં ઊંડા ઊતરો તો પણ તમારું જીવન યોગીશ્વરનું જીવન બની જાય.

આ મૂળ આગમ છે. એ મજબૂત હશે તો આગળનું સહેલું થઈ પડશે. પાયો મજબૂત હોય તો ઉપરની ઈમારત નિર્ભયપણે તમે બાંધી શકો. પછી તમારા આનંદમાં થતી વૃદ્ધિને કોઈ રોકી ન શકે.

અન્ય દર્શનીઓમાં તે વખતે પણ આનંદમાં ગરકાવ રહેતા યોગીઓ હતા. માટે જ ભગવાને ગૌતમસ્વામીને કહ્યું : અમારો જૈન સાધુ તો માત્ર બાર માસમાં સમસ્ત દેવોના સુખને પણ ઓળંગી

જાય. [માનવોની તો વાત જ છોડો.] સાધુના એ સુખમાટે તેજોલેશ્યા શબ્દનો પ્રયોગ થયેલો છે.

◆ શરીરના ત્રણ દોષ : વાત, પિત્ત, કફ.

આત્માના ત્રણ દોષ : રાગ, દ્વેષ, મોહ.

આરાધનાના ત્રણ સોપાન : શરણાગતિ, દુષ્કૃત-ગર્હા અને સુકૃત-અનુમોદના.

છ આવશ્યકોમાં આ ત્રણેય આરાધના જણાશે.

◆ પુણિયો શ્રાવકપણામાં હતો છતાં એટલો આત્માનંદમાં મગ્ન રહેતો કે ભગવાન મહાવીર સ્વામીએ તેની પ્રશંસા કરેલી.

આપણને આવા આનંદની કોઈ ઝલક ખરી ?

આપણને તો જાવજ્જીવનું સામાયિક છે.

ચાબખા નથી મારતો, માત્ર પૂછું છું.

આ લોકો તપસ્વીઓની ભક્તિ માટે અનેક પ્રકારની ખાદ્ય સામગ્રીઓ બનાવે છે, તેમ ભગવાને આત્માના આસ્વાદ માટે અનેક પ્રકારની સાધનાની સામગ્રીઓ બનાવી છે, પણ આપણે એ આરોગીએ ત્યારે સ્વાદ મળે ને ?

◆ આપણા છયે આવશ્યકો પાંચેય આચારની શુદ્ધિ કરનારા છે.

◆ લોગસ્સમાં નામ, અરિહંત ચેઈઆણં માં સ્થાપના, નમુત્થુણં માં દ્રવ્ય અને ભાવ ભગવાન છે.

પુક્ખરવરદી માં બોલતા ભગવાન [આગમ] છે.

પુક્ખરવરદી માં આગમને ભગવાન કહ્યા છે. **[सुअस्स भगवओ]** કારણ કે શ્રુત અને ભગવાન જુદા નથી.

"જિનવર જિનાગમ એકરૂપે,
સેવંતા ન પડો ભવકૂપે..."

-પં. વીરવિજયજી

**शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ।।**

- જ્ઞાનસાર - ઉપા. યશોવિજયજી.

**કોઈ કાર્યમાં સફળતા મળે તો કદી અભિમાન નહિ કરતા : મારા કારણે સફળતા મળી છે. ભગવાનને જ આગળ કરજો. કાર્યને સફળતા આપનાર આપણે કોણ ? આપણી શી તાકાત ? ભગવાન જ આપણી સફળતાના સૂત્રાધાર છે. માટે જ યોગોદ્વહન આદિની ક્રિયામાં ''खमासमणाणं हत्थेणं'' પૂર્વ મહર્ષિ ક્ષમાશ્રમણોને હાથે [હું નથી આપતો. હું તો માત્ર વાહક છું.] હું તમને આપી રહ્યો છું.'' એમ કહેવાતું હોય છે.**

આવી વિચારણાથી ભક્તિ વધશે. ભક્તિ વધશે તો જ સમગ્ર સાધનાનો બગીચો મહોરી ઊઠશે. ભક્તિ જ પાણી છે, જે તમારા સર્વ અનુષ્ઠાનોને નવપલ્લવિત કરે છે.

◆ નમુત્થુણંનું નામ ભલે શક્રસ્તવ હોય, પણ બનાવનાર ઈન્દ્ર નથી, ગણધરો જ છે. ઈન્દ્ર તો માત્ર બોલે છે. ઈન્દ્રની શી તાકાત આવા સૂત્રોના નિર્માણ કરવાની ?

ઈન્દ્ર અવશ્ય સમ્યગ્દૃષ્ટિ હોય. પૂર્વભવનું યાદ હોય. માટે તે નમુત્થુણં બોલી શકે. દા.ત. હમણાના સૌધર્મેન્દ્ર પૂર્વ જન્મના કાર્તિક શેઠ [મુનિસુવ્રતસ્વામીના શાસનમાં થયેલા] છે. તો તેમને નમુત્થુણં યાદ હોય જ. આમ પણ ઈન્દ્ર પાસે અવધિજ્ઞાન છે જ.

◆ **नमोऽस्तु** માંનો **अस्तु** શબ્દ ઈચ્છાયોગ જણાવે છે. હરિભદ્રસૂરિજી સ્વયં કબૂલે છે : મારામાં હજુ શાસ્ત્રયોગ નથી આવ્યો. ઈચ્છાયોગથી જ હું ભગવાનને નમું છું.

**'नत्वेच्छायोगतोऽयोगं योगिगम्यं जिनेश्वरम् ।'**

–યોગદૃષ્ટિ સમુચ્ચય.

ઈચ્છાયોગમાં ઈચ્છા સંપૂર્ણ પાલનની હોય છે, પણ પાલન અપૂર્ણ હોય છે. જ્યારે શાસ્ત્રયોગમાં સંપૂર્ણ પાલન છે. શ્રદ્ધા અને જ્ઞાન એટલા તીવ્ર હોય કે જ્યારે જે કરવાનું હોય ત્યારે તે યાદ આવે જ.

પણ એવો શાસ્ત્રયોગ ઘણો દુર્લભ છે. ઈચ્છાયોગ પણ આવી જાય તોય મોટી વાત છે. પૂ. આનંદઘનજી જેવા કહે છે :

''સૂત્ર અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે રે;

ક્રિયા કરી નવિ સાધી શકીએ, એ વિખવાદ ચિત્ત સઘળે રે...''

પૂ. ઉપા. યશોવિજયજી જેવા કહે છે :

''अवलम्ब्येच्छायोगं, पूर्णाचारासहिष्णवश्च वयम् ।
भक्त्या परममुनीनां, तदीयपदवीमनुसरामः ।।''

–અધ્યાત્મસાર

''*કાળ લબ્ધિ લહી* પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, 'આનંદઘન' મત અંબ.''

અત્યારે ભલે ઈચ્છાયોગથી પાળીએ છીએ, પણ શાસ્ત્ર-સામર્થ્ય યોગથી પણ ભાવિમાં અવશ્ય પાળીશું. આ આશાથી જ અમે જીવીએ છીએ.

પૂ. આનંદઘનજીનો આ આશાવાદ છે.

ઈચ્છાયોગમાં દૃઢ પ્રણિધાન [આજની ભાષામાં દૃઢ સંકલ્પ, દૃઢ નિર્ધાર] હોય છે. આથી જ આગળના શાસ્ત્ર અને સામર્થ્ય યોગ આવી શકે છે.

દૃઢ સંકલ્પ વિના દીક્ષા મળત ?

દૃઢ સંકલ્પ વિના અહીં ચાતુર્માસ થઈ શકત ?

દૃઢ સંકલ્પ વિના કોઈ કાર્ય થઈ શકે ?

હવે મોક્ષમાટે દૃઢ સંકલ્પ કરી લો.

મોક્ષ પછી મળે. પહેલા મોક્ષનો માર્ગ મળે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષનો માર્ગ છે, એ જાણો છો ને ? માર્ગે ચાલશો તો મંઝિલ આવવાની જ. રત્નત્રયીની સાધના કરશો તો મોક્ષ મળવાનો જ. મોક્ષનો સંકલ્પ સાચો ત્યારે જ ગણાય જો રત્નત્રયીમાં આપણી પ્રવૃત્તિ હોય.

આવા શાસ્ત્રો દ્વારા આપણને ખબર પડે છે :

રત્નત્રયીમાં આપણે કેટલા આગળ વધ્યા ? થર્મોમીટરથી શરીરની ગરમીની ખબર પડે તેમ શાસ્ત્રથી આત્મ-શુદ્ધિની માત્રાની ખબર પડે છે.

◆ દવા જાણી પણ લીધી નહિ. તો દર્દ નહિ જાય. શાસ્ત્ર

વાંચ્યા પણ તે મુજબ વર્ત્યું નહિ. તો આત્મ-રોગ નહિ જાય.

◆ સામર્થ્યયોગ શાસ્ત્રયોગનું ફળ છે. ત્યાં સાધક એટલો આગળ વધી જાય છે કે શાસ્ત્ર પણ પાછળ રહી જાય છે. શાસ્ત્રમાં નહિ બતાવેલા અનુભવો ત્યાં થાય છે.

**પૂ.આ.હેમચન્દ્રસાગરસૂરિજી :** ત્યાં શાસ્ત્ર તો છોડવા જ પડશે ને? કારણ કે, અહીં 'અતિક્રમ' શબ્દ છે.

**પૂજ્યશ્રી : શાસ્ત્રને છોડવાની વાત નથી, શાસ્ત્રને અતિક્રમ-વાની વાત છે. લાખ રૂપિયાવાળો કાંઈ હજાર રૂપિયાને છોડતો નથી પણ અતિક્રમી જાય છે. સમજી ગયા ?**

આત્મશક્તિનો [આત્મવીર્ય-જન્ય] ઉદ્રેક એટલો તીવ્ર હોય છે કે સાધક સાધનાના અગમ્ય પ્રદેશમાં ક્યાંય આગળ ચાલ્યો જાય છે.

શાસ્ત્રયોગ પછી સામર્થ્યયોગ ન આવે તો કેવળજ્ઞાન ન મળે.

આજના કાળમાં પણ સામર્થ્યયોગની કંઈક ઝલક મળી શકે.

ધ્યાનવિચારમાં આવતો 'કરણ' શબ્દ આત્મ-શક્તિના ઉલ્લાસનો વાચક છે.

૪ થી ૫ કરણની કક્ષા યોગશાસ્ત્રમાં જોવા મળે છે, પછીથી ન જોવા મળે. કારણ કે શબ્દમાં એ શક્તિ નથી.

**'अपयस्स पयं नत्थि ।'**


–આચારાંગ

પાલીતાણા પહોંચવાની મુખ્ય-મુખ્ય માહિતી તમે મેળવી શકો, પણ સંપૂર્ણ અનુભવ તો ચાલવાથી જ મળે. શાસ્ત્રમાં પણ મુખ્ય-મુખ્ય મુદ્દાઓ જ હોય, અનુભવ તો આપણે જ કરવો પડે.

શાસ્ત્ર માત્ર દિશા બતાવે... ચાલવું તો આપણે જ પડે.

'**इक्कोवि नमुक्कारो**' માં જે એક જ નમસ્કાર સંસારથી પાર ઊતારી દે, એમ કહ્યું છે, તે આ સામર્થ્યયોગનો નમસ્કાર સમજવો.

❋



ૐ

શ્રા. સુદ-૧૧

૧૦-૮-૨૦૦૦, ગુરુવાર

◆ જ્ઞાનનો પ્રકાશ, શ્રદ્ધાનું બળ અને અન્તર્મુખી દૃષ્ટિ વધે માટે આ સિદ્ધાચલની શીતળ છાયામાં આપણે સૌ આવ્યા છીએ.

શ્રી સંઘ આપણી પાસેથી મોટી આશા રાખે છે.

◆ આજે ગુરુવાર છે. ગુરુ તત્ત્વ પર હજુ વધુ અનુપ્રેક્ષા કરવાનું મન થાય છે.

◆ આ લલિતવિસ્તરામાં મુખ્ય-તાએ સ્વરૂપ અને ઉપયોગ સંપદાનું અદ્‌ભુત વર્ણન છે. સાંભળતાં ભગવાનની અચિંત્ય શક્તિ આદિનો ખ્યાલ આવશેઃ આ અતિશયોક્તિ નથી. વાસ્તવિકતા છે.

રોજ વાંચીએ, સાંભળીએ, ઘુંટીએ તો જ એનો ખ્યાલ આવશે. સર્વ પ્રથમ પૂ. પં. ભદ્રંકરવિજયજી મહારાજે આ ગ્રન્થ માટે સલાહ

ગુરુ માત્ર નેત્ર ઊઘાડનારા નથી,
નેત્ર આપનારા પણ છે.

આપેલી.

◆ આત્મશક્તિ કદી સમાપ્ત થતી નથી. અત્યારે પણ પ્રભુની શક્તિ કામ કરી જ રહી છે. સિદ્ધોનો ઉપકાર અત્યારે પણ ચાલુ જ છે. વધુ શું કહું ? સિદ્ધો વધુ ઉપકાર કરવા જ ત્યાં ગયા છે.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** ઉપકાર કઈ રીતે સમજવો ?

**પૂજ્યશ્રી :** બુદ્ધિમાં બેસે તો જ માનવું, એ લોકોને આ નહિ સમજાય.

હું જ પૂછું : ગૃહસ્થો તો સાધુ પર ઉપકાર કરે છે. સાધુ ગૃહસ્થો પર વધુ ઉપકાર કરે છે, એ સમજાય છે ? તમે જ સમજાવો. સાધુ પર - ઉપકારની ભાવનાથી પરોપકાર કરે છે. સાધુને બોલવાની જરૂર નથી, એમના અસ્તિત્વ માત્રથી પરોપકાર થાય જ. સૂર્યને તો હજુ ભ્રમણ કરીને પ્રકાશ ફેલાવવો પડે છે. સાધુ વગર પરિભ્રમણે પણ પરોપકાર ફેલાવે છે, એ સમજાય છે ?

◆ ચારિત્રમાં આનંદ ગુરુભક્તિના પ્રભાવથી જ મળે છે. ગુરુને ભગવાન તુલ્ય માનીએ તો ભગવાનનું અપમાન નથી થતું, પણ ભગવાન વધુ રાજી જ થાય છે. આખરે ગુરુ-પદની સ્થાપના ભગવાને જ કરી છે ને ?

ત્રણ તીર્થમાં પ્રથમ ગણધર પણ તીર્થ છે. તેની સ્થાપના ભગવાને જ કરી છે. ચતુર્વિધ સંઘની પણ સ્થાપના ભગવાને જ કરી છે. આપણા સૌમાં ભગવાનની શક્તિ કામ કરી રહી છે.

**◆ વિશ્વના બધા જ પદાર્થો કંઈક ને કંઈક પરોપકાર કરે જ છે. પરોપકાર ન કરે એવો એક તો પદાર્થ બતાવો. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તો ઉપકાર કરે જ છે. આકાશ પણ જગા આપીને ઉપકાર કરે જ છે ને ? પુદ્ગલ પણ ઉપકાર કરે છે. શરીર, મન, વચન, પુદ્ગલમાંથી જ બનેલા છે ને ? એ વિના મોક્ષને યોગ્ય સાધના થઈ શકશે ? વજ્રઋષભનારાચ સંઘયણ, પુદ્ગલ વિના શું છે ?**

સિદ્ધોમાં જીવત્વ છે ને ?

જ્યાં શુદ્ધ જીવત્વ હોય ત્યાં સહજ પરોપકાર હોય જ. તીર્થંકરો પણ સિદ્ધોના આલંબને કર્મ ખપાવે.

આપણી શક્તિ તેવી ખરી, પણ અપ્રગટ છે.

પ્રગટ શક્તિવાળાના આલંબનથી જ અપ્રગટની શક્તિ પ્રગટે.

◆ ગુરુ કેવા હોય ?

**નય-નિક્ષેપ પ્રમાણે, જાણે જીવાજીવ,**
**સ્વ-પર વિવેચન કરતાં થાયે લાભ સદીવ;**
**નિશ્ચય ને વ્યવહારે વિચરે જે મુનિરાજ,**
**ભવસાયર તારણ નિર્ભય તેહ જહાજ.**

–અધ્યાત્મગીતા.

આવા ગુરુ જ જહાજ બનીને તારી શકે છે. અધ્યાત્મગીતાની આ ગાથા છે. પહેલા હિન્દુઓની ગીતાની જેમ આનો પણ સ્વાધ્યાય થતો.

દુર્ગતિમાં જવા ન દે તે ગુરુ છે.

ગુરુ માત્ર નેત્ર ઊઘાડનારા નથી, નેત્ર આપનારા પણ છે. બે આંખ છે, પણ ત્રીજી વિવેકની – જ્ઞાનની આંખ આપણી પાસે નથી તે ગુરુ આપે છે. આવા ગુરુની સેવા કેમ કરવી ?

**દર્દી ડૉક્ટરને સમર્પિત રહે તો જ આરોગ્ય પ્રાપ્ત કરી શકે.**

**શિષ્ય ગુરુને સમર્પિત રહે તો જ ભાવ આરોગ્ય પ્રાપ્ત કરી શકે.**

ભગવાન હાજર નથી, પણ એમનું પદ ગુરુ સંભાળી રહ્યા છે. ગુરુની શક્તિ તો કામ કરે જ છે, પણ શિષ્યનું સમર્પણ કેવું છે તે પર બધો આધાર છે. સિદ્ધોને, ભગવાનને કે ગુરુને આપવું નથી પડતું, પણ શિષ્ય સ્વ-યોગ્યતા મુજબ તે મેળવી જ લે છે.

**અહીં બલ્બ પ્રકાશે છે, પણ એનો પ્રકાશ પાવર હાઉસમાંથી આવે છે. ગુરુમાં જ્ઞાન-પ્રકાશ પણ ભગવાનમાંથી આવે છે.**

આવા ગુરુની જેણે અમૃત-વાણી પીધી તેઓ અમર બની ગયા.

પાણી વિના જીવી ન શકાય. ગામના વસવાટ પહેલા પાણીની સગવડ જોવાય. આધ્યાત્મિક જીવન પણ જિન-વાણી વિના ન ચાલી શકે. એ જિનવાણી સંભળાવનાર ગુરુ છે.

જિનવાણી એટલે જ્ઞાનનું અમૃત !

જેમણે જ્ઞાનનું અમૃત પીધું, ક્રિયાના અમૃતફળો ચાખ્યા, સમતાનું પાન ખાધું તેના હૃદયમાં આનંદનો નિરવધિ સમુદ્ર હિલોળા લેતો રહે છે.

ભાવના જ્ઞાનથી ભાવિત થયેલો આત્મા કર્મથી લેપાતો નથી, પણ એ ભાવનાજ્ઞાન પણ ગુરુ પાસેથી જ મળે છે.

જ્ઞાન સંપૂર્ણરૂપે ગુરુને આધીન છે. ગુરુ-ભક્તને શાસ્ત્રના ગુપ્તમાં ગુપ્ત રહસ્યો મળી શકે છે.

અભયકુમારને આકાશગામિની વિદ્યા ન્હોતી આવડતી છતાં પદાનુસારિણી પ્રજ્ઞાથી તેણે તે વિદ્યાની પૂર્તિ કરી દીધેલી, તે સમર્પણનો જ પ્રભાવ છે. કોઈને પણ તમે પૂછો તેઓ પોતાના ગુરુનો પ્રભાવ જ વર્ણવશે. અન્ય દર્શનીઓ તો ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહે છે :

**"गुरु-ब्रह्मा गुरु र्विष्णु, र्गुरुर्देवो महेश्वरः ।"**

અમને પણ કેટલાક અજૈન બોલાવે તો કહે : **'प्रभु ! आदेश दो ।'** આમ તેઓ પ્રભુ કહીને બોલાવે.

ગુરુ-કૃપા વિના આત્માનુભૂતિનું વિકટ કાર્ય પૂરૂં નહિ થાય. દરેક જન્મમાં બધું મળ્યું છે, પણ આત્માનુભૂતિ નથી મળી. ગુરુકૃપા વિના એ ન જ મળે.

એકાદ પદને પણ ભાવિત કરવાથી તે મોક્ષનું કારણ બની શકે, જો તેમાં ગુરુ-સમર્પણ ભળેલું હોય. માષતુષ, ચિલાતીપુત્ર આદિ આનાં ઉદાહરણો છે.

આપણને તો કેટલાય આગમો-શ્લોકો કંઠસ્થ છે. પણ ખામી એ છે કે એ જ્ઞાન ભાવિત નથી.

◆ હમણા પાણી વાપરતાં શાસ્ત્રીય પદાર્થ યાદ આવ્યો છે, જેનો નિર્દેશ હરિભદ્રસૂરિજીએ કરેલો છે : કોઈપણ જીવ સર્વ પ્રથમ ધર્મ કઈ રીતે પામે ? કયો જીવ પામે ?

યોગાવંચક પ્રાણી જ ધર્મ પામી શકે.

યોગાવંચક એટલે ગુરુમાં ભવતારકની બુદ્ધિ ધરાવનારો પ્રાણી ! આ ભવમાં કે પૂર્વભવમાં યોગાવંચકપણું મળ્યું હોય તે જ ધર્મ પામી

શકે. યોગાવંચક થયા વિના કોઈ જીવ ધર્મ પામી શકે નહિ.

"નિર્મળ સાધુ-ભક્તિ લહી, યોગાવંચક હોય;
ક્રિયાવંચક તિમ સહી, ફલાવંચક જોય."

–પૂ. આનંદઘનજી

અત્યાર સુધી ગુરુનો યોગ મળતો' તો પણ ઠગારો હતો. ગુરુના નામે ઘણા ઠગારા પણ ભટકાઈ ગયા.

'સોનું આપો બમણું કરી આપીશ' આવી બાવાજીની વાતો સાંભળી ઘણા ઠગાયા છે.

**પૂ. નવરત્નસાગરસૂરિજી :** તેમણે અપરિગ્રહનું પાલન કરાવી દીધુંને !

**પૂજ્યશ્રી :** છે ને ગુણાનુરાગી !

**મુનિ ધુરંધરવિજયજી :** તો પછી હત્યા કરીને સ્વર્ગે મોકલી દો ને ?

**પૂજ્યશ્રી :** પૈસો ગૃહસ્થોને અગ્યારમો પ્રાણ છે. તેણે ત્યાગ નથી કર્યો. આવા ગુરુઓ જોઈને જ કોઈએ કહ્યું હશે :

"કપટી ગુરુ લાલચી ચેલા;
દોનોં નરકમેં ઠેલંઠેલા."

એટલે જ જ્ઞાની, ક્રિયાવાન, નિઃસ્પૃહ આત્માનુભૂતિમાં રમણ કરનારા ગુરુ જ સ્વયં તરે અને બીજાને તરાવે.

આવા ગુરુમાં તારકતાના દર્શન થાય તે યોગાવંચકપણું છે.

આવા ગુરુના દર્શન કરો ને પાપ જાય. દર્શનમાત્રથી કેટલું બધું આવે ? માટે જ તો ગોચરી-પાણી વહોરતી વખતે ધર્મલાભ આપો છો ને ? ધર્મલાભથી મોટો લાભ કયો ?

ન વહોરાવે તોય ધર્મલાભ આપવો. આવું આપણા ગુરુદેવોએ શીખવાડ્યું છે.

આવા ગુરુ આપણી અંદર રહેલું વીરપણું [સિંહત્વ] જગાડે છે.

"વીર જિનેશ્વર ચરણે લાગું,
વીરપણું તે માંગું રે;

મિથ્યા મોહ તિમિર ભય ભાંગ્યું,

જીત નગારું વાગ્યું રે,,,''

આવું વીરપણું આપણે મેળવવાનું છે.

વીર પરથી જ વીર્ય શબ્દ બન્યો છે. વીર્યશક્તિથી જ દરેક કાર્ય સફળ બને. જ્ઞાન ભણ્યા પછી પણ ક્રિયા આદિમાં આગળ વધવા વીર્ય-શક્તિ જોઈએ. પંચાચારની આરાધનાથી જ વીર્યાચારની શક્તિ વધે છે.

**ગુરુ તમારા પ્રમાદને ઊડાડી તમને ક્રિયામાં જોડે છે. માટે જ પછી ક્રિયાવંચકતા મળે છે.**

**પૂ. મુનિ ધુરંધરવિ.મ.** : ક્રિયામાં જોડી રાખશો તો ધ્યાન ક્યારે?

**પૂજ્યશ્રી** : ક્રિયા કરતાં નિર્વિકલ્પમાં જવાય.

**પૂ. ધુરંધરવિ.મ.** : ક્રિયા કરતાં ડોસા થઈ ગયા.

અત્યારે તો ધ્યાનનો ક્રેઝ ચાલે છે.

**પૂજ્યશ્રી** : હું ક્યાં ધ્યાનનો નિષેધ કરું છું ? પણ કહું છું : સવિકલ્પમાંથી જ નિર્વિકલ્પમાં જઈ શકાય. પહેલા મન, વચન, કાયાને શુભમાં પલટાવો પછી નિર્વિકલ્પમાં જાવ. સીધા સાતમા માળે ન જવાય.

**પૂ. ધુરંધરવિ.મ.** : ગુરુ ધ્યાન ન આપી શકે ? ઘણા ગુરુ દાવા તો કરતા હોય છે.

**પૂજ્યશ્રી** : ભલે આપે. જોઈશું.

**પૂ. ધુરંધરવિ.મ.** : કેવું આપે ?

**પૂજ્યશ્રી** : એ લોકો જેવું શીખ્યા હોય તેવું જ આપે ને ?

તમારા ગુરુ મહારાજ [પૂ. પં. ભદ્રંકરવિ.મ.] નું સાહિત્ય વાંચો. એમાં આ બધું જ છે.

◆ સામાયિક ધર્મ પુસ્તક એમનું જ છે, એમના જ પદાર્થો છે. નામ માત્ર મારું છે.

એમની જ ભલામણથી ધ્યાન-વિચાર ગ્રન્થ વાંચવા કાઢેલો. મેં એ કાઢ્યો ને મને લાગ્યું : મને સાક્ષાત્ સર્વજ્ઞ મળી ગયા.

પૂર્વાચાર્યોના અક્ષરો વાંચવાથી જ જૈન ધ્યાન પદ્ધતિ પર પરમ શ્રદ્ધા થઈ.

**જૈન શાસન બંધાયેલું છે : જ્યાં તમારી અટકેલી સાધના છે તેને આગળ વધારવા માટે.**

મનમાં કોઈ દુઃખ નહિ લગાડતા, જૈન શાસન પ્રત્યેના પ્રેમથી જ આ બધું બોલ્યો છું. તમે આના આદરથી નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરો – એવા મનોરથ છે.

### *નીતિ પર દૃઢતા*

*અમેરિકામાં વસતા એક ભાઈ બેંકમાં ડીરેક્ટરના હોદ્દા પર આવ્યા. તેમને અનેક ગ્રાહકોને લોન આપવાનું કામ સોંપવામાં આવ્યું. એકવાર લોનના કાગળો જોતાં ખ્યાલ આવ્યો કે આમા તો કતલખાના જેવા કાર્યો થાય છે. અને તેમણે તે હોદ્દાનો ત્યાગ કર્યો. છ માસ નોકરી વગર રહેવું પડ્યું. ઘણી તકલીફ થઈ પણ ખોટું કાર્ય છોડ્યાનો આનંદ તેમને તકલીફમાં મુંઝવતો ન હતો. સદ્‌બુદ્ધિ વડે શ્રદ્ધામાં ટક્યા.*

*સાંભળવામાં આવેલું કે માછલા પકડવાની જાળની મોટી ફેક્ટરી ઉભી થયેલી. તેના શેરો જૈનોએ પણ લીધા હતા. આમાં બુદ્ધિ પણ કેવી ? શ્રદ્ધાનો તો જાણે દુષ્કાળ જ !*

— સુનંદાબેન વોરા



શ્રા. સુદ-૧૨.

૧૧-૮-૨૦૦૦, શુક્રવાર

◆ સ્વાધ્યાય સાધુનો ખોરાક છે. સ્વાધ્યાય જોરદાર તેટલી આત્માની પુષ્ટિ જોરદાર. સ્વાધ્યાયથી મન શાસ્ત્રમાં રહે. આથી ધ્યાનની પૂર્વ-ભૂમિકા તૈયાર થઈ જાય.

સ્વાધ્યાય પ્રેમી સહજ રીતે ધ્યાન કરી શકે.

માટે જ અભ્યંતર તપમાં સ્વાધ્યાય પછી ધ્યાન કહ્યું છે.

◆ ઉપયોગ અને ધ્યાન એકાર્થક છે.

ઉપયોગ એટલે જ ધ્યાન.

ધ્યાન એટલે ઉપયોગ.

ઉપયોગ નથી રહેતો માટે જ આપણી ક્રિયાઓ ધ્યાન નથી બનતી. ઉપયોગ વગરની ક્રિયા દ્રવ્ય ક્રિયા ગણાય.

સ્વાધ્યાયમાં વાચના, પૃચ્છના, પરાવર્તના સુધી હજુ દ્રવ્ય ક્રિયા હોઈ

ઉપયોગ નથી રહેતો માટે જ
આપણી ક્રિયાઓ ધ્યાન નથી બનતી.

શકે. પણ અનુપ્રેક્ષા ઉપયોગ વિના ન જ થઈ શકે માટે અનુપ્રેક્ષા ધ્યાન છે.

માત્ર ઉપયોગને સિદ્ધ કરી લઈએ તો બધું ધ્યાનરૂપ બની જાય.

પૂ. આનંદઘનજી કહે છે :

''દહતિગ પણ અહિગમ સાચવતાં,

ઈકમના ધુરિ થઈએ રે...''

એકમના દશત્રિકથી થવાય છે. એકમના એટલે જ ઉપયોગ સહિત સાધક !

યોગની વ્યાખ્યા : મોક્ષ [ભગવાન] સાથે જોડી આપે તે યોગ.

મોક્ષ અને ભગવાન ક્યાં જુદા છે ?

ટૂંકમાં, **આત્માને પરમાત્મા બનાવે તે યોગ.**

ઈચ્છાયોગ વગેરેમાં પણ યોગ શબ્દનો પ્રયોગ થયેલો છે.

ઈચ્છાયોગ રુચિ છે.

સામર્થ્ય યોગ અનુભૂતિ છે.

અનુભૂતિનું મૂળ રુચિ છે. રુચિમાં જ ખામી હોય તો અનુભૂતિની આશા છોડી દેવી જોઈએ.

દરેક અનુષ્ઠાનો ઉપયોગપૂર્વક થાય તો કામ થઈ જાય, બધી ક્રિયાઓ ભાવ-આવશ્યક બની જાય.

ઉપયોગ ન હોય ત્યાં સુધી ચૈત્યવંદન, પ્રતિક્રમણ આદિ દ્રવ્યક્રિયા જ કહેવાય.

ઉપયોગ ભળશે તો ભગવાન પ્રત્યે બહુમાન જાગશે.

અર્થમાં મન ભળે એટલે ભગવાન પ્રત્યે બહુમાન જાગે જ.

નમુત્થુણં ના અર્થ જાણ્યા એટલે જ સિદ્ધર્ષિને ભગવાનની કરુણા સમજાઈને ? એટલે જ જૈનદર્શનમાં સ્થિર થયાને ?

ઉપયોગપૂર્વક આનંદઘનજી આદિના સ્તવનો બોલો. તમારી ચેતના ઝંકૃત થઈ ઊઠશે.

'અભિનંદન જિન દરિસણ તરસીએ.....'

બોલતાં ખરેખર તમારી ચેતના દર્શન માટે તલસાટ અનુભવશે.

ચન્દ્રપ્રભસ્વામીના સ્તવન બોલતાં લાગશે :

અનાદિ કાળમાં ક્યાં આવા દર્શન થયા છે ? અત્યારે દર્શન થયા છે તો ધરાઈને કરવા દે.

વિમલનાથના સ્તવનમાં દર્શન થયાનો આનંદ છે :

'વિમલજિન...! દીઠા લોયણ આજ...'

◆ પુદ્‌ગલાસ્તિકાય જેમ દ્રવ્યરૂપે એક છે તેમ જીવાસ્તિકાય પણ એક જ દ્રવ્ય છે, જેમાં નિગોદથી સિદ્ધ સુધીના સર્વ જીવો આવી ગયા. એકપણ જીવ બકાત નહિ.

આ જીવોને આત્મવત્ જોવાના છે.

**'आत्मवत् सर्वभूतेषु ।'** આગળ વધીને કહું તો જીવો પરમાત્મતુલ્ય જોવાના છે. આ કક્ષા આવ્યા પછી ભેદ ખતમ થઈ જશે.

◆ અત્યારે જે રીતે બધા ભેગા થઈને કામ કરીએ તે રીતે હંમેશ માટે ભેગા થઈને કામ કરવામાં આવે તો જૈન શાસનનો જય-જયકાર થઈ જાય. અહીંયા મારા-તારાના ભેદ કેવા ?

◆ યોગ એટલે ધ્યાન, સમાધિ વગેરે. ટૂંકમાં, મોક્ષના બધા જ સાધનો યોગ છે. ભગવાન સાથે જોડી આપે તે યોગ. ભક્તિ પણ યોગ છે, જે ભગવાન સાથે જોડી આપે છે.

**'तस्मिन् परमप्रेमरूपा भक्ति : ।'**

-નારદીય ભક્તિસૂત્ર

◆ વ્યવહારથી સમ્યગ્દર્શન **વિનય** છે.

ચૈત્યવંદન આદિ વિનયના સૂચક છે.

સમકિતના સડસઠ ભેદો જુઓ, દેવ-ગુરુનો પરમ વિનય જ દેખાશે. પાંચ શંકા-દૂષણ વગેરે ટાળવા એટલે દેવ-ગુરુ પ્રત્યે અવિનય ટાળવો.

સાંભળવાની ઈચ્છા શુશ્રુષા. શુશ્રુષા હોય ત્યાં જ્ઞાન આવે જ.

અનુષ્ઠાનોની આરાધના તે સમ્યક્ ચારિત્ર છે. મતલબ વિનયથી સમ્યગ્દર્શન, શુશ્રુષાથી સમ્યગ્જ્ઞાન અને અનુષ્ઠાનારાધનથી સમ્યક્-ચારિત્ર મળે છે.

◆ યોગવિંશિકાનો સંપૂર્ણ સાર જ્ઞાનસારના યોગાષ્ટકમાં માત્ર આઠ શ્લોકોમાં બતાવ્યો છે.

તેમાં લખ્યું : ચૈત્યવંદન આદિમાં સ્થાનાદિનો ઉપયોગ કરવો.

સ્થાન, વર્ણ - ક્રિયાયોગ.

અર્થ, આલંબન, અનાલંબન જ્ઞાનયોગ છે.

અર્થ આદિનું ભાવન કરીએ તો જ ચૈત્યવંદન ભાવ ચૈત્યવંદન થઈ શકશે.

સ્થાન-વર્ણમાં પ્રયત્ન અને અર્થાદિમાં વિભાવન કરવાનું છે.

આ પાંચ [સ્થાન આદિ] માં ધ્યાન રાખવું ક્યાં ? એવું નહિ વિચારતા. મનનો એટલો શીઘ્ર સ્વભાવ છે કે એક સાથે ચારેયમાં પહોંચી વળે.

મનના બાળકને છુટ આપી દેવાની : આ ચારમાં ગમે ત્યાં જા. છુટ છે.

સ્થાનમાં કાય.

વર્ણમાં વાણી.

**અર્થાદિમાં મનને જોડવાનું છે. મનને જોડવું જ કઠણ છે. મન જોડો. કદાચ છટકી જાય તો ફરી ત્યાં જોડો. નામું લખતી વખતે મન બે ધ્યાન બને તો ફરી મનને ત્યાં જોડો છો ને ? તેમ મનને અહીં પણ ફરી ફરીને જોડો. ટ્રેનિંગ આપો તો આ થઈ શકે તેમ છે. મન સાવ બેવફા નથી. થોડુંક તો માનશે જ.**

રસગુલ્લામાં મન એકાગ્ર થઈ શકતું હોય તો આવા અનુષ્ઠાનમાં કેમ એકાગ્ર ન થાય ?

અશુભમાં એકાગ્રતા માટે તો પ્રયત્ન કરવો જ નથી પડતો, શુભ માટે જ કરવો પડે છે.

મન જો તમે કહો ને કરવા માંડે તો જ તે તમારો સેવક ગણાય. મન ઈચ્છા પ્રમાણે કર્યા કરે ને તમે લાચારીપૂર્વક જોયા કરો તો તેમાં તમારી સ્વામિતા નથી.

◆ ભગવતીમાં ઉલ્લેખ આવે છે : શિવરાજર્ષિને ૭ દ્વીપ-સમુદ્રનું

અવધિજ્ઞાન થયું ને તેણે જાહેર કર્યું : જગત આટલું જ છે.

પુદ્ગલ પરિવ્રાજકને પાંચમા દેવલોક સુધી જ્ઞાન થયું ને તેણે તે પ્રમાણે જાહેરાત કરી.

આજનું વિજ્ઞાન આ જ કરે છે ને ? જેટલું જાણે છે તે જ સંપૂર્ણ છે. એમ જ માને છે ને ? આ જ કૂપમંડૂકવૃત્તિ છે.

કૂવાના દેડકાએ કૂવા સિવાય કાંઈ જાણ્યું જ નથી. તે દરિયાને શી રીતે જાણી શકે ?

તે વખતે લોકોમાં આવી વાતો ફેલાવીને તેનું નિરાકરણ કરવા ગૌતમસ્વામી ભગવાનને પૂછતા ને ભગવાન તેનું નિરાકરણ કરતા.

અધકચરું જ્ઞાન ખતરનાક છે. શિવરાજર્ષિ આદિને તો ભગવાન મળ્યા, પણ આપણને ? આપણે અધૂરા જ્ઞાનથી છલકાઈ રહ્યા છીએ.

◆ ક્ષપકશ્રેણિ, કેવળજ્ઞાન, અયોગી ગુણસ્થાનક ઈત્યાદિનું વર્ણન શાસ્ત્રમાં મળે જ છે. પણ શાસ્ત્ર વાંચવા માત્રથી કાંઈ કેવળજ્ઞાન થઈ જતું નથી. એ માટે તમારે શાસ્ત્રથી અતિક્રાન્ત થવું પડે. શાસ્ત્ર અહીં થોભી જાય છે. શાસ્ત્રનું કામ માત્ર દિશા બતાવવાનું છે. ચાલવાનું તો આપણે છે. બીજો માણસ મંઝિલની મુખ્ય-મુખ્ય માહિતી આપે, પણ ચાલવાનો અનુભવ તો અનુભવથી જ મળે ને ?

શાસ્ત્રો માઈલસ્ટોન છે. માઈલસ્ટોન તમે કેટલું ચાલ્યા ? તે જ બતાવે, પણ બીજું બધું ન બતાવે. તેમ શાસ્ત્રની પણ મર્યાદા છે.

કોઈ માણસ રસોઈની આઈટમોના નામ કહે એટલા માત્રથી પેટ ન ભરાય. એ માટે ભોજન કરવું પડે.

એ જ રીતે શાસ્ત્રની વાતો જીવનમાં ઊતારવી પડે. પછી આગળ જતાં એવી દશા આવે કે શાસ્ત્રો પણ પાછળ રહી જાય. આ સામર્થ્ય-યોગ છે.

સામર્થ્યયોગથી પ્રાતિભજ્ઞાન મળે છે. પછી પ્રાતિભજ્ઞાન કેવળજ્ઞાન સુધી લઈ જાય છે. યોગાચાર્યોએ ખાસ પ્રાતિભજ્ઞાન શબ્દ પ્રયોજ્યો છે.

◆ જે ભૂમિકામાં હોઈએ ત્યાંથી શરૂ કરવું પડે. આપણે અહીં પાલીતાણા આવ્યા. કોઈ ૫૦૦, કોઈ હજાર, કોઈ અઢી હજાર કિ.મી.

દૂરથી આવ્યું. તો જેઓ જેટલા દૂર હોય ત્યાંથી તેમને ચાલવું પડે.

**આપણે જે ભૂમિકામાં હોઈએ ત્યાંથી પ્રારંભ કરવો પડે. તળેટીમાં ઉભેલો શિખરથી યાત્રા શરૂ ન કરી શકે.**

◆ પ્રાતિભજ્ઞાનમાં આત્મવીર્યની પ્રધાનતા છે. તે ક્ષપકશ્રેણિ વખતે હોય છે. જેમ કોઈ વેપારી અમુક સમયે એકેય લેણદારોને પોતાની પાસે આવવા દેતો નથી તેમ ક્ષપકશ્રેણિગત આત્મા એકેય કર્મપ્રકૃતિને વચ્ચે આવવા દેતો નથી. મુદ્દત આપી હોય એટલે લેણદારો માંગવા આવે જ. એક સાથે માંગવા આવે ત્યારે આજનો વેપારી દેવાળું ફૂંકી દે ને ?

**પૂજ્ય હેમચન્દ્રસાગરસૂરિજી :** વેપાર કર્યો લાગે છે.

**પૂજ્યશ્રી :** બધા નાટક કર્યા છે. પણ આવું ક્યારેય કર્યું નથી. ભૂલથી પણ અન્યાય નથી કર્યો. કોઈ ભૂલી જાય તો સામેથી યાદ કરાવ્યું છે.

◆ બાંધેલા કર્મો તો ઉદયમાં આવે જ. બાંધતી વખતે તમે સ્વતંત્ર, ભોગવતી વખતે પરતંત્ર ! ભોગવતી વખતે સમતા જ રાખવાની હોય !

તમને શું ? મને પણ જીવલેણ વ્યાધિ આવી છે. તે વખતે ભગવાનના તત્ત્વજ્ઞાને જ મને દુર્ધ્યાનથી બચાવ્યો છે. નહિ તો તે વખતે ગુસ્સો પણ આવી જાય : કોઈ સેવા કરતું નથી વગેરે. પણ એક આંગળીની પીડા બીજી આંગળી લઈ શકતી નથી તો આપણી પીડા બીજા કેમ લઈ શકે ?

**યશ-અપયશ-સાતા-અસાતા બધું જ અશાશ્વત છે, ચાલ્યા જનાર છે. વિહારમાં સારો ને ખરાબ બન્ને રસ્તા ચાલ્યા જવાના છે, એમ માનીએ ને ? તેમ અહીં પણ આ બધું ચાલ્યું જવાનું છે, એમ માનીને સમતા રાખવાની છે.**

**આમ કરવાથી જ રાગ-દ્વેષાદિ લુંટારા જીતી શકાશે.**

**ભગવાનના ભક્ત પર તે સૌ પ્રથમ હુમલાં કરે. કારણ કે તેમને ગુસ્સો છે : ભગવાને અમારું અપમાન કર્યું છે. હવે એમના ભક્તોને નહિ છોડીએ. એટલે રાગ-દ્વેષાદિ ભક્ત પર હુમલો કરે છે, પણ ભક્ત**

**પણ ક્યાં ગાંજ્યો જાય તેમ છે ?**

**એને વિશ્વાસ છે : મારી મનની ગુફામાં સિંહ જેવા ભગવાન બેઠા છે. રાગ-દ્વેષાદિ પશુઓની શી તાકાત છે કે તેઓ આવી શકે?**

**ગામની બહાર સિંહનું પૂતળું મૂકી જુઓ. બીજા રાની પશુઓ જોઈને જ ભાગી જશે.**

**પૂજ્ય નવરત્નસાગરસૂરિજી :** સિંહના પગલાને જોઈને પણ ભાગી જાય.

**પૂજ્યશ્રી :** આપણે સૌ તો ભગવાનના કિલ્લામાં છીએ. અહીં અશુભ ભાવોનો સ્પર્શ ક્યાંથી ?

સામર્થ્યયોગ આપણે સૌએ મેળવવાનો છે, પણ એ મળશે શાસ્ત્રયોગ દ્વારા ને શાસ્ત્રયોગ મળશે ઈચ્છાયોગ દ્વારા.

અત્યારે તો ઈચ્છાયોગ આવી જાય તોય મોટી વાત છે.

પ્રભુ ! મને એ માટે બળ આપો, એમ ભગવાનને પ્રાર્થો.

*'કહે, કલાપૂર્ણસૂરિ'' તથા ''કહ્યું કલાપૂર્ણસૂરિએ'' બંને પુસ્તકો મળેલ છે. પૂજ્યપાદ આચાર્ય ભગવંત વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબના સાધના-જિનભક્તિ રસપૂર જીવનથી નીતરતી સાધક વાણી ઉપલબ્ધ કરાવવા બદલ ધન્યવાદ..... આનંદ..... અનુમોદના.....*

*આ શુભ પ્રયાસો ચાલુ રાખવા વિનંતિ.....*

*શ્રુતભક્તિમાં સુંદર ઉદ્યમ કરી સ્વાધ્યાય-શીલ રહો છો તે બદલ અભિનંદન.....*

*-આચાર્ય કલાપ્રભસાગરસૂરિ*

*હૈદ્રાબાદ*



## એક ક્ષમા ગુણ આવી જાય તો કેટલી તૃપ્તિ અનુભવાય ?

ૐ

**શ્રા. સુદ પ્ર. ૧૩.**

**૧૨-૮-૨૦૦૦, શનિવાર**

◆ આ જન્મમાં વિશ્વાસ થઈ જાય : 'હવે મારો ભવભ્રમણનો ભય ગયો.' એવી સાધના કરી લો.

'આજ ભવ-ભ્રમણનો ભય મટ્યો.' આવા ઉદ્ગારો ક્યારે નીકળે ? અનુભવીઓના ગ્રન્થો વાંચો. તેમની કૃતિમાં આવો આત્મ-વિશ્વાસ છલકાતો દેખાશે.

એકેન્દ્રિય જીવો માટે પણ ભાવના ભાવવાની છે : તેઓ માનવ-જન્મ પામી જલ્દી મોક્ષ મેળવે.

[**एकेन्द्रियाद्या अपि हन्त जीवा :**

-વિનયવિજયજી, શાન્તસુધારસ]

પણ આપણે તો આપણા આત્મા માટે પણ આવી ભાવના નથી ભાવતા. ભગવાનનો સ્વભાવ છે : જે શરણું સ્વીકારે તેનું ભવ-ભ્રમણ દૂર કરવું. ભગવાનનું '**भविनां भवदम्भोलि :** ।' વિશેષણ છે.

એક જ ઘઉંના લોટમાંથી ઘણી જાતની મીઠાઈઓ બને તેમ એક જ આ મુદ્દા [ભવભ્રમણનો ભેદ] પર અલગ-અલગ પ્રકારના શાસ્ત્રો રચાયા છે.

◆ ગુણોથી આત્મા તૃપ્ત થાય. પુદ્‌ગલોથી શરીર ઘણીવાર તૃપ્ત થયું, પણ આત્મા અનાદિકાળથી અતૃપ્ત છે, એનો કદી વિચાર આવ્યો ?

એક ક્ષમા ગુણ આવી જાય તો કેટલી તૃપ્તિ અનુભવાય ? આત્મા તો તૃપ્ત બને જ, શરીર પણ સ્વસ્થ બને. ક્રોધ, આવેશ, અધીરાઈ ઈત્યાદિથી શરીર પણ રોગગ્રસ્ત બને છે, એમ હવે સિદ્ધ થઈ ચૂક્યું છે.

સદા પ્રસન્ન અને ક્ષમાથી યુક્ત મુનિ એટલે જ નીરોગી હોય.

''**अलौल्यमारोग्यमनिष्ठुरत्वम्** ।'' યોગ પ્રવૃત્તિના પ્રથમ ચિહ્નોમાં આરોગ્ય પણ છે. સર્વ જીવોને કરુણાપૂર્ણ નજરથી જોતા સાધુના ચિત્તમાં સદા સમતા રહે છે.

લીલોતરી વગેરે પર નજર કરતાં પણ સાધુની આ જ દૃષ્ટિ હોય છે.

ભગવાનમાં તો આવા અનંતાનંત ગુણો ઊઘડેલા છે. કેવળી સિવાય એ ગુણો કોણ જાણી શકે ? કોણ વર્ણવી શકે ?

આ ગુણો જાણ્યા પછી એ મેળવવા લોભ નહિ જાગે ? અહીં લોભ જાગવો પાપ નથી.

એકાદ ગુણથી આપણે કેટલા ગાજીએ છીએ ? ગુણ આવે એ પહેલા અહંકાર આવી જાય છે. ને ગુણદોષમાં પલટાઈ જાય છે. આવા છીએ આપણે.

દર્શન મોહનીયના ક્ષયોપશમ વિના ગુણો આવે તો આવી જ હાલત થાય. દર્શન મોહનીય આદિ સાત [અનંતાનુબંધી સપ્તક] પ્રકૃતિ ખૂબ જ ખતરનાક છે.

**◆ જ્ઞાન મેળવવું અલગ વાત છે, એને ક્રિયાન્વિત કરવું અલગ વાત છે. યોગ આપણને જ્ઞાનને ક્રિયાન્વિત કરવાનું કહે છે, પ્રદર્શક નહિ પ્રવર્તક જ્ઞાન મેળવી લેવાનું કહે છે. પ્રવર્તક જ્ઞાન આવતાં જ જીવનમાં પરિવર્તન શરૂ થઈ જાય છે. આ જ એની નિશાની છે.**

કોઈ અપૂર્વ જ્ઞાન મળતાં બેસી ન રહો. એને જીવનમાં ઊતારી લો. સમય બહુ ઝડપથી સરકી રહ્યો છે. ભગવાન ગૌતમસ્વામીને કહે છે : દાભની અણી પર રહેલા બિંદુને પડતાં વાર શી ? આ જીવનને જતાં વાર શી ? માટે પ્રમાદ ના કરો.

પણ ભગવાનની વાણી પણ લોકોએ નથી સ્વીકારી તો મારી વાત તો ક્યાંથી સ્વીકારવાના ? સાંભળવા રોજ આવો છો એ પણ મોટો ઉપકાર !

◆ સામર્થ્યયોગ બે પ્રકારે :

(૧) ધર્મ સંન્યાસ.

(૨) યોગ સંન્યાસ. સંન્યાસ એટલે વિરતિ. સંન્યાસ એટલે અટકવું. બીજા અપૂર્વકરણ [આઠમા ગુણઠાણે] માં આ સામર્થ્યયોગ સાચા અર્થમાં આવે છે. એ પહેલા અતાત્ત્વિક સામર્થ્યયોગ દીક્ષા લેતા સમયે હોઈ શકે છે.

**◆ ઊંચી ભૂમિકામાં ગયા પછી નીચી ભૂમિકાના ગુણો લુપ્ત નથી થતા, એ જ પુષ્ટ બનતા રહે છે. માર્ગાનુસારી, શ્રાવક વગેરેના ગુણો વધુ ને વધુ પુષ્ટ થતા રહે છે. લાખ રૂપિયા થયા એટલે પહેલાના દસ હજાર ગયા તેમ નહિ, પણ તે દસગણા થયા.**

આઠમા ગુણસ્થાનક સિવાય શ્રેણિ મંડાતી નથી. શ્રેણિ વિના કેવળજ્ઞાન નહિ. કેવળજ્ઞાન વિના મોક્ષ નહિ. અત્યારે આ બધું નથી મળવાનું એટલે આપણે ઉદાસીન થઈને બેઠા છીએ. આ જ આપણી ભૂલ છે. અત્યારે મળેલી સામગ્રી પર્યાપ્ત નથી, સામગ્રી પર્યાપ્ત મળશે ત્યારે જોરદાર સાધના કરીશું, મહાવિદેહમાં જઈને સીમંધર સ્વામી પાસે ઘોર સાધના કરીશું, આવું વિચારનારા એ જોતા નથી કે અત્યારે મળેલી સામગ્રીનો પર્યાપ્ત ઉપયોગ ન કર્યો તો ક્યા આધાર પર આગળની ઉત્તમ સામગ્રી મળશે ? મહાવિદેહ મળી જશે કદાચ, પરંતુ ત્યાંથી મોક્ષ મળશે જ એવું નિશ્ચિત છે ? ત્યાંથી મોક્ષે જનારા છે તેમ સાતમી નરકે જનારા પણ છે, એ ભૂલશો નહિ.

◆ મનને ફરે તેમ ફરવા દઈએ છીએ, મન ચપળ બને એનો આપણને જરાય વાંધો નથી. મળેલી સામગ્રીનો કોઈ ઉપયોગ નહિ.

સાધનાની કોઈ દૃષ્ટિ નહિ. છતાં આપણે કહીએ છીએ : મોક્ષ કેમ નહિ ?

મનને જબરદસ્તીથી ખેંચવાનું નથી. ખેંચશો તો મન વધુ છટકશે. ઉપા. યશોવિજયજીએ લખ્યું : મન સાથે પ્રેમથી કામ લોઃ હે બાળક મન ! તું કેમ ચંચળ છે ? તારે શું જોઈએ છે ? આનંદ. એ આનંદ તને સ્થિરતા બતાવશે. તું જરા સ્થિર થા. તારી અસ્થિરતા જ તને આનંદનો ખજાનો બતાવતી નથી.

આમ પ્રેમથી મનને સમજાવવાથી જ તે ધીરે-ધીરે વશમાં આવે છે, સાધના માટે અનુકૂળ બને છે.

પૂ. આનંદઘનજી, પૂ. યશોવિજયજી, પૂ. દેવચન્દ્રજી, આદિ મહાત્માઓનું મન ભગવાનમાં લાગી ગયું, સાધનાનો માર્ગ ખુલી ગયો, એનો અર્થ એ થયો એમણે પૂર્વ જન્મમાં સાધના કરેલી હશે. અધૂરી સાધના પૂરી કરવા જ તેમણે યોગિકુલમાં જન્મ લીધો છે.

મને પોતાને પણ આવો અનુભવ થાય છે. **જે ભક્ત ભગવાનને સમર્પિત થઈ ગયો તેની બધી અધૂરાશ પૂરી કરવા ભગવાન બંધાયેલા છે, એમ મને તો સતત લાગી રહ્યું છે.**

**विपत्तौ किं विषादेन, संपत्तौ हर्षणेन किम् ।**

**'જ્ઞાનીએ દીઠું હોય તે થાય.' આ વાત ભક્તને વધુ પ્રેરક બને છે, આરાધનામાં વધુ સક્રિય બનાવે છે ને અભક્તને નિષ્ક્રિય બનાવે છે.**

સિદ્ધગિરિ જેવી ઉત્તમ ભૂમિમાં આવ્યા છો તો સાધનાના માર્ગે ચાલવાનું શરૂ કરી જ દેજો. બીજા સ્થાને જે સફળતા મેળવતાં વર્ષો લાગે તે અહીં થોડા સમયમાં થઈ જાય, આ ભૂમિનો એટલો મહાન પ્રભાવ છે.

◆ કોઈપણ જીવ ગમે ત્યાંથી સિદ્ધ થઈ શક્તો નથી, તેને અહીં અઢીદ્વીપમાં આવવું જ પડે.

લિફ્ટમાં બેસીને ઉપરના માળે જઈ શકાય. તેમ અહીં આવીને જ સિદ્ધશિલાએ જઈ શકાય. પેલી લિફ્ટ તો તૈયાર છે ને તમે બેસી શકો, પણ અહીં કોઈ 'લિફ્ટ' તૈયાર નથી, તમારે પોતે જ એ તૈયાર કરવી પડે.

એ રીતે **આખું અઢીદ્વીપ તીર્થ છે. કારણ કે બધા જ જીવો અહીંથી જ મોક્ષે ગયા છે.** અઢીદ્વીપમાં પણ સિદ્ધાચલ સૌથી ઉત્તમ ક્ષેત્ર છે, જ્યાંથી સૌથી વધુ જીવો મોક્ષે ગયા છે. આ ભૂમિનો વિશિષ્ટ પ્રભાવ છે.

અહીં આવતાં વિશિષ્ટ આત્મ-વીર્ય ઉલ્લસિત થાય.

આત્મવીર્યને જણાવનાર આઠ શબ્દો છે : વીર્ય, શક્તિ, બલ, પરાક્રમ, ઉત્સાહ, સ્થામ, ચેષ્ટા અને સામર્થ્ય.

આત્મશક્તિ અલગ-અલગ પ્રકારથી કામ કરે છે, માટે તેને જણાવનારા શબ્દો પણ અલગ-અલગ છે. કોઈ શક્તિ ધોબીની જેમ ધોઈને કર્મોને વિખેરે. *કોઈ શક્તિ ઉંચી ઊછાળીને નીચે પટકે. કોઈ* કૂટી કૂટીને કર્મોને વિખેરે. એમ ધ્યાન-વિચારમાં બતાવ્યું છે.

◆ કેવળજ્ઞાનની જઘન્ય-મધ્યમ-ઉત્તમ અવગાહના કેટલી ? આવો શાસ્ત્રમાં પ્રશ્ન આવે છે.

આ તેજપુંજરૂપ કેવળજ્ઞાનની અવગાહનાની વાત છે.

ઉત્કૃષ્ટ અવગાહના લોકવ્યાપી, જે સમુદ્ઘાતના ચોથા સમયે હોય છે. લોકવ્યાપી ધ્યાનથી કેવળીઓ કર્મ ખપાવે છે, તે આ રીતે.

આવો સમુદ્ઘાત દર છ મહિને એકવાર તો થાય જ. એનો અર્થ એ કે દર છ મહિને એક કેવળજ્ઞાનીની તો મુકાલાત થાય જ છે. આપણી જો ભૂમિકા તૈયાર હોય તો આત્મ-શક્તિમાં ઉલ્લાસ વધે.

સમય સૂક્ષ્મ હોવાથી ભલે પકડી ન શકાય, પણ કાર્યરૂપે અનુભવી શકાય.

ચક્રવર્તીની સ્ત્રીના વાળના સ્પર્શ કરાવવા દ્વારા મોહરાજા જો પોતાનો ચમત્કાર બતાવી શકે તો કેવળીનો સ્પર્શ ચમત્કાર શા માટે ન સર્જી શકે ?

*તમે સંપાદિત કરેલ 'કહે, કલાપૂર્ણસૂરિ'' નામની પુસ્તિકાનો સાભાર સ્વીકાર છે. શ્રુતભક્તિની ભૂરિ ભૂરિ અનુમોદના.....*

*- આચાર્ય વિજય પ્રભાકરસૂરિ*

*અમદાવાદ*



ॐ

શ્રા. સુદ દ્વિ. ૧૩.

૧૩-૮-૨૦૦૦, રવિવાર

**સામૂહિક પ્રવચન**

સ્થળ : વાગડ સાત ચોવીશી.

વિષય : ગુરુભક્તિ

**પૂજ્ય મુનિ શ્રી ધુરંધરવિજયજી મ.:**

◆ ત્રણ રવિવારથી પાલીતાણા બિરાજમાન પૂજ્યશ્રીઓ પધારે છે. સંઘ પણ ઉલ્લાસપૂર્વક એકઠો થાય છે. ભિન્ન-ભિન્ન વિષયો પર પ્રવચનો થતા રહે છે. પ્રભુ-ભક્તિ, અરિહંતનો જાપ, શંખેશ્વરદાદાના અટ્ઠમ વગેરે પર પ્રવચનો રહ્યા. હવે આજે ગુરુ-ભક્તિ પર રહેશે.

**પૂજ્ય મુનિ શ્રી જીતરત્ન-સાગરજી :**

वह दिन पाटण के लिए खराब साबित हुआ था। हर आदमी की आंखो में आंसु थे । क्योंकि कलिकाल सर्वज्ञ श्री हेमचन्द्रसूग्जिी का स्वर्गवास हुआ था। गुजरात पर जितना उपकार श्री हेमचन्द्रसूरिजी का है. उतना दुसरों का

'મારી વાત રહેવી જોઈએ' આ ઈચ્છા તુટે
તો જ ગુરુ - સમર્પણ થઈ શકે.

शायद ही होगा ।

अग्नि संस्कार के समय कुमारपाल बच्चे की तरह रो रहे थे । कारण में कहा : दु:ख इस बात का है कि ऐसे गुरु मिलने पर भी एकबार भी गोचरी बहोरा नहीं सका । क्योंकि राजपिंड वे ले नहीं सकते थे । क्यों न मैंने राज्य का त्याग किया ?

यह है गुरु भक्ति !

प्रभु - आज्ञा का पालन गुरु करते है । गुरु-आज्ञा का पालन हमें करना है । गुरुतत्त्व के बिना कभी किसीका उद्धार नहीं हो सकता । देव-गुरु और धर्म इन तीनों के बीच गुरु है । मुख्य होता है वह बीच में ही रहता है । दीपक को बीच में रखने से दोनों कमरे में प्रकाश आ सकता है । इसे देहलीदीपक न्याय कहते है । देव और धर्म दोनों की पहचान गुरु के द्वारा होती है ।

प्राप्त करने जैसा गुण गुरु-समर्पण है ।

हृदयमें गुरु बसे हो वह तो ठीक है, लेकिन गुरु के हृदयमें हमारा स्थान हो जाय तो काम हो जायेगा । एकलव्य का स्थान गुरु के हृदयमें भी था ।

शास्त्रमें कहा है : हो सके तो गीतार्थ गुरु बनो, या फिर उनके शरणागत बनो । तीसरा कोई विकल्प नहीं है ।

हमारे नगर में गुरु आते है और हम उनकी परीक्षा करना चाहते है । यह है हमारा समर्पण ! गुरु की परीक्षा नहीं, प्रतीक्षा करो । प्रथम स्वयं की परीक्षा करो । अभी गुरु की परीक्षा का हमें अधिकार नहीं है ।

एक प्रसंग याद आता है : किसी गुरु ने शिष्य से कहा : गोचरी के साथ धारदार चप्पु भी ले आना ।

समर्पित शिष्य ने वैसा किया ।

मध्य रात्रि में गुरु उसी शिष्य की छाती पर जा बैठे ! ऐसा हो जाय तो क्या करेंगे आप ? लेकिन यह तो समर्पित शिष्य था ।

गुरुने अंगुली में से चप्पू से खून लिया और चले गये ।

सुबह गुरु ने शिष्य को पूछा तब उसने कहा : जिसको मैंने

अपना संपूर्ण जीवन सोंप दिया, उनसे क्या डरना ? जो भी करेंगे मेरे हित में ही होगा ।

गुरु ने कहा : तेरा कोई पूर्वजन्मका वैरी सांप तुझे डंसने आया था, उसका निवारण मैंने इस प्रकार किया । अगर मैं ऐसा न करता तो तेरी जान चली जाती ।

**गाय मालिक की शरणागति स्वीकारती है तो उसकी सुरक्षा होती है । हम गुरु की शरणागति स्वीकारेंगे तो हमारी सुरक्षा होगी ।**

**પૂજ્ય મુનિશ્રી ધુરંધરવિજયજી મ. :**

જેણે ગુરુની ઉપાસના કરી હોય તેનું જીવન ધન્ય છે.

જેમણે દીક્ષા લઈને માત્ર ગુરુ-ભક્તિ જ કરી છે, તે પં. વજ્રસેનવિજયજી હવે ફરમાવશે.

**◆ પૂજ્ય પં. વજ્રસેનવિજયજી મ. :**

**◆ મારા અજ્ઞાનનો નાશ કરનાર ગુરુ છે –એમ લાગે તો ગુરુ યાદ આવે ને અહં તુટે. અનાદિકાળથી 'મારી વાત રહેવી જોઈએ' તેવી ઈચ્છા છે. આ ઈચ્છા તુટે તો જ ગુરુ-સમર્પણ થઈ શકે.**

એમાં પણ જે ગુરુએ વિશિષ્ટ ઉપકાર કર્યો હોય તેમના પ્રત્યે વિશિષ્ટ સમર્પિત રહેવું જોઈએ.

◆ પંચ પરમેષ્ઠીમાં અરિહંત અને સિદ્ધ પરમ ગુરુ છે.

આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ગુરુ છે.

ગુરુની ગેરહાજરી હોય અથવા ગુરુ આપણાથી અલ્પ બુદ્ધિવાળા હોય તો પણ સમર્પણથી કામ થાય જ. એકલવ્યે માટીના પૂતળા દ્વારા જ સમર્પણથી સફળતા મેળવેલીને ?

પૂ. જંબૂવિજયજી મ. ને પોતાના ગુરુ પૂ. ભુવનવિજયજી મ. પર કેવી ભક્તિ છે ? દર્શન કરવા જવું હોય તો પણ ફોટાની રજા લઈને જાય ને દર્શન પછી પણ કહે : હું દર્શન કરી આવ્યો.

સ્થાપનાચાર્ય પર પણ એટલો જ ભાવ. કદાચ પડી જાય તો તે જ દિવસે ઉપવાસ કરે.

આવા બીજા પણ ઘણા મહાત્માઓ હશે. આ તો મારા અનુભવમાં આવેલી વાત હું કહું છું. ગુરુની સ્મૃતિમાં ૪૦ વર્ષથી

આજે પણ તેઓ દર મહિને અટ્ઠમ કરે છે.

ગુરુની સહાય મળે છે, તેમ તેમને સતત અનુભૂતિ થયા કરે છે.

કૃતજ્ઞતા વધુ તેમ ગુણ-પ્રાપ્તિ વધુ.

ગુણપ્રાપ્તિનું મૂળ કૃતજ્ઞતા છે. ઉપકારીને રોજ યાદ કરીએ તો ગુણ વધે.

પૂ. કલાપૂર્ણસૂરિજી જેવા કહે છે : જેની પાસે ભણ્યો છું તે સૌને હું રોજ યાદ કરું છું.

તમે કેટલાને યાદ કરો છો ?

આત્મ-વિકાસ માટે યોગ્યતા પ્રાપ્ત કરવાની જરૂર છે. યોગ્યતા વધે તેમ તેમ યોગ્ય વસ્તુઓ મળતી જ જાય. કદાચ વ્યક્તિ હાજર ન હોય તો દિવ્યકૃપા ઊતરે જ છે.

થોડી ઘણી પણ જેમણે સહાય કરી હોય તેને યાદ કરીને નવકાર ગણશો તો નવકારમાં પણ પાવર વધેલો જણાશે.

**પૂજ્ય ધુરંધરવિજયજી મ. :**

મારા પરમ ઉપકારી ગુરુદેવ પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. ની સેવામાં રહેનાર પં. વજ્રસેનવિજયજીએ મજાની વાત કરી :

ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતાની !

ગિરિવિહારમાં ચતુર્વિધ સંઘની અદ્ભુત ભક્તિ થાય છે તેના પ્રેરક ગુરુ હતા. પોતાના ગુરુની ભાવના સાકાર કરવા તેમણે આ કાર્ય ઉપાડ્યું.

હવેથી એક જ રૂપિયો [ત્રણ રૂપિયાની જગ્યાએ] ભોજનમાં લેવામાં આવશે. આ છે ગુરુભક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ !

હવે સદ્ગુરુ સ્વરૂપ અને સ્વરૂપ રમણતામાં લીન પૂજ્ય કલાપૂર્ણસૂરિજી વક્તવ્ય આપશે.

**પૂજ્ય આચાર્ય શ્રી વિજય કલાપૂર્ણસૂરિજી મહારાજ :**

[સૌને બાર નવકાર ગણવાની પૂજ્યશ્રી તરફથી સૂચના અપાઈ.]

◆ ગત રવિવારે ગુરુતત્ત્વ પર વિચાર કરેલો. આજે પણ આ વિષયમાં અનેક મહાત્માઓ આનું રહસ્ય બતાવશે.

પાંચેય પરમેષ્ઠીઓ ગુરુ છે. આથી જ એ પંચ ગુરુમંત્ર પણ કહેવાય છે. આ પાંચ પરમ મંગલરૂપ છે. જગનું મંગળ કરવા બંધાયેલા છે.

એમ કહેવા કરતાં એમનો તેવો સ્વભાવ છે એમ કહેવું વધુ ઠીક ગણાશે. આ પાંચેય હતા, છે ને રહેવાના. એના આધારે જ આધ્યાત્મિક જીવન જીવી શકાય.

એમનામાંથી જ્ઞાત અને અજ્ઞાતના ઉપકારો પણ સ્વીકારવાના છે. અદૃષ્ટ ગુરુ અનંતાનંત છે, એમ સિદ્ધચક્રપૂજનમાં આપણે જાણીએ છીએ. **કોઈપણ જન્મમાં જરા પણ ઉપદેશ આપ્યો હોય, મિત્ર બનીને માર્ગદર્શન પણ આપ્યું હોય, તે પણ આપણા ગુરુ ગણાય.** તે જો ભૂલી જઈએ તો જ્ઞાન ભૂલાઈ જાય. ધર્મ ન ગુમાવવો હોય તો દેવ-ગુરુને ભૂલતા નહિ.

અન્યમાં કહ્યું છે : પ્રભુ ! આપનું સ્મરણ એ જ સંપત્તિ અને વિસ્મરણ તેજ વિપત્તિ છે.

ગૌતમસ્વામીને દુનિયા મહાન માને, પણ પોતે તો ગુરુ-મહાવીરના ચરણોમાં જ લીન.

તાપસોએ જ્યારે ગૌતમસ્વામીના મુખે ગુરુ મહાવીર-દેવની વાત સાંભળી ત્યારે સ્તબ્ધ થઈ ગયા.

કેવળજ્ઞાની બનેલા તાપસો પણ પાછળ અને છદ્મસ્થ ગૌતમ આગળ ! આ છે ગુરુનું બહુમાન ! ૧૪૪૪ ગ્રંથો હરિભદ્રસૂરિજીએ, ગુરુને સમર્પિત કર્યા. એક ઉપકારી સાધ્વીજી યાકિની મહત્તરાને તેઓ કદી ન ભૂલ્યા. દરેક ગ્રન્થમાં ધર્મ-માતા તરીકે તેઓએ તેમનો ઉલ્લેખ કર્યો છે.

હમણા વજ્રસેનવિજયજીએ પોતાના ગુરુના નહિ, પણ જંબૂ-વિજયજીનો દાખલો આપ્યો. એમના ગુરુદેવ [પૂ. પં. ભદ્રંકર વિ. મ.] કેવા મહાન હતા, તે અમને ખબર છે.

"ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર."

અંધારી ગુફામાં ધાતુવાદીઓ પેઠા હોય ને ત્યાં દીવો બુઝાઈ જાય તો શી હાલત થાય ?

આવી જ હાલત ગુરુને છોડી દેતાં આપણી થાય. ભવ-ભવ ભટક્યા એનું કારણ આ જ છે. ગુરુ મળ્યા હશે, પણ આપણે સમર્પિત નહિ થયા હોઈએ.

**'होउ मे एएहिं संजोगो।'**

'મને આવા ગુરુનો સંયોગ હો.'

હું એમની સેવાને લાયક બનું. હું તેમના વચનો માનનારો બનું, નિરતિચાર પાલન કરીને તેમને જણાવનારો બનું.

–પંચસૂત્ર

આમ કરીશું તો જ આરાધક બનીશું.

◆ અહીં કેવા આનંદથી સૌ મહાત્માઓ મળે છે ? માત્ર રવિવારે જ નહિ, અમે તો લગભગ ક્યાંક ને ક્યાંક રોજ મળી જઈએ છીએ.

હૃદયનો પ્રેમભાવ આ રીતે સંઘમાં વધે તો જ ઉન્નતિ થશે. બાકી સંઘમાં કોઈ ખામી નથી. શક્તિઓ સંગઠિત બને એ જ જરૂરી છે.

ગુરુ-ભક્તિ વિષે જે સાંભળો તેનો અમલ કરજો. આજે પણ એવા શ્રાવકો છે જેઓ કહે : ગુરુવચન તહત્તિ !

ક્યારેક કુમારપાળ વી. શાહને પૂછજો. ગુપ્તરૂપે કરોડો રૂપિયાના કામ કરનારા ગુરુભક્તો કેટલા છે ?

છૂપા રત્નો આપણા ચતુર્વિધ સંઘમાં છે.

આથી જ રત્નોની ખાણ સમો સંઘ આજે પણ જયવંત વર્તે છે.

ગુરુભક્તિનો પ્રભાવ સાક્ષાત્ અહીં પણ અનુભવી શકાય, આ જ ભવમાં ભગવાનના દર્શન કરી શકાય.

પૂ. હરિભદ્રસૂરિજી આવી વાત [**गुरुभक्तिप्रभावेन**] ક્યાંથી લાવ્યા? સિદ્ધાંતોના અક્ષરો વિના તો આવી વાત થાય નહિ. એમને પંચસૂત્રમાંથી આ અક્ષરો મળ્યા : **गुरु-बहुमाणो मोक्खो।**

ગુરુ અને ભગવાન એક જ છે. ગુરુને સમર્પિત બનો છો, એટલે વ્યક્તિને નહિ, ભગવાનને જ સમર્પિત બનો છો. કારણ કે ગુરુ ભગવાન દ્વારા જ સ્થાપિત છે.

સમાપત્તિધ્યાન દ્વારા આજે પણ ભગવાનના દર્શન થઈ શકે.

આવી વ્યક્તિ સ્વયં ભગવાન બને અથવા ભગવાન પાસે પહોંચે.

સાધુ-સાધ્વી સૌ સ્વ-ગુરુ પ્રત્યે આદર ધરાવે ને ભક્તિ વધારે તો અટકેલો આત્મ-વિકાસ પૂર ઝડપે ચાલે.

દર્શન મોહ, માન કષાય વગેરે ગુરુ-ભક્તિમાં નડે છે.

પં. વજ્રસેનવિજયજીએ કહ્યું તેમ ગુરુ-ભક્તિના પ્રભાવથી અહં હટી જાય છે.

**ધર્મરાજાની ઈમારત નમસ્કાર પર ઊભી છે.**

**મોહરાજાની ઈમારત અહં પર ઊભી છે.**

**અહં પર ફટકો પડે એટલે ખલાસ ! સંસારની સમગ્ર ઈમારત ધરાશાયી !**

લલિતવિસ્તરા, [પરમતેજ] વાંચો તો ગુરુ અને પરમ ગુરુની ભક્તિ વધશે, સમર્પણ ભાવ વધશે.

સૌના હૃદયમાં આવી ભક્તિનું પરિણમન થાય તેવી અભિલાષા.

**પૂજ્ય ધુરંધરવિજયજી મ.** : ગુરુ પર તીવ્ર બહુમાન એ જ મોક્ષ છે. એથી જ મોહક્ષય થાય છે.

મૈત્રી પ્રભુ-અનુગ્રહ વિના ન મળે. પ્રભુ-અનુગ્રહ, ગુરુ-અનુગ્રહ વિના ન મળે આવી વાતો આપણે પૂજ્યશ્રી પાસેથી સાંભળી.

હવે પૂ. ભદ્રસૂરિજીના આજીવન અંતેવાસી પૂ.ૐકારસૂરિજીના આજીવન અંતેવાસી **પૂજ્ય યશોવિજયસૂરિજી** :

પ્રાર્થના સૂત્ર જયવીયરાયમાં પ્રભુ સન્મુખ રોજ દોહરાવીએ છીએ:

**सुहगुरुजोगो ।** પ્રભુ ! તું મને સદ્ગુરુનો યોગ કરાવી દે. મારા સમગ્ર અસ્તિત્વનું જોડાણ સદ્ગુરુ સાથે ન થાય ત્યાં સુધી જીવનનો અર્થ નથી. આ વિરલતમ ઘટના છે. સદ્ગુરુ એક બારી છે, જેના દ્વારા પરમનો અસીમ આકાશ જોઈ શકાય.

**બારી અને કબાટ બહારથી સરખા દેખાય, પણ ખોલતાં ખબર પડે. જેની પાછળ ભીંત હોય તે કબાટ. જેની પાછળ ખાલી હોય તે બારી.**

**જે ભીતરથી શૂન્ય બની ગયા તે સદ્ગુરુ !**

હોઈ શકે : પૂ. હેમચન્દ્રસૂરિજી કે પૂ. હરિભદ્રસૂરિજી વખતે પણ આપણે હોઈએ, પણ તે સદ્‌ગુરુ સાથે જોડાણ ન્હોતું.

સદ્‌ગુરુ દ્વારા જ પરમગુરુ મળે છે.

સદ્‌ગુરુના ચરણે માથું ઝુકાવ્યા પછી કોઈ ઈચ્છા નથી રહેતી.

''સદ્‌ગુરુ-ચરણ વિના મોહે કછુ નહિ ભાવે.''

''ભવસાગર અબ સુખ ગયો હૈ,
ફિકર નહિ મોહે તરનનકી,
મોહે લાગી લગન ગુરુ ચરનનકી.''

–મીરાં

સાગર સૂકાઈ જાય પછી તરવાની જરૂર શી ?

એક સાધકને સદ્‌ગુરુની તલપ લાગી. તે સદ્‌ગુરુને શોધવા નીકળી પડ્યો.

'મને સદ્‌ગુરુ ક્યાં મળશે ?' એમ જંગલમાં મળેલા ગુરુને સાધકે પૂછ્યું.

એ ગુરુએ કહ્યું :

''ગુરુ દરેક માટે નિશ્ચિત છે. યોગ્ય સમયે મળે છે. જંગલમાં અમુક વૃક્ષની ડાળ નીચે તને મળશે.''

આ સાંભળતાં પેલો દોડ્યો. પાંચ વર્ષ સુધી જંગલમાં રખડ્યો. પણ ક્યાંય પત્તો ન લાગ્યો. ગુરુ છે તો વૃક્ષ નથી, વૃક્ષ છે તો ગુરુ નથી. ક્યાંક મારી સમજમાં ભૂલ તો નથી. પછી યાદ આવ્યું : એ જ ગુરુ વૃક્ષ નીચે હતા. ફરી પાંચ વર્ષે એ જ ગુરુ વૃક્ષ નીચે મળ્યા. તે વખતે પણ તેઓ તે જ વૃક્ષ નીચે ઊભા હતા.

શિષ્યે પોતાની વેદના ઠાલવી :

''મને તો ખ્યાલ ન્હોતો ગુરુ ! તમને તો ખ્યાલ હતો ને ? જરા કહેવું તો હતું. પાંચ-પાંચ વર્ષ સુધી મારા ટાંટીયાની કઢી કરી નાખી.''

''મારે પાંચ વર્ષ સુધી તારા માટે એક ઠેકાણે ચોંટી રહેવુ પડ્યું તેનું શું ? તારા શિષ્યત્વની પરિપક્વતા તે વખતે ન્હોતી. એ વિના સદ્‌ગુરુ-યોગ થઈ શકે નહિ.'' ગુરુએ કહ્યું.

સદ્‌ગુરુ-પ્રાપ્તિ મોટી ઘટના છે. અરણિક મુનિને સદ્‌ગુરુ મળેલા. બપોરે પગ દાઝ્યા. એમનું પતન થયું. તે જાણીએ છીએ. મા ગાંડી થઈ ગઈ. પછી માતા પાસે તે બોલ્યા : "તારો હતભાગી પુત્ર હું જ છું."

'ચાલ ગુરુ પાસે' સાધ્વી માતાએ કહ્યું.

ગુરુનું નામ પડતાં જ અરણિક મુનિ પાછા આવ્યા ત્યારે ગુરુએ કશો જ ઠપકો ન આપ્યો. ગુરુ જાણે છે કે, "સવારનો ભૂલેલો સાંજે પાછો આવશે જ."

ગુરુનો સશક્ત હાથ પડ્યો ને શક્તિ મળી.

"વાસક્ષેપ કરો, વાસક્ષેપ આપો" એમ બોલાય, 'વાસક્ષેપ નાખો' એમ ન બોલાય. વાસક્ષેપ દ્વારા ગુરુની શક્તિ મળે છે.

એ જ અરણિક મુનિએ ધગધગતી શિલા પર સંથારો કરી લીધો. આ શક્તિ ગુરુ પાસેથી મળી હતી.

આ જીવન માત્ર સદ્‌ગુરુ-યોગ માટે જ છે.

સંપૂર્ણ સમર્પિતતા આવી જાય તો જીવન મંગળમય બની જાય,

**પૂજ્ય ધુરંધરવિજયજી મ. :**

આજે ઉતાવળ નહિ કરતાં. ૧૧-૧૫ સુધી બેસજો.

ગુરુ સામે જ હોય છે. પણ આપણે એમને ઓળખી શકતા નથી. આ શાસનમાં ક્યારેય સદ્‌ગુરુની ગેરહાજરી નથી હોતી, માત્ર આપણી પાત્રતા નથી હોતી. ગુરુ હાજર હોય ત્યાં ભગવાન હોય જ.

**પૂજ્ય વીરરત્નવિજયજી :**

प्रभु ने केवलज्ञान से देख कर सभीके लिए मोक्षमार्ग दिखाया है ।

स्कूल में क्या पढे थे ? याद है ?

अभी दिमाग में याद हो और उस मार्ग पर चले तो गुरु के आशीर्वाद मिल सकते है ।

छोटे थे तब वर्णमाला सीखी थी ।

क-कमल, ख-खरगोश, ग-गणेश, घ-घर इत्यादि ।

क का कमल कहता है जिंदगी कमल की तरह जीओ । अनासक्त भाव से जीओ ।

खरगोश की तरह तेजगति से समय चलता है । समय को पकड लो ।

गणेश : गण-ईश - गणधरों को याद करो ।

घर : अपने घर-मोक्ष को याद करो ।

हम इन सब को भूल गये और हमने इतना ही याद रखा :

क - कमाना

ख - खाना

ग - गहना बनाना

घ - घर (मिट्टी का घर) बनाना

बुद्धिमान खड़ा - खड़ा ही घर से निकल जाता है । क्योंकि वह जानता है खड़ा-खड़ा नहीं निकलेंगे तो आडा होकर तो निकलना ही पड़ेगा ।

**પૂજ્ય ધુરંધરવિજયજી મ. :**

એક પ્રસંગ :

ગુરુ : વત્સ ! તારે મારાથી અલગ થવાનું છે.

સાધક : તમને છોડીને ક્યાંય નહિ જાઉં.

ગુરુ : મારી આજ્ઞા માનીને એક હજાર માઈલ દૂર જઈશ તો પણ તું મારી પાસે છે. આજ્ઞા ન માની ને તું મારી પાસે રહીશ તો પણ તું દૂર છે. આવો ગુરુકુલવાસ તે જ બ્રહ્મચર્ય છે; એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

આવતા રવિવારે સંઘ-ભક્તિ પર પ્રવચન રહેશે.

**નંદલાલભાઈ :** [ધર્મશાળાના ટ્રસ્ટી]

પૂજ્ય આચાર્ય ભગવતંશ્રી તથા સૌ પૂજ્યશ્રીને વંદના !

ચાર - ચાર રવિવારથી આ સ્થળે જે વાતાવરણ જામ્યું છે, તે ભારતભરમાં સર્વત્ર પ્રસરે એવી ભાવના છે. એનું મૂળ અહીં છે, તેનું અમને ગૌરવ છે.

પર્યુષણ પછી પણ અનુષ્ઠાનો અહીં યોજાય તેવી અપેક્ષા રાખીએ છીએ.

**પૂજ્ય હેમચન્દ્રસાગરસૂરિજી :**

પૂજ્ય આચાર્યશ્રી શાન્તિચન્દ્રસૂરિજીએ અદ્ભુત વાત બતાવી છે :

'' ते धन्ना जेसिं हिययम्मि गुरुओ वसंति

ते धन्नाण वि धन्ना गुरु-हिययम्मि जे वसंति ''

ગુરુને તમે હૃદયમાં વસાવો તો તમે ધન્ય છો પણ ગુરુ-હૃદયમાં વસવાટ કરવાનો છે જો જીવનને ધન્યતમ બનાવવું હોય.

દરેક વક્તા પાસે અલગ-અલગ દષ્ટિકોણ જોવા મળ્યો. ક્યારેક નાના સાધુ પાસેથી પણ અદ્ભુત વાતો સાંભળવા મળી જાય.

◆ વનસ્પતિમાં પરોપજીવી નામની એક માત્ર ૨-૩ ઇંચની વનસ્પતિ છે. પેદા થયા પછી ઘણું જીવવાની તેને તમન્ના હોય છે, પણ તાકાત નથી. કરવું શું ? જીવનને અલ્પજીવી નથી બનાવવું, દીર્ઘજીવી બનીને ધન્ય બનવું છે.

હું તો ઉપર પહોંચી શકું તેમ નથી. તે પોતાની આસપાસ નજર કરે છે. [ આંખ નથી હોતી. આ તો માત્ર આપણી કલ્પનાની વાત છે.] ને નજીક રહેલા તોતીંગ વૃક્ષના મૂળમાં લપેટાઈ જાય છે.

મૂળમાંથી બધું ચૂસ્યા કરતું રહે છે. મોટા વૃક્ષના બધા લાભો એને મળતા રહે છે.

આ વૃક્ષનું દૃષ્ટાંત આપણામાં ઘટિત કરવાનું છે

(૧) સાન્નિધ્ય : એ ન જ છોડે. છોડે તો મૃત્યુ.

(૨) સમીપતા : નિકટતા અભેદભાવે સઘન કરે છે !

(૩) સમગ્રતા : આખું પોતાનું શરીર મૂળ સાથે એકમેક કરી નાખે છે.

આ ત્રણ મુખ્ય નિયમો છે.

આથી જ તે વનસ્પતિ લાંબા કાળ સુધી ટકી શકે છે. વર્તમાન કાળમાં આપણે પણ આ વનસ્પતિ જેવા તુચ્છ છીએ.

જે મૂળીયું (ગુરુ) પરમ સાથે જોડાયેલું હોય તેને પકડી લઈએ તો કામ થઈ જાય.

તમને તમારી સાત જ પેઢીના નામ માંડ યાદ હશે. અમે ઠેઠ ભગવાન મહાવીર સ્વામી સુધીની પેઢીના નામો ગણાવી શકીએ.

આખરે છેલ્લું નામ ભગવાનનું આવે. આ બધા ગુરુઓ ભગવાન સાથે જોડાયેલા છે.

જો ગુરુ સાથે જોડાઈ જઈએ, સાન્નિધ્ય, સામીપ્ય અને સમગ્રતા – આ ત્રણ અપનાવીએ તો ભગવાનની એ શક્તિ આજે પણ પ્રાપ્ત કરી શકીએ.

**પૂજ્ય આચાર્ય શ્રી નવરત્નસાગરસૂરિજી :**

ત્રિકાલાબાધિત શાસનના શરણે આવ્યા સિવાય કલ્યાણ નથી.

ભગવાન પણ જે તત્ત્વ વિના શાસન ન સ્થાપી શકે તે ગુરુતત્ત્વ છે. અદ્ભુત છે આ ગુરુતત્ત્વ !

◆ ગુરુના કેટલાક પર્યાયવાચી શબ્દો :

ગુરુ : 'ગુ' એટલે અજ્ઞાન
'રુ' એટલે ઉલેચનાર. અજ્ઞાન ઊલેચે તે ગુરુ !

ભિક્ખુ : કર્મને ભેદી નાખે તે.

યતિ : યતનાવડે તરી જાય તે.

સંયત : સમ્યક્ પ્રકારે યમ-નિયમાદિ ધારણા કરી તત્ત્વ પ્રકાશે તે.

અણગાર : જેને ઘર નથી તે.
ઘર એટલે છકાયનો કૂટો.
સંસારનું મૂળ આરંભ છે. આરંભનો અંત કરે તેનું નામ અણગાર.

મુનિ : મૌન રહે તે મુનિ. અથવા જગત-તત્ત્વોનું મનન કરે તે મુનિ.

એકેક શબ્દમાં કેવા અર્થો છે ?

**તત્ત્વત્રયીમાં ગુરુ વચ્ચે છે.**

**પૂજ્ય કલાપૂર્ણસૂરિજી વચ્ચે છે. મહત્ત્વપૂર્ણ વચ્ચે બેસે છે.**

**ત્રણ લોકમાં મહત્ત્વપૂર્ણ મૃત્યુલોક વચ્ચે છે.**

**મન-વચન-કાયામાં મહત્ત્વપૂર્ણ વચન વચ્ચે છે, જેથી પરોપકાર થઈ શકે છે.**

ગુરુ ન હોય તો શાસન ન ચાલે.

૧ લાખ પૂર્વના દીક્ષા પર્યાયમાં એક હજાર અને ૮૯ પક્ષ ન્યૂન શાસન આદિનાથ ભગવાને ચલાવ્યું, પણ બાકીના અર્ધા ચોથા આરા સુધી શાસન કોના કારણે ચાલ્યું ? નવમા અને દસમા તીર્થંકર વચ્ચે ગુરુ ન્હોતા માટે જ શાસન વિચ્છિન્ન થયું.

◆ ઈલાચી-પુત્ર નટડી પાછળ દિવાનો હતો. પણ ગુરુના દર્શને કેવળજ્ઞાન પામી ગયો. ગુરુના દર્શનની કેટલી તાકાત ?

સાંભળ્યું છે કે વર્તમાન કાળમાં પૂ. ભુવનભાનુસૂરિજીના આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિજીના સંસારી મોટાભાઈ પૂર્વજન્મમાં કૂકડો હતા ત્યારે કસાઈ કાપતો'તો. કોઈ બચાવનારું ન્હોતું. રસ્તે પસાર થતાં મુનિને જોયા ને પેલા કસાઈએ તેને કાપી નાંખ્યો. અંતિમ સમયે મુનિના દર્શનથી તે જૈનકુળમાં જન્મ પામ્યો.

તીર્થંકર પદવી પણ ગુરુ-પદની આરાધનાથી જ મળે છે.

ગુરુ ભગવંતોએ શાસન ચલાવવા કેટ-કેટલું સહન કર્યું છે ? એક-બે પ્રસંગ કહું :

શાસનની અપભ્રાજના રોકવા, આ પાલીતાણા જેમના નામથી વસેલું છે તે પાદલિપ્તસૂરિજી જીવતા બળવા તૈયાર થઈ ગયેલા. તરંગવઈ લોલા માટે સાહિત્યચોરીનો આરોપ થયેલો. તેને મિટાવવા તેમને એમ કરવું પડેલું. જો કે પેલા પંડિતને પશ્ચાત્તાપ થયો ને આચાર્ય ભગવંત બચી ગયા.

શાસનની અપભ્રાજના રોકવા જ કાલકાચાર્યે સ્વ મૃત્યુ નોંતર્યું હતું. આવા ગુરુ ભગવંતો મળ્યા છે તો બરાબર આરાધી લેજો.

આવા ગુરુના શા વર્ણન કરવા ?

''સબ ધરતી કાગદ કરો, કલમ કરો વનરાઈ;
સબ સમુદ્ર સ્યાહિ કરો, ગુરુ-ગુણ લિખા ન જાઈ.''

શ્રીકૃષ્ણે ગુરુ-વંદન દ્વારા જ ૭ નરકમાંથી ચારના પાપ ખપાવેલા તથા તીર્થંકર નામકર્મ બાંધેલું તે આપણે જાણીએ છીએ.

**પૂજ્ય ધુરંધરવિજયજી મ. :**

ગુરુનું સાન્નિધ્ય મળે તેટલું ઓછું. માટે આ સાન્નિધ્યને તમે

છોડતા નહિ.

પૂજ્યશ્રી હીરવિજયસૂરિજી પાછળ તે કાળમાં સંઘ પાગલ હતો ત્યારે એકેક નગરમાં ક્રોડોપતિઓ હતા. ગુરુ-બહુમાનથી જ આજે લક્ષ્મી વધેલી દેખાય છે. કુમારપાળભાઈ આનું [ગુરુ-કૃપાનું] ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

**કુમારપાળ વી. શાહ :**

વકતવ્ય નથી આપવું. એક વાત કરી દઉં.

પૂ. સાધુ-સાધ્વીજીના દર્શનાર્થે અમે આવ્યા છીએ. શ્રવણ ન મળ્યું હોય, ઓછું કે અડધું મળ્યું હોય તો પણ સંતોષ છે. દર્શનથી દૃષ્ટિ ધન્ય બની છે.

હમણા પૂ. આચાર્ય શ્રી હેમચન્દ્રસાગરસૂરિજીએ મને કહ્યું : ઊભા થાવ ને આ દૃશ્ય જુઓ તો ખરા' !

ભગવાન શ્રી કૃષ્ણનો રથ વૃંદાવનમાં આવ્યો ને ગોપીઓ વગેરે દોડી આવ્યા. રથમાંથી ભગવાન ન ઊતર્યા. માત્ર સારથિ ઊતર્યો તો પણ સૌએ ધન્યતા અનુભવી.

પ્રભુ ! ભલે તમે ન આવ્યા. ભગવાનના દર્શન કરીને આવેલા ભક્તના દર્શનથી પણ અમે ધન્ય બન્યા છીએ.

અમે પણ પૂજ્યશ્રીને એ જ કહેવા માંગીએ છીએ.

આટલી મોટી સભામાં બોલવાનું મન ખૂબ થાય. પણ એ લાલચને રોકી રાખુ છું.

પૂજ્ય ગુરુભંગવતોને મારે માત્ર એક જ વાત કરવી છે :

ઓ ગુરુ ભગવંતો !

**અમે ગુરુની સેવા કરવામાં મોળા કે મોડા ન પડીએ, એવા આશીર્વાદ ભરપેટ આપજો.**

**પ્રકાશ દાઢી :**

આવતા રવિવારે પૂજ્યશ્રી ગિરિવિહાર પધારશે.

ગિરિવિહારમાં ભોજનમાટે ત્રણમાંથી માત્ર એક જ રૂપિયો નિશ્ચિત થશે. ઘી-દૂધ પણ ડેરીના નહિ, પણ ચોક્ખા આપવામાં આવશે.



*શ્રા. સુદ દ્વિ. -૧૩*

*૧૩-૮-૨૦૦૦, રવિવાર*

ૐ

અહીં સારું છે તે ભગવાનનું છે.
ખરાબ ન હોય તે મારું છે.

◆ કાલની અપેક્ષાએ ભાવ તીર્થંકર સૌથી ઓછા સમય સુધી ઉપકાર કરે છે, પણ એ એટલો ઉત્કૃષ્ટ હોય છે કે એમના ગયા પછી પણ એ ઉપકારની ધારા ચાલ્યા કરે છે.

થોડો પણ સમય હોવા છતાં એ મહત્ત્વપૂર્ણ છે, જો એ ન હોય તો નામ,સ્થાપના પણ ક્યાં કામ કરવાના હતા? નામ કોનું ? સ્થાપના કોની ? બધાનું મૂળ ભાવ તીર્થંકર છે.

◆ સાધુ જ નહિ, શાસનમાં સાધ્વી-શ્રાવક-શ્રાવિકા પણ ઉપકાર કરતા રહે છે.

સાધ્વીજીથી પ્રતિબોધિત પણ મોક્ષે જાય.

શ્રાવક-શ્રાવિકાથી પણ પ્રતિ-બોધ થાય.

શ્રાવક સુબુદ્ધિ મંત્રીથી પ્રતિબોધ પામેલો પેલો રાજા જૈન ધર્મી બન્યો

હતો. 'જુઓ જ્ઞાતા ધર્મકથા સૂત્ર.

◆ તાપી કે નર્મદાના પુલ પર હું ચાલતો ત્યારે વિચાર આવતો: ઓહ ! આટલો નાનકડો પુલ ન હોત તો ? અથવા નાવડી ન હોય તો? નાનકડો પુલ કે નાનકડી નાવ કેટલો મોટો ઉપકાર કરે છે ?

નદી ભલે ભયંકર હોય,

પુલ પર ચાલનારને ભય નથી.

મજબૂત નાવડી પર બેસનારને ભય નથી.

સંસાર ભલે ભયંકર હોય,

પણ એના શાસનમાં બેસનારને ભય નથી.

ભગવાન માલીક છે. ગુરુ નાવિક છે. આપણે બેસનાર છીએ. ભગવાન ક્યાંય ગયા જ નથી. માત્ર ભૌતિક શરીર જ અદશ્ય થયું છે. શક્તિરૂપે તો ભગવાન અહીં છે જ.

[ ગાય આવવાથી અવાજ થયો.]

ગાય જેટલું પણ શિસ્ત આપણામાં છે ?

રાપરમાં સ્થંડિલ ભૂમિથી હું પાછો વળતો હતો. બજારમાં ખૂબ જ ભીડ.

એક બાઈ નાની બાલિકાને લઈને જઈ રહી હતી. પાછળથી મોટો બળદ અને ગાય દોડતા આવી રહ્યા હતા પણ બાલિકાને જોતાં જ ઊભા રહી ગયા.

પાટણમાં ગાય દોડી રહી હતી. વચ્ચે બાલિકા આવી તો તેના પર પગ ન મૂકતાં કૂદી ગઈ.

આ રીતે આપણે જોઈને ચાલીએ ખરા ?

તમે કહેશો : ભૂજમાં તમને ગાયે ધક્કો કેમ માર્યો ?

એક ખુલાસો કરવા દો : ગાયે ધક્કો નથી માર્યો. ક્યાંય જગ્યા ન મળવાથી એ માત્ર ત્યાંથી પસાર થઈ. એણે મારો સ્પર્શ નથી કર્યો. પણ એના નિમિત્તે ધક્કો વાગતાં હું ગબડી પડ્યો. ગાયનો ધક્કો મારવાનો કોઈ ઈરાદો ન્હોતો.

◆ પુલ હોય પણ તે પર ન ચાલીએ તો નદી પાર કરી શકીએ

નહિ. પ્રભુ-શાસન વિદ્યમાન હોવા છતાં તેનું આલંબન ન લઈએ તો સંસાર પાર કરી શકીએ નહિ. ભૂતકાળમાં ઘણીવાર શાસન મળ્યું હશે, પણ આપણે એના શરણમાં ગયા નહિ હોઈએ. માટે જ ભટકીએ છીએ ને ?

◆ જૈન દર્શન માત્ર માનસિક ધ્યાન જ નથી માનતું, વાચિક-કાયિક પણ ધ્યાન માને છે. વળી તે પ્રવૃત્તિ ને નિવૃત્તિરૂપ પણ હોય છે.

**આ મનને સીધું શૂન્ય નથી બનાવવાનું. નિર્વિકલ્પની અત્યારની વાતો ખતરનાક છે. પહેલા અશુભ વિચારો રોકો.**

**મન તો બહુ સુંદર સાધન છે. એને શૂન્ય નથી બનાવવાનું, એનો સુંદર ઉપયોગ કરવાનો છે. શૂન્ય મનથી જે પાપ ખપે તેના કરતાં શુભ વિચારથી પૂર્ણ બને તેનાથી વધુ પાપો ખપે.**

પ્રારંભમાં આ રીતે જ સાધના કરવાની છે. હા, આગળની ભૂમિકા મળતાં મન પોતે જ ખસી જશે, આપણે ખસેડવું નહિ પડે. ઉપર જતાં પગથીઆ નીચે રહી જ જાય છે ને ? પગથીઆને સંપૂર્ણ છોડવાના નથી, નિંદવાના પણ નથી. ધ્યાન દશામાંથી પાછા નીચે તો આવવું જ પડશે. ત્યારે મન જોઈશે જ ને ?

◆ માર્ગાનુસારીના ગુણો વિના શ્રાવક ન બનાય.

શ્રાવકના ગુણો વિના સાધુ ન બનાય.

સાધુના ગુણો વિના ક્ષપકશ્રેણિ ન મંડાય.

અહીં તો ક્રમશ : જ ચડાય. વચ્ચેથી ઘુસણખોરી થઈ જ શકે નહિ.

**પૂજ્ય હેમચન્દ્રસાગરસૂરિજી :** વચ્ચે ઘુસાય નહિ ?

**પૂજ્યશ્રી :** વચ્ચે ઘુસી ગયા છીએ એટલે જ આ તકલીફ ઊભી થઈ છે.

વ્યવહારથી આ બધું મળી ગયું છે.

નિશ્ચયથી ક્યાં છીએ ? તે આપણે જાણીએ છીએ. અથવા ભગવાન જાણે છે.

◆ સાધનામાં સર્વ પ્રથમ યોગ-બીજ જોઈએ.

યોગ-બીજ છે : પ્રભુ પ્રત્યેનો પ્રેમ.

"जिनेषु कुशलं चित्तं"

પ્રભુનો પ્રેમ હોય તેને ગુરુ અને શાસ્ત્ર પર પ્રેમ હોય જ. આવી વ્યક્તિ ગુરુ પાસેથી વાચના સાંભળે, આગમો લખે, લખાવે, પ્રચાર કરે. આ બધા લક્ષણો તેમાં દેખાવા લાગે.

એક માત્ર પ્રભુ-પ્રેમનું બીજ પડી ગયું તો ધર્મનો ઘેઘૂર વડલો બનતાં વાર નહિ લાગે.

◆ પ્રથમ અપૂર્વકરણ સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે થાય છે.

સામર્થ્ય યોગનું વર્ણન કરતાં સમ્યક્ત્વની વાત એટલે કરવામાં આવે છે કે જેથી સિંહાવલોકન થઈ શકે ને આપણી સાધનાનું બરાબર નિરીક્ષણ થઈ શકે.

આ નિરીક્ષણ પણ બીજાનું નહિ, પણ પોતાનું જ કરજો. નહિ તો ફરી ગરબડ થઈ જશે.

ચપ્પુ તમારા હાથમાં છે, હવે બીજાને આપવો છે તો કેમ આપશો ?

ચપ્પુનો હાથો સામાના હાથમાં આવે તેમ જ અપાયને ?

પોતાની પાસે રાખવાની વાત અલગ છે. બીજાને આપતી વખતે એંગલ અલગ છે.

આ જ વાત અહીં લાગુ કરવાની છે.

એમ તો મૈત્રી-પ્રમોદ વગેરે જાત પર ઓછા છે ?

સૌથી વધુ મૈત્રી પોતાની જાત પર છે જ.

સૌથી વધુ પ્રમોદ પોતાના ગુણો પર છે જ.

સૌથી વધુ કરુણા પોતાના દુઃખો પર છે જ.

સૌથી વધુ માધ્યસ્થ્ય પોતાના દુર્ગુણો પર છે જ.

પણ હવે એ એંગલ બદલવાનો છે.

**બીજા પર કરવાનું હોય તે જાત પર કરી રહ્યા છીએ. જાત પર કરવાનું હોય તે બીજા પર કરી રહ્યા છીએ. પગના જોડા માથા પર, ને માથાની ટોપી પગમાં ઘાલી રહ્યા છીએ. આ જ આપણી તકલીફ છે.**

◆ સામર્થ્ય યોગ અવાચ્ય છે, એ અનુભવ ગમ્ય છે. જો તે શબ્દ ગમ્ય હોય તો અનુભવગમ્ય ન કહેવાય. અનુભવ ગમ્યતા જ એને

કહેવાય જેને વર્ણનથી પામી શકાય નહિ.

માટે જ એનું વર્ણન અહીં નથી કર્યું. શક્ય તેટલું કહીને બાકી માટે 'અવાચ્ય' કહી દીધું.

◆ ધ્યાન-વિચારમાં બે શબ્દ ખાસ આવે છે :

(૧) કરણ, (૨) ભવન

કરણમાં શિક્ષણથી મળે.

ભવનમાં સહજતાથી મળે.

મરુદેવી માતા કોઈ શિક્ષણ લેવા ન્હોતા ગયા, છતાં કેવળી બની ગયા તે ભવન યોગ હતો.

પણ મોટા ભાગના જીવો ગુરુ પાસેથી શિક્ષણ પામીને જ કેવળજ્ઞાન પામતા હોય છે. મરુદેવી જેવા તો કોઈ વિરલ જ હોય.

◆ પ્રથમ અપૂર્વકરણ થયું છે કે નહિ તે આપણે સ્વમાં જોવાની ખાસ જરૂર છે.

આ મુદ્દા પર હું ખાસ ભાર આપું છું. કારણ કે મોક્ષમાં જવાની મને ઉતાવળ છે.

પણ હું તમને છોડીને કેમ જાઉં ?

**◆ અહીં સારું છે તે ભગવાનનું છે.**

**બરાબર ન હોય તે મારું છે.**

◆ પંચ પરમેષ્ઠીમાં પૂજ્યનો ક્રમ અરિહંતથી શરૂ થાય, પણ સાધનાના ક્રમમાં પ્રથમ સાધુ આવે. એટલે કે પ્રથમ સાધુ બનવું પડે.

ભગવાનની વાણી પરામાંથી નીકળે, પશ્યન્તી, મધ્યમામાંથી પસાર થઈ વૈખરી બનીને નીકળે.

પણ શીખતી વખતે વૈખરી વાણી પ્રથમ આવે. ગુરુપાઠ આપે તે વૈખરી વાણીનો પ્રયોગ કરે. તમે સ્કૂલમાં જાવ ને ગુરુને તમે બન્ને મૌન રહો તો ભણી શકાય ?

વૈખરી વાણીનો મોટો ઉપકાર છે. ભગવાન જો બોલે નહિ તો ઉપકાર થાય ? ભગવાન બોલે છે તે વૈખરી વાણી છે.

ગુરુ ન બોલે તો શું થાય ? ગુરુ બોલે તે ન ગમે તે બરાબર,

પણ એ વિના ક્યાં ઠેકાણું પડવાનું છે ?

આ ગુરુનું મહત્ત્વ સમજાવવા જ બે રવિવાર ગુરુ તત્ત્વ માટે રાખ્યા.

ગુરુનો વિનય ન કરો કદાચ, પણ આશાતના તો કદી નહિ કરતા.

આ----શાતના---- ચારે બાજુથી ગુણોનો નાશ કરી દે તે આશાતના !

ગુરુની સામે બોલવાનું મન થાય ત્યારે આ યાદ કરજો.

ગુરુની આશાતના તે ભગવાનની આશાતના છે.

**પૂજ્ય પં. કલ્પતરુવિજયજી મ. :** ગુરુ તત્ત્વ પર બહુમાન હોય, પણ પોતાના વ્યક્તિગત ગુરુ પર બહુમાન ન હોય, એવું ન ચાલે ?

**પૂજ્યશ્રી :** જેને સમસ્ત ગુરુ પર પ્રેમ થઈ ગયો તેને સ્વ-ગુરુ પર પ્રેમ ન થાય એવું બને જ નહિ. એક તીર્થંકરની આશાતના સર્વની આશાતના છે. એક ગુરુની આશાતના સર્વ ગુરુની આશાતના છે.

સન્નિપાતનો રોગી ગમે તેમ બોલે, વૈદ તેના પર ગુસ્સે ન થાય, તેમ આવા ઉદ્ધત પર ગુરુ ગુસ્સે ન થાય.

વડી દીક્ષા પહેલા પૂજ્ય આચાર્ય ભગવંત મળ્યા.

ચાર પ્રકરણ આદિ થઈ ગયેલા. મેં પૂછયું : હવે શું કરું ?

પૂ. આચાર્ય ભગવંત : સિન્દૂર પ્રકર કરો.

તરત જ મેં 'તહત્તિ' કર્યું.

ભગવતીમાં શતક પુરૂં થતાં છેલ્લે આવે : **'सेवं भंते सेवं भंते'** પ્રભુ! આપ કહો છો તેમ જ છે.

આનું નામ સ્વીકાર છે.

આવી શ્રદ્ધા આવે ત્યારે આસ્તિકતા આવે. આસ્તિકતા આવ્યા પછી સ્વની જેમ અન્યનું જીવત્વ પણ સ્વીકાર કરવામાં આવે છે ને તેનું દુઃખ પોતાને લાગે છે. પગમાં કાંટો લાગે તો માથાને શું ? આપણને શું ? એમ માનીને આપણે એની ઉપેક્ષા કરતા નથી, તેમ બીજાની પીડાની ઉપેક્ષા થઈ શકે નહિ. કારણ કે બધાની સાથે આપણે

જોડાયેલા છીએ.

**परदया** **अप्पदया**

**परपीडा** **अप्पपीडा**

**परहिंसा** **अप्पहिंसा**

**जीववहो** **अप्पवहो**

આ આગમ-સૂત્રો આ જ વાત કહે છે.

તમે બીજાને કઠોર બોલો તો તમને જ એ ફળે.

એક ભાઈ ગઈ કાલે આવેલા. કમ્મરથી નીચેનો ભાગ શૂન્ય. ભયંકર પીડા. કહે : **'मैंने किसी को पीड़ा नहीं दी । ऐसा क्यों ?'**

**''इस जन्म में नहीं तो अगले जन्म में हमने पीड़ा दी ही होगी। इसका ही यह फल है ।''** એમ મારે તેને સમજાવવું પડયું. આવી વિચારણાથી અનુકંપા આવે. અનુકંપા દ્રવ્ય-ભાવ બે પ્રકારે છે.

દ્રવ્ય પ્રાણનું રક્ષણ તે દ્રવ્ય અનુકંપા.

ભાવ પ્રાણનું રક્ષણ તે ભાવ અનુકંપા.

કોઈના શરીરના દર્દ માટે હમદર્દી બતાવવી તે દ્રવ્ય અનુકંપા છે, તેમ તેના અભિમાન આદિ દોષ માટે દયા ચિંતવવી તે ભાવ અનુકંપા છે : ગુણહીન બિચારા આ આત્માનું શું થશે ?

અનુકંપા આવતાં આવા ગુણહીન અને દોષ-પૂર્ણ સંસારથી છુટવાનું ને ગુણપૂર્ણ દોષહીન મુક્તિમાં જવાનું મન થાય જ.

આ જ સંવેગ - નિર્વેદ કહેવાય.

આ બધાના ફળ રૂપે શમ મળે છે.

આ સમ્યગ્દર્શનના લક્ષણો છે.

આ સમ્યગ્દર્શન મેળવી સૌ મુક્તિને મેળવો.

*''કહ્યું કલાપૂર્ણસૂરિએ'' નકલ એક પ્રાપ્ત થઈ છે. શ્રુતભક્તિની ખૂબ ખૂબ અનુમોદના.*

*-આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિ*

*અમદાવાદ-નારણપુરા.*



સૈનિક રાજાને સોંપે તેમ ભક્ત બધું જ ભગવાનને સોંપે

શ્રા. સુદ-૧૫

૧૫-૮-૨૦૦૦, મંગળવાર

◆ ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, નિર્વસ્ત્રને વસ્ત્ર, ઘરહીન ને ઘર આપનાર ઉપકારી ગણાય તો ધર્મ આપનાર ભગવાન કેટલા ઉપકારી ગણાય ? એમના ઉપકારની કોઈ સીમા નથી.

આ ધર્મ અવ્યાબાધ સુખની ગેરંટી આપે છે; જો એ પાળીએ. આ ધર્મના પ્રણેતા ભગવાનનો ઉપકાર કેટલો ?

**"अपुव्वो कप्पपायवो"** આ ધર્મ અપૂર્વ કલ્પવૃક્ષ, અપૂર્વ ચિન્તામણિ છે. દુર્ગતિમાં પડતાને બચાવી લઈને સદ્-ગતિમાં સ્થાપિત કરનાર આવા ધર્મના ઉદ્ગાતા ભગવાનનો ઉપકાર કેટલો ? એ ઉપકારનું ઋણ શી રીતે ચૂકવાશે ?

**જે કાંઈ કરો તે ભગવાનના ચરણોમાં સમર્પિત કરો. મુનીમ શેઠને સોંપે, સૈનિક રાજાને સોંપે, ગુરુ –**

**શિષ્યને સોંપે તેમ ભક્ત બધું જ ભગવાનને સોંપે. તપ, જપ, સ્વાધ્યાય આદિ ભગવાનના ચરણે આપવાનું છે.**

**'गुह्यातिगुह्यगोप्ता त्वं गृहाणाऽस्मत्कृतं जपम् ।'**

– શક્રસ્તવ.

હરિભદ્રસૂરિજી આ જ કહે છે :

મને જ નહિ, આ ગ્રન્થ રચના દ્વારા સૌને ફળ મળો. તમે ભોજન કરો તો તૃપ્તિ મળવાની જ. એમાં માંગવાનું ન હોય : હે ભોજન ! તું તૃપ્તિ આપ.

એ રીતે તમે ધર્મ કરો તો તમને ફળ મળે જ. માંગવાની જરૂર જ નથી. માત્ર અન્ય માટે તમે ભલું ઈચ્છો.

મને આવા કરુણાશીલ હરિભદ્રસૂરિજીનું નામ પૂ. પં. ભદ્રંકર વિ.મ. દ્વારા માંડવીમાં [વિ. સં.૨૦૧૩] મળ્યું. પછી તો એટલો રસ લાગ્યો કે જેટલું બેસે તેટલું ગુરુ મુખે લઈ બેસાડતો. પ્રારંભમાં આમ પણ સૂત્ર રૂપે આવે, પછી જ અર્થ આવે ને પછી તદુભય રૂપે, ઐદંપર્ય રૂપે તો ભગવાનની કૃપાથી જ આવે.

મારા શ્રમથી મને મળ્યું હોય તેમ નથી લાગતું, ભગવાને કૃપા વરસાવી ને મને મળ્યું એમ જ લાગે છે.

હરિભદ્રસૂરિ પર બહુમાન વધશે તો જ આ ગ્રન્થનું હાર્દ આપણને સમજાશે. એવું હાર્દ સમજાશે કે એક ગ્રન્થથી અનેક ગ્રન્થોની ચાવી ખુલી જશે.

અત્યારે લલિત વિસ્તરામાં સામર્થ્યયોગ ચાલી રહ્યો છે. તેના તાત્ત્વિક –અતાત્ત્વિક બે ભેદ છે. આપણને સૌને અતાત્ત્વિક સામર્થ્ય યોગ મળી જ ગયો છે. કારણ કે ઘર આદિનો ત્યાગ કર્યો છે.

ગૃહસ્થ જીવનમાં નિશ્ચલ ધ્યાન ન થઈ શકે. કારણ કે તેવું વાતાવરણ ઘરમાં જામે જ નહિ. મને આવી પ્રેરણા ન મળી હોત તો હું ઘરમાં જ રહ્યો હોત. અહીં બાહ્ય વાતાવરણ, બાહ્ય તપ વગેરે કેટલા સહાયક બને છે ?

બાહ્ય તપ અભ્યંતર તપને વધારનારું છે.

બાહ્ય તપને કાઢી નાખવા જેવું નથી. જે દિવસે ઉપવાસ કરેલો

હોય તે દિવસે ધ્યાનાદિમાં ખૂબ જ મન લાગે – એમ હું મારા અનુભવથી કહી શકું છું. આ બાહ્ય તપની ઉપેક્ષા નહિ કરતા.

આભ્યંતર તપના લક્ષ વગરનું બાહ્ય તપ સફળ નથી બનતું.

'કોઈ પતિ – રંજન અતિઘણું તપ કરે રે ' એ રીતે તપ નથી કરવાનું, ઈર્ષ્યા કે હરિફાઈથી પણ તપ નથી કરવાનું. યુવાનીના જોસથી થઈ જાય, પણ પછી પરિણામ સારા નથી આવતા.

આ વાત એટલા માટે યાદ આવી કે, આજે એક સાધ્વીજી પૂછવા આવ્યાં : ૫૧ થઈ ગયા છે. આગળ કરું ?

શરીર ક્ષીણ જોઈ આજ્ઞા આપવાનું મન ન થયું. અમને અનુભવ છે : એક સાધ્વીજી ૬૮ ઉપવાસ કરવા ગયા તો આજે પણ એમની તબીયત બગડેલી છે. આવી રીતે તપ ન કરાય.

**''तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।**

**येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ।।''**

– જ્ઞાનસાર.

આ વાત બરાબર સમજી લો.

**શરીર એ ઘોડો છે. એને બાહ્ય તપથી તાલીમ આપવાની છે, પણ કચડી નાખવાનો નથી. શક્તિથી વધુ કરીને કચડી નાખવાનો નથી.**

દરેક સ્થળે એટલે જ 'યથાશક્તિ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

અહીં પણ લખ્યું : **'यथाशक्त्यप्रमादिनः ।'**

◆ **''नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**

**वीरियं उवओगो य, एअं जीवस्स लक्खणं ।।''**

આ જીવનું લક્ષણ છે ને ? કે આ પાટનું ? ગાથા માત્ર ગોખવા માટે છે કે જીવનમાં ઉતારવા માટે ?

જુઓ ઉપા. મ. ના શબ્દો :

''જિહાં લગે આતમદ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું;

તિહાં લગે ગુણઠાણું ભલું, કિમ આવે તાણ્યું.''

ઠપકો આપવાનો મારો સ્વભાવ નથી. આ તો મહાપુરુષોએ જે લખ્યું છે તે કહું છું.

આ બધું તમને એટલે ભણાવ્યું છે.

સૌ પ્રથમ તમે તમારું સ્વરૂપ તો ઓળખો. ગૃહસ્થોને તો ધમધોકાર શીખવાડીએ છીએ, પણ સ્વ-જીવનમાં કદી નજર કરીએ છીએ ?

**'परोपदेशे पांडित्यम् ।'** બહુ જ ઉતાવળ કરીએ છીએ. આપણા ખોખલા શબ્દોની કેટલી અસર થશે ?

◆ અધ્યાત્મ-મતપરીક્ષા, અધ્યાત્મોપનિષદ્ આદિ અનેક ગ્રન્થોની શ્રેણિ ઉપા. મહારાજે ખડી કરી દીધી. એ પરથી લાગે છે કે એમણે આપણી જેમ એક મિનિટ પણ બગાડી નહિ હોય.

ગ્રન્થ શા માટે બનાવ્યા ? અહંકારના પોષણ માટે નહિ, પણ પરોપકાર ભાવથી, કરુણાભાવથી.

ક્યાંક લખ્યું : **स्वस्मृत्यर्थम्** - મારી સ્મૃતિ માટે.

આવા ગ્રન્થો કોક યોગ્યના હાથમાં આવી જાય તો કામ થઈ જાય. એમનો જ્ઞાનસાર ગ્રન્થ દેવચન્દ્રજીના હાથમાં આવ્યો ને તેઓ બોલી ઊઠયા : ઉપા. તો મારા માટે ભગવાન છે ! એમને એ ગ્રન્થ અદ્ભુત લાગ્યો અને તેના પર જ્ઞાનમંજરી ટીકા પણ લખી.

◆ આપણા બધા જ અનુષ્ઠાનોને સપ્રાણ બનાવનાર ભગવાનની ભક્તિ છે, જીવોની કરુણા છે.

ચૈત્યવંદન આપણે કરીએ છીએ, પણ ઉલ્લાસ જોઈએ તેવો નથી. એ મેળવવા આપણે આ ગ્રંથ વાંચી રહ્યા છીએ.

થોડુંક જ્ઞાન વધતાં આપણે ક્રિયામાં શિથિલ બની જઈએ છીએ. પ્રતિક્રમણ, પડિલેહણ આદિ કરીએ છીએ પણ ક્યારેક વેઠ જેવું કરીએ છીએ. હું પણ ભેગો છું.

**પૂજ્ય પં. કલ્પતરુવિજયજી મ. :**

''જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કરે કર્મનો છેહ;
પૂર્વકોડી વરસા લગે, અજ્ઞાની કરે તેહ.''

આ વાત પણ આવે છે !

**પૂજ્યશ્રી :** એ ખરું ! પણ ક્યો જ્ઞાની ? સમિતિથી સમિત અને ગુપ્તિથી ગુપ્ત મુનિ ! એવો કદી ક્રિયાની ઉપેક્ષા ન જ કરે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર તપ આ ચારના જેટલા ભેદો છે તેટલા જ [૩૬] ભેદો વીર્યાચારના છે. એનો અર્થ એ થયો કે વીર્યોલ્લાસ વિના એકેય આચારની આરાધના થઈ શકે નહિ. પાંચે આચારના કુલ ભેદો ૭૨ થશે.

વીર્યોલ્લાસપૂર્વક ક્રિયા કરવાથી જ ધ્યાનનો અગ્નિ પ્રગટે ને ત્યાર પછી જ "જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં" એ વાત લાગુ પડે.

ન્યાય-કાવ્યાદિક ગ્રંથો વાંચવાથી જ વીર્યોલ્લાસ વધી જશે,એ ભ્રમણા છે.

અહીં સુધી આવ્યા પછી પણ પ્રમાદ ? તો પછી ઘર શું ખોટું હતું ? શા માટે પ્રમાદ હટાવતા નથી ? આ મારી વેદના ઠાલવું છું.

મરુદેવી - ભરતની જેમ બેઠા-બેઠા કેવલજ્ઞાન મળી જશે, એવા ભ્રમમાં નથીને ?

મરુદેવી માતામાં સામર્થ્યાદિ બધા જ યોગ આવી ગયા, પણ આવ્યા ક્યાંથી ? ભગવાન પાસેથી.

આજે પાઠ મળ્યો : ધનેશ્વર સૂરિ કૃત શત્રુંજય માહાત્મ્યમાં એમ લખ્યું : મરુદેવીએ જ્યારે સમાચાર સાંભળ્યા : ઋષભદેવને કેવળજ્ઞાન મળ્યું છે. આ સાંભળતાં જ શોકના આંસુ હર્ષાશ્રુમાં બદલાઈ ગયા. પુત્રના વિરહમાં રડી-રડીને આંખોમાંની રોશની ચાલી ગઈ હતી.

એમને ખ્યાલ હતો કે મારો પુત્ર ભગવાન બનનાર છે. તમને ખ્યાલ હોય ને એમને ન હોય ? સૌ પ્રથમ એમને [૧૪ સ્વપ્નથી] જ ખબર હતી.

આવા ભગવાન જેવા પુત્ર પરનો પ્રેમ એ ભગવાનનો પ્રેમ ન કહેવાય ? આજની માતા જેવો માત્ર પુત્ર પૂરતો પ્રેમ નહોતો. જસોદા ઈત્યાદિ જૈનેતરની માતાનો પ્રેમ પણ ભગવાનનો પ્રેમ ગણાય.

માતા-પિતાનો પ્રેમ સાવ અપ્રશસ્ત ન ગણાય. ભક્તિ-રાગ છે. સ્નેહરાગ ન કહેવાય.

**પૂ. આ. હેમચન્દ્રસાગરસૂરિજી :** સ્નેહરાગ ન કહેવાય ?

**પૂજ્યશ્રી :** ના... ન કહેવાય.

**પુત્રને સ્નેહરાગે જોવા, તીર્થંકર માતાના ખોળામાં બેઠા છે ને પરસ્પર બન્ને સ્નેહપૂર્વક જોઈ રહ્યા છે. એવા શિલ્પો મળે છે ને એવું ધ્યાન પણ ધરી શકાય. ધ્યાન વિચાર ગ્રન્થ જોજો. શંખેશ્વરમાં આવું ચિત્રપટ્ટ છે. બીજા પણ ઘણા મંદિરોમાં આવા ચિત્રપટ્ટો છે. આ પ્રાચીન ધ્યાન પદ્ધતિના ચિહ્ન છે. રાણકપુરની કોતરણી જોશો તો ત્યાં તમને ધ્યાન વિચારના ધ્યાનની શ્રેણિ મળશે.**

સિદ્ધચક્ર પૂજન ઘણાને નવું લાગતું હશે ? પણ હું કહું છું : જીર્ણોદ્ધાર થાય. પણ નવું કોણ કાઢી શકે ?

અત્યારે છે તેવું જ તાંબાનું સિદ્ધચક્રનું માંડલું [યંત્ર] ઓસિયામાં જોયેલું.

ઓસિયામાં મંદિરમાં પ્રદક્ષિણા આપતી વખતે નજરમાં સિદ્ધચક્ર યંત્રનો અર્ધો ભાગ આવ્યો. વિચાર આવ્યો : આનો બીજો અર્ધો ભાગ પણ હોવો જોઈએ. પછી અર્ધો ભાગ પણ મળી આવ્યો. લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાનું એ મંદિર છે. બધા જ ઓસવાળોની ઉત્પત્તિ ત્યાં થયેલી છે.

શાન્તિસ્નાત્ર જ જૂનું છે, સિદ્ધચક્ર પૂજન જૂનું નથી - એવું કહેનારાને બરાબર જવાબ આપી શકાય તેવો આ પૂરાવો મળ્યો.

જૂના જમાનામાં આવા તાંબાના યંત્ર પર લોકો સિદ્ધચક્ર પૂજન ભણાવતા હશે.

મેં પછી ફલોદીમાં સિદ્ધચક્ર પૂજન એ જ યંત્ર પર ભણાવવા પ્રેરણા કરેલી.

માતા અને પુત્રનો પ્રેમ માતૃવલયમાં વ્યક્ત થયેલો છે. પુત્રનો પ્રેમ અને માતાનું વાત્સલ્ય-બન્ને આપણામાં પેદા થાય માટે તેવું ધ્યાન કરવાનો ઉલ્લેખ છે. ૨૪ વલયમાંનું આ એક વલય છે.

◆ અહીં સામર્થ્યયોગની વાત આવી છે. કર્મોને મૂળથી ઉખેડ-વાની તાકાત સામર્થ્યયોગથી જ આવે છે.

**જ્ઞાનાદિ માટે હજુ અભ્યાસ કરીએ છીએ, વીર્યોલ્લાસ માટે જરાય પ્રયત્ન કરતા નથી. ''જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં' કહીને બેસી જઈએ**

**છીએ. વીર્યોલ્લાસ વિના કર્મોનો ક્ષય નહિ થાય.**

મરુદેવી માતા પુત્ર ભગવાન સાથે ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થપણામાં સાથે રહ્યા. આટલા કાળ સુધી જેણે પુત્રનો સંપર્ક કર્યો હોય તે માતા માત્ર પુત્રના જ વિરહથી રડે, એવું બને ? નહિ.... મા પુત્રમાં ભગવાનનું રૂપ જોતા હતા.

માતાનો પ્રેમ તો અદ્ભુત છે. માતા તરફના આ પ્રેમના કારણે જ પ્રવચન માતા, ધર્મમાતા ઈત્યાદિ શબ્દો શાસ્ત્રોમાં પ્રયોજાયા છે.

પૂ. ગણિ મુક્તિચન્દ્રવિજયજી : નાભિરાજાને કંઈ ન થયું ?

**પૂજ્યશ્રી : મા તે મા છે. મા જેટલી લાગણી પિતામાં સ્પષ્ટ રૂપે ન દેખાય. એટલે જ પ્રવચન માતા ઈત્યાદિ શબ્દોનો પ્રયોગ થયેલો છે, પ્રવચન પિતા ઈત્યાદિ શબ્દોનો નહિ.**

નાભિરાજા તે વખતે જીવિત હતા, તેવો કોઈ ઉલ્લેખ જાણ્યો નથી. સંભવ છે : ત્યારે તે વિદ્યમાન ન પણ હોય !

જેટલું શાસ્ત્રમાં મળે છે તેટલું તો પકડો.

મરુદેવી ઈન્દ્રો દ્વારા થયેલા અભિષેક ન્હોતા જાણતા ? ઈન્દ્ર દ્વારા રાજ્યાભિષેક – લગ્ન – દીક્ષા આદિ ન્હોતા જાણતા ? એમને ખબર જ હતી કે મારો પુત્ર ભગવાન છે.

ગૌતમસ્વામીને કેવળજ્ઞાનથી ગુરુ-ભક્તિ વિશેષ પ્રિય લાગી હતી. કદાચ પાંચમા આરાના જીવોને ગુરુભક્તિ સમજાવવા જ એમણે આમ કર્યું હોય ! કદાચ ન કર્યું હોય તો પણ આપણને તો એ આદર્શરૂપ છે જ.

'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી.'

આ પંક્તિનો વિરોધ કરશો ?

જેમ ગૌતમસ્વામીનો ભક્તિ – રાગ હોવા છતાં ભગવાનનો રાગ પણ હતો જ. મનમાં ખબર જ છે : આ ભગવાન છે. આથી જ એમનો શોક વિરાગમાં પલટાઈ શક્યો. ભગવત્તા યાદ આવીને કેવળજ્ઞાન થયું.

એ જ રીતે મરુદેવીનો પુત્રનો પ્રેમ પણ ભગવાનના પ્રેમમાં પલટાયો. પ્રભુની પ્રીતિ એ તો યોગનું બીજ છે. એ તમને મોક્ષ સાથે

જોડી આપે. એવી પ્રીતિ મરુદેવીને થયેલી.

મરુદેવી માતાને પ્રભુ પરનો પ્રેમ થયો તે યોગનું બીજ ગણાય કે નહિ ? શાસ્ત્ર-પાઠ આપું ?

**'जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च ।'**

પ્રભુ-પ્રેમના કારણે મરુદેવી માતાના વીર્યોલ્લાસે એટલો ઉછાળો માર્યો કે ઠેઠ આઠમી દૃષ્ટિ સુધી પહોંચી ગયા.

હું તો કહું છું : પ્રતિમાના આલંબનથી પણ શ્રેણિ માંડી શકાય, કેવળજ્ઞાન પામી શકાય.

''નિમિત્ત સમાન સ્થાપના જિનજી, એ આગમની વાણી રે''

– પૂ. દેવચન્દ્રજી.

**નિમિત્તરૂપે આપણી સામે સાક્ષાત્ તીર્થંકર હોય કે પ્રતિમા હોય, કોઈ ફરક પડતો નથી. નાગકેતુને મૂર્તિની સામે જ કેવળજ્ઞાન થયેલું ને ?**

મરુદેવીની જેમ વિહંગમ ગતિથી મોક્ષ-માર્ગે જવું હોય તો પ્રભુને પકડવા જ પડશે.

◆ જે વિચારોને આપણે સંપૂર્ણ નષ્ટ કરવા માંગીએ છીએ, તે વિચારો તો શુકલ ધ્યાનના પહેલા પાયામાં પણ છે.

*વાંકી તીર્થમાં આપેલી વાચનાનું પુસ્તક મળ્યું. ગમ્યું. મઝાની સામગ્રી પીરસી છે. વિગતો ક્યાંક ક્યાંક અધૂરી લાગે છે.*

*દા.ત. સોલાપુરના ચોમાસાની વાત છે ત્યાં વ્યાખ્યાનમાં પર્યુષણ પછી વ્યાખ્યાન બંધની વાત છે. પછી શું થયું એ જિજ્ઞાસા વણસંતોષાયેલી રહે છે.*

*-આચાર્ય વિજયપ્રદ્યુમ્નસૂરિ*

*શાંતિનગર, અમદાવાદ-૧૩.*



ભગવાનના પ્રેમ સિવાય બીજો કોઈ જ
યોગનો માર્ગ નથી.

શ્રા. વદ - ૧

૧૬-૮-૨૦૦૦, બુધવાર

◆ ગણધર ભગવંત રચિત નામસ્તવ - શક્રસ્તવાદિ સૂત્રો એટલા મહાન છે કે એ આપણા ચૈત્યવંદન દેવવંદનમાં જોડી દેવાયા. આ સૂત્રો કેટલા અર્થ-ગંભીર છે ?

નમસ્કાર સ્વાધ્યાય પુસ્તક વાંચશો તો ખ્યાલ આવશે.

ધ્યાન-વિચારની વિવેચના લખવી હતી, પણ આધાર કયો લેવો? વિચારમાં હતો. મેં નવકાર ગણ્યા. નમસ્કાર સ્વાધ્યાય પુસ્તક સામે રાખીને સંકલ્પ કર્યો. જે પાનું ખુલે તે જ વાંચવું. ખોલતાં જ ધ્યાન વિચાર માટેનો જ મસાલો મળ્યો. એક સાથે ચાર ગ્રન્થ મળ્યા. મન નાચી ઊઠ્યું. શ્રી ભદ્રગુપ્તસૂરિ રચિત અરિહાણ સ્તોત્ર, શ્લોક-૩૦ ગ્રન્થમાં ૨૪ ધ્યાન ભેદોના નામ આવ્યા.

જાણે ભગવાને કૃપા વરસાવી !

આગમોમાંથી જ ધ્યાન-વિચાર આવેલો છે, તેવી પ્રતીતિ થઈ.

એક ચિત્તે સાધના કરતા રહીએ તો તત્ત્વ મળે જ મળે. વૈજ્ઞાનિકો પણ એક જ પદાર્થ પર દત્તચિત્ત બનીને કેટલું શોધી કાઢે છે ? યોગીએ પણ આવા એકાગ્ર થવાનું છે.

◆ બીજાધાન વિના તો યથાપ્રવૃત્તિકરણ અભવ્યો પણ અનંતી-વાર કરી શકે. એટલે હવે નક્કી કરી લો : મારે બીજાધાન તો કરી જ લેવું છે.

હું પૂછું છું : તમને આ ગ્રન્થો વાંચતાં-સાંભળતાં આનંદ આવે છે ? આનંદ કેટલી માત્રામાં ને કેવો આવે છે ? તે પરથી તમારી ભૂમિકા નક્કી થાય છે.

ક્ષાયિકની વાત જવા દો. ક્ષાયોપશમિક ભાવના ગુણો તો આવી ગયા છે ને ?

**◆ ભગવાનના પ્રેમ સિવાય બીજો કોઈ જ યોગનો માર્ગ નથી. ભગવાનનો પ્રેમ ન જાગ્યો હોય તો સમજવું : હજુ સંસારનો પ્રેમ બેઠો છે, બીજો કોઈ ઉદ્દેશ બેઠો છે. પ્રભુ-પ્રેમની ગેરહાજરી એ જ બતાવે છે : હજુ બીજી બીજી આકાંક્ષાઓ અંદર બેઠી છે. આ બધા ખૂબ જ ખતરનાક ભયસ્થાનો છે.**

બધી સામગ્રી આપણી સામે છે. માત્ર આપણા ઉદ્યમની ખામી છે. પણ આપણે તો વાટ જોઈ રહ્યા છીએ : જલ્દી મહાવિદેહમાં જન્મ મળી જાય ને મોક્ષે જતા રહીએ પણ ક્યા આધારે મહાવિદેહ મળશે, તેનો વિચાર કરતા નથી. વર્તમાનમાં મળેલી સામગ્રીનો ઉપયોગ નહિ કરનારો ભાવિમાં તેથી ઉત્તમ સામગ્રી મેળવી શકતો નથી. વર્તમાનમાં મળતો રોટલો ખાઈને જે અત્યારે જીવન જીવી નથી લેતો તેને ભાવિકાળમાં ગુલાબજાંબુ શી રીતે મળી શકશે ? જે માણસ જીવતો જ ન રહે તે ગુલાબજાંબુ શી રીતે મેળવી શકે?

◆ મરુદેવીને જેમ પુત્ર ઋષભ પર પ્રેમ હતો, તેમ ત્રિશલાને પણ વર્ધમાન પર પ્રેમ હતો. તેમણે પણ ભગવાનનું બાળક રૂપે ધ્યાન કર્યું, એમ કહી શકાય.

અન્ય દર્શનોમાં પુત્રોના નામ નારાયણ ઈત્યાદિ એટલે રાખે કે એને ભગવાન યાદ આવ્યા કરે.

**પૂજ્ય હેમચન્દ્રસાગરસૂરિજી :** ત્રિશલા તો દેવલોકમાં ગયાં.

**પૂજ્યશ્રી :** જાય. તીર્થંકરની માતા મોક્ષે અથવા સ્વર્ગે જાય. ત્રિશલા પછી મોક્ષે જશે. ભગવાનનો પ્રેમ જ તેમને મોક્ષે લઈ જશે.

◆ કોઈ ચંદનનું વિલેપન કરે કે કોઈ વાંસડાથી છોલે. પણ જેની સમતા ખંડિત ન થાય તે સહજ ક્ષમા છે. આવી ક્ષમા ન આવે ત્યાં સુધી ક્ષયોપશમ ભાવની ક્ષમા તો રાખીએ.

ભગવાન પાસે આપણે પ્રતિજ્ઞા લીધી છે : ''રાગ-દ્વેષ નહિ કરીએ. સાવદ્યનું સેવન નહિ કરી, કોઈના પ્રત્યે વૈર-વિરોધ નહિ કરીએ.''

આ પ્રતિજ્ઞાનું પૂર્ણપણે પાલન થાય છે ?

મરણાન્ત કષ્ટમાં પણ આપણા પૂર્વર્ષિઓએ સમતા રાખી છે.

◆ ૧૪મા ગુણઠાણે મન-વચન-કાયારૂપ યોગોનો પણ ત્યાગ થતાં યોગ સંન્યાસ થાય છે.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** ધર્મ-સંન્યાસમાં શાનો ત્યાગ થાય છે ?

**પૂજ્યશ્રી :** ક્ષયોપશમ ભાવના ક્ષમાદિ ગુણો છોડવાના હોય છે. ક્ષાયિક ભાવના ક્ષમાદિ ગુણો મેળવવાના હોય છે.

નવું પગથીયું મેળવવું હોય તો પાછળનું પગથીયું છોડવું જ પડે. જૂના પગથીઆને પકડી રાખીને તમે નવું પગથીયું મેળવી શકો નહિ.

**◆ પ્રભુની શાન્ત મુદ્રા જોતાં મરુદેવી માતાની અંદર બધી જ ભૂમિકાઓ ઝડપથી આવતી ગઈ, છેવટે નિર્વિકલ્પ અવસ્થા પામીને કેવળજ્ઞાન પામી ગયાં.**

◆ પ્રભુ યોગ-ક્ષેમંકર કહેવાય છે.

આગળ આવશે : ભગવાન ધર્મનું પાલન કરે, ધર્મનું પ્રવર્તન કરાવે, સ્થિર કરે.

ભગવાન આવા છે. પહેલા ધર્મ સાથે યોગ કરાવે, પછી સ્થિર પરિચિત કરાવે, પછી વિનિયોગ કરાવે.

આ બધા ભેદો-પ્રભેદો હમણાં બતાવવાની જરૂર શા માટે ?

હમણા તો કાંઈ એ સાધવાના નથી. પણ એટલે જાણવા છે કે આ બધું જાણીને ઈચ્છા તો પ્રગટે. ઇચ્છા પ્રગટે તોય કામ થઈ જાય.

◆ ત્રણ યોગ

**नमुत्थणं** થી ઇચ્છાયોગ.

**नमो जिणाणं** થી શાસ્ત્રયોગ.

**इक्को वि नमुक्कारो** થી સામર્થ્યયોગ બતાવાયા છે.

સંસાર સામર્થ્યયોગ વિના તરી શકાય નહિ.

શાસ્ત્ર તમને માર્ગ બતાવશે, પણ જીવનમાં અમલીભૂત તમારે જ બનાવવો પડશે. એ પુરુષાર્થ પ્રબળ બને ત્યારે ક્ષપકશ્રેણિ મંડાય, સામર્થ્ય યોગ પ્રગટે ને સંસારથી પાર ઊતરી શકાય.

સામર્થ્ય યોગ આપણને અનુભવ દશામાં ઝીલવાનું કહે છે.

◆ ''શબ્દ અધ્યાત્મ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાત્મ ભજના જાણી,હાણ ગ્રહણ મતિ ધરજો રે.''

–પૂ. આનંદઘનજી.

શબ્દ અધ્યાત્મ એટલે અધ્યાત્મ શાસ્ત્ર ! અજૈનો તેને શબ્દ બ્રહ્મ કહે છે. શબ્દ બ્રહ્મથી પર-બ્રહ્મ પામી શકાય. શાસ્ત્ર દૃષ્ટિથી શબ્દ બ્રહ્મ ને જાણી શકાય. અનુભવ દૃષ્ટિથી પરબ્રહ્મને માણી શકાય.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** શબ્દબ્રહ્મ એટલે શાસ્ત્રયોગ, પરબ્રહ્મ એટલે સામર્થ્યયોગ. બરાબર ને ?

**પૂજ્યશ્રી :** હા એમ જ.

સાધક બનવું હોય તો સીધા અનુભવમાં [અસંગમાં] નહિ જવાય. પ્રારંભ તો પ્રીતિયોગથી જ કરવો પડશે.

વાહ ! વાહ ! આવા ભગવાન ? આવા આચાર્ય ? આવા શબ્દો નીકળે તો સમજવું : પ્રીતિયોગમાં તમારો પ્રવેશ થઈ ગયો.

પૂ. યશોવિજયજીની ચોવીશી જોઈ લો. તમને પ્રેમલક્ષણા ભક્તિ દેખાશે. આ જ પ્રીતિયોગ છે. પ્રીતિ ભક્તિને જન્માવશે. પ્રીતિ-ભક્તિ જાગ્યા પછી વચનયોગ આવશે જ, શાસ્ત્ર પર પ્રેમ જાગશે જ.

શાસ્ત્ર પર આપણને પ્રેમ નથી એનો અર્થ એ થયો કે આપણને

ભગવાન પર પ્રેમ નથી. ભગવાન પર પ્રેમ હોય ને તેમના વચન [શાસ્ત્ર] પર પ્રેમ ન હોય એવું બને જ નહિ.

◆ વચન અને અસંગ અનુષ્ઠાન જોડાયેલા છે. વચન યોગ આવતાં અસંગયોગ આવવા લાગે છે.

અસંગયોગ એ જ અનુભવ દશા !

અનુભવ દશાનું વર્ણન સાંભળતાં ડરતા નહિ.

બીજું કાંઈ ન કરી શકો તો પ્રભુનો પ્રેમ તો કરી શકોને ! પણ તે માટે બીજો પ્રેમ છોડવો પડે. એક પત્ની પણ 'બાળક કોનો ?' એમ પૂછો તો તેના પિતાનું નામ આપશે. કારણ કે પ્રેમ સંપૂર્ણ ત્યાં સમર્પિત કરી દીધો છે. તે પોતાની જાત ક્યારેય આગળ ન કરે.

પ્રભુ-સમર્પિત વ્યક્તિ પણ કદી પોતાનું નામ આગળ ન કરે.

ગૌતમસ્વામી કેટલા સમર્પિત હશે ?

ભગવાનના કહેવાથી શ્રાવકને મિચ્છામિ દુક્કડં આપવા ગયેલા.

**આપણે સમર્પણભાવ ખોઈ નાખ્યો. એટલે જ ન ભગવાનની શક્તિ મેળવી શકીએ છીએ, ન ગુરુની !**

◆ જે શૂન્ય બની ગયા તે જ પૂર્ણ બની ગયા.

◆ આ ભગવાન જ અમને બધું આપે છે. બાકી અત્યારે અમારા પર કોણ રહ્યું ?

વાદળા ઘેરાયા છે એટલે જલ્દી પૂર્ણ કરું છું.

*'કહે, કલાપૂર્ણસૂરિ'' પુસ્તક મળ્યું. આધ્યાત્મિક વાચનાઓનું સરસ સંકલન કર્યું છે. અધ્યાત્મ-યોગી પૂજ્ય આચાર્ય-ભગવંતની પાને-પાને વિવિધ મુદ્રાઓ દ્વારા દર્શન પણ થાય છે. તત્ત્વના ખજાનાથી ભરપૂર છે. ખરેખર ! તમારું સંપાદન દાદ માંગી લે તેવું છે.*

*- આચાર્ય વિદ્યાનંદસૂરિ*



પંચ પરમેષ્ઠીને નમસ્કાર તે સંઘને જ નમસ્કાર છે.

શ્રા. વદ-૨

૧૭-૮-૨૦૦૦, ગુરુવાર

◆ ૨૫૦૦ વર્ષ વ્યતીત થવા છતાં આજે પણ સંઘ જયવંત છે. સંઘ ગુણરત્નોની ખાણ છે.

તીર્થંકર **'नमो तित्थस्स'** કહીને જેને નમે તે સંઘ અન્યને પૂજનીય નહિ ? એની ગુણ-ગરિમાનું વર્ણન બીજો કોણ કરી શકે ? ૧૪ પૂર્વી અને કેવળી પણ ભગવાનનું વર્ણન કરી શકે નહિ તે સંઘની શી વાત ? કારણ કે સંઘ તો તીર્થંકર માટે પણ પૂજનીય છે.

**પૂ. ધુરંધર વિ. મ. : 'नमो तित्थस्स'** આટલું પૂજનીય હોવા છતાં પણ નવકારમાં એનું સ્થાન શા માટે નથી ?

**પૂજ્યશ્રી :** સંઘમાં નવકાર છે. નવકારમાં સંઘ છે. પંચ પરમેષ્ઠી ક્યાંથી ઉત્પન્ન થાય ? આ જ સંઘમાંથી ને ?

પાંચે પદ તીર્થરૂપ પણ છે.

સિંદૂર-પ્રકરમાં સંઘની મહત્તા બતાવતો શ્લોક જોઈ લેજો.

અરિહંતો એટલે સંઘને નમે છે : મને તીર્થંકર બનાવનાર આ સંઘ છે. આપણને દીક્ષા આપનાર ગુરુ છે. પણ એ ગુરુને દીક્ષા આપનાર એમના ગુરુ છે. એમ આગળ ચાલતાં છેલ્લે ભગવાન આવશે.

આકાશમાં તારલા કેટલા ? રોહણાચલમાં રત્નો કેટલા ? તેમ સંઘમાં ગુણો કેટલા ?

**'इत्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ।'**

–સિન્દૂર પ્રકર.

આપણને શક્તિ મળી રહી છે તે સંઘનો પ્રભાવ છે.

નવકારમાં સંઘને નમસ્કાર શી રીતે આવ્યો ?

તીર્થંકરને નમવાથી તીર્થને નમસ્કાર આવી જ ગયો. બાકીના પરમેષ્ઠીઓ સ્વયં તીર્થરૂપ છે. નવકારમાં સંઘને, [તીર્થને] નમસ્કાર આવી જ ગયો છે. માટે જ અલગ નમસ્કારની જરૂર નથી.

તીર્થંકર પોતે તીર્થંકર પણ છે ને તીર્થ પણ છે.

તીર્થંકર પોતે માર્ગદાતા પણ છે ને માર્ગ પણ છે.

જુઓ ભક્તામર –

**'त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं ।**

**नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र पन्था ॥''**

મરુદેવી માતાને તીર્થંકરના આલંબને જ કેવળજ્ઞાન મળેલું ને? મરુદેવી માતાએ તીર્થંકરને જોયા ને પ્રભુનું ધ્યાન લાગી ગયું.

**માટે જ અન્યલિંગ કે અતીર્થ સિદ્ધની વાત આવે ત્યાં ભગવાન કે ભગવાનનું નામ આલંબન રૂપે સમજી લેવું. ઉપાદાન પોતે જ પુષ્ટ નિમિત્ત વિના કાર્યકારી બની શકતું નથી. એ પૂ.દેવચન્દ્રજીની વાત [ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ] બરાબર યાદ રાખજો.**

**ઉપાદાન અને ઉપાદાન કારણતા અલગ ચીજ છે. આપણે ઉપાદાન છીએ, પણ ઉપાદાન કારણતા હજુ પ્રગટી નથી. એ તો પ્રભુ જ પ્રગટાવી શકે.**

'ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ-સેવ.'

-પૂ. દેવચન્દ્રજી.

એક પણ પ્રતિમા લાકડા કે પત્થરમાંથી પોતાની મેળે બની ગઈ હોય તો બતાવો. એક પણ જીવ પોતાની મેળે મોક્ષમાં ગયો હોય તો બતાવો. અરે, એકપણ ગુણ પામ્યો હોય તો બતાવો.

**પૂ. ધુરંધર વિ. મ. :** નિસર્ગ સમકિત શી રીતે ?

**પૂજ્યશ્રી :** નિસર્ગને ધ્યાનયોગમાં ભવનયોગ કહ્યું છે.

કરણમાં ઉપદેશ હોય. ભવનમાં પ્રત્યક્ષ તેની જરૂર ન હોય, મોટા ભાગે ભવનમાં પણ પૂર્વ જન્મના ગુરુ તો કારણ હોય જ છે. મરુદેવી માતાને ભલે પૂર્વજન્મના ગુરુ ન્હોતા, પણ એ જન્મમાં તો ભગવાનનું આલંબન મળ્યું જ હતું.

◆ સંઘનો ઉપકાર ઘણો મોટો છે. આપણને ચતુર્વિધ સંઘના સભ્યો ન મળ્યા હોત તો આ કક્ષા સંભવી જ ન શકત. ધાર્મિક માતા વગેરે ન મળ્યા હોત તો આપણી હાલત કેવી હોત ? કેટલાક આત્મા તો ગર્ભમાં હોય ને મા ઉપધાન કરે છે. કેટ-કેટલા વિધિ-વિધાનના સંસ્કાર ગર્ભાવાસથી જ મળે. પછી સ્તન-પાન આદિ દ્વારા, કુટુંબ, શિક્ષક આદિ દ્વારા પણ સંસ્કારો મળે. માટે જ કૃતજ્ઞતાના સ્વામી તીર્થંકર એ સંઘને નમે છે. એમની યોગ્યતા અન્ય જીવો કરતાં સર્વોત્કૃષ્ટ છે.

ભગવાનની ગેરહાજરીમાં ૨૧ હજાર વર્ષ સુધી સંઘ જ શાસન ચલાવે છે. એટલે નવકારમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર તે સંઘને જ નમસ્કાર છે.

**તમે ને તમારી પેઢી એક જ ગણાય. પેઢીનો નફો તમને જ મળે તેમ તીર્થંકર અને તીર્થ એક જ ગણાય. તીર્થ એટલે ભગવાનની પેઢી. એ પેઢી અત્યારે પણ ચાલી રહી છે. જેમ તમારી ગેરહાજરીમાં મુંબઈમાં અત્યારે પણ પેઢી ચાલી રહી છે.**

◆ અઢીદ્વીપની સોયના અગ્રભાગ જેટલીપણ એવી જગ્યા નથી, જ્યાંથી અનંતા સિદ્ધો ન થયા હોય, અનંતાનંત કાળ વીતી ગયો એટલે અપહરણાદિ દ્વારા સમુદ્ર-નદી વગેરે સ્થળોથી પણ અનંતા સિદ્ધો થયેલા છે.

**પૂ. ધુરંધર વિ. મ. :** મેરુ પર્વતની ટોચ ખાલી ન રહી જાય? મેરુ શિખર તો ઉર્ધ્વલોક ગણાય ને ?

**પૂજ્યશ્રી :** બધું ભરેલું છે. ક્યાંય જગ્યા ખાલી નથી. કુબડી વિજય [અધોલોક] માંથી સિદ્ધ થઈ શકે તો ઊર્ધ્વલોકમાંથી કેમ ન થઈ શકે ?

**પૂ. ધુંરધર વિ.મ. :** ગૃહસ્થો સંઘમાં આવે ?

**પૂજ્યશ્રી :** શ્રાવક-શ્રાવિકા આવે. તેમનો જન્મ ભલે અજૈન કુળમાં થયો હોય ! શ્રાવક-શ્રાવિકા બન્યા પછી જ સાધુ-સાધ્વી બની શકાય.

આપણે ગુણો ન મેળવીએ તો આપણે પણ સંઘથી બહાર ગણાઈએ એ પણ યાદ રાખજો. આ નિશ્ચય-નયની વાત છે. પણ વ્યવહાર તો વ્યવહાર નયથી જ ચાલે.

આ સંઘ કેટલો ઉદાર છે ! કેટલું તમને આપે છે ? સંપત્તિ અને પુત્ર સુદ્ધાં પણ શાસનને સમર્પિત કરી દે છે.

સંઘ સ્વયં પચીસમો તીર્થંકર છે. આથી જ સંઘના દર્શન એટલે ભગવાનના દર્શન !

◆ પંચસૂત્રમાં સાધુના સાત વિશેષણો છે. એ વાંચશો તો ખ્યાલ આવશે : સાધુ કેવા હોય ? સાથે-સાથે એ પણ ખ્યાલ આવશે : આપણે કેવા છીએ ?

આવા સાધુ સ્વયં તીર્થરૂપ છે. '**तीर्थभूता हि साधवः ।**' સંઘ ગુણ-વંત છે. એટલે કે સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા ગુણવંત છે.

આવા ગુણવંતની સ્વયં ભગવાન પ્રશંસા કરે.

'**जास पसंसइ भयवं दढवयत्तं महावीरो ।**'

**દુર્યોધનને એકે ગુણી ન દેખાયો. યુધિષ્ઠિરને એકેય દુર્ગુણી ન દેખાયો. આપણી પાસે યુધિષ્ઠિરની આંખ હશે તો સંઘમાં ગુણીઓના દર્શન થશે.**

સંઘ ગુણવંત છે એનો અર્થ એ કે અસંખ્ય તીર્થંકર એમાંથી થવાના છે. આજે પણ તીર્થંકર નામકર્મ નિકાચિત કરેલા અસંખ્ય દેવો છે. મહાવિદેહમાં પણ છે.

**પૂ. ધુરંધર વિ. મ.** : નિકાચિત હોઈ શકે ?

**પૂજ્યશ્રી** : નિકાચિત થયા છે કે કેમ તે તો જ્ઞાની જાણી શકે, પણ **તમારા ગુરુ ભગવંત [પૂ. પં. ભદ્રંકર વિજયજી ગણિ] માટે આવી કલ્પના થઈ શકે : નક્કી કોઈ ભગવાનનો આત્મા હશે !**

ગુણીને ઓળખવા ગુણી, જ્ઞાનીને ઓળખવા જ્ઞાની, બનવું પડે. એમને ઓળખનારા કેટલા ?

આનંદઘનજીને ઓળખનારા કેટલા હતા ?

પૂ. ઉપા. યશોવિજયજી સ્વયં પણ આનંદઘનજીને પહેલા ક્યાં ઓળખતા હતા ?

◆ ગુરુની ભક્તિમાં પણ સંઘની જ ભક્તિ છે.

૪૮ ગુણોવાળો આ સંઘ છે. ૨૭ સાધુના તથા ૨૧ શ્રાવકના. કુલ ૪૮ ગુણો થયા ને !

આકાશમાં તારાની ગણત્રી ન થાય, તેમ સંઘના ગુણોની ગણત્રી ન થાય. કલિકાલમાં, પડતા કાળમાં આવું બધું ન હોય, એમ નહિ માનતા. હજુ આચાર્યો, યુગ પ્રધાનો વગેરે અહીંથી જ થશે.

એવા ભાવિકો અમે નજરે જોયા છે : માતા-પિતાની જેમ સાધુ-સાધ્વીજીની ભક્તિ કરે. એક દિવસ વહોરવા ન આવે તો નારાજ થઈ જાય : મહારાજ ! કોઈ વહોરવા નથી આવ્યું !

અમે કહીએ : 'આવ્યા'તા ને !'

તેઓ કહે : 'આવ્યા'તા, પણ કાંઈ વહોર્યું નહિ.'

અમે દક્ષિણમાં ક્યાંય સુધી જઈ આવ્યા, પણ ક્યાંય વાંધો નથી આવ્યો. આ સંઘ જ હતો ને ભક્તિ કરનારો ?

**પૂજ્ય ધુરંધર વિ.મ.** : મોટાનું પુણ્ય મોટું.

મોટાની વાત નથી, સંઘ-નિષ્ઠા કેટલી છે તે જુઓ.

સંઘ પ્રત્યે ભક્તિ ન હોય તો ક્રોડો રૂપિયા કોણ ખર્ચી શકે ? હમણા જ લાકડીઆથી ધનજીભાઈએ સિદ્ધાચલનો સંઘ કાઢ્યો તેમાં બે ક્રોડથી વધુ ખર્ચ્યા અહીં આવીને વળી તેમણે ૨૧ લાખ જીવદયામાં લખાવ્યા.

**માલશીભાઈ :** અહીં જીવદયામાં દોઢ ક્રોડ થયા.

પૈસાની વાત નથી, એમની નિષ્ઠા જુઓ.

સંઘ આવી ભક્તિ કરતો હોય તો આપણી ફરજ કઈ ?

તમારા ગુરુ મહારાજ [પૂ. પં. ભદ્રંકરવિ.મ.] યાદ આવ્યા વિના રહે ? સંઘની દિવસ-રાત ચિંતા કરતા. મારો સંઘ ટૂકડામાં કેમ વહેંચાઈ જાય ? એકતાના પ્રયત્નમાં સફળતા ન મળે તો પણ જરાય નિરાશ થયા વિના પુણ્ય વધારવાની જ તેઓશ્રી વાત કરતા.

આ સંઘની ભક્તિ તેઓ [શ્રાવક-શ્રાવિકા] દ્રવ્યથી કરે, આપણે ભાવથી કરવાની છે. એટલે જ શાસ્ત્રાભ્યાસ કરવાનો છે. માટે જ ચતુર્વિધ સંઘની જેમ દ્વાદશાંગી પણ તીર્થ છે. દ્વાદશાંગીનો અભ્યાસ એ તીર્થની જ ભક્તિ છે. તમે તમારું જ્ઞાન બીજાને ન આપો તો ગુનેગાર છો.

હું જો તમને કોઈ શાસ્ત્ર-પદાર્થ ન આપું, આડી-અવળી વાતોમાં સમય પસાર કરી દઉં તો ગુનેગાર બનું !

સંઘની ભક્તિ તે તીર્થંકરની ભક્તિ ગણાશે.

સંઘની આશાતના તે તીર્થંકરની આશાતના ગણાશે.

પંચપરમેષ્ઠી સ્વયં જ સંઘ રૂપ હોવાથી અલગ રૂપે 'નમો તિત્થસ્સ' કહેવાની નવકારમાં જરૂર ન પડી. બીજી રીતે કહું તો નવકારમાં નમો તિત્થસ્સનો જ વિસ્તાર છે.

◆**'णमो सुअस्स'** આવું ભગવતીના પ્રારંભમાં આવ્યું.

**'णमो सुअस्स'** માં તીર્થ આવી ગયું. કારણ કે શ્રુત [દ્વાદશાંગી] સ્વયં તીર્થ છે.

આ તીર્થની સેવા કરનાર તત્ત્વ પામે જ.

'તીરથ સેવે તે લહે, આનંદઘન અવતાર'

-પૂ. આનંદઘનજી.

**પૂજ્ય ધુરંધર વિ. મ. :** એટલે વ્યાખ્યાનકાર થવું જ ને ?

**પૂજ્યશ્રી :** વ્યાખ્યાનકાર થવાનું નથી કહેતો, ગીતાર્થ બનજો.

પૂ. પ્રેમસૂરિજી મ., પૂ. મુક્તિ વિ. મ. ભાનુ વિ., બન્નેનું

વ્યાખ્યાન સાંભળીને કહેતા : આમાં શું આવ્યું ? શાસ્ત્રીય પદાર્થ તો કાંઈ ન આવ્યો. પૂ. પ્રેમસૂરિજી મ. ન હોત તો તમે તૈયાર થાત?

જેટલા આચાર્યો મળ્યા તે બધાની અમને આ જ સલાહ હતીઃ આગમને કદી ભૂલશો નહિ.

આવશ્યક નિર્યુક્તિ, અનુયોગ દ્વાર, નંદી આ આગમની ચાવીઓ છે. એ હાથમાં આવી જાય તો બધા જ આગમના તાળા ખુલી જશે. છાપા વાંચીને વ્યાખ્યાનકાર બનવાની ભ્રમણામાં નહિ રહેતા. શાસ્ત્રીય પદાર્થો જોઈએ.

પૂ. પં. ભદ્રંકર વિ. મ. ને મનોરથ હતો : એકત્રિત સંઘમાં મૈત્રી આદિનું વાતાવરણ કેવું જામે ?

અત્યારે આ બધી વાતો યુવાન અને બાલમુનિઓ સાંભળે છે. ભવિષ્યમાં તેઓ પણ મોટા બનશેને ? તેઓ આવું વાતાવરણ સર્જવા પ્રયત્ન કરશે.

સંઘની ભક્તિ કરવાથી શું ફળ મળે ?

સિંદૂર પ્રકરકાર કહે છે : નિષ્કામ પણે ભક્તિ કરશો તો તીર્થંકર પદવી આનું ફળ છે.

આથી મોટી પદવી કઈ ?

**પૂ. ધુરંધર વિ. મ. :** સિદ્ધની મોટી પદવી નહિ ?

**પૂજ્યશ્રી :** સિદ્ધ તો છે જ. પણ તીર્થંકર બનીને સિદ્ધ શા માટે ન બનવું ? ચક્રવર્તી-દેવેન્દ્રનું પદ તો આનુષંગિક ફળો છે. મુખ્ય ફળ તો તીર્થંકર-પદ અને સિદ્ધપદ છે.

આપણે પણ શ્રાવક-શ્રાવિકાને સ્થિરીકરણ, ઉપબૃંહણા વગેરે દ્વારા સંઘ-ભક્તિ કરી શકીએ.

**આઠ દર્શનાચારમાં પહેલા ચાર સ્વમાટે છે.**

**બીજા ચાર સંઘમાટે છે.**

❋



ૐ

શ્રા. વદ-૩

૧૮-૮-૨૦૦૦, શુક્રવાર

ગમે તે નામથી, ગમે તે રૂપે, ગમે તે અનુષ્ઠાનથી પ્રભુને પકડી લો. પ્રભુ તમને તારવા તૈયાર છે.

◆ અહીં નમુત્થુણં માં નામ આદિ ચારમાંથી ભાવ તીર્થંકરને નમસ્કાર કર્યો છે. લોગસ્સમાં નામ તીર્થંકરને અરિહંત ચેઈઆણંમાં સ્થાપના તીર્થંકરને અને જે અ અઈઆ. માં દ્રવ્ય તીર્થંકરને નમસ્કાર કર્યો છે.

સમવસરણમાં નામ આદિ ચારેય ભગવાન હાજર હોય છે.

આપણું આત્મદ્રવ્ય ભગવન્મય બને તે જ દ્રવ્ય તીર્થંકર ગણાય. અહીં ભૂત-ભાવિ પર્યાયરૂપ દ્રવ્ય નથી લેવાનું. જો કે ભૂત-ભાવિનું કારણ પણ આત્મદ્રવ્ય જ બનશેને ?

◆ ધ્યાતા જેને ધ્યેય રૂપે રાખે તે રૂપે તે બની જાય. પુદ્‌ગલને ધ્યેય તરીકે ગોઠવીને ચેતને ખૂબ માર ખાધો. હવે બચવું હોય તો પરમાત્માને ધ્યેય તરીકે ગોઠવો.

પરમાત્મામાં આપણે રંગ નથી

લગાવતા એનો અર્થ એટલો જ કે પુદ્ગલમાં રંગ આપણે કરીએ છીએ.

જીવ વિચાર આદિ બધું ભણીએ, બધું જાણીએ, પણ સ્વમાં કાંઈ ન ઘટાવીએ, બધું બીજામાં જ ઘટાવીએ. આપણે કોરા જ રહીએ, એનો શો અર્થ ?

પ્રભુની જે સંપત્તિ પ્રગટ છે. આપણી તે તિરોહિત છે. એટલો જ પ્રભુ અને આપણી વચ્ચે ફરક છે.

''આવિરભાવથી સકલ ગુણ માહરે, પ્રચ્છન્ન ભાવથી જોય.''

–પદ્મવિજયજી

આત્મ-સંપત્તિને પ્રગટ કરવા પ્રભુને શરણે જાવ. ચારનું શરણું સ્વીકારો. એ શરણું સ્વીકારતાં જ પ્રભુ આપણો હાથ પકડી લેશે, આત્મ સંપત્તિ પ્રગટ થશે.

આ પ્રભુએ તો કષ્ટ સહીને પણ દુઃખી જીવોને તાર્યા છે. પ્રભુ કરુણાસાગર છે. એક ઘોડાને બચાવવા મુનિસુવ્રત સ્વામીએ એક રાતમાં ૬૦ યોજન [૪૮૦ માઈલ] પૈઠણથી ભરૂચ સુધીનો વિહાર કરેલો. ભગવાન સાથે બીજા પણ મુનિ વગેરે હશે ને ? પણ ભગવાન વગેરે આમાં કષ્ટ ન્હોતા જોતા.

આપણે વિહાર કરીએ, જો ચેલા મળતા હોય, પ્રતિષ્ઠા કે નામ મળતું હોય ! અહીં તો ચેલો નહિ, પણ ઘોડો હતો. કરુણા સિવાય બીજું શું કારણ હતું વિહારનું ?

**◆ ગમે તે નામથી, ગમે તે રૂપે, ગમે તે અનુષ્ઠાનથી પ્રભુને પકડી લો. પ્રભુ તમને તારવા તૈયાર છે. આપણી મુશ્કેલી એ છે : કોઈને સમર્પિત નથી થતા, દેવ-ગુરુ કે ધર્મ-કોઈને પણ નહિ. આ સ્વતંત્રતા તે જ મોહની પરાધીનતા છે, તે આપણે જાણતા નથી. ગુરુની પરતંત્રતાથી જ મોહની પરાધીનતા દૂર થાય. પૂ. પં. ભદ્રંકર વિ. મ. આ વારંવાર સમજાવતા.**

◆ ભગવાન તો પહેલેથી જ પરોપકાર વ્યસની હોય : '**आकाल-मेते परार्थव्यसिननः** ।' પરોપકારનું વ્યસન સહજરૂપે હોય તે જ તીર્થંકર બની શકે.

◆ એક પેઢીમાં ચાર ફોન હોય, ગમે તે નંબરે ફોન લગાવો,

પેઢી સાથે સંપર્ક થઈ શકે ને ? અહીં પણ નામાદિ ચાર ભગવાન છે. કોઈપણ એકને પકડો. ભગવાન પકડાઈ જશે.

હાથીએ વગર ગુરુની પ્રેરણાએ પેલા સસલાને બચાવેલો ને તે મેઘકુમાર બન્યો.

**'सव्वे जीवा न हंतव्वा'** ભગવાનની આ આજ્ઞાનું અહીં અજાણતાં પણ પાલન થઈ ગયું તો પણ ફળ કેવું અદ્‌ભુત મળ્યું ?

અનંતીવાર દુઃખ ભોગવવું હોય તો જ કોઈ જીવની હેરાનગતી કરજો. ઉલ્ટાવીને એમ પણ કહી શકાય : તમારે અનંતું સુખ જોઈતું હોય તો બીજાને સુખ આપજો.

◆ તથાભવ્યતાના પરિપાકમાટે શરણાગતિ આદિ ત્રણ છે. ભગવાનની સ્તવના કરી એટલે તેમના ગુણોની અનુમોદના થઈ. પાપની ગર્હા ન કરો તો તે ગાઢ બને તેમ પુણ્યની અનુમોદના ન કરો તો તે ગાઢ ન બને.

પાપનો અનુબંધ તોડવા દુષ્કૃતગર્હા છે.

પુણ્યનો અનુબંધ જોડવા સુકૃત અનુમોદના છે.

આપણા અનુષ્ઠાનો જ એવા છે જેમાં ડગલે-પગલે આ ત્રણેય વણાયેલા જ છે. ભલે આપણે જાણીએ કે ન જાણીએ ! અજાણતાં પણ ભોજન-પાણી કરીએ છીએ તો પણ શક્તિ મળે જ છે ને ?

◆ 'સ્વાધ્યાયમાં મન લાગે છે, ક્રિયામાં નહિ.'

એવો એક પ્રશ્ન ગઈકાલે મને એક વ્યક્તિએ કરેલો.

હું કહું છું : જ્ઞાન વિના ક્રિયા નકામી છે,

તેમ ક્રિયા વિના જ્ઞાન પણ નકામું છે.

કદી એકાંગી નહિ બનતા.

**પૂ. મુનિચન્દ્રસૂરિજી :**

**"क्रियाहीनं च यज्ज्ञानं, ज्ञानहीना च या क्रिया ।**
**अनयोरन्तरं ज्ञेयं,भानुखद्योतयोरिव ।।"**

-જ્ઞાનસાર.

જ્ઞાનસારના આ શ્લોકમાં ક્રિયાથી જ્ઞાનને વધુ મહત્ત્વ અપાયું

છે, તે કેમ ?

**પૂજ્યશ્રી :** જેમના જીવનમાં જ્ઞાન ન હોય તેમને આ રીતે સમજાવવું, પણ ક્રિયા ન હોય તેને બીજી રીતે સમજાવવું પડે.

◆ પત્રમાં સરનામું લખો, પણ તે વ્યક્તિને પહોંચે જ નહિ તો તે પત્રની કિંમત કેટલી ? ભગવાનનું નામ લઈએ ને ભગવાન સાથે આપણું જોડાણ ન થાય તો એ નામગ્રહણની કિંમત કેટલી ? વિચારજો. નામ આદિ દ્વારા આખરે ભગવાન સાથે જોડાણ કરવાનું છે, એ ભૂલતા નહિ.

◆ ભગના ૧૪ અર્થ છે, પણ અહીં ૬ અર્થમાં ભગ શબ્દ લેવાનો છે. ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન – આ છને ભગ કહેવાય. આ છએ જેમનામાં સર્વોત્કૃષ્ટ રૂપે હોય તે ભગવાન કહેવાય.

૧. ઐશ્વર્ય : ઈન્દ્ર જેવા દ્વારા ભગવાનની ભક્તિ તથા અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ ભગવાનનું એ ઐશ્વર્ય છે.

૨. રૂપ : જગતભરના ત્રણેય કાળના ઈન્દ્રો પણ ભગવાનના અંગૂઠા જેવું રૂપ પણ ન બનાવી શકે. કદાચ બનાવે તો ભગવાન પાસે કોલસા જેવું લાગે ! **ભગવાનનું આવું રૂપ પણ ઉપકારમાટે જ હોય. એ જોવા સમ્યગ્દૃષ્ટિ જીવો પડાપડી કરે. અરે ! એમની મૂર્તિ જોઈને પણ ભક્તો પાગલ બને :**

"અમીય ભરી મૂર્તિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાન્ત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય."

– પૂ. આનંદઘનજી

સંપ્રતિ મહારાજાના સમયના બિંબ જુઓ. મન નાચી ઊઠશે. ભગવાનની મૂર્તિ પણ આટલી મનોહર હોય તો ભગવાન કેવા હશે ?

૩. યશ : દુનિયામાં એવી કોઈ વ્યક્તિ નથી, જેનો યશ ભગવાનની તોલે આવે. રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓ જીતીને ભગવાને આ યશ

મેળવ્યો છે. એ યશ પણ ક્ષણજીવી નહિ,
પણ સદાકાળ રહેનાર હોય છે.

ભગવાન પાસે રાગ-દ્વેષાદિ જીતવાની ઉત્કૃષ્ટ શક્તિ હોય છે. આથી જ વર્ધમાન 'મહાવીર' તરીકે ઓળખાયા છે. ભગવાનનો યશ પણ લોકોને આનંદકારી હોય છે. જીવનમાં કશું ન હોય ને યશ ફેલાવવા પ્રયત્ન કરીએ તો લોકો તુચ્છકારે : છટ ... આવા મમ્મણનું નામ ક્યાં લીધું ?

ભગવાનનું કે ગૌતમસ્વામી જેવાનું નામ આપણે લઈએ છીએ, કારણ કે એમનું જીવન સાધનાથી સમુજ્જ્વલ હતું.

ગૌતમસ્વામીનું નામ તો આજે પણ ગોચરી પહેલા મુનિઓ લે છે :

**''यस्याऽभिधानं मुनयोऽपि सर्वे, गृह्णन्ति भिक्षा - भ्रमणस्य काले ।**
**मिष्टान्नपानाम्बरपूर्णकामाः, स गौतमो यच्छतु वाञ्छितं मे ।।''**

૪. લક્ષ્મી : કેવળજ્ઞાન રૂપી ઉત્કૃષ્ટ લક્ષ્મી ભગવાન પાસે છે.
જ્ઞાનનો આનંદ અદ્‌ભુત હોય છે. એને બીજા કોઈ પદાર્થ સાથે તોલી ન શકાય.

**''ज्ञानमग्नस्य यच्छर्म, तद्‌वक्तुं नैव पार्यते ।''**

–જ્ઞાનસાર.

આત્માના એકેક પ્રદેશમાં અનંત ગુણો છે. એકેક ગુણનો આનંદ કેટલો ? દરેક મીઠાઈનો સ્વાદ અલગ તેમ દરેક ગુણનો આનંદ પણ અલગ-અલગ ! કોણ જાણે ભગવાન કેટલોય આનંદ અનુભવતા હશે?

ઘેબર, અમૃતી, ગુલાબજાંબુ, રસગુલ્લા, પેઠા, મલાઈની પુરી - વગેરે દરેકનો સ્વાદ અલગ-અલગ ખરોને ? બધા મીઠા છે, પણ ફરક પણ છે. તેમ ભગવાનના કેવળજ્ઞાન, કેવળદર્શન આદિનો આનંદ અલગ-અલગ હોય છે, એ કદી વિચાર્યું ?

બાહ્ય પદાર્થોથી થતી તૃપ્તિ નશ્વર છે. આવા ગુણોથી થતી તૃપ્તિ જ અનશ્વર છે, એમ યશોવિજયજી કહે છે.

પ્રભુના ગુણો આપણામાં ભલે પૂરા પ્રગટે નહિ, એનો ક્ષયોપશમ થાય, થોડા-ઘણા પ્રગટે ને જે આનંદ પેદા થાય તે પણ એવો હોય કે શબ્દોમાં કહી ન શકાય.

જ્ઞાન-ધ્યાન આદિમાં મગ્ન રહો. પછી જે આનંદ પેદા થાય તે અવર્ણનીય હશે. પંચસૂત્રકારે સાધુનું સુંદર વિશેષણ આપ્યું છે :

**'झाणज्झयण संगया ।'** સાધુ ધ્યાન અને અધ્યયનથી સંગત હોય. ધ્યાનથી થાક લાગે તો જ્ઞાન, જ્ઞાનથી થાક લાગે તો ધ્યાનમાં મગ્ન બનો.

આ બન્ને હશે ત્યાં ચારિત્ર હશે જ. ચારિત્ર એટલે જ સ્થિરતા.

**'चारित्रं स्थिरतारूपम् ।'** - જ્ઞાનસાર -૩/૮.

આવી સ્થિરતા સિદ્ધોમાં પણ હોય. કોઈ આગમમાં સિદ્ધોને જે અચારિત્રી કહેલા છે તેથી ગભરાતા નહિ. સ્થિરતારૂપ ચારિત્ર સિદ્ધોમાં પણ હોય છે. આગમોમાં સિદ્ધોને અવીર્ય કહેલા છે, તે બાલવીર્યની અપેક્ષાએ. આત્મવીર્ય તો અનંત છે જ.

મન અસ્થિર બન્યું એનો અર્થ એ જ કે આપણે સ્વભાવ છોડી વિભાવમાં ગયા, કષાયમાં ગયા.

**अकसायं खु चारित्तं,**

**कसाय-सहिओ न मुणी होइ**

- બૃહત્ કલ્પભાષ્ય.

બાર કષાયના ક્ષય-ઉપશમથી જ આ ચારિત્ર આવે છે. સંજ્વલન કષાયને ભલે છોડી દઈએ, પણ બાર કષાયનો ક્ષયોપશમ તો કરવો જ પડશે.

**અનંતાનુબંધીનો ઉદય હોય ત્યાં બીજા કષાયોનો ક્ષયોપશમ ન હોય, ન હોઈ શકે.**

**અનંતાનુબંધીનો હોય ત્યાં મિથ્યાત્વ હોય જ. મિથ્યાત્વ નથી ગયું, ને અનંતાનુબંધીની વિસંયોજના [ક્ષય] કરેલી હોય, તો પણ તે સ્થિતિ અન્તર્મુહૂર્તથી વધુ નહિ રહે. કારણ કે તેનું બીજ [મિથ્યાત્વ] પડ્યું છે.**

માટે જ મૂળમાં પલિત્તો ચાંપ્યો સિવાય જીત નહિ મળે. બધાનું મૂળ મિથ્યાત્વ છે, મિથ્યાત્વના કારણે થતા કષાયો છે.

પોતાની મેળે આ કષાયો નથી જવાના. એ માટે પૂરી તાકાતથી લડવું જ પડશે. તમારા જેવા આત્માની મળેલી સીટ એમ એ શાના છોડે ?

ભગવાન તો એમની સામે એવા જંગે ચડ્યા, એવા હડધૂત કરીને કાઢી મૂક્યા કે ગુસ્સે થઈને બધા કષાયો ભાગી ગયા. ભાગતાં-ભાગતાં કહી ગયા : કંઈ વાંધો નહિ, તમે ન રાખો તો અમને રાખનારા બીજા ઘણાય છે.

*"કહ્યું કલાપૂર્ણસૂરિએ" પુસ્તક મળી ગયું છે. આપે એ પુસ્તક મોકલાવ્યા બદલ આપનો ખૂબ-ખૂબ આભાર. અમો આપના ઋણી છીએ.*

*બીજું..... અમારા બીજા મહાસતીઓ અત્રે પધાર્યા છે. એમણે આ પુસ્તક જોયા અને એમને પણ જો એ પ્રાપ્ત થાય તો સારું એવી ભાવના છે. તો જો આપ એ મોકલી શકો એમ હોય તો 'કહે, કલાપૂર્ણસૂરિ" અને "કહ્યું કલાપૂર્ણસૂરિએ" એ બંને પુસ્તક મોકલાવવા કૃપા કરશોજી.*

*-અનસૂયાબાઈ મહાસતી રાજકોટ*

*બન્ને દળદાર ગ્રંથ મળ્યા. ઘણી ખુશી થઈ. પૂજ્યશ્રીની આ પવિત્ર વાણી-ગંગાને વહેતી કરી તમો બન્ને પૂજ્ય ગણિવર્યોએ અતીવ મહત્ત્વનું સંપાદન કાર્ય કર્યું છે, જે ધન્યવાદાર્હ છે.*

*-પંન્યાસ વિશ્વકલ્યાણવિજય*

-શ્રી પાર્શ્વ પ્રજ્ઞાલય તીર્થ



પૂ. આ. શ્રી વિજયકનકસૂરિજી મ.

પરિસ્થિતિ પલટાવવાની સલાહ આપે તે મિત્ર
મનઃસ્થિતિ પલટાવવાની સલાહ આપે તે કલ્યાણ-મિત્ર

ૐ

શ્રા. વદ-૪

૧૯-૮-૨૦૦૦, શનિવાર

વ્યાખ્યાન :

**[ પૂ. આ. શ્રી વિજયકનકસૂરિજીની ૩૬મી સ્વર્ગતિથિ]**

**પૂ. આચાર્ય શ્રી વિજયકલાપ્રભસૂરિજી :**

**◆ ગુરુ સિવાય ભગવાન મળી શકતા નથી. ગુરુ વિના પદ-પ્રતિષ્ઠા આદિ કશાનું મૂલ્ય નથી.**

મહારાજા કુમારપાળને ગુરુ-ભક્તિ પાસે રાજ્ય તુચ્છ લાગતું હતું. પૂ. કનકસૂરિજીમાં ભીમ અને કાન્ત બન્ને ગુણ હતા, જેને તમે નેગેટિવ-પોઝિટિવ રૂપે કહી શકો. એમની પાસે કુનેહભરી દૃષ્ટિ હતી. સમાધાન કરવાની, જવાબ આપવાની એમની પાસે જબ્બર કળા હતી. સામેની વ્યક્તિની પૂરી વાત સાંભળતા, પણ એક કલાકનો જવાબ માત્ર એક જ વાકયમાં હોય, એવી સંક્ષિપ્ત અર્થ-

ગંભીર વાણીના તેઓ સ્વામી હતા. જે સાંભળીને મહાબુદ્ધિમાન પણ પ્રભાવિત થઈ જતા. જેટલું સંક્ષિપ્ત બોલાય તેટલું જ તે અસરકારક બને છે.

ગુરુ એટલે ગરિમા અને ગૌરવનું કેન્દ્ર ! તીર્થંકરની ગેરહાજરીમાં ગુરુ જ તીર્થંકર ગણાય.

પંચસૂત્રમાં મઝાનું વાક્ય છે : મિત્ર તરીકે જો તમારે કોઈને રાખવા હોય તો ગુરુને જ રાખો. ગુરુ જ તમારા કલ્યાણમિત્ર બની શકે.

**પરિસ્થિતિ પલટાવવાની સલાહ આપે તે મિત્ર !**

**મનઃસ્થિતિ પલટાવવાની સલાહ આપે તે કલ્યાણ મિત્ર !**

મમ્મણને પૂર્વભવમાં કેવો મિત્ર ભટકાઈ ગયો ? કલ્યાણમિત્ર મળ્યો હોત તો કદાચ મમ્મણનો ઇતિહાસ જુદો હોત.

પરિસ્થિતિ કર્મના કારણે બને છે, પણ તેથી તમારે પલટાઈ જવાની જરૂર નથી.

માટે જ મનઃસ્થિતિ પલટાવી આપનાર કલ્યાણમિત્રનો સંયોગ જરૂરી છે. ચંડકૌશિકને મહાવીરપ્રભુ ન મળ્યા હોત તો શી અવદશા થાત ?

કલ્યાણ મિત્રને દરેક ઘટનાઓના કેન્દ્રસ્થાને રાખીએ તો ક્યારેય અકલ્યાણ ન થાય.

ગુરુ એક તત્ત્વ છે, વ્યક્તિ નહિ.

ગુરુની સેવાથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

આપણે સગુરા છીએ, નગુરા નથી, એ પૂજ્ય આચાર્ય શ્રી વિજય કનકસૂરિજી જેવા ગુરુદેવોને આભારી છે.

પૂ. આચાર્યશ્રી વિજયપૂર્ણસૂરીશ્વરજી મ. :

**''गुरु-भक्ति-प्रभावेन, तीर्थकृद्दर्शनं मतम् ।**

**समापत्त्यादिभेदेन, निर्वाणैकनिबन्धनम् ॥''**

આજે આપણે એક એવા મહાપુરુષને યાદ કરવાના છે કે જેઓ માત્ર કચ્છ કે ગુજરાતમાં જ નહિ, ગુપ્ત રૂપે સમગ્ર ભારતના જૈનોમાં

છવાઈ ગયેલા. ગુપ્તરૂપે એટલા માટે કહું છું કે તેમણે પ્રસિદ્ધિમાટે કોઈ જ પ્રયત્ન કર્યો ન્હોતો, કોઈ છાપા વગેરેમાં ક્યારેય તેમની જાહેર ખબર આવતી ન્હોતી.

જેટલા તેમના ગુણો ગાઈશું, આપણામાં તેટલા ગુણો પ્રગટ થશે. **દોષો બોલીએ તો દોષો આવે, ગુણો ગાઈએ તો ગુણો આવે.** આપણે જોઈએ તે બોલવાનું છે. જેની ખરીદી કરવી હોય તે દુકાનમાં જાવને? માટે જ કુસંગની ના પાડી છે. ખરાબ પાડોશ હોય ત્યાં રહેવાની પણ ના પાડી છે. માર્ગાનુસારીમાં આ પણ એક ગુણ છે, તે જાણો છો ? ભુજની વાણિયાવાડમાં તમે જાવ એટલે તમને બધા જૈનો જ જોવા મળે. ત્યાં કુસંગ જલ્દી ન આવી શકે.

હમણા અષાઢ વદ-૬ ના દિવસે પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મ.નું જીવન જોઈ ગયા. આજે તેમના જ પ્રશિષ્ય મહાપુરુષને યાદ કરવાના છે.

એમનું જીવન જ વ્યાખ્યાન હતું. એમને કશું કહેવાની જરૂર ન્હોતી રહેતી.

૧૯૩૯ ભા.વ.૫, પૂર્વ કચ્છના પલાંસવા ગામમાં ચંદુરા નાનજીભાઈ - નવલબેનને ત્યાં એ મહાપુરુષનો જન્મ થયેલો. ગૃહસ્થપણાનું તેમનું નામ કાનજીભાઈ હતું.

એ જમાનામાં આંગળીના વેઢે ગણાય તેટલા જ સંવિગ્ન પૂ.સાધુ-સાધ્વીજીઓ હતા.

પૂ. પદ્મવિજયજીએ યતિ પરંપરા છોડી સંવેગી દીક્ષા સ્વીકારેલી. તેમના શિષ્ય તે પૂ. જીતવિજયજી મ. !

પૂ. જીતવિજયજી મહારાજના આજ્ઞાવર્તિની વિશુદ્ધ સંયમી પૂ. સા. આણંદશ્રીજીની નજરમાં પલાંસવાનો આ કાનજી વસી ગયો. વિનય-વ્યવહાર આદિ જોઈ ભાવિ શાસન-પ્રભાવક લાગ્યો.

હરિભદ્રસૂરિજીને તૈયાર કરનાર યાકિની મહત્તરા સાધ્વી હતાં. તેમ આ મહાપુરુષને તૈયાર કરનાર આણંદશ્રીજી સાધ્વી હતાં.

તેમના જ સંસારી કાકા હીરવિજયજી પ્રથમથી જ દીક્ષિત હતા. જેમના પરિવારમાં એક દીક્ષિત બને ત્યાં બીજાને પણ મન થાય જ.

માલશીભાઈ ! તમારા પરિવારમાંથી કેટલા દીક્ષિત થયા ?

માલશીભાઈ : કાંઈ કહેવા જેવું નથી.

કાનજીભાઈ સૌ પ્રથમ સા. આણંદશ્રીજીના સંપર્કમાં આવ્યા. સાધ્વીજીની પ્રેરણાએ તેમનામાં વૈરાગ્યનું વપન કર્યું.

કાનજીનો આત્મા સંસારની કેદમાંથી નીકળવા તલસી રહ્યો. દીક્ષા માટે દઢ સંકલ્પ કર્યો.

કેટલાક દઢ સંકલ્પવાળા હોય છે : **देहं पातयामि कार्यं साधयामि** । એમના જેવા દઢ સંકલ્પવાળાથી જ આ શાસન ચાલ્યું છે.

દઢ સંકલ્પવાળા કુમારપાળ જેવા એકાદ આત્માએ શું કર્યું ? તે આપણે જાણીએ છીએ : અહિંસા તો મારી મા છે. એનું પાલન મારા દેશમાં થવું જ જોઈએ.

કસાઈ – માછીમારોએ ફરીયાદ કરી તો એમને ત્રણ વર્ષ માટે આજીવિકા બાંધી આપી, પણ અહિંસાનું પ્રવર્તન તો કરાવ્યું જ.

દઢ સંકલ્પ શું ન કરી શકે ? પોતાનો સંકલ્પ સિદ્ધ કરવા જ એમણે યૌવનવયે ચોથા વ્રતની પ્રતિજ્ઞા સ્વીકારી.

૧૯૬૨ માગ-સુદ ૧૫ ના શુભ દિવસે ભીમાસરમાં ૨૩ વર્ષની યુવા-વયે દીક્ષા થઈ.

પલાંસવાના ઠાકોરની ઇચ્છા હતી : બુદ્ધિશાળી કાનજીને બેરિસ્ટર બનાવવાની પણ આ ભાવિ જૈન આચાર્ય થનારા કાનજીભાઈએ આવી ઓફર સાદર ઠુકરાવી દીધેલી.

દીક્ષા લીધા પછી વિનય, વિવેક, ત્યાગ, વૈરાગ્ય વગેરે ગુણોની વૃદ્ધિ સાથે જ્ઞાનવૃદ્ધિ પણ થવા લાગી.

**વિનયપૂર્વક શીખેલી વિદ્યા, વિવેક પ્રગટાવે.**

**વિવેક વૈરાગ્ય, વૈરાગ્ય વિરતિ, લાવે. વિરતિ વીતરાગતા અને વીતરાગતા વિદેહ-મુક્તિ આપે.**

વિનય-વિવેક-વૈરાગ્ય હોય ત્યાં વીતરાગતા દૂર નથી હોતી. અહીં [પાલીતાણા] આવ્યા પછી દાદા કેટલા દૂર ?

વિ. સં. ૧૯૭૫ માં તેમને પંન્યાસ પદવી સિદ્ધિસૂરિજીના હસ્તે અપાઈ. પૂ. મેઘસૂરિજી તેમના ખાસ સહપાઠી હતા.

પૂજ્યશ્રીએ અનુપચંદ મલુકચંદ નામના શ્રાવક પાસે ભણવામાટે ભરૂચમાં ખાસ ચાતુર્માસ કરેલું.

પૂ. સાગરજી મ. પાસે કપડવંજ-પાટણ આદિ સ્થળે આગમોની વાચનાઓ પણ લીધી હતી.

પંન્યાસ પદવી લઈને પૂજ્યશ્રી પલાંસવા પધાર્યા ત્યારે પૂ. જીતવિજયજી મ. સ્વયં પણ શ્રાવકો સાથે સામૈયામાં આવેલા ને કારણમાં જણાવેલું : હું તારામાટે નહિ, તારા પદનું સન્માન કરવા આવ્યો છું.

ગુરુનું કેટલું વાત્સલ્ય હશે ?

શિષ્યની કેવી ભક્તિ હશે ?

તે આવા પ્રસંગોથી સમજાય છે. ચંદાવિજ્ઝયમાં આવતી વાત **"વિનય શીખવાનો છે. જ્ઞાન નહિ. વિનય આવશે તો જ્ઞાન આવશે જ."** પૂજ્યશ્રીમાં ચરિતાર્થ થયેલી દેખાશે.

**'गुरु-बहुमाणो मोक्खो ।'** પંચસૂત્રની આ વાત પણ પૂજ્યશ્રીમાં સ્પષ્ટ દેખાશે.

ગુરુ પર બહુમાન રાખવું નથી ને આપણે મુક્તિની આશા રાખીએ છીએ ! મુક્તિ તો શું મળે ? મુક્તિનો માર્ગ પણ નહિ મળે.

દશવૈકાલિકમાં વિનય સમાધિ શબ્દ આવે છે. વિનયથી એવી સમાધિ, એવી પ્રસન્નતા પ્રગટે છે કે જેની બરાબરી દેવો પણ કરી શકે નહિ.

પૂજ્યશ્રીના વિકાસનું મૂળ વિનયમાં હતું.

એમને નજરે જોનારા સમકાલીન સાધ્વીજી [સા. ચતુરશ્રીજી આદિ] ઓએ નોંધ્યું છે કે – પૂજ્યશ્રીમાં વિનયની એટલી પરાકાષ્ઠા હતી કે પોતાના ચાર વડીલો [દાદા ગુરુ પૂ. જીતવિજયજી. પૂ. ગુરુવર્ય-શ્રી હીરવિજયજી, પૂ. સિદ્ધિસૂરિજી, પૂ. મેઘસૂરિજી] ના મુખે 'કનક-વિજયજી ! અહીં આવો' આ વાક્યનો 'ક' અક્ષર સાંભળતાં જ ગમે તેવું કાર્ય છોડી હાથ જોડી તેઓશ્રી બાળકની જેમ વિનીત મુદ્રામાં હાજર થઈ જતા.

ભોયણી તીર્થમાં ૧૯૮૫ માં પૂ. બાપજી મ. પૂ. સાગરજી મ.

આદિના હાથે ઉપાધ્યાય પદવી થઈ. ૧૯૮૬ માં પૂ. ગુરુવર્યશ્રી હીરવિજયજીનું સ્વર્ગગમન થયું.

૧૯૮૯ માં અમદાવાદમાં આચાર્ય પદવી થઈ.

દીક્ષાના યોગોદ્વહનથી માંડીને બધા જ યોગોદ્વહન પૂ. સિદ્ધિ-સૂરિજીએ કરાવેલા.

અમે દીક્ષા લીધેલી ત્યારે પૂ. સિદ્ધિસૂરિજી વિદ્યમાન હતા. પૂજ્યશ્રી સ્વયં ૨૫૦ સાધુ-સાધ્વીજીના નાયક છતાં સંપૂર્ણપણે પૂ. બાપજી મ.ને સમર્પિત હતા.

મેં નજરે જોયું છે : રાધનપુર સંઘના ચાતુર્માસની વિનંતિ હતી.

પૂ. બાપજી મહારાજે લખ્યું : ત્યાં ચાતુર્માસ કરી શકો છો.

આ કાંઈ આજ્ઞા ન કહેવાય, એમ માનીને તેમણે પૂજ્ય બાપજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ કરવા વિહાર કર્યો.

જેઠ મહિનાની ભયંકર ગરમીમાં પહેલે જ મુકામે [ગોચનાદમાં] તબીયત અત્યંત બગડતાં, રાધનપુરના શ્રાવકો સ્વયં પૂ. બાપજી મ. પાસેથી આજ્ઞા-પત્ર લઈ આવ્યા ત્યારે જ પાછા ફર્યા. પછી એ ચાતુર્માસ સાંતલપુર થયું.

એમનું જીવન અમને તો નજરે જોવા મળ્યું છે.

આણંદજી જેવા મોટા પંડિતો આવે ને કોઈના તરફથી કલાકો સુધી દલીલો કરે ત્યારે પૂજ્યશ્રીનો જવાબ એક જ વાક્યમાં હોય : "તમારી વાત ખરી છે, પણ અમે તો પૂ. બાપજી મ. કરે છે તેમ કરીએ છીએ." એક કલાકની દલીલોનો જવાબ આ એક જ વાક્યમાં આપી દેતા.

એમની બ્રહ્મચર્ય નિષ્ઠા કેવી ?

રાધનપુરમાં સાધ્વીજીઓને યોગોદ્વહન કરાવતી વખતે વેલજી-ભાઈને કહ્યું : 'બેસો અહીં.' થોડીવાર પછી કહે :'હવે જાઓ.'

'પણ કારણ શું ?'

'અત્યારે કોઈ પુરુષ ન્હોતો. માટે મેં તમનેં અહીં બેસાડ્યા.''

હળવદમાં પૂ. કાંતિવિજયજીએ જોયું : સાધ્વીજીને જે આજ્ઞા આપતા, તરત જ તહત્તિ કરીને તેઓ સ્વીકારતાં. સ્ત્રી-જાતિ આટલી

આજ્ઞાંકિત ?

પૂજ્યશ્રીનો કેટલો પ્રભાવ ?

તેઓ કહેતા : ખરેખર, કલિકાલના આ તો સ્થૂલભદ્ર છે !

પૂજ્યશ્રીને શિષ્યાદિની કોઈ તમન્ના ન્હોતી. તે માટે કોઈ પ્રયત્ન નથી કર્યો. પણ એમનું ધ્યાન રાખનાર ઉપરવાળા બેઠા છે ને ?

**ગુલાબને કહેવું નથી પડતું : ભમરાઓ ! તમે આવજો.**

**તળાવને કહેવું નથી પડતું : માછલીઓ ! તમે આવજો.**

**યોગ્ય વ્યક્તિને યોગ્ય પાત્ર મળી જ રહે છે.**

પૂજ્યશ્રી ભલે ક્યાંય ન્હોતા ગયા, પણ એમના સંયમની સુવાસ સર્વત્ર પ્રસરેલી હતી.

મારું અહીં આવવાનું કેમ થયું ? તે કહું ?

દીક્ષાની ભાવના થયા પછી મેં સસરા મિશ્રીમલજીને જણાવ્યું. કારણ કે મા-બાપ વગેરે કોઈ વડીલ હતા નહિ.

સસરાએ કહ્યું : મારો પણ દીક્ષા લેવાનો જ વિચાર છે. વાગડવાળા પૂ. કનકસૂરિજીની પાસે લેવાનો વિચાર છે.

પણ મારી ઈચ્છા પૂ. રામચન્દ્રસૂરિજી પાસે દીક્ષા લેવાની હતી.

રાજનાંદગાંવમાં રહેલા પૂ. મુનિશ્રી રૂપવિજયજી પાસે આવતા પૂ. રામચન્દ્રસૂરિજીના જૈન પ્રવચનો વાંચીને મને વૈરાગ્ય થયેલો. ગુજરાતી જો કે ન્હોતું આવડતું, તો પણ ભાવાર્થ સમજી લેતો. એ વાંચતાં સંસારની અસારતા મનમાં ઠસી ગઈ. સંસાર ભૂંડો છે, એવું વર્ણન કરવામાં ન આવે તો કોઈ એની નિર્ગુણતા ન સમજે.

દીક્ષાનો પ્રવાહ વધ્યો છે તે આ મહાપુરુષોનો પ્રભાવ છે. પૂ.સાગરજી મ., પૂ. રામચન્દ્રસૂરિજી વગેરે મહાપુરુષોનો પ્રભાવ છે.

એટલે મારો વિચાર પૂ. રામચન્દ્રસૂરિજી પાસે દીક્ષા લેવાનો હતો, પણ સસરાજીએ જ્યારે પોતાની ભાવના જણાવી ત્યારે હું પણ તેમાં સમ્મત થઈ ગયો.

હવે એ પણ બતાવું : તેમને પૂ. કનકસૂરિજી પાસે દીક્ષા લેવાની કેમ ભાવના થઈ ?

પૂ. લબ્ધિસૂરિજીનું ચાતુર્માસ વિ.સં. ૧૯૯૬માં ફલોદીમાં હતું, ત્યારે હમણા જેમણે સંઘ કઢાવેલો તે જસરાજ લુક્કડના પિતાજી ભોમ-રાજજીએ જેસલમેરનો સંઘ તેમની નિશ્રામાં કઢાવેલો.

એક વખત સસરા મિશ્રીમલજીના પિતાજીએ તેમને [પૂ.લબ્ધિ-સૂરિજીને] રાત્રે પૂછેલું : આ કાળમાં ઉત્કૃષ્ટ સંયમી કોણ ?

ગુણરાગી પૂ. લબ્ધિસૂરિજીએ ત્યારે પૂ. કનકસૂરિજીનું નામ આપેલું. ત્યારે કમળ વિ.મ. પણ ત્યાં હતા. ને તેમણે મનમાં ગાંઠ વાળી : દીક્ષા લેવી તો આ જ મહાત્મા પાસે.

દીક્ષા લીધા પછી લાગ્યું : ખરેખર ભગવાને મને ખૂબ જ યોગ્ય સ્થાને મૂક્યો છે.

પૂજ્યશ્રીના જેટલા ગુણ-ગાન કરીએ તેટલા ઓછા છે.

અમને તેમણે જ જામનગર ભણવા મોકલેલા. બે વર્ષ પછી કહેવડાવ્યું : યા તો પાટણ જાવ યા તો અમદાવાદ જાવ. જામનગર છોડો. કારણ કે બે વર્ષ થઈ ગયા છે. વધુ વખત એક સ્થાને ન રહેવાય.

અમને થયું : હવે પૂજ્યશ્રી પાસે જ જવું.

અમે પૂજ્યશ્રીના ચરણોમાં ભચાઉ પહોંચ્યા.

ત્યારે પૂજ્યશ્રી સ્વયં આવશ્યક નિર્યુક્તિ, આરંભ-સિદ્ધિ આદિ ભણાવતા તથા પં. અમૂલખજીને પણ ભણાવવા રાખ્યા.

પણ કુદરતને મંજૂર હોય તે થાય.

અમારે ગાંધીધામ ચાતુર્માસાર્થ જવાનું થયું ને દોઢ મહિનામાં તો દાદા પરલોકની વાટે સંચરી ગયા.

અમને સદા માટે છોડી ગયા. પણ ભક્તને કદી ગુરુનો વિરહ પડતો જ નથી.

એ વખતે પૂ. પં. ભદ્રંકર વિ. [હાલ આચાર્ય મ.] ચાતુર્માસ માટે આવ્યા માટે અમારે અલગ થવું પડેલું. તે વખતે જવાબદારીઓ ઓછી હતી એટલે અધ્યયન આદિ સારી રીતે થતું. આવી જવાબદારી જેમના પર નથી તેમને ખાસ સૂચના : સોનેરી સમયનો સદુપયોગ કરી લો.

પૂજ્યશ્રીએ કાળધર્મથી ૨-૪ દિવસ પહેલા જ જાતે જ લોચ

કરી લીધેલો.

અંતિમ દિવસે – અંતિમ સમયે પૂજ્યશ્રીએ પંચસૂત્ર સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરેલી. ત્યારથી જ પંચસૂત્ર પર મારું મન ઠરેલું ને અત્યારે પણ વ્યાખ્યાનમાં પંચસૂત્ર જ ચાલે જ છે ને ?

તે વખતે તેમની સાથે સદા રહેતું ઘડીયાળ પણ બંધ થઈ ગયેલું. જાણે એ પણ આઘાતથી સ્તબ્ધ થઈ ગયું હતું !

[પૂ. કનકસૂરિજી–ગુરુપૂજનની બોલી : હરખચંદ વાઘજી ગીંદરા, આધોઈ.

આજે ૧૫૦૦ આયંબિલ થશે. અત્યારે ૨૦ રૂા. નું સંઘપૂજન છે. બપોરે સમૂહ સામાયિક અને સાંજે કુમારપાળની આરતિનો કાર્યક્રમ રહેશે.]

### *જિનવાણીના શ્રવણનું માહાત્મ્ય*

*અમારે પરદેશ જવાનું થાય. પ્રવચન આપવામાં કહેલું કે જે માંસાહાર કરે તેના હાથનું અમે જમતા નથી. તેના આગળના દિવસે એક બ્હેને જે માંસાહારી હતા તેમણે અમને કંઈ વસ્તુ પીરસી હતી.*

*'તેઓ અમારી પાસે આવ્યા કે મને પ્રાયશ્ચિત આપો.'*

*મેં કહ્યું : પ્રાયશ્ચિત અમે કરીશું.*

*પછી તો બીજે દિવસે પ્રવચનમાંથી ઉઠીને મારી પાસે આવ્યા અને પોતે જ માંસાહાર ત્યાગનો નિયમ લઈ લીધો. ભલે અજ્ઞાનવશ જીવો પાપાચાર સેવે છે. પણ કોઈ પુણ્યોદયે માર્ગે ચઢવા પ્રયત્ન કરે છે.*

– સુનંદાબેન વોરા



પૂ. આ. શ્રી વિજયકનકસૂરિજી મ.

પૂજ્યમાં જેટલી શક્તિ છે, તે બધી જ
શક્તિ પૂજકને આપવા પૂજ્ય આતુર છે.

ૐ

**શ્રા. વદ-૪**

**૧૯-૮-૨૦૦૦, શનિવાર**

◆ ચતુર્વિધ સંઘ સ્વયં મુક્તિ-માર્ગમાં ચાલે, અન્યને પણ ચલાવે, આ ચતુર્વિધ સંઘના દર્શન પુણ્યની પરાકાષ્ઠા કહેવાય.

કેટલા પુદ્ગલાવર્ત સંસારમાં ગયા ? અનંત ગયા.

હજુ પણ કેટલા પુદ્ગલાવર્ત બાકી હશે, તે ભગવાન જાણે.

આ તીર્થ આપણને ભૂતકાળમાં પણ અનંતીવાર મળ્યું હશે, પણ આપણું ઉપાદાન કારણ તૈયાર ન્હોતું. આપણી અંદર 'દુર્ભવ્ય' બેઠો હતો. આજે પણ દુર્ભવ્ય નથી બેઠો એમ શી રીતે કહેવાય ? દુર્ભવ્યને કદી ભગવાનની દેશના ગમતી નથી.

અપુનર્બંધક એટલે ધર્મનો આદિ સાધક, આદિ ધાર્મિક, જે કદી હવે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો નથી.

સાધકના ચાર વિભાગ છે :

૧) અપુનર્બંધક

૨) સમ્યક્ત્વી

૩) દેશવિરત

૪) સર્વવિરત

ભૂમિકા જોઈને જ દેશના આપવાનું વિધાન છે.

સામાન્ય ગ્રાહકને ઊંચી કલાસનો માલ બતાવો તો શું થાય ? એ ગ્રાહક ઊંચા માલના પૈસા નહિ આપી શકે અને ઉતરતી કક્ષાનો માલ લેવા તૈયાર નહિ થાય. અહીં પણ એવી જ હાલત થાય.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** ભગવાન પહેલા સર્વવિરતિ બતાવે પછી દેશવિરતિ બતાવે ને ?

**પૂજ્યશ્રી :** અન્ય દર્શનીને સર્વવિરતિ બતાવાય. દા.ત. હરિભદ્ર ભટ્ટ. પણ જે સમ્યગ્દર્શન પામેલો છે એને દેશવિરતિ રૂપ ભૂમિકા માટે તૈયાર કરી સર્વવિરતિમાટે યોગ્ય બનાવવો. એકદમ ઊતાવળ નહિ કરવી.

મકાન બનાવતાં પહેલા પાયો મજબૂત કરવો પડેને ? સમ્યગ્-દર્શન પાયો છે. પછી દેશવિરતિ ને સર્વવિરતિ રૂપ માળ ચણી શકાય. છતાં એકાન્ત નથી. ઉત્તમાત્મા હોય તો સર્વવિરતિ પણ પહેલા આપી શકાય. પણ એ જ્ઞાનીઓનો વિષય છે. આપણે એમની હોડ ન કરી શકીએ.

◆ હું અહીં ઉપદેશ નથી આપતો, આપણે સૌ સાથે મળીને સ્વાધ્યાય કરીએ છીએ. પરિહાર વિશુદ્ધિમાં જેમ એક વાચનાચાર્ય બને ને ? હું પણ તેમ વાચના આપું છું, એમ માનજો.

◆ **"ભગવન્ ! તારી આજ્ઞાનું પાલન તો દૂર રહ્યું, આદર પણ થઈ જાય તોય કામ થઈ જાય." આવો ભાવ પણ તારનારો બને.**

◆ નમુત્થુણંના આ અર્થો જાણશો તો જ્યારે તે બોલશો ત્યારે શુભ ભાવ વધતો જશે.

શુભ ભાવથી સમ્યગ્દર્શન મળશે, મનની પ્રસન્નતા મળશે. જે બજારમાં બીજા ક્યાંયથી નહિ મળે. મનની પ્રસન્નતા, સમાધિ આપે.

સમાધિ મુક્તિ આપે. પ્રભુ મનની પ્રસન્નતા ભરપેટ આપવા તૈયાર છે. કારણ કે પ્રસન્નતાનો પૂર્ણ ભંડાર ભગવાન પાસે છે.

ગઈકાલે ભગના છ અર્થો બતાવ્યા હતા. મહત્ત્વના છેલ્લા બે બાકી છે.

સાંખ્ય દર્શન – નિરસન વગરે ચર્ચા હું ગૌણ કરીશ. કારણ કે આ સભામાં એની જરૂર નથી.

◆ આપણી અંદર ગુણોની વિવિધ વાનગીઓ છે. વિવિધ મીઠાઈઓ કે વિવિધ પદાર્થો તરફ થતું આકર્ષણ ખરેખર એ જ વાતનો સંકેત છે. પણ આપણે એ સંકેત સમજતા નથી. વિવિધ પદાર્થોથી તૃપ્ત થઈ જઈ ગુણ તરફ પરાઙ્મુખ રહીએ છીએ.

ભગનો છટ્ઠો અર્થ પ્રયત્ન થાય.

૬. પ્રયત્ન : પ્રભુમાં ઉત્કૃષ્ટ પુરુષાર્થ હોય. આખી રાત એક જ પુદ્ગલ પર અનિમેષ રહીને પ્રભુ સાધના કરે. આંખ જરા પણ પલકારો ન મારે. કેટલી ભીષણ સાધના ! કેટલો ભયંકર પુરુષાર્થ !

ભગવાન મહાવીરની સાધનાનો શ્રમ તો જુઓ.

ભગવાન સિવાય આવો શ્રમ કોણ કરી શકે ?

આપણે તો ભરત ચક્રીની જેમ કેવળજ્ઞાન મળી જશે, એમ માની લઈને આરામથી બેઠા છીએ.

ભગવાન તો પરિષહ-ઉપસર્ગો વધુ આવે તેમ વધુ મજબૂત બને. સમુદ્ઘાત વખતે ઓછો પરાક્રમ હોય છે ? એમાં પ્રયત્નની પરાકાષ્ઠા હોય છે. યોગ-નિરોધ વખતે પણ પ્રબળ પુરુષાર્થ હોય છે. કેવળજ્ઞાન પછી પણ કેટલો ભવ્ય પુરુષાર્થ ?

સામાન્ય કેવળી જ સમુદ્ઘાત કરે એમ નહિ, પણ તીર્થંકર પણ સમુદ્ઘાત કરે. આયુષ્ય અને કર્મ સમાન સ્થિતિવાળા ન હોય તો સમુદ્ઘાત કરવો પડે.

આ પુરુષાર્થ આત્મવીર્યથી પ્રગટેલો છે.

અહીં બધે જ સમગ્ર શબ્દ લગાડવો.

ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્નના સ્વામી ભગવાનને

આપણે નમસ્કાર કરવાનો છે.

**પૂજ્યમાં જેટલી શક્તિ છે, તે બધી જ શક્તિ પૂજકને માત્ર નમસ્કારથી મળે. જે કંપનીના તમે શેર હોલ્ડર બન્યા હો તે કંપનીનો નફો તમને મળે ને ?**

જે નમસ્કારથી આ બધા ગુણો મળે, એ નમસ્કારનું મૂલ્ય કેટલું? એ નમસ્કાર પાછળ ભક્તિ-ભાવનાનું જેટલું બળ હોય તેટલો આ નમસ્કાર શક્તિશાળી બને. આ નમસ્કાર તમને પરમ સાથે જોડી આપે. જેને તમે નમો છો, તેની સાથે તમે નમસ્કાર દ્વારા જ જોડાઈ શકો.

**પૂ. કીર્તિસેનસૂરિજી :** બોધિ અને સમ્યક્ત્વમાં શું ફરક ?

**પૂજ્યશ્રી :** બોધિ અને સમ્યક્ત્વમાં આમ કાંઈ ફરક નહિ. છતાં આમ થોડો ફરક પણ છે.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** અને વરબોધિ ?

**પૂજ્યશ્રી :** વરબોધિ તો ભગવાન પાસે જ હોય, બીજા કોઈએ આશા જ નહિ રાખવી.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** આપણે ભગવાન બનવું છે ને ?

**પૂજ્યશ્રી :** મનોરથ કોને ન હોય ? પણ બને કોણ ?

**ભગવાનનો ભક્ત કદી ભગવાન બનાવાનો કોડ ન કરે. એ કોડ કરે તો ભક્ત ન બની શકે. પણ તમે ભલે નિઃસ્પૃહ રહો, ભગવાન તમને ભગવાન બનાવશે જ.**

◆ સાંખ્યદર્શન આત્મકર્તૃત્વ નથી માનતું.

**જૈનદર્શન અન્યની જેમ જગત્કર્તૃત્વ નથી સ્વીકારતું, પણ સમ્યગ્દર્શન આદિ ગુણોમાં નિમિત્ત રૂપે ભગવાન કર્તા છે, એમ જૈનદર્શન માને છે. સાધના માટે એમ માનવું જરૂરી છે. 'હું પોતે ભણ્યો છું' એમ વિદ્યાર્થી કદી ન કહે. ગુરુએ ભણાવ્યા છે, એમ જ કહેશે. તેમ ભક્ત પણ ભગવાને જ ગુણો આપ્યા એમ જ કહેશે.**

સાધનામાટે આ દૃષ્ટિકોણ ખૂબ જ જરૂરી છે. આ દૃષ્ટિકોણ નહિ રાખીને કેટલાય ભૂલા પડી ગયા છે.

આત્મા સર્વથા અકર્તા છે, એમ સાંખ્યદર્શન માને છે. જૈનદર્શન

આત્માનું કર્તૃત્વ સ્વીકારે છે. કર્મ સ્વયં આવીને નથી ચોંટતા, આત્મા શુભાશુભ પરિણામ કરે છે તે પ્રમાણે કર્મો ચોંટતા રહે છે. આથી આત્મા કર્મનો કર્તા છે, એમ જૈનદર્શન માને છે.

જૈનદર્શન ભલે સર્વથા કર્તૃત્વ [જગત્કર્તૃત્વ] નથી સ્વીકારતું, પણ આ રીતે કથંચિત્ કર્તૃત્વ સ્વીકારે છે.

સાંખ્યદર્શન કહે છે : તમે પુદ્ગલને જ કર્તા માની લોને ? આત્માને કર્તા માનવાની શી જરૂર છે ?

આપણે કહીએ છીએ : પુદ્ગલોમાં ચોંટવાની યોગ્યતા છે, તેમ આત્મામાં પણ તેવી [તેની સાથે ચીપકવાની] યોગ્યતા છે. બન્નેમાં તેવો સ્વભાવ છે. માટે જ કર્મ સાથે સંબંધ થઈ શકે છે.

◆ **तित्थयराणं ।**

ભગવાન તીર્થને કરનારા છે.

◆ આપણે આત્માના ગુણોનું કર્તૃત્વ કરી શકતા નથી, એટલે, એનો આરોપ પુદ્ગલોમાં કરીએ છીએ.

આપણા ષટ્કારક અત્યારે બાધક બનીને કાર્ય કરી રહ્યા છે. તેને ભગવાનના આલંબને સાધક બનાવવાના છે.

આપણે કાર્ય કરીએ છીએ, પણ એ કાર્ય આપણું નહિ, પુદ્ગલનું [શત્રુનું] કરી રહ્યા છીએ. આપણી જ શક્તિથી શત્રુ મજબૂત થઈ રહ્યા છે એ કેટલું આશ્ચર્ય છે ?

તમારું કારક-ચક્ર તમારે જ બદલવાનું છે. એ બીજો કોઈ નહિ કરી આપે.

બીજા માણસ બહુ બહુ તો તમને પીરસી આપે, પણ ખાવાનું કામ તો તમારે જ કરવું પડે.

**ભગવાન અને ગુરુ માર્ગ બતાવે, પણ ચાલવાનું કામ તમારે જ કરવું પડશે.**

**કર્મો બાંધવાનું કામ તમે જ કર્યું'તું ને ? કે ભગવાન અને ગુરુએ કર્યું'તું ? હવે એ કર્મ છોડવાનું કામ પણ તમારે જ કરવું પડશેને ?**

**એ કામ બીજા કરી આપતા હોત તો ભગવાન એકેય જીવને**

**સંસારમાં રહેવા ન દેત ! સંસાર ખાલી થઈ ગયો હોત.**

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** ભગવાન તો મા છે; એણે બધું કરી આપવું જોઈએ ને ?

**પૂજ્યશ્રી :** મા સ્તનપાન કરાવે, પણ ચૂસવાની ક્રિયા તો બાળકે જ કરવી પડે ને ? માનો મા તરીકે સ્વીકાર તો બાળકે જ કરવો પડે ને ?

એટલું પણ કરવા તૈયાર ન હોય તેવા બાળકને શું કહેવું ? આપણે બધા એવા છીએ.

◆ ભગવાન તીર્થના આદિ કરનારા છે. એ વિશેષણથી વેદનું અપૌરુષેયપણું નિરસ્ત થયું.

કેટલાક એમ માને છે કે કેવલજ્ઞાન થાય એટલે તરત જ જીવ મોક્ષમાં જ જાય. સંસારમાં રહી જ ન શકે. તેનું ખંડન પણ આ વિશેષણથી થાય છે.

સૂર્ય સ્વભાવથી પ્રકાશ આપે છે, તેમ તીર્થંકરો સ્વભાવથી જ તીર્થની સ્થાપના કરે છે. એમ ન કરે તો એમનું કર્મ ન ખપે.

જેના સહારાથી જીવો તરી જાય તે તીર્થ કહેવાય.

ભયંકર મગર-મત્સ્ય [રાગ-દ્વેષ] આદિથી ભરેલા આ સાગર [સંસાર] ને તરવા તીર્થ [ઘાટ] ની જરૂર પડે છે. એને બાંધનારા તીર્થંકરો છે. જન્મ-જરા અને મૃત્યુ અહીં પાણી છે.

◆ નિગોદના જીવો એક શ્વાસમાં ૧૭।। વખત જન્મ-મરણ કરી રહ્યા છે. વિચારો ! જન્મ-મરણનું કેટલું દુઃખ ? આવા અનંત પુદ્ગલ-પરાવર્તો આપણા ભૂતકાળમાં પસાર થયા. હવે ભાવિમાં પસાર કરવા છે ? ભાવિનું સર્જન આપણી આરાધના પર આધારિત છે.

◆ સંસાર-સાગરમાં મિથ્યાત્વ - અવિરતિનું ખૂબ જ ઊંડાણ છે.

ભયંકર કષાયરૂપ પાતાલ છે.

મોહનો ભયંકર ચક્રાવર્ત છે.

વિચિત્ર દુઃખો ભયંકર જલજતુંઓ છે.

રાગ-દ્વેષનો પવન ખળભળાટ મચાવે છે.

પ્રબળ મનોરથ રૂપ ભરતી છે.

◆ મિથ્યાત્વનો એક પણ અંશ હોય છે ત્યાં સુધી આપણને દેહમાં આત્મબુદ્ધિ રહે છે.

પોતાના આત્માને પૂર્ણરૂપે ન માનવો તે પણ મિથ્યાત્વ છે.

દેહમાં આત્મબુદ્ધિ કરીશું ત્યાં સુધી આ દેહ ફરી-ફરી મળ્યા જ કરશે.

## પરદેશની પાઠશાળાઓ

*પરદેશમાં વસતા કુટુંબો સ્થિર થવા લાગ્યા. તેમ તેમ તેમને તેમના સંતાનોના સંસ્કારની ફિકર થવા લાગી. જો કે એકાદ બે પેઢી તો ચાલી ગઈ, તેમાં જે કંઈ સ્વચ્છંદતા અને દુરાચાર જોયો અને વડીલો જાગી ગયા. હવેની પેઢીમાં સંસ્કારો જળવાઈ રહે તે માટે તેમણે પાઠશાળાઓ ખોલી, અને બાળપણથી જ આહારાદિના સંસ્કારોનું સિંચન કરવા લાગ્યા. સૂત્રો, સ્તુતિઓ શીખવવા લાગ્યા. ત્યાં લગભગ બારેક વર્ષના બાળકો નવતત્ત્વ વિગેરે ઝડપથી શીખી લે છે. પ્રથમ તેમને બુદ્ધિથી સમજણ પેદા કરવી પડે છે. પછી તો તેઓ પોતેજ બોધને ગ્રહણ કરે છે. કોઈ વાર એવું બને કે આદત પ્રમાણે માતા-પિતા માંસાહાર કરતા હોય પણ પાઠશાળાનો બાળક તે આહારનું સેવન કરે નહિ. આ છે જિનશાસનના સંસ્કારનું સિંચન !*

—સુનંદાબેન વોરા

## પાઠશાળાનો પ્રભાવ

*પરદેશની એક પાઠશાળાના બાળકને પૂછ્યું : તું શા માટે પાઠશાળામાં આવે છે ? તેણે જવાબ આપ્યો કે ધર્મ શીખવા.*

*'ધર્મ એટલે શું ?'*

*'પાપ ન કરાય, પાપ કરીએ તો દુઃખ પડે. ધર્મથી સુખ મળે.'*

— સુનંદાબેન વોરા



શ્રા.વદ-૫

૨૦-૮-૨૦૦૦, રવિવાર

**સામુદાયિક પ્રવચન**

**વિષય : સંઘભક્તિ**

**પૂ. મુનિશ્રી દર્શનવલ્લભવિજયજી.**

સાતચોવીશી ધર્મશાળા

◆ આ પાવન ભૂમિ છે. અનંત સિદ્ધોની ભૂમિ છે. અમારા ઉપકારી ગુરુદેવ પૂજ્ય પ્રેમસૂરિજી લગભગ ૧૦૦ વર્ષ પહેલા અહીં જ દીક્ષિત બનેલા. આ ભૂમિમાં આવું સ્નેહભર્યું વાતાવરણ ન જામે તો બીજે ક્યાં જામે ?

◆ સંઘનો મહિમા અનુપમ છે. જ્યાં સુધી આ સંઘ આ ભરતક્ષેત્રમાં રહેશે, ચતુર્વિધ સંઘનો એકેક સભ્ય પણ વિદ્યમાન હશે ત્યાં સુધી છટ્ઠો આરો નહિ બેસે. સૂર્ય મર્યાદા નહિ મૂકે, કુદરત નહિ કોપે.

આવો સંઘ આપણને મળ્યો છે. એની સફળતા શામાં ?

ભગવાને સ્થાપેલો આ સંઘ દીર્ઘકાળ
સુધી જગતનું મંગળ કરે, એવી
શક્તિ ભગવાને સ્થાપેલી છે.

એક ઘરથી બીજે ઘરે, એક ગામથી બીજે ગામ જવાય તે યાત્રા. એક ભવથી બીજા ભવની પણ યાત્રા જ છે. ચાર ગતિની યાત્રા અનંતી વખત કરી હવે એ યાત્રા બંધ કરી પરમલોકની યાત્રાનો પ્રારંભ કરવાનો છે. આ સંઘને પામ્યાની આ જ સફળતા છે.

**પૂજ્ય ગણિ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી :**

રેલવેમાં ૩ લાઈન હોય છે. આપણા મનમાં

પણ ૩ લાઈન છે : બ્રોડગેજ, મીટરગેજ અને નેરોગેજ

નેરો લાઈન સાંકળી હોય, સ્પીડ ઓછી હોય ને ભાર પણ વધુ ન ઊંચકી શકે.

મીટર ગેજ તેથી પહોળી, સ્પીડ વધુ અને ભાર પણ વધુ ઊંચકી શકે, જ્યારે બ્રોડગેજ એથી પણ સ્પીડ વગેરેમાં અધિક હોય છે.

માણસોના મન પણ ત્રણ પ્રકારના હોય છે :

કોઈક માને છે : હું સુખી બનું.

કોઈક માને છે : અમે સુખી બનીએ.

કોઈક માને છે : આપણે સુખી બનીએ.

તીર્થંકરોની આપણે સુખી બનીએ એવી ભાવના હોય છે.

તીર્થંકરો સ્વયં આ સંઘને નમે છે. આથી ખ્યાલ આવશે : વ્યક્તિ નહિ, સંઘ મહત્ત્વપૂર્ણ છે. સંઘ ભાવના, વ્યક્તિત્વનો અહંકાર તોડી નાખે છે, વિશાળ ભાવના પેદા કરે છે.

ભગવાને સ્થાપેલા આવા સંઘના સાધુને જોઈને અહોભાવ જાગે છે ? **'ण तित्थं विण निग्गंठेहिं'** સાધુ વિના તીર્થ ન હોય.

આજના વિજ્ઞાન યુગમાં પણ એક પણ પૈસા વિના, એક પણ વાહન વિના, જીવન જીવનારા આ જૈન સાધુઓ છે, એમ વિચાર આવે છે ?

ભગવાનના આ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા આદિ છે, એમ લાગે છે ? સંઘ તીર્થંકરનું પ્રોડક્શન છે. પાંચેય પરમેષ્ઠિની આ ખાણ છે. આ સંઘમાં જ્ઞાની, ધ્યાની, દાની વગેરે અનેક ગુણીઓ છે.

**કલ્પવૃક્ષનો આધાર નંદનવન, તેજનો આધાર ચન્દ્ર તેમ ગુણનો**

આધાર સંઘ છે.

એક સાધુની સાધના આખા જગતને બચાવી શકે છે. આજે પણ કંઈક સારું છે તે આ સંઘનો પ્રભાવ છે.

સંઘ દ્વારા સંઘની ભાવના પેદા થવી જોઈએ.

કોઈપણ સંઘમાં પેદા થતી દેવદ્રવ્યની આવક ભારતના કોઈપણ સંઘમાં મોકલીએ છીએ. આ છે સંઘ ભાવના !

સંગઠિત રહીશું તેટલું બળ વધશે. આજના યુગમાં સંગઠિત થવાની ખાસ જરૂર છે. **'संघे शक्तिः कलौ युगे ।'**

એકત્રિત રહીશું તો બળ વધશે, વિખરાયેલા રહીશું તો તૂટી જઈશું.

**''वह संगठन संगठन नहीं, जिस में फूट है,**
**वह व्यापार व्यापार नहीं, जिसमें लूट है ।**
**प्रामाणिकता की पूजा तो हर जगह होती है,**
**वह धर्म धर्म नहीं, जिसमें जूठ है ।।''**

સંઘ ભાવનાની કદર આચાર્ય ભગવંત પણ કરે. આથી જ આચાર્ય ભગવંત તમારી ચાતુર્માસની વિનંતી સ્વીકારે છે.

નાગપુરથી પુનડે સિદ્ધાચલનો સંઘ કઢાવેલો ત્યારે વસ્તુપાલ વિનંતિ કરીને ધોળકામાં એ સંઘને લાવેલા.

'સંઘની ઊડતી ધૂળ પણ મંગલકારી છે.' એમ વસ્તુપાલ કહે છે. તમામ યાત્રિકોનો દૂધથી પ્રક્ષાલ કરી બધાની ભક્તિ વસ્તુપાલ કરતા હતા.

અંકેવાલિયામાં વસ્તુપાલનું મૃત્યુ થયું ત્યારે ૧૩ મો સંઘ હતો. ત્યારે આચાર્યે કહેલું : ખરેખર જિનશાસનના ગગનનો સૂર્ય આથમી ગયો. ત્યારે એ આચાર્ય ભગવંતે છ વિગઈનો ત્યાગ કરેલો. આ સંઘની ભક્તિ તમે ગરીબ હો તો સોપારી – મુહપત્તી આદિથી પણ કરી શકો.

સંતતિનું સમર્પણ કરીને પણ ઉત્તમ શ્રમણ સંઘની ભક્તિ થઈ શકે છે.

◆ તમારો છોકરો બીમાર હોય ને સાધુ પણ બીમાર હોય ત્યારે

પહેલા ક્યાં જશો ?

છોકરો મારો પણ સાધુ, ઉપાશ્રય, મંદિર વગેરે કોના ? સંઘના? સંઘમાં તમે નહિ ?

· કેટલાય સામૂહિક પ્રશ્નો સળગી રહ્યા છે, ત્યારે 'મારે શું ?' કહીને બેસી રહેતા નથી ને ?

આવા સંઘની કદી આશાતના કરતા નહિ. અવર્ણવાદ કરશો તો બોધિ દુર્લભ બનવું પડશે.

સંઘના એક સદસ્યની પૂજા તે સકલ સંઘની પૂજા છે. સંઘના એક સદસ્યની હીલના તે સકલ સંઘની હીલના છે, એટલું યાદ રાખશો.

સંઘ – બહુમાન હૃદયમાં હશે તો જિનશાસનનો જય જયકાર થઈ જશે.

**પૂ. વિરાગચન્દ્રસાગરજી :**

સંઘ અમારા મા-બાપ છે. એની સામે ગમે તેવું બોલીશ તોય ચાલશે.

જેના વિના જૈનશાસનની કલ્પના મુશ્કેલ છે, એવા ઉપા. યશોવિ.ના યોગવિંશિકા ગ્રન્થનું વાક્ય :

**"विधिसम्पादकानां, विधिव्यवस्थापकानां दर्शनमपि प्रत्यूहव्यूह-विनाशनमिति वयं वदामः ।"**

"વિધિના કરનારા અને વિધિના વ્યવસ્થાપકોનું દર્શન પણ વિઘ્નોના વ્યૂહનો વિનાશ કરનારું છે, એમ અમે કહીએ છીએ."

ટંકારની ભાષામાં ઉપા. મ. આ વાત કરી રહ્યા છે.

સંઘને આપણે કહીશું :

**"धन्य क्षणे तव दुर्लभ दर्शन,**
**मधुर वचन तव मंगल स्पर्शन !**
**रोम-रोम पुलकित अमीवर्षण,**
**जय जय अम हृदय निवसंत"**

સંઘના સદસ્યો પ્રભાવનામાટે દોડે છે, એમ નહિ માનતા. વગર

પ્રભાવનાએ માત્ર દર્શન માટે અહીં દર રવિવારે દોડી આવે છે, તે તમે જુઓ છોને ?

વ્યક્તિ એકલી હોય ત્યારે સામાન્ય હોય, પણ પ્રભુએ આત્મ-ધ્યાનથી શક્તિ પ્રાપ્ત કરી વ્યક્તિઓને એક કરી જેની સ્થાપના કરી તેને આપણે સંઘ કહીએ છીએ.

મળવું એ જ સંબંધ ! Meeting is Relationship ! **ઘણી વખત મળવું એટલે શું ? એ સમજ્યા વિના જ આપણે છુટા પડી જઈએ છીએ.**

પ્રભુએ સૂત્ર આપ્યું : '**एगे आया** ।'

પ્રભુએ આપણા વ્યક્તિત્વને એક કર્યું.

હે સિદ્ધો ! તમે એક છો, સંગઠિત છો. અમારા પર સંગઠિતતા અને એકતાને વરસાવો.

તંતુઓથી બનેલું દોરડું હાથીને પણ બાંધી શકે છે.

લાકડાના ભારાને પહેલવાન પણ તોડી શકતો નથી. બાહ્ય અને અભ્યંતર વિઘ્નનો નાશ આપણી એકતા કરી શકે છે.

"**आत्मवत् सर्वभूतेषु**" "**अप्पसमे मन्निज्ज छप्पि काए** ।"

"સર્વ જીવોને આત્માની જેમ માન."

"**जं हंतुमिच्छसि अप्पाणमेव जाणाहि**" જેને હણવા ઇચ્છે છે તે તારી જાત છે, એમ માનજે.

આ સંવેદનશીલતાની પરાકાષ્ઠા છે.

સંઘમાં મળ્યા પહેલા આપણે સામાન્ય હતા. આપણી શક્તિઓ સુષુપ્ત હતી. વ્યક્તિ તરીકે આપણે સામાન્ય હોત, પણ પ્રભુએ આપણને સંગઠિત કર્યા, વિશિષ્ટ બનાવ્યા.

દરેક આત્મામાં તમારું પ્રતિબિંબ ઝીલો.

**समाना हृदयानि** – વેદ

'**अप्पा सो परमप्पा**' આત્મા એ પરમાત્મા છે. – એમ પ્રભુ કહે છે. પ્રભુ ભક્ત પછી બનજો, પહેલા ભક્તના ભક્ત બનજો. ભગવાનનો ભક્ત એટલે ચતુર્વિધ સંઘ !

**દૂધ એક જ હોય છે. તેજાબ ભળે તો ફાટી જાય, સાકર ભળે તો મીઠું બને. આપણે શું બનવું છે ? તેજાબ કે સાકર ?**

એકતાવાદી બનજો, ભાગલાવાદી નહિ.

એકતાના સૂત્રધાર સંઘને અનંત નમન.

**ચન્દ્રકાન્તભાઈ :** ભા. સુદ-૬ના સામૂહિક રથયાત્રા નીકળશે. ૩-૪ રથો હશે. ભા.સુદ-૫ ના સામૂહિક ક્ષમાપના તથા ચડાવા થશે. આવક આણંદજી કલ્યાણજી પેઢીમાં જશે.

ભા.સુદ-૬ના સાધર્મિક વાત્સલ્યનો સંપૂર્ણ લાભ પાર્વતીબેન હરખચંદ વાઘજી ગીંદરા-અધોઈ-કચ્છ તરફથી લેવામાં આવ્યો છે.

**પૂ. ધુરંધર વિ. મ. :** આજે પર્યુષણ પર્વનો છેલ્લો રવિવાર છે. પર્યુષણ પછી પણ આ ચાલુ રાખવા માટે પ્રયત્ન કરજો. સભા પૂરી થાય તે પહેલા આજે કોઈએ ઊઠવાનું નથી. ઊભો થશે તેને સભા તોડવાનું પાપ લાગશે. આ વિનય છે : પૂ. આચાર્ય ભગવંત પછી જ ઊઠવું.

**પૂ. મુનિશ્રી ઉદયપ્રભવિજયજી મ. :** ગુણ, પર્યાય, ઉંમર વગેરેમાં ઘણા વડીલો નીચે છે, તેમની માફી માંગું છું. કદાચ માફી ન માંગું તો પણ હું ફોલ્ટમાં નથી, સંઘની આજ્ઞાથી બેઠો છું.

**ઘરને મૂક્યા વિના અણગાર ન થવાય,**

**મનને મૂક્યા વિના સારા શિષ્ય ન બનાય.**

**કદાગ્રહ અને સ્વાતંત્ર્ય મૂક્યા વિના સંઘ-સેવક ન બનાય.**

**ન્યાય આપતાં આવડે તે જ સંઘની એકતા કરી શકે.**

**સ્વાર્થ છોડે, સાદગી અપનાવે તે જ સંઘ નેતા બની શકે.**

વસ્તુપાલને સંઘને પૂજતાં પસીનો છુટી રહ્યો હતો ત્યારે તેમણે કહેલું : અત્યારે જનમ-જનમનો થાક હું ઊતારી રહ્યો છું. આ સાદગી છે. આ બહુમાન-સૂચક છે.

કેટલાય શ્રાવકો આજે પણ લોચ વગેરે કરાવે છે. આ સાદગી તે સંઘ બહુમાન છે. એ તપ, જ્ઞાન વગેરે ક્ષેત્રે કાચો હોય તોય આ સંઘ બહુમાનથી મુક્તિ મેળવી લે.

જુદા-જુદા સમુદાયમાં ગોચરી-વંદન વ્યવહાર ન હોય તે ભેદભાવ નથી, પણ એક વ્યવસ્થા છે.

◆ સાચો ન્યાય કોણ આપી શકે ? પોતાના ઘેર રહેલી વ્યક્તિને અયોગ્ય વર્તનથી અટકાવી શકે તે જ ન્યાય આપી શકે.

સૌ પ્રથમ એકતા-મૈત્રીનો પ્રારંભ ઘરથી થવો જોઈએ.

મોટાઈ ધનના આધારે નહિ, ગુણના આધારે છે.

એકતામાટે પોતાની માન્યતા પણ એક બાજુએ મૂકવી પડે. એ રીતે આપણે એક બનીએ.

અત્યારે દેખાતી એકતા માત્ર શબ્દોમાં ન રહે, જીવનમાં ઊતરે તેવી અપેક્ષા.

**પૂજ્ય આચાર્ય શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી :**

ભગવાને સ્થાપેલો આ સંઘ દીર્ઘકાળ સુધી જગતનું મંગળ કરે, તેવી શકિત ભગવાને સ્થાપેલી છે.

**'धम्म तित्थयरे जिणे ।'** સમગ્ર વિશ્વને કેવળજ્ઞાનના પ્રકાશથી ભરી દેનારા આ પ્રભુ ઉપકારોની વર્ષા કરે છે તે સ્વભાવથી જ છે. સૂર્યની જેમ ઉપકાર તેમનો સ્વભાવ છે.

**આ સંઘ પર કેટલું બોલવાના ? આપણી શક્તિ પરિમિત છે. સ્વયં તીર્થંકર પણ કહી ન શકે. માત્ર 'नमो तित्थस्स' કહીને બેસે. આટલામાં શું ન આવ્યું ?**

**''મારાથી પણ પૂજનીય આ સંઘ છે.'' સંઘને નમસ્કાર કરીને આમ તીર્થંકરોએ સ્વયં કહી દીધું.**

ધુરંધરવિજયજીએ પૂછેલું : ભગવાનથી પણ પૂજ્ય હોય તે સંઘનું સ્થાન નવકારમાં કેમ પ્રથમ નહિ ? છેલ્લે પણ નહિ ?

મેં કહેલું : નવકાર સંઘથી બહાર નથી. નવકારમાં સંઘને નમસ્કાર છે જ. તીર્થંકર સ્વયં કહે : તમે આ તીર્થને નમો.

આ શાશ્વત મંત્રમાં આપણે શું ભૂલ કાઢી શકીએ ? આપણી બુદ્ધિ કેટલી ?

'નમો' શબ્દ પ્રથમ છે, તે તીર્થંકર બનવાની કળા છે. એ કળા

તમને તીર્થંકર બનાવે. જેટલા તીર્થંકર બન્યા છે, તે આ રીતે જ, સંઘની ભક્તિથી જ.

ચતુર્વિધ સંઘ ખાણ છે, જેમાં પાંચેય પરમેષ્ઠીઓ તૈયાર થાય છે.

તીર્થંકર ગૃહસ્થ જીવનમાં હતા ત્યારે પણ તેમના મા-બાપ કોઈ તીર્થંકરના શ્રાવક-શ્રાવિકા જ હતા. એટલે કે સંઘમાંથી જ તીર્થંકર તૈયાર થાય છે.

આ સંઘના ગુણગાન ગાવાની શક્તિ નથી, છતાં ગાઈએ છીએ. જેથી કંઈક સંઘના ઋણથી મુક્ત બની શકીએ.

જીર્ણોદ્ધાર માત્ર દેરાસર કે ઉપાશ્રયનો જ નહિ, ચતુર્વિધ સંઘના કોઈપણ સભ્યનો પણ થાય. આ પણ સંઘ-ભક્તિ છે. એમને તમે ગુણ-માર્ગે આગળ વધારો તે પણ સંઘ ભક્તિ છે. ગુણીની પ્રશંસા ન કરો તો અતિચાર લાગે :

''સંઘમાંહિ ગુણવંતતણી અનુપબૃંહણા કીધી.''

સંભવનાથ ભગવાન પૂર્વના ત્રીજા ભવમાં દુકાળના સમયે શ્રી સંઘની ભક્તિ કરીને જ તીર્થંકર બન્યા છે. આ સંઘભક્તિ તીર્થંકરની માતા છે.

◆ દીન-દુઃખીનો ઉદ્ધાર વગેરે કરવામાં ન આવે તો દોષ લાગે. લોકમાં પણ નિંદા થાય : તેઓ ઉત્સવો કરે છે, પણ ગરીબોની પરવા નથી. માટે જ વસ્તુપાળ એવી દાનશાળાઓ બંધાવતા, જેમાં જૈન-અજૈન બધા જ જમતા.

મદ્રાસની પ્રતિષ્ઠા વખતે અજૈનોને પણ બદામની કતલી વગેરે આપવામાં આવેલું. તેમને લાગ્યું : જૈનોએ પહેલીવાર અમને આ રીતે યાદ કર્યા.

સંઘમાં ઘણી વખત આખાય ગામના તમામ લોકોને આમંત્રણ આપવામાં આવતું. અન્ન પેટમાં જાય એટલે સ્વભાવાકિ રીતે જ તે જૈન ધર્મ તરફ અનુરાગી બને.

અપૂર્ણતાની દૃષ્ટિએ જોઈશું તો ખામીઓ દેખાશે, પણ વિશાળ દૃષ્ટિએ ગુણો જ દેખાશે. મને તો આ સંઘના ગુણો જ દેખાય છે. અહીં ૧૬૦૦ ઠાણા છે. કોઈને વસ્ત્ર, પાત્ર, વસતિ, અન્ન આદિની તકલીફ

પડી ? શ્રાવક-શ્રાવિકા કદાચ પાછા ગયા હશે, પણ કોઈ સાધુ-સાધ્વીને પાછા જવું પડ્યું ? આ સંઘનો પ્રભાવ નહિ ?

કોઈ પુણ્યોદયે અહીં એકઠા થયા છીએ તો સારા કામ થઈ શકશે.

આવો મૈત્રીનો માહોલ જામ્યો છે, તે માત્ર બોલીને નહિ, જીવીને બતાવીશું તો તેનો પડઘો સર્વત્ર પડશે જ.

કદાચ આ પ્રયત્ન સફળ ન થાય તો પણ મનોરથ તો નિષ્ફળ નહિ જ જાય. ભાવિ માટે મૈત્રીનું આ વાતાવરણ બીજરૂપ બનશે.

તીર્થંકર પણ જેને નમે એનો અર્થ એટલો જ કે આ સંઘથી વધુ કોઈ પૂજનીય નથી.

**नमो अरिहंत + आणं = अरिहंत** ની આજ્ઞાને નમસ્કાર.

આજ્ઞા એટલે જ તીર્થ ! સંઘ ! '**आणाजुत्तो संघो ।**'

હવે નવકારમાં સંઘ આવ્યો કે નહિ ? મારી વાત ખોટી હોય તો પાછી આપો.

**હું તો અનુભવ કરું છું. : બધી જ વાતો નવકારમાં મળતી જાય છે. આથી જ નવકારને છોડીને બીજું કોઈ આલંબન લેવાનું મન થતું નથી.**

બીજ નાનું હોય પણ તેનો વિસ્તાર કેટલો મોટો હોય છે. તમે કોઈ મોટો વડ જોયો છે ?

**પૂ. ધુરંધરવિજયજી મ. :** કબીર વડ ૧ કિ.મિ. મોટો છે.

**પૂજ્યશ્રી :** અમે લુણાવામાં મોટો વડલો જોયો છે, તેની નીચે દીક્ષા વગેરે પ્રસંગો થતા.

આ વડલાનું મૂળ નાનું બીજ હોય છે.

આ જૈન શાસનરૂપી વિશાળ વટ-વૃક્ષનું મૂળ બીજ 'નમો' છે.

નમો ને ઉલ્ટાવો એટલે ઓમ્ [ન] થશે.

ઓં માં પંચ પરમેષ્ઠી છે. આ જ બીજ છે.

ષોડશાક્ષરી, સપ્તાક્ષરી મંત્રો આમાંથી જ બને છે.

મહાનિશીથ જેવામાં કહ્યું : આ નવકાર તો પંચ-મંગલ-મહાશ્રુત-સ્કંધ છે.

આકાશ ક્યાં નથી ? આકાશ ન હોય તેવી જગ્યા બતાવશો ? જગ્યા એટલે જ આકાશ !

આ નવકાર ક્યાં નથી ? આકાશની જેમ સર્વ વ્યાપી છે એ.

આ સંઘ પાસે જ્યાં સુધી આ નવકાર છે, દેવ-ગુરુ -વંદન છે, ત્યાં સુધી કલ્યાણ થતું જ રહેવાનું !

સવારે સંઘ ભક્તિનો ઉત્કૃષ્ટ કાર્યક્રમ ગિરિવિહારમાં રહ્યો. ટાઈમના અભાવે હું ભલે જરા જલ્દી ઊઠી ગયો. જલ્દી ઊઠી ગયો માટે જ અહીં આવી શક્યો. નહિ તો હજુ સુધી આવી ન શકત.

**આપણા પૂર્વજો જે આ મૂડી મૂકી ગયા તેને આપણે વધુ સમૃદ્ધ બનાવી ભાવિ પેઢી માટે મૂકવાની છે.**

◆ પરમ તપસ્વી પૂ. આ. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.સા.ને અમે નજરે જોયા છે.૧૦૦+૧૦૦+૮૯ ઓળીના મહાન આરાધક હતા. આ વિક્રમ હજુ કોઈ તોડી શક્યું નથી.

પૂ. આચાર્યશ્રીની આજે બીજી સ્વર્ગતિથિ છે. તપ-સાધનાથી એમનો આત્મા તો ઉચ્ચગતિમાં જ હશે, પરમ-પદની સાધના કરતો જ હશે, પણ આપણી એટલી જ પ્રાર્થના છે :

આપણા સૌ પર તેઓશ્રી કૃપા વરસાવતા રહે.

**પૂ. ધુરંધરવિજયજી મ. :** પૂજ્યશ્રીના હૃદયમાં સંઘ પ્રત્યે ખૂબ જ અહોભાવ છે. તમને ન સંભળાયું હોય તો પણ શબ્દોના આંદોલનો તો તમારા સુધી પહોંચ્યા જ છે.

નવકારમાં સંઘને નમસ્કાર કેમ નહિ ? એમ મેં પૂછેલું. એમણે આજે ફરી જવાબ આપી દીધો.

**अरिहंत + आणं** -અર્હતની આજ્ઞાને નમન. આજ્ઞા પાળનાર સંઘ જ છે. અરિહંતથી તીર્થ જુદું નથી. જોડે જ નમન થઈ જાય છે.

તમને આ જવાબ ગમી ગયોને ?

તીર્થંકર અને તીર્થંકરની આજ્ઞા કદી જુદા નથી પડતા. જ્યાં સંઘ છે. ત્યાં તીર્થંકર છે જ.

**આચાર્યશ્રી નિરંતર પ્રભુમાં ડૂબેલા છે. એટલે પૂજ્યશ્રી મૌન રહેશે, કંઈ નહિ બોલે તો પણ એમનું અસ્તિત્વ માત્ર ઉત્સવ બની રહેશે.**

**પૂ. યશોવિજયસૂરિજી :**

મારા જીવનની આ ધન્યતમ એક ઘટના છે : ચતુર્વિધ સંઘના દર્શન અહોભાવ પૂર્વક કરવાનું મળ્યું. એક પણ સભ્યને પ્રભુના માર્ગે જતા જોઈને આંખ હર્ષના અશ્રુથી છલકાઈ ઊઠે છે.

સંઘનું દર્શન માત્ર અહોભાવથી ભીની ભીની આંખોથી જ કરી શકાય. ક્યારેક વિહારમાં કલાકો સુધી આંખો ભીની રહે છે.

એક ગામની ઘટના કહું : સવારે ૮ વાગે પહોંચ્યા, શ્રાવકોની વિનંતિ : પધારો ઉપાશ્રયે. વહોરવા પધારો. બે જ ઘર છતાં અપાર ભક્તિ ! નયનાકર્ષક પરમાત્માની પ્રતિમા હતી.

**હું અભક્ત છું, એટલે પરમાત્માની પ્રતિમા કહું છું. ખરેખર તો પરમાત્મા જ કહેવા જોઈએ.**

'મંદિરમાં નહિ, સમવસરણમાં બેઠો છું.' – એમ મને લાગે છે.

–જ્ઞાનવિમલસૂરિ.

તમને ક્યારેય મંદિરમાં સમવસરણ યાદ આવે છે ?

શંખેશ્વર-અમદાવાદનો એ રૂટ. નિરંતર સાધુ-સાધ્વીજીઓના વિહાર ચાલુ !

અમે વિહાર કરીને ગયા ત્યાં જ ફરી ૧૦ સાધ્વીજી આવ્યા. સાથે ડોળી વગેરેના માણસો પણ હતા.

એમની પણ એટલા જ અહોભાવથી ભક્તિ કરી. વિહાર વખતે કહે : ગુરુદેવ ! મારે ત્યાં પગલા કરવા પડશે.

મેં કહ્યું : તારે ત્યાં પગલા નહિ કરું તો ક્યાં કરીશ ?

દુકાનમાં ૫-૭ હજારનો માલ જોઈને થયું : શું કમાતો હશે ? શું વહોરાવતો હશે ?

પણ અંદર શ્રાવિકાએ રોટલીની થપ્પી ઊપાડી. હું ચકિત બની ગયો. હું ગોચરી જતો ત્યારે કયારેક ગોચરી વધી પણ જાય. બીજું બધું ગણત્રીમાં આવે, પણ ભક્તિનું વજન ગણવાનું રહી જાય.

એક વાગે સાઈકલવાળાને ગામની ભક્તિ અંગે પૂછતાં તેણે કહ્યું: આજે મને મારી મા યાદ આવી. માતાના પ્રેમથી તેમણે મને જમાડ્યો છે.

બપોરે ત્રણ વાગે ચામાટે વિનંતિ આવી.

મેં પૂછ્યું : 'તમારું કેમ ચાલે છે ?'

'પ્રભુની કૃપાથી તથા આપની કૃપાથી આપ કલ્પો તેના કરતાં પણ વધારે સરળતાથી જીવનની નૈયા ચાલે છે.'

''એક કામ કર. અમારી તો તું ભક્તિ કરીશ, પણ અમારી સાથેના માણસોની ભક્તિ તું બહારથી કર. બીલ અમારા પર મોકલી દેજે. શહેરના લોકોને લાભ મળશે.''

''નહિ સાહેબ ! એ નહિ બને. જે ચોવીસેય કલાક આપની સેવા કરે તેમની સેવા અમારે નહિ કરવાની ?''

આ તેનો જવાબ હૃદય પર ચોટ કરે તેવો હતો.

'' Week End હોય ત્યારે Hill station પર ન જતાં આવા કો'ક ગામડે જઈને જોજો. ભક્તિ દેખાશે.'' એમ શ્રીમંતોને કહેવાનું મન થઈ જતું હોય છે.

મને તો આવી ઘણી શ્રાવિકા માતાઓ મળી છે. ૧૧ વર્ષની ઉંમરે દીક્ષા લીધી છે. અનેક માતાઓનો સ્નેહ મળ્યો છે.

વધારે મારે કશું કહેવાનું નથી. કાળ ખરાબ છે. અમારામાં પણ દોષ હોઈ શકે. પણ એને નજર અંદાજ કરજો. ગુણ જોઈને રાજી થઈ કૃતાર્થ બનજો.

**પૂજ્ય હેમચન્દ્રસાગરસૂરિજી :** પહેલેથી છેલ્લે સુધી વચ્ચે ફટકા મારનારા [આમ Player નહિ છતાં] open Batsman મુનિશ્રી ધુરંધરવિજયજી છેલ્લે બોલે છે.

**પૂજ્ય મુનિશ્રી ધુરંધરવિજયજી :**

પાલીતાણા ચાતુર્માસ નક્કી થયું ત્યારે વિચાર આવ્યો : ત્યાં જઈ પ્રભુની આરાધનામાં લીન રહેવું, પણ અહીં આવ્યા પછી બધા તરફથી એટલો પ્રેમ મળ્યો કે વારંવાર તમારી સમક્ષ આવવુ પડ્યું.

પ્રભુ – સંઘની ખૂબ જ મહત્તા છે, જેની કલ્પના થઈ શકે નહિ. જે કોઈ ઊંચા આવ્યા છે તે સંઘને હૃદયમાં સ્થાપીને જ.

**પોતાનાથી સંઘને જેમણે અધિક માન્યો તે જ વસ્તુપાળ,**

**તેજપાળ, કુમારપાળ આદિ બની શક્યા છે.** ઝાંઝણ મંત્રી મોટો સંઘ લઈને કર્ણાવતી [આજનું અમદાવાદ] આવ્યો. વીરધવલનો વંશજ સારંગદેવ રાજા હતો. મંત્રીને કહ્યું : તમે જમવા આવજો, સાથે કેટલાક સારા માણસોને લાવજો.

**ઝાંઝણ :** "અહીં બધા જ સારા માણસો છે. એકને પણ મૂકીને ન આવી શકું. બધાને જમાડવાની તૈયારી હોય તો જ હું આવી શકું."

**રાજા :** " મારી આ તાકાત નથી."

**ઝાંઝણ :** "આખા ગુજરાતને હુ જમાડું, તમે પધારજો."

૧૦ દિવસ સુધી ઝાંઝણે ગુજરાતને જમાડ્યું. ત્યાર પછી પણ મીઠાઈઓના ભંડાર ભરેલા હતા.

સંઘ સાથે આવો નાતો જોડાય પછી જ આગેવાન થઈ શકાય. સંઘનો નાનો બાળક પણ પ્યારો લાગે તે જ આગેવાન થઈ શકે.

આવા આગેવાનો હતા. ત્યારે મોટા સમ્રાટો પણ શ્રી સંઘના કામો કરી આપતા. આજની હાલત બદલી ગઈ છે. નાનો ઓફીસર પણ જૈન સંઘને દબાવી શકે છે.

આણંદજી કલ્યાણજી જેવી મોટી પેઢીને નાનો પાલીતાણાનો મેયર પણ દબાવી શકે છે. આનું કારણ સંઘ કરતાં વ્યક્તિ પોતાને મોટી ગણે છે, તે છે.

કચ્છ-સૌરાષ્ટ્ર વગેરેના સંઘો, સલ્તનની પણ સામે પડી શકતા. કારણ કે સંઘ-ભાવના હતી.

લાલભાઈ દલપતના માતા ગંગામાના ઘેર સાધુ-સાધ્વીજીની અદ્ભુત ભક્તિ રહેતી. એમના ઘેર ૩૦૦-૩૦૦ તો પાત્રાની જોડી રહેતી. એ પણ રંગેલી.

ગંગામાના પુણ્યે જ શેઠીયાઓની શેઠાઈ ટકી છે.

જે ટ્રસ્ટીઓને સંઘ પ્રત્યે અહોભાવ નથી તેમનું પુણ્ય વધતું નથી. આથી તેમને કોઈ કાર્યમાં સફળતા મળવી મુશ્કેલ બની જાય છે.

ચતુર્વિધ સંઘ તરફ આદર જોઈએ. એ જ આ સંઘની રક્ષા કરી શકે.

સંઘ બહુ ઉદાર છે. નાના પણ કાર્યનો મોટો પ્રતિસાદ આપે. વાવપથકનો દાખલો આપું. રસ્તાના ભીખારીને કંઈક આપવાની મેં વાત કરી અને અઢી લાખ બે મિનિટમાં થઈ ગયા.

**◆ સંઘ પ્રત્યેનો અહોભાવ દુશ્મની પણ તોડી નાખે.**

**નાગપુરથી સંઘ લાવનાર પૂનડ મોયુદ્દીનનો મંત્રી હતો.**

**વસ્તુપાલ વીરધવલનો મંત્રી હતો.**

**બન્ને વચ્ચેની દુશ્મની શ્રાવકને નાતે તૂટી ગઈ. પોતાના હાથે વસ્તુપાલે તેના સંઘની ભક્તિ કરેલી.**

◆ આ જ શ્રી સંઘ છે, જેમાંથી શાસન સ્તંભો પેદા થયા ને થશે. બહારથી નથી આવ્યા, આ જ સંઘમાંથી આવેલા છે. હમણાં હમણાં જ થઈ ગયેલા મહાન આચાર્યોના નામો ગણાવું ?

તીર્થોના ઉદ્ધારક પૂ. નેમિસૂરિજી, દૂર-દૂરના તીર્થોના ઉદ્ધારક પૂ. નીતિસૂરિજી, સંઘસ્થવિર પૂ. સિદ્ધિસૂરિજી, આગમોદ્ધારક પૂ.સાગરજી, શ્રમણ-સંસ્થાના ઉદ્ધારક પૂ. પ્રેમસૂરિજી-પૂ.રામચન્દ્રસૂરિજી, શ્રાવક સંઘના ઉદ્ધારક પૂ. વલ્લભસૂરિજી આદિ.

સૌએ પોતપોતાની રીતે ખૂબ જ ખંતથી પ્રયત્ન કર્યો છે.

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી, પૂ. પં.શ્રી અભયસાગરજી, પૂ. આચાર્યશ્રી વિજય કલાપૂર્ણસૂરિજી જેવા સાધકો આ સંઘમાંથી જ મળ્યા છે.

પૂ. આ. શ્રી વિજય રાજતિલકસૂરિજીએ વર્ધમાન તપની ૨૮૯ ઓળી કરી. ઈતિહાસમાં આવો દાખલો મળતો નથી.

વાગડ સમુદાયના એક સાધ્વીજી પુષ્પચૂલાશ્રીજીએ ત્રીજીવાર ઓળી કરી ખરી, પણ તોય આ આંકડાને આંબી શક્યા નથી.

એ મહાત્માનું છેલ્લાથી પૂર્વનું ચાતુર્માસ અહીં જ થયેલું. તે વખતે ખૂબ જ તપશ્ચર્યા થયેલી. આ વખતે તો ઘણા આચાર્યો છે, એટલે જબરદસ્ત તપશ્ચર્યા થવી જોઈએ.

બે વર્ષ પહેલા ગિરધરનગર-અમદાવાદમાં પૂ. આચાર્યશ્રી કાળધર્મ પામેલા.

એમનું ગૃહસ્થપણાનું નામ રતિલાલ હતું. દીક્ષાની કોઈ ભાવના ન્હોતી.

રતિલાલને પરાણે ગુરુજીએ દીક્ષા આપેલી, એમ કહી શકાય. એ દીક્ષા લેવા ન્હોતા આવ્યા. જોગના આયંબિલ માંડ કરેલા, પણ પરમ ગુરુ પ્રેમસૂરિજીની પરમ કૃપાથી આયંબિલમાં ખૂબ જ આગળ વધ્યા.

આવા રત્નોની ખાણ આ શ્રી સંઘ છે.

આવા તપસ્વીની સ્વર્ગતિથિ આજે જ આવી. આ પણ એક યોગાનુયોગ ઘટના છે.

પૂ. રામચન્દ્રસૂરિજીના કાળધર્મ પછી 'તેમના પછી કોણ ?' ની ચિંતામાં મૂકાયેલા સાધુઓને મેં કહેલું : 'રામ' આજે પણ હાજરાહજુર છે. જુઓ : રાજતિલકસૂરિજી તથા મહોદયસૂરિજી –આ બન્નેના પહેલા અક્ષરો મળીને 'રામ' થાય.

બન્ને એક જ વર્ષમાં દીક્ષિત બનેલા હતા.

પુણ્ય ત્યારે જ વધે, જ્યારે સકલ મુનિ ભગવંતોને પૂજ્ય રૂપે જોવામાં આવે, પોતાના કરતાં અધિકરૂપે જોવામાં આવે.

મુનિ-વેષની અવગણના કરે તેને આ શાસન મળતું નથી.

**"यादृशो तादृशो वापि, क्रियया हीनकोऽपि वा"** ગમે તેવો ક્રિયા-હીન સંયમી પણ અહીં પૂજનીય છે. આવું વિધાન ધનેશ્વર સૂરિજીએ શત્રુંજય માહાત્મ્યમાં કરેલું છે.

નવકાર ગણનારા સર્વ શ્રાવકો પણ સંઘમાં જ ગણાય.

આપણા આયોજનનું ફળ એ જ છે : પરસ્પર પ્રેમ વધે. જમવાથી પ્રેમ પાકો થાય ને ? વ્યવહારમાં પણ આમ જ છે.

આ હરખચંદભાઈએ જે જમવાનું નોતરું આપ્યું છે તે સ્વીકારજો. ફક્કડ મહારાજ [વલ્લભદત્ત વિ.] કહેતા :

કદી સંઘનું નોતરું ઠેલવું નહિ. વિહાર પણ કેન્સલ કરવો.

❋



ભક્ત ત્રિગુપ્તિએ ગુપ્ત હોય ત્યારે જ
ભગવાન દર્શન આપે છે.

શ્રા. વદ-૫

૨૦-૮-૨૦૦૦, રવિવાર

◆ તીર્થ સ્થાપનાને ૨૫૦૦થી અધિક વર્ષ થવા છતાં આજે પણ તે સક્રિય છે તે પ્રભુના અચિન્ત્ય પ્રભાવને જણાવે છે.

અરિહંતમાં ૧૨ ગુણો હોય, ૧૮ દોષો ન હોય, એ બધું તો આપણે જાણીએ છીએ, પણ ભગવાનનો અચિન્ત્ય પ્રભાવ નથી જાણતા. આ લલિત વિસ્તરા દ્વારા અચિન્ત્ય પ્રભાવ જાણવા મળશે.

અત્યારે બહુ-બહુ તો ક્ષયોપશમનું સમકિત હશે, ક્ષયોપશમના ગુણો હશે, પણ ક્ષાયિકભાવનું સમકિત બાકી છે. દર્શન સપ્તકના ક્ષય વિના ક્ષાયિકભાવ નહિ મળે.

**દર્શન સપ્તક મરે કે માંદુ પડે તો જ અંદરનો આનંદ અનુભવવાની તીવ્ર ઝંખના થાય.**

ક્ષપકશ્રેણિ માંડનારને ૧૪ પૂર્વ

જોઈએ જ એવું નથી. જો એમ હોય તો માષતુષ મુનિ કેવલજ્ઞાન ન પામી શક્યા હોત.

**માષતુષ મુનિ જેવા કેવલજ્ઞાન પામી શકે ત્યાં પ્રભુનો અચિન્ત્ય પ્રભાવ દેખાય છે ?**

◆ આ કાલમાં અનાલંબન યોગ સુધી જઈ શકાય. અનાલંબન યોગમાં શુકલ ધ્યાનનો અંશ હોઈ શકે, એમ યશોવિજયજીએ લખ્યું છે.

અનાલંબન યોગની સ્થિતિ અગમ અગોચર છે, શબ્દથી વાચ્ય નથી. સામર્થ્યયોગની હમણા વાત આવીને ? બન્ને [અનાલંબન અને સામર્થ્યયોગ] એક જ છે.

ઘી-લોટ હોય પણ સાકર ન હોય તો ? શિરો બની શકે ? સાકર કે ગોળ વિના મીઠાશ આવી શકે ?

આધ્યાત્મિક જીવનમાં પણ માધુર્ય સમ્યગ્ દર્શન [વિનય] થી જ આવી શકે. ભગવાન અને ગુરુથી જ સમ્યગ્દર્શન મળી શકે, બીજે ક્યાંયથી નહિ.

**◆ લલિત વિસ્તરા વાંચવાથી મારી શ્રદ્ધા ખૂબ જ વધી છે. માટે જ આ ગ્રન્થ હું પુનઃ પુનઃ પસંદ કરું છું.**

આ ગ્રન્થનો અધિકારી ચતુર્વિધ સંઘ છે. કોઈ પર પ્રતિબંધ નથી. કદાચ તમને ક્યાંક ન સમજાય તો પણ આ ગ્રન્થનું મહત્ત્વ ઘટતું નથી.

અત્યારે '**तित्थयराणं**' પદ પર વિવેચન ચાલે છે.

આજે સવારે જ તીર્થ [સંઘ] પર પ્રવચનો રહ્યા'તા ને ? હવે હરિભદ્રસૂરિજીના શબ્દોમાં તીર્થની વ્યાખ્યા સાંભળીએ.

ઉમાસ્વાતિજીએ સ્વભાષ્યમાં કહ્યું છે, જે સૌ જૈનોને માન્ય છે.

સૂર્ય સ્વભાવથી જ લોકને અજવાળે તેમ ભગવાન તીર્થ-પ્રવર્તન કરે છે, તે માટે દેશના આપે છે.

**ભગવાનની શક્તિ વધુ કે તેમના વચનની શક્તિ વધુ ?**

**ભગવાનની જેટલી શક્તિ તેટલી જ વચનની શક્તિ છે. વચનમાં શક્તિ આવી તે પણ ભગવાનમાંથી જ આવીને ? એ શબ્દોમાં તાકાત**

**કેટલી, જેના પ્રભાવથી તીર્થ બની ગયું, દ્વાદશાંગી બની ગઈ ? જે શબ્દોમાં પ્રાણ પુરનાર સ્વયં ભગવાન હોય ત્યાં શું બાકી રહે ?**

આવા ભગવાનને જોતાં જ હૃદય નાચી ઊઠે :

**''अद्य छिन्ना मोहपाशा, अद्य रागादयो जिताः ।**

**अद्य मोक्षसुखं जातमद्य तीर्णो भवार्णवः ।।''**

આ ભક્તના ઉદ્ગારો છે. દૂર રહેલા ભગવાન પણ ભક્તને નજીક જ લાગે છે.

પણ ભગવાન દરેકને દર્શન નથી આપતા, ભક્તને જ આપે છે. ભક્તને દર્શન આપ્યા વિના રહેતા જ નથી, એમ પણ તમે કહી શકો.

તીર્થના નમસ્કારમાં તીર્થંકરને નમસ્કાર આવી ગયો કે નહિ ?

જિન-વચનના બહુમાનથી જિનનું બહુમાન આવી ગયું કે નહિ ?

જેમણે શાસ્ત્ર [જિન-વચન] આગળ કર્યું તેમણે ભગવાન આગળ કર્યા જ. તો જ કર્મ-ક્ષય થાય, શાસ્ત્ર મૂક્યા, વિધિ મૂકી તો ભગવાન મૂક્યા. ભક્ત ત્રિગુપ્તિએ ગુપ્ત હોય ત્યારે જ ભગવાન દર્શન આપે છે. આને જ સમાપત્તિ કહેવાય છે. **ત્રણ ગુપ્તિ આપણને નાનકડી ચીજ લાગે છે, પણ આપણે જાણતા નથી : આમાં તો સમાપત્તિ છૂપાયેલી છે ! આમાં તો ભગવાનને મળવાની કળા છુપાયેલી છે !**

હું તો ત્યાં સુધી કહીશ : આ એક મુહપત્તીના બોલમાં સમગ્ર જૈન શાસન પડેલું છે. એમાં બોલીએ છીએ ને ? ''મન ગુપ્તિ, વચન ગુપ્તિ, કાયગુપ્તિ આદરું.''

મુહપત્તી પડિલેહણ આપણને નાની ક્રિયા લાગે, પણ અનુભવીની નજરે બહુ જ વિરાટ છે, એમાં સાધનાના બીજ છે. એના માધ્યમથી તમે કેવળજ્ઞાન રૂપી વૃક્ષ મેળવી શકો.

◆ આ તીર્થનો મહિમા સમજવો હોય તો સંસારની ભયંકરતા સમજવી પડશે. સાગરની ભયંકરતા સમજ્યા વિના જહાજની મહત્તા સમજાય નહિ, રાવણ વિના રામનો, દુર્યોધન વિના યુધિષ્ઠિરનો, અંધકાર વિના પ્રકાશનો મહિમા સમજાય નહિ.

આ સંસાર કેટલો ભયંકર છે તે તો જુઓ.

◆ આ સંસાર સાગરમાં જન્મ-જરા-મૃત્યુ રૂપ પાણી છે.

મિથ્યાત્વ-અવિરતિથી એ ઊંડો છે. મહાભયંકર કષાયો પાતાલ છે.

આ કષાયો મહાભયંકર લાગે તો જ તે કાઢવા તમે પ્રયત્ન કરોને ? કષાયો ભયંકર જ નહિ, 'મહાભંયકર' છે. એની ભયંકરતા નથી લાગી માટે જ તે કાઢવા પ્રયત્ન નથી કરતા. ભૂત, રાક્ષસ ભયંકર લાગે છે, તેનાથી તમે ડરો છો, પણ કષાયોથી ડરો છો ?

તીર્થમાં પ્રવૃત્તિ થતી નથી, કારણ કે સંસારની ભયંકરતા હજુ સમજાઈ નથી, કષાયોથી ડર હજુ લાગતો નથી. કષાયો કાઢયા વિના કર્મો કોઈ દિવસ જવાના નથી, એટલું લખી રાખજો.

વિષય-કષાયો ભૂંડા લાગ્યા એટલે જ તમે સંસારમાંથી નીકળ્યા છો ને ? પણ હવે એ વિષય-કષાયની ભયંકરતા ભૂલી નહિ જતા.

→ આ સંસાર-સાગરમાં મોહનો આવર્ત્ત છે.

નાવિક પણ ઘણીવાર આમાં ફસાઈ જાય. તેમાં જો વહાણ ફસાઈ જાય તો ભૂક્કા જ નીકળી જાય.

કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ, ચાર કષાયો, નવ નોકષાયો, દર્શન મોહનીય વગેરે મોહના જ પ્રકારો છે.

મોહના કારણે કર્મ બંધાય. એ કર્મથી દુઃખો મળે. માટે પછી લખ્યું :

→ દુઃખોના સમૂહરૂપ દુષ્ટ જલચરોથી ભરેલો આ સંસાર-સાગર છે.

કેટલાક મગરમચ્છ કે માછલા એવા હોય કે આખા ને આખા માણસને જ ખાઈ જાય. અરે, જહાજને પણ ઊથલાવી દે તેવા પણ મત્સ્ય [શાર્ક માછલી વગેરે] હોય.

દુઃખથી તો હજુ બચી શકાય, પણ દોષ તો તેનાથી પણ ખતરનાક છે. રાગ-દ્વેષના દોષથી ભલભલા ભ્રાન્ત થઈ જાય છે. માટે કહ્યું :

→ રાગ-દ્વેષના પવનથી આ સંસાર-સાગર સતત ખળભળી રહ્યો છે.

આ સંસાર સાગર એકલા હાથે ન જ તરાય. દેવ-ગુરુ કર્ણધારો તરીકે જોઈએ જ. રાગ-દ્વેષ-મોહના તોફાનો આવવાના જ, પણ તે

વખતે ડરીને આપણાથી સાધના છોડી ન દેવાય. માટે ભગવાનનું શરણું લો.

→ સંયોગ-વિયોગ રૂપી મોજાઓ અહીં આવતા રહે છે.

સાગરમાં મોજા એટલા ઊંચે ઊછળે કે વહાણ પણ તૂટી પડે.

કેટલાક સંયોગો જીવનને ઊંચે પણ લાવી દેનારા હોય છે. કેટલાક સંયોગો જીવનને પાયમાલ કરી દેનારા પણ હોય છે.પરંતુ એક વાત યાદ રાખો : સંયોગ સારો હોય કે ખરાબ, વિયોગ તો થવાનો જ. સંયોગ-વિયોગ વિનાનું એક માત્ર સ્થાન છે : મોક્ષ. એ માટે તો આપણો આ સઘળો પ્રયત્ન છે.

કષાયોના ઊકળાટ વખતે, સંયોગ-વિયોગ વખતે આપણો આત્મા અડોલ રહે, સ્વસ્થ રહે, એ માટે આ બધું શીખવવામાં આવે છે.

**સંયોગ-વિયોગ નહિ આવે, કષાયોના કારણો ન આવે, પરિષહો કે ઉપસર્ગો ન આવે એવું ન બની શકે, પણ તે વખતે આપણું મન સ્વસ્થ રહે તે બની શકે. ભગવાનને પણ પરિષહો-ઉપસર્ગો આવે તો આપણે કોણ ? માટે તો વિઘ્નજય નામનો એક આશય ખાસ હરિભદ્રસૂરિજીએ બતાવ્યો છે.**

કેટલાક વિઘ્નો એવા હોય કે જે આપણા શુભ પ્રણિધાનને તોડી નાખે છે. માટે જ આનાથી સાવધ થવાનું છે. પરિષહ-જય કે વિઘ્ન-જય બન્ને પર્યાયવાચી શબ્દો છે. પરિષહોને જીત્યા વિના કાર્ય-સિદ્ધ નહિ થાય. હજુ પણ સંસારની ભયંકરતા જુઓ.

◆ આશાઓની ભરતી અહીં આવતી રહે છે.

→ આપણી આશાઓ, ઈચ્છાઓ એટલી ખતરનાક હોય છે કે જે આપણી જ સાધના બગાડી નાખે છે. બીજા તરફ ન જોતાં આપણી અંદર આવી સ્પૃહાઓ, મહત્ત્વાકાંક્ષાઓ હોય તો તે છોડી દેજો. યશો-વિજયજી મ.ની શીખ :

પરની સ્પૃહા મહાદુઃખ છે,
નિઃસ્પૃહતા મહાસુખ છે.

''પરકી આશા સદા નિરાશા, યે હૈ જગજન પાશા.''

એવા મનોરથ જ શા માટે કરવા ? વિષય-કષાય સંબંધી ઈચ્છાઓ જ શા માટે કરવી જેથી દુઃખી થવાય.

આવો આ સંસાર-સાગર ખૂબ જ લાંબો છે ?

સાધનાથી સંસાર ટૂંકો કરી શકાય છે. એ માટે જ આપણે સંયમ-જીવનમાં પ્રવેશ કર્યો છે.

## વચનામૃતમ્

*પૂજ્યશ્રી [અધ્યાત્મયોગી પૂ.આ.શ્રી.] ઈ.સ. ૧૯૯૯માં કચ્છમાં ભદ્રેશ્વર તીર્થમાં પધાર્યા હતા. અગાઉથી જણાવ્યા પ્રમાણે અમેરિકાના જિજ્ઞાસુ મિત્રોને સમય આપ્યો હતો. સતત વિહારનો અને જનસંપર્કનો શ્રમ હોવા છતાં પૂરી ૪૫ મિનિટ ઉપદેશ આપ્યો.*

*પૂજ્યશ્રી : ''અમેરિકામાં વસો છો ને ? પુણ્યોદય છે કે પાપોદય ? ત્યાં સુખસામગ્રીની વિપુલતાને પુણ્યયોગ ન માનતા. એ મળવામાં અન્યનું લેણું માથે ચડે છે. આ જન્મના આ શુભયોગમાં તે ચૂકવી દેવું. ક્યારે ચૂકવશો ? દર્દ થાય ત્યારે દવા ક્યારે કરો ? તરત જ ને ? તેમ ભક્તિ આદિ દ્વારા ધર્મનો યોગ સફળ બનાવવો.''*

— સુનંદાબેન વોરા



શ્રા.વદ-૬

૨૧-૮-૨૦૦૦, સોમવાર

સંસારની ભયંકરતા સમજાય
તેને જ તીર્થની મહત્તા સમજાય.

◆ ભગવાન મહાવીરે કેવળજ્ઞાન પછી ૩૦ વર્ષ સુધી દેશના ધારા ચલાવી પોતે સ્થાપેલું તીર્થ એવું મજબૂત બનાવ્યું કે એકવીસ હજાર વર્ષ સુધી આંચ ન આવે. પુષ્કરાવર્ત મેઘ એવો જોરદાર હોય છે કે ૨૧ વર્ષ સુધી વિના વરસાદે ધરતીમાંથી પાક આવ્યા કરે. ભગવાને પણ એવી વાણીની વર્ષા કરી કે ૨૧ હજાર વર્ષ સુધી ધર્મનો પાક આવ્યા કરશે.

◆ તીર્થંકર નામકર્મની જેમ ગણધર નામકર્મ પણ હોય છે. ગણધર નામકર્મ બાંધેલું હોય તે જ ગણધર બની શકે. માટે જ ૧૪ હજાર શિષ્યો-માંથી ૧૧ જ ગણધર બની શક્યા.

અગિયારેય ગણધરો બ્રાહ્મણ કુળમાં જન્મેલા હતા.

હરિભદ્રસૂરિ પણ બ્રાહ્મણ કુળમાં જન્મેલા હતા. છતાં જુઓ તો ખરા !

એમના હૃદયમાં જૈન શાસન પ્રત્યે કેવું ઠાંસી-ઠાંસીને બહુમાન ભરેલું છે. એમના ગ્રંથો વાંચતા આ બધું સમજાય છે. વિધિનું બહુમાન, અવિધિનો નિષેધ, ભગવાન પ્રત્યે પૂર્ણ બહુમાન વગેરે ડગલે-પગલે તમને એમના શાસ્ત્રોમાં જોવા મળે. નાની નાની વાતોમાં પણ જોવા મળશે. જિનાલય માટે લાકડું લેવા જવું હોય તો પણ વિધિ જણાવવાની નાની વાત તેઓ ચૂકતા નથી.

◆ ગઈ કાલે સંસારની ભયંકરતા આપણે વિચારી, સંસારની ભયંકરતા સમજાય તેને જ તીર્થની મહત્તા સમજાય. તડકાના તાપ વિના છાંયડાનો મહિમા ક્યાં સમજાય છે ?

આ સંસારમાં રહીશું ત્યાં સુધી જન્મ-મરણના ચક્કરમાં ફરવું જ પડશે. અહીં ક્યાંય એક સ્થાને સતત રહેવાની સુવિધા નથી. કર્મસત્તાનો સ્પષ્ટ ઓર્ડર છે : અહીં ફરતા જ રહો, સરકતા જ રહો. સતત સરકતો/સરકાવતો રહે તે જ સંસાર છે !

આવા સંસારથી શીઘ્ર છુટવા જ આપણે સંયમના જહાજમાં બેઠા છીએ.

◆ અઢારેય પાપોથી છકાય જીવોને દુઃખ થાય છે. એમને થતા દુઃખથી આપણું જ દુઃખ વધે છે માટે જ એ પાપ સ્થાનકના સેવનની ભગવાને ના પાડી છે.

ખરેખર આપણે બીજા જીવો પર ઉપકાર કરવો જોઈએ, પણ આપણે અપકાર કરી રહ્યા છીએ.

**◆ ચતુર્વિધ સંઘ તીર્થરૂપ છે. આપણે જો તેવા ગુણવાળા છીએ તો સંઘમાં છીએ. નહિ તો આપોઆપ સંઘ બાહ્ય છીએ. વલ્કલચીરી જેવા વ્યવહારથી સંઘ બાહ્ય હોવા છતાં ગુણથી સંઘની અંદર છે.**

**ગુણ - સંપત્તિના આધારે જ આપણે સાધક બની શકીએ.**

◆ બળદ ભાર ઉપાડવામાં ધોરી ગણાય. સત્ત્વશાળી મુનિઓ પણ ગચ્છનો ભાર ઉપાડે છે. માટે જ કહ્યું : '**मुनिगणवृषभैर्धारितं बुद्धिमद्भिः ।**'

ખરેખર તો આ વૃષભની પદવી લેવા જેવી છે. વૃષભ જેવા મુનિઓથી જ સમુદાય શોભે. ગમે ત્યારે ગોચરી પાણી-કાપ વગેરેનું

કામ હોય, તૈયાર !

પૂ. પ્રેમસૂરિજીના સમુદાયમાં પૂ. મણિપ્રભ વિ., પૂ. ધર્માનંદ વિ. આવા વૃષભ મુનિઓ હતા, કોઈપણ કાર્ય માટે હંમેશ તૈયાર જ હોય.

**તમે એ માનતા હશો : કોઈ કામ ન હોય, ભણવાનું ન હોય તે ગોચરી-પાણી વગેરેનું કામ કર્યા કરે. પણ જાણી લો : પૂ. ધર્માનંદ-વિ. [પાછળથી પૂ. ધર્મજિત્સૂરિજી] ત્યારે કર્મ પ્રકૃતિ ભણતા હતા. પિંડવાડા વખતે નિશીથ સૂત્ર વંચાવતા હતા. ખૂબ જ પહોંચેલા વિદ્વાન હતા, છતાં કામ-કાજમાં પણ એવા જ જોરદાર હતા.**

**આવા મુનિઓ મુનિ – વૃષભ કહેવાય.**

◆ ચતુર્વિધ સંઘનો એકેક સભ્ય એટલે મોહરાજાની સામે જંગે ચડનારો બહાદુર યોદ્ધો !

ખારા સમુદ્ર જેવા સંસારમાં આપણે સૌ રહીએ છીએ પણ ચતુર્વિધ સંઘના જો આપણે સભ્ય હોઈએ તો સંસારની ખારાશ આપણને કંઈ ન કરી શકે.

બીજા બધા માછલા ખારૂં પાણી પીએ, પણ શૃંગી મત્સ્ય ખારા સમુદ્રમાં પણ મીઠું પાણી પીએ છે. ચતુર્વિધ સંઘનો પ્રત્યેક સભ્ય શૃંગી મત્સ્ય છે.

''ઉત્તમ આચારજ મુનિ અજ્જા, શ્રાવક-શ્રાવિકા અચ્છજી;
લવણ જલધિમાંહે મીઠું જળ, પીવે શૃંગી મચ્છજી.''

–જિનવિજયજી.

◆ સાગર ઉતર્યા પછી સમજદાર યાત્રિક જહાજને છોડતો નથી, જહાજને તમે ન છોડો તો સાગરથી પાર ઊતારવાની જવાબદારી તેની છે. તીર્થના આ જહાજનો જો આપણે ત્યાગ ન કરીએ તો ભવ-પાર કરવાની જવાબદારી તેની છે.

◆ મુનિસુંદરસૂરિજીએ અધ્યાત્મ-કલ્પદ્રુમમાં યતિશિક્ષાધિકારમાં મુનિને સારા એવા ફટકા માર્યા છે : તું દિવસમાં નવ વાર કરેમિ ભંતે બોલે, છતાં ફરી-ફરી આવી જ સાવદ્ય ક્રિયા કરે છે ? તો હે મુનિ ! તારું શું થશે ? તું ક્યા મોઢે સ્વર્ગ-મોક્ષની આશા રાખે છે ?

આ શિક્ષા બીજાને નહિ, પોતાને જ આપવાની છે. બીજાને સલાહ આપવામાં આપણે સૌ હોંશિયાર છીએ, એક માત્ર પોતાની જાતને છોડીને !

સંથારા પોરસીમાં એટલે જ લખ્યું : "**अप्पाणमणुसासइ ।**" આ રીતે મુનિ પોતાના આત્માને શિક્ષા આપે.

અઢળક પુણ્ય હોય તો જ આવી દુર્લભ સામગ્રી મળે. ને આવું મળ્યા પછી પણ પ્રમાદ થતો રહે તો શું માનવું ? અઢળક પાપ ?

◆ સ્વ-દુષ્કૃત-ગર્હા કે સુકૃત-અનુમોદના આપણા જીવનમાં નથી તેનું કારણ આપણા જીવનમાં શરણાગતિ નથી. શરણાગતિ હોય તો બીજા બે આવ્યા વિના ન જ રહે.

આરાધના વગેરે કાંઈ ન હોય છતાં નિરાશ નહિ થતા. ડોલ ભલે કૂવામાં છે. દોરી હાથમાં છે. દોરી હાથમાં હોય પછી ચિંતા શી ? આયુષ્યની દોરી હાથમાં છે ત્યાં સુધી જાગૃત બની જાવ.

આવી અવિચ્છિન્ન ઉત્તમ પરંપરા સ્થાનકવાસી, તેરાપંથી, દિગંબર, કાનજી, રજનીશ કે દાદા ભગવાનના કોઈ અનુયાયીઓને મળી નથી, આપણને મળી છે. તે આપણું કેટલું સૌભાગ્ય ગણાય ?

**મને તો આવી ઉત્તમ પરંપરા-ઉત્તમ સાધના-પદ્ધતિ ક્યાંય જોવા મળી નથી, અહીં શું નથી ? ઉત્તમકક્ષાના ધ્યાનયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, ચારિત્રયોગ વગેરે બધું જ છે.**

આવું મળવા છતાં આપણે સંસાર-સાગર ન તરી શકીએ એનો અર્થ એ જ થયો : ચાલુ જહાજમાંથી આપણે સાગરમાં ભૂસકો મારી દીધો છે. પણ નહિ ડરતા. ભગવાનને પકડી લેજો. આ ભગવાન તમને ગમે તેવા તોફાનમાં હાથો-હાથ પકડીને બહાર કાઢશે.

"પણ મુજ નવિ ભય હાથોહાથે, તારે તે છે સાથે રે."

ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં આ ભગવાન માર્ગ બતાવશે. હમણા જ ભરસભામાં ધુરંધરવિજયજીએ પત્થરો ફેંક્યો : સંઘને ભગવાન પણ નમે તો આવા સંઘને નમસ્કાર, નવકારમાં કેમ નથી કર્યો ?

તે વખતે તો મેં કહેલું : નવકારમાં સંઘને નમન છે જ. પણ બીજા જ દિવસે વિચાર આવ્યો : નમો **अरिहंत + आणं** અરિહંતની

આજ્ઞાને નમસ્કાર હો ! આજ્ઞા એટલે જ સંઘ. અહીં સંઘને નમસ્કાર આવી જ ગયો.

આ રીતે મને શીખવનાર ભગવાનને શી રીતે ભૂલાય ?

**તમે ભગવાનને ન છોડો તો ભગવાન તમને નહિ જ છોડે. નામાદિ ચારમાંથી કોઈ એક રૂપે ભગવાનને પકડી રાખજો.**

## *બીજાને શું આપવું ?*

*વ્યવહારમાં આપણને કોઈ સોનાને બદલે લોઢાનો ગઠ્ઠો આપે તો કેવું લાગે ? પણ આપણે રાગદ્વેષ રૂપી કચરો આપતા કંઈ વિચાર કરીએ છીએ ? આપણી પાસે આત્મસંપત્તિરૂપ મૈત્રી આદિ ભાવનાનો શું દુષ્કાળ પડ્યો છે ?*

*દુર્ભાવનાઓથી વ્યથિત મનને-જીવનને સુધારવા, સ્વરૂપ પ્રાપ્તિ માટે સંતવાણીનું પાન કર. તે વચનસાગરમાં ડૂબી જા. તું પણ અમૃતરૂપે પ્રગટ થઈશ.*



ભગવાનને છોડીને બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી.

ૐ

**શ્રા. વદ-૭.**
**૨૨-૮-૨૦૦૦, મંગળવાર**

◆ નમુત્થુણં સૂત્રમાં ગણધરોએ ભગવાન પોતાને કેવા લાગ્યા ? તે નિકટના અનુભવથી જણાવ્યું છે. સ્વરૂપ-સંપદા, ઉપયોગ-સંપદા આદિ વાંચવાથી ભગવાનના મહિમા વિષે આપણે વધુ જાણકાર બનીને તેમના પર વધુ ભક્તિવાળા બની શકીએ.

પ્રભુ પ્રત્યે જેમ પ્રીતિ ઉલ્લસિત બને તેમ ભક્તિ વધે. પ્રીતિ અને ભક્તિ વધે તેમ તેમની આજ્ઞાનું પાલન કરવાનો ઉલ્લાસ વધે.

સાક્ષાત્ પરમાત્મા મળે તો પણ તેમની પાસે સમવસરણની દેશના સિવાય વધુ વખત બેસવા ન મળે. બાકીના સમયે પ્રભુના નામ-મૂર્તિ વગેરે જ આધારરૂપ છે. પ્રભુ પ્રત્યે પ્રેમ હોય તો પ્રભુના નામ-મૂર્તિ વગેરે પર પ્રેમ હોય જ. પ્રભુના નામ - ગુણ - મૂર્તિ વગેરે દ્વારા ભક્ત સતત સંપર્કમાં

રહે છે.

જે ભગવાન પર અઢળક પ્રેમ છલકાય તે ભગવાન કેવા હશે ? તે જાણવા પણ મન લાલાયિત બને જ. એ પણ જેમણે સાક્ષાત્ ભગવાન જોયેલા હોય તેમના મુખેથી ભગવાનનું વર્ણન સાંભળવું કેવું ગમે ? ગણધરોએ ભગવાનને સાક્ષાત્ જોયેલા છે. નમુત્થુણંમાં તે જોયેલા ભગવાનનું આબેહૂબ વર્ણન છે.

◆ મુનિચન્દ્રસૂરિજીએ પંજિકામાં લખ્યું છે : તીર્થ રહે ત્યાં સુધી ભગવાનનો ઉપકાર ચાલુ જ રહે છે. અત્યારે પણ ચાલુ છે ને હજુ સાડા અઢાર હજાર વર્ષ સુધી ઉપકાર ચાલુ જ રહેશે. ભોજનશાળા ચાલુ હોય તો અન્ન-દાનનો ઉપકાર થતો રહે તેમ અહીં ધર્મ-દાનનો ઉપકાર થતો રહે છે.

**તીર્થનું એક જ કામ છે : જીવોને સંસારથી પાર ઊતારવા. આ કામ પાંચમા આરાના છેડા સુધી ચાલુ જ રહેવાનું. ભગવાનની શક્તિ ત્યાં સુધી સક્રિય રહેશે. જે કોઈ એ શક્તિનો સ્પર્શ કરશે તેનું કલ્યાણ થવાનું જ.**

◆ ધ્યાનવિચારના ૨૪ વલય જુઓ, તો ખ્યાલ આવે : એ ભગવાનથી અલગ નથી, ભગવાન સાથે જોડાયેલા જ છે.

ભગવાન માર્ગદાતા છે, તેમ સ્વયં માર્ગ પણ છે.

**'नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ।'**

– ભક્તામર.

ભગવાનને છોડીને બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી.

◆ મા-બાપની સંપત્તિ પુત્રની છે, તેમ ભગવાનની સંપત્તિ ભક્તની છે. ભક્ત જ ભગવાનનો સાચો વારસદાર છે.

◆ પ્રશ્નવ્યાકરણમાં અહિંસાના ૬૦ પર્યાયવાચી નામ છે. તેમાં 'સિદ્ધોનું આશ્રય સ્થાન' [કેવળી ભગવાનનું સ્થાન] નામ પણ છે.

એટલે કે જે અહિંસા પર બેસે તે જ સિદ્ધશિલા પર બેસી શકે. કેવળી ભગવાનનું સ્થાન પણ અહિંસા છે.

ચરણ-કરણ સિત્તરી અહિંસાના પ્રકારો છે.

અહિંસાની આરાધના વિના, તીર્થની આરાધના વિના કોઈ સિદ્ધ

બની શકે ? માટે જ અહિંસાને સિદ્ધોનું આશ્રયસ્થાન કહ્યું છે.

અહિંસા - સંયમ - તપના પાલનમાં જેટલી કચાશ, તીર્થની આરાધનામાં તેટલી જ કચાશ.

શ્રાવક પાસે જેમ સ્થાવર-જંગમ સંપત્તિ હોય તેમ ભગવાનના તીર્થને પણ સંપત્તિ હોય. માટે જ લખ્યું; **त्रैलोक्यगतशुद्धधर्मसम्पद् युक्त महासत्त्वाश्रयं प्रवचनम्** । ત્રણેય લોકમાં રહેલા શુદ્ધ ધર્મની સંપદાવાળા સત્ત્વશાળી જીવો ભગવાનની જ સંપત્તિ છે.

અહીં અઢીદ્વીપ ન લખતાં ત્રૈલોક્યગત લખ્યું, કારણ કે અસંખ્ય દેશવિરતિધરો, અસંખ્ય સમ્યગ્દષ્ટિ દેવો, નારકો અઢીદ્વીપથી બહાર છે, તે સૌને સમાવવા ત્રૈલોક્યગત લખ્યું. અહીં દૃષ્ટિ ખૂબ જ વિશાળ છે. **આપણે સંકુચિત દૃષ્ટિ ધરાવીએ છીએ. પોતાનાને પણ સમાવી શકતા નથી, ભગવાનનો સંઘ એટલો વિશાળ છે કે સમગ્ર બ્રહ્માંડને પોતાનામાં સમાવી લે છે.**

ભગવાનનો આ સંઘ અચિન્ત્ય શક્તિ યુક્ત કહ્યો છે. અચિન્ત્ય એટલે ચિત્તથી વિચારી ન શકાય તેવી શક્તિથી યુક્ત.

આ સંઘ અનેક રીતે ઉપકાર કરતો જ રહે છે.

નલિનીગુલ્મ વિમાનનું વર્ણન સાંભળીને જાતિસ્મરણ જ્ઞાન પામેલા અંવતીસુકુમાલને લાગેલું : નક્કી આ મુનિઓ ત્યાં જઈ આવ્યા લાગે છે. નહિ તો આવું વર્ણન શી રીતે કરી શકે ?

માટે જ અહીં લખ્યું : 'અવિસંવાદિ' એટલે કે સંવાદિ ! સત્ય ! જેવું છે તેવું કહેનારું આ પ્રવચન છે.

**प्रवचनं सङ्घो वा** । એમ એટલા માટે લખ્યું કે પ્રવચન [દ્વાદશાંગી-રૂપ પ્રવચન] નો આધાર સંઘ છે. સંઘ વિના પ્રવચન ક્યાં રહે ?

તીર્થ કોને કહેવાય ? ચતુર્વિધ શ્રમણ-સંઘ તીર્થ કહેવાય, સાધુ-સાધ્વી તો શ્રમણ છે જ. શ્રાવક-શ્રાવિકાને પણ અહીં શ્રમણ કહ્યા છે. કારણ ભાવિમાં તે શ્રમણ બનાવાના છે ને વળી તપ વગેરે સાધના માટે શ્રમ કરતા રહે છે. શ્રમ કરે તે શ્રમણ ! એ અર્થમાં ચતુર્વિધ સંઘના તમામ સભ્ય 'શ્રમણ' છે.

'શ્રમણ-પ્રધાન સંઘ' આવો અર્થ પણ કરી શકાય, કારણ કે

અહીં સાધુની પ્રધાનતા છે.

◆ **'सुअं मे आउसं ।'** હે આયુષ્મન્ ! જંબૂ ! જે રીતે મેં ભગવાન પાસે સાંભળ્યું છે તે રીતે કહું છું : **त्ति बेमि !** બધા જ આગમોના છેડે કહ્યું છે : **'त्ति बेमि'** એ પ્રમાણે [એટલે કે ભગવાને કહ્યું તે પ્રમાણે, મારી બુદ્ધિથી નહિ] હું કહું છું.

અહીં સ્વ-બુદ્ધિનું કોઈ સ્થાન નથી.

◆ નવનો આંકડો અખંડ છે. ગમે તે સંખ્યા સાથે તેને ગુણો તે આંકડાના સરવાળામાં છેલ્લે નવ જ આવશે. દા. ત. ૯ × ૨ = ૧૮ [૧ + ૮ = ૯]

એમ પૂર્ણને ગમે ત્યાં લઈ જાવ, તેમાંથી ગમે તેટલું કાઢો કે ગમે તેટલું તેમાં મૂકો. પૂર્ણ પૂર્ણ જ રહેશે.

**ओं पूर्णमदः पूर्णं पूर्णात् पूर्णमुदच्यते ।**

**पूर्णस्य पूर्णमादाय, पूर्णमेवावशिष्यते ।।**

– ઉપનિષદ્

◆ આપણી બધી પ્રવૃત્તિના મૂળમાં સૂર્ય છે. સૂર્ય ન ઊગે તો અંધારામાં પ્રાયઃ કોઈ પ્રવૃત્તિ ન થઈ શકે તેમ તીર્થ વિના કોઈ જ ધર્મ-પ્રવૃત્તિ ન થઈ શકે. આપણી ધર્મ-પ્રવૃત્તિનું મૂળ આ તીર્થ જ છે, એમ સ્વીકારવું રહ્યું.

ભવ્ય જીવોને આ રીતે ધર્મમાં પ્રવર્તન કરાવવાથી ભગવાન પરંપરાએ અનુગ્રહ [ઉપકાર] કરનારા છે.

ભગવાન અનુગ્રહ [ઉપકાર] કરનારા છે ને આપણે અપકાર કરનારા તો નથી ને ?

જૈનોના પર્યુષણમાં જ જીવદયા આદિ માટે કેટલો ફંડ થાય ? કેટલી તપશ્ચર્યા થાય ? તપ થાય એટલે જીવોને અભયદાન મળે ને ? મુસ્લીમોના તહેવાર બકરી ઈદ વગેરે સમયે બકરા કપાય. જ્યારે અહીં જીવોને અભયદાન મળે. માટે જ તીર્થંકરોને પરંપરાએ અનુગ્રહ કરનારા કહ્યા છે.

અહીં પંજિકાકાર લખે છે : પરંપરાએ [એટલે કે અનુબંધથી] પોતાના તીર્થની અનુવૃત્તિના સમય સુધી સદ્ગતિ વગેરેના કલ્યાણની

પ્રાપ્તિ કરાવવા દ્વારા ભગવાન અનુગ્રહ કરનારા છે. ભગવાન ઋષભદેવ દ્વારા એ રીતે ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી ઉપકાર થતો રહ્યો.

ઉપાદાન-નિમિત્ત બન્ને મળે ત્યારે ધર્મ મળે. ભગવાન ઉપકાર કરતા જ રહે છે. આપણું ઉપાદાન તૈયાર હોય ત્યારે ભગવાનનો અનુગ્રહ વરસે.

**ભલે આપણે કોઈ મિત્ર, ગુરુ, સ્વજન, પુસ્તક કે બીજા કોઈ નિમિત્તે ધર્મ પામ્યા હોઈએ, પણ એ બધાનું મૂળ આખરે ભગવાન જ છે. આ રીતે ભગવાન પરંપરાએ સતત ઉપકાર કરતા જ રહે છે.**

*મને તો એમ જ લાગે છે : જેમ નવકાર ચૌદ પૂર્વનો સાર છે તેમ આ હળાહળ કલિયુગમાં સર્વ શાસ્ત્રોનો સાર આ પુસ્તક છે.*

*અણસમજુને પણ આ પુસ્તકથી ઘણી જ સમજ મળે તેમ છે. અમને તો જાણે 'પંથ વચ્ચે પ્રભુજી મળ્યા.' તેમ પંથ વચ્ચે જ 'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક મળી ગયું.તેથી હવે બનશે ત્યાં સુધી તો વર્ષમાં એક વાર તો તેનો સ્વાધ્યાય કરવા પ્રયત્ન કરીશું જ. જેના કારણે અમારા જીવનમાં થતી ક્ષતિઓ દૂર થાય.*

*-સા. સુજ્યેષ્ઠાશ્રી*

*વાંચીએ છીએ પુસ્તક, પણ આભાસ થયા કરે છે કે અમે વાંકીમાં બેઠા છીએ અને તેમના સ્વમુખે જ સાંભળી રહ્યા છીએ.*

*ખરેખર આ પુસ્તક અમારા જેવાના જીવનમાં દીવા-સમાન નહિ, પરંતુ સૂર્ય સમાન છે.*

*- સા.વિશ્વનંદિતાશ્રી*



આપણા માટે જ, ભગવાન શબ્દાતીત અવસ્થામાં ગયેલા હોવા છતાં શબ્દોની દુનિયામાં આવે છે.

ૐ

શ્રા. વદ-૮.

૨૩-૮-૨૦૦૦, બુધવાર

◆ તીર્થને કરે તે તીર્થંકર. આ તીર્થની શક્તિને હૃદયમાં સ્થાપિત કરે તે ચતુર્વિધ સંઘ !

**'सव्वलोअभाविअप्पभाव'** ભગવાનનું અજિત શાન્તિમાં આવતું આ વિશેષણ ખૂબ જ અદ્ભુત છે. આ પદના બે અર્થ થઈ શકે :

(૧) **सर्वलोकभावितप्रभाव** : સર્વ લોકમાં જેમનો પ્રભાવ ભાવિત થયેલો છે એવા ભગવાન.

(૨) **'सर्वलोकभावितात्मभाव :'** સર્વ લોક સાથે ભાવિત કરેલો છે આત્મભાવ જેમણે. આ બીજો અર્થ અદ્ભુત છે.

**સાધુ પણ જ્યાં સુધી સર્વ જીવોને આત્મભૂત ન જુએ ત્યાં સુધી સાધુતામાં પ્રાણ નથી આવતો. આત્મતુલ્ય નહિ, પણ સર્વ જીવોને આત્મભૂત માનવા. આ સાધનાની**

પરાકાષ્ઠા છે.

આમ થાય તો જ સર્વ આત્મામાં પરમાત્મા દેખાશે, જીવમાં શિવ દેખાશે. આમ દેખાય તો કોઈપણ જીવની આશાતના થાય ? આશાતના માત્ર ભગવાનની નથી હોતી, જીવોની પણ હોય છે :

**'सव्वपाणभूअजीवसत्ताणं आसायणाए ।'**

જીવો તો સિદ્ધોના સાધર્મિક બંધુઓ છે. એમની સાથે ગમે તે રીતે શી રીતે વર્તાય ? શુદ્ધનયની દૃષ્ટિએ આ જીવ ભગવાન છે. એમનું અપમાન તે ભગવાનનું અપમાન છે. ભારત સરકારના એક સૈનિકનું અપમાન તે ભારત સરકારનું અપમાન છે. આ જીવો પણ ભગવાનનો પરિવાર છે. ભગવાને સર્વ સાથે ઐક્ય સાધ્યું છે.

**◆ સૂર્યની જેમ ભગવાનનો પણ સ્વભાવ છે : ઉપદેશનો પ્રકાશ આપવો, તીર્થની સ્થાપના કરવી. મૌન રહેવાથી બાળ જીવો સમજતા નથી. શબ્દોની દુનિયામાં રમતા જીવોને શબ્દોથી જ સમજાવવા પડે, અશબ્દ ન ચાલે. આપણા માટે જ ભગવાન શબ્દાતીત અવસ્થામાં ગયેલા હોવા છતાં શબ્દોની દુનિયામાં આવે છે. ભગવાનની આ જ કરુણા છે. એ જોવા આપણી પાસે દૃષ્ટિ જોઈએ.**

◆ શાસ્ત્રીય પદાર્થોમાં સ્વ-ઉત્પ્રેક્ષા કે મતિ-કલ્પના ન જ ચાલે. અહીં તો સંપૂર્ણ શાસ્ત્રાધાર જ જોઈએ.

◆ હું દરરોજ પાછળનું થોડુંક પુનરાવર્તન કરીને આગળ વધું છું. કારણ કે મને વિશ્વાસ છે : તમે પુનરાવર્તન નહિ કરતા હો. તમે જો પુનરાવર્તન કરતા હો તો મારે પુનરાવર્તન કરાવવાની જરૂર જ ન રહે.

**◆ આ હું બોલું છું તે માત્ર ભગવાનના બળથી જ બોલું છું, એમ માનું છું. બાકી ઉંમરના હિસાબે તો બોલી શકાય તેમ નથી.**

**જે કાંઈ પણ બોલું છું તે ભગવાનના પ્રભાવથી જ બોલું છું ને ભગવાનના ચરણોમાં જ તે સમર્પિત કરું છું.**

**આ ભગવાનને હું કદી ભૂલતો નથી. ને તમને પણ એ જ સલાહ આપું છું : કદી ભગવાનને ભૂલશો નહિ. સાધનામાં બહુ જ આગળ વધી ગયો છું. ક્ષમા વગેરે ગુણો આત્મસાત્ થઈ ગયા છે, એટલે હવે ભગવાનની જરૂર નથી, એમ માનીને ભગવાનને છોડી**

**નહિ દેતા, આપણા ગુણો તો કાચની બરણી છે. ફુટતાં વાર શી ? ક્ષાયોપશમિક ભાવની જાળવણી કરવી જ પડશે. ભગવાન વિના એ જાળવણી શક્ય જ નથી.**

ક્રિયા વારંવાર આ માટે જ કરવાની છે. જીવનભર આ જ ક્રિયા શા માટે કરવાની ? એવું નહિ વિચારતા. રોજ એની એ રોટલી-શાક, દાળ-ભાત વગેરે ખાનારા આપણે રોજ-રોજની ક્રિયાથી કંટાળીએ છીએ પણ આ ખાવા વગેરેની ક્રિયાથી કેમ કંટાળતા નથી ?

યાદ રાખો : આપણી સાધનાની કમાણી લુંટવા આ ચોરટાઓ તૈયાર જ છે. આપણે સ્હેજ ગાફેલ રહ્યા તો ગુંડા તમારી ઉપર ચડી બેઠા ! માટે જ આ ગુણ-કમાણીની જાળવણી કરવાની છે.

**गुणवृद्ध्यै ततः कुर्यात्, क्रियामस्खलनाय वा ।**
**एकं तु संयमस्थानं, जिनानामवतिष्ठते ।''**

– જ્ઞાનસાર.

◆ કેવા અદ્ભુત ભગવાન આપણને મળ્યા છે. જગતમાં લાખો – ક્રોડો – અબજો માણસોને જે નથી મળ્યા તે આપણને મળ્યા છે.

આવો અહોભાવ જળવાઇ રહે તો પ્રભુ તરફ ભક્તિ પ્રગટ્યા વિના ન રહે.

આવો ભક્ત જ પ્રભુ પાસે કહે :

**सेवणा आभवमखंडा... भवे भवे तुम्ह चलणाणं** મને સદ્ગુરુની સેવા અને ભગવાનના ચરણની સેવા ભવોભવ મળજો.

સુગુરુ આદિની સામગ્રી મેળવી આપનારા પણ ભગવાન જ છે. ભગવાન સાથે જો પ્રેમનું જોડાણ થઇ ગયું તો આપણી ગુણસંપત્તિ અનુબંધવાળી બની જવાની ! જન્માંતરમાં પણ એ ગુણ-સંપત્તિ સાથે ચાલવાની !

(૫) **संयसंबुद्धाणं ।**

*ભગવાનનો અનુગ્રહ અન્ય દર્શનીની જેમ આપણે નથી માનતા.* મહેશના અનુગ્રહથી જ જ્ઞાન થાય છે તેમ એકાન્તે આપણે નથી માનતા. આપણે એમ માનીએ છીએ : સામે જીવનું ઉપાદાન પણ

તૈયાર જોઈએ. સૂર્યને ઝીલવા આંખો પણ તૈયાર જોઈએ. ઘુવડ બિચારું સૂર્યને ઝીલી નથી શકતું.

જીવની યોગ્યતા પણ મહત્ત્વપૂર્ણ છે. તે આ પદથી સ્પષ્ટ થાય છે. ભગવાન પ્રથમ વખત બોધ પામે છે તેમાં પોતાની યોગ્યતા જ મુખ્ય હોય છે.

[ભારે વરસાદ પડવાથી પતરાનો અવાજ આવતાં, સમય પહેલા વાચના પૂર્ણ કરવામાં આવી.]

## માર્ગદર્શન

*હૈદ્રાબાદમાં જ્ઞાનસારના શમાષ્ટકનો એક શ્લોક પૂજ્યશ્રીએ [પૂ.કલાપૂર્ણસૂરિજીએ] સમજાવ્યો. એ ચાર દિવસના બોધની સંક્ષિપ્ત નોંધ "ભવાંતનો ઉપાય સામાયિક યોગ" ના પુસ્તકમાં મૂકવામાં આવી છે. અને ઘણા પ્રશ્નોનો જવાબ મળી ગયો. વળી એક પ્રશ્ન હતો : જૂના સંસ્કારો હજી પીછો છોડતા નથી.*

*"જાપમાં ચિત્ત જોડો. રોજ અમુક જાપ કરો. અરિહંત પ્રભુની કરૂણા એ છે કે તેને જે ભજે છે તેને તેમની સાથેનું અંતર કપાઈ જાય છે. અને સતાવતા સંસ્કારો નાશ થવા માંડે છે.*

*પ્રશ્ન : સાહેબજી, હજી જન્મો થવાના/દેહ ધારણ થવાનો. સાથે દેહના સંસ્કારો, વાસનાઓ ઉઠે અને જીવ આટલે આવ્યો તે વળી પાછો પડશે ? તેવો અજંપો થાય છે.*

*પૂજ્યશ્રી : "આટલે કેવી રીતે પહોંચ્યા ? તેના જ શરણથી ને !*

*'હા'*

*તો પછી હવે અજંપો શા માટે ? તેની જ ભક્તિ મુક્તિ સુધી લઈ જવા સમર્થ છે."*

*"હજી જીવમાં પૂરી શરણાગતિ નથી આવી તેથી ભય-અજંપો રહે છે."*

*"પ્રભુને પૂરા સમર્પિત થાવ પછી ભયમુક્ત થવાશે. તે અભય દેનારા છે. શરણાગતિ સ્વીકારો. શુભસંસ્કારોની વૃધ્ધિ થતી રહેશે. અને આત્મશક્તિ પ્રગટ થતાં પહોંચી જવાશે.*

*"અમે અપૂર્ણ, પૂર્ણને પૂર્ણ રીતે કેવી રીતે સમર્પિત થવું ?"*

*"ભલે વર્તમાન દશા અપૂર્ણ હોય પણ શક્તિથી આત્મા પૂર્ણ છે, સમર્થ છે. પૂર્ણનું લક્ષ્ય કરો, પૂર્ણ શરણાગતિ સ્વીકારો. પછી પ્રભુનું અને આપણું અંતર કપાતાં પૂર્ણ અપૂર્ણના ભેદ કપાઈ જશે."*

– સુનંદાબેન વોરા



ભગવાનની વાણી સાંભળતાં આનંદ ન આવતો હોય તો સમજવું : હજુ આપણે દુર્લભબોધિ છીએ.

ૐ

શ્રા. વદ-૯
૨૪-૮-૨૦૦૦, ગુરુવાર.

◆ ભગવાનનું આ લોકોત્તર તીર્થ જોઈ અનેક ભવ્ય આત્માઓ રાજી થાય. આ રાજી થવું તે જ યોગ-બીજ છે. બીજ પડી ગયા પછી જ આગળની પ્રક્રિયા શરૂ થાય છે. જેમણે પૂર્વ જન્મમાં બીજ નાખેલા હશે તેના અવશ્ય ક્યારેક અંકૂરા ફૂટવાના.

ભગવાન મળે પણ બીજ ક્યારે પડે ? આદર જાગે ત્યારે. ભગવાન ઘણીવાર મળ્યા, પણ આપણને અહોભાવ નથી જાગ્યો, આદર નથી જાગ્યો માટે જ આપણું ઠેકાણું નથી પડ્યું. હજુ પણ આદર ન જાગ્યો હોય તો ઠેકાણું પડી જશે એમ નહિ માનતા.

યોગાવંચક પ્રાણીને ભગવાનની વાણી અમૃત જેવી મીઠી લાગે. આપણે જોઈએ છે કે કોઈક ને ભગવાનની વાણી ગમે છે કોઈકને નથી ગમતી.

બે ભાઈ સદા સાથે જ રહેતા,

કોઈ ક્રિયામાં ભેદ નથી, ભણવું, રમવું, જમવું, ભમવું- બધું જ સાથે કરે, પણ ભગવાનની દેશના સાંભળતાં એકને આનંદ થયો, સમકિત મળ્યું, બીજાને કોઈ જ આનંદ ન આવ્યો.

એક કહે : આનંદ આવ્યો. બીજો કહે : કંટાળો આવ્યો.

આજ સુધી ક્યારેય નહિ ને આજે કેમ જુદાઈ ? બન્ને વિચારમાં પડી ગયા, બીજા દિવસે નાના ભાઈએ ભગવાનને પૂછ્યું : મને આનંદ આવ્યો. મોટા-ભાઈને કેમ આનંદ ન આવ્યો ?

પૂર્વ જન્મ બતાવતાં કહ્યું : તમે બન્ને ભાઈઓ હતા, ચોરી કરવાના ધંધે ચડી નામી ચોર તરીકે પ્રસિદ્ધ થયા. કોટવાળે પીછો કર્યો પણ બન્ને દોડીને ગુફામાં ભરાયા. ત્યાં એક મુનિ કાઉસ્સગ્ગ કરતા હતા. એકને આનંદ થયો :ક્યાં મારું નીચ જીવન ! ક્યાં આ ઉત્તમ જીવન ? તેણે સ્વ-નિંદા અને મુનિની પ્રશંસા કરી, આવું ન થાય ત્યાં સુધી દોષ ન જાય, ને ગુણ ન આવે. પરનિંદા હોય ત્યાં સુધી ગુણદૃષ્ટિ નથી આવતી. સ્વ-નિંદા આવે એટલે ગુણ-દૃષ્ટિ આવે જ.

સ્વ-નિંદા થતાં સ્વ-દુષ્કૃત ગર્હા આવે.

પછી ગુણદૃષ્ટિ આવતાં સુકૃત અનુમોદના આવે.

પછી ગુણસંપન્ન ભગવાનની શરણાગતિ આવે.

આ જ ક્રમ છે.

બીજાએ મુનિ જોઈ વિચાર્યું : જોયું ? કોઈ ધંધો મળ્યો નહિ તે બાવા બનીને બેસી ગયા !

મુંડ મુંડાયે તીન ગુણ - મિટે શિરકે ખાજ;

ખાનેકો લડ્ડુ મિલે, લોક કહે મહારાજ !

બીજાએ આમ મુનિને ધિક્કાર્યા.

આ જ કારણે એકને આનંદ થયો, બીજાને ન થયો.

સમજાય છે મારી વાત ?

આ ભગવાનની વાણી સાંભળતાં આનંદ ન આવતો હોય તો સમજવું : હજુ આપણે દુર્લભબોધિ છીએ.

આનંદ આવતો હોય તો સમજવું : પૂર્વ જીવનમાં ક્યારેક ક્યાંક

બીજ પડી ગયું છે.

(૫) **संयसंबुद्धाणं**

બહારથી ભલે એમ લાગે : ભગવાન બીજા દ્વારા ઉપદેશ ભવાંતરમાં પામ્યા છે. હકીકતમાં તેઓ સ્વયં પોતાની યોગ્યતાથી પામે છે. માટે જ ભગવાન સ્વયંસંબુદ્ધ કહેવાયા છે. એમ હરિભદ્રસૂરિજી કહે છે. આ પદથી જેઓ મહેશના અનુગ્રહથી જ બોધ થાય એવું માને છે તે મતનું ખંડન થયું.

અડિયલ ઘોડા જેવા કેટલાક ખડુશો ગમે તેટલું સમજાવો પણ સમજતા જ નથી. કેટલાક કુડુ મગ એવા હોય છે જે સીઝતા જ નથી. મગશેલ પર પુષ્કરાવર્ત્ત મેઘ પડે તોય ભીંજાય નહિ. તેમ કેટલાક એટલા અયોગ્ય હોય છે કે ગમે તેટલું સમજાવો, પણ સમજે જ નહિ !

આ ઉપાદાનની અયોગ્યતા છે. ભગવાનનું ઉપાદાન એટલું તૈયાર હોય છે કે ગુરુને ખાસ કશો પ્રયત્ન કરવો પડતો નથી. થોડી સૂચના, થોડો ઈશારો એમના માટે પર્યાપ્ત છે.

કેદારને [કુમળા છોડને] કુહાડીનો થોડોક જ સ્પર્શ થતાં કેવો કપાઈ જાય છે ?

ભગવાનને થતું સમ્યગ્દર્શન 'વરબોધિ' કહેવાય છે. જાત્ય રત્નની જેમ એમનામાં આ સહજ યોગ્યતા હોય છે. ભગવાનનું તથાભવ્યત્વ અનાદિ કાળથી જ વિશિષ્ટ હોય છે.

નમુત્થુણંના એકેક વિશેષણોથી અન્ય-અન્ય મતનું ખંડન થતું જાય છે. ગણધર ભગવંતો દ્વારા સ્તુતિ જ એવા પ્રકારની થાય, જેમાં એમની સ્તુતિ અરિહંતને જ લાગુ પડે, અન્યનો વ્યવચ્છેદ થતો જાય.

(૬) **पुरिसुत्तमाणं**

ભગવાન પુરુષોમાં ઉત્તમ છે.

બૌદ્ધો માને છે : બધા જ જીવો સરખા છે.

અહીં એ મતનું ખંડન થયું છે.

ભગવાનમાં કેટલીક એવી વિશેષતા છે કે જે બીજામાં જોવા ન મળે :

ભગવાનની કેટલીક વિશેષતાઓ

(૧) 'आकालमेते परार्थव्यसनिनः ।'

**ભગવાન સદા કાળ માટે પરોપકારના વ્યસની હોય. જેને કોઈ ચીજનું વ્યસન હોય તે એ વિના રહી જ ન શકે. એ એનો શોખ જ હોય. વનસ્પતિમાં કલ્પવૃક્ષ, પત્થરમાં ચિંતામણિ બની ત્યાં પણ પરોપકાર ચાલુ ! જેમ વાણિયાનો દીકરો જેલમાં જાય તોય ધંધો ચાલુ રાખે ને ? ભગવાનનો એકેન્દ્રિયમાં પણ પરોપકારનો ધંધો ચાલુ હોય છે.**

**જગશીભાઈ :** સાહેબ ! અહીં [પાલીતાણામાં] પણ ધંધો ચાલુ છે.

**પૂજ્યશ્રી :** વાચનામાં તો કોઈ ધંધો નથી કરતું ને ?

આખી દુનિયા સ્વાર્થપૂર્ણ છે. સ્વાર્થના કાજળથી આખું જગત ભરેલું છે. સ્વાર્થની વાત હોય તો આગળ ! પરોપકારની વાત આવે તો મોઢું નીચે ! આ આપણામાંનો લગભગ બધાનો સ્વભાવ ! ભગવાનનો સ્વભાવ તેથી ઊલટો હોય.

સમ્યગ્દર્શન મળ્યા પછી તો આ ગુણ એવો પરાકાષ્ઠાએ પામે કે સર્વ જીવોને શાસન-રસિક કરવાની ભાવના પેદા થાય.

હું મોક્ષે જાઉં ને બીજા અહીં સંસારમાં રહે તે કેમ ચાલે ? મારું ચાલે તો સૌને મોક્ષમાં પહોંચાડી દઉં.

આવી જ ભાવનાથી તીર્થંકર નામકર્મ બાંધે.

આના પ્રભાવે જ ભગવાન મોટા સમૂહને તીર્થંકરના ભવમાં ધર્મ-માર્ગે વાળી શકે છે.

ચતુર્વિધ સંઘના સભ્યોને ભગવાન એવા તૈયાર કરે કે તેઓ પણ બીજાને ધર્મ-માર્ગે ચડાવતા રહે.

તુંગીઆ નગરીના શ્રાવકો એવા હતા કે કાચા-પોચા સાધુઓ ત્યાં જતા ગભરાતા.

એક મહારાજે તુંગીઆમાં પ્રવેશ કર્યો પણ ઓઘો ઊંધો રાખેલો. દશી આગળ-દાંડી પાછળ !

આ જોઈ શ્રાવકોએ વંદન ન કર્યા.

પછી ખબર પડી ત્યારે મુનિએ ભૂલ સ્વીકારી. આવા શ્રાવકો

હતા !

આ આખી તીર્થની સ્થાપના પરાર્થ-રસિકતાના ગુણ પરથી જ થઈ છે.પરોપકાર કરવો તો એવો કરવો કે પછી કદી તેને બીજા કશાની જરૂર ન પડે.

ભીખારીને તમે કેટલું આપો ?

**માલશીભાઈ :** બધું તો ન જ આપીએ.

**પૂજ્યશ્રી :** ભગવાન તો એટલું આપે, તમારું પોતાનું જ સ્વરૂપ આપી દે, જેથી તમારું અનાદિનું દારિદ્રય મટી જાય.

પરાર્થરસિકતા તીર્થંકરની ઉત્કૃષ્ટ હોય છે.

ગણધર, યુગપ્રધાન, આચાર્યો વગેરેની ક્રમશઃ થોડી-થોડી [પરાર્થરસિકતા] હોય છે.

કેટલાક સંસાર રસિક જીવો પરોપકારી હોવાનો દેખાડો કરે ખરા, પણ કરે માત્ર સ્વાર્થ માટે.

કોઈ આચાર્યના ભક્ત હોવાનો સ્વાંગ સજીને દુનિયાના પૈસા લઈ હોઈઆ કરી જનારા પણ હોય છે. તમે ઘણીવાર સાંભળો છો ને ?

પ્રતિજ્ઞા લો : આજના દિવસે કોઈનું કાર્ય કર્યા વિના ખાવું નહિ. તો જ આ સાંભળેલું સાર્થક ગણાશે.

**કાન્તિભાઈ :** નરક-નિગોદમાં શું પરોપકાર કરે ?

**પૂજ્યશ્રી :** એમના ભાવોને જુઓ તો ખબર પડે, કોઈ સામગ્રી મળે તો પરાર્થતા ચમકે. નરકમાં રહેલા શ્રેણિક અત્યારે વિચારે છે : બિચારા, આ જીવો નરકાદિમાંથી ક્યારે છુટશે ?

તીર્થંકર તો શું ? ચતુર્વિધ સંઘના દરેક સભ્યની આ ભાવના હોય : **एकेन्द्रियाद्या अपि हन्त जीवा :** આ બિચારા એકેન્દ્રિયાદિ જીવો ત્યાંથી બહાર નીકળી ક્યારે પંચેન્દ્રિયાદિ પામીને સદ્ધર્મ પામે !

આ બધું સમજવા સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ.

❋



ભા. સુદ-૪

૨-૯-૨૦૦૦, શનિવાર

ખીમઈબેન ધર્મશાળા

[કલ્પસૂત્રના વાંચન પછી ચતુર્વિધ સંઘ સમક્ષ]

જેના માટે આપણે વ્યાખ્યાનો સાંભળ્યા, કર્તવ્યો કર્યા, તે 'ક્ષમાપના' છે.

**'खमिअव्वं खमाविअव्वं, उवसमिअव्वं उवसमाविअव्वं ।'**

આ આપણો ધર્મ છે. મોટા-નાના સૌ પરસ્પર ખમાવે છે. ક્ષમા માંગવાની પણ છે અને આપવાની પણ છે.

કષાયો નાશ નથી પામ્યા ત્યાં સુધી દબાયેલા શત્રુ સમજવા. ક્યારે પણ એ ઉદયમાં આવી શકે છે.

મોહનું કામ છે : જીવને સંકલ્પ-વિકલ્પમાં પાડવો.

ચારિત્રનું કામ છે : જીવને

શ્રમણ જીવનનો સાર 'ઉપશમ' છે.

મુનિનું બીજું નામ પણ 'ક્ષમાશ્રમણ' છે.

સંકલ્પ-વિકલ્પથી છોડાવવો.

બન્ને પોતાનું કામ કરે છે. આત્મા જ્યાં રહે તેની જીત છે. આત્માનો ઉપયોગ ધર્મરાજામાં હોય ત્યારે સાધના થાય, મોહરાજામાં હોય ત્યારે વિરાધના થાય.

આ જ વાતને અલગ અલગ રીતે સૌ સમજાવે છે.

**"आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवर : ।"** -વીતરાગ સ્તોત્ર.

મન-વચન-કાયાનો નિરોધ તો અયોગી જ કરી શકે ત્યાં સુધી તેમને શુભમાં પ્રવર્તાવવા, કર્મબંધથી છોડાવે એવા કાર્યો કરવા એ જ આધાર છે. પણ એ અત્યારે કર્મને આધીન છે. તે સંકલ્પ-વિકલ્પ કરાવે છે. મોહના મુખ્ય બે પુત્ર રાગ-દ્વેષ છે.

દ્વેષના પુત્રો : ક્રોધ, માન. રાગના બે : માયા, લોભ.

આમ ઘણો મોટો પરિવાર છે મોહનો.

મહાપુણ્યોદયે જૈન શાસન મળી ગયું છે. એના રહસ્યોને બતાવનાર ગુરુ મળી ગયા છે. તો આ જીવન એવું જીવીએ કે કર્મની જાળમાંથી મુક્ત બની જવાય.

ભૂલ ગમે તેની થઈ હોય, ક્ષમા આપવા લેવામાં કોઈ જ વાંધો નથી. ચંડપ્રદ્યોતે ગુનો કર્યા છતાં ઉદયને ક્ષમા માગી, તે તો આરાધક બન્યો જ. આપણે પણ ક્ષમાને અપનાવી આરાધક બનવાનું છે.

દ્વેષ કાંટો છે ભગવાન એને કાઢવા માંગે છે. બીજો કોઈ કાઢી નહિ શકે. દરરોજ [દેવસિઅ-રાઈઅ], પંદર દિવસે [પક્ખી], ચાર મહિને [ચોમાસી], બાર મહિને [સંવચ્છરી] પ્રતિક્રમણ કરવાનું એટલે જ વિધાન છે.

બાર મહિને પણ પ્રતિક્રમણ ન કરો તો તમારો કષાય અનંતાનુબંધી કહેવાય ને તે તમને દુર્ગતિમાં લઈ જાય.

ક્ષમાના આલંબનથી કષાયોને કાઢવાના છે.

**સ્વયં ઉપશાન્ત બની, બીજાને બનાવી આપણે આરાધક બનવું છે. શ્રમણ જીવનનો સાર 'ઉપશમ' છે. મુનિનું બીજું નામ પણ 'ક્ષમાશ્રમણ' છે.**

મુખ્યતાએ કલ્પસૂત્ર સાધુ માટે જ છે.

કોઈ પણ કાર્ય વડીલ-ગુરુને પૂછ્યા વિના ન કરી શકાય. કરો તો વિરાધક બનો. કારણ ? **'आयरिया पच्चवायं जाणंति ।'** સર્વતોમુખી જ્ઞાન ગુરુની પાસે હોય છે.

ગોચરીને જોતાં જ ગુરુએ ગંધ દ્વારા જાણી અમુક વસ્તુને કાઢી મૂકી, કારણ કે એમાં ઝેર હતું. ગુરુને જ એ ખબર પડે.

હેમચન્દ્રસૂરિજીનું મૃત્યુ આ જ રીતે થયેલું.

પાંચ પડલા આ માટે જ રાખવાના હોય છે.

ગોચરી વખતે યોગીએ નખ દ્વારા લાડવામાં ઝેર ઠાલવેલું. ને એથી સૂરિજીનું મૃત્યુ થયેલું.

ક્રોધનો કાંટો કાઢવા જ આ મહાપર્વ છે.

જેની સાથે ક્રોધ હોય તેની સાથે ખાસ ક્ષમાપના કરવાની છે.

અંતરથી ક્ષમા માંગજો, આપજો અને અપનાવજો.

આ કલ્પસૂત્ર બનાવનાર હું નથી. ભગવાન મહાવીર દેવે રાજગૃહીના ગુણશીલ ચૈત્યમાં ઘણા દેવ-દેવી નર અને નારીઓની વચ્ચે આ બધું બતાવ્યું છે.

મેં તો એ અક્ષરો માત્ર લખ્યા છે. એમ ભદ્રબાહુ સ્વામી કહે છે. આ દશાશ્રુત-સ્કંધનું આઠમું અધ્યયન છે.

*પુસ્તક મલ્યું છે. સુંદર પ્રેરણાદાયી છે.*
*અનેકને ઉપયોગી બનશે.*

- પદ્મસાગરસૂરિ



ભા. સુદ-૫

૩-૯-૨૦૦૦, સોમવાર

સાત ચોવીશી ધર્મશાળા

**સામૂહિક ક્ષમાપના**

તથા વરઘોડાના ચડાવા.

**પૂજ્ય આચાર્ય નવરત્નસાગર-સૂરિજી :**

જિનશાસનની મહાન પ્રભાવના કરનારા આ વરઘોડામાં સૌએ ઉપસ્થિત રહેવાનું છે. જિનશાસનની પ્રભાવનામાં આપણે કંઈ પણ નિમિત્ત, બનીએ, એવું ભાગ્ય ક્યાંથી ?

**પૂજ્ય આચાર્ય હેમચન્દ્રસાગર-સૂરિજી :**

રથયાત્રાનું પ્રયોજન શું ? કાન ખોલીને સાંભળી લો : તમે કે હું- આપણે સૌએ સૌ પ્રથમ જૈનધર્મ પ્રાપ્ત કર્યો, તેનું બીજ શી રીતે પડ્યું ? કોઈક ભવમાં આ રથયાત્રા જોઈને અહોભાવ પેદા થયો હશે ? પ્રશંસા એ જ બીજ છે.

કરુણા વિશ્વની માતા છે.

કુમારપાળની રથાયાત્રામાં ૧૮૦૦ ક્રોડપતિઓ રહેતા. કલકત્તાની રથયાત્રામાં બંગાળી બાબુઓ નાચે. દરેકના માથા પર ટોપી. આપણે પૂર્વજોના પુણ્યના કારણે થોડા ફાટી ગયા છીએ ! પુણ્યનો વારસો આગળ ચલાવવો હોય તો આ પરંપરાનો વારસો આગળ જાળવવો પડશે. દરેકે ઠેઠ સુધી સાથે રહેવાનું. આ માટે ખાસ કરીને હું પૂજનીય સાધ્વીજી ભગવંતોને કહીશ, વિનંતિ કરીશ.

આવતી કાલે માત્ર દર્શન કરીને જતા નહિ રહેતા, છેલ્લે સુધી જોડાઈને રહેશો. દરેક હાજર રહે તો કેટલી શોભા લાગે ?

**પૂજ્ય ધુરંધરવિજયજી :**

પર્યુષણ પહેલા જે રીતે લાભ લીધો, એમાં શિખર સ્વરૂપ આ રથયાત્રા નીકળશે. તેમાં બધાએ ભાગ લેવાનો છે. તમે ક્યારેક જૂનાગઢમાં મહાશિવરાત્રિએ અર્ધી રાત્રે ભવનાથની રથયાત્રા નીકળે છે, તે જોજો. બધા જ સંન્યાસીઓ હાજર હોય. સંન્યાસિનીઓ ત્યાં નહિવત્ હોય. અહીં સાધ્વીજીઓ વધારે છે.

જગન્નાથની અષા. સુદ-૨ના અમદાવાદમાં નીકળતી રથયાત્રા પણ જોરદાર નીકળે. ચતુર્વિધ સંઘના બધા જ સભ્યો દ્રષ્ટા કરતાં દૃશ્ય બની જાય તો વધુ સારું રહેશે. જોનારા તરીકે બીજા હોય. આપણે નહિ. પ્રાચીન કાળમાં પાટલિપુત્ર આદિ નગરોમાં રથયાત્રામાં સૌ હાજર રહેતા. મોટો સમ્રાટ્ હોય તે પણ જોડાય. જોડાય શા માટે ? ભગવાનનો રથ ખેંચે. ભગવાન પાસે તો આપણે પશુ જ છીએ ને ? ઘરના બળદ તો બધા છો ને ! અલબત્ત નથ વગરના ! એ તો ઘણીવાર બન્યા, ભગવાનના રથમાં બળદ બનવાનું ભાગ્ય ક્યાંથી ?

ઊઘાડે માથે ક્યાં જવાય, તે જાણો છો ને ? અહીં બધા માથે કાંઈપણ નાખીને આવજો. કાંઈ ન હોય તો ધોતીયું રંગીને પહેરી આવજો. ૧૦૦૦ જેટલા મુગુટો તૈયાર છે અને ખીમઈ ધર્મશાળામાં પણ ૧૫૦ સાફા તૈયાર છે.

ઢોર ક્યારેય માથું બાંધે નહિ. આપણે ન બાંધીએ તો ઢોર જેવા નહિ ?

**બેસીને ખાય તે માણસ !**

**ઊભા ખાય તે ઢોર ! માટે જ બુફેને હું બફેલો કહું છું.** સાધુ થયા

સિવાય માથું ઊઘાડું ન રખાય. માથું કિંમતી છે. એને ઊઘાડું ન રખાય. મારવાડમાં રાયકા [રબારી] નું માથું કદી ઊઘાડું ન હોય; પગમાં જોડા ન હોય તેવું હજુ બને !

ટાલ, સફેદ વાળ વગેરે ઊઘાડું માથું રહેવાના કારણે જ થવા માંડયું છે.

આખો વરઘોડો પરમાત્મમય બનવો જોઈએ.

બીજી વાત – સંયોજકોની ફરીયાદ છે : તપસ્વીઓ ૨૬૦૦ છે, પણ નામ માત્ર ૭૪ જ આવ્યા છે. પણ મેં કહ્યું : બધું બરાબર થઈ રહેશે. તમારા વાહનો ભરાઈ જશે.

હમણા જ મંડપ ભરાઈ ગયોને ? હજુ કલાક પહેલા જ થોડાક જ માણસો હતા. પણ ઉપરવાળો બેઠો છે ને ? આપણે શી ચિન્તા ?

**ચન્દ્રકાન્તભાઈ :**

અમદાવાદમાં જગન્નાથના વરઘોડાનો રૂટ ૨૨ કિ.મી. હોય. હકડેઠઠ પબ્લીક ! સવારે ૪-૦૦ વાગ્યેથી શરૂ થઈ રાત્રે – બે વાગ્યે પૂરો થાય.

આ સામે આપણો વરઘોડો કેવો ?

પણ આવતી કાલનો વરઘોડો ઐતિહાસિક બનવો જ જોઈએ. કેવા-કેવા આચાર્ય ભગવંતો અહીં બિરાજમાન છે ? જેમના નામથી પણ પાપો ખપી જાય, એવા આચાર્ય ભગવંતોની નિશ્રા મળે કયાંથી ?

**પૂજ્ય આચાર્ય શ્રી વિજય કલાપૂર્ણસૂરિજી :**

**खामेमि सव्व जीवे.**

◆ અનંત ઉપકારી તીર્થંકર ભગવાન મહાવીરદેવે અહિંસા, સંયમ, તપરૂપ ધર્મ બતાવ્યો છે. **બધા ધર્મોમાં જીવો પ્રત્યે કરુણા-મૈત્રી વ્યાપક છે. હૃદયમાં જો એ ન હોય તો કોઈને બચાવી ન શકાય. અહિંસા, કરુણા વગેરે સમાનાર્થક જ છે. અહિંસા વિશ્વની માતા છે.**

**शिवमस्तु.** પછીની બીજી ગાથા જુઓ..

**शिवमस्तु.** માં સર્વને સુખી બનાવવાની ભાવના છે. તે ક્યાંથી પેદા થાય ?

**'अहं तित्थयरमाया'** હું તીર્થંકરની માતા શિવા છું. શિવા એટલે માત્ર નેમિનાથ ભગવાનની માતા નહિ. શિવા એટલે કરુણા, અહિંસા ! પ્રશ્નવ્યાકરણમાં અહિંસાના ૬૦ પર્યાયવાચી નામોમાં શિવા શબ્દ પણ છે.

આ ભાવના ભાવિત બનાવીએ તો જ ભગવાનના ભક્ત બની શકીએ. આપણા સર્વ પ્રતિક્રમણમાં આ ભાવના છે જ. ઈરિયાવહિયં માં પણ છે જ. ક્ષમા-મૈત્રી સંકળાયેલા છે. આખું જૈન-શાસન કરુણામય છે.

સાંવત્સરિક ક્ષમાપના માટે જ તો પર્યુષણ છે અને તેના કર્તવ્યો છે.

પરસ્પર ક્ષમાપના માટે જ આ આયોજન હતું, પણ તમે ચડાવામાં આ બધું ભૂલી ગયા. જો કે લોકો ઊઠી જતાં મારા માટે સારું જ થયું. કારણ કે થોડા માણસોમાં જ મારો અવાજ પહોંચે છે.

મારા તરફથી કે કોઈ મહાત્મા તરફથી કોઈને પણ કષ્ટ કે પીડા પહોંચ્યા હોય તે બદલ સર્વ મહાત્માઓ વતીથી હું મિચ્છામિ દુક્કડં માંગું છું.

### *મહામૂલું સમાધાન*

*પૂજ્ય શ્રી [પૂ.કલાપૂર્ણસૂરિજી] ને જ્યાં વંદનાર્થે જવાનું થતું ત્યાં પૂરા વાત્સલ્યથી એક કલાક બોધ આપતા. સુરત જવાનું થયું ત્યારે એકવાર પૂછ્યું કે મનની સ્થિરતા પકડાતી નથી. ત્યારે માર્ગદર્શન આપ્યું : સંસારના નિમિત્તો મનને ચંચળ કરે છે માટે પ્રભુભક્તિમાં વૃદ્ધિ કરો. પ્રભુ સન્મુખ થાવ. તેની જ કૃપા મેળવો એટલે મન શુભ ભાવથી ભાવિત થશે*

*- સુનંદાબેન વોરા*



## આધ્યાત્મિક ગુણોના વિકાસ માટે અત્યંત જરૂરી એવી ધર્મ-વાવણી છે : ગુણ-ગુણીની પ્રશંસા

ભા.સુદ-૧૨
૧૦-૯-૨૦૦૦, રવિવાર
ખીમઈબેન ધર્મશાળા

-: સન્માન સમારોહ :-

**धर्मीचंदजी विनायकिया [विजयवाडा]**

यहाँ पर आ कर मुझे बहुत फायदा हुआ । मैं तो मानता मानता हूँ कि चातुर्मास में रहना मेरे लिए शिबिर ही बन गई । अनेक प्रकार के धर्माचरण मेरे जीवन में प्रेक्टीकल बन गये ।

अगाधता समुद्र की लज्जा रही है ज्ञान से,

उदारता भी कर्ण की हारी है श्रुतदान से;

सौम्यता को देखकर यह चांद भी करता रुदन,

सूरि **कलापूर्ण** के चरण युगमें हम करे शत शत नमन.

पूज्यश्री की निश्रामें हम सब एक दूसरों के लिए कल्याण-मित्र बने है ।

पूज्य गुरुदेवको प्रार्थना है : हमको भी मुक्ति में साथ-साथ ले जाना ।

રજનીકાન્તભાઈ, મદનલાલજી કાવેડીઆ આદિ આરાધકોએ પણ પોતાના ઉદ્ગારો વ્યક્ત કર્યા.

**અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યશ્રી :**

શત્રુંજયની ગોદમાં આવો અનુમોદનાનો અવસર આપણી આધ્યાત્મિક પુંજી છે. કોઈ મિલ વગેરેની એજન્સી મળતાં આનંદ થાય તો અહીં અનુમોદનાનો અવસર મળતાં આનંદ ન થાય ? આધ્યાત્મિક ગુણોના વિકાસ માટે અત્યંત જરૂરી એવી ધર્મ વાવણી છે. ગુણ-ગુણીની પ્રશંસા. અનંત પુદ્ગલ પરાવર્ત પછી જ આ મળે છે. આ જ બીજ છે. બીજ પછી અંકૂરા વગેરે દુર્લભ નથી. બીજ જ દુર્લભ છે.

આ ચાતુર્માસમાં બન્ને સમાજોએ [વાગડ વીશા ઓશવાળ તથા વાગડ સાત ચોવીશી વીશા શ્રીમાળી] મળીને યોજના કરી. ઓશવાળ સમાજ ભાગ્યશાળી કે ઠેઠ ચૈત્ર મહિનાથી અત્યાર સુધી તેમને લાભ મળ્યો. તમારો અખંડ ભક્તિભાવ જોઈ પ્રસન્નતા થઈ છે. અમારા [સાધુ] સિવાય ખાસ કોઈએ વિહાર પણ કર્યો નથી. આ શ્રાવક-શ્રાવિકા સંઘને અમે શું આપીએ ? તે અંગે અમારે વિચારવાનું છે. અમારા તરફથી ઉપદેશ આપવામાં ખામી પણ રહી ગઈ હોય. તમારા મનને, કાનને ગમે તેવું અમારે પીરસવું પડે. પીરસનારે ધ્યાન રાખવું પડે : કદાચ એને ઝાડા વગેરે ન થાય. એને પચે નહિ.

આવું કંઈ થયું હોય, લોકો વિવિધ પ્રકારના હોય છે, થાય પણ ખરું ! તમારી વ્યવસ્થા સુંદર છે, છતાં અમારા તરફથી કંઈક એવું આવેશમાં બોલાઈ ગયું હોય તો એ શબ્દો યાદ નહિ રાખતા, ભૂલી જજો. **પૂ. પદ્મ-જીત વિજયજીથી લઈને સર્વ ગુરુ ભગવંતોએ જે અમારા પર જવાબદારી રાખી : આ વર્ગને ભૂલતા નહિ. એટલે જ, ભલે ૭-૮ વર્ષ બહાર ફરી આવ્યા, પણ આખરે આવ્યાને ? બન્ને સમાજ ખાસ કદી ભેગા ન થાય, ભેગા ન રહે, પણ આ વખતે બન્ને સાથે મળીને ચાતુર્માસ કરાવ્યું ને ?**

કોઈ બોજ નથી લાગ્યોને ? પ્રેમજીભાઈ ! કોઈ બોજ લાગ્યો ? હમણા સાધર્મિક માટે અમદાવાદમાં નવ ક્રોડ થયા, તે સાંભળ્યું હશે ? આ બધું સાંભળીને આપણે પ્રેરણા લેવાની છે.

અહીં આરાધકોમાં માત્ર તમારા જ સમાજના નહિ, ભારત-ભરના લોકો આવતા રહે છે. ચાતુર્માસના આરાધકો સિવાય પણ પાંચ-પચ્ચીસ દિવસ રહેનારા પણ હોય છે. પણ તમે કદી ના પાડી નથી; ઉદારતા પૂર્વક સૌનો સમાવેશ કરતા રહ્યા છો.

**પૂજ્ય આચાર્ય શ્રી વિજય કલાપ્રભસૂરિજી :**

પૂજ્ય ગુરુદેવે કેવા સુંદર શબ્દોમાં અનુમોદન કર્યું ? આવા દીર્ઘદ્રષ્ટા પૂ. ગુરુદેવ ન મળે તો શ્રી સંઘ માટે યોગ્ય માર્ગદર્શન ક્યાંથી મળે ? માર્મિક પ્રેરણા કોણ આપે ?

આટલા વર્ષોમાં બન્ને સમાજોમાટે પૂજ્યશ્રીએ કદી નહિ કરેલી વાતો આ ચાતુર્માસમાં કરશે એમ લાગે છે.

**સંગીતકાર આશુ વ્યાસ :**

શ્રી કચ્છ-વાગડ દેશોદ્ધારક નામથી પંકાવ છો,
ને ભાવનું ઝરણું નહિ, સાગર તમે કહેવાવ છો;
આશુનું આ છે ભાવ સર્જન, આપના ચરણે ધરું,
**કલાપૂર્ણસૂરિ** ગુરુ ચરણમાં, ભાવથી મસ્તક ધરું...

મગજથી તર્ક, જીભથી શ્વાસ, અંતરથી ભાવ નીકળે છે.
સત્કર્મથી સિદ્ધિ મળે તો, નામના કહેવાય છે,
ને ભાવથી ઈચ્છા મળે તો, ભાવના કહેવાય છે;
સાધકથી સાધ્ય મળે તો, સાધના કહેવાય છે,
ને હૃદયથી શબ્દો મળે તો, પ્રાર્થના કહેવાય છે.

**ગીત :** [રાગ : બેના રે....]

સુણજો રે ... સિદ્ધિગિરિમાં ચાતુર્માસનો લીધો લાભ મહાન
આજે તમારું સૌ કરશે સન્માન....
સહુ તીરથમાં સિદ્ધાચલનો મહિમા છે બહુ મોટો (૨)
શાશ્વત આ ગિરિરાજનો ક્યાંયે મળશે ના કોઈ જોટો; (૨)
સિદ્ધાચલના ડુંગરે શોભે આદીશ્વર ભગવાન... આજે...॥૧॥
**કલાપૂર્ણસૂરિની** પ્રેમ વાદળીઓ, ઝરમર ઝરમર વરસે (૨)
ચાતક થઈને જે કોઈ પીશે, બાકી બધા ટળવળશે; (૨)
ગુરુવરના ગુણરાગી થઈને ગાવોને ગુણગાન ... આજે ... ॥૨॥

**કલાપૂર્ણસૂરિજી - કલાપ્રભસૂરિજી,** જિનશાસનના ધોરી(૨)
એમની અમૃત - વાણી જાણે, ફૂલડાએ ફોરમ ફોરી; (૨)
**પંન્યાસ કલ્પ ને કીર્તિ ગુરુવર,** કેવા રે વિદ્વાન ...આજે... ॥૩॥
**ગણિ શ્રી મુક્તિ -પૂર્ણ-મુનિશ્રી,** અદ્‌ભુત ચેતના લાવે (૨)
અંતરથી પ્રમાદ હટાવી શાસન-રસીયા બનાવે; (૨)
પામરને પરમાત્મા બનાવવા આદર્યું છે અભિયાન...આજે... ॥૪॥
સાધુ-સાધ્વી ભેળા થયા છે, જાણે લગભગ પાંચસો, (૨)
શહેર ને ગામ-ગલીથી આવ્યા, આરાધક છે સોળસો; (૨)
વિધ-વિધ તપના ડંકા વાગ્યા નવો છે કીર્તિમાન ...આજે... ॥૫॥
શ્રીમતી **લક્ષ્મીબેન પ્રેમજીભાઈ** ભચુભાઈ ગડા પરિવાર, (૨)
શ્રીમતી **પાર્વતીબેન હરખચંદ** વાઘજી ગીંદરા પરિવાર; (૨)
માતૃશ્રી **પાલઈબેન ગેલાભાઈ** ગાલા પરિવારનું યોગદાન...આજે...॥૬॥
તપ શત્રુંજય ઉપવાસ એકાવન, માસક્ષમણ સિદ્ધિતપ; (૨)
અટ્ઠાઈ ચોસઠ પ્રહરી પૌષધ, ને મોક્ષદંડક તપ; (૨)
ચક્રેશ્વરી માતાએ સહુનું સાધ્યું છે કલ્યાણ ... આજે... ॥૭॥
શ્રી કચ્છ-વાગડ વિશા ઓસવાળ મૂર્તિપૂજક જૈન સંઘ; (૨)
**કલાપૂર્ણસૂરિના** ચોમાસાનો અદ્‌ભુત આવ્યો રંગ; (૨)
સિદ્ધગિરિના ગગન મંડળમાં ઊડે યશ-વિમાન ... આજે... ॥૮॥
ધન-ધન તમને **માલશીભાઈ, ખેતશીભાઈ, ચમનભાઈ,** (૨)
**માલશી લખધીર હીરજીભાઈ,** દોડયા છે **વેલજીભાઈ;** (૨)
આ ચોમાસે સમય-સંપત્તિ, આપે કીધા કુરબાન... આજે...॥૯॥
કોઈ અમારી ભૂલ થઈ હોય, અમને માફી દેજો, (૨)
આજે કે કાલે યા ભાવિમાં, લાભ સેવાનો દેજો; (૨)
આરાધક સહુ આપે વધારી જિન શાસનની શાન.. આજે.. ॥૧૦॥

| ઉપવાસ | ૫૧ | ૩૬ | ૩૦ | ૧૬ | ૯ | ૮ | ચોસઠ પ્રહરી | શત્રુંજય તપ | સિદ્ધિતપ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૭ | ૨૩ | ૩૦ | ૭૭ | ૨૬૭ | ૪૬૭ | ૩૧૫ | ૫ |

૫૦૦ આયંબિલ -૧૨.

◆ ખેતશી મેઘજી

કોઈ પણ કાર્યનો અંત તો આવે જ. અનેક કાર્યોનો પ્રારંભ અને અંત થતો જ હોય છે. આદીશ્વર દાદા તથા પૂ. આચાર્યશ્રીની અમોઘ કૃપાથી આ કાર્ય સફળ થયું છે. આ કાર્યમાં કેવા-કેવા અનુભવો થયા ? લાગે છે : જીંદગીનો અનુપમ લ્હાવો મળ્યો.

૨૦ વર્ષ પહેલા આધોઈ સંઘ તરફથી મહારાષ્ટ્ર ભુવનમાં ચાતુર્માસનો લાભ મળેલો. ત્યારે ૭૦૦ જ આરાધકો હતા. પણ આ વર્ષે સાધ્વીજી ભગવંતો ૪૨૯ તથા ૧૬૦૦ જેટલા આરાધકો છે. સવિશેષ લાભ મળ્યો છે. સંયુક્ત રીતે બન્ને સમાજને આ લાભ મળ્યો છે. પૂજ્યશ્રીની કૃપાથી બન્ને સમાજો નજીક આવ્યા છે, તે ઓછી સફળતા નથી.

પૂજ્યશ્રીની કૃપા મારા પર સતત વરસતી રહી છે. દરરોજ રાત્રે પૂજ્યશ્રીએ હિતશિક્ષા આપી જ છે.

**નૂતન પૂજ્ય આચાર્યશ્રી :** અમને પણ નથી આપતા.

**ખેતશીભાઈ :** ક્યારેક એવું લાગે : વડીલ સમા પૂજ્યશ્રી બાળક જેવા અમારી સાથે વાતો કરે છે.

પરમાત્મા જેવા પૂજ્યશ્રીની આ અનુપમ કરુણા છે. શ્રી સંઘ પર પૂજ્યશ્રીની જે અસીમ કૃપા વરસી તેનો કોઈ જોટો નથી. આરાધકોની ૮૦૦ની જ ધારણા છતાં ૧૫૬૪ની સંખ્યા થઈ. છતાં ઘણાને નિરાશ પણ કરવા પડ્યા છે.

ઘણા વૃદ્ધ મહિલાઓના આશીર્વાદ મળ્યા છે.

**જન્મ્યા પછી ૭ દિવસ પછી પિતા ગુમાવ્યા છે. ૨૩ વર્ષ પહેલા માતા ગુમાવી છે. આજે મા-બાપ નથી પણ તમારા સૌમાં હું મા-બાપના દર્શન કરું છું. [અશ્રૂ] અમારું મગજ ગયેલું હોય ને મુખમાંથી કટુ શબ્દો નીકળ્યા હોય તો માફ કરજો.**

બીજું તો અમે શું કરી શકીએ ? દર્શન-પૂજા-પ્રતિક્રમણ-પચ્ચક્ખાણ વગરના અમારા જેવા માટે આવી સેવાનો મોકો મળે ક્યાંથી ? અમારા જેવાને બીજું આલંબન પણ શું છે ? જે કાંઈ મળ્યું છે તે આપની મમતાથી મળ્યું છે.

ધન આપનારા ઘણા મળી રહે છે, પણ સારી આરાધના કરનારા

ઘણા ઓછા હોય છે. આમાં ૧૦% સારા આરાધકો હોય ને એમાંથી ૧% ફળ મળશે તો પણ ઘણું કહેવાશે.

મને અને માલશી લખધીરને પૂજ્યશ્રીએ વાંકીમાં ચાતુર્માસ જય પહેલા બોલાવ્યા.

પૂજ્યશ્રીએ કહ્યું : ''હું ધર્મ-સંકટમાં છું. બન્ને સમાજને લાભ આપવો છે.'' અમે પૂજ્યશ્રીની આ વાત સ્વીકારી લીધી.

બન્ને સમાજ જ શા માટે, સમગ્ર જૈન શાસનના શ્રાવકો એક થઈ જાય તો જૈન શાસનનો ડંકો વાગી જાય. જીવદયા, રાજકારણી, ચૂંટણી વગેરે તમામ ફંડો જૈનો દ્વારા જ થાય છે. કતલખાનામાંથી જીવોને બચાવવા પણ જૈનોનો ફાળો હોય છે. જૈનો જો એક થઈ જાય તો શું ન કરી શકે ?

હું નમ્ર વિનંતિ કરીશ : દરેક જૈનો આટલો સંકલ્પ કરે : કતલ-ખાના વગેરેને પ્રોત્સાહન મળે એવા કોઈ શેર વગેરે ન ખરીદે. અસહકારથી એ કાર્યો બંધ કરાવી શકાય.

શુભ કાર્યમાં વિઘ્ન તો આવે જ. ઝાડા-ઉલ્ટી રૂપ વિઘ્ન ચાતુ-ર્માસમાં આવ્યું. ૧લી ઑગસ્ટથી માંદગી ચાલુ થઈ છે; ઝાડા-ઉલ્ટીની. છતાં કોઈ દરદીએ ફરીયાદ નથી કરી. એમની સમતાને હું બિરદાવું છું. એમની સેવામાં કચાશ રહી હોય તો ફરી-ફરી ક્ષમા માંગું છું.

આજે હાર્ટ-એટેકથી એક કેસ [મૃત્યુનો] બન્યો છે. ગઈકાલે તેઓ ૨-૩ વાર બેભાન બની ગયેલા. આવા ક્ષેત્રમાં દેહ છોડીને તેઓશ્રી ચોક્કસ સ્વર્ગે ગયા છે; એવી મારી શ્રદ્ધા છે.

◆ **દાનેશ્વરી પ્રેમજીભાઈએ** પ્રથમ તો આખા ચાતુર્માસની વાત કરેલી. પણ **પૂજ્યશ્રીએ** સંપૂર્ણ સંઘને લાભ મળે તેવી વાત કરેલી. **પ્રેમજીભાઈ, હરખચંદભાઈ, ધનજીભાઈ** વગેરેએ સારી રકમ લખાવી. સર્વ દાતાશ્રીઓનો ખૂબ-ખૂબ આભાર.

પ્રેમજીભાઈને પુનઃ પુનઃ ધન્યવાદ ! ૩૩% જેટલો અમારો બોજો હળવો કર્યો. હજુ પણ આપવા તૈયાર છે. પણ કદાચ હવે જરૂર નહિ પડે.

અદૃશ્ય શક્તિ જાણે અમને મદદ કરતી હોય તેમ મને હંમેશા લાગ્યું છે. રતનશીભાઈ, માડણભાઈ, વેલજીભાઈ વગેરે કેટલા નામ

લેવા ? ઘણાએ સહાય કરી છે.

મધુર પ્રવચનકાર પૂજ્ય આચાર્યશ્રીનો સદા હેતભર્યો હાથ અમારા પર રહ્યો છે. એમના મધુર પ્રવચનમાં ચાબખા પણ મીઠા લાગે.

◆ ખીમઈબેન ધર્મશાળા એટલે વાગડવાસીઓનું નાનકડું ગામ કહેવાય ! એમાં પૂજ્યશ્રીની નિશ્રા મળતાં આ તો મોટું ગામ બની ગયું.

માલશીભાઈની ઉદારતા, રાયશીભાઈની વ્યવહાર કુશળતા અને જગશીભાઈની ભક્તિ બિરદાવીએ તેટલી ઓછી છે.

માલશીભાઈ આવતી કાલે રડતા જ હશે.

**સભા :** હમણાં જ રડે છે.

ગુરુદેવ ! રડતા નહિ મૂકતા.

**પૂજ્યશ્રી :** અમે તમને હસાવીશું, રડાવીશું નહિ.

**ખેતશીભાઈ :** આખરે બન્ને સમાજ એક જ છે.

એક જ ભગવાન અને એક જ ગુરુને માનનારા આપણે અલગ શી રીતે હોઈએ ?

અમારી ક્યારે પણ જરૂર હોય તો જણાવજો, અમે સદા તૈયાર છીએ. છ-છ રવિવારે પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં પાલીતાણામાં પહેલી વાર સામુદાયિક પ્રવચનોમાં ૧૭ જેટલા આચાર્ય ભગવંતો, હજારેક જેટલા સાધ્વીજી ભગવંતો ! હજારો આરાધકો એકી સાથે બેઠા હોય તેવું દૃશ્ય પહેલીવાર જોવા મળ્યું.

સામુદાયિક સાધર્મિક વાત્સલ્ય ! જેના દાતા આધોઈવાળા હરખચંદભાઈ વાઘજી !

આ બધું યાદ કરતાં હૃદય ગદ્‌ગદ્ બની જાય છે.

આજ સુધી રસોઈ કદી ખૂટી નથી કે બીજી વાર બનાવવી પડી નથી, તે પૂજ્યશ્રીનો પ્રભાવ છે.

પિતાથી પણ અધિક પૂજ્યશ્રીએ જે વાત્સલ્ય-ધારા વહાવી છે, તે કદી ભૂલી શકાશે નહિ.

કોઈ અવિનય બદલ પુનઃ પુનઃ મિચ્છામિ દુક્કડં.

**પૂજ્ય આચાર્યશ્રી :**

ખીમઈબેનના ચારેય ભાઈઓએ જે ભોગ આપ્યો છે તે શબ્દોમાં કહી શકાય તેમ નથી.

અમને ઘણીવાર કહે : આ ધર્મશાળા યાત્રિકો માટે નહિ, પણ મહાત્માઓ માટે રાખવી છે. યાત્રિકો તો રોજ છે જ. મહાત્માઓનો લાભ મળે ક્યાંથી ? આટલું મોટું સ્થાન ન હોત તો અહીં શી રીતે રહેવાત ?

**રાયશી લખધીર :**

પૂર્વભવમાં અમે એવા પુણ્ય કર્યા હશે એના કારણે ખીમઈબેન જેવા માતા મળ્યાં. આમ તો તેઓ ખેતીવાડીનું કામ કરતા, પણ છતાં તેમણે અમને ધર્મ-સંસ્કારો આપવામાં કોઈ કમી રાખી નથી.

નવી મુંબઈ ખાતે જ્યારે પૂજ્યશ્રીએ પ્રથમ વખત પાલીતાણા ખાતેના ચાતુર્માસની વાત કરેલી ત્યારે અમે ભાવવિભોર બની ગયેલા.

ચૈત્ર સુદ-૪ના સોનાનો સૂરજ ઉગ્યો, જે દિવસે આ ધર્મશાળામાં પૂજ્યશ્રી સંઘ સાથે પધાર્યા. ધર્મશાળા પવિત્ર બની ગઈ. પછી તો ખૂબ જ શાનદાર અનુષ્ઠાનો થયા.

**સાડા પાંચ મહિના સુધી પૂજ્યશ્રીનું સાન્નિધ્ય મળ્યું તે અમારું પુણ્ય છે. વાચના વખતે તો જાણે ભગવાન દેશના આપતા હોય તેવું લાગતું !** આ હોલમાં સર્વત્ર પૂજ્યશ્રીનો અવાજ આવતો. એ મેં પ્રત્યક્ષ જોયું છે.

**જૈન સમાજમાં સર્વોત્કૃષ્ટ રૂપે દરેક સમુદાયવાળા જેમને જુએ છે, એવા પૂજ્યશ્રીનું સતત સાડા પાંચ મહિના સાન્નિધ્ય મળ્યું છે, તેનું અમને ગૌરવ છે.**

ખૂબ જ કાળજી રાખવા છતાં વ્યવસ્થામાં કચાશ રહી હોય તો મિચ્છામિ દુક્કડમ્ યાચીએ છીએ.

**માલશી લખધીર :**

એક સાથે વાગડ સમુદાય રહી શકે, એવું સ્થાન કંઈક અંશે બન્યું તેનું ગૌરવ છે.

પાલીતાણામાં હો ત્યાં સુધી અહીં લક્ષ્ય રાખશો, એવી પૂજ્યશ્રીને વિનંતી છે.



પાપ-અઢારનો વિચાર ભગવાનની
કૃપાથી જ મળે.

ભા. સુદ-૧૨
૧૦-૯-૨૦૦૦, રવિવાર
ખીમઈબેન ધર્મશાળા

**(१) आकालमेते परार्थव्यसिननः ।**

◆ ભગવાન પુરુષોત્તમ છે. ભગવાનની ઉત્તમતા શી રીતે છે ? ભગવાન કરુણાના સાગર, ગુણોના ભંડાર છે. આ તો આપણે જાણીએ જ છીએ. આનાથી બીજી ઉત્તમતા કઈ ?

ભગવાનની કરુણા શક્તિ કેટલી ?

ઈન્દ્રભૂતિ તો ભગવાન સાથે વાદ કરવા આવેલા, પણ ભગવાનના દર્શનથી એમનો અહંનો પર્વત તૂટયો ને તેમને તેમાં ભગવાનના દર્શન થયા. પછી તો એવા નમ્ર બન્યા કે એમનો ક્યાંય જોટો ન જડે.

ચંડકૌશિક જેવો હિંસક ભગવાનના પ્રભાવથી ઉપશાંત બન્યો.

ચંડકૌશિકે પણ ભગવાનને બાળવા પહેલા જ્વાળા જ ફેંકેલી, પણ

ભગવાનની કરુણા તો જુઓ ! તેને પણ ઉપશાન્ત બનાવ્યો.

આવો પુરુષાર્થ કરવાનો વિચાર પણ ભગવાન સિવાય કોણ આપે ? બીજા જીવો મારા જેવા છે. મારે તેની રક્ષા કરવી જોઈએ, એવો વિચાર ભગવાનની કૃપા વિના ન આવે. મેઘકુમારના હાથીના ભવમાં પણ એ કૃપા જ કામ કરતી હતી. પાપ-અકરણનો વિચાર ભગવાનના પ્રભાવથી જ મળે.

નેત્રમાંથી ઝરતી કરુણાના પ્રભાવે ચંડકૌશિક જેવાના ચંડ પ્રચંડ ક્રોધને શમાવી દેવો એ ભગવાનની કરુણા કેટલી ધારદાર કેટલી પ્રભાવશાળી હશે ?

આવી કરુણાના સાગર ભગવાન પુરુષોત્તમ ન હોય તો બીજા કોણ હોય ?

દયા, દાન અને કરુણાવાળા જેટલા પુરુષો હોય તેમાં ભગવાન પ્રથમ નંબરે આવે, માટે ભગવાનને પુરુષોત્તમ કહ્યા છે.

દયા-દાન વગેરે દસ એવા ગુણો અહીં બતાવ્યા છે.

ભગવાનનો સૌ પ્રથમ ગુણ છે : પરોપકાર. **आकालमेते परार्थ व्यसनिनः**

(૨) **उपसर्जनीकृस्वार्थभावाः ।** ભગવાન સ્વાભાવિક રીતે જ પરોપકારના વ્યસની હોય. સ્વાર્થને તેઓ ગૌણ કરીને ચાલે. નયસારના ભવમાં જુઓ. પોતાના ખાવાના સમયે બીજાને ખવડાવવાનો વિચાર આવે છે. આ જ પરાર્થતા છે. નયસારે પહેલા ભોજન નથી કર્યું, પહેલા મહાત્માને બોલાવવા ગયો છે.

આ સામે આપણે કેવા ? બને ત્યાં સુધી બીજાનું કામ ન જ કરવું ! ન છૂટકે જ કરવું ! ચાર ઘડા લાવવાના હોય તો ચાર જ લાવવાના ! વધુ નહિ ! ક્યાંક વધુ પુણ્ય બંધાઈ જાય ને ? પરાર્થ વ્યસનિતાની વાત જવા દો. આપણામાં પરાર્થનો છાંટોય નથી. 'આપણા' શબ્દનો હું એટલે જ પ્રયોગ કરું છું : હું પણ સાથે જ છું.

લુણાવામાં પૂ. પં. ભદ્રંકર વિ.મ.માં જોયું. ગમે તેવી તબીયતમાં પરાર્થતા એમની સતત ચાલુ જ હોય ! કોઈને પણ તેઓશ્રી નિરાશ નહિ કરતા.

ભગવાન તો વૃક્ષમાં પણ કલ્પતરુ બને ! પત્થરમાં ચિંતામણિ

બને ! ત્યાં પણ પરોપકાર ચાલુ !

મેઘરથ રાજા [શાન્તિનાથનો જીવ] એ તો એક કબૂતરને બચાવવા પોતાના પ્રાણો આપી દેવાની તૈયારી બતાવેલી ! આ જીવનથી જો કોઈનું જીવન બચતું હોય તો આથી વધુ બીજો કયો લાભ ?

ધર્મરુચિ અણગારને યાદ કરો. કીડીઓને બચાવવા ઝેરી શાક ખાઈ જ ગયા !

ચોક ઘસીને હજારો કીડીઓને મારી નાખનારાઓ આ વાત સાંભળશે ?

**'चूहोंको, चींटीओं को मारने की दवाई ।'** આવું વાંચતાં પહેલી-વાર ખબર પડી : મારવાની પણ દવા હોય છે. હું તો સમજતો હતો : દવા તો માત્ર જીવાડે જ. આપણે એવા યુગમાં જીવી રહ્યા છીએ, જ્યાં મારવાની પણ દવા મળે છે !

આવા કાળમાં પણ બીજાના મરણમાં પોતાનું મરણ જોનારા ભગવાન આપણને મળ્યા છે, એ કેવું સદ્ભાગ્ય છે આપણું ?

પોતાના અનેક મૃત્યુ નિશ્ચિત કરવા હોય તો જ કોઈના મૃત્યુમાં નિમિત્ત બનજો. એવું કહેનારા ભગવાન આપણને મળ્યા છે.

**(૩) उचित-क्रियावन्तः ।**

ઔચિત્ય વર્તન :

જે જીવની જેવી કક્ષા છે, તેની સાથે તેવો જ વ્યવહાર કરવો તે ઔચિત્ય છે.

તીર્થંકરનું જીવન ઔચિત્યપૂર્ણ હોય છે. તીર્થંકરનું જીવન પ્રતિદિન વાંચવા જેવું હોય છે. રોજ એ ન કરી શકીએ માટે તો પ્રતિવર્ષ કલ્પસૂત્ર સાંભળવાનું હોય છે. કલ્પસૂત્રમાં જોયું ને ? ભગવાન કેટલા ઔચિત્યના ભંડાર છે ! પોતે જ્ઞાની હોવા છતાં પાઠશાળાએ જવાનો ઈન્કાર નથી કરતા. બાળકો સાથે રમવાનો ઈન્કાર નથી કરતા.

**(૪) अदीनभावाः ।**

અદીનભાવ : ગમે તેવો પ્રસંગ આવે, કદી ગરીબ બનીને બીજાની પાસે માંગે નહિ.

**(૫) सफलारम्भिणः ।**

સફલારંભ : જે કાર્યમાં નિષ્ફળતા મળે તેમ હોય તેવામાં માથું જ ન મારે.

**(૬) अदृढानुशयाः ।**

કદાચ ગુસ્સો આવે તેવા પ્રસંગોમાં પણ તેમના ગુસ્સામાં અનુ-બંધ ન હોય.

**(૭) कृतज्ञतापतयः** કોઈપણ વ્યક્તિનો ઉપકાર તેઓ કદી ન ભૂલે. કૃતજ્ઞતા ગુણને એવો આત્મસાત્ બનાવે કે એ કદી એને છોડે નહિ. તમે જો નોકરને દીકરાની જેમ રાખ્યો હોય તો તે તમને છોડીને કદી જાય ? ગુણો પર કાબુ હોય તો તે કદી આપણને છોડીને ન જાય.

ખરેખર તો ગુણો જ આપણો સાચો પરિવાર છે.

હું આત્મા ! જ્ઞાનાદિ ગુણો મારા ! આવું રોજ સંથારા પોરસીમાં યાદ કરીએ છીએ ને ?

જેને આવી પ્રતીતિ થયેલી હોય તેને કોઈ સ્થાન છોડતાં દુઃખ લાગે ? કાલે જ આ સ્થાન છોડવાનું છે તો દુઃખ થોડું લાગે ?

તે જ રીતે આ શરીર પણ છોડવાનું છે. એમાં દુઃખ શાનું ?

**'यः पश्येन्नित्यमात्मानमनित्यं परसङ्गमम् ।**

જે આત્માને નિત્ય અને પરના સંયોગોને અનિત્ય માને એને મોહ શું કરી શકે ?

સદ્ગુણો આવા શાસ્ત્રોના સ્વધ્યાયથી જ પ્રગટે.

તમે તમારા પુત્રોને જે રીતે નુકશાન ન થાય, ફાયદો જ થાય તેવી સલાહ આપો, તેમ ભગવાને એવા શાસ્ત્રો આપ્યા છે, જેના પાલનથી ફાયદો જ થાય, નુકશાની જરાય ન થાય.

સવારથી સાંજ સુધીના સાધુ જીવનના અનુષ્ઠાનમાં નુકશાની જરાય ખરી ? ક્ષણે ક્ષણે અનંત કર્મો ખપાવી શકો, તેવી અનુષ્ઠાનોમાં શકિત છે.

એક પણ શ્લોક કે પદ પાકું કરી લો, તો એ તમારા માટે આજીવન ભાથું બની જશે.

**પૂ. પં. કીર્તિચન્દ્ર વિજયજી :** કયો શ્લોક આત્મસાત્ બનાવવો ?

**પૂજ્યશ્રી :** ઘણા છે. થોડાક ઉદાહરણ બતાવું ?

**"आया हु मे नाणं .... आया मे संजमे"**

**'एगोऽहं नत्थि मे कोइ।' 'उपयोगो लक्षणम्'**

આવા પદોમાંથી કોઈપણ એકાદ પદ પકડીને તમે તમારી ભાવધારા વિશુદ્ધ બનાવી શકો છો.

**'आया मे सामाइअस्स अट्ठे'** આ કેટલું સુંદર વાક્ય છે. મારું તો બધું ભૂલાઈ ગયું છે, પણ અહીં જે બોલું છું તે તો ભગવાન યાદ કરાવી આપે છે.

◆ આત્મા જ વરરાજા છે. વરરાજા વગરની જાનમાં કદી ગયા છો ? આપણી સાધનાના મૂળમાં મુખ્ય આત્મા જ છે. એને જ આપણે ભૂલી ગયા છીએ.

◆ દુર્ગુણો સાથે એવો વર્તાવ કરો કે પોતાની મેળે સીટ છોડીને ભાગી જાય. અણગમતા મહેમાનો [ક્રોધ આદિ દુર્ગુણો] ને મીઠાઈ ખવડાવતા રહેશો તો તેઓ કદી નહિ જાય.

**જેના ક્રોધાદિ સાજા તેનો આત્મા માંદો.**

**જેના ક્રોધાદિ માંદા તેનો આત્મા સાજો.**

ભગવાનના આ ગુણો સાંભળતાં લાગવું જોઈએ : આવા ગુણો તો ગૃહસ્થપણામાં જ આવી જાય તો કેટલું સારું !

કેટલાક આત્મા જ એવા હોય : સ્વાભાવિક રીતે જ ઓછું બોલવું, જરૂરી જ અર્થસભર બોલવું.

પરોપકાર ભાવ સહજપણે હોવો, દાનાદિના ગુણો હોવા. ગાંધી-ધામવાળા દેવજીભાઈમાં આ બધા ગુણો હતા. ઘણીવાર થાય : આ ગુણો ક્યાંથી આવ્યા હશે ?

નામ પણ 'દેવ !' દેવ જેવા જ ગુણો લઈને આવેલા !

◆ ધર્મરાજાનો સેનાપતિ સમ્યગ્દર્શન છે. મોહરાજાનો સેનાપતિ મિથ્યાદર્શન છે.

સમ્યગ્દર્શનને પ્રધાનતા નહિ આપીએ તો મિથ્યાત્વ દુર્ગતિમાં પટક્યા વિના નહિ રહે.

જીવોની કરુણા અને પ્રભુ-ભક્તિ આ બેથી જ સમ્યગ્દર્શન

પ્રગટે. ભક્તિ પ્રગટે એટલે જીવો પ્રત્યે પ્રેમ જાગે જ. કારણ કે ભગવાન ઉત્તમ ચૈતન્ય છે. એમના પ્રતિ પ્રેમ પ્રગટે એટલે જગતમાં ફેલાયેલા સર્વ ચૈતન્ય પર પ્રેમ પ્રગટે જ.

'ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે.

રાગી સંગે રે રાગ-દશા વધે, થાયે તેણે સંસારોજી.'

નીરાગીથી રે રાગનું જોડવું, લીજે ભવનો પારોજી.

રાગીનો સંગ કરશો તો રાગ વધશે,

ત્યાગીનો સંગ કરશો તો ત્યાગ વધશે.

સંસારમાંથી કદી નીકળવું ન હોયતો જ રાગ દશા વધારજો.

સંસારમાંથી નીકળવું હોય તો વીતરાગનો રાગ કરજો, વ્યક્તિનો નહિ. તદ્‌ગત ગુણોનો રાગ કરજો. એનો રાગ આવતાં જ એ ગુણ તમારો બની જશે. દોષ તરફ ધિક્કાર થતાં જ એ દોષ તમારામાંથી ભાગી જશે. આપણને દોષોને ભગાડવાની ઉતાવળ નથી. કારણકે આપણને વિશ્વાસ છે : દુર્ગતિમાં નથી જ જવાનું ! આપણા ત્યાં કાકા-મામા બેઠેલા છે, જે બચાવી લેશે.

અહીં ૪૦૦ સાધ્વીજી છે. દર વખતે આવો ચાન્સ મળવાનો ? ચાન્સ મળેલો છે તો શા માટે ઉપયોગ ન કરવો ? દોષની હાનિ અને ગુણ-વૃદ્ધિમાટે પ્રયત્ન શા માટે ન કરવો ? અત્યારે નહિ કરીએ તો ક્યારે કરીશું ?

તીર્થંકર ભગવાનનો અદઢ અનુશય હોય. ક્રોધ કદાચ આવે ખરો, પણ હળદરીયા રંગની જેમ ઊડી જાય.

ભગવાન કૃતજ્ઞતાના સ્વામી છે. ઉપકારીને કદી ન ભૂલે. ઉપકારીને ભૂલવાથી એમના દ્વારા આવેલો ગુણ પણ ચાલ્યો જ જાય. ઉપકારીને ભૂલવાથી કયા આચારમાં દોષ લાગે ? દર્શનાચારમાં.

એટલે કે મિથ્યાત્વનો ઉદય હોય તો જ ગુરુનો અપલાપ થાય. ગુરુએ તમને દીક્ષા આપી તમારો સંગ્રહ કર્યો એ જ ગુરુનો મોટો ઉપકાર !

એક નાની ચોપડી કે એક અક્ષર ભણનારનો પણ ઉપકાર ન ભૂલાય તો ગુરુનો ઉપકાર શી રીતે ભૂલાય ?

**(૮) अनुपरतचित्ताः** । ભગવાનનું ચિત્ત કદી ઉત્સાહ રહિત ન

બને, નિરાશ ન બને. એમને એમ ઉત્સાહ વિના તીર્થંકર નામકર્મ નથી બંધાયું. થનગનતો ઉત્સાહ જોઈએ એ માટે. જગતના સર્વ જીવોને તારવા કેટલી ઉર્જા જોઈએ ? એ માટે કેટલો વીર્યોલ્લાસ જોઈએ ?

તીર્થંકર જેવો લોકોત્તર ઉપકાર કોઈ જ ન કરી શકે. સમ્યગ્-જ્ઞાનાદિ આપીને જીવનભર તમારી રક્ષા કરવાની જવાબદારી ભગવાન સિવાય કોણ નિભાવી શકે ?

**તીર્થ ચાલે ત્યાં સુધી ભગવાનનો અનુગ્રહ અખંડ ચાલ્યા જ કરશે. એનો અર્થ એ થયો કે અત્યારે પણ ભગવાન કાળજી રાખી રહ્યા છે. એનો અર્થ એ પણ થયો કે શાસન ભગવાન જ ચલાવી રહ્યા છે. એ જ શાસનની પ્રભાવના કરી રહ્યા છે. આપણે પ્રભાવના કરનાર કોણ ? માત્ર નિમિત્ત બનીએ એટલું જ. આપણે બહુ-બહુ તો માત્ર વાહક બની શકીએ, પણ અંદર વહન થતું તત્ત્વ તો ભગવાનનું જ છે.**

**આવા સદ્ગુણોના ભંડાર આપણને મળ્યા છે, એવું જાણતાં તેમના પ્રત્યે કેવો પ્રેમ છલકાય ?**

(૯) **देवगुरुबहुमानिनः** । - દેવ-ગુરુના બહુમાનથી જ તેઓ સ્વયં પણ આવા ભગવાન બન્યા છે. અરિહંત બનનાર અરિહંતની ઉપાસનાથી જ બનેલા છે. વીશ સ્થાનકમાં પહેલું અરિહંત પદ છે. બાકીના ૧૯માં પણ અરિહંત અનુસ્યૂત છે જ. કોઈ પણ એકને પકડો, અરિહંત આવી જ જશે. માટે જ કોઈપણ એક પદથી પણ તીર્થંકર નામકર્મ બાંધી શકાય.

આ દસે-દસ ગુણો તીર્થંકર બનવાની કળા છે, તીર્થંકર બનવાના બીજો છે.

આ ગુણો ન દેખાતા હોય તો સમજી લેવું : તીર્થંકર પદમાંથી આપણે બકાત થઈ ગયા !

કેટલાકના ગુણો જ એવા હોય, જે જોઈને જ શબ્દ નીકળી જાય : આ તીર્થંકર બનશે. આ તો તીર્થંકરનો આત્મા છે.

(૧૦) **गंभीराशयाः** । પ્રાણ જાય, પણ કોઈના દોષ-દુર્ગુણ કદી કહે જ નહીં, જાણે છતાં ન કહે.

ગંભીર આશય ન હોય તેવા ગુરુ પાસેથી આલોચના ન લેવાય. તેવા ગુરુ ન મળે તો ૧૨ વર્ષ સુધી વાટ જોવાનું શાસ્ત્રમાં કહ્યું છે.

એક વખત હું પણ આવો જ પાપી-દોષી હતો. એવી વિચાર-ણાથી કોઈપણ પ્રત્યે ધિક્કાર નહિ જાગે, ગંભીરતા જળવાઈ રહેશે. ગંભીર આશય મળવો ઘણો મુશ્કેલ છે.

યોગસારમાં તો કહ્યું : ગુણીયલ જનો દ્વિત્રા : બે-ત્રણ જ મળશે. બાકી આખી આ દુનિયા ફાસ-ફુસ છે.

આપણે ક્યાં નંબર લગાડવો છે ?

બીજાના નાના પણ ગુણને પર્વત જેવો માનજો.

પોતાના નાના પણ દોષને પર્વત જેવો માનજો.

તો જ આત્મ-વિકાસની વાટે જઈ શકાશે.

આ હશે તો જ અક્ષુદ્રતા ગુણ આવશે. શ્રાવકનો પહેલો ગુણ અક્ષુદ્રતા છે.

બાહ્ય આચાર-વિચાર અલગ ચીજ છે. અંદરની યોગ્યતા અલગ ચીજ છે. હરિભદ્રસૂરિજી યોગ્યતા પર ભાર મૂકે છે.

અધ્યાત્મનો મને ખૂબ જ શોખ હતો. અને સત્સાહિત્ય ન મળ્યું હોત તો હું પણ ક્યાંક આડા-અવળે માર્ગે ચડી ગયો હોત ! ખેરાગઢમાં મને અધ્યાત્મના ઢગલાબંધ પુસ્તકો મળેલા. તેમાં પાનું ખોલતાં જ વાંચવા મળ્યું : ઉપાદાન તૈયાર કરો. ઉપાદાન જ મુખ્ય છે. ઉપાદાન તૈયાર થશે તો નિમિત્તને આવવું જ પડશે. મેં તરત જ એ ચોપડો બંધ કર્યો ને મેં તેમને કહ્યું : તમારે પણ આ સાહિત્ય કામનું નથી.

મેં તો પૂ. દેવચન્દ્રજીનું સાહિત્ય અગાઉ વાંચેલું જ હતું :

''ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ...''

આવું સાહિત્ય મને ન મળ્યું હોત તો ? આજે હું ક્યાં હોત ?

— x —

**માલશીભાઈ :** અત્યાર સુધી અમે મૂર્ખા એમ જ માનતા હતા કે વાચના સાધુ-સાધ્વીજી માટે જ હોય, પણ અત્યારે વાચના સાંભળતાં લાગ્યું કે અમે ઘણું ચૂકી ગયા.

પૂ. સાધુ-સાધ્વીજીઓ પ્રત્યે મારા તરફથી કોઈપણ અવિનય થયો હોય તો તે બદલ હું મિચ્છામિ દુક્કડં માંગું છું.



જોવાની આંખ હોય તો ચતુર્વિધ સંઘના
એકેક સભ્યમાં ભગવાન દેખાય.

ભા. સુદ-૧૩

૧૧-૯-૨૦૦૦, સોમવાર

***સાત ચોવીશી ધર્મશાળા***

**સાત ચોવીશી ધર્મશાળા-ઉત્તરાર્ધ ચાતુર્માસ-પ્રવેશ.**

**દીપ પ્રાગટ્ય : ધીરૂભાઈ શાહ.**
**(અધ્યક્ષ; ગુજરાત વિધાનસભા)**

**સ્વાગત ગીત : સંગીતકાર આશુ વ્યાસ**

હે.... જિનશાસનના જ્યોતિર્ધર
ને મહિમા અપરંપાર;

**કલાપૂર્ણસૂરીશ્વર ગુરુવરને,**
મારા વંદન વારંવાર...

જિનશાસન શણગાર

**કલાપૂર્ણસૂરિને** હોજો વંદન
વારંવાર... જિનશાસન...

મરુધર દેશ ફલોદી નગરે,
પ્રગટ્યા તેજ સિતારા,

પિતા **પાબુદાનજી** માતા,
**ખમ્માદેવી** ના પ્યારા;

બાળપણામાં ધર્મ-કર્મના ઉચ્ચ મળ્યા સંસ્કારો,
આ સંસારને માંડ્યો છતાંયે, લાગે ઉપાશ્રય પ્યારો,
કરતા એક વિચાર ... **કલાપૂર્ણસૂરિને...**
**કંચન ગુરુજીની** વાણી સુણતાં હૈયું એમનું ડોલે,
આ સંસારની જુઠી માયા, ને મમતાને તોડે;
ત્રીસ વરસની આયુમાં સંયમથી નાતો જોડે,
પત્ની-પુત્રો-સસરા સાથે, આ સંસારને છોડે,
આપ બન્યા અણગાર ... **કલાપૂર્ણસૂરિને...**
**પુરુષાદાણી પાર્શ્વપ્રભુની** ભક્તિથી રંગાયા,
નવકાર મંત્રને જપતાં જપતાં આતમ સિદ્ધિ પાયા;
કર્મઠ સંત **અધ્યાત્મયોગી** શાસનમાં પંકાયા,
**કચ્છ વાગડ દેશોદ્ધારક** છો સહુના લાડકવાયા,
છો ગુણના ભંડાર .... **કલાપૂર્ણસૂરિને...**
**કલાપ્રભસૂરિજી** પાસે જ્ઞાન તણો ભંડાર,
**પંન્યાસ કલ્પતરુ વિજયજી** શાંતિનો અવતાર;
**પંન્યાસ કીર્તિવિજયજી**ના સુણજો સુવિચાર,
**ગણિશ્રી મુક્તિ-પૂર્ણ-મુનિ**ના માથે છે બહુ ભાર,
સહુએ મિલનસાર ... **કલાપૂર્ણસૂરિને...**
જિનશાસનના ધુરંધરો જે આપની માને વાત,
ક્રોધ કષાય-કલેશને સાચે આપે કીધા છે મહાત;
આપના ચરણે સહુ કોઈ આવે નહીં કોઈ નાત કે જાત,
તમે અમારા માત પિતા છો તમે અમારા તાત,
કીધા છે ઉપકાર ... **કલાપૂર્ણસૂરિને...**
પાલીતાણામાં આપ પધાર્યા જાગ્યા ભાગ્ય અમારા,
જીવન નૈયા સોંપી તમને આપ છો તારણહારા;
કઠપૂતળીના નાટક જેવા આ જીવન છે અમારા,

આ જીવનમાં મોહ ને માયાના દીસે અંધારા,
નયને અશ્રુધાર ...**કલાપૂર્ણસૂરિને**...
સાધુ સાધ્વી ચારસો સાઈઠ ને સોળસો આરાધક,
**કલાપૂર્ણસૂરિજી** મળીયા, એક સાચા ઉદ્ધારક;
આ દુનિયામાં સિદ્ધગિરિ જે ભવ્ય જીવોના તારક,
ગુરુજી અમને સંયમ લેવા આપ બનાવો લાયક,
સપનું કરો સાકાર ...**કલાપૂર્ણસૂરિને**...
**કલાપૂર્ણસૂરિજીનો** હું છું ચરણોનો દાસ,
આપે **આશુના** જીવનમાં પાથર્યો છે અજવાસ;
દૂધ-પાણી સમ પ્રીત છે મારી જેમ માખણ ને છાસ,
આપના ઉપકારે ગાજે છે આજે **આશુ વ્યાસ,**
નહીં ભૂલું ઉપકાર ...**કલાપૂર્ણસૂરિને**...
આપના પગલે પાવન થઈ ખીમઈબાઈ ધર્મશાળા,
અહીં આરાધક આવ્યા એમના ઘેર લગાવી તાળા;
કાલે ઉપવન ઉજડી જાશે, થાશે સુના માળા,
આજ અમારા નયને વરસે આંસુડાની ધારા,
કરજો કાંઈ વિચાર ...**કલાપૂર્ણસૂરિને**...
**સિદ્ધગિરિએ** આપ પધાર્યા, આનંદ મંગળ થાય,
બે બે મહિના કયાં વીત્યા છે, અમને ના સમજાય;
કાળજા કેરો કટકો નહિ પણ, કાળજું છુટી જાય,
અમ હૈયામાં આપ બિરાજ્યા ના લેશો વિદાય
વિનંતી વારંવાર ...**કલાપૂર્ણસૂરિને**...

સંચાલન : પ્રભુલાલ કે. સંઘવી.

**પૂજ્ય આચાર્ય શ્રી વિજય જગવલ્લભસૂરિજી :**

**જેમના હૃદયમાં ભક્તિ અને કરુણાની ધારા નિરંતર વહી રહી છે,તેવા પૂ. આચાર્યશ્રીના સ્પર્શથી પાપી પણ પાવન બને છે.**

જગતને પાવન કરનારી વિશ્વની આ મહાન વિભૂતિનું અહીં પદાર્પણ થઇ રહ્યું છે.

"ચિરંજીવો આ મહાપુરુષ ! અમને પાવન કરતા રહો." એવી હૃદયની ભાવના છે.

ગયા વર્ષે બીલીમોરામાં હતા ત્યારે આ પૂજ્યશ્રી મળેલા. મને એવી અપેક્ષા ન્હોતી છતાં સાંજે વિહાર વખતે પૂજ્યશ્રીએ ખાસ કહ્યું : વિહાર કરવાનો નથી, પણ રાત્રે રહેવાનું છે. પૂજ્યશ્રીએ રાત્રે મને ખૂબ જ યાદગાર હિતશિક્ષા આપી.

પૂજ્યશ્રી જ્યાં સુધી જીવશે ત્યાં સુધી જગતને પાવન કરતા રહેશે.

હે ગુરુદેવ ! **शतं जीव शरदः ।** આટલું જ કહીને હું વિરમીશ.

**પૂજ્ય આચાર્ય શ્રી હેમચન્દ્રસાગરસૂરિજી :**

અષાઢ સુદ-૧૧નો દિવસ ! અનેક પૂ. આચાર્ય ભગવંતો સાથે ચાતુર્માસ પ્રવેશનો અવસર !

તળેટીના પટાંગણમાં સામુદાયિક ચૈત્યવંદન ! ત્યારે જ વિરાટ માનવ-મેદનીનું અદ્‌ભુત દૃશ્ય સર્જાયું.

ત્યાર પછી ચાતુર્માસમાં અનેક અનુષ્ઠાનો થયા. ધીરુભાઈ ! પર્યુષણ પહેલાના એકાદ રવિવારે આવ્યા હોત તો ક્યારેય જોવા ન મળે તેવી જાહોજલાલી જોવા મળત. તમે મોડા પડ્યા.

આ જાહોજલાલી ક્યાંથી આવી ? આ જાજરમાન વ્યક્તિત્વ જ એનું મૂળ છે.

ઘીનો ડબ્બો લઈ જટાશંકર ગાડીમાં ઊભો. ફાળીયા સાથે ડબ્બો બાંધી સાંકળ સાથે બાંધતાં ટ્રેન ઊભી રહી. આથી પેલાને ડ્રાઇવરે પૂછ્યું : 'ડબ્બો કેમ લગાવ્યો ? તારા લીધે ગાડી ઊભી રહી ગઈ."

'રહી જ જાયને ? ચોખ્ખા ઘીનો ડબ્બો છે.' જટાશંકરે કહ્યું :

આવા પુણ્ય પુરુષ હોય ને અહીં જાહોજલાલી ન જામે તો ક્યાં જામે ?

પૂજ્યશ્રીના આકર્ષણથી જ અહીં અમે ચાતુર્માસ કર્યું છે. નહિ

તો બીજે કરવા વિચારેલું.

પૂજ્ય આચાર્યશ્રીને હું કહીશ : હવે તો આપ સાવ જ નજીક આવ્યા છો. [સાત ચોવીશી ધર્મશાળા પન્ના-રૂપાની બાજુમાં જ છે. પૂ. હેમચન્દ્રસાગરસૂરિજીનું ચાતુર્માસ પન્ના-રૂપામાં હતું.] મારવાડના છો પણ જરાય કંજૂસાઈ નહિ કરતા.

ધુરંધર વિ. મ. : મારવાડી તો ઉદાર હોય.

**પૂ. આચાર્ય વિજય કીર્તિસેનસૂરિજી :**

**જેના પ્રત્યેક શ્વાસમાં, ત્રણેય યોગોમાં, પાંચેય ઈન્દ્રિયોમાં, સાતેય ધાતુઓમાં અસંખ્ય આત્મપ્રદેશોમાં જિનભક્તિ અને જીવમૈત્રી રમતા હોય એવા આ પુણ્યપુરુષ પૂજ્ય આચાર્યશ્રી છે.**

આ દશ્ય જોઈને વિચાર આવે : એક વ્યક્તિની કેટલી તાકાત ?

પૂજ્યશ્રીની વાચનામાં એક વખતે સાંભળેલું : ''સર્વાર્થસિદ્ધથી માંડીને નિગોદના જીવોમાંથી એક જીવના એક પણ પ્રદેશની પીડા તે આપણા સૌની પીડા છે, એમ લાગવું જોઈએ.'' આ છે જીવમૈત્રીની પરાકાષ્ઠા !

આવા પુણ્યપુરુષ સાથે આપણે પણ જલ્દી મુક્તિમાં જઈએ, તેવી આશા-અપેક્ષા સાથે.

**પૂજ્ય મુનિશ્રી ધુરંધરવિજયજી :**

વાગડ સાત ચોવીશી ધર્મશાળા !

આ તો અમારા માટે તીર્થસ્થળ બની ગયું છે !

જ્યાં ચતુર્વિધ સંઘના બધા જ સભ્યો અનેકવાર એકઠા થયા છે. આ તો સમવસરણ હતું, જે વારંવાર રચાયું. સમવસરણ ત્યાં જ રચાય જ્યાં ભગવાન હાજર હોય.

**પૂજ્ય કલાપૂર્ણસૂરિજીએ જન્માંતરીય સાધના દ્વારા ભગવાન સાથેની એકતા સિદ્ધ કરી છે. દેહ એમનો છે દેખાવમાં, પણ ભીતર ભગવાન બિરાજમાન છે.**

**આ પ્રભાવ વ્યક્તિનો નથી, એમનામાં રહેલા ભગવાનનો છે. એ વિના આટલો પ્રભાવ સંભવી શકે નહિ.**

પૂજ્યશ્રીનો એક જ પ્રયાસ છે : ભગવાનનું શુદ્ધ સ્વરૂપ આપણામાં પ્રગટે. આ શુદ્ધ સ્વરૂપ આપણે નથી મેળવ્યું, માટે જ ભટકીએ છીએ.

ભગવાન સર્વત્ર છે જ, માત્ર એની અનુભૂતિની જરૂર છે. જો એ થઈ જાય તો કોઈપણ દર્દ કે દુઃખ રહી શકે નહિ.

પૌદ્ગલિકતાના આજના વાતાવરણમાં અહંકાર તીવ્ર છે. એના માટે નમસ્કાર ભાવની તીવ્ર જરૂર છે. એ મિશન લઈને જ પૂજ્યશ્રી બેઠા છે.

એમનો અવાજ ન પહોંચે, છતાં તમે શાન્તિથી બેઠા છો, તે ભીતર ભગવાનનો વાસ છે, એના પ્રભાવે.

**માત્ર કલાપૂર્ણસૂરિને નહિ, એમની ભીતર ભગવાનને જુઓ. અચેતન પત્થરમાં ભગવાન જોવાય તો સચેતનમાં ભગવાન શા માટે ન જોવાય ?** તેઓશ્રી આ જ આપવા માંગે છે. તો જ ઋણમુક્તિ થઈ શકે.

''પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસેથી જે મળ્યું છે, તે સૌને આપવાનું છે. તો જ ઋણમુક્તિ થશે.'' એમ પૂજ્યશ્રીએ એક વખત ખાસ મને કહેલું.

વિ. સં. ૨૦૪૪ ના સંમેલનમાં પૂજ્યશ્રી શરૂઆત થતાં પહેલા જ ૧૨ નવકાર ગણવાનું કહેતા. ૧૨ નવકાર એટલે જ સમવસરણ. ત્રણ પ્રદક્ષિણા વખતે ૧-૧ નવકાર ગણતાં ૧૨ થાય. ૧૨ નવકારનું એટલે જ મહત્ત્વ છે.

બબ્બે સમાજના એક માત્ર ગુરુદેવ સાચા ત્યારે જ ગણાશે જ્યારે એમના મિશનને તમે ઓળખો.

**મારા પ્રગુરુદેવ પૂજ્ય પં. ભદ્રંકર વિ. મ. નો ધ્યેય હતો : કઈ રીતે આ શ્રમણ સંઘ એક થાય ?**

**આ ધ્યેય આ પૂજ્યશ્રીએ પૂર્ણ કરવાનો છે. એ માટે પૂજ્યશ્રીએ ૧૦૦ વર્ષ સુધી જીવવાનું છે. ત્યાર પછી મોક્ષ માર્ગે એમને જવું હોય તો ભલે જાય.**

**પૂજ્ય ભાનુચન્દ્રસૂરિજી :**

ભાગ્યશાળીઓ ! કેવા પુણ્યશાળી છીએ ? માનવ-ભવ, જૈનકુળ

આદિ મળ્યા પછી કલાપૂર્ણસૂરિજી જેવા સદ્ગુરુની પ્રાપ્તિ થઈ.

પૂર્વભવની પ્રચંડ પુણ્યાઈથી જ આવું મળે. માત્ર મળવાથી કાંઈ ન વળે. પણ મળ્યા પછી પૂજ્યશ્રીના અંતરના ઉદ્ગાર સમજવાના છે.

શાસ્ત્ર પ્રમાણે બોલનાર આચાર્ય ભગવંત તીર્થંકર તુલ્ય છે. એની ઝાંખી મને અહીં દેખાય છે.

આવી પુણ્યાઈ ક્યાંય જોઈ નથી.

આવા મહાન આચાર્યશ્રીના આશીર્વાદ મેળવવા આપણે સૌ તલસીએ તે સ્વાભાવિક છે.

**◆ પૂજ્યશ્રીની વાચનાનું તારણ મેં આ પ્રમાણે કાઢ્યું છે :**

**૧. સકલ સંઘનો યોગ-ક્ષેમ થવો જોઈએ. નવકારનો જાપ કરવાથી જ યોગ-ક્ષેમ થશે.**

**૨. સૌ ગુણના અનુરાગી બનો. નાનો સભ્ય પણ કોઈક ગુણ તો ધરાવતો જ હશે. એની ઉપબૃંહણા કરો.**

**આ ગુણ આવી જાય તો એકતાની ઝંખના છે, તે સાકાર થયા વિના રહે નહિ.**

**૩. સકલ સંઘ જિનવાણીનું શ્રવણ કરે. એનાથી ઉણપ દૂર થશે.**

**પૂજ્યશ્રીની વાચનાનો સાર મૂક્યો છે.**

પૂજ્યશ્રીના અંતરની આ જ ભાવના છે.

આને આચરણમાં મૂકીને જીવનને મંગળમય બનાવીએ.

**અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યશ્રી...**

ખરેખર તમે બધા સમય કાઢીને સૌ ઉપસ્થિત થયા છો. કોઈ વિશિષ્ટ પ્રસંગ નથી. માત્ર ધર્મશાળા બદલાવી છે.

ગુરુતત્ત્વ પ્રત્યેની લાગણી જોઈ હૃદય નાચી ઊઠે છે.

અમે પણ તમારા સૌના દર્શન કરીને તૃપ્ત બનીએ છીએ. દેવ અને ગુરુ પ્રત્યેની લાગણીના દર્શન કરીએ છીએ.

**અહીંની જાહોજલાલીનું મુખ્ય કારણ આદીશ્વર દાદા છે. કૃશ કાયાવાળી એક વ્યક્તિ શું કરી શકે ? દાદાનો જ આ પ્રભાવ છે.**

આ આચાર્ય ભગવંતોએ જે ઉદ્ગારો કાઢ્યા છે તે પરથી જણાય છે : તે બધાને અસર થઈ છે.

તમે તો વર્ષોથી પાસે છો છતાં અસર કેમ નહિ ?

કદાચ મારામાં જ ખામી હશે.

મૈત્રી ભાવની સિદ્ધિ થયેલી હોય તેને જોઈ વેરી પ્રાણી વેરભાવ ભૂલી જાય, ને તમે હજુ મૈત્રી કેળવી શકતા નથી, એટલે હું માનું છું : મારી સાધનામાં જ ખામી છે.

હમણા જે મહાત્માઓએ ઉદ્ગાર કાઢ્યા. એમણે કહેલા શબ્દો ફળો !

મારા હૃદયમાં તીર્થંકર ભગવંત પ્રતિષ્ઠિત થાઓ.

સામાન્ય રીતે એકનું ગુણગાન થાય તો બીજાનું ગૌરવ હણાતું હોય તેમ બીજાને લાગે છે, છતાં અહીં બધા મહાત્માઓએ મન મૂકીને ગુણગાન કર્યા. મને પોતાને આશ્ચર્ય લાગે છે : એવું આ કૃશકાયામાં શું જોયું ?

ભગવાન આજે પણ છે, પણ ક્યાં છે ? આવા આચાર્ય ભગવંત [દીક્ષા પર્યાયમાં કોઈ મારાથી મોટા પણ હશે.] આવા ઉદ્ગારો કાઢે ત્યારે મારે સમજવું પડે : જૈન-શાસન અદ્ભુત છે.

એકતાનું આ વાતાવરણ છુટા પડ્યા પછી પણ જવાનું નથી, ચાલુ જ રહેશે.

ભગવાન આજે પણ છે, પરંતુ ક્યાં છે ?

એકેક ઘટમાં તે વસે છે, પણ આપણે જ સન્મુખ થતા નથી.

**ભગવાનની આ મૂર્તિ માત્ર મૂર્તિ છે ? આ નવકાર માત્ર અક્ષરો છે ? આ તો સાક્ષાત્ સર્વજ્ઞ અને સર્વગ ભગવાન છે. એ ચતુર્વિધ સંઘમાં પણ ભગવાન કેમ ન હોય ? જોવાની આંખ હોય તો એકેક સભ્યમાં ભગવાન દેખાય.**

આ દૃષ્ટિ ખીલવવા માટે તમે પ્રયત્નશીલ બનજો.

આ ધર્મશાળામાં અનેકોનો ભોગ છે. હવે એનો સદુપયોગ કેટલો સુંદર થઈ રહ્યો છે ? તે તમે જુઓ છો ને ?

લાભ લેનારને કેટલું પુણ્ય થયું તે દેખાય છે ને ?

આ ધર્મશાળાના નિર્માણમાં તમારું કાંઈ બાકી હોય તો દિલ ખોલીને આમાં સહયોગ આપજો.

દબાણથી આપો તો ટેન્શન કહેવાય.

ભાવથી કરો તો દાન કહેવાય.

જિનવાણીનું અમૃત પીવા માટે આપણે ગુરુ ભગવંતને બોલાવીએ છીએ. તો તમે જિનવાણી શ્રવણ કરીને ગુરુનો સમાગમ સફળ બનાવજો.

[અંબાબેન વેલજી મલુકચંદ તરફથી ચાતુર્માસ ફંડમાં

૧૧નું દાન. મુખ્ય દાતા તરીકેનું બિરૂદ.]

**ધીરૂભાઈ શાહ** : [અધ્યક્ષ. ગુજરાત વિધાન સભા.]

પૂજ્ય આચાર્યશ્રીઓએ કહ્યા પછી મારે કાંઈ કહેવાનું રહેતું નથી. કારણ કે હું ગુજરાત વિધાન સભાનો અધ્યક્ષ છું.

પણ અહીં ધર્મ સંસદ છે. એમના અધ્યક્ષ [પૂજ્યશ્રી] અહીં બિરાજમાન છે.

ત્યાં તોફાન થાય તો ઘણી મુશ્કેલી થાય. તેમને સમજાવવા નિયમ ટાંકવો પડે. પણ અહીં ગુરુદેવે નિયમ ટાંક્યો : મારી જ ઊણપ છે.

વાગડ સાત ચોવીશી સમાજ નક્કી કરી લે : હવે પછી કલાકો સુધી આવવાનું કોઈ પ્રયોજન નહિ પડે.

''હવે કંજુસાઈ નહિ કરતા.'' – આમ કહેનાર ઓ હેમચન્દ્ર સાગરસૂરિજી !

અમારો સમાજ કંજુસ હતો. આ પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં શંખેશ્વરમાં પાઠશાળામાટે એક લાખનો ફંડ થયો તો અમે ફુલાઈ ગયેલા.

**અમે પાલીતાણામાં સરનામા વગરના હતા. તે સરનામું [ધર્મશાળા] આ પૂ. આચાર્યશ્રીની કૃપાથી મળ્યું છે.**

બીજા સાથે આ સમાજ હવે ખભે-ખભા મિલાવીને ચાલતો થયો છે.

અમારી ભૂલો તો ઘણી છે. અમારી ઘણી ખામી છે. એમાંથી છુટવાનો પ્રયાસ કરીએ છીએ.

આ માત્ર ધર્મશાળાનો પ્રવેશ નથી, ગયા વર્ષે વાગડમાં પ્રવેશ

કર્યો ત્યારે ૬૫ ગામની ભાવના હતી કે અમારે ત્યાં ચાતુર્માસ થાય.

અહીં ૬૫ ગામ હાજર છે. એટલે ૬૫ ગામોમાં પ્રવેશ થયો છે, એમ હું કહું છું. [તાળીઓ]

ઓસવાળ સમાજે બે મહિના સુધી ચાતુર્માસની જે રંગત ઊભી કરી, તે અદ્‌ભુત હતી. મને દરેક સમાચાર મળતા હતા.

શ્રી સકલ સંઘ દર રવિવારે એકઠો થતો હતો તે ન જોઈને મેં એક તક ગુમાવી છે, એ ખરી વાત છે.

પૂજ્યશ્રીએ જે એકતાનું અભિયાન ઊપાડયું છે તે સફળ થાય. જૈનો એક થાય તો અનેક પ્રશ્નો હલ થઈ શકે.

એકાદ વર્ષ પહેલા બકરી ઈદના દિવસે મહાવીર જયંતિ હતી. તે દિવસે કતલખાના શી રીતે બંધ થાય ? ત્યારે મહારાષ્ટ્ર છોડી પૂજ્યશ્રી ગુજરાત તરફ આવતા હતા, હું પૂજ્યશ્રી પાસે આશીર્વાદ લેવા ગયો.

પૂજ્યશ્રીના આશીર્વાદથી ૫૦ વર્ષમાં આ ઈતિહાસ બન્યો : જ્યારે ઈદના દિવસે કતલખાના બંધ રહ્યા.

→ પૂજ્યશ્રીની કૃપાથી ગુજરાત વિધાનસભામાં માંસાહારી કેન્ટીન બંધ કરાવી.

→ પાંજરાપોળ માટે ઢોર દીઠ સબસીડી ૬ માંથી ૮, ૮માંથી ૧૦ રૂપિયા થયા, આ પૂજ્યશ્રીનો પ્રભાવ છે.

આ શક્ય ન્હોતું છતાં થઈ શક્યું. ''અમારા પૂજ્ય આચાર્યશ્રીની વાત સ્વીકારો તો અમારો સમાજ રાજી થશે.'' એવી કેશુભાઈને વાત કરતાં તેમણે તરત જ સ્વીકારી.

અમે અહીં સૌ પૂજ્યોનું સ્વાગત કરીએ છીએ.

બન્ને સમાજ પર આપની કૃપા વરસતી રહે, એ જ ભાવના.

અમે ક્યાંક ચૂકીએ તો આપ ટકોર કરશો. અમને ફેરવતા રહેશો. અકબર બીરબલનો એક પ્રસંગ યાદ આવે છે.

**અકબરે પૂછયું :** ભાખરી કેમ બળી ગઈ ?
દશેરાના દિવસે ઘોડો કેમ દોડયો નહિ ?
શરીર કેમ દુઃખવા લાગ્યું ?

ત્રણેનો એક જ જવાબ બીરબલે આપ્યો : ફેરવ્યા વગર.

હે પૂજ્યશ્રી... ! આપ અમને ફેરવ્યા કરો, જેથી અમે બગડી ન જઈએ.

ગાંધીધામ જૈન સંઘે મને કહ્યું કે, આગામી ચાતુર્માસ માટે પધારો. હું ગાંધીધામ સંઘ વતી વિનંતિ કરું છું. આપ આગામી ચાતુર્માસનો લાભ ગાંધીધામ સંઘને આપો.

ધીરૂભાઈ વેલજીભાઈ મલુકચંદભાઈએ સુંદર અનુમોદનીય કાર્ય કર્યું છે. પાલીતાણામાં શ્રેષ્ઠ ધર્મશાળા તરીકે આ સાત ચોવીશી ધર્મશાળા ગણાય, તેવી મારી ઝંખના છે.

સકલ આચાર્ય ભગવંતોએ જે પૂજ્યશ્રીમાં ભગવાનના દર્શન કર્યા, એવા આચાર્ય ભગવંત આપણને મળ્યા છે, તેનું અમને ગૌરવ છે.

પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં મળેલા આ સમયનો સદુપયોગ નહિ કરીએ તો એ [સમય] આપણને ઠુકરાવીને ચાલ્યો જશે.

**A. D. Mehta :**

પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં ૧૯૯૧માં અહીં ભૂમિપૂજન થયેલું. અહીંની લગભગ બધી જ જરૂરિયાત પૂરી થઈ ગઈ છે, પણ હવે અહીં સુંદર જિનાલયનું નિર્માણ થાય તેવા પૂજ્યશ્રી તરફથી આશીર્વાદ મળે, એવી હું પૂજ્યશ્રીને પ્રાર્થના કરું છું.

ઉગરચંદ ગઢેચા :

**A. D. Mehta** ની ભાવના પૂર્ણ થાઓ.

**માલશી મેઘજી :**

પહેલા હું ખુલાસો કરી દઉં : બન્ને સમાજના ગુરુ એક છે. નાના-મોટાનો ભેદ ભૂલી આપણે એક બનીને કામ કરીએ, એવી તમન્ના છે.

વાગડનું કટારીઆ તીર્થ આપણે સાથે મળીને સુંદર સુવ્યવસ્થિત બનાવીએ તેવી અપેક્ષા છે.

**પૂજ્ય આચાર્ય શ્રી વિજય કલાપ્રભસૂરિજી :**

અહીંના ચાતુર્માસ પ્રવેશ પછી પાંચ - પાંચ રવિવારનો કાર્યક્રમ

અહીં થયો છે. લગભગ પ્રવક્તાઓએ પ્રવચન આપ્યું છે. ફક્ત હું જ બાકી રહ્યો છું.

આજે ૦।। કલાક બોલવું હતું, પણ ગળું સાથ આપે તેમ નથી.

આજે અરસ - પરસ વાતો કરવી છે. અમારી કેટલીક વાતો તમારા સુધી પહોંચી નથી.

**આ સમાજની સાથે અમારો સંબંધ બચપણનો છે. જો કે અમારી જન્મભૂમિ મારવાડ છે, પણ કર્મભૂમિ વાગડ છે. સાચે જ આ સમાજ સાથેનો અમારો ઋણાનુબંધ છે. પૂ. કનકસૂરિજી વખતે આ સમાજ સાથે પરિચય થયો.**

મારી ઉંમર દીક્ષા વખતે ૧૦ વર્ષની હતી, નાના ભાઈની ૮ વર્ષની અને પૂજ્યશ્રીની ૩૦ વર્ષની હતી.

નાનપણથી જ અમને આ સમાજનો પ્રત્યેક સભ્ય ઓળખે.

કલાપ્રભવિજયજી કહો તો કોઈ ન ઓળખે, પણ ભાઈ મહારાજ બોલો તો બાળકથી માંડીને બૂઢા બધા ઓળખે.

આ સમાજની ગંભીર સ્થિતિઓ અમે જોઈ છે. ઓસવાળ સમાજની હરોળમાં બેસી શકે તેવી સ્થિતિ સાત ચોવીશી સમાજની આજે બની છે તે ગુરુ-ભક્તિના મીઠા ફળો છે.

આટલી વિશાળ પટ્ટાંગણવાળી આ ધર્મશાળા પાલીતાણામાં એક જ છે. ૬૫ ગામ એકી સાથે આવે તો રાખી શકો, એવી વિશાળ આ ધર્મશાળા હજુ કેમ ન બને ?

ખીમઈબેનમાં ૩૭૫ ઠાણા રહેલા, અહીં ૨૫૦ પણ નથી.

ખીમઈ ધર્મશાળામાં પાછળનું આરાધના ભવન માત્ર ત્રણ મહિનામાં ૫૫ લાખના ખર્ચે ઊભું થયેલું છે. અર્ધો કલાકમાં જ ૫૫ લાખની જગ્યાએ એક ક્રોડ રૂપિયા થઈ ગયેલા.

અર્ધો કલાક સમય લઈને ધર્મશાળામાં જે કાંઈ ખૂટે છે, તે પૂરું કરી નાખજો.

બીજી વખત ચાતુર્માસ થશે ત્યારે તો આખી આ ધર્મશાળાનું કાયાપલટ થઈ ગયું હશે !



ભા. સુદ-૧૩

૧૧-૯-૨૦૦૦, સોમવાર

સાત ચોવીશી ધર્મશાળા

કારણો ઠીક કરો. કાર્ય ઠીક થઈ જ રહેશે.
સાધના કરો. સિદ્ધિ મળી જ રહેશે.

◆ પરમ પુણ્યોદયે આપણે આ સંઘના સભ્ય વ્યવહારથી બન્યા છીએ. ભાવથી બની જઈએ તો કામ થઈ જાય.

વ્યવહાર કારણ છે, નિશ્ચય કાર્ય છે.

કારણ બે છે : ઉપાદાન, નિમિત્ત. બન્ને સાથે મળે તો જ કાર્ય-સિદ્ધિ થાય. લૌકિક કે લોકોત્તર કારણની સિદ્ધિ તો જ થાય. એ વિના કુંભાર પણ ઘડો ન બનાવી શકે કે મહિલા પણ રોટલી ન બનાવી શકે. કારણની સામગ્રી એકઠી ન થાય તો કાર્ય-સિદ્ધિ કદી ન થાય.

આપણો આત્મા ઉપાદાન કારણ છે. મોક્ષ કાર્ય છે. પણ એ કાર્ય ક્યારે સંપન્ન થાય ?

આજ સુધી આ તીર્થના

આલંબનથી અનંતા જીવોએ મોક્ષરૂપ કાર્ય સિદ્ધ કર્યું છે. જ્યાં સુધી મોક્ષરૂપી કાર્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી જંપીને બેસવું નથી, એવો નિર્ણય કરો. **મોક્ષ ભલે કાર્ય હોય, પણ કાર્ય પાછળ ન દોડાય. તૃપ્તિ ભલે કાર્ય હોય, પણ તૃપ્તિ પાછળ ન દોડાય. ભોજન કે પાણી પાછળ દોડાય. ભોજન-પાણી મળ્યા પછી તૃપ્તિ મળે જ. મોક્ષની સાધનાની પાછળ દોડીએ તો મોક્ષ મળે જ. કાર્ય તો કારણરૂપી કડીમાંથી ખુલતું ફૂલ છે. કારણને ઠીક કરો. કાર્ય ઠીક થઈ જ રહેશે. સાધના કરો, સિદ્ધિ મળી જ રહેશે.**

જે ભૂમિકાએ આપણે રહેલા છીએ તે ભૂમિકાનું [શ્રાવક કે સાધુનું] અનુષ્ઠાન કરતા રહો તો સિદ્ધિ મળશે જ.

◆ ગણધરોએ ભગવાનમાં જ્યારે ભગવત્તા જોઈ ત્યારે તેમણે પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું, માત્ર બે-ચાર કલાક કે બે-ચાર દિવસ નહિ. સંપૂર્ણ જીવનનું સમર્પણ એ સૌથી મોટું સમર્પણ છે.

તીર્થંકરની બરાબરી તો શું, એમનું વર્ણન પણ કોણ કરી શકે ?

તીર્થંકરના ૧૦ વિશિષ્ટ ગુણો આપણે ગઈ કાલે જોયા તે યાદ છે ને ? ફરીથી એ હરિભદ્રસૂરિજીના શબ્દો જોઈ લો.

**आकालमेते परार्थव्यसनिनः १, उपसर्जनीकृतस्वार्थभावाः २, उचितक्रिया-वन्तः ३, अदीनभावाः ४, सफलारम्भिणः ५, अदृढानुशयाः ६, कृतज्ञताप-तयः ७, अनुपहतचित्ताः ७, देवगुरुबहुमानिनः ९, तथा गम्भीराशयाः १० ।**

આ કોઈ શબ્દોના સાથિયા નથી, વાસ્તવિકતા છે. આ ૧૦ ગુણ બીજરૂપ હોય તો જ વૃક્ષરૂપે ક્યારેક બહાર આવે.

સ્વાર્થ છોડીને પરાર્થ શરૂ થાય ત્યારથી ધર્મ શરૂ થાય. માટે જ તો જયવીયરાયમાં **'परत्थकरणं च'** પરાર્થ-કરણની પ્રભુ પાસે આપણે રોજ યાચના કરીએ છીએ.

અનાદિથી જીવ સ્વાર્થમાં ટેવાયેલો છે. વાચનામાં આવવું હોય તો પહેલાં કોની જગ્યાનું વિચારીએ ? કોશીશ તો એવી જ કે મને જ એકલાને બેસવા મળે ! બીજાનું થવું હોય તે થાય ! ઠેઠ નિગોદમાં પણ એવી ભાવના હતી : બીજા બધા મરી જાય, હું જ એક જીવું ! આ જ ભાવનાથી સગા બે ભાઈ પણ પરસ્પર વિચારે : મને જ બધું મળી

જાય, બીજો ભલે મરી જાય. ન મરતો હોય તો હું મારી નાખું.

પેલી વાર્તા સાંભળી છે ને ? બે ભાઈઓ સંપત્તિ કમાઈને સ્વગામ પાછા આવતા'તા. રસ્તામાં બન્નેએ એકબીજાને મારવાનું વિચાર્યું : એક ઝેરવાળી મીઠાઈ લાવેલો. બીજો સૂતેલાને મારીને મીઠાઈ ખાવા બેઠો. બન્ને મરી ગયા.

આ જ સ્વાર્થ ભાવ છે ! બીજા બધાને મારી નાખી હું એકલો જ ભોગવું. આ તીવ્રતર સ્વાર્થભાવ છે. આ જ સહજમળ છે. આ વૃત્તિ જ આપણા મોક્ષને અટકાવે છે. આ જ સતત કર્મબંધ કરાવે છે. આ જ વૃત્તિ આપણને દુઃખી બનાવે છે. વસ્તુતઃ આપણો જ આત્મા આપણને દુઃખી બનાવે છે.

◆ કૃતજ્ઞતા અને પરોપકાર એ બે ગુણો જ માનવ-જીવનની શોભા છે. એનાથી જ ધરતી ટકી રહી છે.

ઉપકાર ન થાય, નાનું મોટું પણ બીજાનું કામ ન કરું ત્યાં સુધી ભોજન નહિ કરું, આવો નિયમ આપણે કરીશું ?

પરોપકારની ભાવના જ નહિ, વ્યસન જોઈશે. રસ જોઈશે. એના વિના ચાલે નહિ, એવું જીવન જોઈએ.

(૧) **देवगुरुबहुमानिनः** । તીર્થંકર સ્વયં પણ અન્ય ભવોમાં આવા ગુણો માટેનું બળ દેવ અને ગુરુ પાસેથી જ મેળવે છે. નમસ્કારથી જ પરમની શક્તિ આપણામાં અવતરે છે.

**આપણી સમગ્ર ક્રિયા નમસ્કારથી ભરેલી છે. જો ભાવપૂર્વક કરવામાં આવે તો પરમનું અવતરણ થાય જ. યોગોદ્વહનમાં શું છે ? એકેક ખમાસમણું નમસ્કારભાવ પેદા કરાવનારું છે. પરમના અવ-તરણનું કારણ છે.**

**गुरु बहुमाणो मोक्खो** । ભગવાન હજુ મોડા પડે, પણ ગુરુ પહેલા મળે. રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન તો પછી મળે, પહેલા સચિવને મળવું પડે. તેમ ભગવાનને મળવું હોય તો ગુરુને મળવું પડે.

નયસારના ભવમાં ગુરુનું બહુમાન કર્યું તો શું મળ્યું ? ગુરુ સ્વયં ભગવાન થયા હશે કે નહિ તે ખબર નથી, પણ નયસાર ભગવાન બની ગયો.

નવા સાધકો ક્યારેક મારી પાસે આવતા હોય છે, સાચું માર્ગ-દર્શન મેળવીને એવી ધન્યતા વ્યક્ત કરે : ઓહ ! આજે મારું જીવન સફળ બની ગયું ! હું ધન્ય બની ગયો !

વધુ નમ્રતા આવે તેમ વધુ ને વધુ ગુણો આવે.

જે ગુણ ખુટતો જણાય તે ગુણ મેળવવાનો સંકલ્પ કરી, તેના ધારકોને વંદન કરતા જાવ. તે ગુણ આવશે જ.

'ભગવન્ ! મને દાસત્વ આપો.' એવી નમ્ર-ભાવે ગણધરોએ યાચના કરી છે. ભગવાને ના પાડી ?

આપણે કદી યાચના કરી ? ઘણીવાર ભગવાન મળ્યા હશે, પણ આપણે દીન બનીને યાચના નહિ કરી હોય, અક્કડ રહ્યા હોઈશું.

આજે સવારે આચાર્ય ભગવંતોએ કેવા આશીર્વાદ આપ્યા ? જોકે આચાર્ય ભગવંતોએ શુભેચ્છા વ્યક્ત કરી, પણ મારા માટે તો એ આશીર્વાદ બન્યા. મારામાં આવા ગુણો આવે તો સારું ! એમ મેં ત્યારે ઈચ્છા કરેલી ! કોઈપણ પ્રશંસા કરે ત્યારે એ ગુણો મારામાં છે એમ નહિ માનતા, પણ એ ગુણો ભાવિમાં આવી જાય, એમ માનજો.

દીક્ષા લેવાના કોઈ જ મારા ભાવ ન્હોતા, છતાં લોકોમાં ત્યારે એવી વાતો ચાલતી : અક્ષય દીક્ષા લેવાનો છે. હું ત્યારે વિચારતો : લોકોના ભાવ સફળ થાય. અને મને ખરેખર દીક્ષા મળી.

(૧૦) **गम्भीराशयाः** । પરોપકારથી ગુણોનો પ્રારંભ થાય. છેલ્લે દેવ-ગુરુના બહુમાનથી ગંભીરતા પ્રગટે. ગંભીરતા ગુણોની પરાકાષ્ઠા છે. ગુણો પામીને આછકલાઈ નથી કરવાની, ગંભીરતા કેળવવાની છે.

## *નિરપેક્ષ મુનિ*

*મુનિરાજ નિર્ભય કેમ હોય ? શુદ્ધચારિત્રની સન્મુખ થયેલા મુનિ જગતના જ્ઞેયપદાર્થમાં જ્ઞાનને જોડતા નથી. જ્ઞેય પદાર્થને માત્ર જાણે છે. વળી તેમને કંઈ છૂપાવવાનું નથી, કોઈની સાથે કંઈ લેવા દેવાના વિકલ્પો નથી. તેવા મુનિરાજને જ્યાં લોક અપેક્ષા કે આકાંક્ષા નથી ત્યાં ભય ક્યાંથી હોય ?*



ભાદ્ર. સુદ-૧૫

૧૩-૯-૨૦૦૦, બુધવાર

**સાત ચોવીશી ધર્મશાળા**

ૐ

◆ તીર્થની સ્થાપનાથી શરૂ થયેલો મુક્તિ માર્ગ ૨૧ હજાર વર્ષ રહેશે. ત્યાં સુધી ભગવાનનો અનુગ્રહ રહેશે. જે કોઈ પણ ભગવાનને સ્મરશે તેનામાં પ્રભુ-શક્તિ જાગૃત થશે. આ લલિત-વિસ્તરા પ્રભુના અનુગ્રહને સમજવા માટે અદ્ભુત ગ્રંથ છે.

કલિકાલમાં ભગવાનને શી રીતે સમજવા ? કલિકાલ એટલે ઘોર અંધારું ! અહીં ક્યાંય ભગવાનનો પ્રકાશ જોવા ન મળે ! લલિત વિસ્તરા આવા અંધારામાં ટમટમતો દીવડો છે.

◆ **કનેકશન તૂટેલો હોય તો ગમે તેટલા બટન દબાવો, પ્રકાશ નહિ મળે, ભગવાન સાથે કનેકશન તૂટેલો હોય તો ગમે તેટલા અનુષ્ઠાન કરો, પરમનો અનુભવ નહિ થાય. ભગવાન સાથે જોડાણ કરવું એ જ ધર્મક્રિયાનો**

ભગવાન સાથે જોડાણ કરવું એ જ ધર્મક્રિયાનો પ્રાણ છે.

**પ્રાણ છે. એ વિના બધી જ ધર્મક્રિયા નિર્જીવ છે, નિષ્પ્રાણ છે, નિર્બીજ છે.**

◆ **पुरिसुत्तमाणं ।** કેટલાક રત્નો સહજ રીતે જ અન્યથી ચમકદાર હોય છે. તેમ તીર્થંકરના આત્માઓ સહજ રીતે જ અન્યથી ચમકદાર હોય છે. માટે જ તેઓ પુરુષોત્તમ કહેવાય છે. કાચ પર ગમે તેટલા પાસા પાડો, પણ હીરા જેવી તેમાં ચમક નહિ આવે, અડિયલ ઘોડાને ગમે તેટલી શિક્ષા આપો, પણ જાતિમાન ઘોડા જેવો નહિ બની શકે. સામાન્ય જીવો પર ગમે તેટલા સંસ્કાર આપો, ભગવાન જેવા ન બની શકે.

એક મત એવો છે કે જે સર્વને સમાન માને છે. આ પદથી એ મતનું ખંડન થયું.

◆ તામિલનાડુમાં ઘસાઈ ગયેલી સ્થિતિવાળા એક શ્રીમંતે પોતાની હીરાવાળી એક વીંટી ફેરીઆને પાંચ હજારમાં વેંચી. તેણે પચાસ હજારમાં વેપારીને વેંચી. વેપારીએ લાખમાં મોટા વેપારીને વેંચી ને આખરે તે પરદેશમાં પાંચ લાખમાં વેંચાઈ !

આ બની ગયેલી ઘટના છે.

હીરાની ઓળખ બધા નથી કરી શકતા.

ભગવાનની ઓળખ બધા નથી કરી શકતા.

આપણે ફેરીઆ જેવા નથીને ?

પ્રજ્ઞાવાન સિવાય ભગવાન અને ભગવાનના દર્શનને કોણ સમજી શકે ?

**ભગવાન અને ભગવાનનો મહિમા ગમે તેને બતાવવા નહિ મંડતા, ગમે તેની સાથે ચર્ચામાં નહિ ઊતરતા. કર્મના અમુક વિગમ વિના આ તત્ત્વ સમજાતું નથી. ભગવાનની કૃપા એમને એમ નથી સમજાતી. એના માટે પણ ભગવાનની કૃપા જોઈએ. ભારે કર્મીને આ નહિ સમજાય એ તો એમ જ કહેશે : ભગવાન શું કરે ? આપણો પુરુષાર્થ જ મુખ્ય છે. એવા માણસો સાથે વાદ-વિવાદ નહિ કરતા. આ ચર્ચાનો વિષય નથી, અનુભૂતિનો છે.**

ભવ્યત્વ બધાનું સરખું, પણ તથાભવ્યત્વ દરેકનું અલગ. એટલે

જ ૧૫ ભેદે જીવો સિદ્ધ થાય છે. સિદ્ધ થવાની દરેકની પોતાની નિયતિ હોય છે.

ભગવાનનો જીવદળ જ એ રીતે અલગ હોય છે, બીજાથી વિશિષ્ટ હોય છે. એમનું તથા ભવ્યત્વ તેવા પ્રકારનું હોય છે.

**◆ ભગવાન સફળ આરંભવાળા હોય છે, કાર્ય શરૂ કરે તો પૂરું કર્યા વિના ન જ રહે. આપણે કેટલા કામ અધૂરા છોડીએ છીએ ? કેટલા ગ્રંથો ભણવાના શરૂ કર્યા અને વચ્ચેથી જ છોડ્યા ? આપણે આરંભમાં શૂરા છીએ. પણ અંત સુધી શરૂ કરેલા કાર્યને વળગી નથી રહેતા.**

◆ સારામાં સારી સ્ફુરણા થઈ ગઈ હોય, પણ જ્યાં સુધી આગમનો પાઠ ન મળે ત્યાં સુધી જાહેરમાં મૂકતા નહિ. લાયકાત વિના કોઈને ન કહેવાય. સંભવ છે : ભગવાને તમારા માટે જ આ સ્ફુરણા મોકલી હોય. તમારે તે બધું જાહેરમાં મૂકવાનું નથી.

◆ ગુરુ ભગવંતો તીર્થંકરની બ્રાન્ચ ઓફીસો છે. માટે જ પંચસૂત્રમાં '**गुरुबहुमाणो मोक्खो** ।' કહ્યું છે.

ગુરુ તમને ભગવાન સાથે જોડી જ આપે. તીર્થંકર ભગવાનને પણ કોઈ ભવમાં ગુરુ મળેલા જ. એમના જ પ્રભાવે તેઓ તીર્થંકર બની શક્યા છે. માટે જ અહીં લખ્યું : '**देवगुरुबहुमानिनः** । તીર્થંકર દેવ-ગુરુનું બહુમાન કરનારા હોય.

અગ્નિના ઉપયોગમાં રહેલો માણવક અગ્નિ કહેવાય, તેમ ભગવાનના ધ્યાનમાં રહેનારો ભક્ત ભગવાન કહેવાય.

ઉપયોગ વગરની ક્રિયા એટલે જ દ્રવ્ય કહેવાય : '**अनुपयोगो द्रव्यम्** ।' ઉપયોગની આટલી મહત્તા હોવા છતાં આપણે ઉપયોગ નથી રાખતા. ક્રિયાઓ રહી ગઈ. ઉપયોગ છુટી ગયો. ઉપયોગ વગરની ક્રિયા દ્રવ્ય ક્રિયાઓ કહેવાય.

ભાવનું કારણ બને તે પ્રધાન દ્રવ્ય ક્રિયા કહેવાય.

ભાવનું કારણ ન બને તે અપ્રધાન તુચ્છ ક્રિયા કહેવાય. આપણો ઉપયોગ ક્યાં છે ? ભગવાનમાં છે કે અહંમાં ? જાતને આગળ કરીએ છીએ કે ભગવાનને ?

ભગવાન ભલે અહીં નથી, ભગવાનના ગુણો અહીં જ છે, શક્તિ અહીં જ સક્રિય છે. સ્વ. આચાર્યશ્રીના નામ લેતાં જ તેમના ગુણો યાદ આવે ને ?

ભક્તામરમાં ગુણોની વાત છે જ ને ?

ભક્તામર વગેરેમાં તો બધું જ છે, પણ કઈ વાત ક્યાં લગાડવી એ જ મુખ્ય વાત છે. હથોડો ઠોકતાં જ મશીન ચાલુ થઈ ગયા, એ બરાબર, પણ હથોડો ક્યાં ઠોકવો એ જ મહત્ત્વની વાત છે.

૯૯,૯૯૯ રૂપિયા હોવાં છતાં એ લાખ ન જ કહેવાય, એમાં એક રૂપિયો ઉમેરો તો જ લાખ કહેવાય. એક રૂપિયાનું કેટલું મહત્ત્વ ? છતાં એમ નહિ માનતા કે એક રૂપિયો જ લાખ કહેવાય. ૯૯,૯૯૯ રૂપિયા હતા એટલે જ લાખ થયાને ?

તે રીતે પૂર્વના યથાપ્રવૃત્તિકરણો નિષ્ફળ નથી ગયા, એ બધા ૯૯,૯૯૯ રૂપિયા જેવા છે. એ ન કર્યા હોત તો ચરમ યથા પ્રવૃત્તિકરણ પણ ક્યાં મળવાનું હતું ?

◆ પાર્શ્વનાથ સંતાનીય ઘણાય શ્રાવકો હતા, છતાં ૧૧ માંથી એકેય શ્રાવક ગણધર ન બન્યો, બધા જ બ્રાહ્મણો હતા.

પૂર્વ ભવમાં ગણધર નામકર્મ બાંધી આવે તે જ ગણધર બની શકે. તીર્થંકરની જેમ ગણધરો પણ નિશ્ચિત હોય છે.

◆ ૧૫ ભેદે સિદ્ધ ભલે થાય પણ મોક્ષમાં ગયા પછી બધા સમાન ! ત્યાં કોઈ ભેદ નહિ ! એવું નથી કે તીર્થંકર ભગવાનને વધુ સુખ હોય ને બીજાને ઓછું ! ત્યાં બધા જ સિદ્ધોને સમાન સુખ હોય.

દુઃખી, દરિદ્ર, સૈનિક, વાસુદેવ કે ચક્રવર્તી વગેરેમાં અહીં ભેદ છે, પણ મૃત્યુમાં બધા જ સરખા છે, બધાને મરવું જ પડે છે. એમાં કોઈ ફરક નથી. આયુષ્યનો ક્ષય થાય એટલે મરવું પડે છે.

ચન્દ્રકાન્તભાઈ અને પદ્માબેન બન્ને એક સાથે ગયા. સાથે રહેલું બાળક બચી ગયું. ભૂજના એક પરિવારના સાત જણ ગયા, એક બચી ગયો. આયુષ્ય હોય તે બચી જાય. આયુષ્ય જાય તે જાય. આ નિયમ સૌને લાગુ પડે, મૃત્યુમાં સૌ સમાન છે, તેમ સિદ્ધશિલામાં સર્વ સિદ્ધો સમાન છે.

◆ ભગવાનની ઉત્તમતા આ બધા ગુણો દ્વારા જાણી. હવે એ ગુણો જોઈતા હોય તો શું કરવાનું ? ઝવેરીનો માલ સારો લાગ્યો, ખરીદવાનું મન થયું, તો શું કરવું પડે ? કિંમત આપવી પડે ને ? અહીં માત્ર ગુણરાગની જરૂર છે. જે ગુણો ગમવા માંડે એટલે તે આવ્યા વિના ન જ રહે. ઝવેરીનું ઝવેરાત ગમી જાય એટલે મળી જાય એવું નથી, પણ અહીં ગુણો ગમી જાય તો આવવા મંડે જ. એમાં કોઈ શંકા નથી.

ગુણાનુરાગ કુલકમાં ત્યાં સુધી કહ્યું છે કે "**आतित्थयरपयाओ.**' તીર્થંકર-પદ સુધીની પદવીઓ ગુણાનુરાગીને દુર્લભ નથી.

**◆ તમારો એક પણ દોષ બોલાઈ ન જાય તેની હું સતત તકેદારી રાખું છું. તમને હિતશિક્ષા આપતાં-આપતાં પણ આ અંગે અત્યંત જાગૃત રહું છું. કારણ કે પૂ. પં. ભદ્રંકર વિ.મ . પૂ. કનકસૂરિજી મ. વગેરે દ્વારા અમને આ શીખવા મળ્યું છે. એમના મુખે કદી કોઈનો દોષ સાંભળ્યો નથી.**

**બીજાના દોષ કહેવા કે દોષો સાંભળવા એટલે સ્વયં દોષિત થવા ભૂમિકા તૈયાર કરવી !**

**આ જીભ એટલે નથી મળી. દોષો કહેવામાં જો આ જીભનો ઉપયોગ કર્યો તો ફરી આ જીભ ક્યાં મળવાની ?**

## *શાસ્ત્રો અને ગ્રંથોનો આદર*

*પરદેશમાં પરદેશી તત્ત્વચિંતકો દ્વારા ઉત્તમ સાહિત્ય પ્રગટ થાય છે. તેમાં મનની ભૂમિકાના ઘણા રહસ્યો પ્રગટ થાય છે. એક ભાઈ ઘણા અભ્યાસી હતા, તે કહે કે આ સાહિત્ય ઉત્તમ હોય છે. પણ ભારતના શાસ્ત્રો અને ગ્રંથોમાં જે અધ્યાત્મનો આસ્વાદ છે તે એમાં ન મળે. કારણ કે અધ્યાત્મ ગ્રંથોના રચયિતામાં ત્યાગ, સંયમ, વૈરાગ્ય વિગેરેનું બળ છે. તે આપણા જીવન પર અસર કરે છે.*

*– સુનંદાબેન વોરા*



ૐ

ભા. વદ-૧

૧૪-૯-૨૦૦૦, ગુરુવાર

સાત ચોવીશી ધર્મશાળા

એક ભગવાનને પકડતાં બધા જ ગુણો આવી જશે.

◆ આટલા વર્ષો વીતવા છતાં તીર્થની શક્તિ આજે પણ ઘટી નથી. તારવાનું કામ એ કરી જ રહી છે. માત્ર સંપર્કમાં આવવાની જરૂર છે. પારસમણિનો જે લોખંડને સ્પર્શ થયો તે સોનું બની જ ગયો. પ્રભુ શાસનનો જેને સ્પર્શ થયો તે પરમ બની જ ગયો.

◆ ભગવતીમાં પાંચ પ્રકારના દેવો આવે છે. : ૧. ભવ્ય દ્રવ્ય દેવ : ભાવિમાં જે દેવ બનનાર છે તે. ૨. નરદેવ : ચક્રવર્તી, ૩. ધર્મદેવ : સાધુ. ૪. દેવાધિદેવ : તીર્થંકર ભગવાન. ૫. ભાવદેવ : વર્તમાનમાં દેવ.

આમાં દેવાધિદેવ કેટલા ? નર-દેવ કરતાં સંખ્યાતગણા વધુ ! એક જ ભગવાનથી કામ ન થાય ? નહિ. ફરી ફરી ભગવાન થયા જ કરે. ભગવાન તો પહેલા પણ હતા, પણ આપણે

તૈયાર ન્હોતા, ઉપાદાન તૈયાર ન્હોતું ! ઉપાદાન પણ નિમિત્ત વિના તૈયાર ન થાય, એ પણ સમજી લેવું ! ઇંડા વિના મરઘી નહિ ! મરઘી વિના ઇંડા નહિ ! ઉપાદાન વિના નિમિત્ત, નિમિત્ત વિના ઉપાદાન તૈયાર ન થાય !

◆ ચારિત્ર આપણે પામી ગયા એટલે પતી ગયું, એમ નહિ માનતા, બીજાને એ ચારિત્ર આપવા પ્રયત્ન કરજો. તો જ તમારો એ ગુણ ટકશે.

**'एकेन्द्रियाद्या अपि हन्त जीवाः ।'** વિનય વિજયજી.

એકેન્દ્રિય વગેરે જીવો પણ મનુષ્ય બનીને ક્યારે જૈન ધર્મ પામી સુખી બનશે ? – એમ ભાવના ભાવવાની છે.

પર-હિત-વિચારણા વિના સ્વ-હિત પણ ક્યાં થવાનું છે ? પર-હિત વિચારવાની ઘણી વાતો સાંભળવા છતાં આપણા વિનય-વૈયાવચ્ચમાં કોઈ ફરક ન પડે તો આપણા માટે સાંભળવું વ્યર્થ સમજવું.

મોક્ષની સાધનામાં જેટલો વેગ લાવીશું, મોક્ષમાં તેટલા જલ્દી જઈશું, નિગોદના જીવો માટે જગ્યા ખાલી થશે. તેઓ જગ્યા ખાલી થાય તેની વાટ જોઈ રહ્યા છે.

કેદમાંથી નીકળેલો કેદી બીજાને પણ જેલમાંથી કાઢવા પ્રયત્ન કરે, તેમ બીજાને સંસારમાંથી કાઢવાનો આપણે પ્રયત્ન કરવાનો છે.

◆ એવું એક ઉદાહરણ બતાવો : જેમાં દેવ-ગુરુની ભક્તિ વિના કોઈ મોક્ષમાં ગયું હોય, મરુદેવી માતાનું નામ કદાચ તમે આપશો, પણ શત્રુંજય માહાત્મ્ય વાંચો તો તમને જણાશે : ભગવાન પ્રત્યેના અપાર પ્રેમથી જ તેમને કેવળજ્ઞાન મળ્યું છે. ભગવાન સાથે માતા-પિતા વગેરેના સંબંધની જેમ પુત્રનો સંબંધ પણ જોડી શકાય.

(૭) **पुरिससीहाणं ।**

આ વિશેષણથી ભગવાનનું સિંહ જેવું પરાક્રમ જોવા મળશે. ઉત્કૃષ્ટ પરાક્રમ વિના મોહનીયાદિ કર્મ નહિ ભાગે.

◆ સર્વ જીવો સાથે મિત્રભાવે વર્તવું, આગળ વધીને આત્મ-તુલ્ય ભાવે વર્તવું, એથી પણ આગળ વધીને પરમાત્મ તુલ્ય ભાવે વર્તવું. આ જિનશાસનનો સાર છે.

◆ '**पुरिससीहाणं**' પદથી સાંકૃત્ય મતનું નિરસન થયું છે. સંકૃતના

શિષ્યો સાંકૃત્ય કહેવાયા છે. તેઓ માને છે કે પરમાત્મા ઉપમા-રહિત છે. માટે સ્તુતિમાં કોઈ ઉપમા ન જોઈએ. ઉપમા હીન કે અધિક થતાં મૃષાવાદ લાગશે, માટે સ્તુતિ ઉપમા રહિત જોઈએ. જૈન દર્શનને આ મત માન્ય નથી.

માટે જ અહીં સિંહ, ગંધહસ્તી, પુંડરીક વગેરેની ભગવાનને ઉપમાઓ આપવામાં આવી છે.

સિંહ યાદ આવતાં શૌર્ય યાદ આવે. શૌર્ય યાદ આવતાં મહારાણા પ્રતાપ યાદ આવે ! જે યુગમાં રાજપૂતો પણ પોતાની બેન-બેટીઓને મોગલો સાથે પરણાવતા, તે યુગમાં ટેકીલા રાણાએ જીવનભર મોગલો સાથે સંઘર્ષ ખેલ્યો, અપૂર્વ શૌર્ય બતાવ્યું. એ કદી ઝૂક્યો નહિ ! આવો સંઘર્ષ કર્મો સામે કરવાનો છે, જે પરમાત્માએ કરેલો છે. માટે જ પ્રભુ પુરુષોમાં સિંહ સમાન છે.

**ભગવાનને નમવાથી એમના જેવો શૌર્ય ગુણ આપણામાં આવે જ. દુર્ગુણીને નમવાથી એમના જેવા દુર્ગુણો આપણામાં આવે જ. માટે જ દુર્ગુણી સાથે દોસ્તી કરવાની ના પાડી છે. તમે કોની સાથે બેસો છો ? કોને વાંચો છો ? તે કહી દો, તો તમારું વ્યક્તિત્વ કેવું છે ? તે ખ્યાલ આવી જશે.**

સદ્ગુણોની અસર થતાં તો હજુ વાર લાગે, દુર્ગુણો તો તરત જ ચોંટી જાય.

લસણ ખાઈને આવો તો અમને વાસ પરથી તરત જ ખબર પડી જાય.

તમારા દુર્ગુણોની એ રીતે અવ્યક્ત વાસ આવતી હોય છે. આથી જ દુર્ગુણીથી માણસ દૂર ભાગે છે.

દુર્ગુણીને દુર્ભગ બનાવનાર દુર્ગુણો છે. તે દુર્ગુણોને અત્યંત પરાક્રમ પૂર્વક પરાસ્ત કરવાના છે. જેમ અર્ણોરાજ સામે કુમારપાલે પરાક્રમ દાખવેલું !

આપણે ક્રોધ કરાવનાર પર ક્રોધ કરીએ છીએ, કૂતરાની જેમ લાકડીને કરડીએ છીએ, પણ ભગવાન લાકડીને નહિ, લાકડી મારનારને જુએ છે, ક્રોધ કરાવનાર પર નહિ, પણ સ્વમાં ઉત્પન્ન થતા ક્રોધ પર જ ક્રોધ કરે છે. પોતાની પીડામાં બીજા કોઈને જવાબદાર નથી

ગણતા, સ્વને જ જવાબદાર ગણે છે.

ક્રોધ આદિને તમે જો વશીભૂત થઈ જશો, ઝગડા કરશો તો બદનામી મારી જ થવાની ! આટલી આટલી વાચના સાંભળે છે, છતાં આટલા ઝગડા ? મને જસ અપાવવો છે કે અપજસ ?

રાગ-દ્વેષ બન્ને ચોર લુંટારા છે. એમને ભગવાને ક્રૂરતા-પૂર્વક કચડી નાખ્યા છે. અરિહંતનો આ જ અર્થ થાય.

◆ સર્વ સાવદ્ય યોગોનો આપણે ત્યાગ કર્યો છે. રોજ આપણે કરેમિ ભંતે દ્વારા નવ વાર એને યાદ કરીએ છીએ. હવે જીવનમાં સમતા વધી કે મમતા ? તે વિચારજો.

અધ્યાત્મ કલ્પદ્રુમ ક્યારેક વાંચજો. એમાંય ખાસ કરીને યતિશિક્ષાધિકારમાં તો મુનિસુંદરસૂરિજીએ સાધુઓને જોરદાર ફટકા માર્યા છે. કહ્યું છે : નવ વાર તું રોજ 'કરેમિ ભંતે' બોલીને ફરી સાવદ્યમાં પ્રવૃત્તિ કરે તો મૃષાભાષણથી તને સદ્ગતિ મળશે ?

ગૃહસ્થો પણ જ્ઞાન-ધ્યાન-કાઉસ્સગ્ગ આદિની ઉત્કૃષ્ટ સાધના કરતા હોય તો અહીં આવ્યા પછી એ સાધના વધવી જોઈએ કે ઘટવી જોઈએ ? કેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ કરીએ છીએ ? કે એ લક્ષ્ય જ નથી ? એ લક્ષ્ય વિના કર્મ-શત્રુઓ શી રીતે ભાગશે ? એ વિના શી રીતે દુર્ગુણો જશે ? સદ્ગુણો આવશે ?

સદ્ગુણોની સિદ્ધિમાટે સદ્ગુણીઓને નમો. એ માટે જ નવકાર છે. દરેક કાર્યમાં ખમાસમણું એ માટે જ હોય છે. આ નમ્રતાનો અભ્યાસ છે.

નમ્રતા આવશે પછી જ સરળતા આવશે.

**અભિમાની કદી સરળ ન હોઈ શકે. પોતાની મોટાઈ અકબંધ રાખવા તે અવશ્ય માયા કરવાનો !**

માટે જ અહંકાર પર કુઠારાઘાત કરવા નમસ્કાર ભાવ છે.

◆ જ્ઞાનાદિ ગુણો જેમનામાં હોય તેમની સેવાથી આપણામાં જ્ઞાનાદિ ગુણો પ્રગટે છે.

જ્ઞાન હજુયે ચાલ્યું જાય, સેવા નહિ જાય. એ અપ્રતિપાતી ગુણ છે. જરા વધારે કામ આવે તો મોઢું ચડી જતું નથીને ?

મારા જીવનમાં પણ સેવાનો અવસર આવ્યો છે : વીરમગામમાં આનંદપૂર્વક ૫૦ ઘડા પાણી લાવ્યો છું. મહાત્માઓનો લાભ મળે ક્યાંથી ? ચિત્તમાં ઉલ્લાસ વધવો જોઈએ.

સેવા કરવાથી શરીર નહિ ઘસાય. ઘસાય તો જવાબદારી મારી. હું ઠીક કહું છું : સેવાથી શરીર નહિ બગડે. ખરેખર તો સેવા અને શ્રમ છોડી દેવાથી જ શરીર બગડે છે !

ભગવાનના સાધુઓની સેવાનું સૌભાગ્ય મળે ક્યાંથી ?

સેવાથી ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે.

**પૂ. ગણિશ્રી મુક્તિચન્દ્રવિજયજી :** બીજા ઓછું કામ કરે એની તકલીફ છે.

**પૂજ્યશ્રી :** મનને બદલી નાખો. મનનું વલણ બદલાશે તો બધું ઠીક થઈ જશે. બીજા ઓછું કામ કરે કે બિલકુલ ન કરે, પણ તમે વધુ વધુ કરશો તો તમને તો વધુ જ લાભ મળશે, વધુ જ પુણ્ય બંધાશે.

◆ ભરહેસર સજ્ઝાયમાં જે મહાપુરુષો અને મહાસતીઓના નામ મોટા આચાર્ય ભગવંતો પણ લે છે. તેનું શું કારણ ? આજ સુધી કોઈ મોટા આચાર્ય ભગવંતે પ્રશ્ન નથી ઊઠાવ્યો : અમે શા માટે શ્રાવક-શ્રાવિકાઓનું નામ લઈએ ?

ખુદ ભગવાન મહાવીરે સુલસા, આનંદ, કામદેવ આદિની સમવસરણમાં પ્રશંસા કરેલી છે.

કુમારપાળને કંટકેશ્વરીએ કોઢ ગ્રસ્ત બનાવ્યો ત્યારે હેમચન્દ્ર-સૂરિજીએ કુમારપાળને બચાવેલો છે.

કુમારપાળ કરુણામય જૈન ધર્મની કોઈ નિંદા ન કરે માટે ચિત્તામાં બળી મરવા ઇચ્છતા હતા, પણ ઉદાયન મંત્રીએ હેમચન્દ્રસૂરિજીને વાત કરતાં એમણે અભિમંત્રિત પાણી દ્વારા કોઢ રોગ દૂર કરેલો.

આવા કુમારપાળ હતા માટે જ તેમને 'પરમાર્હત'નું બિરુદ મળેલું છે. પરમાર્હત એટલે પરમ આર્હત, પરમ શ્રાવક ! કુમારપાળ જેવાને આચાર્યશ્રી શા માટે બચાવે ? કુમારપાળ જેવાની પ્રશંસા આચાર્યશ્રી શા માટે કરે ?

ઉપબૃંહણા એટલે શું ? ચતુર્વિધ સંઘમાં રહેલા ગુણવાનની પ્રશંસા. તે ઉપબૃંહણા એ ન કરીએ તો દર્શનાચારમાં અતિચાર લાગે તે

જાણો છો ને ?

'સંઘમાંહિ ગુણવંતતણી અનુપબૂંહણા કીધી' -અતિચાર.

આ બધું ભગવાન પાસેથી મળે છે. માટે જ હું ભક્તિ પર આટલો જોર આપું છું.

ગઈકાલે અષ્ટાપદની પૂજામાં જોયું ને ?

ભરત કહે છે : 'દીઓ દરિસણ મહારાજ !'

ભરત શું અભણ હતા ? ન્હોતા જાણતા : સમ્યગ્દર્શન મળે તો જ પ્રભુનું દર્શન મળે ? પણ આમ પ્રભુને યાદ કરવાથી જ મળેલું સમ્યગ્દર્શન નિર્મળ થાય તે પણ જાણતા હતા ને ?

આવા દર્શનની તમને ઝંખના જાગી ? ભગવાનને જિનહર્ષની જેમ તમે પણ કહો : પ્રભુ દર્શન આપો ! ધૂંઆડે ધીજું નહિ સાહિબ ! પેટ પડ્યા પતીજે.' હું એમને એમ સંતોષ નહિ પામું ! મારે દર્શન જોઈશે જ.

◆ એક ભગવાનને પકડો, ભગવાનના બધા જ ગુણો તમારા.

એક ગુરુને પકડો, ગુરુના બધા જ ગુણો તમારા.

'અબ તો અધિકારી હોઈ બૈઠે, પ્રભુ-ગુણ અખય ખજાનમેં...'

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં,

બિસર ગઈ દુવિધા તન-મનકી અચિરાસુત ગુણ-ગાનમેં...'

– ઉપા. યશોવિજયજી.

તન-મન બધું જ ભૂલાઈ જાય, માત્ર ચિદાનંદનો આસ્વાદ જ બાકી રહે, એવી પ્રભુની મગ્નતા યશોવિજયજીને મળી જાય, 'રંગ રસીયા રંગ રસ બન્યો' એમ બોલતા વીરવિજયજીને વેધકતાનો રસાસ્વાદ મળે તો આપણને કેમ ન મળે ?

**પ્રભુ સાથે લીનતા આવી જાય પછી દીનતા શાની ? માટે જ કહું છું : ભગવાનમાં લીન બનો, ભગવાનને પકડો. ભગવાનને પકડતાં બધા જ ગુણો આવી જશે.**

આ લલિત વિસ્તરામાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે : ભગવાનના અનુગ્રહ વિના એક પણ ગુણ નહિ મળે.



ભા. વદ-૨.

ॐ

૧૫-૯-૨૦૦૦, શુક્રવાર

*સાત ચોવીશી ધર્મશાળા*

◆ ભગવાને માર્ગ બતાવ્યો. ચાલવું તો આપણે જ પડે.

**ભગવાનનો અનુગ્રહ સ્વીકારો તો પુરુષાર્થ કરવાનું મન થાય. ભગવાનનો અનુગ્રહ શી રીતે કામ કરે ? ભોજન-પાણી આપણે કર્યાં માટે ભૂખ-તરસ ભાંગી એમ માનીને આપણે આપણી જાતને પ્રધાનતા આપી દઈએ છીએ, ભોજન-પાણીને સાવ જ ભૂલી જઈએ છીએ, 'હું' રહી જાય છે, 'ભોજનાદિ' છુટી જાય છે. આ જ ભૂલ અહીં કરીએ છીએ. 'હું' રહી જાય છે, ભગવાન છુટી જાય છે. ભોજન-પાણી વિના બીજા પદાર્થોથી ભૂખ-તરસ ન ભાંગે તેમ ભગવાન વિના બીજાથી મુક્તિ ન મળે !**

જુઓ, ઉપાધ્યાયજી મ. ના આ શબ્દો.

અભય ન મળ્યું હોય તો સમજવું : હજુ આપણે ભગવાનનું શરણું સ્વીકાર્યું નથી.

'કાલ સ્વભાવ ને ભવિતવ્યતા, એ સઘળા તુજ દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબળ વિશ્વાસો રે'

– ઉપા. યશોવિજયજી.

આવા આગમધર પુરુષો આમ કહેતા હોય, વ્યાકરણ, કાવ્ય, ન્યાય, કોશ,આગમ,વેદ, ઉપનિષદ્, પુરાણ વગેરે તમામને પચાવી ચૂકેલા મહાપુરુષ જ્યારે આવું કહેતા હોય ત્યારે વાત વિચારવા જેવી નથી લાગતી ? એમના જેટલી પ્રજ્ઞા અને એમના જેટલો અભ્યાસ આપણો ખરો ?

**ભગવાનથી બધું થાય એ ખરું, પણ પુરુષાર્થ તો આપણો જ ને ? આમ વિચારીને ભગવાન અને ભગવાનની આજ્ઞા ગૌણ બનાવીને આપણે આપણી જાતને પ્રધાન માની લઈએ છીએ. પણ વિચારો, ભગવાન વિના બીજા કોઈની [ચક્રવર્તી કે વાસુદેવ વગેરેની] આજ્ઞા માની હોય તો મોક્ષ થાય ? અહંકારને ઓગાળવો હોય તો આ વિચારણા સામે રાખવી જ રહી. એ વિના સાધનાનો માર્ગ નહિ ખુલે. અહંકાર-સહિત ચિત્ત કદી સાધના-યોગ્ય બની શકતું નથી.**

◆ ભગવાનના જે ગુણને પ્રધાન બનાવીને સ્તુતિ કરીએ તે ગુણ આપણામાં આવે જ. આ નિયમ છે. કદીક તમે પ્રયોગ કરીને જોજો.

**'पुरिससीहाणं'** વિશેષણમાં ભગવાનનો સત્ત્વગુણ બતાવ્યો છે.

હેમચન્દ્રસૂરિજી પ્રથમ વાર કુમારપાળને મળ્યા ત્યારે કુમારપાળે પૂછેલું : ઉત્કૃષ્ટ ગુણ ક્યો ? પૂછનારને ધ્યાનમાં રાખીને સૂરિજીએ જવાબ આપ્યો : સત્ત્વ ગુણ.

સત્ત્વ ગુણથી જ ત્રણ ભાઈમાંથી કુમારપાળની પસંદગી કરવામાં આવેલી. પહેલો નમ્રતાપૂર્વક, બીજો ગરીબડો બનીને બેઠો જ્યારે કુમારપાળ રૂઆબપૂર્વક બેઠેલો. આથી જ પસંદગી પામેલો.

સત્ત્વગુણ વીર્યાચારના પાલનથી પ્રગટે છે. માટે જ બીજા ચાર આચાર જેટલા ભેદો [૩૬] વીર્યાચારના છે. એનો અર્થ એ થયો કે બધામાં વીર્ય જોઈએ. જો એ ન હોય તો એકેય આચારનું પાલન થઈ શકે નહિ. દેવવંદન, પ્રતિક્રમણ બેઠાં-બેઠાં કરવું, જલ્દી કરવું, મનનું ચંચળ હોવું, વગેરે દોષો આત્મવીર્યની ખામીના કારણે જન્મે છે.

શ્રાવકોના વીર્યાચારના અતિચાર જોજો. બધું સમજાઈ જશે.

ભગવાનનું નામ માતા-પિતાએ તો વર્ધમાન રાખ્યું, પણ એમના સત્ત્વ ગુણથી જ આકર્ષાઈને દેવોએ બીજું નામ 'મહાવીર' પાડ્યું.

સત્ત્વ ગુણવાળો જ પરિષહ આદિ સહી શકે, ધૈર્ય રાખી શકે. હાથી ચાલે, કૂતરા ભસે. ત્યારે હાથી શું કરે ?

'હાથી ચલત બજાર, કુત્તા ભસત હજાર.'

કૂતરા જેવા પરિષહોથી હાથી જેવો સત્ત્વવાન આત્મા થોડો ચલાયમાન થાય ?

ભગવાનમાં આ સત્ત્વગુણ કેવો ઉત્કૃષ્ટ ? ૭-૭ મહિના સુધી સંગમ પાછળ પડેલો છતાં ભગવાન સત્ત્વથી એક ઇંચ પણ ચલિત ન થયા. એકરાતમાં ૨૨-૨૨ ઉપસર્ગો કર્યા, છતાં ભયની આછી-પાતળી રેખા પણ ભગવાનમાં ન ઉપસી, ભય હોત તો સાધના શી રીતે થાત? ભય એટલે જ ચિત્તની ચંચળતા ! સાધકને એ ક્યાંથી હોય ?

ભગવાનમાં તો ભય ન જ હોય, ભગવાનનું શરણું લેનારમાં પણ ભય ન હોય, માટે જ ભગવાનને અભયંકર અને અભયદાતા કહ્યા છે.

**'अभयकरे सरणं पवज्जहा ।'**

-અજિત શાન્તિ.

હે પુરુષો ! જો તમારા દુઃખો અટકાવવા ચાહતા હો, સુખનું કારણ શોધતા હો તો અભયંકર શાન્તિ-અજિતનું શરણું સ્વીકારો-એમ નંદિષેણ મુનિએ અજિત-શાન્તિમાં ઘોષણા કરી છે.

**અભય ન મળ્યું હોય તો સમજવું : હજુ આપણે ભગવાનનું શરણું સ્વીકાર્યું નથી.**

ભગવાન તો અભય હોય જ, ભગવાનના ભક્ત પણ અભય હોય. આનંદ-કામદેવ જેવા શ્રાવકો પણ ભયંકર દેવકૃત ઉપસર્ગથી ચલિત નથી થયા, ભયભીત નથી થયા.

**न चिन्तापीन्द्रियवर्गे ।**

સત્ત્વશીલ સહજ રીતે ઇન્દ્રિય-જય કરી શકે છે. ભગવાન તો સાત્ત્વિકોમાં શિરોમણિ છે.

"હે પ્રભુ ! આપે મનને વશ કર્યું, પણ બલાત્કારે નહિ, ઇન્દ્રિયોને વશ કરી પણ જબરદસ્તીથી નહિ, માત્ર શિથિલતાથી આપે બધું જીતી લીધું છે."

પટુ અભ્યાસ અને આદરથી વૈરાગ્યને આપે એવો કબજે કર્યો કે જે કોઈ જન્મમાં આપનો સાથ ન છોડે. દુઃખમાં તો બધાને વૈરાગ્ય આવે, સુખમાં પણ આપને વૈરાગ્ય છે.

પૂ. હેમચન્દ્રસૂરિજીની પ્રભુને આ સ્તુતિ છે.

**न खेदः संयमाध्वनि ।**

સાધનામાં કંટાળો આવવો, હતાશ-નિરાશ થઈ જવું, ખિન્ન-ઉદ્વિગ્ન થઈ જવું એ બધું સત્ત્વગુણની ખામીના કારણે થાય છે.

ભગવાનનો ભક્ત ભય, દ્વેષ અને ખેદથી પર હોય. ભય, દ્વેષ અને ખેદ હોય ત્યાં સુધી સાધનનાની પૂર્વ ભૂમિકા પણ તૈયાર ન થાય. આગળની તો વાત જ ક્યાં ?

ભય, દ્વેષ, ખેદથી આપણે કંઈક અંશે પણ મુક્ત બન્યા છીએ ? મુક્ત બનવાની ભાવના જાગી છે ?

'સેવન-કારણ પહેલી ભૂમિકા રે, અભય-અદ્વેષ, અખેદ.'

-પૂ. આનંદઘનજી.

આ યોગ દૃષ્ટિ સમુચ્ચયના પદાર્થો છે.

**निष्प्रकम्पता सद्ध्याने**

ધ્યાનમાં ભગવાનને અત્યંત નિષ્પ્રકંપતા હોય. મેરુ જેવા ભગવાન અકંપ હોય. એમને કોણ ડોલાવી શકે ?

ઋષભદેવને હજાર વર્ષ લાગેલા, પણ મહાવીર દેવે માત્ર સાડા બાર વર્ષમાં એનાથી ભયંકર કર્મોના ભૂક્કા બોલાવી દીધા, તે આ સત્ત્વગુણના કારણે જ.

◆ કર્મનું ઋણ ચૂકતે નહિ કરીએ તો કર્મો કાંઈ આપણને છોડવાના નથી. ભગવાનને પણ ન છોડે તો આપણને કેમ છોડે ?

ઘણીવાર પ્રશ્ન થાય : મહામુનિઓને કેમ રોગ આવતા હશે ? પદ્મ વિ., કાન્તિ વિ. ભદ્રંકર વિ. વગેરેને રોગો આવેલા. આવું ઉત્તમ જીવન જીવનારને પણ આવા રોગો ?

કર્મો સમજે છે : આ મહાત્માઓ મુક્તિના માર્ગે છે. મંઝિલ નિકટ છે. મુક્તિમાં અમારી પહોંચ નથી. સ્વર્ગમાં સુખ સિવાય કાંઈ નથી. એટલે અત્યારે જ બધો હિસાબ ચૂકતે કરવા દો.

અજ્ઞાન લોકો ધર્મી લોકોને પડતા કષ્ટને જોઈને કહે : ધર્મીને ઘેર ધાડ પાડી ! પણ એમને કર્મોના હિસાબની ખબર નથી.

ઉત્તરાધ્યયનમાં એક સુંદર દૃષ્ટાંત આવે છે :

ગાયને સૂકું અને બકરાને મજાનું લીલું ઘાસ અપાતું જોઈ નિરાશ થયેલા વાછરડાને ગાયે કહ્યું : ભોળા ! તને ખબર નથી. આ બકરો કસાઈ પાસે જશે ત્યારે બધી ખબર પડશે.

કસાઈ પાસે જતા-રડતા-કપાતા બકરાને જોઈને વાછરડું બધું સમજી ગયું : અત્યારે મળતું સૂકું-સૂકું ઘાસ ભવિષ્ય માટે સારું છે. જ્યારે અત્યારે મળતા માલ-મલીદા ભાવિ માટે ભયંકર છે.

**जे सारक्खाया ते तयक्खाया**

**जे तयक्खाया ते सारक्खाया**

રંગરાગ, મોજ-શોખ કરતા પાપી માણસોને જોઈ કદી વિચલિત નહિ બનતા, આજના રંગ-રાગ ભાવિની આગ છે.

આજના વિરાગ ભાવિના બાગ છે.

**◆ કમળનો સ્વભાવ છે : જોતાં જ સૌને આનંદ થાય.**

**ભગવાનને જોતાં જ સૌને આનંદ આવે. એમની મુદ્રા, એમની વાણી, એમનું અસ્તિત્વ સૌને આનંદની પ્રભાવના કરવાજ જન્મેલું હોય.**

**માટે જ ભગવાન 'पुरिसवरपुंडरीआणं' છે.**

❋



ભા. વદ-૩

૧૬-૯-૨૦૦૦, શનિવાર

સાત ચોવીશી ધર્મશાળા

◆ મુકિતમાર્ગની પ્રવૃત્તિ અત્યારે ચાલી રહી છે, તેમાં મુખ્ય અનુગ્રહ પ્રભુનો છે, જે તીર્થ છે, ત્યાં સુધી ચાલુ રહેશે.

વ્યક્તિગત તીર્થ બદલાય, સામાન્ય તીર્થ સદા કાળમાટે રહે.

વ્યક્તિ વિશેષ તીર્થંકર બદલાય, સામાન્ય તીર્થંકર સદા કાળ માટે રહે. માટે જ લોગસ્સની પહેલી ગાથામાં સામાન્ય તીર્થંકરની સ્તુતિ કરેલી છે.

તીર્થંકર ભગવાનના અનંતાનંત ગુણોને કોણ વર્ણવી શકે ? એમની સ્તુતિ કરવાનું મળ્યું એ પણ ભાગ્ય ગણાય !

'अहो मे स्तुवतः स्वामी, स्तुते-गोंचरमागमत् ।'

– વીતરાગ સ્તોત્ર

ભગવાન ભલે દૂર હોય, પણ તેમની કૃપા અહીં જ છે.

પ્રભુ – સ્તુતિનો મને ઘણો લોભ છે. જ્યાંથી મળે ત્યાંથી લઈ લઉં ! હું આ અર્થમાં કંજુસ છું. તે વખતે તમે ખરું કહેલું.

**પૂ. આ હેમચન્દ્રસાગરસૂરિજી** : એ વખતનું વચન હું પાછું ખેંચું છું.

**પૂજ્યશ્રી** : ગુણો તો ઘણા કહે, દોષો ક્યાંથી સાંભળવા મળે ? હું તો તે વખતે [ભા. સુ. ૧૩ના] સ્તબ્ધ થઈ ગયેલો : હું પ્રશંસા સાંભળવા થોડો આવેલો ?

હરિ વિક્રમ ચરિત્રમાં આવતું પેલું દૃષ્ટાંત સદા નજર સામે રહે છે. સંસારી પિતા પાસે શિષ્ય પાસેથી પ્રશંસા કરાવીને પેલા મહાન યોગી પણ હારી ગયેલા.

બીજા દ્વારા થતી સ્તુતિ સાંભળતાં મલકાઈ જઈએ તો પણ સાધના જાય. **સ્તુતિ સાંભળતાં નારાજ થાય, નિંદાથી રાજી થાય તે સાચો યોગી, સુખને દુઃખ અને દુઃખને સુખરૂપ ગણે તે સાચો મુનિ,** એમ યોગસારમાં લખ્યું છે. સૌભાગ્ય કે સુયશ નામકર્મનો ઉદય પણ સુખ છે, તે વખતે મલકાઈએ તો કામથી ગયા.

આઠેય મદથી સાવધાન રહેવાનું છે.

◆ તમે ગમે તેટલા મોટા વિદ્વાન કે ગીતાર્થ આચાર્ય બની ગયા હો તો પણ લોગસ્સ, પુક્ખરવર, સિદ્ધાણં. વગેરે સૂત્રો એવા રાખ્યા છે કે તમારે ભગવાનની સ્તુતિ કરવી જ પડે.

'લોગસ્સ ઉજ્જોઅગરે' એટલે કે ભગવાન લોકને અજવાળનારા છે. સૂર્ય-દીપકની જેમ કેવળજ્ઞાનનું પણ અજવાળું હોય છે. પેલો દ્રવ્ય પ્રકાશ છે. આ ભાવ પ્રકાશ છે.

ઉદ્યોતકર તીર્થંકર દૂર છે, તો પણ શું થયું ?

સૂર્ય દૂર છે, પણ કિરણો અહીં છે ને ?

ભગવાન દૂર છે, પણ ભગવાનની કૃપા તો અહીં છે ને ?

**नास्तं कदाचिदुपयासि न सहुगम्य :**

– ભક્તામર

ભગવાન એવા સૂર્ય છે જે ક્યારેય અસ્ત નથી પામતા, વાદળ કે રાહુથી ગ્રસ્ત નથી બનતા.

ભગવાન મોક્ષમાં ગયા એનો અર્થ એ નથી કે તેઓ આથમી ગયા ! ભગવાન ભલે મોક્ષમાં હોય, પણ એમના ગુણો તો અહીં પ્રકાશી શકે છે.

સૂર્ય ભલે આકાશમાં હોય, પણ આપણને તો પ્રકાશથી મતલબ છે ને ? પ્રકાશ તો અહીં મળે જ છે.

સર્વજ્ઞ હોય તે સર્વગ હોય જ. સર્વગ એટલે વિશ્વવ્યાપી.

**त्वामव्ययं विभुमचिन्त्य०**

–ભક્તામર.

◆ અન્ય દર્શનીઓએ ભગવાન માટે વાપરેલા શબ્દો એકદમ વાજબી છે, એમ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીએ શક્રસ્તવમાં ઘટાવી આપ્યું છે.

◆ ભગવાન પુરુષસિંહ છે. સિંહ જેવા ગુણો ભગવાનમાં છે. કર્મશત્રુ પ્રત્યે શૌર્ય, કર્મના ઉચ્છેદમાં ક્રૂરતા ક્રોધાદિ પ્રત્યે અસહિષ્ણુતા, રાગાદિ પ્રત્યે પરાક્રમ, તપ પ્રત્યે વીરતા, પરિષહોમાં અવજ્ઞા, ઉપસર્ગોમાં અભય, ઇન્દ્રિયની ચિંતા નહિ, સંયમ માર્ગે કંટાળો નહિ, ધ્યાનમાં ચંચળતા નહિ.

આવા ભગવાનનું તમે ધ્યાન ધરો. ભગવાનમાં તમને સિંહ દેખાશે આપણી પાસે શૂરવીરતા છે, પણ સંસારના કાર્યમાં. ધર્મ-કાર્યોમાં તદ્દન કાયર છીએ ! કાઉસ્સગ્ગ ઊભા-ઊભા કરીએ કે બેઠા-બેઠા ?

ક્ષપકશ્રેણિમાં ઉત્કૃષ્ટ આત્મ-શક્તિ ક્યાંથી આવી ? સિદ્ધ ભગવાન પાસેથી. ઉપર સિદ્ધશિલાની છત્રી નહિ હોય ત્યાં આવી શક્તિ નહિ આવે.

આવી શૂરતાના કારણે જ ભગવાનમાં શૂરવીરતા આદિ ગુણો અસામાન્ય ગણાય, આપણા સામાન્ય ગણાય.

સિંહની ઉપમા ખોટી નથી. ભગવાનના કેટલાક અસાધારણ ગુણો ઉપમા દ્વારા જ સમજાવી શકાય. કેટલાક જીવો તો એવા હોય જે ઉપમા દ્વારા જ સમજી શકે. જીવોનો ક્ષયોપશમ વિચિત્ર હોય છે.

◆ ચાર અધ્યયન સુધીનું જે દસવૈકાલિક ભણેલા દુપ્પસહસૂરિ

ગીતાર્થ ગણાશે, એ દસવૈકાલિકનું કેટલું મૂલ્ય ? છજીવનિકાયની કરુણા કેટલી મહત્ત્વપૂર્ણ છે ? તે સમજો.

◆ મારી ભાષા ભલે એકસરખી હોય, પણ તમે બધા એક સરખી રીતે સમજી શકો ? બધાનો ક્ષયોપશમ અલગ અલગ છે. એટલે બોધ પણ અલગ અલગ થવાનો. માટે જ ઉપમાઓ આપવી પડે છે, વ્યાખ્યાનમાં દૃષ્ટાંત વગેરે આપવા પડે છે. જ્ઞાતા-ધર્મકથા દ્વારા જણાય છે : ભગવાન સ્વયં પણ દૃષ્ટાંતો કહેતા હતા. કથા મોટી હોય. ઉપમા નાની હોય.

◆ ગઈ કાલે તબીયત તદ્દન અસ્વસ્થ હતી, છતાં મેં વાચના આપી જ. બંધ રાખું તો વધુ જાહેરાત થઈ જાય. ભગવાન પર ભરોસો રાખીને હું આવું કાર્ય કરી લઉં !

◆ ભગવાન ઉપકારી છે. આપણે ઉપકાર્ય છીએ. ઉપકાર્ય પાસેથી ભગવાનને કોઈ પ્રત્યુપકારની ઈચ્છા નથી આ જ ભગવાનની મહાનતા છે.

**◆ ભગવાન ભલે બદલાય, પણ ગુણો નથી બદલાતા. માટે જ નમુત્થુણં. એનું એજ રહે છે. જે બધામાં સમાનરૂપે લાગુ પડે.**

આ શક્રસ્તવ ઈન્દ્રે નહિ, ગણધરોએ બનાવેલું છે. ઈન્દ્ર તો માત્ર બોલે એટલું જ. ઈન્દ્રની બનાવવાની શી શક્તિ ? જુઓ, અહીં લખ્યું છે :

**महापुरुषप्रणीतश्चाधिकृतदण्डकः ।**

**आदिमुनिभिरर्हच्छिष्यैः गणधरैः प्रणीतत्वात् ।**

આથી જ આ શક્રસ્તવ મહાગંભીર છે, સકલ નયનું સ્થાન છે, ભવ્ય જીવોને આનંદકારી છે, પરમ આર્ષરૂપ છે.

આર્ષ એટલે ઋષિઓનું. આર્ષમાં વ્યાકરણના સૂત્રો પણ લાગુ ન પડે. પ્રત્યુત આર્ષને વ્યાકરણ અનુસરે.

એટલે જ પ્રાકૃત વ્યાકરણમાં ત્રીજું જ સૂત્ર લખ્યું : **आर्षम् ।**

◆ ભગવતી સૂત્રમાં અભયદેવસૂરિજીએ સ્વયં ઉમાસ્વાતિ મહારાજને ટંકેલા છે. આજે ભગવતીમાં આઠ આત્માઓના અધિકારમાં પ્રશમરતિના શ્લોકો ટંકાયેલા જોવા મળ્યા. એક અક્ષર પણ તેઓ આધાર વિના ન લખે.

◆ આગમની વાચના સાંભળો છો, પણ તે આગમો કંઠસ્થ કરવાનો નિયમ કરશો ? દરેક ચોમાસામાં આગમો પીરસવામાં આવે તો કેટલું સારું ? ૨૦ વર્ષ પહેલા અહીં સૂયગડંગ ચલાવેલું. આપણે જ આગમ નહિ ચલાવીએ તો કોણ ચલાવશે ? જીવનમાં આગમને પ્રધાન બનાવવા હોય તો કંઠસ્થ કરો.

લોકભોગ્ય ભાષામાં કઠણ આગમો પણ પીરસી શકાય. સૌ પ્રથમ આપણી રુચિ જોઈએ. માત્ર લોક-રંજન નથી કરવું, આત્મ-કલ્યાણ કરવાનું છે. આપણા વ્યાખ્યાનમાં આગમના પદાર્થો આવે જ નહિ તો શું રહ્યું ત્યાં ?

પૂ. પ્રેમસૂરિજી, પં. મુક્તિ વિ., પં. ભાનુવિજયજીના વ્યાખ્યાન સાંભળીને કયારેક કહેતા : આ તમારા વ્યાખ્યાનમાં આગમનું તો કોઈ તત્ત્વ આવ્યું જ નહિ !

પૂ. આગમોદ્ધારક શ્રી સાગરજી મહારાજ સાચા અર્થમાં 'આગમોદ્ધારક' હતા. હવે તેમના વારસદારોએ એ વારસો ચલાવવાનો છે.

આગમોની પરિચય વાચના ગોઠવી એ જાણી મને ખૂબ જ આનંદ થયો.

આચારાંગ-ઉત્તરાધ્યયન વગેરેના યોગોદ્વહન કરીને આગમોને અભરાઈએ નથી મૂકી દેવાના, કંઠસ્થ કરી જીવનમાં ઊતારવાના છે.

દસ વૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ ઈત્યાદિની જેટલી ટીકા વગેરે મળે છે. તે બધું કમ સે કમ વાંચો તો ખરા. વાંચશો તો જીવનમાં કંઈક આવશે. તો જ આગમની પરંપરા ચાલશે.

ભાવિ શાસન આ રીતે જ ચાલશે.

◆ ડૉકટરની પદવી મેળવીને શું કરવાનું ? બીજાની સેવા કરવાની છે. અજમેરના [મૂળ ફલોદીના] જયચંદજી ડૉકટર છે. દેશ-વિદેશમાં નામના છે. એ કહે : હું ગમે તેવા ડૉકકટરને સર્ટિફિકેટ ન આપું. મારી મોટી જવાબદારી છે. પેલા જો જેમ તેમ ઈંજેક્ષન ઠોકી દે ને દર્દી મરી જાય તો જવાબદારી મારી રહે !

અહીં પણ આગમધરની જવાબદારી છે. ડૉકટરથી પણ મોટી જવાબદારી છે.



ભા.વદ ૪

૧૭-૯-૨૦૦૦, રવિવાર

પન્ના રૂપા ધર્મશાળા

સમય : સવારે ૭.૩૦ થી ૮.૩૦

**આગમ-પરિચય-વાચના**

**ભગવતી અંગ**

**પૂજ્ય આચાર્ય શ્રી વિજય કલાપૂર્ણસૂરિજી :**

સર્વના હિત માટે ભગવાને તીર્થ સ્થાપના કરી. ભગવાન પુષ્કરાવર્ત મેઘની જેમ વરસ્યા છે. આજે પણ તેનો પ્રભાવ અનુભવી શકાય છે. ભગવાનનો છે, તેમ ભગવાનની ૩૫ ગુણયુત વાણીનો પણ અતિશય છે. પુષ્કરાવર્ત મેઘ પછી ૨૧ વખત ધરતી પર પાક થયા કરે, તેમ ભગવાનની વાણીથી ૨૧ હજાર વર્ષ સુધી શાસન ચાલ્યા કરશે. પરંપરાએ એ વાણીનો પ્રવાહ ચાલ્યા જ કરશે.

◆ પ્રભુના અનુગ્રહનો આ જીવંત દાખલો છે. એ વિના આ ભૂમિ

બીજા જીવના એક પ્રદેશને
પણ સતાવીએ તો એ સતામણી
આપણી જ પીડા બની રહેશે.

પર આવું વાતાવરણ ન સર્જાય, સામૂહિક અનુષ્ઠાન ન થઈ શકે.

ઉત્તમ ભાવના જાગે તે મુજબ વિકાસ થાય. આવું વાતાવરણ દરેક સંઘ, સમુદાયમાં કાયમ થઈ જાય તો વિકાસ ક્યાં દૂર છે ?

◆ આગમોદ્ધારકશ્રીની વાચનામાં અમારા પૂ. આચાર્ય ભગવંતશ્રી પૂ. મેઘસૂરિજી પૂ. કનકસૂરિજી વગેરેએ લાભ લીધેલો છે.

◆ શ્રુતનો ઉદ્ધાર માત્ર વાચનાથી નહિ થાય, જીવનમાં આગમો ઊતારવાથી થશે.

◆ ભગવતી સૂત્ર પર ૨૦-૩૦ મિનિટમાં મારા જેવાની બોલવાની ક્યાં શક્તિ છે ? છતાં આગમ પરની ભક્તિ બોલવા પ્રેરે છે.

**આગમ એટલે પ્રાણ ! જીવન ! એના આધારે જ આપણું ભાવ જીવન ટકેલું છે ને ટકશે.**

ભગવતી એટલે દ્રવ્યાનુયોગનો ખજાનો ! જો કે આમ તો ચારેય અનુયોગો છે. આ આકરગ્રંથ છે. જેના વખાણ ખુદ ગણધરોએ કરેલા છે, મંગલાચરણ પણ તેમણે કર્યું : **नमो सुअस्स नमो बंभीए लिवीए** । આ મંગળ શી રીતે ? પંચ પરમેષ્ઠી તો છે નહિ.

શ્રુતજ્ઞાન શ્રુતજ્ઞાનીને છોડીને ક્યાંય નથી રહેતું. તેમનો નમસ્કાર મંગળ જ ગણાય.

ખરેખર તો જિનાગમ અને જિન એક જ રૂપે છે.

'જિનપ્રતિમા જિન સારખી' આમ બોલીએ છીએ, પણ જિનપ્રતિમા સાક્ષાત્ જિન લાગે છે ? મને પણ હજુ એવો ભાવ નથી જાગતો. મૂર્તિ જ શા માટે ? ભગવાનનું નામ પણ ભગવાન છે. મૂર્તિ પણ ભગવાન હોય તો આગમ તો સુતરાં ભગવાન ગણાય.

આગમ ન હોત તો મુક્તિ-માર્ગ શી રીતે ચાલત ? માત્ર સંકેત-ઈશારાથી ન ચાલત. ભાષાથી જ સ્પષ્ટ બોધ થાય.

આ ભગવતીમાં ૪૧ શતક છે.

જીવનભર ચિંતન મનન કરીએ તો જીવનના બધા પ્રશ્નો હલ થઈ જાય.

૨૦ વર્ષ પહેલા માનતુંગસૂરિજી પાસે વાચના લીધેલી. તે પહેલા

બેડામાં પૂ. પં. ભદ્રંકર વિ. મ. પાસેથી લઈ વ્યાખ્યાનમાં બોલતો.

ગોયમા શબ્દ પર સોનામહોરો મૂકનારા શ્રાવકો પણ આપણા શાસનમાં થયેલા છે.

અમને સમજાવી-સમજાવીને આગમ માટે બાધાઓ આપવામાં આવેલી.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** હવે આપ આપો.

**પૂજ્યશ્રી :** એટલા માટે તો આવ્યો છું.

અહીં (ભગવતીમાં) માત્ર ગૌતમસ્વામી જ નહિ જયંતી જેવી શ્રાવિકાએ પણ પ્રશ્ન કરેલા છે.

પ્રશ્ન કર્તા ગૌતમસ્વામી કેવા ? પ્રથમ પોરસીમાં સૂત્ર, બીજીમાં અર્થ રૂપ ધ્યાનના કોઠામાં રહેનારા.

અર્થ એટલે નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય વગેરે બધાનો અભ્યાસ. એટલે જ અધ્યયનને 'અક્ષીણ' પણ કહ્યું છે. કારણ કે એટલા અર્થ નીકળે કે જે કદી ખુટે જ નહિ. અક્ષીણ એટલે અખૂટ !

ભગવતીનો એકાદ નમૂનો જોઈએ.

પંચાસ્તિકાય રૂપ લોકમાં અલોકનો પણ સમાવેશ થઈ ગયો છે. કારણ કે આકાશાસ્તિકાય અલોકમાં પણ છે.

ભગવાન પર જેટલો આદર-બહુમાન વધશે તેટલા આગમોના રહસ્યો સમજાશે.

**પૂ. જિનચન્દ્રસાગરસૂરિજીએ સૌને ગવડાવ્યું :**

જિમ જિમ અરિહા સેવીએ રે;<br>
તિમ તિમ પ્રગટે જ્ઞાન સલુણા...

**પૂજ્યશ્રી :** દેવ-ગુરુની ભક્તિથી જ્ઞાન પ્રગટશે.

હું પોતે ભણેલો નથી. મારાથી વધુ ભણેલા અહીં છે.

**ભક્તિના પ્રભાવથી જે અર્થ સ્ફુરે તેથી મને પણ આનંદ આવે. ધ્યાન વખતે અર્થો સ્ફુરે. ભગવાનને પૂછવા જવું ન પડે, ભગવાન પોતે આવીને કહી જાય, એવો અનુભવ થાય.**

મીરાં ને કૃષ્ણ દૂર નથી,<br>
ભક્તને ભગવાન દૂર નથી.

ભગવાન દૂર છે, એવી ભ્રમણા તોડવી જ રહી.

કદાચ કોઈને વિશિષ્ટ અર્થ સ્ફુરી જાય તો ભગવાનનો પ્રભાવ માનજો, પોતાનો નહિ.

**પૂ. હેમચન્દ્રસાગરસૂરિજી :** બ્રાહ્મી લિપિને નમસ્કાર કેમ ?

**પૂજ્યશ્રી :** શ્રુતજ્ઞાનના એકેક પ્રકાર પ્રત્યે આદર છે. બ્રાહ્મી લિપિમાં દ્રવ્યશ્રુત છે. દ્રવ્ય વિના ભાવશ્રુત નહિ પ્રગટે.

લિપિ અક્ષર રૂપ છે. **न क्षरति इति अक्षरम्** । તીર્થંકર આવે ને જાય, પણ અક્ષરો તો રહે જ.

ભાવશ્રુત જેટલું જ દ્રવ્યશ્રુતનું બહુમાન કરવાનું છે.

જ્ઞાનની મુખ્યતા હોય ત્યારે ચારિત્ર અને ધ્યાન એમાં જ અનુસ્યૂત છે, એમ સમજવું. એ જ્ઞાન જ્ઞ અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા રૂપ સમજવું.

**तज्ज्ञानमेव कथं यस्मिन् उदिते रागादयः जायन्ते ?**

◆ ભચાઉમાં ભગવતીનું વાંચન ચાલતું હતું ત્યારે હું એક સ્થળે જરા ચમકેલો. કારણ કે તેમાં લખેલું : જીવાસ્તિકાય અનંત પ્રદેશી છે. પણ પછી ખ્યાલ આવ્યો : આ તો અનંત જીવોની વાત છે. જીવો જ અનંતા હોય તો પ્રદેશો તો અનંતા જ હોય ને ?

ગઈ કાલે ભગવતીમાં આવેલું :

દ્રવ્યાત્મામાં સર્વ જીવો આવી ગયા. દ્રવ્યાત્મા રૂપે આપણે સૌ એક છીએ.

આપણે બીજાને ભિન્ન માનીએ છીએ, પણ જીવાસ્તિકાય કહે છે : આપણે સૌ એક છીએ. જીવાસ્તિકાયના બીજા બધા (પુદ્ગલાસ્તિકાય વગેરે) આદિ સેવકો છે. કર્તૃત્વાદિ શક્તિ જીવ સિવાય બીજે ક્યાં છે. ?

જીવાસ્તિકાયનો શબ્દાર્થ :

જીવ = જીવો.

અસ્તિ = પ્રદેશો.

કાય = સમૂહ.

અહીં વિદ્વાનો ઘણા છે. હું કાંઈ ન આપું તો મારો કાન પકડે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણથી જીવાસ્તિકાય પાંચ પ્રકારે છે.

◆ દ્રવ્યથી જીવાસ્તિકાય અનંત જીવ દ્રવ્ય રૂપ છે. તેમાં બધા જ જીવો આવી ગયા.

(થોડો ભલે કંટાળો આવે, પણ આ જાણવા જેવું છે.)

ક્ષેત્રથી લોકવ્યાપી

કાળથી અનાદિ અનંત, નિત્ય, શાશ્વત.

કોઈ કાળ નથી જ્યારે જીવાસ્તિકાય ન હોય.

**બધા દ્રવ્યો સહાયક બને છે. કદાચ એક માત્ર આપણે સહાયક નથી બનતા. આ વિશ્વમાં અસ્તિત્વ ટકાવવું હોય તો બીજાને સહાયક બનવું જ પડશે. એ વિના અસ્તિત્વ ટકે જ નહિ. સમજીને સહાયતા કરીએ તો લાભ છે. નહિ તો વિશ્વ વ્યવસ્થા પ્રમાણે અનિચ્છાએ પણ સહાયતા કરવી જ પડશે.**

ભાવથી : અવર્ણ, અગંધાદિ.

પુદ્‌ગલાસ્તિકાય સિવાય સૌ અરૂપી છે.

જીવ અસંખ્ય પ્રદેશી, પણ જીવાસ્તિકાય અનંત પ્રદેશી. કારણ કે જીવો અનંત છે. સર્વ જીવોનો સંગ્રહ જીવાસ્તિકાય છે. જીવો અનંત હોય તો પ્રદેશો તો અનંત હોય જ.

એનો અર્થ એ થયો કે પ્રદેશોથી આપણે એક છીએ.

જીવાસ્તિકાયમાંથી એક જીવને બાદ કરીએ તો જીવાસ્તિકાય કહેવાય ? ગૌતમસ્વામીના આ પ્રશ્નના જવાબમાં ભગવાન કહે છે : ના, ન કહેવાય. એક પ્રદેશ બકાત રાખીએ તોય પણ જીવાસ્તિકાય ન કહેવાય.

ભગવાન પણ આ જીવાસ્તિકાયમાં સાથે છે ને કહે છે : હે જીવ ! તું મારા જેવો જ છે.

એક જીવ જ નહિ, જીવના એક પ્રદેશને પણ સતાવીએ તો એ આપણી જ સતામણી બની રહેશે. આપણા શરીરના એક અંગૂઠાને પણ પીડા આપો તો એ પીડા તમારી જ છે, બીજા કોઈની નહિ.

માટે જ આચારાંગમાં કહ્યું :

'तुमंसि नाम सच्चेव जं हंतव्वंति मन्नसि ।'

**જેને મારે છે તે તું જ છે, એમ સાચું માનજે.**

આ તો માત્ર નમૂનો બતાવ્યો છે, વિશેષ તમારે જાણવું હોય તો ભગવતીનો પાઠ ચાલે જ છે. પાઠમાં આવી જજો.

આ ભગવતીમાં જૈનેતર સંન્યાસીઓ પણ ભગવાનને પ્રશ્ન પૂછવા આવે છે. પછી નિઃશંક બનીને દીક્ષિત બને છે. જયંતી શ્રાવિકાએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે : ધર્મી જાગતા ભલા. અધર્મી ઊંઘતા ભલા.

આપણે સૂતા ભલા કે જાગતા ?

જાગૃતિ : દ્રવ્ય-ભાવ બે પ્રકારે છે.

બાકીની બધી વાતો હેમચન્દ્રસાગરસૂરિજી કરશે.

આ જ રીતે ધર્મી બળવાન ભલા, અધર્મી નિર્બળ ભલા. અધર્મી પાસે બળ હોય તો બીજાના જ નહિ, પોતાના પણ વિનાશનું કારણ બને.

આ ભગવતીમાં તુંગીયા નગરીના શ્રાવકોનું વર્ણન 'लद्धट्ठा, गही-अट्ठा' વગેરે કહીને કરવામાં આવ્યું છે. ૪૫ આગમો સાંભળવાનો તો શ્રાવકને પણ અધિકાર છે. માટે જ 'लद्धट्ठा, गहीअट्ठा' શ્રાવકો કહેવાયા છે.

અહીં બેઠેલા બાલ મુનિઓ વગેરે આગમ કંઠસ્થ કરવાની પ્રતિજ્ઞા લેશે તો આનંદ થશે.

**પૂજ્ય હેમચન્દ્રસાગરસૂરિજી :**

નાદુરસ્ત તબીયત હોવા છતાં પોણો કલાક તત્ત્વ પીરસ્યું. પૂજ્યશ્રી પાકા વેપારી છે.

પૂજ્યશ્રી ફરમાવે છે : સાધુ-સાધ્વીજીઓએ એક વર્ષ દરમ્યાન આવશ્યક અને દસવૈકાલિકની બધી જ ટીકાઓ વગેરે વાંચવું. હું પહેલા હાથ જોડું. મારી સાથે બીજા કેટલા હાથ જોડશે ?

પૂજ્યશ્રીએ જે ફરમાવ્યું તે નહીં પણ સંભળાયું હોય તો તેનો સાર

ધુરંધરવિજયજી ફરમાવશે.

**પૂજ્ય ધુરંધરવિજયજી :**

પૂજ્યશ્રીની વાતને થોડી યાદ કરી લઈએ.

આમ પણ સાંભળ્યા પછી શાસ્ત્રમાં ધારણાની વાત છે જ.

ભગવાનની વાણીને પુષ્કરાવર્તની ઉપમા આપી. પુષ્કરાવર્તમાં એવો ગુણ છે કે એકવાર વરસ્યા પછી ૨૧ વર્ષ સુધી પાક થયા જ કરે.

ભગવાન ૩૦ વર્ષ બોલ્યા. તેના ૧૦ થી ૧૧ હજાર દિવસ થાય. તેના પ્રભાવે જ ભગવાનનું શાસન ૨૧ હજાર વર્ષ સુધી ચાલશે.

આપણે બધા ખેતી કરીએ છીએ, પણ જમીનમાં પાક થાય તે ભગવાનની પુષ્કરાવર્ત રૂપ વાણીનો પ્રભાવ છે.

આપણા બોલવાના કારણે થાય છે, એવો આપણો ભ્રમ છે, તે આથી તુટી જાય છે.

**'नमो सुअस्स'** શ્રુતજ્ઞાનને પ્રણામ !

તીર્થ ત્રણ પ્રકારે છે, તેમાં દ્વાદશાંગી પણ છે. પૂ. પં. ભદ્રંકર વિજયજી મહારાજે ઘણું ઘણાને આપ્યું છે.

શ્રુત એટલે સાંભળેલું, માત્ર વાંચેલું નહિ.

ગુરુ પાસેથી સાંભળેલું જ ભીતરનું પ્રગટ કરાવે છે.

વેદોને 'શ્રુતિ' કહ્યા છે.

સાંભળવાથી જ આધ્યાત્મિક જન્મ થાય. સાંભળવાનું જ મહત્ત્વ છે. બાળકો પણ સાંભળીને જ ભાષા શીખે છે. **सुच्चा जाणइ** ।

◆ **नमो बंभीए लिवीए** ।

ભગવાન બોલ્યા તેની જે આકૃતિ ઊભી થઈ તે બ્રાહ્મી.

ભૈરવી રાગ ગાવ તો ભૈરવી, વાગીશ્વરીથી સરસ્વતીની મૂર્તિ રેતીમાં દોરાઈ જાય, એમ તજજ્ઞો કહે છે.

મૂળ શબ્દ છે : બ્રહ્મ. બ્રહ્મ એટલે પરમાત્મા. એમનાથી બોલાયેલું તે બ્રાહ્મી. બ્રાહ્મી ભગવાનનો અક્ષરદેહ છે, જે અવિનાશી છે.

શ્રુત-બીજને નમસ્કાર પછી બ્રાહ્મી લિપિને પણ નમસ્કાર અહીં થયો છે.

ભગવતીનો આટલો મહિમા કેમ ?

આમાં ચતુર્વિધ સંઘના તમામને પ્રશ્ન કરવાનું સ્થાન મળ્યું છે. મુખ્ય ગૌતમ સ્વામી છે, તેમ જયંતી શ્રાવિકા વગેરે બીજા પણ છે.

જયંતી શતાનીક રાજાની સગી બેન હતી.

ભક્તિમાં સુલસા આગળ હતી તેમ જિજ્ઞાસામાં જયંતી આગળ હતી. તે પર 'જયંતી ચર્ચા' ગ્રન્થ અભયદેવસૂરિએ બનાવેલો છે. તે સાધ્વીઓ પણ વાંચી શકે.

અણુ-વિજ્ઞાનના સિદ્ધાંતો પણ ભગવતીમાંથી શોધાયા છે, જે પ્રગટ પણ થયા છે.

અમારા સુમેરપુરના ચાતુર્માસમાં એક શ્રાવિકા કહેતાં : મારાં સાસુ અભણ પણ ૪૫ આગમોના બોલ કંઠસ્થ હતા. જ્ઞાનસુંદરજીએ છપાવેલા થોકડા (પહેલા થોકડાઓની હસ્તપ્રતો હતી) તેને મોઢે હતા. માત્ર સાંભળીને કંઠસ્થ કરેલું.

મુનિઓ શ્રુતધર કહેવાય તો શ્રોતાઓ શ્રુતિધર કહેવાય.

એકાગ્ર હોય તો જ આવું થઈ શકે.

ભગવતીને જયકુંજર ગંધહસ્તીની ઉપમા આપી છે. પૂ. લબ્ધિસૂરિજીએ ગંધહસ્તી વગેરેના વિશેષણોમાં જ ચાર મહિના પૂરા કરી દીધેલા.

ગંધહસ્તી પાસે બીજા હાથી ન ટકે, તેમ ભગવતી પાસે બીજા વિઘ્નો ન ટકે.

મંગળ માટે વારંવાર એટલે જ ભગવતી વંચાતું રહેતું.

◆ જુદા હોવાનો અનુભવ કરવો એ જ મોહ છે. જીવાસ્તિકાય કહે છે : આપણે એક છીએ. લોક સ્વરૂપ ભાવના પણ આ જ છે.

હિન્દુસ્તાનના બધા નાગરિકો ભારતીય તરીકે એક તેમ જીવત્વ રૂપે આપણે બધા એક. ગુજરાતી વગેરે તરીકે અલગ, તેમ ભેદનયથી જીવ ભિન્ન પણ ગણાય.

તમે દેહરૂપ છો, તેમ વિશ્વરૂપ પણ છો, તેની સંવેદના કરો, એમ ભગવાન કહે છે.

'અરૂપી' એટલા માટે કહેવાય કે પહેલા રૂપ જ દેખાય. શબ્દાદિ પછીથી સંભળાય. દા. ત. વીજળીનો પ્રકાશ પહેલા દેખાય. ગર્જના પછી સંભળાય.

**ધર્મ એટલે પરોપકાર. જે બીજાને ઉપયોગી નથી બનતો તે ધર્મી નથી.**

ધર્મી બળવાન કે સમૃદ્ધ સારા.

પાપી નિર્બળ કે દરિદ્ર સારા.

◆ વ્યાખ્યાનમાં માળા ગણો તો તે ન ચાલે, ઊંઘો તો હજુ ચાલે. ઊંઘતી વખતે કમ સે કમ અમારા શબ્દો તો કાનમાં પડશે.

*'કહે, કલાપૂર્ણસૂરિ'' ''કહ્યું કલાપૂર્ણસૂરિએ'' આ બન્ને અમૂલ્ય ગ્રંથરત્નો મળ્યા. ખરેખર ! એ ગ્રંથરત્નો માત્ર સંગ્રહ કરવા જેવા જ નથી, પણ એ ગ્રંથો સાથે સત્સંગ કરવા જેવો છે... એવા એ અમૂલ્ય ગ્રંથો છે.*

*આપશ્રીએ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીજીની વાચનાને ઝીલી, જે શબ્દસ્થ કરી છે તે રિયલી અનુમોદનીય છે.*

*- હિતવર્ધનસાગર*
*૭૨ જિનાલય.*
*કચ્છ*

*'કહે, કલાપૂર્ણસૂરિ'' પુસ્તક મળ્યું. ખૂબ જ ખંત-ચીવટથી આપે સંકલન કર્યું છે, તે સાધુવાદને પાત્ર છે. અનેક ખપી જીવોને આ ગ્રંથ મહા-ઉપકારક બનશે તે નિઃશંક છે. આવા અનેકવિધ ગ્રંથો આપના થકી શાસનને મળતા રહે એવી શુભેચ્છા.....*

*- અરવિંદસાગર,*
*અમદાવાદ.*

## અભિપ્રાયોની હેલી

બંનેય પુસ્તકો મળ્યા છે. દાદ માંગી લે તેવી મહેનત કરી છે. આવરણ તથા અંતરંગ - ઉભય દૃષ્ટિએ ઊડીને આંખે વળગે ને અંતરમાં વસે તેવું પ્રકાશન થયું છે.

તમારો શ્રમ ધન્યવાદને પાત્ર છે.

*- વિજય મહાબલસૂરિ - પુણ્યપાલસૂરિ*
*- મુનિ ભવ્યભૂષણવિજય*
*પુના*

✧ ✧ ✧ ✧ ✧

'કહ્યું, કલાપૂર્ણસૂરિએ' પુસ્તક જોયું. અદ્ભુત વાચનાઓને ઉદ્ધૃત કરીને લખ્યું છે. તે શ્રમણ વૃંદોને ઉપયોગી બનશે. બંધુ-યુગલ જોડીએ જ્ઞાન-સાધનામાં અભિવૃદ્ધિ કરી તેની અનુમોદના.

*- આ. વિજયગુણરત્નસૂરિ*
*- પં. રવિરત્નવિજય*
*સુરત*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક સ્વાધ્યાય માટે/આત્મિક-વિકાસ માટે ઘણું જ સુંદર છે. વાંચવાનું શરૂ કર્યું છે.

*- મુનિ સંવેગવર્ધનવિજય*
*ઘાટકોપર, મુંબઈ*

✧ ✧ ✧ ✧ ✧

'કહે' અને 'કહ્યું' ના જાજરમાન પ્રકાશનો જૈન સંઘને ભેટ આપી મહાન ઉપકાર કર્યો છે.

અમને પૂજ્યશ્રીની વાણીનો સાક્ષાત્ સંયોગ કરાવી આપ્યો.

*- મુનિ દેવરત્નસાગર*
*મુંબઈ*

✧ ✧ ✧ ✧ ✧

आचार्यदेवश्री का वाचना-ग्रंथ 'कह्युं, कलापूर्णसूरिए' परसों ही प्राप्त हुआ है । ग्रंथ अत्यंत तात्त्विक व मननीय है ।

इससे पूर्व 'कहे कलापूर्णसूरि' ग्रंथ मिला, वांचन भी किया । बहुत ही अद्भुत ग्रंथ है ।

पूज्यश्रीके वचनामृत को इस ढंग से पेश करके आपने अनुपम श्रुतभक्ति व गुरुभक्ति का परिचय दिया है ।

*- सा. संस्कारनिधिश्री*
*उज्जैन*

✧ ✧ ✧ ✧ ✧

આપના તરફથી મોકલાવેલ પુસ્તક 'કહે કલાપૂર્ણસૂરિ' અમને મળી ગયું છે. પરમ પૂજ્ય સાહેબજીની વાણીનો લાભ પ્રત્યક્ષ લેવા અમે ઈચ્છીએ છીએ, પણ પ્રત્યક્ષ તો જ્યારે લાભ મલે ત્યારે... પણ અત્યારે પરોક્ષ રીતે વાણીને કલમથી આલેખીને પુસ્તક દ્વારા અમારા જેવા નાનાના હાથમાં આવી છે, જે વાણીનું વાંચન ખૂબ જ સારું છે ને વાંચીને સાહેબજી જેવી ભગવાન પ્રત્યેની ભક્તિ કરીએ એ જ પ્રાર્થના.

***- સા. ગુણસેનાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

'પ્રભુ-નામમાં પણ ઉપકારની શક્તિ છે.' આવું કહેનાર વ્યક્તિ (પૂજ્યશ્રી) એવી જ હોય, જેણે પોતાના જીવનમાં પ્રભુ-નામ દ્વારા કંઈક નહિ, પણ ઘણું બધું મેળવી લીધું હોય.

***- સા. હંસધ્વનિશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

મારું તો શું સામર્થ્ય છે કે આ પુસ્તકના હાર્દ સુધી પહોંચી શકું ?

***- સા. હંસબોધિશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

ફૂલની સુગંધ તેલમાં આવે તેમ આ પુસ્તક વાંચતાં ભક્તિની સુગંધ આપણામાં આવે છે.

***- સા. પ્રશીલયશાશ્રીજી***

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચન પછી પ્રત્યેક જીવ પ્રત્યે મૈત્રી-ભાવ કેળવવાની ભાવના તથા સમકિતની પ્રાપ્તિ માટે દેવ-ગુરુની અદમ્ય ભક્તિ પેદા થાય તેવી જ આ બાળ, ભિક્ષા માગે છે.

**- સા. વિશુદ્ધદર્શનાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના મુખમાંથી વહી રહેલી વાણીરૂપી સરિતામાં સ્નાન કરી શુદ્ધ બનવાની સોનેરી તક આ પુસ્તકના માધ્યમ દ્વારા મળી છે.

**- સા. હંસકીર્તિશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વિશાળ, ગંભીર અને ઊંડું છે. વિષયોની વિશાળતા (નમસ્કાર મંત્ર, ગુરુ-ભક્તિ, પ્રભુ-ભક્તિ, અધ્યાત્મ, વિનય, જ્ઞાન, સ્વાધ્યાય, શ્રદ્ધા વગેરે વિષયો) છે. અર્થ (પ્રભુ-કૃપા, ગુરુ-કૃપા, વિષયોની વિરક્તિ, વિનિયોગ વગેરે)ની ગંભીરતા અને અધ્યાત્મ-ચિંતન રૂપ ઊંડાણ - આ બધું જોઈ-વાંચીને હું માત્ર વિસ્મયનો જ અનુભવ કરું છું.

**- સા. હિતદર્શનાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પરમ તારક પરમાત્માની પરમ પ્રીત પરાગનું પાન કરતા પૂજ્યશ્રીના મુખારવિંદથી પ્રકાશિત થયેલ આ વાણીનું દોહન કરતાં મારું હૃદય ભાવાર્દ્ર બન્યું છે.

**- સા. ચારુનયનાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતાં ખરેખર લાગ્યું કે આ ગુણો (ભક્તિ વગેરે) જીવનમાં કેળવવા જેવા છે.

**- સા. મુક્તિરેખાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

માનવ-જીવન અમૃત છે, એની ઝાંખી ખરેખર આ પુસ્તક વાંચતાં થઈ.

**- સા. સુશીલગુણાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પૂ. સાહેબજીના આ પુસ્તકથી મારા જેવા અજ્ઞાની જીવ ઉપર ઘણી કૃપા વરસી છે, ઘણા પદાર્થોનું જ્ઞાન મળ્યું છે, જે જ્ઞાનને મેળવવા હું આખી જીંદગી મથામણ કરું તો પણ પ્રાયઃ ન મળે.

**- સા. હંસરતિશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચનથી જીવનમાં નીચે મુજબ લાભ થયા :

- ભગવદ્ - ભક્તિ વિશિષ્ટ રીતે કરવા મન લલચાયું.
- ક્રિયા સૂત્ર, અર્થ અને તદુભયથી ભાવિત રીતે થવા લાગી.
- જીવો પ્રત્યે મૈત્રીભાવ વધવા લાગ્યો.
- સંબંધ જોયા વગર પરોપકાર કરવાનું મન થયું.

**- સા. ભદ્રંકરાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી મારા જીવનમાં અગણિત ફાયદા થયા.

**- સા. દિવ્યરેખાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી અનેક લાભો થયા છે : પ્રભુ પર ભક્તિ, સંયમ પર શ્રદ્ધા, જ્ઞાન પર રુચિ વધ્યા છે.

**- સા. પ્રિયદર્શનાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક તો અમૃતનો કટોરો છે. જે પુણ્યાત્માઓ તેનું પાન કરશે તે ખરેખર અમર બનશે.

**- સા. સંવેગપૂર્ણાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચતાં થયેલા આનંદને વ્યક્ત કરવા મારી પાસે કોઈ શબ્દો નથી.

**- સા. મુક્તિરસાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચન દ્વારા અમને આવી પાપ-ભીરુતા, પ્રભુ-ભક્તિમાં સ્થિરતા, ગુરુભક્તિમાં સમર્પિતતા અને ધર્મ પ્રત્યેની દૃઢતા પ્રાપ્ત થાય, તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

- ***સા. જયપૂર્ણાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

જીવમૈત્રી, જિન-ભક્તિ અને ગુરુભક્તિ કેવી મહાન છે ? તેનું હાર્દ આ પુસ્તકમાં ખૂબ જ ઊંડાણથી સમજાવવામાં આવ્યું છે.

- ***સા. નયગુણાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

વાચનાની પ્રસાદીરૂપ આ પુસ્તકનું વાંચન અમારામાં પ્રસન્નતાનો પમરાટ ફેલાવે અને પ્રભુનો પ્રેમ પ્રગટાવે તેવી અપેક્ષા છે.

- ***સા. જ્યોતિદર્શનાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી ઘણું ઘણું જાણવા મળે છે. જાણે સાક્ષાત્ આચાર્યશ્રી આપણને કહેતા હોય એવો જ ભાસ થાય છે.

- ***સા. દૃષ્ટિપૂર્ણાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચવાથી હૃદય ભાવાર્દ્ર બન્યું છે.

- ***સા. ચારુનિધિશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચતાં પ્રભુને પ્રાર્થના કરવાનું મન થયું : પૂજ્ય આ. ભગવાનમાં જેવા ગુણો છે, તેવા અમારામાં પણ આવે.

- ***સા. ચારુવિરતિશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી સમ્યક્ત્વ મળો.

- ***સા. વિરતિયશાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી મારા રુંવાડા ખડા થઈ ગયા. ઓહ ! ગુરુદેવશ્રીજીના જીવનમાં આટલી બધી પવિત્રતા ?

**- સા. વાચંયમાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચન પછી ખરેખર પરમાત્માની ભક્તિમાં વધારે આનંદ આવે છે.

**- સા. જિનદર્શિતાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી જીવનમાં શાન્તિનો અનુભવ થયો. રાગ-દ્વેષ-ક્રોધાદિ મંદ થયા. ભગવાનની ભક્તિ કરવા માટે સમય વધુ ફાળવવો, આવો નિર્ણય થયો.

**- સા. વિજયલતાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી ઉત્તમ ભાવો પેદા થયા.

**- સા. વૈરાગ્યપૂર્ણાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

જે મહાપુરુષના નામથી જ જીવન પરિવર્તિત થઈ જતું હોય તેવા મહાપુરુષના વચનથી કેટલો લાભ ? આ પુસ્તક વાંચનથી શું લાભ ન થાય ? તે જ સવાલ છે.

**- સા. નંદીવર્ધનાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

વાંકી ચાતુર્માસનો તો ચાન્સ ન્હોતો મળ્યો, પણ પુસ્તક વાંચતાં વાંકી-ચાતુર્માસની વાચનાનો આસ્વાદ માણવા મળ્યો.

આલેખન કરનાર પૂ.પં. મુક્તિચન્દ્ર વિ.મ. તથા પૂ. ગણિશ્રી મુનિચન્દ્ર વિ.મ.નો ખૂબ-ખૂબ ઉપકાર. તેઓશ્રીએ આલેખન કર્યું જ ન હોત તો અમારા સુધી ક્યાંથી પહોંચત ?

**- સા. શીલવતીશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકથી સ્વ-દોષ-દર્શનની ભાવના જાગી.

**- સા. વિરાગપૂર્ણાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક એટલે મારા જીવન માટે સર્ચ લાઈટ. નવકારની આરાધનાના દિવસોની વાચના સૌથી વધુ તાત્ત્વિક લાગી.

**- સા. શાન્તરસાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકથી મારું જીવન ધન્ય બની ગયું.

**- સા. સંયમરસાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચનથી મારામાં વિનય, વૈયાવચ્ચ, સમર્પણભાવ, જ્ઞાન, ધ્યાન વગેરે આવે એવી ભાવના ભાવું છું.

**- સા. મુક્તિનિલયાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

ઈન્દ્રિયોના સુખનો ઘણીવાર અનુભવ થયો છે, પણ ઈન્દ્રિયાતીત સુખનો આસ્વાદ કદી માણ્યો નથી.

આ પુસ્તક એટલે ઈન્દ્રિયાતીત સુખના આસ્વાદ માટેનું આહ્વાન !

**- સા. મહાપ્રજ્ઞાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પ્રભુ સાથેની ભક્તિની મસ્તી પુસ્તકના શબ્દે-શબ્દમાં ઊતરી છે.

**- સા. અક્ષયરત્નાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક તો આગમોના રહસ્યોનો ખજાનો છે. એકેક પાનું વાંચતાં મનનો મોરલો નાચી ઊઠે છે.

**- સા. મોક્ષદર્શિતાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના હૃદયમાં... અરે, રગેરગમાં કેવી અપૂર્વ જિનભક્તિ વસી છે, તેનો અનુભવ આ પુસ્તક વાંચતાં થયો.

**- સા. સંવેગરસાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતાં જ સહુથી વિશેષ તો જે ગુરુદેવ પ્રત્યે અહોભાવ હતો તે અતિ વધ્યો અને હૃદય ઝૂકી ગયું. આટલા મહાન ગુરુદેવ કે જેમણે એક-એક નાના-નાના સૂત્રો જે નિર્દોષ અવસ્થામાં જ પોપટની જેમ ગોખ્યા હોય છે અને રૂટિનમાં પણ વારંવાર બોલતા હોય છે, તેના માટે સતત ઉપયોગપૂર્વક ચિન્તનપૂર્વક કેવા રહસ્યો ખોલ્યા છે ? નવકાર, લોગસ્સ કે શક્રસ્તવની મહાનતા આ વાચનાઓ વાંચ્યા પછી જ સમજાઈ.

***- સા. વિરાગરસાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાં પૂ.આ. ભગવંતના ઉદ્ગારો માણવા મળ્યા. જીવો પ્રત્યે મૈત્રી-કરુણાથી ઝળહળતા સુવાક્યો જોવા મળ્યા.

***- સા. પદ્મદર્શનાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના પ્રત્યેક શબ્દો આત્મામાં ભગવદ્ભાવ ઉત્પન્ન કરવા દ્વારા અંતિમ શુદ્ધાવસ્થાના સ્થાનને બતાવવા સમર્થ બની રહે છે.

***- સા. પુષ્પદન્તાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

અશુભ ભાવોને દૂર કરી ઉપશમભાવ-વૈરાગ્ય-ભાવ-ત્યાગ ભાવ તથા ભક્તિભાવને વધારવામાં આ પુસ્તક મારા આત્મા માટે ટોનિક સમાન છે.

***- સા. જિતમોહાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

વાંકી ચાતુર્માસની વાચનામાં ભારેકર્મી અમે હાજર ન રહી શક્યા. ખેર ! અફસોસ કરવાની કંઈ જ જરૂર નથી. પૂ. ગુરૂદેવના મુખમાંથી નીકળેલી વાણીના ઉદ્ગારો અમને આ પુસ્તક દ્વારા પ્રત્યક્ષ રીતે સાંભળવા મળ્યા હોય તેટલો આનંદ થયો.

***- સા. હર્ષિતપ્રજ્ઞાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર જન્મ અને જીવનને જો સાર્થક બનાવવું હોય તો 'કહે, કલાપૂર્ણસૂરિ' આ પુસ્તક વાંચવું રહ્યું. આમાં જીવન જીવવાની અનેક ચાવીઓ છે.

- **સા. હર્ષરક્ષિતાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પૂ. ગુરુદેવશ્રીના મુખ-કમળમાંથી પ્રસરેલ અમૃત તુલ્ય જિનવાણી રૂપ વાચનાની ઝલક મને તો ઘણી જ ગમી છે.

- **સા. હર્ષદર્શિતાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચી મનનો મોરલો નાચી ઉઠ્યો.

- **સા. વિશ્વકીર્તિશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પૂ. ગુરુદેવની વાણીરૂપી સૂર્ય-કિરણો આ પુસ્તકના માધ્યમ દ્વારા જાણે મારા જીવનમાં રહેલ ઘોર અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં સહાયક બની રહ્યા છે.

- **સા. જિનેશાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાંથી જાણવાનું તો એટલું બધું મળ્યું છે કે એનું તો હું શબ્દોમાં વર્ણન કરી શકું તેમ નથી.

- **સા. અનંતકીર્તિશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક નથી, પણ પૂ. ગુરુદેવની સાક્ષાત્ પરા વાણી છે, એવું સ્પંદન થયું.

પૂ.પં. મુક્તિચન્દ્ર વિ. તથા પૂ. ગણિ મુનિચન્દ્ર વિ. એ જે અથાગ જહેમત ઊઠાવી ગુરુદેવના આંતરભાવોને શબ્દ દેહ આપી પુસ્તકારૂઢ કર્યા તે અત્યંત પ્રશંસનીય છે.

- **સા. સૌમ્યકીર્તિશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક અમારા માટે દીવાદાંડી સમાન છે.

- **સા. દૃઢશક્તિશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક મારા માટે તો અત્યંત ઉપયોગી બન્યું છે.

*- સા. નિત્યધર્માશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

અમે આજીવન પૂજ્યશ્રીની વાચનાનો રસાસ્વાદ માણી શકીએ તે માટે પૂ.પં. શ્રી મુક્તિચન્દ્ર વિ. તથા પૂ. ગણિશ્રી મુનિચન્દ્ર વિ. એ અથાગ પરિશ્રમ ઊઠાવી પુસ્તક પ્રગટ કર્યું છે. તેઓશ્રીનો ઉપકાર પણ શે ભૂલાય ?

*- સા. પ્રશમમૈત્રીશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પ્રત્યેક વાચનામાં પૂજ્યશ્રીએ ભક્તિરસની એવી લ્હાણી કરી છે કે જેમાં યત્કિંચિત્ પણ તરબોળ થયા વિના રહેવાય નહિ.

*- સા. મોક્ષરત્નાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના પ્રવચનો એટલા બધા આકર્ષક છે, ભાષા એટલી બધી તો આકર્ષક છે કે એક રસપૂર્ણ પુસ્તકની જેમ જ સૌ કોઈ પુસ્તક વાંચવામાં એકાગ્ર બની જાય.

*- સા. ગીર્વાણયશાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

અમારા જેવા બાળ જીવો માટે આ પુસ્તક એક આગમરૂપ જ બની ગયું.

*- સા. શક્તિપૂર્ણાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચતાં મન આનંદિત થયું, શરીર રોમાંચિત થયું. ન જાણેલા ઘણા પદાર્થો જાણવા મળ્યા.

*- સા. હિતવંદિતાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક અમારા જીવનને અવશ્ય સુધારશે.

*- સા. સત્ત્વનિધિશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાંથી અમને જ્ઞાન અને ભક્તિ વિષે ઘણુ બધું જાણવા મળ્યું છે.

*- સા. હિતપૂર્ણાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

સમવસરણમાં બેસી પ્રભુજી દેશના આપતા હોય અને એ વાણીનું પાન કરી રહ્યા છીએ તેવો ભાવ આ પુસ્તક વાંચતાં આવે છે.

*- સા. ચારુમૈત્રીશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

વર્ષોના અભ્યાસ પછી પણ આગમોનું જે રહસ્ય ન સમજી શકાય તે આ પુસ્તકમાં પૂજ્યશ્રીએ સરળ ભાષામાં જણાવ્યું છે.

*- સા. ચારુચંદનાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીએ ભક્તની શૈલીમાં તળેટીથી ટોચ સુધીનો સાધનાક્રમ આ પુસ્તકમાં જણાવી દીધો છે.

*- સા. હંસપ્રજ્ઞાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

કાઢવા કર્મની ફોજ
કરવા પરમાત્માની ખોજ
માણવા મુક્તિની મોજ
આ પુસ્તક છે સુખનો હોજ

*- સા. ભવ્યદર્શિતાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચતાં થયેલા અઢળક લાભ આ નાની કલમ શું લખે ?

*- સા. ભુવનકીર્તિશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક દરેક માટે ખૂબ જ ઉપયોગી છે.

*- સા. ચારુવિનીતાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પ્રત્યેક શબ્દો જાણે ભગવાનના મુખમાંથી નીકળતા હોય તેમ, આ પુસ્તક વાંચતાં લાગ્યું.

***- સા. અભ્યુદયાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચનથી અમારામાં સર્વ જીવો પ્રત્યે મૈત્રી, પરોપકાર અને કરુણા આવે. ગુરુ અને સહવર્તીઓ સાથે અત્યંત આદર-બહુમાનભાવ જાગે, તેવા મનોરથ થયા છે.

***- સા. ચિત્તદર્શનાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

'લઘુતા હશે ત્યાં ભક્તિ પ્રગટશે,
ભક્તિ હશે ત્યાં મુક્તિ પ્રગટશે.'
પુસ્તકનું આ વાક્ય મને ખૂબ જ ગમ્યું.

***- સા. વીરદર્શનાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીની વાચના સૂતેલા આતમરામને ઢંઢોળી રહી છે. સૂતેલી ચેતના કંઈક જાગૃત થવા મથી રહી છે.

***- સા. હંસમૈત્રીશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

અનાદિ કાળથી પ્રભુનો જે વિયોગ છે, તે પ્રભુનો સંયોગ કરી આપે તેવા યોગોનું આરાધન કરવાનું મન આ પુસ્તક વાંચવાથી થયું.

***- સા. હંસલક્ષિતાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તકમાં લોકોત્તર વાતો છે. આત્માને પરમાત્મા બનાવવાની વાણી-ગંગા પાને-પાને છલકાય છે.

***- સા. ચન્દ્રજ્યોત્સ્નાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

અનેક ગ્રન્થોનો સાર આ પુસ્તકમાં ભરેલો છે.

***- સા. મનોજ્ઞાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચતાં ભગવાન પાસે પા કલાક જ બેસતા, જ્યારે હવે અર્ધો કલાક બેસવાનું મન થઈ જાય છે. ગુરુ-ભક્તિ વગેરે કરવાનું મન થાય છે.

*- સા. પ્રશમનિધિશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચન પછી જાપ, પ્રભુ-ભક્તિ વધે તે માટે પ્રયત્નશીલ બનીશ.

*- સા. ધનંજયાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચ્યા પછી રોજ અર્ધો કલાક વાંચવું તેવી ધારણા કરી છે.

*- સા. ભુવનશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકની અંદર એવો અખૂટ જ્ઞાનનો ખજાનો છે કે જેનું વર્ણન ન થાય.

*- સા. અનન્તકિરણાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચ્યા પછી ભક્તિમાં રસ જાગ્યો છે. દેરાસરમાંથી ખસવાનું મન થતું નથી.

*- સા. જીતપદ્માશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

ફરી-ફરીને આ પુસ્તકનો સ્વાધ્યાય કરવા જેવો છે, એવું અમને લાગ્યું.

*- સા. અક્ષયચન્દ્રાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીની વાચનાનું ટંકશાળી વચન આજે પણ કાનમાં ગૂંજ્યા કરે છે :

'પ્રભુએ જેને પ્યારા માન્યા તેને પ્યારા માનીને જીવવું, એ જ મુનિનું લક્ષ્ય હોય.'

*- સા. હંસદર્શિતાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તકના પાને-પાને રહેલી પ્રભુ-પ્રેમની પ્યાલીઓ પીને અમે પણ કૃતાર્થતા અનુભવી.

**- સા. જયપ્રજ્ઞાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના વાણીના ધોધને પુસ્તકના ડેમમાં સંગૃહીત કરવાનું ભગીરથ કાર્ય કરનાર પૂ. બંધુબેલડી અભિનંદનને પાત્ર છે.

**- સા. જયધર્મશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકથી મને ભવોભવનું પાથેય મળ્યું છે.

વાચનામાં તો અમારા જેવા દૂર બેઠેલાને પૂ. ગુરુદેવના વચનો પૂર્ણરૂપે સાંભળવા નથી મળતા, પણ આ પુસ્તક વાંચતાં દિવ્ય પ્રકાશ મળ્યો છે.

મારા ફલોદી ગામના રત્ન મહાન યોગી બની શક્યા તો હું પણ એ માર્ગે શા માટે ચાલી ન શકું ? એમ વારંવાર મનમાં વિચાર આવ્યા કરે છે.

**- સા. જિનકૃપાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચનથી મનના અધ્યવસાયો આખો દિવસ શુભ રહે છે.

**- સા. જિજ્ઞેશાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતા સાક્ષાત્ તીર્થંકર પ્રભુની વાણીની ઝાંખી થઈ.

**- સા. શીલગુણાશ્રી**

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના પુસ્તક અમૂલ્ય છે. બંને પુસ્તકો અર્ધા વંચાઈ ગયા છે. વાંચતાં આનંદ આવે છે ને થઈ જાય છે કે અમારામાં કંઈ જ નથી. તેમજ પ્રભુ પ્રત્યે ભક્તિભાવ વૃદ્ધિ પામે છે.

**- સા. અભ્યુદયાશ્રી - તત્ત્વજ્ઞતાશ્રી**
*અમદાવાદ*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચતાં લાગ્યું : પ્રભુ સતત પ્રેમની વર્ષા કરી રહ્યા છે, પણ આપણે જ ઝીલતા નથી.

*- સા. અક્ષયપ્રજ્ઞાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

દરિયાથી તરંગની જેમ હું પણ પ્રભુથી ભિન્ન નથી, એ પુસ્તક દ્વારા જાણતાં હું આનંદથી છલકાઈ ઊઠી.

*- સા. ઈન્દ્રવદનાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તકમાં ઠેર ઠેર પૂજ્યશ્રીની કરુણાના દર્શન થાય છે.

*- સા. શીતલદર્શનાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

સમ્યગ્ દિશા અને સમ્યગ્ માર્ગ તરફ લઈ જતું પુસ્તક એટલે : 'કહે કલાપૂર્ણસૂરિ'

*- સા. દીપ્તિદર્શનાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીનું આ પુસ્તક વાંચતાં દરેક ગચ્છના પૂ. સાધુ-સાધ્વીજીઓને પૂજ્યશ્રી પર અહોભાવ પ્રગટે છે.

*- સા. યશોધર્માશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકે પ્રભુનું સ્વરૂપ સમજાવ્યું.

*- સા. અનંતજ્યોતિશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વારંવાર વાંચવા છતાં મન તૃપ્તિ પામતું નથી.

*- સા. જિનરક્ષિતાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક કદી બોલે નહિ, પણ આ પુસ્તક બોલતું લાગ્યું. જાણે પૂજ્યશ્રીના પ્રભાવે જડને પણ વાચા ફુટી.

*- સા. દૃઢપ્રતિજ્ઞાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાં સાધના માટે શું નથી ? એ જ પ્રશ્ન છે.

*- સા. સમ્યક્ત્વરત્નાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકે અમને જણાવ્યું કે ભક્તિ સિવાય મુક્તિનો બીજો કોઈ માર્ગ નથી.

Round is ring which has no end. But 'Bhakti' is thing which has direct connection with Paramatma.

*- સા. જિનભક્તિશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક જેમ જેમ વાંચતી ગઈ તેમ તેમ ક્યારેય ન સાંભળેલા, ન જાણેલા નવા-નવા પદાર્થો જાણવા મળતા ગયા.

*- સા. સ્મિતવદનાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

બિંદુઓનો સરવાળો એટલે મહાસાગર !
કિરણોનો સમૂહ એટલે દિવાકર !
ગુલાબોનું મિલન એટલે ગુલઝાર !
'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક એટલે જ્ઞાનનો રત્નાકર.

*- સા. જિનરસાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકને જેટલું વાંચીએ તેટલું વધારે ને વધારે વાંચવાની ઈચ્છા મનમાં થયા કરે છે.

કદાચ પૂજ્યશ્રીના જેવા સંપૂર્ણ આચરણવાળા અમે ન હોઈએ, પણ પૂજ્યશ્રીના વંશ તરીકે તેમનો અંશ તો અમારામાં આવશે જ, એટલો વિશ્વાસ અમે જરૂર દર્શાવી શકીએ.

*- સા. વિનયનિધિશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકનું મને ગમતું વાક્ય : શ્રુતજ્ઞાન માત્ર વાંચી-વાંચીને નહિ, પણ તે પ્રમાણે જીવીને ટકાવવાનું છે.

*- સા. જીતપ્રજ્ઞાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

સૂર્યના કિરણો પકડી ન શકાય તેમ આ પુસ્તક વર્ણવી ન શકાય.

*- સા. ચેલ્લણાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચ્યા પછી સંયમ જીવનની પ્રગતિ માટે ઉત્સુકતા વધી છે.

**- *સા. ચારુસ્તુતિશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીની વાચનાના પુસ્તકથી દોષો ઓછા થાય, ગુણો પ્રગટ થવા માંડે તેવા મનોરથ છે.

**- *સા. દિવ્યરત્નાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

દેવ-ગુરુની આજ્ઞા પ્રમાણે જીવન પસાર કરું, એવી સ્ફુરણા આ પુસ્તકના વાંચનથી થઈ.

**- *સા. મૈત્રીરત્નાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

'ભક્તિ જ મુક્તિની દૂતી છે.' એમ આ પુસ્તકથી જાણતાં ભક્તિ તરફ મન ઝુક્યું.

**- *સા. મૈત્રીધર્માશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

મારી દીક્ષા પછી પ્રથમવાર વાચના વાંકીમાં મળી. અમને ત્યારે સંભળાતું ન હતું, પણ આપે પુસ્તક બહાર પાડીને ચતુર્વિધ સંઘ ઉપર ઘણો ઉપકાર કર્યો છે.

આ પુસ્તક વાંચતાં જાણે સાક્ષાત્ સાહેબજી બોલતા હોય એવું લાગે છે.

**- *સ્વ. સા. મૈત્રીકલ્પાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી પ્રભુને જોતાં પ્રસન્નતા વધી રહી છે.

**- *સા. વિરાગરસાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

વર્ષીદાનથી વંચિત રહેલ બ્રાહ્મણને ભગવાન શ્રી મહાવીરદેવે છેલ્લે દેવદૂષ્ય આપીને પણ સંતોષ આપ્યો તેમ વાંકીની વાચનાઓથી વંચિત રહી ગયેલ અમોને આ પુસ્તકે સંતોષ આપ્યો.

**- *સા. ચારુપ્રસન્નાશ્રી***

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાં પૂજ્યશ્રીએ સાધુ-જીવનનું બધું જ પીરસી દીધું છે.

*- સા. દિવ્યપ્રતિમાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તકમાં દર્શાવેલી પૂજ્યશ્રીની વાતો વાચનારના હૃદયને ગદ્‌ગદ્ બનાવી દે છે.

*- સા. વાત્સલ્યનિધિશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આત્માના આનંદના બીજનું આધાન આ પુસ્તક વાંચતાં-વાંચતાં થયું. આનાથી ઉત્તમ બીજો કયો લાભ હોઈ શકે ?

*- સા. સમ્યગ્દર્શનાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક, વાંચન કરનાર ભાવકને ભક્તિના દિવ્ય જગતમાં લઈ જાય છે.

*- સા. પ્રિયધર્માશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચ્યા પછી પ્રભુ-દર્શન કરતાં પ્રસન્નતા ખૂબ જ વધી રહી છે.

*- સા. વિરાગયશાશ્રી*

✧ ✧ ✧ ✧ ✧

इस किताब को पढते पढते ही हृदय में प्रभु-भक्ति की धारा बहती है ।

*- सा. संजयशीलाश्री*
*वापी*

✧ ✧ ✧ ✧ ✧

'કહે' અને 'કહ્યું' આદિ દરેક પુસ્તકો વાંચ્યા. ખૂબ સુંદર અને સંયમ જીવનને પુષ્ટિ આપનાર છે. મહાપુરુષોના જીવનનું જાણે પ્રત્યક્ષ દર્શન થતું હોય એવો અહેસાસ થાય છે. સાધના-માર્ગમાં આગળ વધવા ઘણી પ્રેરણા મળે છે. આપની ગરિમા સદંતર શાસન-નભો મંડળમાં ચમકતી રહો, એ જ ભાવના.

*- મહાસતી સુશીલાબાઈ*
*બોટાદ સંપ્રદાય, ધોળા*

✧ ✧ ✧ ✧ ✧

'કહે, કલાપૂર્ણસૂરિ' તેમજ 'કહ્યું, કલાપૂર્ણસૂરિએ' આપના આ બંને પુસ્તકો એક વ્યક્તિ પાસે હતા તે જોયા. ઘણો આનંદ થયો. વીરવાણીની કેવી સુંદર રસલ્હાણ કરો છો ? ભૂરિ ભૂરિ અનુમોદના.

*- મહાસતી પદ્માબાઈ*
*રાજકોટ*

✧ ✧ ✧ ✧ ✧

પ્રત્યક્ષ ગુરુ ભગવંતની વાચનાનો લાભ તો અમને ન મળી શકે, પણ પુસ્તકારૂઢ તેમના પવિત્ર શબ્દો વાંચવાનો લાભ મળ્યો, તેથી પણ ધન્ય બન્યા. ધન્ય છે આપ જેવા સંત-સતીજીઓને, જેઓ આ. ભગવાનની મધુરી વાચના લઈ જીવનને ધન્ય બનાવતા હશે.

પુસ્તક વાંચતાં ખ્યાલ આવે છે કે વાંકી તીર્થે પ્રશ્નોત્તરીની કેવી રમઝટ જામી હશે ?

*- મહાસતી કમલપ્રભાશ્રી*
*કકરવા, કચ્છ*

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક મળ્યું ને મને લાગ્યું : મારી પ્રાર્થના ફળી.

પૂજ્યશ્રીના પ્રવચનો મદ્રાસ તેમજ બેંગ્લોર ખાતે સાંભળવા મળ્યા, પણ ટેપ કરવાની છૂટ ન હતી. કારણ કે આપ લોકો માઈકનો ઉપયોગ કરતા નથી. જીવ બહુ જ મુંઝાતો હતો : મનની શાન્તિ માટે ટેપ હોત તો ક્યારે પણ સાંભળી શકાત. આ પ્રાર્થનાનું ફળ ૭-૮ વર્ષ પછી મળ્યું. હવે મારી પાસે પૂજ્યશ્રીની વાણીનું પુસ્તક જ આવી ગયું. જ્યારે ઈચ્છીએ ત્યારે વાંચી શકાય.

આ પુસ્તક બદલ આપ સૌનો ઉપકાર માનું તેટલો ઓછો ગણાય.

*- ધીરૂભાઈ ઠક્કર*
*આંબરડી-કચ્છ (હાલ : મદ્રાસ)*

✧ ✧ ✧ ✧ ✧

'કહે, કલાપૂર્ણસૂરિ' પુસ્તક અમારો સ્વાધ્યાયગ્રન્થ બની ગયો છે. આ પુસ્તકનો અમે દરરોજ સાથે મળીને સ્વાધ્યાય

કરીએ છીએ.

*- બાબુભાઈ કડીવાળા*
*અમદાવાદ*

✧ ✧ ✧ ✧ ✧

દરરોજ સામાયિકમાં આ પુસ્તકનું એકેક પેજ બે-ત્રણ વાર વાંચવાનો નિર્ણય કર્યો છે. અદ્ભુત આનંદ આવે છે.

*- ટીકુ આર. સાવલા*
*મનફરા-કચ્છ (મુંબઈ)*

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીની વાચના-શ્રેણિઓના પુસ્તકોનું પ્રકાશન કરીને આપે અતિ ઉમદા કાર્ય કર્યું છે.

પુસ્તક હાથમાં લીધા પછી મૂકવાનું મન થતું નથી.

*- ધનજી બી. સાવલા*
*મનફરા-કચ્છ (મુંબઈ)*

✧ ✧ ✧ ✧ ✧

જેણે આ પુસ્તક હાથમાં લીધું હશે તેને ખબર નહિ પડે : કેટલા વાગ્યા છે ? વાંચેલા દરેક પુસ્તકોમાં શ્રેષ્ઠતમ પુસ્તક અમે આને ગણીએ છીએ.

આ પુસ્તકને વાંચનારની આંખો સમક્ષ લાવનાર પૂ. ગણિ બંધુ-યુગલ તેમજ તેમને જન્મ આપનાર માતૃશ્રી ભમીબેન પણ ધન્યવાદાર્હ છે.

*- જતિન, નિકુંજ*
*વડોદરા*

✧ ✧ ✧ ✧ ✧

मैं इतनी दूर हूं, फिर भी पुस्तक पढते समय ऐसा महसुस होता है : मैं पालीताना में ही बैठ कर पूज्यश्री के वचनामृत सुन रही हूँ ।

*- कु. तारकेश्वरी पी. भंसाली,*
*हुबली ( कर्णाटक )*

✧ ✧ ✧ ✧ ✧

**કહ્યું, કલાપૂર્ણસૂરિએ.** વાચના-દાતા પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ. અવતરણ/સંપાદન પૂ. ગણિવરો શ્રી મુક્તિચન્દ્રવિજયજી મ., શ્રી મુનિચન્દ્રવિજયજી મ. પ્રકાશક :

શાંતિજિન આરાધક મંડળ, જૈન મંદિર પાસે, મનફરા - કચ્છ - ૩૭૦ ૧૪૦ ડેમી સાઈઝ પેજ ૫૫૨. મૂલ્ય : અપ્રકાશિત.

થોડા સમય પૂર્વે પ્રકાશિત અને અદ્‌ભુત લોકચાહના પામેલ પ્રકાશન 'કહે કલાપૂર્ણસૂરિ' (જેની બીજી આવૃત્તિ બહાર પાડવી પડે, એટલી માંગ છે.) જેવું જ આ બીજું દળદાર પુસ્તક છે : કહ્યું કલાપૂર્ણસૂરિએ. આમાં અંજાર, પોષ સુદ ૧૪ તા. ૨૦-૧-૨૦૦૦ થી અષાઢ વદ ૨, ૧૮-૭-૨૦૦૦ પાલિતાણા સુધીના વિહાર દરમિયાન અપાયેલ વાચના-પ્રવચનોમાંથી સંગૃહીત પૂજ્યશ્રીની સાધનાપૂત વાણીના અંશો મુદ્રિત થવા પામ્યા છે. પૂર્વ પ્રકાશનની જેમ આ પુસ્તક પણ અવશ્ય લોકપ્રિય/લોકોપકારી નીવડશે, એમ નિઃશંક કહી શકાય. પૂર્વ પુસ્તકની જેમ આમાં પણ પ્રત્યેક નવા પ્રકરણોના આરંભે પૂજ્યશ્રીની લાક્ષણિક મુદ્રાઓ અંકિત થવા પામી છે. ટાઈટલ અત્યાકર્ષક બન્યું છે. પૂ. ઉભય ગણિવર - બંધુઓએ ખૂબ જ જહેમત ઉઠાવીને કરેલું આ સંકલન ખરેખર 'ગાગરમાં સાગર'ની ઉપમા પામે, એવું વિશિષ્ટ છે. જ્ઞાન-ધ્યાન-ભક્તિ માર્ગની ઊંડી ઊંડી વાતો-અનુભૂતિઓ આમાં શબ્દસ્થ બની છે. ખરેખર વાંચવા - વિચારવા જેવું આ પ્રકાશન હોવાથી આમાં લાભ લેનારાઓને જેટલા ધન્યવાદ આપીએ, એટલા ઓછા ગણાય.

**ઉપદેશધારા.** લેખક : પૂ. ગણિવરો શ્રી મુક્તિચન્દ્ર/ મુનિચન્દ્રવિજયજી મ. પ્રકાશક ઉપર મુજબ. પેજ ૨૨૦. મૂલ્ય : ૫૫.૦૦

થાણા ચાતુર્માસ (વિ.સં. ૨૦૫૪) દરમિયાન, પ્રસિદ્ધ થયેલ 'પરિપત્રો'માંથી સંકલિત ચિંતન-મનનથી સભર સાહિત્ય 'ઉપદેશ-ધારા' રૂપે પુસ્તિકાકારે પ્રસિદ્ધ થયું છે. અત્યંત લોકપ્રિય બનેલા એ લખાણોથી સમૃદ્ધ ૧૨૫ પેજ પછીના ૨૨૦ પેજ સુધી **'સાધકને ૨૯ શીખામણ'** શીર્ષક હેઠળ પૂ. ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી ગણિવર રચિત 'અધ્યાત્મસાર'ના 'આત્માનુભવાધિકાર'ના આધારે પૂ. આ. શ્રી કલાપૂર્ણ-સૂરીશ્વરજી મહારાજે કરેલ ચિંતન પૂ. ઉભય બંધુ-ગણિવરોએ સુંદર શૈલીથી સંકલિત કરેલ છે. જે ખાસ પઠનીય/મનનીય છે. આ રીતે 'ઉપદેશ ધારા' ખરેખર સાર્થક નામ ધરાવતું પ્રકાશન

છે. સૌ કોઈને માટે બોધક અને રસિક સામગ્રીના રસ-થાળ સમા આ પ્રકાશન બદલ પૂજ્યશ્રીના સૌ ઋણી રહેશે.

*- કલ્યાણ*

***વર્ષ-૫૭ : અંક-૧૦ : જાન્યુઆરી ૨૦૦૧, પોષ ૨૦૫૭***

✧ ✧ ✧ ✧ ✧

જ્ઞાનગંગા - સંયોજન : પૂ. મુનિરાજશ્રી મુક્તિચંદ્રવિજયજી, પૂ. મુનિરાજશ્રી મુનિચંદ્રવિજયજી.

પ્રકાશક : જ્ઞાનવિકાસ અભિયાન સમિતિ, જૈન આરાધના ભવન, ૩૫૧, મિન્ટ સ્ટ્રીટ, મદ્રાસ - ૬૦૦ ૦૭૯. પ્રાપ્તિસ્થાન : વિમલ એસ. શાહ, નવાવાસ, માધાપર, તા. ભુજ - કચ્છ, પિનકોડ : ૩૭૦ ૦૨૦. પ્રથમ આવૃત્તિ ૧૯૯૩, પૃષ્ઠ સંખ્યા ૯ + ૩૬૮, કિંમત રૂ. ૨૫/-.

આકર્ષક સુઘડ છાપકામ અને પાકું બાઈન્ડીંગ ધરાવતા આ દળદાર (ડીલક્ષ આવૃત્તિ) પુસ્તકની પ્રેરક બોધક સામગ્રી હિન્દીમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.

શ્રાવક નામક પ્રથમ લેખમાં શ્રાવકના પ્રકાર, શ્રાવકના મનોરથ, શ્રાવકના નિક્ષેપ, શ્રાવકના વિશ્રામ, આદિ વિષે જ્ઞાનસભર સમજણ આપવામાં આવેલ છે. તપ સંદર્ભે વિગતે વાત કરવામાં આવી છે. સાથે પચ્ચક્ખાણના પ્રકાર અને મહત્વ પણ સમજાવવામાં આવેલ છે. ધર્મશ્રવણ, સંયમ, વાણી-મૌન, ઉપદેશ, ચરિત્ર, ભક્તિ, નવપદ, મન, ભય, ઈત્યાદી સંદર્ભે પ્રેરક ચિંતનપૂર્ણ સામગ્રી આપવામાં આવી છે. તદુપરાંત આ પુસ્તકના સમાપનમાં અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ની પુણ્ય નિશ્રામાં ૧૯૯૩માં જૈન આરાધના ભવન, મદ્રાસમાં ચાતુર્માસ વખતે આયોજિત નવ પ્રશ્નપત્ર પણ પ્રકાશિત કરવામાં આવેલ છે.

*- કચ્છમિત્ર*

✧ ✧ ✧ ✧ ✧

*'કહે કલાપૂર્ણસૂરિ' તથા 'કહ્યું કલાપૂર્ણસૂરિએ' આ બંને પુસ્તકો માટેના અન્ય અભિપ્રાયો આ પુસ્તકના બોક્ષ મેટરમાં પણ આપેલા છે.*


અધ્યાત્મયોગી
ધ્યાન-વિચાર
સર્વજ્ઞ કથિત
પરમ
સામાયિક
ધર્મ
सहज समाधि
पू. कलापूर्णसूरिजी म.

# પૂજ્ય આચાર્યદેવશ્રીનું સાહિત્ય





જ્ઞાન ભંડારમાં રહેલા પુસ્તકો નકામા ન
એને યોગ્ય કોઈને કોઈ જીવ આ વિશ્વમાં છે જ. યો
કાળે એ આવી જ પહોંચશે. પુસ્તકો પોતાને યોગ્ય
વાચકોની પ્રતીક્ષા કરતા અંદર બેઠેલા છે.

– કહે કલાપૂર્ણસૂરિ–૩, પેજ–૬૦
અષાઢ વદ–૯, ૨૫–૭–૨૦૦૦, મંગળવાર.
પાલીતાણા, માતુશ્રી ખીમઈબેન ધર્મશાળા.



Tejas Printes
AHMEDABAD PH. (079) 2660145